# શ્રી માતૃવાણી

## ગ્રંથ—૧૦

પ્રશ્નો અને ઉત્તરો
વિચાર રત્નો અને સૂત્રોનું વિવરણ

**શ્રી માતાજી**

# શ્રી માતૃવાણી

## ગ્રંથ - ૧૦

## વિચારરત્નો અને સૂત્રોનું
## વિવરણ

**શ્રી માતાજી**

*

**અનુવાદક :**
**શ્રી સુંદરમ્**
**શ્રી અમીધર ભટ્ટ**

પ્રથમ આવૃત્તિ :
શ્રી અરવિંદ સોસાયટી, અમદાવાદ
મે, ૧૯૭૮

પુનર્મુદ્રણઃ
શ્રી અરવિંદ સોસાયટી, વડોદરા
જૂન, ૨૦૨૩

કિંમત : રૂા. ૩૦૦-૦૦

© શ્રી અરવિંદ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી

પ્રાપ્તિસ્થાન :
શબ્દ, શ્રી અરવિંદ આશ્રમ,
પોંડિચેરી-૬૦૫૦૦૨.



**શ્રી માતાજી ૧૯૬૦**

# શ્રી મા

જન્મ

**ફેબ્રુઆરી ૨૧, ૧૮૭૮**

ભારતમાં આગમન

**માર્ચ ૨૯, ૧૯૧૪**

મહાસમાધિ

**નવેમ્બર ૧૭, ૧૯૭૩**

# પ્રકાશકની નોંધ

શ્રી માતૃવાણી શ્રેણી ગુચ્છ ૨ ના આ દસમા ગ્રંથમાં શ્રી અરવિંદ કૃત "વિચારરત્નો અને સૂત્રો" (થોટ્સ ઍન્ડ એફારિઝમ્સ) ઉપર શ્રી માતાજીએ આપેલાં વિવરણોનો સમાવેશ થાય છે.

વાચકવર્ગને આ પુસ્તક વિષે વધુ વિગતવાર માહિતી પ્રાપ્ત થાય તે હેતુથી અત્રે "કલેક્ટેડ વર્કસ ઓફ ધી મધર, વોલ્યુમ-૧૦" (અંગ્રેજી)માં આપેલી પ્રકાશકની નોંધ ગુજરાતીમાં રજૂ કરીએ છીએ.

શ્રી માતૃવાણીના આ પુસ્તકની હસ્તપ્રત તૈયાર થઈ પ્રેસમાં છપાઈ જવા આવી ત્યાર પછી, "પધી કલેક્ટેડ વર્કસ ઑફ ધી મધર, વોલ્યુમ-૧૦" પ્રાપ્ત થયું. વળી એ પુસ્તક આ ગુજરાતી હસ્તપ્રત તૈયાર કરતી વેળાએ ઉપલબ્ધ ન હોઈ 'એડવેન્ટ' અને 'બુલેટિન' ત્રૈમાસિકોમાં પ્રસિદ્ધ થયેલા પાઠ ઉપરથી ભાષાંતર કરવામાં આવેલાં છે. પરિણામે, અંગ્રેજી પુસ્તકમાં કોઈક કોઈક ઠેકાણે મૂળ બુલેટિનના તેમ જ સૂત્રોના પાઠમાં જે સાધારણ ફેરફાર કરેલા જણાવ્યા છે તેનો આ પુસ્તકમાં સમાવેશ થતો નથી. છતાં મૂળ વસ્તુમાં વિશેષ ફેર પડતો નથી. એટલે આ ગુજરાતી પુસ્તક પણ એ રીતે સંપૂર્ણ છે. આ પુસ્તકમાંનાં કેટલાંક સૂત્રોના અને તેનાં અંગ્રેજી ભાષાંતરોના અનુવાદો આ અગાઉ 'દક્ષિણા' સામયિકમાં પ્રસિદ્ધ થયેલા છે. સંપૂર્ણ અનુવાદો સાથે ગ્રંથાકારે ગુજરાતીમાં આ પુસ્તક પ્રથમ વાર જ પ્રગટ થાય છે.

શ્રી અરવિંદના મૂળ થોટ્સ ઍન્ડ એફોરિઝમ્સમાંથી, કેટલાંકને તારવી તેઓએ તેમને સંશોધિત સ્વરૂપ આપેલું. (અને તેમને સમયાંતરે 'આર્ય' માસિકમાં પ્રસિદ્ધ કરેલાં.) તેનું અંગ્રેજીમાં 'થોટ્સ ઍન્ડ ગ્લીમ્પ્સીઝ' નામે પુસ્તક પ્રસિદ્ધ થયેલું. તેનો ગુજરાતી અનુવાદ "વિચારરત્નો અને જ્યોતિ ઝાંખીઓ" નામે શ્રી અંબાલાલ પુરાણીએ પ્રસિદ્ધ કરેલો. એ પુસ્તકની સંવર્ધિત આવૃત્તિ શ્રી અરવિંદ કેન્દ્ર, અમદાવાદ તરફથી આ અગાઉ પ્રસિદ્ધ કરવામાં આવેલી છે. બાકીનાં સૂત્રો, અંગ્રેજીમાં 'થોટ્સ ઍન્ડ એફોરિઝમ્સ' નામે ગ્રંથાકારે પ્રસિદ્ધ થયેલાં તેનો ગુજરાતી અનુવાદ પણ આ અગાઉ શ્રી અરવિંદ કેન્દ્ર, અમદાવાદે પ્રસિદ્ધ કરેલો છે. એ પુસ્તકની છેલ્લી ૧૯૭૭ની આવૃત્તિમાં પરિશિષ્ટ રૂપે જે થોડાં સૂત્રો ઉમેરાયેલાં છે તેમની ઉપર કોઈ વિવરણ થયેલું નથી.

શ્રી અરવિંદના ‘થોટ્સ ઍન્ડ ગ્લીમ્પ્સીઝ’ ઉપરનાં શ્રી માતાજીનાં ઉપલબ્ધ વિવરણો, પ્રશ્નો અને ઉત્તરો, ૧૯૫૬-૫૭-૫૮ના ગ્રંથોમાં (માતૃવાણી ગ્રંથ ક્રમાંક ૮, ૯ માં) સમાઈ જાય છે. જયારે ‘થોટ્સ ઍન્ડ એફોરિઝમ્સ’ ઉપરનાં વિવરણો આ ગ્રંથમાં ગુજરાતીમાં પુસ્તકાકારે સૌપ્રથમ પ્રગટ કરવામાં આવ્યાં છે.

* * *

# અંગ્રેજી પુસ્તકના પ્રકાશકની નોંધ

શ્રી અરવિંદનાં 'વિચારરત્નો અને સૂત્રો' ઉપર શ્રી માતાજીએ ૧૯૫૮ થી ૧૯૭૦ સુધીના બાર વર્ષના ગાળા દરમ્યાન તેમનાં વિવરણો આપેલાં. આ વિવરણોને તેમની તારીખ, પ્રકાર અને સ્વરૂપને લક્ષમાં લેતાં સમયના ચાર ગાળાઓમાં વહેંચી શકાય તેમ છે.

૧. સૂત્ર ક્રમાંક ૧ થી ૧૨ (૧૯૫૮) : શ્રી માતાજી જ્યારે આશ્રમના પ્લે ગ્રાઉન્ડ ઉપર 'બુધવારના વર્ગો' લેતાં હતાં તે દરમ્યાન વિદ્યાર્થીઓ, શિક્ષકો અને આશ્રમના સાધકોએ જે પ્રશ્નો અગાઉથી લેખિત સ્વરૂપમાં રજૂ કરેલા તેના મૌખિક ઉત્તરો.

૨. સૂત્ર ક્રમાંક ૧૩-૬૮ (૧૯૬૦-૬૧) : આશ્રમના શારીરિક શિક્ષણ વિભાગના એક યુવાન કેપ્ટને લેખિત સ્વરૂપમાં રજૂ કરેલા પ્રશ્નોના મોટા ભાગે લેખિત તો ક્યાંક ક્યાંક મૌખિક રીતે આપેલા ઉત્તરો.

૩. સૂત્ર ક્રમાંક ૬૯-૧૨૪ (૧૯૬૨-૬૬) : એક સાધકને આપેલા મૌખિક ઉત્તરો. આ ગાળા દરમ્યાન શ્રી માતાજી, આ સૂત્રો ઉપર સીધેસીધું વિવરણ કરવા કરતાં તેમને એ સમયના ગાળા દરમ્યાન જે અનુભૂતિઓ થઈ રહી હતી તેમના સ્પષ્ટીકરણ માટે એ ઘટનાઓને (પ્રશ્નોને) સાધનરૂપ બનાવતાં હતાં.

૪. સૂત્ર ક્રમાંક ૧૨૫-૫૪૧ (૧૯૬૯-૭૦) : ઉપર જણાવેલા કેપ્ટને પૂછેલા પ્રશ્નોના ટૂંકા લેખિત ઉત્તરો. શ્રી માતાજીએ જે કાંઈ મૌખિક કે લેખિત વિવરણો કરેલાં તે ફ્રેન્ચ ભાષામાં હતાં અને એના આધારે તેમણે પોતે "વિચારરત્નો અને સૂત્રો"નું જે ફ્રેન્ચ ભાષાંતર કરેલું તેના ઉપર હતો.

શ્રી માતાજીએ પ્રથમનાં બાર સૂત્રોનાં જે ભાષાંતર અને વિવરણો કરેલાં તે ૧૯૫૯માં ફ્રેન્ચ ભાષામાં "વિચારરત્નો અને ધ્યાનસૂત્રો : શ્રી માતાજીએ કરેલાં ભાષાંતર અને વિવરણો" એ શીર્ષક હેઠળ પ્રસિદ્ધ થયેલાં. એ સિવાયનાં બીજાં બધાં 'વિચારરત્નો અને ધ્યાન' સૂત્રો અને વિવરણો શ્રી અરવિંદ આશ્રમના શિક્ષણ કેન્દ્રના ત્રૈમાસિક બુલેટિનમાં, ફ્રેન્ચ અને અંગ્રેજી ભાષામાં, એપ્રિલ ૧૯૬૦ થી શરૂ કરી ઑગસ્ટ ૧૯૭૬ સુધીમાં ક્રમે ક્રમે પ્રસિદ્ધ કરવામાં આવેલાં. ફ્રેન્ચ ભાષામાંનાં આ 'વિચારરત્નો અને ધ્યાનસૂત્રો : શ્રી માતાજીએ કરેલાં ભાષાંતર અને વિવરણો' ની સંપૂર્ણ આવૃત્તિ સને ૧૯૭૪ અને ૧૯૭૬ માં બે ભાગમાં પ્રસિદ્ધ કરવામાં આવેલી. શ્રી માતાજી ગ્રંથમાળાનું આ દસમું પુસ્તક,

મૂળ ફ્રેન્ચની સૌપ્રથમની સંપૂર્ણ અંગ્રેજી આવૃત્તિ છે. પ્રથમનાં બાર સૂત્રો અને તેની ઉપરનાં વિવરણો અહીં પહેલી જ વાર પ્રસિદ્ધ કરવામાં આવ્યાં છે. એ સિવાયનું સાહિત્ય, બુલેટિનમાં પ્રસિદ્ધ કરવામાં આવેલા અંગ્રેજી ભાષાંતરનું સંશોધિત રૂપ છે.

શ્રી અરવિંદે, વિચારરત્નો અને ધ્યાનસૂત્રો તેમના પોંડિચેરીમાંના વસવાટનાં શરૂનાં વર્ષોમાં, ખાસ કરીને મે ૧૯૧૫ પહેલાં, અને ઘણું ખરું એ સમયની પણ પહેલાં લખેલાં. એમના જીવનકાળ દરમ્યાન એ સૂત્રોનું સંશોધન કે પ્રસિદ્ધિ નહિ કરવામાં આવેલી, પરંતુ સને ૧૯૫૮માં, તેઓએ આપેલાં શીર્ષકો, જ્ઞાન, કર્મ અને ભક્તિ સાથે સૌપ્રથમ પ્રસિદ્ધ કરવામાં આવેલાં.

જ્યારે ૧૯૭૭માં 'વિચારરત્નો અને ધ્યાનસૂત્રો'ની નવી આવૃત્તિ તૈયાર કરતી વેળાએ મૂળ હસ્તપ્રત તપાસી જોવામાં આવી ત્યારે એમ જણાયું કે પ્રથમની આવૃત્તિમાં ઘણે ઠેકાણે, મૂળનું લખાણ વાંચવામાં ભૂલો થયેલી હતી અને શ્રી માતાજીએ ભાષાંતર કરવામાં અને વિવરણો આપવામાં પણ તે આવૃત્તિનો જ ઉપયોગ કરેલો. આ ભૂલો, ઘણેખરે ઠેકાણે મહત્ત્વની ન હતી; અને તે સર્વેને આ આવૃત્તિમાં સુધારી લેવામાં આવી છે. જ્યાં જ્યાં આ રીતે સુધારેલો પાઠ શ્રી માતાજીના વિવરણ સાથે બંધબેસતો નથી થતો ત્યાં ત્યાં નોંધ મૂકવામાં આવી છે.

* * *

# અનુક્રમણિકા

## જ્ઞાન

**સૂત્રવિવરણોનો પ્રથમ ગાળો (૧૯૫૮)** **પૃષ્ઠ**


૧ જ્ઞાન અને પ્રજ્ઞા : સહયોગી શકિતઓ "વિકૃત....................૧
માધ્યમ દ્વારા સત્યનું દર્શન" સત્યની ધવલ પ્રકાશ ...............
સાથે સરખામણી
૨ અંતઃપ્રજ્ઞા : પાતળી તેજસ્વી નદી. પ્રેરણા, બુદ્ધિ અને...........૫
ઇન્દ્રિયો. "પ્રેરણા માટે કઈ રીતે લાયકાત કેળવવી" ..............
શ્રી અરવિંદનાં પુસ્તકોમાંથી લાભ પ્રાપ્ત કરવાની શ્રેષ્ઠ પદ્ધતિ.
૩ ઊર્ધ્વ સત્યો સમક્ષ બુદ્ધિ કાંપી ઊઠે છે. ......................૧૧
અતિમાનસ ક્રાંતિ.
૪ જ્ઞાન અને કામ. ................................................૧૨
સંપૂર્ણ ગ્રહણશીલતાની નીરવતા.
૫ સિદ્ધિમાં અવરોધો. ભય, શંકા, અવિશ્વાસ. .................૧૩
પ્રગતિ વિષયમાં પ્રકૃતિની રીત.
૬ મનને સૂત્રોથી આંચકો લાગે છે. બુદ્ધિનું ક્ષેત્ર .................૧૮
બુદ્ધિનો ત્યાગ કરવાનું ભયસ્થાન. સાચું ડહાપણ.
૭ મનુષ્યો જેને જ્ઞાન કહે છે. દેખાવો અને "ચેતનાને ...........૨૧
ઉલટાવવી" અનુભવ કેવી રીતે મેળવવો?
૮ ધર્મોની અસહિષ્ણુતા. અસહિષ્ણુતાની પ્રક્રિયા. ..............૨૬
અનુભૂતિ (વ્યક્તિગત અને વૈશ્વિક) સંબંધો : દર્પણ જેવા.
પોતાની અંદર સાચી પૂર્ણતા.
૯ "આત્મા જે જુએ છે તે કેવી જાણવું." મન અને પ્રાણ ........30
આત્માને અવરોધક. આત્માનું શ્રવણ.
૧૦. કેવળ આત્મા જ આત્માને જાણી શકે. ......................33
કયી વસ્તુથી માનવજીતિની સૌથી સારી પ્રગતિ થાય.
૧૧. મનોમય વ્યક્તિતા શું છે? શ્રી અરવિંદ શેને અમરતા કહે......3૪
છે. શરીર શાશ્વત કાળ સુધી ટકી રહે તે માટેની શરતો. .........

ચૈત્ય સ્વરૂપ અને શરીરની પૂર્ણતા, શારીરિક કેળવણી. ...........
શરીરની સાધના.
૧૨ મન વડે ગમે તે વસ્તુ સાબિત કરાય. પ્રભુમાં .................૪૦
રમૂજવૃત્તિ. વધુ શીખવાની ઉત્તમ રીત. કૃપા અને દૃષ્ટિ.

**જ્ઞાન**

**વિવરણોનો બીજો ગાળો (૧૯૬૦-૬૧)**

૧૩ ભ્રમ, “માનવ બુદ્ધિના ચમત્કારો” .............................૪૪
૧૪ ભ્રમ : વિજ્ઞાનનો શબ્દ. “અકસ્માત” .........................૪૫
૧૫ ભ્રમ અને સૂક્ષ્મદર્શન. ..........................................૪૬
૧૬ મનોમય સ્તરો. ..................................................૪૮
૧૭ પ્રભુ સાથે તાદાત્મ્ય ભૌતિક મન અને પ્રભુનું જ્ઞાન .............૪૯
૧૮ ભ્રમનો ખ્યાલ જ ભ્રમ છે. જગત સાચું છે : .................૫૦
તેનું દર્શન ખોટું છે.
૧૯ કેવળ બુદ્ધિ જ વસ્તુઓને કુરૂપ જુએ છે? .....................૫૨
સૌન્દર્ય અને કુરૂપતાની સાપેક્ષતા.
૨૦ જુગુપ્સાજનક વસ્તુનું સૌન્દર્ય ..................................૫૩
૨૧ પ્રભુ અને ક્ષમાવૃત્તિ. ...........................................૫૪
૨૨-૨૩ પ્રભુનો પ્રહાર. કોઈને કશાની ક્ષમા નહિ. ....................૫૫
૨૪ દુર્ભાગ્યનું મૂળ. ..................................................૫૬
૨૫ ડહાપણ અને વેદના ...............................................૫૭
૨૬ સર્વ કાંઈ પ્રભુકૃપાથી બને છે. ..................................૫૮
૨૭ કૃષ્ણ સાથે લીલા. ત્રાસદાયક પ્રભુ. ..........................૫૮
૨૮ યુદ્ધ અને ઉત્ક્રાંતિ અતિમાનસ અવતરણ અને યુદ્ધ. ...........૬૦
૨૯ પ્રભુનો અને વ્યક્તિગત સંકલ્પ. ..............................૬૧
૩૦ અંતઃપ્રેરણાની શુદ્ધિ અને મનોમય અહંકાર. ..................૬૩
૩૧ પ્રગતિ અને નિરાશા. નિષ્ફળ જીવનનો અનુભવ. .............૬૪
૩૨ નાસ્તિક એ પ્રભુ છે. ............................................૬૬
૩૩ દિવ્યપૂર્ણતા અને પ્રહારો. .......................................૬૬

| | | |
|---|---|---|
| ૩૪ | કમનસીબીનો આશીર્વાદ | ૬૭ |
| ૩૫-૩૬ | ક્રાઇસ્ટ અને કૃષ્ણ. લોકોને વેદના અને તિરસ્કાર ગમે છે. | ૬૮-૬૯ |
| ૩૭ | વૃંદાવન અને કૃષ્ણનું અસ્તિત્વ. | ૭૦ |
| ૩૮ | ઉત્ક્રાંતિ અને ક્રાઈસ્ટનું મૃત્યુ. અવતાર રૂપે ક્રાઈસ્ટ | ૭૧ |
| ૩૯ | ઇતિહાસ અને લોકોક્તિ. | ૭૨ |
| ૪૦ | ઇતિહાસની ચાર મહાન ઘટનાઓ. "કુરક્ષેત્ર ઉપરનો સંવાદ હજી પણ મનુષ્યને ઉગારી શકશે". | ૭૩ |
| ૪૧ | પુરાણોની અસર. | ૮૪ |
| ૪૨ | સ્વર્ગ અને નર્કનું અસ્તિત્વ. નર્ક એટલે ચેતનાની એક અવસ્થા. | ૭૫ |
| ૪૩ | વિરોધાભાસથી અભીપ્સામાં વૃદ્ધિ. | ૭૬ |
| ૪૪ | મનોમય ભૂમિકા ઉપર અસત્યનું સર્જન. | ૭૭ |
| ૪૫ | તર્ક અને બુદ્ધિનું ક્ષેત્રઃ | ૭૮ |
| ૪૬ | કારાગારમાં શ્રી અરવિંદનો અનુભવ. | ૭૯ |
| ૪૭ | મન ઉપર વિજય અને રૂપાંતર | ૮૦ |
| ૪૮ | "જુગુપ્સાપ્રેરકનું સૌન્દર્ય" શબ્દો અને અનુભૂતિઓ. | ૮૧ |
| ૪૯ | અશુભ અને વિરૂપતાનું નિવારણ. સાચું સહકાર્ય. પ્રેમ અને રૂપાંતર. પ્રેમનો પ્રસાર. પ્રભુના અવતારનું રહસ્ય. દિવ્ય પ્રેમની ગ્રહણશીલતા. | ૮૩ |
| ૫૦ | આપણું ન હોય તેવું કોઈ પાપ નથી. સામૂહિક માનવીય મનોમય ચેતના. પાપ : એટલે વસ્તુનું યથાસ્થાને હોવું. આક્રોશ એટલે સંકલ્પશકિતની દુર્બળતા. સર્વશકિત મત્તાનો અર્થ. સદ્ગુણીઓનો તિરસ્કાર. | ૮૮ |
| ૫૧ | આત્મવંચનાનું સ્વરૂપ, ક્રોધઃ પ્રાણમય શક્તિની વિકૃતિ. સર્વ ક્રિયાઓનો અનુકૂળ ખુલાસો આપવો. | ૯૩ |
| ૫૨ | માનવપ્રેમ અને પ્રભુસેવા. પ્રેમ : મનુષ્યનો, પ્રભુનો. | ૯૫ |
| ૫૩-૫૪ | ધર્મો અને અમરત્વ, શારીરિક અમરતા. | ૯૫-૯૬ |
| ૫૫ | કાલી અને પરમ સાક્ષાત્કાર. | ૯૭ |
| ૫૬ | જ્ઞાન અને વાદ-વિવાદ. પોતાને સાચા ઠરાવવાની વૃત્તિ | ૯૮ |
| ૫૭ | મનુષ્યની સાચી કુદરતી અવસ્થા. મન અને વ્યક્તિતા. | ૧૦૨ |

૫૮ પૃથ્વી ઉપરના સ્વર્ગની શ્રી માતાજીની સ્મૃતિ. જ્ઞાનવૃક્ષનું .... ૧૦૪
પ્રતીક. પ્રાથમિક માનવસ્વરૂપો. ઉત્ક્રાંતિ અને પતન.
સર્પની વાર્તા. જહોવાહ એક પરમ અસુર તરીકે. પૃથ્વીના
વાતાવરણમાં બગાડ.
૫૯ પ્રભુને માર મારવો. પ્રતિમાઓનું સ્વરૂપ. .................. ૧૧૧
શ્રી અરવિંદનો ઉપદેશ અને ધર્મ.
૬૦ ગતજન્મની અનુભૂતિઓ વ્યક્તિનો વિકાસ. ............... ૧૧૪
૬૧ અનંતતાનો અનુભવ. ...................................... ૧૧૫
૬૨ મૂર્ખાઈ : સત્યનો છદ્મવેશ. નિતાંત અસત્ય જેવું ........... ૧૧૫
કાંઈ નથી. "એક વિશ્વનો વિનાશ" નિર્વાણ અને
અસ્તિત્વને પેલેપાર.
૬૩-૬૫ પ્રભુની નિર્બળતા. 'સર્જકપ્રભુ' વિષેનો ખ્યાલ, ......૧૧૮-૧૧૯
પ્રભુ સિવાય બીજું કાંઈ નથી. દિવ્ય લીલા. પૂર્ણતા.
પ્રભુને પામવાના માર્ગો.
૬૬ પ્રભુની અભિવ્યક્તિ તરીકે ક્રૂરતા. પરપીડકત્વ અને તમસ. .. ૧૨૪
આનંદ અને ક્રૂરતા. અનેક વિશ્વોના પ્રલયો. સમતુલા ...........
અને પૂર્ણતા. અતિમનસ વસ્તુઓને યથાસ્થાને સ્થાપે છે.
૬૭-૬૮ પાપ અને અહંકાર ......................................... ૧૩૨

**જ્ઞાન**

**વિવરણોનો ત્રીજો ગાળો (૧૯૬૨-૬૬)**

૬૯ અતિમાનસ જગતને અભિવ્યક્ત કરવાની ક્ષમતા. સમતા.... ૧૩૩
અને અતિમનસ. અતિમનસ પ્રાપ્તિ માટેની બે શરતો. ...........
શરીરના રૂપાંતરની સમસ્યા. સત્-તાનો સંકલ્પ .................
અતિમાનસ જીવન અને મન. વ્યકિત સ્વરૂપ. શરીરને ...........
વિશાળ કરવું. નૂતન દેહનું ગુહ્ય રીતે સર્જન.
૭૦ સર્જનમાં વિરોધી બળોનો ફાળો. પાર્થિવ ચેતનાનું .......... ૧૪૨
અર્પણ. પરમ પ્રેમની ચેતના. અસત્યનું મૂળ. ....................
પવિત્ર જનોમાંના એક થવાનો પ્રયત્ન ન કરો.
૭૧ વિચાર અને સત્ય. સત્યનું સર્વાંગ દર્શન. .................. ૧૪૫
મન વડે દર્શનની ક્રમિકતા.

૭૨ સાંકેતિક સ્વપ્નો. સૂક્ષ્મ શારીરિક અને ભૌતિક ............. ૧૪૮
સ્તર વચ્ચેનો સંબંધ. અન્ય લોકોનું સૂક્ષ્મ શારીરિક
તત્ત્વમાં દર્શન. સૂક્ષ્મ દર્શનનો સ્રોત, વૈશ્વિક મનોમય
દૃષ્ટિ, સત્યનિષ્ઠા અને ભવિષ્યદર્શનની શક્તિ.
સૂક્ષ્મ શારીરિકમાંથી ઘટનાઓમાં પરિવર્તન.
વિસ્તૃત ચેતનાની શ્રી માતાજીની અનુભૂતિઓ.
સૂક્ષ્મ ઇન્દ્રિયોને ખીલવવાની પદ્ધતિઓ. દૂરદર્શન.
૭૩ પ્રજ્ઞા અને જ્ઞાન............................................. ૧૬૧
૭૪-૭૫ વૈજ્ઞાનિક અને આધ્યાત્મિક અભિગમની અપર્યાપ્તતા......... ૧૬૧
સંપૂર્ણ જ્ઞાનનું દ્વાર. અતિમાનસ સિદ્ધિ માટે અનેક
અવતારોની આવશ્યકતા. શ્રી માતાજીનું ભૌતિક જગતનું
દર્શન. ચાર પરિમાણવાળું જગત સપાટી ઉપરનું છે.
૭૬ એક બાળક દ્વારા યુરોપનો વિનાશ. પરશિષ્ટમા જુઓ........ ૧૬૮
સૂત્રમાં રહેલું સાચું ભાવિદર્શન.
૭૭-૭૮ પ્રેરણા દ્વારા જ્ઞાન. જ્ઞાન અને રૂપાંતર........................ ૧૭૦
શરીરનું રૂપાંતર. ચક્રો અવયવોનું સ્થાન લેશે.
૭૯-૮૦ ભૂલ જેવું કાંઈ નથી. કોઈ વસ્તુ એક જ સમયે હોય છે...... ૧૭૫
અને નથી હોતી. પ્રભુની લીલા. મનુષ્ય લીલાને કરુણ ...........
બનાવે છે. 'જીવતા' અને 'મૃતકો' નું જગત. ચિંતા ને
લીલા. અનંત શક્યતાઓ અને ભૂલ. કરુણાજનક
સ્થિતિમાંથી નીકળવાનો રસ્તો. જૂની ચેતનાની સાથે કામ
પાડવું. પ્રભુની સ્થૂલ હાજરી. સર્વધારક આંદોલન.
૮૧-૮૩ પ્રભુનું હાસ્ય. પ્રભુ પોતાનાં કર્મોને કદી ગંભીરભાવે લેતા ... ૧૮૭
નથી. સદ્‌ગુણ અને પૂર્ણતા. જીવનને ગંભીરતાપૂર્વક
લેવાની મર્યાદાઓ. જીવનને પૂર્ણ બનાવવું એ જ એકમાત્ર
માર્ગ. વેદના અને પીડાનું વિસર્જન. જે લોકો જીવનને
ગંભીરપણે લેતા હોય તેમનાથી અળગા રહે.
રમી જાણતાં શીખવું જોઈએ.
૮૪-૮૭ લોકો જેને ચમત્કારો ગણે છે. શ્રી અરવિંદે મનમાં .......... ૧૯૦
ચમત્કારો કરેલા. સાચો ચમત્કાર કેવો હોય? સાંત
જગતમાં જ ચમત્કાર બને છે, અદ્‌ભુત વિષેની ઉત્કંઠા.

૮૮-૯૨ ચમત્કારો અને અભીપ્સા. વિરોધી ભાવોનો પ્રકાર. ........૧૯૮
અવરોધ અને પ્રગતિ. સૃષ્ટિને જડતામાંથી બહાર
લાવવી. સરળતા.
૯૩ વેદના એ આપણાં માતાજીને સ્પર્શ છે. શરીરને............. ૨૦૨
વેદના સહન કરતાં શીખવવું. વેદના અને ભય.
૯૪ શ્રી માતાજી : ત્યાગનો ક્વચિત જ અનુભવ. પ્રગતિ અને ... ૨૦૪
વિસર્જનની શકિત, ત્યાગ અને આત્મકેન્દ્રી ચેતના.
આનંદ-ધોધ અને શક્તિ. ચેતનાની આનંદની
પરાકાષ્ઠાવાળી અવસ્થા ભયાવહ છે.
૯૫ પૂર્ણ ત્યાગ અને કામનાની તૃપ્તિ. કામનાનાં આંદોલનો ..... ૨૧૦
અને પ્રભુનો સંકલ્પ. ગ્રહણશીલતાનો અભાવ અને
કામના. આંદોલનમય અવસ્થાનો ભેદ. જડતત્ત્વ એ
આંદોલનોનું ક્ષેત્ર છે. પરમ શક્તિ પ્રત્યે કોષાણુઓનો
પ્રતિભાવ, આંદોલનોની સમગ્રતાનું ભાન. કર્મ, કામ
અને સંકલ્પનું આંદોલન.
૯૬ ધર્મશાસ્ત્રોમાં અનુભૂતિ મર્યાદિત થયેલી હોય છે............. ૨૧૧
૯૭ સત્ય અને વ્યક્તિગત અનુભૂતિ. ........................... ૨૧૧
૯૮ આંર્તદર્શન એ સત્યની સ્મૃતિ છે. આંર્તદર્શન હંમેશાં......... ૨૧૨
વ્યક્તિગત સ્વરૂપનું હોય છે. અનુભૂતિ, વિચાર અને
શબ્દો. સત્ય શક્તિનો સ્ફોટ.
૯૯-૧૦૦ સમજણ અને શાસ્ત્રો. ........................................ ૨૨૨
૧૦૧-૧૦૨ સૂર્ય ચેતના અને પૃથ્વી ચેતના. ઋત ચેતના અને............ ૨૨૨
વિશ્વનો દેખાવ. જગતનું રૂપાંતર કરવાનો એકમાત્ર માર્ગ.
પ્રભુની ચેતના. સંપૂર્ણ અદ્વૈતનું ભાન. “ચેતનાનો સંબંધ”.
સંવાદના આંદોલનનો અનુક્ષેપ. ઋત્ત ચેતનાનું કાર્ય.
અસત્યને સ્થાને જ્યોતિ.
૧૦૩-૧૦૭ વિવેકાનંદ અને સંન્યાસ, સર્વ આસક્તિઓથી અળગા....... ૨૩૧
થવું. ગેર સમજૂતીનો ભય. ત્યાગ અને વિલય. આધુનિક
દોડધામ. આશ્રમના સર્જનનું કારણ બહારના જગતમાં વધુ
ઉત્કટ અભીપ્સા. લોકોને આત્યંતિકતાઓ જોઈએ છે. દિવ્ય
પ્રેમનો આવિર્ભાવ, શુદ્ધ પ્રેમની શક્તિ. અધીરાઈ વિનાની

ઉત્કટ અભીપ્સા, લોકો જે દોડધામમાં જીવે છે.
સાચો સાક્ષાત્કાર.
૧૦૮ નારદ અને જનક. દેવોમાં ચૈત્ય સ્વરૂપનો અભાવ. ......... ૨૪૧
શિવ, અતિમનસ સાથે આવેલા. કેવળ મનુષ્યમાં
ચૈત્ય સ્વરૂપ હોય છે.
૧૦૯ શ્રી અરવિંદ પ્રભુનો અંશ છે. સૃષ્ટિનું અસત્ય. .............. ૨૪૩
૧૧૦ ભૌતિક વિજ્ઞાનના ચમત્કારો અને આત્મા, વિજ્ઞાન .......... ૨૪૪
દ્વારા ભવિષ્ય દર્શન ન થાય. પદાર્થ તત્ત્વ ઉપર ...................
આત્માની શક્તિ, અનુભૂતિ અને સમજણ. .....................
નૂતનનું દર્શન. જાણવાનો ઈન્કાર.
૧૧૧-૧૧૨ નીરવતાની શક્તિ સત્યના દેખીતા ઇન્કારનો સ્વીકાર....... ૨૪૫
પ્રભુને તેની શકિતનો પરચો આપવાની માગણી.
૧૧૩-૧૧૪ ધિક્કાર અને પ્રેમનાં આંદોલનો સરખાં હોય છે. કેન્દ્રસ્થ .... ૨૫૪
આંદોલનની શુદ્ધતા. નીતિ : વિકૃતિઓ વચ્ચેની પસંદગી.
૧૧૫-૧૧૬ "આદિ અને અંત છે જ નહિ". "શાશ્વતીની ............... ૨૫૭
સ્મૃતિ". પૃથ્વી પરનું જીવન. ચેતના અને મર્યાદાઓ.
માનવમનને વસવાટનું સ્થળ જોઈએ છે. ભૌતિક
જગતના સર્જનની 'ભૂલ'ની અનિવાર્યતા. પ્રગતિ સિવાય
આવિર્ભાવ ન થાય. પૃથ્વી ઉપર મૃતકોની ચેતના.
ચેતના વડે દર્શન અને શ્રવણ. મનુષ્યોના સંકલ્પની
શ્રી માતાજીના દેહ પર અસર.
૧૧૭-૧૨૧ એક અવિરોધ્ય શક્તિ દ્વારા સર્વેની વ્યવસ્થા.......... ૨૭૦-૨૭૧
ઊર્ધ્વ સંકલ્પની પ્રકૃતિ, અવરોધ અને દિવ્ય કાર્ય.
શક્તિ કેવી રીતે કાર્ય કરે છે. વિરોધનું શમન.
૧૨૨-૧૨૪ અભિપ્રાયનો પ્રકાર. કર્મ અને અભિપ્રાય. .................. ૨૭૬
અન્યના કાર્યમાં અનુક્ષેપ માટેની શરતો.
અભિપ્રાયો કેવી રીતે બંધાય છે.


**જ્ઞાન**

**વિવરણોનો ચોથો ગાળો (૧૯૬૯-૭૦)**


૧૨૫-૧૨૬ પ્રકૃતિના નિયમો ઉપરનો કાબૂ ........................... ૨૮૧

| | | |
|---|---|---|
| ૧૨૭ | ચૈત્ય સ્વરૂપ અને પ્રકૃતિના નિયમો. | ૨૮૨ |
| ૧૨૮-૧૨૯ | "શરીરનું અતિક્રમણ કરતી પ્રકૃતિ". | ૨૮૨ |
| ૧૩૦ | આત્મ પ્રયત્ન અને માનવ અભીપ્સાનો ફાળો. | ૨૮૩ |
| ૧૩૧-૧૩૨ | સર્વ માનવીય નૈતિક ખ્યાલોનું નિર્ગમન. | ૨૭૬ |
| ૧૩૩ | દેવો કરતાં બળવાન અસુરો. | ૨૮૪ |
| ૧૩૪-૧૩૬ | વેદના અને આનંદ | ૨૮૫ |
| ૧૩૭ | સુખ અને દુઃખનો આંતરિક વલણ ઉપર આધાર. | ૨૮૬ |
| ૧૩૮ | સંબંધો અને આંતરિક વલણ. | ૨૮૬ |
| ૧૩૯ | અતિમાનવ કોણ છે? | ૨૮૭ |
| ૧૪૦ | માનવ અહંકાર અને અતિમાનવ. | ૨૮૭ |
| ૧૪૧ | અતિમાનવના ગુણો. | ૨૮૮ |
| ૧૪૨ | સ્વરૂપના વિકાસ માટે આવશ્યક ગુણો. | ૨૮૮ |
| ૧૪૩-૧૪૪ | પ્રકૃતિ જે સંતાડે છે તેને કલા પ્રકાશમાં લાવે છે. ફોટોગ્રાફી અને આધુનિક કલા. | ૨૮૯ |
| ૧૪૫ | પ્રકૃતિનો ગુપ્ત આત્મા. | ૨૯૦ |
| ૧૪૬-૧૫૦ | શેક્સપિયર : વિશ્વવાદી. વિરોધી ભાવો વડે કર્મ અને ઇનકાર. | ૨૯૦-૨૯૧ |
| ૧૫૧ | સાબિતી અને અકસ્માત, શીખવાનો ઇનકાર. | ૨૯૨ |
| ૧૫૨-૧૫૩ | અતિમાનસ, અપાર્થિવ અને પાર્થિવ ચેતના. | ૨૯૩-૨૯૪ |
| ૧૫૪-૧૫૬ | મન અને સર્જન, | ૨૯૫ |
| ૧૫૭-૧૫૮ | શ્રી અરવિંદ "છેલ્લો અવતાર" | ૨૯૫ |
| ૧૫૯ | દેવ-દેવીઓની ઉપાસના. | ૨૯૬ |
| ૧૬૦-૧૬૧ | જ્ઞાન અને આનંદ. 'બુદ્ધિવાદી સંસ્કૃતિ' | ૨૯૭ |
| ૧૬૨ | માનવમાંથી અતિમાનવનો પ્રાદુર્ભાવ | ૨૯૭ |
| ૧૬૩-૧૬૪ | નિયતિ અને સ્વાતંત્ર્ય. | ૨૯૮ |
| ૧૬૫ | જાતે લાદેલી શિસ્ત. | ૨૯૯ |
| ૧૬૬ | પાપ અને પુણ્યનો નિયમ. નિયમ અને પ્રગતિ. | ૨૯૯ |
| ૧૬૭ | અજ્ઞાન અને દિવ્ય લક્ષ્ય. | ૩૦૧ |
| ૧૬૮-૧૬૯ | યોગમાં ક્રોસનું પ્રતીક. | ૩૦૨ |
| ૧૭૦-૧૭૧ | ક્રાઈસ્ટ અને મહમદની નિષ્ફળતા. | ૩૦૨ |
| ૧૭૨ | સ્વાતંત્ર્ય, કામના, અજ્ઞાન અને અહંતા. | ૩૦૨ |

૧૭૩-૧૭૪ સમજવાની માનવીય પદ્ધતિ. ........................ ૩૦૩-૩૦૪
૧૭૫ નિષ્ફળતાનો અર્થ. ........................................ ૩૦૪
૧૭૬-૧૭૭ સંપૂર્ણ વૈશ્વિક દર્શન. ........................ ૩૦૫-૩૦૬
૧૭૮ અહંતાનું કેદખાનું. ........................................ ૩૦૬
૧૭૯ પ્રભુ માટે જીવન. ........................................ ૩૦૭
૧૮૦ શાશ્વતીની અનુભૂતિ. ........................................ ૩૦૭
૧૮૧-૧૮૨ જેટલું ઓછું બોલો એટલું સારું. ........................ ૩૦૮
૧૮૩-૧૮૪ પૂર્ણતા અને સામંજસ્ય. ........................................ ૩૦૮
૧૮૫-૧૮૬ શુભ અને અશુભથી પરની ચેતના. ........................ ૩૦૮
૧૮૭-૧૮૮ ઉત્ક્રાંતિ માટે પાપ અને પુણ્યનો ઉપયોગ. .................. ૩૧૦
૧૮૯-૧૯૧ ગરીબાઈ પ્રત્યેનું વલણ. ................................ ૩૧૧
૧૯૨ પ્રકૃતિ પ્રમાણે વ્યક્તિનું વર્ગીકરણ. ........................ ૩૧૧
૧૯૩-૧૯૬ ગરીબાઈ અને સમાજ. આશ્રમ અને ................ ૩૧૨-૩૧૩
ઓરોવિલના આદર્શ,
૧૯૭-૧૯૮ સુખ માટેની શરતો ................................ ૩૧૪-૩૧૫
૧૯૯-૨૦૦ માનવ અહંકાર માટેનો અસરકારક ઇલાજ. ................ ૩૧૫
૨૦૧-૨૦૨ મનુષ્યને સંદેશ. ........................................ ૩૧૬
૨૦૩-૨૦૪ માનવની વધુમાં વધુ પ્રગતિ માટેની શરતો .................. ૩૧૭
૨૦૫ અતિમાનવનું પ્રથમ પગલું. ................................ ૩૧૭

**કર્મ**

**વિવરણોના સમયનો ચોથો ગાળો (૧૯૬૯-૭૦)**

૨૦૬ ભૂતકાળની ભૂલોનાં પરિણામોમાંથી છુટકારો. .............. ૩૧૯
૨૦૭ અશુભ અને દુઃખમાંથી મુક્તિ. ............................ ૩૧૯
૨૦૮-૨૦૯ અહંકાર અને પ્રમોદ, આત્મ વિસ્મૃતિ ...................... ૩૨૦
અને આત્માર્પણ.
૨૧૦-૨૧૧ ક્રોધ અને વૈરભાવ. ........................................ ૩૨૧
૨૧૨ પોતાના આત્માને ન શોધવો : એકમાત્ર .................... ૩૨૧
કરુણાન્તિકા.
૨૧૩ કરુણતા અને ઉત્ક્રાંતિ. ........................................ ૩૨૨
૨૧૪-૨૧૫ મેધાવીની પ્રકૃતિ. ........................................ ૩૨૨

| | | |
|---|---|---|
| ૨૧૬ | પ્રેરણા અને ગાંડપણ. | ૩૨૩ |
| ૨૧૭ | હિંસા ઉપર પ્રભુત્વ અને વિજય. | ૩૨૪ |
| ૨૧૮-૨૨૧ | માનવ એકતા. | ૩૨૪ |
| ૨૨૨-૨૨૪ | પરિવર્તન પામેલ અસુરના ગુણો. | ૩૨૪ |
| ૨૨૫-૨૨૭ | દાનવૃત્તિ આત્માનું ખૂન કરે છે. | ૩૨૬-૩૨૬ |
| ૨૨૮-૨૩૦ | ખૂન કરવાનો પ્રભુનો પેગામ. | ૩૨૬ |
| ૨૩૧-૨૩૪ | સદ્‌ગુણો. | ૩૨૬ |
| ૨૩૫-૨૩૭ | આત્માનાં કરણો અને કેદખાનાં. | ૩૨૭ |
| ૨૩૮-૨૪૦ | મહાન અને ઉમદા નિષ્ફળતાઓ દ્વારા માનવ પ્રગતિ. | ૩૨૯ |
| ૨૪૧-૨૪૨ | નાસ્તિકતા અને ધર્મ. | ૩૩૦ |
| ૨૪૩-૨૪૭ | દેવ અને લોભ, પ્રભુને પોતાનું સર્વાંગ સમર્પણ. | ૩૩૦-૩૩૧ |
| ૨૪૮-૨૫૦ | પ્રભુના સંકલ્પની સભાનતા. | ૩૩૨ |
| ૨૫૧ | એકમાત્ર પસંદગી, | ૩૩૨ |
| ૨૫૨-૨૫૪ | પ્રભુ ગોળ ગોળ ફરે છે. | ૩૩૩ |
| ૨૫૫-૨૫૭ | 'અંધશ્રદ્ધા' | ૩૩૪-૩૩૫ |
| ૨૫૮-૨૬૧ | બુદ્ધિ, શ્રદ્ધા અને અંતઃપ્રેરણા. આધ્યાત્મિક જીવનનું લક્ષ્ય. | ૩૩૬ |
| ૨૬૨-૨૬૪ | પ્રભુના આદેશનું ભાન. | ૩૩૭ |
| ૨૬૫-૨૬૯ | કર્મનો હેતુ | ૩૩૭-૩૩૮ |
| ૨૭૦-૨૭૧ | સતત પ્રયત્ન. | ૩૩૯ |
| ૨૭૨-૨૭૩ | સત્યની પ્રાપ્તિ એ મુશ્કેલ જીત છે. | ૩૩૯ |
| ૨૭૪-૨૭૬ | સંન્યાસનું મૂલ્ય. | ૩૪૦ |
| ૨૭૭-૨૭૮ | આત્મા અને કર્મ. | ૩૪૧ |
| ૨૭૯ | પ્રભુને સર્વાંગીણ બલિદાન. | ૩૪૧ |
| ૨૮૦-૨૮૧ | આત્મા અને વેદનામાંથી મુક્તિ. | ૩૪૨ |
| ૨૮૨ | શુદ્ધિ અને કર્મ. | ૩૪૩ |
| ૨૮૩-૨૮૫ | દિલગીરી અને ઉત્ક્રાંતિ, | ૩૪૩ |
| ૨૮૬-૨૮૮ | પરમ તત્ત્વ સાથે માનવના તાદાત્મ્યની શક્યતા, | ૩૪૪ |
| ૨૮૯-૨૯૦ | સર્વ સંજોગોમાં પ્રેમને ફેલાવવો. | ૩૪૪-૩૪૫ |

| | | |
|---|---|---|
| ૨૯૧-૨૯૨ | માનવ તુલનાઓ. | ૩૪૫-૩૪૬ |
| ૨૯૩-૨૯૪ | આત્મવંચનાના ત્રણ પ્રકારો. | ૩૪૬ |
| ૨૯૫-૨૯૬ | જગત, પ્રભુનો આવિર્ભાવ કરી શકે તેમ છે. | ૩૪૭ |
| ૨૯૭-૨૯૮ | સૌન્દર્ય અને કુરૂપતા. | ૩૪૮ |
| ૨૯૯-૩૦૨ | સત્ય પ્રમાણે જીવવું, | ૩૪૮-૩૪૯ |
| ૩૦૩-૩૦૫ | સ્ત્રીઓ અને આધ્યાત્મિકતા. | ૩૪૯ |
| ૩૦૬ | ત્યાગ અને જગતમાં કર્મ, | ૩૫૦ |
| ૩૦૭ | પ્રભુનું શંકર પ્રત્યે હાસ્ય. | ૩૫૦ |
| ૩૦૮-૩૧૦ | દુઃખાનુભવ વડે પ્રગતિ માટે આવશ્યક ગુણોની ખિલવણી. | ૩૫૧ |
| ૩૧૧-૩૧૨ | રૂપાંતર પ્રત્યે વલણ. | ૩૫૨ |
| ૩૧૩-૩૧૪ | વિરોધી ભાવોના એકીકરણમાં ડહાપણ. | ૩૫૨ |
| ૩૧૫-૩૧૬ | સૌ કોઈ તેમના આત્મામાં પ્રભુના હેતુનું વહન કરે છે. | ૩૫૩ |
| ૩૧૭-૩૧૮ | સર્વ કાંઈ શાશ્વતકાળથી અસ્તિત્વમાં છે. | ૩૫૩-૩૫૪ |
| ૩૧૯ | બ્રહ્મનો સંકલ્પ. | ૩૫૪ |
| ૩૨૦-૩૨૧ | અરાજકતાવાદી : મનુષ્યની સાચી દિવ્ય અવસ્થા. | ૩૫૫ |
| ૩૨૨-૩૨૪ | સફળ સામ્યવાદ. વેદાંત અને સામ્યવાદ. | ૩૫૬ |
| ૩૨૫-૩૨૬ | "સ્વતંત્રતા, સમતા, ભ્રાતૃભાવ" અને અહંકાર. | ૩૫૬-૩૫૭ |
| ૩૨૭-૩૨૮ | વ્યક્તિની પૂર્ણતા અને સમાજ. | ૩૫૭ |
| ૩૨૯-૩૩૧ | કર્મની મહત્તા. | ૩૫૮ |
| ૩૩૨-૩૩૪ | રાષ્ટ્રિય અને માનવ એકતા. | ૩૫૯ |
| ૩૩૫-૩૩૬ | શ્રી અરવિંદનું કાર્ય અને માનવ એકતા | ૩૫૯ |
| ૩૩૭-૩૩૮ | કલાકાર : નકલ કરનાર અને સર્જક. | ૩૬૦ |
| ૩૩૯ | પ્રભુ, શુભાશુભથી પર છે. | |
| ૩૩૯-૩૪૦ | પ્રતિકાર્યને લઈને પ્રગતિ ત્વરિત અને સંપૂર્ણ બને છે. | ૩૬૧ |
| ૩૪૧-૩૪૪ | લોકશાહી, સમાજવાદ અને અરાજકતા. સર્વ માનવીય સરકારો જૂઠાણાભરી હોય છે. | ૩૬૨-૩૬૩ |
| ૩૪૪-૩૪૫ | આત્માની પૂર્ણતા અને બાહ્ય વાતાવરણ. | ૩૬૩ |
| ૩૪૬-૩૪૮ | સાચું સંતપણું. | ૩૬૩-૩૬૪ |

૩૪૯-૩૫૧ પ્રભુના સંકલ્પનું જ્ઞાન. ........ ૩૬૪
"નગ્ન આત્મા શરમાતો નથી."
૩૫૨-૩૫૬ સત્ય સર્વ વિરોધી ભાવોથી પર છે. ........ ૩૬૫
૩૫૭ માનવ જાતિનો સાચો સંચાલક. ........ ૩૬૭
૩૫૮-૩૬૧ અતિમાનસ ચેતનાની અસરો. ........ ૩૬૭
૩૬૨ ભારત અને ધાર્મિક રીતરિવાજો ........ ૩૬૮
૩૬૩-૩૬૯ સત્યનિષ્ઠાઃ પ્રભુને સાંભળવાની શરત. ........ ૩૬૮-૩૭૦
૩૭૦-૩૭૩ તમે જે કાંઈ કરો તેમાં પ્રભુકૃપા દોરે છે. ........ ૩૭૧
૩૭૪-૩૭૬ મૃત્યુ અને અહંકાર. "જે કોઈ પ્રભુનો છે." ........ ૩૭૧-૩૭૨
૩૭૭-૩૭૮ અહંમાંથી મુક્તિ. ........ ૩૭૩
૩૭૯-૩૮૧ ગમે તે દિશામાં અતિશયતા હાનિકારક છે. ........ ૩૭૪
૩૮૨ દવાઓ અને કુદરતી સ્વાસ્થ્ય. ........ ૩૭૫
૩૮૩-૩૮૫ આધુનિક માનવજાતિની બર્બરતા ........ ૩૭૬

## રોગો અને તબીબીશાસ્ત્ર

૩૮૬-૩૮૯ રોગો અને મન. પ્રભુકૃપામાં રહેલી ........ ૩૭૭
સ્વાસ્થ્યદાયક શક્તિ.
૩૯૦-૩૯૩ દવા વડે ઉપચાર કરવામાં મન અને ........ ૩૭૮
શ્રદ્ધાનો ફાળો.
૩૯૪-૩૯૯ દિવ્ય સ્વાસ્થ્ય અને રોગ. ........ ૩૮૦
૪૦૦-૪૦૩ દવાઓમાં મનોમય શ્રદ્ધા. ........ ૩૮૧
૪૦૪-૪૦૬ દવાઓ અને શરીર. ........ ૩૮૨

## ભક્તિ

## વિવરણોના સમયનો ચોથો ગાળો (૧૯૬૯-૭૦)

૪૦૭-૪૧૨ પ્રભુને નારીસ્વરૂપમાં જાણવા. ........ ૩૮૪
૪૧૩ પ્રભુ સાથે આડો વ્યવહાર ........ ૩૮૫
૪૧૪-૪૨૦ પ્રભુના દુશ્મન બનવાનો આનંદ ........ ૩૮૫-૩૮૭
૪૨૧-૪૨૪ "વેદનાનાં ચાર સોપાનો" ........ ૩૮૮
૪૨૫-૪૨૭ કેવળ પ્રભુ માટે પ્રેમ. ........ ૩૮૯
૪૨૮ કૃષ્ણ અને કાલી માટે પ્રેમ. ........ ૩૮૯

૪૨૯-૪૩૦ આત્મા દ્વારા પ્રકૃતિનો ભોગ. .............................. ૩૯૦
૪૩૧-૪૩૪ પ્રભુ અને જગત. ડહાપણઃ સર્વ પ્રકારના સિદ્ધાંતોને સ્વીકારવાનું. ............ ૩૯૦-૩૯૧
૪૩૫-૪૩૮ કૃષ્ણનો પ્રેમ. .............................................. ૩૯૨
૪૩૯-૪૪૪ પ્રેમી પ્રભુ. ................................................ ૩૯૩
૪૪૫-૪૪૯ શ્રી અરવિંદ અસ્તિત્વનું સત્ય ખુલ્લું કરે છે. ................ ૩૯૪
૪૫૦-૪૫૫ અદેખાઈનો ઇલાજ. .............................. ૩૯૫-૩૯૬
૪૫૬-૪૬૧ પ્રભુ અને સેતાન .................................. ૩૯૬-૩૯૭
૪૬૨-૪૬૩ સદ્‌ગુણ સાથે કામ પાડવાની પ્રભુની રીત. .................. ૩૯૭
૪૬૪-૪૬૫ જગત દિવ્ય આનંદનો આવિર્ભાવ કરશે. ..................... ૩૯૮
૪૬૬-૪૬૮ મન અને પ્રભુ. ............................................ ૩૯૯
૪૬૯-૪૭૧ મનુષ્યે સર્વનો પ્રભુકૃપા તરીકે સ્વીકાર કરવો ............... ૪૦૦
૪૭૨ મનોમય રચનાઓથી સાવધાન ................................ ૪૦૧
૪૭૩ પ્રભુ સર્વ સાચા હૃદયની અભીપ્સાઓનો સ્વીકાર કરે છે. .................. ૪૦૨
૪૭૪-૪૭૫ પ્રભુ અને નર્ક. મનુષ્યો આનંદને સહન ન કરી શકે. .................... ૪૦૨
૪૭૬ જીવનના સાત આનંદાવધિઓ ................................ ૪૦૩
૪૭૭-૪૭૯ જગત સ્વર્ગ બને તે માટેની શરતો. ........................ ૪૦૪
૪૮૦-૪૮૧ સામાન્ય માનવ ચેતનાનું અસત્ય. ................... ૪૦૪-૪૦૫
૪૮૨-૪૮૩ કૃષ્ણ દ્વારા ગોપીઓનું વસ્ત્રહરણ. .......................... ૪૦૫
૪૮૪ કૃષ્ણ અને પાપ. ............................................ ૪૦૬
૪૮૫-૪૮૯ સાચી એકતાની પ્રાપ્તિ. .................................... ૪૦૬
૪૯૦-૪૯૪ સર્વ સંજોગોમાં પ્રભુ સાથે સંપર્ક. ......................... ૪૦૭
૪૯૫-૪૯૬ પ્રભુદર્શનના માર્ગો. ........................................ ૪૦૯
૪૯૭-૪૯૯ વેદના : સુખની તાલીમ. એક સાચું ડહાપણ ............... ૪૧૦
૫૦૦-૫૦૩ દુઃખ અને પીડાનો ફાળો. .................................. ૪૧૧
૫૦૪ આપણા દુઃખકારી સમયમાં પ્રભુપ્રેમની જરૂર છે. ........... ૪૧૨
૫૦૫ વિજ્ઞાન, પ્રભુનો પ્રેમી અને પ્રભુને જાણનાર. ................ ૪૧૨
૫૦૬ જગત પ્રત્યે હસી શકવું. .................................... ૪૧૩
૫૦૭ માનવવિજ્ઞાન અને ગુહ્યવિદ્યા. ............................. ૪૧૩

| | | |
|---|---|---|
| ૫૦૮ | શરીરના રૂપાંતર બાબતમાં શ્રી માતાજીની અનુભૂતિ | ૪૧૪ |
| ૫૦૯-૫૧૨ | શાસ્ત્રોને સમજવાની સાચી રીત. | ૪૧૫ |
| ૫૧૩-૫૧૪ | પ્રભુસેવા. | ૪૧૬ |
| ૫૧૫-૫૧૬ | માનવસેવા. સર્વ નૈતિકતામાંથી મુક્તિ | ૪૧૬ |
| ૫૧૭-૫૧૮ | નિર્બળતા અને પ્રભુ. | ૪૧૭ |
| ૫૧૯ | અમરતા પ્રત્યે અસુરનાં ચાર પગલાં. | ૪૧૭ |
| ૫૨૦ | વિશ્વની સમજણ. | ૪૧૮ |
| ૫૨૧ | પ્રભુનું ભાન. | ૪૧૮ |
| ૫૨૨-૫૨૩ | વેદના અને આનંદ, | ૪૧૯ |
| ૫૨૪ | આત્મા, મન અને વેદના. | ૪૨૦ |
| ૫૨૫-૫૨૬ | કરુણા અને દિવ્ય ચેતના. | ૪૨૦ |
| ૫૨૭-૫૨૮ | પ્રેમ અને દયા. | ૪૨૦ |
| ૫૨૯-૫૩૦ | કરુણા અને દયા. | ૪૨૧ |
| ૫૩૧-૫૩૩ | પ્રયત્ન અને શ્રદ્ધાનું સાતત્ય. | ૪૨૨ |
| ૫૩૪ | પ્રેમ : માનવીય અને દિવ્ય. | ૪૨૩ |
| ૫૩૫ | "દિવ્ય મન" | ૪૨૩ |
| ૫૩૬-૫૩૭ | સાચા જ્ઞાનનું એક બિંદુ પણ ક્રાંતિ સર્જે છે. | ૪૨૪ |
| ૫૩૮ | માયાનું તત્ત્વ અને બળ. | ૪૨૪ |
| ૫૩૯-૫૪૦ | હકસલી અને હેકલમાં પ્રભુનાં દર્શન, | ૪૨૫ |
| ૫૪૧ | પીડા આપનાર અને ખૂનીમાં પ્રભુનાં દર્શન. | ૪૨૬ |

# જ્ઞાન

## *વિવરણોનો પ્રથમ ગાળો (૧૯૫૭)*

## જ્ઞાન

***પુસ્તકો જે શીખવે છે તે પ્રમાણે જીવવાનો નિર્ણય ન કર્યો હોય તો માર્ગ દર્શન માટેના પુસ્તકો વાંચવાનો કશો અર્થ નથી.***
***આશીર્વાદ.*** – શ્રી માતાજી

**(૧) મનુષ્યમાં બે શક્તિઓ સહયોગી છે : એક છે જ્ઞાન, બીજી છે પ્રજ્ઞા. મન પોતે ફાંફાં મારી મારીને એક વિકૃત માધ્યમ દ્વારા સત્યને આંશિક રૂપે જોઈ શકે છે અને તેને જ્ઞાન કહેવામાં આવે છે; પરંતુ પ્રજ્ઞા તો એક એવી વસ્તુ છે, જેનું દર્શન, આત્માની ભીતરમાં દિવ્ય ચક્ષુઓ વડે થાય છે.**

મને એમ પૂછવામાં આવ્યું છે કે "આ બે શક્તિઓ સહયોગી કેમ છે?"

હું ધારું છું કે મનુષ્યમાં અનેક પ્રકારની વસ્તુઓ, એકબીજા સાથે ઝગડ્યા કરતી હોય એવું જોવાની આપણને એટલી બધી ટેવ પડી ગઈ છે કે જ્યારે કોઈ સહયોગ કરનારી વસ્તુઓ જોવામાં આવે છે ત્યારે આપણામાં તેનાથી વિસ્મયની લાગણી પ્રગટે છે! પરંતુ આ ઝગડાઓ કેવળ દેખાવ માત્રના જ હોય છે. હકીકતમાં તો, જે કોઈ વસ્તુઓ, ઊર્ધ્વના પ્રદેશોમાંથી આવતી હોય છે તે બધી અનિવાર્યપણે સહયોગી જ હોય છે. હું ધારું છું કે "સહયોગી" શબ્દનો અર્થ તો તમે જાણતા હશો એનો અર્થ એ છે કે "અમુક પરિણામ પ્રાપ્ત કરવા માટે વસ્તુઓ એકઠી થઈને સંવાદપૂર્ણ સહયોગ કરે છે."

છેલ્લાં બે યુદ્ધોમાં, વિશ્વયુદ્ધોમાં, મોટાં મોટાં રાષ્ટ્રોએ એકબીજા સાથે એવી સમજૂતી કરી લીધી હતી કે સૌએ એકઠાં થઈને દુશ્મનની સામે લડી લેવું. એટલે તો તેમને સહયોગી રાષ્ટ્રો તરીકે ઓળખવામાં આવતાં હતાં. કેટલીકવાર તેઓને, ટૂંકમાં, "મિત્રરાજ્યો" પણ કહેવામાં આવતાં હતાં. જો આ વસ્તુ તમે જાણતા હશો તો શ્રી અરવિંદે જે સૂક્ષ્મ અર્થમાં આ શબ્દ વાપર્યો છે તે સમજી

શકશો. એ અર્થ એમ છે કે અજ્ઞાનની સામે લડી લેવા માટે મનુષ્યનું જ્ઞાન અને પ્રજ્ઞા, એ બંને સંવાદપૂર્ણ રીતે જોડાઈને સહયોગ કરે છે.

જેઓ સમજી શકે તેવા છે તેમને માટે તો આ સૂત્રનાં પાછળનાં બે વાક્યોમાં, એ વસ્તુ પૂરતા પ્રમાણમાં સ્પષ્ટ કરવામાં આવી છે કે આ બેમાંની એક શક્તિ મનની છે અને બીજી શક્તિ આત્માની છે. આ સૂત્ર દ્વારા શ્રી અરવિંદ એ ગહન સત્યને પ્રગટ કરવા માગે છે કે, જો મનુષ્યના મનને પેલી બીજી શક્તિ જોઈતી હશે તો તે પોતે પોતાની જાતે પ્રાપ્ત નહિ કરી શકે; કારણ કે એ શક્તિ આત્માની છે અને મનુષ્યના સ્વરૂપમાં જ્યારે આધ્યાત્મિક ચેતના જન્મે છે ત્યારે જ તે પ્રગટ થાય છે.

જ્ઞાન એક એવી વસ્તુ છે જેને મન પોતે બહુ મહેનત કરે તો પ્રાપ્ત કરી શકે છે; જો કે ત્યારે પણ એ સાચું જ્ઞાન તો નથી હોતું, પરંતુ જ્ઞાનનું એ કેવળ એક મનોમય પાસું હોય છે. પરંતુ પ્રજ્ઞાને તો મનની સાથે કાંઈ પણ સંબંધ નથી હોતો. એને પ્રાપ્ત કરવાની કોઈ પણ આવડત મનની અંદર હોતી નથી : ખરી રીતે તો પ્રજ્ઞા એ શું વસ્તુ છે તેની મનને ખબર જ નથી હોતી. એટલે હું ફરીને કહીશ કે પ્રજ્ઞા એ તત્ત્વતઃ આત્માની એક શક્તિ છે અને તેનો જન્મ આધ્યાત્મિક ચેતના સાથે જ થાય છે.

મને બીજા બે પ્રશ્નો પણ પૂછવામાં આવ્યા છે. જો કે એ પ્રશ્નો કેવળ શબ્દોની રમત માત્ર છે, એટલે કે, જે લોકોને રૂપકની પદ્ધતિના ઉપયોગ વિષે બરાબર જાણકારી નથી તેવા લોકોએ એ પ્રશ્નો પૂછ્યા છે. કોઈએ એમ પૂછ્યું છે કે, "દિવ્ય દૃષ્ટિનાં ચક્ષુ' એ શબ્દોનો શો અર્થ થાય છે?" તો, આ ચક્ષુ એટલે સ્થૂળ આંખો એવો અર્થ તો નથી જ! એનો અર્થ તો દર્શન-શક્તિ થાય છે, : એટલે કે, એકાગ્ર બનીને કોઈ પણ વસ્તુ ઉપર દૃષ્ટિપાત કરવાની શક્તિ એવો થાય છે. સૂક્ષ્મમાં જોઈ શકવાની આવડતને દિવ્ય દૃષ્ટિ કહેવાય છે, પરંતુ એને દેહના કોઈ સ્થાન સાથે સંબંધ નથી હતો! 'દિવ્યદૃષ્ટિનાં ચક્ષુઓ' શબ્દો વાપરીને, કાવ્યમય ભાષામાં એ વસ્તુ કહેવામાં આવે છે કે, દિવ્ય અથવા આધ્યાત્મિક ચેતનાને વસ્તુઓને જોવાની પોતાની આગવી પદ્ધતિ હોય છે. એ પદ્ધતિ મનોમય પ્રકારની નથી જ, એટલે પછી એમાં ભૌતિક રીતની દૃષ્ટિની તો વાત જ નથી. આમ, આમાં ભૌતિક રીતે કોઈક ઠેકાણે આ ચક્ષુઓનું અસ્તિત્વ રહેવાનો તો પ્રશ્ન જ નથી આવતો. મને જે પૂછવામાં આવ્યું છે તે માત્ર આટલું જ છે. પરંતુ એટલા માત્રથી આપણે કંઈ બહુ આગળ વધી શકતા નથી. મને તો એમ હતું કે, "વિકૃત માધ્યમ દ્વારા સત્યનું દર્શન," એ શબ્દો દ્વારા શ્રી અરવિંદ

શું કહેવા માગે છે, એ વસ્તુ મને પૂછવામાં આવશે.

હવે, આ વિકૃત માધ્યમ એ શું વસ્તુ છે અને એવા વિકૃત માધ્યમમાં પ્રવેશ કરતાં સત્યનું શું થાય છે?

હંમેશની જેમ, શ્રી અરવિંદ જે કહે છે તેના અનેક અર્થ હોય છે. એમાં દરેક અર્થ બીજા અર્થ ઉપર બરાબર ઊઠી આવે તેમ સ્થપાયેલો હોય છે. એક અર્થ ખાસ વિશિષ્ટ અર્થનો દ્યોતક હોય છે, તો બીજો અર્થ વધુ સર્વ સામાન્ય રીતે લાગુ પડે તેવો હોય છે.

હવે, આમાંથી આપણે તદ્દન વિશિષ્ટ પ્રકારનો અર્થ લઈએ તો, આ જે વિકૃત માધ્યમ હોય છે તે અજ્ઞાનમાં કાર્ય કરતા મનનું બનેલું હોય છે અને તેથી કરીને, એ સત્યને તેના નિર્ભેળ શુદ્ધ અર્થમાં પ્રગટ કરી શકતું નથી. પરંતુ બીજી રીતે જોતાં, આપણું સમગ્ર જીવન જ અજ્ઞાનમાં જીવવામાં આવે છે. એટલે, આ જે વિકૃત માધ્યમ છે તેમાં આખી પૃથ્વીના વાતાવરણનો પણ સમાવેશ થઈ જાય છે. અને એ માધ્યમ દ્વારા પોતાની અભિવ્યક્તિ કરવા માગતું સત્ય પણ પછી સંપૂર્ણ-પણે વિકૃત બની જાય છે. અને હવે અહીં એ વાક્ય — ખંડનો અત્યંત સૂક્ષ્મ મુદ્દો આવે છે. અનેક રીતનાં ફાંફાં મારીને પણ છેવટે માનવમન, કઈ વસ્તુને પકડી શકે છે? આપણે જાણીએ છીએ કે એ હંમેશાં આમતેમ ફાંફાં મારતું રહે છે, જાણવા પ્રયત્ન કરતું રહે છે, ભૂલો કરે છે, ફરીથી પ્રયત્ન કરે છે, જૂની રીતે પ્રયત્ન કરે છે, અન્ય રીતો અજમાવીને પ્રયત્ન કરે છે, પરંતુ... એની એ આખીયે કૂચ, અત્યંત અસ્થિર હોય છે. પરંતુ એથી કરીને એ સત્યમાંથી કઈ વસ્તુને પકડી શકે છે? શું એ વસ્તુ કોઈ એવો અંશ કે વિભાગ હોય છે જે એકાંગી અથવા અપૂર્ણ હોવા છતાં પણ સત્ય સ્વરૂપી હોય છે, કે પછી એ કોઈ એવી વસ્તુ હોય છે કે જે સત્ય જ ન હોય? સૌથી વધુ રસપ્રદ મુદ્દો એ જ છે.

આપણને એવું સાંભળવાનો મહાવરો પડી ગયો છે, કદાચ આપણે પોતે પણ એ વસ્તુ અનેકવાર કહી છે કે, આપણે કેવળ એકાંગી, અપૂર્ણ અને આંશિક જ્ઞાનને જ પ્રાપ્ત કરી શકીએ છીએ અને તેથી જ એ સાચું જ્ઞાન હોઈ શકતું નથી. સૌ કોઈનું દૃષ્ટિબિંદુ લગભગ આ રીતનું હોય છે અને વ્યક્તિ જો પોતાના જીવનનો જરા સરખો પણ અભ્યાસ કરી જુએ, તો એને એ બાબતની પ્રતીતિ થાય છે. પરંતુ શ્રી અરવિંદ અહીં જે "વિકૃત માધ્યમ દ્વારા જોવામાં આવતા સત્ય" ની વાત કરે છે તેનો અર્થ એથી પણ વધુ રસપ્રદ છે.

એમાં વાત એમ છે કે સત્ય પોતે જ પોતાનું પાસું બદલી નાખે છે — પેલા માધ્યમમાં જતાં, સત્ય પોતે, સત્ય જ રહેતું નથી; એ તો સત્યની એક વિરૂપ

બનેલી અવસ્થા હોય છે. અને માટે જ જ્યારે આપણે એમાંથી કોઈપણ વસ્તુને પકડી લઈએ છીએ ત્યારે તે સત્યનો કોઈ અંશ હોતો નથી. એ વસ્તુ સત્યની એક ખોટી બાજુ હોય છે અથવા તો પછી જે સત્ય પોતે લુપ્ત થઈ ગયું હોય છે તેનો એક આભાસમાત્ર હોય છે.

હું શું કહેવા માગું છું તે બરાબર સમજાય તે માટે હું તમારી પાસે એક છબી રજૂ કરીશ. એ કેવળ એક છબી કરતાં વધુ કાંઈ નથી, એટલે તમે એને શબ્દશઃ પકડી બેસશો નહિ.

આપણે અંતર્ગત સત્યને, જો ધવલ પ્રકાશના એક પ્રચંડ, ઝળહળતા અને નિષ્કલંક ગોળા સાથે સરખાવીએ, તો આપણે એમ કહી શકીએ કે જ્યારે એનો પ્રવેશ મનના માધ્યમમાં, એટલે કે મનના વાતાવરણમાં થાય છે, ત્યારે એનો પેલો જાજ્વલ્યમાન ધવલ અને અખંડ પ્રકાશ, સહસ્રાવધિ રંગ-છાયાઓમાં પરિવર્તન પામે છે. એ દરેક છાયાને પોતાનો આગવો રંગ હોય છે, કારણ કે એ બધી જ છાયાઓ વહેંચાઈ જઈને એકબીજાથી અલગ પડી ગઈ હોય છે. આમાં, જે માધ્યમમાંથી તે પસાર થાય છે તે મનોમય માધ્યમને કારણે પેલો ધવલ પ્રકાશ વિકૃત થઈ ગયો હોય છે અને તેને લઈને એ લાલ, લીલો, પીળો, ભૂરો, વગેરે એટલા બધા અગણિત અને અલગ અલગ રંગો તરીકે દેખાય છે કે કેટલીકવાર તો એ બધા રંગો એક-બીજા સાથે જરા પણ મેળમાં હોતો નથી. અને મન પોતે આ બધામાંથી જે વસ્તુને પકડે છે તે તો પેલા જાજ્વલ્યમાન ધવલ પ્રકાશના ગોળાનો એક નાનકડો કણ પણ હોતો નથી. જુદા જુદા રંગોના, નાના નાના પ્રકાશોમાંથી થોડાક જ એના હાથમાં આવે છે. એટલે પછી, એ બધાને એકઠા કરવાથી એ પેલા મૂળના ધવલ પ્રકાશની પુનર્રચના કરી શકતું નથી. અને આમ, એ સત્યને પામી શકતું નથી. એ જે વસ્તુને પકડે છે તે તો સત્યનો ટુકડો પણ હોતો નથી. એમાં તો સત્યનો કેવળ ભંગાર હોય છે — એ અવસ્થા આત્યંતિક વિભાજનની હોય છે.

સત્ય પોતે તો અખંડ સ્વરૂપી છે અને તેનું આખું યે સ્વરૂપ પ્રાપ્ત કરવું જરૂરી છે. પરંતુ મનોમય વાતાવરણરૂપી જે વિકૃત માધ્યમ દ્વારા તમે તેને જાુઓ છો, તે પરિસ્થિતિ, એ સત્યની અભિવ્યક્તિ માટે, આવિર્ભાવ માટે, કે માત્ર એનાં સર્વ તત્ત્વોને ગ્રહણ કરવા માટે પણ પર્યાપ્ત નથી — અને આપણે એમ કહી શકીએ કે એમાં તો જે સારામાં સારી વસ્તુ હોય છે તે જ છટકી જાય છે. ત્યાર પછી એને સત્ય તો ન કહી શકાય. એમ કહી શકાય કે એ અવસ્થામાં જે વસ્તુ મૂળમાં સત્ય સ્વરૂપ હતી તે મનોમય વાતાવરણમાં લેશમાત્ર એવી રહી

નથી, એટલે કે આપણે તેને અજ્ઞાનાવસ્થા કહી શકીએ.

એટલે હવે હું ટૂંકામાં કહીશ કે, માનવનું મન, જે જ્ઞાનને પ્રાપ્ત કરી શકે છે. તે અનિવાર્યપણે અજ્ઞાનાવસ્થામાં પ્રાપ્ત કરેલું જ્ઞાન હોય છે, આપણે લગભગ એમ કહી શકીએ કે તે કેવળ અજ્ઞાનનું જ્ઞાન હોય છે.

પરંતુ પ્રજ્ઞા તો સત્યના સત્વનું અને આવિર્ભાવમાં થઈ રહેલા તેના ઉપયોગનું સૂક્ષ્મ દર્શન હોય છે.

૧૨ સપ્ટેમ્બર, ૧૯૫૮

*

**(૨) અંતઃપ્રજ્ઞાની પાતળી તેજસ્વી નદી, વિસ્તૃત અને શાશ્વત જ્ઞાનનાં ધામોમાંથી ધસી આવે છે. તર્કયુક્ત બુદ્ધિનું જ્ઞાન, ઇન્દ્રિયજન્ય જ્ઞાન કરતાં ચડિયાતું હોય છે, પરંતુ આ અંતઃપ્રજ્ઞા તો તેનાથી પણ વધુ પૂર્ણ રીતે ચડિયાતી છે.**

આના ઉપર અમુક પ્રશ્નો આવ્યા છે : "શ્રી અરવિંદે આમ કેમ કહ્યું છે?" વગેરે, વગેરે.

હું એમને એમ ઉત્તર આપી શકી હોત કે "એમણે એમ કહ્યું છે કારણ કે એમને એમ જણાયું હશે." પરંતુ આપણે શરૂ કરતાં પહેલાં જ એક વસ્તુ સમજી લઈએ કે શ્રી અરવિંદની વ્યાખ્યાઓ ઘણીવાર વિરોધાભાસી લાગે તેવી હોય છે, કારણ કે તેમને લઈને જ આપણને વિચાર કરવાની ફરજ પડે છે.

શબ્દકોશમાંથી આપણને શબ્દોની સામાન્ય સમજૂતીઓ, સામાન્ય અર્થો મળી આવે છે અને તેને લીધે, આપણને કોઈ રીતનું ચિંતન કરવાની આવશ્યકતા લાગતી નથી. પરંતુ શ્રી અરવિંદ જે વસ્તુઓ કહે છે, તે સામાન્ય ખ્યાલોનાં આવરણોને ભેદવાની દૃષ્ટિએ કહે છે અને તેને લઈને તમે ગહનતર સત્યનો સ્પર્શ પામી શકો છો. આ રીતે એના સવાલો આપોઆપ જ અદૃશ્ય થઈ જાય છે.

આ ગહનતર જ્ઞાન અને સત્યને શ્રી અરવિંદે, શબ્દોની વ્યાખ્યા આપવાની સામાન્ય રીતરસમો કરતાં એવી અલગ પદ્ધતિએ વ્યક્ત કરેલાં છે કે જેથી તમારે તેમને શોધી કાઢવા માટે પરિશ્રમ કરવો પડે છે.

મારા હાથમાં થોડાક પ્રશ્નો છે અને એમાંથી એક પહેલા પ્રશ્નમાં મને રસ પડે છે, કારણ કે એ એક વિચારવંત મનમાંથી પ્રગટ થયેલો છે અને એ પ્રશ્ન

"જ્ઞાન" શબ્દ વિષે છે. એમાં, શ્રી અરવિંદે "જ્ઞાન" શબ્દનો આ વાક્યમાં જે રીતનો ઉપયોગ કર્યો છે તેની, આપણે ગયે અઠવાડિયે જે વાક્ય વાંચેલું તેમાંના "જ્ઞાન" શબ્દના અર્થ સાથે સરખામણી કરવામાં આવી છે.

આપણે એમ કહેવું હોય તો કહી શકીએ કે ગયે અઠવાડિયે આપણે જે વાંચેલું તેમાં તેઓ જ્ઞાન અને પ્રજ્ઞા વચ્ચે એક પ્રકારનો વિરોધ હોય તેવો નિર્દેશ કરી રહ્યા હતા. પરંતુ ત્યારે તેઓ જે જ્ઞાનની વાત કરી રહ્યા હતા તે તો, સામાન્ય રીતે જ્ઞાન શબ્દનો જે અર્થ કરવામાં આવે છે તે, માનવીની ચેતના સામાન્ય રીતે એને જે અર્થમાં વાપરે છે તે અને આપણે પ્રયત્ન કરીને મનના વિકાસ વડે જે જ્ઞાન પ્રાપ્ત કરીએ છીએ, તેને અનુલક્ષીને તેઓ એ વાત કરી રહ્યા હતા. એથી ઊલટું, અહીં તો તેઓ તે સર્વના સારરૂપ, દિવ્ય, અતિમાનસિક, તાદાત્મ્ય જ્ઞાનની વાત કરે છે. વધુમાં તો, એટલા માટે જ તેમણે જ્ઞાન શબ્દની આગળ "વિશાળ અને સનાતન" એવા શબ્દો વડે સ્પષ્ટતા કરેલી છે. એ વસ્તુ સ્પષ્ટપણે બતાવી આપે છે કે એ જ્ઞાન તે આપણે સામાન્ય રીતે જાણતા હોઈએ છીએ તેવા અર્થવાળું જ્ઞાન નથી.

ઘણાઓએ એમ પૂછ્યું છે કે શ્રી અરવિંદે એ નદી "પાતળી" હોવાનું કેમ કહ્યું છે. એમણે એ વિધાન એટલા માટે કર્યું છે કે જેથી તેઓ એક એવી પ્રતીતિકારક છબી ઊભી કરી શકે કે જેના વડે, અંતઃસ્ફુરણાના અનંત સ્રોતરૂપ દિવ્ય અતિમાનસિક જ્ઞાનની અમેય વિશાળતા અને મનુષ્યનું મન એમાંથી જે કાંઈ ઝીલી અને જોઈ શકે છે તે બેની વચ્ચે રહેલો વિરોધ સ્પષ્ટપણે દેખાઈ આવે. આપણે જ્યારે એ ઊર્ધ્વ ભૂમિકાઓ સાથે સંપર્કમાં હોઈએ છીએ ત્યારે પણ, આપણે જે કાંઈ જોઈએ છીએ તે એટલું બધું આછું પાતળું હોય છે કે તે એક નાનકડા ઝરણા જેવું અથવા તો થોડાંક ટપકતાં બિંદુઓ સરખું લાગે. જો કે એ બિંદુઓ પણ એટલા બધાં શુદ્ધ, પ્રકાશિત અને સ્વયંપૂર્ણ હોય છે કે તેમને લઈને તમને એમ જ લાગે કે તમને એક અદ્‌ભૂત પ્રેરણા મળી છે, તમને એમ લાગે કે તમે અનંતતાની ભૂમિકાઓને સ્પર્શ કર્યો છે અને જાણે કે તમે સામાન્ય મનુષ્યની અવસ્થા કરતાં અનંતગણી રીતે ઊંચે ગયા છો — અને છતાં, જે કાંઈ અવગત કરવાનું છે તેના પ્રમાણમાં એ તદ્દન નહિવત્ હોય છે.

મને એમ પણ પૂછવામાં આવ્યું છે કે આ અંતઃસ્ફુરણા જે માધ્યમ દ્વારા આવે છે તે વસ્તુ ચૈત્ય સ્વરૂપ અથવા ચૈત્ય ચેતના હોય છે કે કેમ. સામાન્ય રીતે તો એમ જ હોય છે. આપણને ઊર્ધ્વના પ્રદેશો સાથે જે સૌથી પ્રથમ સંપર્ક થાય છે તે ચૈતસિક સંપર્ક જ હોય છે. એ તો નક્કી છે કે જ્યાં સુધી આંતરિક ચૈત્ય

સ્વરૂપમાં ખુલ્લાપણું નથી આવ્યું હોતું ત્યાં સુધી અંતઃપ્રેરણા પ્રાપ્ત થવી એ એક મુશ્કેલ વસ્તુ હોય છે. અપવાદરૂપ સંજોગોમાં, એક કૃપા તરીકે, એમ બની શકે છે. પરંતુ સાચો આંતરિક સંપર્ક તો ચૈત્ય સ્વરૂપ દ્વારા જ બની આવે છે, કારણ કે દિવ્ય સત્ય સાથે સૌથી વધુ ગાઢ સંબંધ ધરાવનાર માધ્યમ તો ચૈત્ય ચેતના જ હોય છે.

પાછળથી જ્યારે તમે મનોમય ચેતનામાંથી બહાર નીકળીને તેને પેલે પાર રહેલી ઊર્ધ્વ ચેતનામાં જાઓ છો, ઊર્ધ્વ મનની ચેતનાથી પણ ઉપર જાઓ છો, જ્યારે તમે અતિમનસના પ્રદેશો પ્રત્યે ખુલ્લા થાઓ છો અને ઊર્ધ્વમનસ દ્વારા અતિમનસ પ્રત્યે ખુલ્લા બનો છો ત્યારે તમે અંતઃપ્રેરણાઓને સીધેસીધી ઝીલી શકો છો. અને સ્વાભાવિક રીતે એવે વખતે તેઓ વધુને વધુ પ્રમાણમાં અને વારંવાર આવતી રહે છે, વધુ સભર હોય છે; આપણે એમ પણ કહી શકીએ કે ત્યારે તેઓ સંપૂર્ણ હોય છે. પછી એક સમય એવો આવે છે જ્યારે તમે ધારો ત્યારે અંતઃપ્રેરણા પ્રાપ્ત કરી શકો છો. પરંતુ એ તો સ્પષ્ટ છે કે, એ માટે તો તમારામાં આંતરિક વિકાસ સારા પ્રમાણમાં થયેલો હોવો જોઈએ.

આપણે જેમ હમણાં કહ્યું તેમ, મનથી સારી પેઠે ઊર્ધ્વમાં રહેલા પ્રદેશોમાંથી જે પ્રેરણા આવે છે તેનું મૂલ્ય અને ગુણવત્તા, મન પોત પોતાની મેળે જે ઉચ્ચમાં ઉચ્ચ તર્કબુદ્ધિ જેવી વસ્તુ પેદા કરી શકે તેનાં કરતાં વધુ ઉમદા પ્રકારની હોય છે. તર્કબુદ્ધિ, એ માનવમનની ક્રિયાના શિરમોર સમી છે; એ ઇન્દ્રિયગમ્ય જ્ઞાન ઉપર કાબુ રાખી શકે છે તેમજ તેની ચર્ચા-વિચારણા કરી શકે છે. ઘણીવાર એમ કહેવામાં આવે છે કે જ્ઞાન-સાધન તરીકે ઇન્દ્રિયો તદ્દન ક્ષતિપૂર્ણ હોય છે, તેઓ વસ્તુઓને તેમના સાચા સ્વરૂપમાં જોઈ શકતી નથી, તેઓ જે માહિતી આપે છે તે પણ ઉપરછલ્લી અને ઘણીવાર તો ભૂલભરેલી પણ હોય છે. મનુષ્યમાં જ્યારે બુદ્ધિનો પૂર્ણ રીતનો વિકાસ થયો હોય છે ત્યારે તે આ વસ્તુ જાણે છે અને ત્યાર પછી એ કેવળ ઇન્દ્રિયજન્ય જ્ઞાન ઉપર પોતાનો વિશ્વાસ મૂકતી નથી. જો મારે એમ કહેવું હોય તો કહી શકું કે, જ્યારે મનુષ્યની તર્કબુદ્ધિ ઉતરતી કક્ષાની હોય છે ત્યારે જ તે પોતે જે કાંઈ જુએ છે, સાંભળે છે અને સ્પર્શે છે તે સર્વને તદ્દન સાચું માની લે છે. જેવા તમે બુદ્ધિમાન બનો છો અથવા જ્યારે તમારામાં ઉચ્ચ તર્કબુદ્ધિનો વિકાસ થાય છે કે તરત જ, તમને ખબર પડે છે કે આ બધી માન્યતાઓ લગભગ હંમેશાં, મૂળભૂત રીતે ખોટી હોય છે અને તમે કોઈ પણ રીતે જોતાં તેમને પાયાની હકીકતો ગણીને વર્તી શકો તેમ નથી. પરંતુ મનુષ્યને જે જ્ઞાન અતિમાનસમાંથી અથવા દિવ્ય પ્રદેશોમાંથી પ્રાપ્ત થાય છે તે, બુદ્ધિ જે કાંઈ ધારી કે સમજી શકે

તેના કરતાં ચડિયાતું હોય છે. કાંઈ નહિ તો ઇન્દ્રિયજન્ય જ્ઞાન કરતાં, બૌદ્ધિક જ્ઞાન જેટલું વધુ ઉપલી કક્ષાનું હોય તેના કરતાં તો તે અધિક હોય છે જ.

કેટલાક પ્રશ્નો એક વ્યવહારુ મુદ્દાને લગતા છેઃ "અંતઃસ્ફુરણાની શક્તિને કઈ રીતે વિકસાવવી, અંતઃસ્ફુરણા પ્રાપ્ત કરવા માટે કઈ શરતો છે, અને એ આપણને સતતપણે પ્રાપ્ત થઈ શકે ખરી કે નહિ?

આ પ્રશ્નનો જવાબ મેં આ અગાઉ આપી દીધો છે. જ્યારે તમે અતિમાનસ પ્રદેશો પ્રત્યે ખુલ્લા હો છો, ત્યારે તમે તમારી જાતને એવી અવસ્થામાં મૂકી હોય છે કે જેમાં તમને સતતપણે અંતઃસ્ફુરણાઓ મળતી રહે.

મને એમ પણ પૂછવામાં આવ્યું છે કે અંતઃસ્ફુરણાની ગુણવત્તા ભિન્ન ભિન્ન પ્રકારની હોય છે ખરી?

મૂળમાં તો એમ નથી હોતું. એમાં તો હંમેશાં એવું બને છે કે શુદ્ધ જ્ઞાનના પ્રદેશમાંથી કોઈ વસ્તુ નીચે ઉતરી આવે છે અને મનુષ્યમાં રહેલા સૌથી વધુ ગ્રહણશીલ અને પ્રેરણાને ઝીલવાને માટે સૌથી વધુ લાયક ભાગની અંદર તે પ્રવેશ કરે છે. પરંતુ આ પ્રેરણાઓનો પ્રયોગ કર્મનાં વિવિધ ક્ષેત્રોમાં થઈ શકે છે. એમાં પછી શુદ્ધ જ્ઞાન માટેની, પ્રગતિમાં સહાય કરે તેવી, અને પ્રગતિ કરવાને માટે તમે જે પ્રયત્ન કરી રહ્યા હો તેમાં મદદ કરે તેવી પ્રેરણાઓ હોઈ શકે છે. અને કર્મો કરવા માટેની, તેમજ વ્યવહારુ અને બાહ્ય રીતની સિદ્ધિ પ્રાપ્ત કરવા માટેની પ્રેરણા પણ હોઈ શકે છે. પરંતુ આમાં તો પ્રેરણાની ગુણવત્તા કરતાં તમે પ્રેરણાનો કઈ રીતનો ઉપયોગ કરો છો તેનો પ્રશ્ન રહે છે — પ્રેરણા તો હંમેશાં માનવ ચેતનામાં પ્રવેશ કરવામાં સફળ થતાં એક તેજબિંદુ સરખી હોય છે.

આ તેજબિંદુનું શું કરવું તેનો આધાર માનવની ચેતનાનું વલણ, તેની અપેક્ષા, પરિસ્થિતિ અને સંજોગો ઉપર આધાર રાખે છે. એથી કરીને કાંઈ પ્રેરણાનો તાત્ત્વિક પ્રકાર બદલાતો નથી; કેવળ એને લઈને તમે એનો જે ઉપયોગ કરો છો, એનો જે વ્યવહારિક ઉપયોગ કરો છો, તે વસ્તુ બદલાઈ જાય છે.

કેટલાક પ્રશ્નો અંતઃપ્રેરણા અને સ્વયંપ્રજ્ઞા વચ્ચેના તફાવતને લગતા છે. એ બંને એક જ વસ્તુ નથી. પરંતુ આપણે આગળ વાંચતાં ફરીથી એ વિષય ઉપર આવીશું અને શ્રી અરવિંદ પોતે ક્યી વસ્તુને સ્વયંપ્રજ્ઞા ગણે છે તે મુદ્દા ઉપર પહોંચીશું ત્યારે આપણે એ વિષયની વાત કરીશું.

એક સર્વસામાન્ય અને લગભગ સૌને લાગુ પડે તેવા માર્ગ તરીકે, જો તમારે આ વાંચનનો ખરી રીતનો લાભ ઊઠાવવો હોય, અથવા તો એ રીતે જોતાં, શ્રી અરવિંદના કાંઈ પણ લખાણનો લાભ ઊઠાવવો હોય, તો ઉત્તમમાં ઉત્તમ રીત

આ છે :

તમારી ચારે તરફ ફેલાયેલી ચેતનાને એકઠી કરી લઈને તેને એકાગ્ર કરો અને તમે જે કાંઈ વાંચતા હો તેની ઉપર તમારું ધ્યાન કેન્દ્રિત કરો. એક અમુક ઓછામાં ઓછા પ્રમાણમાં આવશ્યક એવી માનસિક અક્ષુબ્ધતા સ્થાપિત કરો, — જો તમે પૂર્ણ રીતની નીરવતા પ્રાપ્ત કરી શકો તો તો ઘણું સારું, — અને એક એવી માનસિક અવિચલતાએ પહોંચી જાઓ કે જ્યાં તમારું ધ્યાન એક તદ્દન નિસ્પંદ, શાંત, જળની સપાટી જેવું બની ગયું હોય. પછી, જે કાંઈ વંચાય છે તે પેલી સપાટી દ્વારા પ્રવેશ કરીને તમારા સ્વરૂપની અંદર એવી રીતે ઊંડે ઉતરી જાય છે કે જેથી કરીને ત્યાં, એ ઓછામાં ઓછી વિકૃત અવસ્થામાં ઝીલાઈ જાય છે. પાછળથી, કેટલીક વાર ઘણા લાંબા સમય પછી, એ પેલાં ઊંડાણોમાંથી ઉપર આવે છે અને સમજદારીની પૂર્ણ શક્તિ સાથે એ તમારા મસ્તકમાં પ્રગટ થાય છે. ત્યારે એ વસ્તુ કોઈ બહારથી ગ્રહણ કરેલા જ્ઞાન જેવી નથી હોતી પણ પોતે પોતાની અંદર ધારણ કરી રાખેલા પ્રકાશના જેવી હોય છે.

આ રીતે, સમજદારીની શક્તિનું સૌથી ઉચ્ચ સ્વરૂપ પ્રાપ્ત થાય છે. જો તમે વાંચતા હશો ત્યારે તમારું મગજ દોડાદોડ કરતું હશે અને તમે જે કાંઈ વાંચતા હશો તેને તર્કબદ્ધ કરીને, તરત જ સમજી લેવા પ્રયત્ન કરતું હશે, તો તમે એ શબ્દોમાં રહેલ બળ, જ્ઞાન અને સત્યમાંથી પોણા ભાગ કરતાં પણ વધુ તત્ત્વો ગુમાવી બેસશો. અને પ્રશ્નો કરતાં પહેલાં તમે જો જ્ઞાનને પચાવવાની અને આંતર જાગૃતિની આ પ્રક્રિયા સારી પેઠે પૂરી કરી લીધી હશે, તો પછી તમને એમ જણાશે કે તમારે પૂછવા જેવું કાંઈ ખાસ બાકી રહ્યું નથી, કારણ કે ત્યારે પછી તમે જે કાંઈ વાંચ્યું હશે તેને વધુ સારી રીતે સમજી ગયા હશો.

૧૯ સપ્ટેમ્બર, ૧૯૫૮

*

## (૩) હું જ્યારે બોલવા જાઉં છું ત્યારે બુદ્ધિ કહે છે, "હું આ કહીશ;" પણ પ્રભુ મારા મોંમાંથી શબ્દ લઈ લે છે અને હોઠ એવું કંઈક કહે છે કે જે સાંભળીને બુદ્ધિ કાંપી ઉઠે છે.

શ્રી અરવિંદ જ્યારે 'હું' શબ્દ વાપરે છે ત્યારે તેઓ પોતાને વિષે અને પોતાની અનુભૂતિની વાત કરતા હોય છે, આપણને એવું કહેવું બહુ ગમે કે આ

તો પ્રતીક રૂપી ભાષા છે અને ઘણા માણસોને લાગુ પાડી શકાય તેમ છે, પણ કમનસીબે વસ્તુસ્થિતિ એવી જરા પણ નથી.

આપણે બોલતા હોઈએ છીએ ત્યારે જે કહેવા માગતા હોઈએ છીએ તેથી કાંઈ જુદું જ કહેવાઈ જાય છે. એ અનુભવ તો ઘણી વાર થતો રહે છે. પણ એમાં તો ઊલટું બની જતું હોય છે. એટલે કે, તમે તમારી પોતાની અંદર શાંતિથી બેઠેલા હો છો ત્યારે તમારી પાસે જેટલી બુદ્ધિ હોય છે તે બધીને હાજર રાખીને તમે નક્કી કરો છો કે તમે આ વસ્તુ કહેશો કે પેલી અને તે બરાબર બુદ્ધિપૂર્વકની છે કે નહિ. પણ તમે જ્યારે બોલવા લાગો છો ત્યારે ઘણી વાર તમારી અંદરની નીચેની બાજુએથી આવતી શીઘ્ર વૃત્તિઓ, બુદ્ધિ વિનાની લાગણીઓ અને પ્રાણના આઘાત-પ્રત્યાઘાતો તમારી જીભનો કબજો લઈ લે છે અને તમારે જે ન જ બોલવું જોઈએ તેવું બધું તમારી પાસે બોલાવે છે.

અહીં પણ એવી જ બાબત બને છે, પણ મેં કહ્યું તે પ્રમાણે એ ઊલટી રીતની હોય છે. અહીં તમને બુદ્ધિથી નીચલા પ્રદેશની શીઘ્ર વૃત્તિઓ ઉશ્કેરાટ અને આવેશની સ્થિતિમાંથી બોલાવતી નથી. પણ ઊલટું, તમારી પાસે એક ઉપરના પ્રદેશમાંથી પ્રેરણા આવતી હોય છે, બુદ્ધિના કરતાં એક વિશેષ મહાન એવો પ્રકાશ અને જ્ઞાન આવતાં હોય છે. તે આવીને વાણીનો કબજો લઈ લે છે અને તમે કોઈ ભારેમાં ભારે જ્ઞાનવાળી બુદ્ધિમાંથી પણ બોલી શકો નહિ એવી વસ્તુઓ તમારી પાસે બોલાવે છે.

શ્રી અરવિંદ કહે છે કે, 'બુદ્ધિ કાંપી ઊઠે છે,' તે એટલા માટે કે આ ઊર્ધ્વ સત્યો માણસની ભૂમિકા ઉપર હંમેશાં એક વિરોધાભાસ જેવાં લાગતાં હોય છે, એમાં બુદ્ધિથી ઊલટી એવી વસ્તુઓ પ્રગટ થતી હોય છે. આ ઊર્ધ્વ પ્રદેશોમાંથી આવતી વસ્તુઓને સમજવાને બુદ્ધિ અશક્ત હોય છે એવું તો નથી હોતું. પરંતુ આ બધી પ્રગટ થતી વસ્તુઓ બુદ્ધિએ જે વસ્તુઓને સમજી હોય છે તથા સ્વીકારી હોય છે તેના કરતાં હંમેશાં ઘણી ઘણી આગળની વસ્તુઓ હોય છે. આજે જે વસ્તુ માનવની બુદ્ધિને બુદ્ધિ પુરઃસરની લાગતી હોય છે તે ભૂતકાળમાં એક વખતે વિરોધાભાસ જેવી, મૂર્ખ રીતની લાગતી હતી અને સંભવ છે કે, અથવા તો આપણે ખાતરીપૂર્વક કહી શકીએ પણ છીએ કે, અત્યારે આ જે બધી વસ્તુઓ અણધારી રીતે, વિરોધાભાસ જેવી, ક્રાંતિકારક લાગે તેવી પ્રગટ થઈ રહી છે અને જે જોતાં બુદ્ધિ કાંપી ઊઠે છે તે વસ્તુઓ ભવિષ્યમાં એક દિવસે એક ઘણા જ બુદ્ધિપુરઃસરના જ્ઞાન તરીકે ગણાતી થઈ જશે અને એ જ્ઞાન પોતે પણ પાછું બીજી નવી પ્રગટ થનારી વસ્તુઓ આગળ કાંપવા લાગશે.

જગતમાં જે કોઈક તત્ત્વ હંમેશાં ગતિ કરી રહેલું છે, હંમેશાં પ્રગતિ કરી રહેલું છે, પોતાની જાતને હંમેશાં રૂપાંતર આપી રહેલું છે એ તત્ત્વનો ખ્યાલ શ્રી અરવિંદ આપણને આ ટૂંકાં વાક્યોમાં આપવા માગે છે. શ્રી અરવિંદનાં આ વાક્યો સાંભળતાં આ જગત અંગેની આપણી સમજણ ઘડી ભર તો વિચલિત થઈ જાય છે. પણ બુદ્ધિને એ રીતે હચમચાવી આપીને શ્રી અરવિંદ આપણને ઝડપથી આગળ લઈ જાય છે, જગતમાં વ્યક્ત બનેલી તમામ વસ્તુઓ કેવી તો સંપૂર્ણ રીતે સાપેક્ષ છે તેનો ખ્યાલ આપે છે અને આપણને એવો અનુભવ થાય છે કે આ વિશ્વ હંમેશાં કોઈ એક વધુ ઊંચા અને વધુ મહાન સત્ય તરફ કૂચ કરી રહ્યું છે.

આપણે માટે તો જગતનું પરમમાં પરમ સત્ય અત્યારે અતિમાનસ રૂપાંતર તરીકે જ પ્રગટ બની રહેલું છે, અને એ મહા ક્રાંતિને આપણે પૃથ્વી ઉપર સિદ્ધ કરવાની છે. અને માનવજાતિના મોટા ભાગને તો આ ક્રાંતિ જ સૌથી મહાન વસ્તુ છે એવી લાગણી થવી જોઈશે, નહિ તો પછી માનવજાતિ આ ક્રાંતિને સિદ્ધ કરી શકશે નહિ. પરંતુ શ્રી અરવિંદ એ વસ્તુ ભાર દઈને કહેવા માગે છે કે આ પરમ તત્ત્વ પણ હજી એક સાપેક્ષ રીતની જ વસ્તુ છે એ વાત આપણે ભૂલવાની નથી. આ પરમ તત્ત્વનો જે આવિર્ભાવ થશે તે પણ એના કરતાં એક વધુ અનન્ય સ્વરૂપના પરમ તત્ત્વની સરખામણીમાં સાપેક્ષ રીતનો જ આવિર્ભાવ હશે. એ વધુ મહાન એવું પરમ તત્ત્વ તો એક અવ્યક્ત તત્ત્વ છે અને તે હવે પછી પ્રગટ થવાનું છે.

૨૬ સપ્ટેમ્બર, ૧૯૫૮

*

# જ્ઞાની અને દ્રષ્ટા

**(૪) 'હું જ્ઞાની[૧] નથી, કેમકે પ્રભુ મને પોતાના કામ માટે જે જ્ઞાન આપે છે તે સિવાય મારી પાસે બીજું કોઈ જ જ્ઞાન નથી. હું જે જોઉં છું તે બુદ્ધિ છે કે મૂર્ખતા છે તે હું કેવી રીતે જાણવાનો છું? ખરી રીતે તો એ વસ્તુ આ બેમાંથી એકે નથી, કારણ કે મને જે વસ્તુ દેખાઈ રહી છે તે નરી સાચી વસ્તુ છે, એ નથી મૂર્ખતા કે નથી બુદ્ધિ.'**

હું જ્ઞાની નથી.... જ્ઞાની એટલે કે જે જ્ઞાનને માર્ગે આગળ વધવા માગે છે તે. આવો માણસ કેવળ જ્ઞાન દ્વારા જ યોગ સિદ્ધ કરવા માગતો હોય છે, એ કેવળ બુદ્ધિનો માર્ગ લઈને બુદ્ધિથી ઉપર ચાલ્યા જવાનો સંકલ્પ સેવતો હોય છે અને એ રીતે તેને એક એવું જ્ઞાન પ્રાપ્ત કરવું છે કે જે બૌદ્ધિક રીતનું નહિ પણ આધ્યાત્મિક રીતનું જ્ઞાન હશે. અને શ્રી અરવિંદ કહે છે કે, 'હું જ્ઞાની નથી... મારે જ્ઞાન જોઈતું નથી. મેં તો પ્રભુનું કામ કરવા માટે તેમના હાથમાં મારી જાત મૂકી દીધેલી છે. અને એ પ્રભુની કૃપાને લીધે, એ કામ કરવા માટે મારે જે વસ્તુ જાણવાની જરૂર હોય છે તે મને હરેક પળે જણાતી રહે છે.'

આ એક ઘણી વખાણવા જેવી સ્થિતિ છે. એ આત્માની પૂર્ણ શાંતિની અવસ્થા છે. આમાં હવે તમારે મેળવેલા જ્ઞાનનો, જે વસ્તુઓ શીખ્યા પછી તમારે યાદ રાખવાની હોય છે તેવા જ્ઞાનનો મોટો જથ્થો સંચય કરવાની જરૂર રહેતી નથી. તમારે કોઈ કામ કરવાનું આવે, કોઈ ઉપદેશ આપવાનો આવે કે કોઈ પ્રશ્ન ઊભો થાય ત્યારે એ વખતે જરૂરી જ્ઞાન તમારી પાસે હાજર રહે એટલા માટે તમારે મગજને હજારો હજારો વસ્તુઓથી લાદી દેવાની જરૂર હવે રહેતી નથી. હવે મસ્તક શાંત બની ગયું હોય છે, મગજ સ્થિર થઈ ગયું હોય છે. બધું જ કોરું કટ, શાંત, શાંતિમય બની ગયેલું હોય છે. અને જે ક્ષણે જરૂર ઊભી થાય છે ત્યારે, જગતમાં પ્રભુ-કૃપા છે એ હકીકતને લીધે જ, ચેતનામાં પ્રકાશનું એક બિંદુ ટપકી પડે છે અને જે જાણવાનું હોય છે તે જણાઈ આવે છે. હવે આપણે બધું યાદ રાખવાની ચિંતા શા માટે કરવી, આ બધું જ્ઞાન પોતાની પાસે રાખવાનો પ્રયત્ન શા માટે કરવો? જે દિવસે અથવા જે ક્ષણે જ્ઞાનની જરૂર ઊભી થશે ત્યારે તે હંમેશાં મળી રહેવાનું છે. તમે પોતે હરેક પળે એક કોરા પૃષ્ઠ જેવા

---

૧. વ્યક્તિ કે જે જ્ઞાન માર્ગને અનુસરે છે કે તે ભક્તિ માર્ગ અને કર્મના રસ્તાથી વિરૂધ્ધ છે.

રહો છો અને જે વસ્તુ જાણવાની હોય છે તે તેના ઉપર લખી દેવાય છે — એક પૂર્ણ ગ્રહણશીલતાની શાંતિમાં, સ્વસ્થતામાં અને નીરવતામાં આ બનતું રહે છે.

તમારે જે જાણવાની જરૂર હોય છે તે તમે જાણતા થાઓ છો, જે જોવાની જરૂર હોય છે તે તમે જોતા થાઓ છો. અને આ જાણવાની અને જોવાની વસ્તુ સીધી પરમાત્મા તરફથી આવતી હોય છે એટલે તે સ્વયં સત્ય જ હોય છે. અને એ સત્ય માણસની બુદ્ધિના ખ્યાલોથી કે મૂર્ખતાથી તદ્દન પરા કોટિનું હોય છે. જે વસ્તુ સાચ્ચે છે તે સાચી છે — બસ એટલું જ. એ વસ્તુ મૂર્ખતા છે કે બુદ્ધિ પ્રમાણેની છે એ પ્રશ્ન પૂછવા માટે તમારે ખૂબ ખૂબ નીચે ઊતરી આવવાનું રહે છે.

એક નીરવતા અને એક વિનમ્ર, નિરહંકારી, ધ્યાનબદ્ધ, ગ્રહણશીલ અવસ્થા. પોતાની જાતનું પ્રદર્શન કરવાની કે પોતે બની રહેવાની પણ કશી જ ચિંતા નહિ — કારણ પોતે તો સીધેસીધું કશું છે જ નહિ, એ પોતે કશું જાણતું નથી, પણ દરેક વસ્તુને ઝીલવા માટે તથા બીજાઓને તે પહોંચાડવા માટે તે તૈયાર હોય છે.

પહેલી શરત છે પોતાની જાતને ભૂલી જવી, પૂર્ણ આત્મ-સમર્પણ, અહંનો અભાવ. અને શરીર પરમાત્માને કહે છે, 'તમે મને જે બનાવવા માગશો તે હું બનીશ. તમે મને જે જ્ઞાન આપવા માગશો તે હું લઈશ, તમે મારી પાસે જે કરાવવા માગશો તે હું કરીશ.'

૩ ઑક્ટોબર, ૧૯૫૮

*

**(૫) માનવજાતિને જો સહેજ જ ઝાંખી થઈ આવે કે આપણે આપણા પશુ રીતના વિકાસક્રમમાં જે અનેક પ્રદેશોને હજી જીતી શક્યા નથી એ પ્રદેશોમાં કેટલા બધા તો અનંત આનંદો, કેટલી બધી પૂર્ણ શક્તિઓ, સહજ જ્ઞાનના કેવા તો તેજોમય વિસ્તારો, આપણા સ્વરૂપની કેવી કેવી તો વિશાળ શાંત અવસ્થાઓ આપણી રાહ જોતાં આવી રહેલાં છે, તો લોકો પોતાનું સર્વસ્વ છોડી દઈને જ નીકળી પડે અને આ રત્નભંડારોને મેળવી લે નહિ ત્યાં સુધી કદી ઝંપે જ નહિ. પરંતુ માર્ગ સાંકડો છે, બારણાં ખોલવાં ઘણાં કઠણ છે, અને ભય, અવિશ્વાસ, શંકાશીલતા, કુદરતના એ ચોકીદારો**

**ત્યાં પહેરો ભરતા ખડા છે અને આપણે જીવનના સામાન્ય ગોચરાઓમાં ચરવાનું પડતું મૂકી ત્યાંથી આપણાં કદમ ફેરવી લઈએ એની આપણને મનાઈ કરી રહ્યા છે.**

શ્રી અરવિંદે અહીં 'સહેજ જ ઝાંખી થઈ આવે' એવા શબ્દો વાપર્યા છે એનો અર્થ છે 'પૂર્ણ દર્શન થવું પણ તે થોડીક વારને માટે.' આ બધી વસ્તુઓનું તમને સતત દર્શન થતું રહે તો તમારે આપોઆપ એ માર્ગ લેવો જ પડે એ દેખીતી વાત છે. પણ તો એ વાત પણ એટલી જ નક્કી છે કે તમને એક ખંડિત ઝાંખી થાય તો તે પણ પૂરતું ન ગણાય. એવી ઝાંખીમાં એટલું બળ નથી હોતું કે તમારે સાધના કરવી જ પડે.

પણ તમને જો પૂર્ણ દર્શન થઈ જાય, પછી તે ભલે ગમે તેટલું ટૂંકું હોય તો પણ, એ પછી તમે સાક્ષાત્કાર પ્રાપ્ત કરવા જે પ્રયત્નની જરૂર રહે છે તે કરવાની લાલચને રોકી શકતા નથી. પણ ખરી રીતે વાત એ છે કે આવું પૂર્ણ દર્શન થવું ઘણું વિરલ છે. એટલે જ શ્રી અરવિંદ કહે છે કે, 'જો માનવજાતિને સહેજ જ....'

સાચું કહીએ તો, જે લોકો તૈયાર હોય છે, જેમના ભાગ્યમાં સાક્ષાત્કાર અવશ્ય લખાયેલો જ હોય છે, તેવા માણસોને તેમના જીવનની અમુક ક્ષણે, આ સાક્ષાત્કાર તે શું હોય છે તેનો અનુભવ થોડી ક્ષણો માટે પણ મળે જ છે. આવું ન બને એ ભાગ્યે જ બને છે.

પરંતુ આવા માણસોને પણ, જે લોકોનું ભાવિ ચોક્કસ અને નક્કી થઈ ગયું હોય છે તેવાઓને પણ, કોઈ એક વસ્તુની સામે તો એક ભયંકર અને જિદ્દી જંગ ખેલવાનો રહે જ છે. એ વસ્તુ છે ભય, જીવનમાં શું બનશે એનો ડર. આ ભય આપણે શ્વાસ લેતા હોઈએ છીએ તેની સાથે સાથે જ આપણામાં દાખલ થઈ જતો લાગે છે. એ ભય સાવ સમજણ વિનાનો હોય છે. કારણ કે છેવટે જુઓ તો જગતમાં દરેક માણસનું ભાવિ એકસરખું જ રહેલું છે. માણસ જન્મે છે, જીવે છે — વત્તીઓછી સારી રીતે — અને પછી મરી જાય છે. અને પછી વળી થોડીઘણી રાહ જોઈ લઈને ફરી વાર પાછો જન્મ લેવો, ફરી વાર પાછું જીવવું — વત્તીઓછી સારી રીતે — અને વળી પાછું મરણ પામવું, અને એમ તમે આ બધાથી ધરાઈ જવાને માટે તૈયાર ન થાઓ ત્યાં સુધી આ બધું અનંત કાળ લગી ચાલ્યા જ કરે છે.

અને આ ભય શાનો હોય છે? ચાલુ ચીલામાંથી બહાર નીકળી જવાનો? મુક્ત થઈ જવાનો? વધારે વાર કેદમાં નહિ રહેવાનો?

અને પછી જો તમારામાં આ ભયને જીતી લેવા જેટલી હિંમત હશે તો તમે તમારી જાતને કહી દેશો, 'ભલે જે થવાનું હોય તે થાઓ!' પણ તમને તમારા પોતાના ઉપર વિશ્વાસ હોતો નથી. તમે તમારી જાતને પ્રશ્ન કરતા રહો છો કે, 'આ બધું શું બુદ્ધિમાં ઊતરે તેવું છે, સાચું છે? આ બધું શું નરી ભ્રાંતિ જ નથી? મગજ બહેર તો મારી ગયું નથી ને? આના જેવી બીજી કોઈ વસ્તુ હોય છે ખરી?' અને ધ્યાન રાખો કે, આ અવિશ્વાસ તદ્દન અક્કલ વિનાનો લાગે છે છતાં તે અત્યંત બુદ્ધિશાળી માણસોમાં, જે લોકોને વારંવાર અને ખાતરીદાયક અનુભવો મળેલા છે તેમનામાં પણ જોવા મળે છે — અરે, આ અવિશ્વાસ તો એવી વસ્તુ છે કે તે તમે જે ખોરાક લેતા હો છો તેની સાથે જ તમારામાં આવી જતો હોય છે, તમે શ્વાસ લેતા હો છો તેની સાથે તમારામાં સરી આવતો હોય છે, તમે બીજા માણસોને મળતા હો છો અને તે તમારામાં દાખલ થઈ જતો હોય છે.

અને તમે આ બે વિઘ્નો જીતી લીધાં હશે, તમને થતા અનુભવો એટલા તો જોરદાર હશે કે તેમાં પછી કોઈ શંકા રહેવા જ ન પામે, શંકા થવી અશક્ય જ બની જાય — શંકા કરવી એટલે જાણે પોતાના જીવન વિશે જ શંકા કરવી એના જેવું થાય — ત્યાર પછી પણ આ એક બીજી ચીજ રહી જતી હોય છે. એ એક ભયાનક, ક્ષુદ્ર, શુષ્ક, એસિડ જેવી હોય છે. એનું નામ છે શંકાખોરી–સંશયશીલતા. અને આ શંકાખોરીનું આસન હોય છે માનવનું અભિમાન, એટલા જ કારણે એ આટલું બધું ટકી રહેતી હોય છે. માણસને પોતે આ બધી વસ્તુઓથી પર છે એમ માનવાનું ગમે છે. 'અરે! હું પોતે તો કંઈ આવી જાળમાં સપડાઉં જ નહિ! હું તો સમજદાર માણસ છું. હું તો બધું વ્યવહારુ દૃષ્ટિથી જોઉં છું. મને કોઈ છેતરી શકે તેમ નથી!' આ માનસ ચીતરી ચડે તેવું છે! ગંદું છે! એ જોખમકારક છે.

તમે ખૂબ ઉત્સાહથી ભરેલી સ્થિતિમાં હો, તમે કોઈ અસાધારણ, અતિ અદ્‌ભુત અનુભૂતિમાં ડૂબેલા હો, ત્યારે પણ આ વસ્તુ, આ કદરૂપી, ચીટકણી, ઘૃણોત્પાદક વસ્તુ નીચેની બાજુએથી ઉપર ચડી આવે છે. હા, તમારી આવી અદ્‌ભુત સ્થિતિમાં પણ તે ઉપર ચડી આવે છે અને બધું બગાડી મૂકે છે.

આ શંકાખોરીને જીતવા માટે તમારે એક પ્રચંડ યોદ્ધા બનવાનું રહે છે. આમાં તમારે પ્રકૃતિનાં તમામ અજ્ઞાનો સામે, પ્રકૃતિની તમામ દુષ્ટતાઓ સામે તેનાં આકર્ષણો સામે જંગ ખેલવાનો રહે છે.

અને પ્રકૃતિ આમ શા માટે કરતી હશે? એ જાણે કે તેના પોતાના જ લક્ષ્યથી ઊલટી દિશામાં જતી લાગે છે. પણ આ વસ્તુ મેં તમને ઘણીવાર સમજાવેલી

છે. પ્રકૃતિ પોતે બહુ સારી રીતે જાણતી હોય છે કે પોતે કઈ વસ્તુ તરફ જઈ રહેલી છે, એ લક્ષ્ય તે શું છે અને એ લક્ષ્ય તેને પ્રાપ્ત કરવું હોય છે, પણ.... એની પોતાની રીતે. એને એમ નથી થતું કે પોતે વખત બગાડી રહી છે. એની આગળ તો આખીયે શાશ્વતી પડેલી છે. એને પોતાની મરજી મુજબ પોતાને રસ્તે જવું હોય છે, મન ફાવે તેટલા આડાઅવળા રસ્તા લેવા હોય છે. એ તો રસ્તે જતાં જતાં પાછી ફરી જાય છે, સીધો રસ્તો મૂકી દૂર ચાલી જાય છે, એકની એક વસ્તુ ફરી ફરીને કરતી રહે છે, અને એમ કરીએ તો શું થાય તે તે જોવા માગતી હોય છે. અને આમાં પછી એને જગતના જે બુદ્ધિવાળા અને ગરમ સ્વભાવના માણસો છે, જેમને એકદમ લક્ષ્યમાં પહોંચી જવું હોય છે, બને તેટલી ઝડપથી પહોંચી જવું હોય છે, જે લોકો સત્ય, પ્રકાશ, સૌંદર્ય, આનંદ મેળવવાને આતુર બની ગયા હોય છે...એ બધા એને બહુ જ કંટાળો આપતા હોય છે. એ લોકો એના ઉપર દબાણ મૂકતા રહે છે, કહેતા રહે છે કે કુદરત તો વખત બગાડી રહી છે. કુદરતનો વખત! અને એ હંમેશાં જવાબ આપતી હોય છે, ‘પણ મારી પાસે તો શાશ્વતી પડેલી છે. ઉતાવળ કરવાની હોય તો મારે છે. પણ તમે શા માટે ઉતાવળા થઈ રહ્યા છો?’ અને એક સ્મિત કરીને તે તેમને પાછી કહે છે, ‘તમે જે રીતના માણસો છો તે જ રીતની તમારી ઉતાવળ છે. તમારી જાતને વિશાળ કરી લો, અનંત બની જાઓ, શાશ્વત બની જાઓ અને તમને કદી ઉતાવળ થશે નહિ.’

આમ કુદરતને તો પોતાને રસ્તે જતાં જતાં આવી મઝા પડે છે, પણ આ સ્થિતિ કંઈ દરેકને મઝા રૂપ બને છે એમ નથી હોતું.

તમે જ્યારે બધું એક ઘણી ઊંચી સ્થિતિમાંથી, ખૂબ દૂર દૂરથી જોવા લાગો છો, તમને જ્યારે વિશાળ વસ્તુઓનું, લગભગ અનંત રીતની વસ્તુઓનું દર્શન થાય છે ત્યારે આવું થાય છે. એ વખતે પછી માણસને કનડી રહેલી, પીડા કરી રહેલી, બધી જ વસ્તુઓ ચાલી જાય છે. અને જગતના જે ઘણા શાણા લોકો હોય છે, એક મહા ઉચ્ચ જ્ઞાન મેળવવા માટે જેમણે જીવનનો ત્યાગ કરી દીધેલો છે તેવા લોકો સહેજ હસીને તમને પછી કહે છે, ‘શા માટે દુઃખી થાઓ છે? આ વસ્તુમાંથી બહાર નીકળી જાઓ, અને તમારે કશું જ દુઃખ રહેશે નહિ!’ આ બધું વ્યક્તિગત રીતે તો બરાબર જ છે. પણ છેવટે જતાં આપણે જ્યારે બીજાઓનો વિચાર કરીએ છીએ ત્યારે એમ થાય છે કે આ હાસ્યરસનું નાટક, કંઈક કરુણ રસથી મિશ્રિત એવું આ ફારસ, જેટલું વહેલું પૂરું થાય તેટલું સારું. અને તમને જો ગોચરમાં રહેતાં પશુના જેવું જીવન જીવવામાં કંટાળો આવતો હોય, ઘાસના એક તણખલા પરથી બીજા તણખલા પર ભમ્યે જવામાં કંટાળો આવતો હોય, તમે

જે કંઈ વસ્તુ મેળવી હોય તેને એક ખૂણામાં બેસીને વાગોળ્યા કરવાનો કંટાળો આવતો હોય, જીવનની ક્ષિતિજોને ઘણી મર્યાદિત જોઈને કંટાળો આવતો હોય અને જીવનના સર્વ અદ્‌ભુત આનંદો તો હજી તમને મળ્યા જ નથી એમ જો તમને લાગી આવે તો આ પ્રમાણે નાટક પૂરું કરી દેવાનું તમને થાય તો તે તદ્દન વાજબી જ લેખાય.

આપણે આ રીતના છીએ એથી કુદરતને કદાચ મજા પડતી હશે. પરંતુ આપણે માટે તો હવે આ બહુ થઈ ગયું છે, આપણે બીજાું કંઈક બનવા માગીએ છીએ.

વાત એ જ છે. માણસને જ્યારે આ બધી વસ્તુઓથી તૃપ્તિ થઈ જાય છે, એને જ્યારે બીજું કંઈક બનવાની ઇચ્છા થાય છે ત્યારે પછી આ ત્રણ મહા શત્રુઓ — ભય, શંકા અને સંશયશીલતાને જીતી લેવા માટેની હિંમત, બળ મળી આવે છે, એક વિજયની શક્યતા રચાય છે. પણ હું ફરીથી કહું છું કે આમાં તમે એક શુભ દિવસે આસન લગાવીને બેસી જાઓ, તમે પોતે જે સ્થિતિમાં છો તે ઉપર નજર નાખી લો અને આ વસ્તુઓ સામેનો જંગ તમારી અંદર એકસામટો ખેલી નાખો એટલું બસ નથી. આ વસ્તુ તમારામાંથી ચાલી ગઈ છે કે નહિ એની પૂરી ખાતરી કરી લેવા માટે તો તમારે આ સાધના ફરી ફરીને કરતી રહેવી પડશે, અને જાણે કે લગભગ અનંત કાળ લગી તે ચાલુ રાખવી પડશે. ખરી વાત તો એ છે કે, માણસ સાચી રીતે તો કદાચ કદી પણ મુક્ત હોતો નથી. પણ એક વખત એવો આવે છે ખરો કે જ્યારે એ પોતાની અંદર એવો તો જુદી રીતનો બની ગયો હોય છે કે આ વસ્તુઓ તેને સ્પર્શ કરી શકતી નથી. તમે આ બધું જોતા રહો છો, પણ તે એક સ્મિતપૂર્વક જોતા રહો છો. અને તમારા તરફથી એક સાદી ક્રિયા પણ એ વસ્તુઓને દૂર ધકેલી દે છે. એ વસ્તુઓ જ્યાંથી આવી હોય છે ત્યાં પાછી ચાલી જાય છે. અને તે વખતે તેમનામાં કદાચ થોડો ફેરફાર થયેલો હોય છે, એ ઓછી બળવાન, ઓછી જિદ્દી અને ઓછી આક્રમણકારક બનેલી હોય છે. અને એમ કરતાં કરતાં પ્રકાશ એટલો તો બળવાન બની રહે છે કે તમામ અંધકાર ચાલ્યો જાય છે.

શ્રી અરવિંદ જે આશ્ચર્યોની વાત કરે છે એનું વર્ણન તો ન કરીએ એ જ વધુ સારું રહેશે. કારણ કે, આ આશ્ચર્યોનો અનુભવ દરેક જણને તેની પોતાની રીતે થતો હોય છે, દરેક જણ પોતાની રીતે એમને જોતું હોય છે, પોતાની રીતે એની અનુભૂતિ મેળવતું હોય છે, — અને એ જ વસ્તુ એ માણસને માટે સારામાં સારી હોય છે. તમારે બીજા માણસના રસ્તે ચાલવાનું નથી, તમારે તમારો પોતાનો

માર્ગ જ કંડારી લેવો જોઈએ. અને એમ કરો ત્યારે પછી આ અનુભૂતિ એનું પૂર્ણ સ્વરૂપ ધારણ કરે છે, અને અમૂલ્ય કિંમત તમને મળી રહે છે.

અને ઉપસંહાર રૂપે હવે હું એટલું જ કહીશ કે તમને સૌને આ અનુભવો મળી રહો. આ માટે તમારે શ્રદ્ધા રાખવી પડશે, વિશ્વાસ રાખવો પડશે, ખૂબ ખૂબ નમ્રતા અને ઘણી ઘણી શુભેચ્છા રાખવી જોઈશે.

તમારી જાતને ખુલ્લી કરો, અભીપ્સા રાખો અને રાહ જુઓ. એ વસ્તુ તમને જરૂર મળી આવશે. પ્રભુની કૃપા છે જ, અને તે પોતે સૌ કોઈને માટે કામ કરી શકે એથી વિશેષ કાંઈ માગતી નથી.

૧૦ ઑક્ટોબર, ૧૯૫૮

*

**(૬) થોડા વખત ઉપર મને ખબર પડી કે બુદ્ધિનું જ્યારે મરણ થયું ત્યારે જ્ઞાનનો જન્મ થયો હતો. એ મુક્તિ પહેલાં મારી પાસે માત્ર વિદ્યા જ હતી.**

મારે તમને ફરીથી કહેવું જોઈશે કે શ્રી અરવિંદે આ સૂત્રોને આવું વિરોધાભાસવાળું સ્વરૂપ જાણીકરીને આપેલું છે. આ રીતે તેઓ મનને થોડુંક હચમચાવી આપે છે, એને સહેજ જાગૃત કરી આપે છે અને એમ કરી એ સમજવાનો પ્રયત્ન કરતું થાય એમ કરે છે. સૂત્રનો તમારે શબ્દશઃ અર્થ કરવાનો નથી. આપણે જ્ઞાની થઈએ તે પહેલાં આપણી બુદ્ધિ ચાલી જવી જ જોઈએ આવી વાત સાંભળી કેટલાક ચિંતામાં પડી જાય છે. પરંતુ વસ્તુસ્થિતિ એ પ્રમાણે નથી, ના, એવી જરા પણ નહિ.

વાત એટલી જ છે કે બુદ્ધિ એ સૌથી ઊંચું શિખર છે, પણ એ જ રાજા છે એમ થવા દેવાનું નથી.

માણસને જ્ઞાન જેવું કંઈ પ્રાપ્ત થાય તે પહેલાં, ઘણા લાંબા સમય સુધી, બુદ્ધિ જ તેના જીવનમાં રાજા તરીકે રહેવી જોઈએ. નહિ તો પછી તમે તમારી વૃત્તિઓ, તરંગો અને ઊર્મિલ કલ્પનાઓના હાથમાં રમકડું બની રહો છો. આ બધાં ઘણે ભાગે તો કશા પણ કાબૂ વિનાનાં સ્વચ્છંદી જ હોય છે. એમના હાથમાં જ તમે જો સપડાયેલા રહો તો તમે સાચા જ્ઞાનથી દૂર ચાલ્યા જાઓ છો. એટલું જ નહિ, પણ એક સારા વર્તન માટે જે સામાન્ય જ્ઞાનની જરૂર રહે છે તેનાથી

પણ દૂર દૂર ચાલી જવાનું જોખમ તમારે માથે રહે છે. સામાન્ય રીતના માણસની ચેતનામાં તો બુદ્ધિ એ જ એનું ઊંચામાં ઊંચું શિખર છે. એ બુદ્ધિની મદદ લઈને માણસે પોતાના સ્વરૂપમાં રહેલાં નીચલાં તત્ત્વો ઉપર કાબૂ મેળવવાનો રહે છે. એ વિજય મેળવ્યા પછી તમારે જો એ બિંદુએથી આગળ જવું હશે, તમારે સામાન્ય જીવનમાંથી, સામાન્ય ચિત્તમાંથી, વસ્તુઓને જોવાની સામાન્ય દૃષ્ટિમાંથી મુક્ત થઈ જવું હશે તો, હું એમ કહું કે, એ માટે તમારે બુદ્ધિના મસ્તક ઉપર ખૂબ ઊંચે ઊંચે થઈને જવું પડશે. તમારે બુદ્ધિનો તિરસ્કાર કરી તેને પગ હેઠળ કચડી નાખવાની નથી. પણ તમારે જો વધુ ઊંચે ચડવું હોય, એનાથી પર થઈ જવું હોય, તો તે માટે તેનો એક પગથિયા તરીકે ઉપયોગ કરી લેવાનો છે. એ રીતે તમે પછી કોઈક એવી વસ્તુમાં પહોંચો છો કે જે બુદ્ધિની આજ્ઞાઓની બહુ પરવા કરતી નથી હોતી. એ વસ્તુ પોતે નિરાંતે બુદ્ધિ-વિરૂદ્ધનાં કાર્યો કરી શકે છે. કેમકે એ પોતે એક ઉચ્ચ પ્રકારની અતિબુદ્ધિ છે. એની પાસે એક ઊર્ધ્વ પ્રકાશ છે, સામાન્ય ચેતનાથી ઉપરની એવી કોઈક વસ્તુ છે. અને એ વસ્તુને ઊર્ધ્વમાંથી, ઘણે ઘણે ઊર્ધ્વમાંથી, દિવ્ય જ્ઞાનમાંથી પ્રેરણાઓ મળતી રહેતી હોય છે.

આ સૂત્રનો અર્થ આ થાય છે.

શ્રી અરવિંદ અહીં જે વિદ્યાની વાત કરે છે તે સામાન્ય રીતનું જ્ઞાન છે. એ તાદાત્મ્ય દ્વારા મળતું જ્ઞાન નથી. માણસ બુદ્ધિ દ્વારા, વિચાર દ્વારા, સામાન્ય સાધનો દ્વારા જે જ્ઞાન મેળવી શકે છે એ રીતનું જ્ઞાન હોય છે.

પણ તમને ફરી એક વાર કહી દઉં છું કે — અને આ પછીનાં બીજાં સૂત્રોમાં પણ આપણે આ વિષયનો વિચાર કરવાનો આવવાનો છે — તમે બુદ્ધિ છોડી દેશો એટલે એકદમ જ્ઞાનમાં પહોંચી જશો એમ માની લઈને બુદ્ધિનો ત્યાગ કરી દેવાની ઉતાવળ ના કરશો. તમને જ્ઞાનમાં પ્રવેશ મળી શકે તે પહેલાં તમારે તે માટે તૈયારી કરવાની રહે છે. એવી તૈયારી વિના તમે જો બુદ્ધિનો ત્યાગ કરી દેશો તો તમે અ — બુદ્ધિમાં ગબડી જવાના, અને એ સ્થિતિ તો ભયંકર છે એમ જરા કહેવું પડશે.

શ્રી અરવિંદ પોતાનાં લખાણોમાં, અને ખાસ કરીને 'યોગ સમન્વય' માં, આપણને કેટલાક માણસો અમુક રીતનો જે ખ્યાલ ધરાવતા હોય છે એ ખ્યાલની સામે ઘણીવાર ચેતાવતા રહે છે. આ લોકો એમ માનતા હોય છે કે પોતે પોતાની જાત ઉપર કશો પણ કડક સંયમ રાખ્યા વિના પણ યોગ કરી શકે તેમ છે. એવા માણસો પછી હરેક રીતની પ્રેરણાઓને સાંભળતા રહે છે. અને એ પ્રેરણાઓ તેમને એક જોખમ ભરેલી અસ્થિરતામાં લઈ જાય છે. આ લોકો તો એમ દલીલ

કરતા હોય છે કે અમે તો જગતની સામાન્ય રૂઢિઓમાંથી અને સામાન્ય બુદ્ધિના પ્રદેશમાંથી બહાર નીકળી ગયા છીએ, અમારે હવે એનું કશું બંધન નથી. અને એ બહાના હેઠળ તેઓ પોતાની દબાઈ રહેલી, સંતાઈ રહેલી, ગુપ્ત રહેલી સર્વ ઇચ્છાઓને છૂટી લગામ આપી દે છે.

પણ તમને મુક્તિ તો તમે ખૂબ ઊંચે ચાલ્યા જાઓ, માનવની વાસનાઓથી ઉપર ઘણે ઘણે ઊંચે ચડી જાઓ ત્યાર પછી જ મળી શકે છે. તમે એક ઊર્ધ્વ રીતની અહં વિનાની સ્વતંત્રતા મેળવી લો, અને તમે જ્યારે તમારી સર્વ ઇચ્છાઓ અને વૃત્તિઓનું પૂર્ણ વિસર્જન કરી દીધું હોય ત્યારે જ તમને મુક્ત થવાનો હક્ક મળે છે.

વળી જે લોકો ઘણા બુદ્ધિપ્રધાન હોય છે અને સામાન્ય રીતના સામાજિક નિયમો મુજબનું નૈતિક જીવન ગાળતા હોય છે એવા લોકોએ પણ એમ માની લેવાનું નથી કે પોતે જ્ઞાની થઈ ગયા છે. કારણ કે એમનું જે જ્ઞાન છે એ તો એક ભ્રાંતિ હોય છે, એમાં કશું ઊંડું સત્ય હોતું નથી.

તમારે જો કાયદાઓ તોડવા હોય તો તે માટે તમારે કાયદાઓથી પર થવું પડશે. તમારે જો રૂઢિઓને બાજુએ મૂકી દેવી હશે તો તે માટે તમારે રૂઢિઓથી પર થવું પડશે. તમારે તમામ નિયમો અને ધારાધોરણોને એક નીચલી કક્ષાનાં ગણવાં હશે તો તે માટે તમારે તે બધાથી પર થઈ જવું પડશે. અને આ મુક્તિ તમારે કોઈ સ્વાર્થી કે અંગત હેતુ માટે, કે કોઈ મહત્ત્વાકાંક્ષાને સંતોષવા માટે મેળવવાની નથી. બીજા લોકો કરતાં તમે કોઈ ઉચ્ચ સ્થિતિમાં છો એવું ભાન કેળવીને તમારે પોતાને વિષે અભિમાન વધારવાનું નથી. બીજા લોકો તરફ તિરસ્કાર દર્શાવીને તમે પોતે એ પ્રાકૃત માણસોના ટોળાથી જાણે ઉપર ચડી ગયા છો અને તેમના ઉપર એક કૃપાકટાક્ષ વરસાવી રહ્યા છો એમ તમારે કરવાનું નથી. તમને તમારા માટે આવું શ્રેષ્ઠતાનું ભાન આવી જાય, 'હું કાંઈ આ લોકોના જેવો નથી' એમ કહી તમે બીજાઓ તરફ, મિથ્યાભિમાનમાં આવી જઈને કટાક્ષપૂર્વક નજર નાખવા લાગો, એવી સ્થિતિથી તમે ચેતતા રહેજો. આવું ભાન થતાંની સાથે જ તમારી ગાડી પાટા પરથી ઊતરી ગઈ છે એમ સમજજો અને તમે ખાઈમાં ગબડવાની તૈયારીમાં છો એ ખ્યાલમાં રાખજો.

તમે જ્યારે, શ્રી અરવિંદ જેની વાત અહીં કરી રહ્યા છે તેવા સાચા જ્ઞાનમાં ખરેખરો પ્રવેશ પામો છો ત્યાર પછી કશું જ ઊંચું કે નીચું રહેતું નથી. એ અવસ્થામાં તમને બધું પછી શક્તિઓની લીલા રૂપે જ દેખાવા લાગે છે અને તેમાં દરેક વસ્તુ તેને પોતાને સ્થાને ગોઠવાઈ જાય છે અને તેનું પોતાનું મહત્ત્વ મેળવી

લે છે. આમાં પછી જો કોઈ કક્ષાભેદ રહેતો હોય છે તો તે પ્રભુને કેટલું સમર્પણ કરાયેલું છે તેની રીતનો જ કક્ષાભેદ હોય છે. નીચેના પ્રદેશ કરતાં એ એક ઊંચી અવસ્થાની ભૂમિ છે એવો કોઈ કક્ષાભેદ એમાં હોતો નથી.

અને સમર્પણની ભૂમિકા પરનો કક્ષાભેદ તમને માનવની સમજશક્તિ વડે, માનવ બુદ્ધિ વડે, માનવ જ્ઞાન વડે દેખી શકાવાનો નથી. એ તો જે આત્મા જાગૃત થયેલો હોય છે તે જ બીજા જાગૃત થયેલા આત્માને ઓળખી શકે છે અને એમાં પછી શ્રેષ્ઠતાની કોઈ લાગણી લેશ પણ રહેવા પામતી નથી.

સાચું જ્ઞાન તો જ્યારે અહં ચાલ્યો જાય છે ત્યારે જ મળે છે, અને આ અહંનો લોપ તો તમે જ્યારે તમારી જાતને સંપૂર્ણપણે પ્રભુને સોંપી દેવા તૈયાર બનો છો, અને એમાં પછી કોઈ પણ રીતનો અંગત હેતુ રહેતો નથી, એમાં કશા નફાની આશા રહેતી નથી, એ સમર્પણ કર્યા વિના તમે રહી શકતા નથી એટલે તમે એ સમર્પણ કરો છો એવી સ્થિતિમાં તમે હો છો ત્યારે જ બની આવે છે.

૧૭ ઑક્ટોબર, ૧૯૫૮

*

**(૭) માણસો જેને જ્ઞાન કહે છે એ તો તેમણે ખોટા આભાસોને બુદ્ધિપૂર્વક સ્વીકારી લીધા હોય છે. ખરું જ્ઞાન તો પડદાની પાછળ નજર નાખે છે અને વસ્તુને જુએ છે. બુદ્ધિ તો વિગતોની ચોકસાઈ કરે છે, અને તેમને એકબીજાની સામે મૂકે છે. બુદ્ધિ ભેદ પાડે છે, જ્ઞાન એ ભેદોને એક અનન્ય સંવાદિતામાં મૂકી આપે છે.**

શ્રી અરવિંદ વિદ્યા વિષે, બુદ્ધિ અને જ્ઞાન વિષે જે કાંઈ કહે છે તે આપણને સામાન્ય વિચારોના ચીલામાંથી બહાર કાઢવાને માટે કહેતા હોય છે અને, શક્ય હોય તો, તેઓ બાહ્ય આભાસોની પાછળ જે વાસ્તવિકતા રહેલી છે તેની આપણને એક ઝાંખી કરાવવા ઇચ્છે છે.

સામાન્ય રીતે કહીએ તો, થોડાક વિરલ અપવાદો બાદ કરતાં, બીજા બધા માણસો પોતાની આસપાસમાં, તેમ જ કદીક પોતાની અંદર, જે કાંઈ બનતું હોય છે તેનું જ થોડુંઘણું સાચું એવું અવલોકન કરી લઈને સંતોષ માની લે છે. એ પછી આ બધાં અવલોકનોને તેઓ એક ઉપરછલ્લા તર્કશાસ્ત્રમાંથી રચાયેલી એક કે

બીજી પદ્ધતિ મુજબ જુદા જુદા વર્ગમાં વહેંચી નાખે છે અને આ રીતે જે 'દર્શનો' બંધાય છે, અવલોકનોનું આ જે સંયોજન બને છે એને તેઓ 'જ્ઞાન' કહે છે. એ લોકોને એ વાતનો ખ્યાલ પણ હોતો નથી, એમને આ વસ્તુની સમજ પણ ઊગેલી નથી હોતી કે પોતે આ જે બધી વસ્તુઓને જોઈ રહ્યા છે, અડી રહ્યા છે, જેમને વિશે તેમને સંવેદન અને અનુભવ થઈ રહ્યો છે એ બધું તો ખોટા આભાસો છે, એ કાંઈ વાસ્તવિકતા પોતે જ નથી.

સામાન્ય રીતે તો લોકો હંમેશાં એમ જ દલીલ કરતા રહે છે કે, 'ના, ના, પણ હું તો આ વસ્તુ જોઉં છું, અને અડું છું, મને એનું સંવેદન થાય છે, માટે એ સાચું છે.' પણ માણસે આથી ઊલટું એમ કહેવું જોઈએ કે, 'હું આ વસ્તુને જોઉં છું, અડું છું, એનું મને સંવેદન થાય છે માટે જ એ ખોટું હોવું જોઈએ. આમ આપણે બે સામસામા છેડા ઉપર ઊભા છીએ અને આ બંને એકબીજાને સમજવા માટેનો જાણે કોઈ રસ્તો જ રહેલો નથી.

શ્રી અરવિંદ તો જે જ્ઞાન તાદાત્મ્ય દ્વારા પ્રાપ્ત થતું હોય છે તેને જ માત્ર સાચું જ્ઞાન કહે છે અને માણસને સાચું જ્ઞાન મળ્યા પછી જે અવસ્થા પ્રાપ્ત થાય છે તે હોય છે સમ્યક્ જ્ઞાન. એ વાત શ્રી અરવિંદ અહીં કહે છે : સમ્યક્ જ્ઞાન બાહ્ય દેખાવોના પડદા પાછળ જઈને જુએ છે, પાછળના ભાગમાં રહેલી વાસ્તવિકતાને જુએ છે. અને શ્રી અરવિંદ ભારપૂર્વક એ વાત જણાવે છે કે તમે જ્યારે કોઈ વસ્તુની વ્યાખ્યા આ સપાટી પરના બાહ્ય જ્ઞાન વડે બાંધો છો ત્યારે એ વસ્તુ તમે હંમેશાં વસ્તુઓને એકબીજાની સામે મૂકીને કરેલી હોય છે. તમે જે વસ્તુઓને જોતા હો છો, અનુભવતા હો છો, અડતા હો છો, એનો ખુલાસો તમે હંમેશાં એકબીજાનો વિરોધ બતાવીને કરતા હો છો અને એમાં પછી તમે કશું જ સમજવા પામતા નથી.

બુદ્ધિ વસ્તુઓને હંમેશાં એકબીજાની સામે મૂકતી રહે છે. અને એમાંથી તમને પસંદગી કરવાની ફરજ પાડતી રહે છે. જે લોકો બહુ સ્પષ્ટ વિચારશક્તિ અને બુદ્ધિ ધરાવતા હોય છે તેમને વસ્તુઓ વચ્ચેના સર્વ તફાવતો એકદમ નજરમાં આવી જાય છે. અને આ પણ એક નોંધવા જેવી વસ્તુ છે કે બુદ્ધિ હંમેશાં ભેદ પાડવાની રીતે જ કામ કરે છે. તમને આ વસ્તુ અને પેલી વસ્તુ એ બેનો ભેદ દેખાય છે, એક કર્મ અને બીજા કર્મ વચ્ચેનો, એક પદાર્થ અને બીજા પદાર્થ વચ્ચેનો ભેદ દેખાય છે અને એમાંથી પછી તમે એક નિર્ણય લો છો અને બુદ્ધિ પોતાનું કામ કરે છે.

આવી જ રીતે, જે સાચું જ્ઞાન હોય છે, તાદાત્મ્ય દ્વારા મળતું જ્ઞાન હોય છે

અને તેમાંથી જે સમ્યક્ જ્ઞાન નીપજતું હોય છે તે હંમેશાં જે બિંદુ આગળ વિરોધી દેખાતી વસ્તુઓ સંવાદમાં આવી જતી હોય છે, પૂર્ણ થતી હોય છે, એક સમગ્ર રીતનો, સંપૂર્ણ સુસંગત અને સુયોજિત આકાર લેતી હોય છે તે જ બિંદુને જોતું રહે છે. એમાંથી તો પછી સ્વાભાવિક રીતે જ તમારું આખુંય દૃષ્ટિબિંદુ બદલાઈ જાય છે, તમારું જગતને વિષેનું દર્શન અને વ્યવહારમાં તેનાં જે પરિણામો આવે તે બધું જ બદલાઈ જાય છે.

આમાં સૌથી પહેલી વસ્તુ એ કરવાની છે કે તમે જે કાંઈ કહેતા હો દા. ત. 'દેખાવો તો ખોટા હોય છે,' તો તે તમારે તેને ખૂબ સારી રીતે સમજ્યા વિના, લગભગ યંત્રની માફક તે ફરી ફરીને બોલ્યા કરવું ન જોઈએ. શ્રી અરવિંદે આ વસ્તુ આપણને કહી છે એટલે આપણે તે બોલતા રહીએ છીએ. પણ એમાં આપણે ખરેખરું સમજતા તો કશું જ નથી હોતા. વળી આપણે જ્યારે કોઈક વસ્તુ જાણવા માગતા હોઈએ છીએ ત્યારે એને આપણે જોતા રહીએ છીએ, એનું અવલોકન કરતા રહીએ છીએ, એને અડીએ છીએ, ચાખીએ છીએ, સૂંઘીએ છીએ. આમાં આપણી પાસે અવલોકન માટેનાં આ સિવાય બીજાં સાધનો રહેલાં છે એવું આપણે માનતા નથી. એ તો જ્યારે આપણને ચેતનાની દિશાપલટનો અનુભવ થાય છે, આપણે જ્યારે આ બધી વસ્તુઓની પાછળ ચાલી જઈએ છીએ અને આ બધા આભાસો કેવા તો મિથ્યા છે એ વસ્તુ બહુ જ નક્કર રીતે અનુભવીએ છીએ અને સમજીએ છીએ ત્યારે જ આપણને ખરી સમજ પડવા લાગે છે. આ અનુભવ તમને થાય નહિ ત્યાં સુધી તમે ભલે બધાં જ સૂત્રો વાંચી જાઓ, એમનો ફરી ફરીને પાઠ કરતા રહો, એમને કંઠસ્થ કરી લો, હૃદયમાં શ્રદ્ધા રાખો તોપણ તમને એના તત્ત્વનું દર્શન થશે નહિ, એ વસ્તુ તમારે માટે એક વાસ્તવિકતા બનવાની નથી, એ સ્થિતિમાં પછી બહારના જગત સાથે સંબંધમાં આવવા માટે, એ શું છે તે જાણવા માટે તમારી પાસે સાધન તો માત્ર બહારના આભાસો જ હોય છે. કેટલીક વાર તો વસ્તુઓને તેમના બાહ્ય સ્વરૂપમાં જાણવા માટે તમારે આખું જીવન આપી દેવું પડે છે. અને આ રીતે તમે જ્યારે વસ્તુઓનું વિગતવાર અવલોકન કરો છો, અને તમે જે કંઈ જોયું કે શીખ્યા હો છો તે બધું જો સ્મરણમાં રાખ્યું હોય છે તો એથી તમે ઘણા સુસંસ્કારી માણસ ગણાઓ છો, તમે ઘણા બુદ્ધિશાળી અને જ્ઞાની પુરુષ ગણાઓ છે.

આવી રીતે તમે ખૂબ ખૂબ કામ કર્યું હોય, તો તેથી તમે આ બાહ્ય આભાસો ઉપર કંઈક કામ તો કરી શકો છો, એમાં જરા સરખો ફેરફાર લાવી શકો છો. વિજ્ઞાન તમને જડતત્ત્વની સાથે કામ લેવાની રીત આ પ્રમાણે બતાવે છે. પણ આ

રીતે કશો સાચો ફેરફાર બની આવતો નથી, અને એ શક્તિ સાચી હોતી નથી. અને તમે આ સ્થિતિમાં હો છો ત્યાં સુધી તમને એમ બરાબર લાગતું રહે છે કે તમે તમારું ચારિત્ર્ય બદલવા માટે કશું જ કરી શકો તેમ નથી. તમને લાગે છે કે તમે વિધિના કોઈ ષડ્યંત્રમાં ફસાઈ પડ્યા છો, અને એ યંત્ર તમને ભીંસી રહ્યું છે, અને તે ભીંસ ક્યાંથી અને કેવી રીતે આવે છે એની તમને કશી ખબર પડતી નથી. માણસ આ રીતે જન્મ પામે છે, અમુક સ્થળે અને અમુક પરિસ્થિતિ હેઠળ. એ અમુક રીતનું ચારિત્ર્ય સાથે લઈને જન્મે છે. હવે તમારે આ જીવનમાંથી બને તેટલી સારી રીતે પસાર થઈ જવાનું છે. તમે તમારી આસપાસની પરિસ્થિતિ ઉપર ઝાઝી અસર પાડી શકતા નથી, એની સાથે તો તમારે કંઈક મેળ બેસાડી લઈને કામ ચલાવવાનું છે. તમારા ચારિત્ર્યનું રૂપાંતર કરવાની તો તમારી પાસે કોઈ શક્તિ છે નહિ એટલે એ ચારિત્ર્યને કારણે જે અગવડો ઊભી થતી હોય તેને માત્ર હળવી કરી લેવાનો તમારે પ્રયત્ન કરવાનો છે. તમને લાગે છે કે તમે એક જાળમાં ફસાઈ ગયા છો, તમે કશીક વસ્તુના ગુલામ છો અને એ વસ્તુસ્થિતિ ઉપર તમે આંખ આડા કાન કરતા રહો છો. તમે જાણે કે તમને અજાણી એવી કોઈ પરિસ્થિતિ અને બળોના હાથમાં એક રમકડું બની રહેલા છો, તમને કોઈક સંકલ્પશક્તિ બળાત્કારે કામ કરાવી રહી છે. તમે એને વશ તો થતા નથી, પણ એ તમારી પાસે ફરજિયાત રીતે કામ લે છે. જગતમાં જે મોટામાં મોટા બંડખોર માણસો બનેલા છે તે પણ આમ તો ગુલામો જ હોય છે. કેમકે મુક્ત થવાનો એકમાત્ર રસ્તો તો એક જ છે અને તે એ કે તમારે પરદાથી ઉપર ચાલ્યા જવાનું છે અને ત્યાં ઉપરમાં શું છે તે જોવાનું છે. તમને જ્યારે એ તત્ત્વનાં દર્શન થાય છે, ત્યારે તમે એની સાથે તમારી જાતને એકરૂપ કરી શકો છો અને જ્યારે તમે આવી એકરૂપતા પ્રાપ્ત કરી લો છે ત્યારે તમને સાચા રૂપાંતર માટેની ચાવી મળી આવે છે.

આપણે બધું વાંચીએ છીએ, સમજવાનો પ્રયત્ન કરીએ છીએ, ખુલાસાઓ આપીએ છીએ, જાણવાનો પ્રયત્ન કરીએ છીએ, પણ આપણને સાચા અનુભવની એક મિનિટમાંથી જે જાણવા મળે છે તે કરોડો કરોડો શબ્દોમાંથી અને હજારો હજારો ખુલાસાઓમાંથી મળતું નથી.

આ રીતે હવે પહેલો પ્રશ્ન એ છે કે, 'તો આ અનુભવ કેવી રીતે મેળવવો?'

તમારી ભીતરમાં ચાલ્યા જાઓ, એ છે પહેલું પગથિયું.

અને એક વાર તમે ઠીક ઠીક ઊંડે જવામાં જો સફળ થઈ શકશો અને ત્યાં જે વસ્તુ રહેલી છે તેની વાસ્તવિકતાનો તમને અનુભવ થાય તો તે પછી તમે ક્રમે

ક્રમે, પદ્ધતિપૂર્વક, તમારી જાતનો વિસ્તાર કરતા જાઓ, તમારી જાતને વિશાળ કરતા જાઓ, અને એમાંથી પછી તમે આખાયે વિશ્વ જેટલા વિશાળ બની રહેશો અને મર્યાદાઓના ભાનમાંથી બહાર નીકળી જશો.

આ બે તૈયારી રૂપની પહેલી ક્રિયાઓ છે.

અને એ બે વસ્તુઓને તમારે બને તેટલી ક્ષોભરહિત રીતે, શાંતિ અને સ્વસ્થતાપૂર્વક કરવાની છે. આ શાંતિ, મનમાંની આ સ્વસ્થતા તમને નીરવતા મેળવી આપે છે, પ્રાણમાં સ્થિરતા લાવી આપે છે.

આ પ્રયત્ન, આ સાધના તમારે ઘણી જ નિયમિત રીતે, ઘણી જ ખંતપૂર્વક ફરીફરીને કરતા રહેવાની છે. અને અમુક વખત પછી, પછી એ સમય લાંબો હોય કે ટૂંકો પણ હોય, તમને અત્યારે તમારી સામાન્ય બાહ્ય ચેતનામાં જે વાસ્તવિકતા દેખાય છે તેના કરતાં એક જુદા જ પ્રકારની વાસ્તવિકતાનું દર્શન થવા લાગે છે.

અને પછી પ્રભુ-કૃપાના બળે, સ્વાભાવિક રીતે, એકાએક જ આવરણનું એક આંતરિક રીતે ભેદન થઈ જાય છે, અને તમે તરત જ સાચા સત્યની અંદર પ્રવેશ કરી શકો છો. પરંતુ તમને આ સ્થિતિ પ્રાપ્ત થાય ત્યાર પછી પણ તમારે આ દર્શનનો પૂરેપૂરો લાભ મેળવવો હોય, તેનું સંપૂર્ણ પરિણામ જોઈતું હોય તો તમારે પોતાની જાતને એક આંતરિક ગ્રહણશીલતાની સ્થિતિમાં રાખવી જોઈએ, અને એ સ્થિતિ પ્રાપ્ત કરવા માટે તમારે રોજરોજ ભીતરમાં એક આંતર ગતિ કરવી પડશે.

૨૪ ઑક્ટૉબર, ૧૯૫૮

*

**(૮) તમારી જે માન્યતાઓ છે તે જ માત્ર જ્ઞાન છે અને બીજાઓની માન્યતાઓ તે ભૂલ છે, અજ્ઞાન છે અથવા તો મિથ્યાવાદ છે એમ ન કહેશો. અથવા આમ કરવું હોય તો પછી જગતમાં વિધવિધ સંપ્રદાયોના જે જડ સિદ્ધાંતો છે તેમ જ તેમની જે અસહિષ્ણુતા છે તેના ઉપર તૂટી ન પડશો.**

જગતમાં આવેલા સંપ્રદાયો અને ધર્મો એમ ગણતા હોય છે કે અમારી જે માન્યતાઓ છે તે જ જ્ઞાન છે અને બીજાઓની માન્યતાઓ તે ભૂલ છે, અજ્ઞાન અને મિથ્યાવાદ છે. આને લીધે જ એમનામાં જડ સિદ્ધાંતો બંધાઈ ગયેલા છે

અને અસહિષ્ણુતા આવેલી છે.

આ એક સાદી માનસિક ક્રિયામાંથી જ તેઓ પોતે જે વસ્તુને સાચી માનતા હોય છે તેનો એક અફર સિદ્ધાંત બનાવી લે છે અને બીજા લોકો જે વસ્તુને સાચી માનતા હોય છે તેના ઉપર પ્રહારો કરે છે. આ વાક્યનો અર્થ આ છે. તમારું પોતાનું જ્ઞાન તે જ એક માત્ર સાચું જ્ઞાન છે, તમારી માન્યતા તે જ એકમાત્ર સાચી માન્યતા છે અને બીજાઓની માન્યતા તે સાચી વસ્તુ નથી એમ તમે જો માનવા લાગો તો તે જગતના બધા સંપ્રદાયો અને ધર્મો જે કરી રહ્યા છે તેના જેવું જ બનશે.

એટલે જે વસ્તુ સંપ્રદાયો અને ધર્મો કરી રહ્યા છે તે જ તમે જો કરતા હો તો પછી તેમની મજાક ઉડાવવાનો તમને કોઈ હક્ક રહેતો નથી. અને તમને પોતાને ખબર નથી પડતી છતાં તમે આ જ વસ્તુ કરતા હો છો, કેમકે આ કરવું એ તમને તદ્દન સ્વાભાવિક લાગતું હોય છે. અને શ્રી અરવિંદ તમને આ જ વસ્તુ સમજાવવા માગે છે કે તમે જ્યારે એમ કહો છો કે, 'અમારી પાસે સત્ય છે અને જે વસ્તુ આથી ભિન્ન છે તે અસત્ય છે' (જો કે આટલી કઢંગી રીતે આ વાત રજૂ કરવાની તમે હિંમત ન પણ કરો), ત્યારે જગતના બધા ધર્મો અને સંપ્રદાયો જે વસ્તુ કરી રહેલા છે તે જ તમે કરતા હો છો.

તમે તમારી જાતનું જરા તટસ્થ બનીને અવલોકન કરશો તો તમને જણાઈ આવશે કે તમે પોતે જે કાંઈ શીખ્યા છો અને વિચાર્યું છે, જે જે વસ્તુઓએ તમારા પર એવી અસર પાડી છે કે તે જ ખાસ કરીને સાચી છે તથા પરમ મહત્ત્વની છે એ બધાને તમે આપોઆપ જ, તમારા ધ્યાનમાં પણ ન આવ્યું હોય એ રીતે, જ્ઞાન તરીકે સ્વીકારી લીધેલી છે અને બીજું કોઈ જો એમ કહે કે, 'ના ના, આ વસ્તુ તો આ પ્રમાણે છે, એ રીતે નહિ.' તો તરત જ તેનો વિરોધ કરવા તમે તૈયાર થઈ જતા હો છો.

તમારી જાતનું તમે ઊંડું નિરીક્ષણ કરશો તો આ રીતની અસહિષ્ણુતા કઈ રીતે ઊભી થાય છે તેની આખી પ્રક્રિયા તમને સમજાઈ જશે અને તમે તરત જ બધો નકામો વાદવિવાદ બંધ કરી દઈ શકશો. એટલે આપણે મેં તમને પહેલાં જે વાત કહેલી છે તે ઉપર પાછા આવીએ છીએ. એ વસ્તુ તે એ કે તમે જગતના સત્યની સાથે જે રીતે સંપર્કમાં આવો છો એ તમારો અંગત સંપર્ક હોય છે, અને એ સંપર્ક વત્તાઓછા પ્રમાણમાં સુસ્પષ્ટ, ગહન, વિશાળ તેમજ વિશુદ્ધ રીતનો હોય છે અને એમાંથી તમને, ખાસ કરીને તમને પોતાને જ, એક રસપ્રદ અને કદીક તો નિશ્ચયાત્મક રીતનો અનુભવ પણ મળી આવતો હોય છે. પરંતુ આવી રીતના સંપર્કમાંથી તમને જે એક નિશ્ચયાત્મક મહત્ત્વનો અનુભવ મળ્યો હોય છે

તેથી તમારે એમ માની લેવાનું નથી કે એ એક સર્વસામાન્ય અનુભવ હોય છે. અને એ જ રીતનો સંપર્ક બીજાઓને એ જ રીતનો અનુભવ મેળવી આપશે. તમે જો આ વસ્તુ સમજી લઈ શકો કે આ તો એક કેવળ અંગત રીતની, વ્યક્તિગત, આત્મલક્ષી વસ્તુ જ છે, એ કોઈ અનન્ય અને સર્વવ્યાપક નિયમ નથી, તો પછી તમે બીજાઓના જ્ઞાનનો તિરસ્કાર કરી શક્શો નહિ અથવા તો તમારું જે દૃષ્ટિબિંદુ તેમજ અનુભવ હશે તે બીજાઓના ઉપર લાદવાની ઇચ્છા તમને થશે નહિ. અને આ રીતે તમે તમામ માનસિક ઝગડાઓ, કે જે હંમેશાં સાવ નકામા જ હોય છે તે ટાળી દઈ શકશો.

આમાંનું પહેલું વાક્ય તો એક સલાહ રૂપે લઈ શકાય તેવું દેખાય છે. પરંતુ શ્રી અરવિંદે એને એ અર્થમાં લખેલું નથી. એ વાક્ય તો તમે પોતે જે ભૂલ કરી રહ્યા છો અને બીજાઓ તે ભૂલ કરે છે ત્યારે તેમને દોષ દેવા નીકળો છો એ ભૂલ વિષે તમને સભાન કરવાને માટે શ્રી અરવિંદે લખેલું છે.

માત્ર આ જ એક બાબતમાં નહિ પણ જીવનની બધી જ વસ્તુઓમાં લોકોને આમ કરવાની ટેવ પડી ગયેલી છે. એ વસ્તુ તો ખૂબ જ ધ્યાન ખેંચે તેવી છે કે તમારામાં જો કોઈ નિર્બળતા હોય છે, કોઈ હાંસીપાત્ર વસ્તુ, કોઈ ખામી કે અપૂર્ણતા હોય છે, અને કુદરતી રીતે દરેકમાં આવું કંઈ ને કંઈ તો હોય છે જ, તો તમે એ વસ્તુને બિલકુલ સ્વાભાવિક જ ગણી લો છો, તમને તેથી કશો આઘાત નથી થતો. પણ જે ક્ષણે તમને એ જ નિર્બળતા, એ જ અપૂર્ણતા, એ જ હાંસીપાત્ર વસ્તુ બીજા માણસમાં જોવા મળે છે ત્યારે તમને તે જોઈ બહુ જ આઘાત લાગે છે અને તમે બોલી ઊઠો છોઃ 'અરે, આમ કેમ, આ તો આવો છે!' પણ તમે એ વાત જોતા નથી કે તમે પોતે પણ 'આવા' જ છો. અને પછી તમારી આ જે નિર્બળતા અને અપૂર્ણતા હોય છે એમાં તમે એક હાસ્યજનક વસ્તુ એ ઉમેરો છો કે તમને પોતાને આ બધું કશું દેખાતું નથી.

તો આમાંથી શીખવાનો પાઠ તે આ છેઃ બીજા માણસમાં તમને જ્યારે કોઈ અનિષ્ટ અથવા તો હાંસીપાત્ર વસ્તુ નજરે પડે અને — 'અરે આમ કેમ! એ તો આવો છે, આવી રીતે વર્તે છે, આવી વાતો કરે છે, આવું આવું કરે છે' — આમ તમને થાય ત્યારે તમારી પોતાની જાતને કહેજોઃ 'હા હા, હું પોતે પણ કદાચ, મને ખબર ન હોય તેવી રીતે, આ જ વસ્તુ કરતો હોઈશ. બીજા માણસની ટીકા કરતા પહેલાં પ્રથમ તો મારે મારી પોતાની અંદર જ નજર નાખી લેવી ઠીક રહેશે. બીજા કરે છે તેવી જ ભૂલ હું પોતે પણ, થોડા ઘણા ફેરફાર સાથે, કરી રહ્યો નથી ને એની મારે ખાતરી કરી લેવી જોઈએ.' અને જ્યારે જ્યારે તમને બીજા માણસના

વર્તનથી આઘાત લાગે ત્યારે ત્યારે તમે દરેક વખતે આ પ્રમાણે કરી શકો એટલી સાચી સમજ અને બુદ્ધિ તમારામાં હશે તો તમને જણાશે કે જગતમાં તમારે લોકો સાથેના જે જે સંબંધો છે તે બધા જાણે કે તમારી આગળ ધરવામાં આવેલા એક દર્પણ જેવા છે, એ દર્પણમાં આપણને આપણી અંદર રહેલી નબળાઈઓ સહેલાઈથી અને સ્પષ્ટ રીતે જોવા મળી શકે છે.

અને એ વાત સામાન્ય રીતે અથવા કહો કે લગભગ સોએ સો ટકા સાચી છે કે બીજાઓમાં રહેલી જે વસ્તુ તમને આઘાત આપતી હોય છે તે જ વસ્તુ તમારી પોતાની અંદર, વત્તાઓછા ગુપ્ત રૂપે, આવી રહેલી હોય છે. કદાચ એનો દેખાવ થોડો જુદો હશે અને તેથી તમે તમારે પોતાને વિષે ભ્રમમાં રહી જતા હશો. એ વસ્તુ તમારી પોતાની અંદર હોય છે ત્યારે તમને કશો આઘાત કરતી નથી, પણ બીજાઓમાં એ દેખાય છે કે તરત જ તે એક રાક્ષસી કદની બની જાય છે.

આ પ્રયોગ કરી જોજો. તમને એથી ઘણી મદદ મળશે, ઘણી ઘણી, અને સાથે સાથે તમારા બીજા લોકો સાથેના સંબંધોને તમે એક સ્મિતપૂર્વક સહી લેતાં શીખશો, તેમના પ્રત્યે તમારામાં જ્ઞાનમાંથી જન્મતી એક શુભેચ્છા પ્રગટશે અને એથી તદ્દન નકામી રીતે ઊભા થતા ઝઘડાઓ ઘણીવાર બંધ થઈ જશે.

તમે કાંઈ પણ તકરાર કર્યા વિના જીવી શકો છો. આ કહેવું એ જરા હાસ્ય ઉપજાવે એવું છે. જગત જે રીતે ગોઠવાયેલું છે એ જોતાં તો એમ જ લાગે છે કે જીવન જાણે તકરારોને માટે જ નિર્માયેલું છે. એટલે કે, માણસોને જ્યારે કોઈની સાથે રહેવાનું બનતું હોય છે ત્યારે તેમની મુખ્ય પ્રવૃત્તિ તે, ખુલ્લી રીતે કે ગુપ્ત રીતે, તકરાર કરવી એ જ બની રહેતી જાય છે. બેશક, તમે હંમેશાં વાગ્યુદ્ધ તો નથી જ કરતા, અથવા તો સદ્‌ભાગ્યે મારામારી પણ નથી કરતા, પણ તમારી એક સતત ઉદ્વેગની અવસ્થા રહેતી હોય છે. તમે પોતે જે પૂર્ણતા મેળવવા માગતા હો છો તે તમને તમારી આસપાસની પરિસ્થિતિમાં જોવા મળતી નથી. એ પૂર્ણતા તમારે પોતાને મેળવવી તો કંઈક મુશ્કેલ પણ જણાતી હોય છે, પણ બીજાઓએ તો તે મેળવી લેવી જ જોઈએ એ વાત તો તમે બહુ જ સરળ રીતે સ્વીકારી લીધી હોય છે.

'માણસો આવા તે કેમ હશે?' ... પણ માણસો ભૂલી જાય છે કે 'આવા' ન રહેવા માટે તેમને પોતાને જ કેટલી બધી મુશ્કેલીઓ પડતી હોય છે!

આનો પ્રયોગ કરી જુઓ અને તમને સમજાઈ જશે.

એટલે દરેક વસ્તુ પ્રત્યે એક ઉદાર સ્મિતપૂર્વક જુઓ. જે જે વસ્તુઓ તમને ઉદ્વેગ કરતી હોય તે બધી તમારે માટે એક રીતનો પદાર્થપાઠ છે એમ ગણો. અને

તમારું જીવન ઘણું ઘણું શાંતિમય બનશે, એટલું જ નહિ, તમારું જીવન ઘણું વધારે સફળ પણ બનશે. કારણ કે તમને પોતાને જે પૂર્ણતા સિદ્ધ કરવી હોય છે તે જ્યારે તમને બીજાઓમાં દેખાતી નથી ત્યારે તમે જે ઉદ્વેગ અનુભવો છો એમાં તો ખરેખર તમારી ઘણી શક્તિ નકામી ખરચાઈ જતી હોય છે.

તમે બીજા લોકોએ કઈ રીતે પૂર્ણ બનવું જોઈએ એ વિચાર આગળ જ અટકી જાઓ છો. પણ તમારે પોતે જે લક્ષ્ય સિદ્ધ કરવાનું છે તે વાતનો તમને ખ્યાલ રહેતો નથી. તમને જો આ સભાનતા આવી જાય તો તો પછી, તમને જે કામ આપવામાં આવેલું છે, એટલે કે તમારે જે કરવાનું છે તે કરવાનો જ આરંભ કરી દો. બીજાઓ શું કરે છે એ વાતની પંચાતમાં પડ્યા વિના તમે પોતે જ તમારી વસ્તુ સિદ્ધ કરવા લાગી જાઓ. કારણ કે, ખરું જોતાં તો, બીજાઓ શું કરે છે એની સાથે તમારે કશો જ સંબંધ નથી. અને આ બાબતમાં સાચું વલણ લેવાની સારામાં સારી રીત આ છે : તમારી જાતને માત્ર આટલું જ કહી દો, 'મારી આસપાસ જે કોઈ માણસો આવી રહેલા છે, મારા જીવનના જે જે સંયોગો છે, મારી નજીકમાં જે માણસો છે એ બધું દિવ્ય ચેતનાએ મને આપેલું એક દર્પણ છે. મારે જે પ્રગતિ કરવાની છે તેનું દર્શન મને એમાંથી થશે. બીજાની અંદર જે કોઈ વસ્તુ જોઈને મને આઘાત થાય છે તે જ કામ મારે મારી પોતાની અંદર કરવાનું છે.'

અને કદાચ આપણે આપણી પોતાની અંદર જો સાચી પૂર્ણતા ધારણ કરતા હોઈશું તો તે ઘણી વાર બીજાઓની અંદર પણ આપણને જોવાની મળશે.

૭ નવેમ્બર, ૧૯૫૮

*

## (૯) આત્મા જે જોતો હોય છે અને અનુભવતો હોય છે એનું જ એને જ્ઞાન થાય છે. એ સિવાયનું બીજું બધું એક આભાસ હોય છે, એક પૂર્વગ્રહ અને અભિપ્રાય હોય છે.

આનો અર્થ એમ થાય કે જે કાંઈ જ્ઞાન આત્માના જ્ઞાન કે અનુભવને પરિણામે આવેલું નથી તે જ્ઞાનમાં કશું સાચું મૂલ્ય નથી.

પણ આમાંથી તરત જ એ પ્રશ્ન થાય તેમ છે, અને મને એ રીતે જ પ્રશ્ન કરવામાં આવ્યો છે કે, 'આત્મા જે જોતો હોય છે તેની આપણને ખબર કેવી રીતે

પડે?'

દેખીતી રીતે જ, આનો એક જ ઉકેલ છે. અને તે એ કે પોતાના આત્મા વિષે સભાન બનવું. અને એમાંથી પછી આ સૂત્ર આ પ્રમાણે પૂરું થાય છે કે, 'તમે આત્મા વિષે સભાન બનતા નથી ત્યાં સુધી તમને સાચું જ્ઞાન મળી શકતું નથી'. એટલે પ્રથમ તો તમારે તમારી અંદર રહેલા આત્માને શોધવાનો પ્રયત્ન કરવો જોઈએ, એની સાથે તમારું મિલન સાધવું જોઈએ અને એ તમારા જીવનનું શાસન કરે એમ થવા દેવું જોઈએ.

કેટલાક પ્રશ્ન કરે છે કે, 'આત્મા તે આ છે એ ખબર કેવી રીતે પડે?' આ પ્રશ્નનો જવાબ મેં ઘણી વાર આપેલો છે. માણસો આવો પ્રશ્ન કરે છે એ વસ્તુ જ એમ પુરવાર કરી આપે છે કે એમને પોતાના આત્મા વિષે કશી સભાનતા છે નહિ. કેમ કે, જે ક્ષણે તમને તમારા આત્મા વિશે સભાનતા આવી જાય છે, તમે એની સાથે એકરૂપ થઈ જાઓ છો, તે જ ક્ષણે તમને આત્મા તે આ છે એ વાત સમજાઈ પણ જાય છે. અને પછી આત્માને કેવી રીતે જાણવો એ પ્રશ્ન તમે કરતા નથી. અને આ અનુભવ એવી વસ્તુ છે કે એની તમારે નકલ કરવાની કે કલ્પના કરવાની નથી. તમે તમારા આત્મા સાથે સંપર્કમાં છો એવો ઢોંગ કરી શકતા નથી. એ વસ્તુ તમે ઉપજાવી કાઢી શકતા નથી યા તો તેની નકલ કરી શકતા નથી. આત્મા જ્યારે જીવનનું શાસન કરવા લાગે છે ત્યારે એ વાત તમને પૂરેપૂરી સમજાઈ જાય છે. એ વિષે તમને પ્રશ્ન રહેતો નથી.

પરંતુ આપણે હમણાં આ જે સૂત્ર વાંચ્યું તેનો ઉપયોગ તો એ છે કે એ સૂત્રથી તમને એ વસ્તુ સમજાવવામાં આવે છે કે તમને પોતાને જ્ઞાન છે. એવી તમારી જે બધી માન્યતા છે, અથવા તો તમે પોતે અંગત અવલોકનો દ્વારા તેમ જ અનુમાનો અને તુલનાઓ કરીને તમારા જીવનમાં જે કાંઈ શીખ્યા હો છો, યા તો તમારી પાસે આ રીતે જે કાંઈ આવેલું હોય છે એ બધું જ એક અત્યંત સાપેક્ષ રીતનું જ્ઞાન હોય છે. એ જ્ઞાનના પાયા ઉપર તમે એક ચિરસ્થાયી અને સાચી રીતે કામ આપે તેવું જીવનનું દર્શન માંડી શકતા નથી.

આપણે એ વસ્તુ તો કેટલી બધી વાર ફરી ફરીને કહી છે કે જે કોઈ વસ્તુ મનમાંથી આવે છે તે તદ્દન સાપેક્ષ રીતની જ વસ્તુ હોય છે. વળી આ મન જેમ વધુ કેળવાતું જાય છે, જેમ જેમ તે વધુ સાધનાઓ કરે છે, તેમ તેમ તેનામાં એક એવી વધુ ને વધુ શક્તિ આવતી જાય છે કે તે વડે તે પોતે જે કાંઈ વાત રજૂ કરતું હોય છે યા તો કહેતું હોય છે તે સાચું છે એમ તે સાબિત કરી આપે છે. તર્કનો ઉપયોગ કરીને તમે કોઈ પણ અને હરકોઈ વસ્તુનું સત્ય સાબિત કરી

શકો છો, પરંતુ એનો અર્થ કોઈ પણ રીતે એમ નથી થતો કે એ વાત સાચી છે. આ તો તમારો એક અભિપ્રાય બની રહે છે. તમારો એક પૂર્વગ્રહ બની રહે છે. એ આભાસ ઉપર મંડાયેલું એક જ્ઞાન હોય છે અને એ આભાસ પોતે જ ઘણો શંકાસ્પદ પ્રકારનો હોય છે.

એટલે એમ લાગે છે કે આમાંથી નીકળવાનો માત્ર એક જ રસ્તો છે : પોતાના આત્માની શોધમાં નીકળી પડવું અને તેને મેળવી લેવો. એ આત્મા તમારામાં બેઠેલો જ છે. એ કાંઈ જાણી જોઈને સંતાઈ ગયેલો નથી, એ તમને મુશ્કેલીમાં મૂકવા માટે તમારી સાથે રમત કરી રહ્યો નથી. ઊલટું એ તો તમે એને શોધી શકો, સાંભળી શકો તે માટે ખૂબ જ પ્રયત્ન કરતો રહે છે. વાત માત્ર એટલી જ છે કે એ આત્મા અને તમારી સક્રિય ચેતના એ બેની વચ્ચે બે પુરુષ આવી રહેલા છે, પ્રાણમય પુરુષ અને મનોમય પુરુષ. અને એ બે પુરુષોને ખૂબ જ કોલાહલ કરવાની ટેવ પડેલી હોય છે. અને આ બે જણ ખૂબ જ કોલાહલ કરતા હોય છે. અને આત્મા એવું કાંઈ કરતો નથી હોતો અથવા તો તે બને તેટલો ઓછો અવાજ કરતો હોય છે, એટલે આ બેના અવાજને લીધે તમે આત્માના અવાજને સાંભળી શકતા નથી.

તમારા આત્માની પાસે જે જ્ઞાન છે તે તમારે જાણવું હશે તો તે માટે એક આંતરિક પ્રયત્ન કરવો જોઈશે. અને તમે જો ધ્યાન દઈને જોશો તો તમને મન અને પ્રાણના આ તદ્દન બાહ્ય અવાજની પાછળ એક કોઈ ઘણી સૂક્ષ્મ, ઘણી શાંત, ઘણી શાંતિમય વસ્તુ આવી રહેલી જોવા મળશે. એ વસ્તુને જ્ઞાન હોય છે અને એને જે જ્ઞાન હોય છે તે તે કહેતી હોય છે, પરંતુ પેલા મન અને પ્રાણનો આગ્રહ એટલો બધો તો જોરદાર હોય છે અને પેલી વસ્તુ એટલી બધી તો શાંત હોય છે કે તમે સહેલાઈથી ભૂલમાં પડી જાઓ છો. જે વસ્તુ વધારેમાં વધારે અવાજ કરતી હોય છે તેની વાત તમે સાંભળો છો અને સાચી વાત તો પેલા બીજાની જ હતી એ તમને ઘણી વાર દેખાતું નથી. એ બીજું તત્ત્વ કશો આગ્રહ રાખતું નથી, તમને સાંભળવા માટે ફરજ પાડતું નથી, કેમ કે એનામાં કશી હિંસા નથી.

તમે જ્યારે અચકાતા હો છો, અમુક સંજોગોમાં તમારે શું કરવું જોઈએ એવો તમે પ્રશ્ન કરતા હો છો ત્યારે તમારામાં એક ઇચ્છા કામ કરતી હોય છે. તમારા મન તથા પ્રાણે એકદમ એક પસંદગી કરી લીધેલી હોય છે. એ પસંદગી પછી પોતાની વાતનો આગ્રહ રજૂ કરતી રહે છે, જગતમાંથી મળે તેટલાં સારામાં સારાં કારણો લઈ આવીને તે દલીલો કર્યે જાય છે, અને તમે — જો સાવધાન નથી હોતા, તમારામાં જો પોતાના ઉપર પ્રબળ આત્મસંયમ નથી હોતો તો છેવટે

તમને એ ખાતરી કરાવી દે છે કે એ પોતે જ સાચી છે. અને હમણાં મેં કહ્યું તેમ, એ એવો તો ઘોંઘાટ કરી મૂકે છે કે તેમાં થઈને તમે પેલા શાંત નાનકડા અવાજને — આત્મા તરફથી આવતા 'એ ના કરશો' એવા શાંત નાનકડા સૂચનને સાંભળી શકતા નથી.

આ 'એ ના કરશો' ઘણી વાર આવે છે અને તમે એ અવાજને, એમાં જાણે કશી શક્તિ જ નથી એમ ગણી લઈને બાજુએ હડસેલી દો છો અને તમારી વૃત્તિ તમને જ્યાં લઈ જાય ત્યાં દોરાયે જાઓ છો. પરંતુ તમારામાં સત્ય શોધવા માટેનો તથા તેને જીવનમાં ઉતારવા માટેનો જે સંકલ્પ છે તે જો ખરેખર સાચો હશે તો પછી તમારે એ અવાજને કેવી રીતે વધુ ને વધુ ઓળખવો એ વસ્તુ શીખવી જ પડશે. એ કાર્યમાં તમારે થોડો શ્રમ કરવો પડે, તમને એમાંથી જો વેદના થાય તો તે વેઠીને પણ તમારે એની આજ્ઞાને તાબે થતાં શીખવું પડશે. અને આ આજ્ઞા તમે એક વાર પણ જો પાળી હશે તો તમને ખૂબ જ સમર્થ મદદરૂપ બની રહે છે. એને લીધે પછી આત્મા શું છે અને શું નથી એનો ભેદ સમજવાની સાધનામાં તમે ઠીક ઠીક પ્રગતિ કરી શકશો. અને આ રીતના વિવેક વડે સજ્જ થઈને તેમ જ જરૂરી તેટલી સત્યનિષ્ઠા દ્વારા તમે અવશ્ય લક્ષ્યમાં પહોંચી જ શકશો.

પણ આમાં તમે ઉતાવળા ન થશો, અધીરા ન બનશો, ખૂબ જ ખંતપૂર્વક કામ કર્યે જાઓ. નહિ તો પછી તમે એક વસ્તુ સાચી કરશો તો બીજી દસ વસ્તુઓ ખોટી કરી બેસશો. પણ તમારાથી ભૂલ થઈ જાય ત્યારે પણ તમારે કામ પડતું ન મૂકવું જોઈએ, નિરાશ ન થવું જોઈએ. એવે વખતે તમારે પોતાને કહેતા રહેવું જોઈએ કે પ્રભુની કૃપા કદાપિ તમારો ત્યાગ કરવાની નથી અને બીજી વાર વધારે રૂડાં વાનાં થશે.

તો ઉપસંહાર રૂપે છેવટે આપણે એમ કહીશું કે વસ્તુઓને તમારે યથાર્થ સ્વરૂપમાં જાણવી હોય તો તે માટે તમારે તમારા આત્મા સાથે મિલન સાધવું જોઈએ અને તમારા આત્મા સાથે મિલન સાધવા માટેનો એક સતત આગ્રહભર્યો અને ખંતપૂર્વકનો સંકલ્પ સેવવો જોઈએ.

૧૪ નવેમ્બર, ૧૯૫૮

*

**(૧૦) મારો આત્મા જાણે છે કે પોતે અમર છે. પણ તમે તો એક મરેલા શરીરના ટુકડા કરો છો અને વિજયપૂર્વક બોલી ઊઠો છો કે, 'ક્યાં છે તમારો આત્મા અને ક્યાં છે તમારું અમૃતત્ત્વ?'**

એ વાત તો ઘણી વાર કહેવાઈ છે કે સમાન વસ્તુ જ સમાનને જાણી શકે છે. અને આ વસ્તુ અમુક અપવાદ સિવાય બહુ જ થોડા માણસો સમજી શક્યા છે. આ વાત જો સમજાઈ જાય તો ઘણું અજ્ઞાન દૂર થઈ જાય.

કેવળ આત્મા જ આત્માને જાણતો હોય છે અને આત્માની પ્રત્યેક ભૂમિકા ઉપર સમાન વસ્તુ જ સમાનને ઓળખી શકતી હોય છે. કેવળ પ્રભુ જ પ્રભુને જાણી શકતા હોય છે. આપણે આપણી અંદર પ્રભુને ધારણ કરી રહેલા છીએ એટલે જ પ્રભુને જોઈ શકીએ છીએ અને ઓળખી શકીએ છીએ. પણ આંતર જીવનની કોઈ પણ વસ્તુને સમજવાનો પ્રયત્ન જો આપણે આપણી ઇન્દ્રિયો દ્વારા તેમ જ બાહ્ય પ્રક્રિયાઓ દ્વારા કરીશું તો એનું પરિણામ પૂર્ણ નિષ્ફળતામાં જ આવશે, અને આપણે એક પૂર્ણ ભૂલ કરી બેસીશું. એટલે તમે જો એમ કલ્પના કરતા હશો કે તમે નરી સ્થૂલ ચેતનામાં રહ્યા રહ્યા પણ પ્રકૃતિનાં રહસ્યોને પામી શકશો તો એ તમારી સંપૂર્ણ ભૂલ હશે. લોકોને પોતે કોઈ પણ વસ્તુની વાસ્તવિકતાનો સ્વીકાર કરે તે પહેલાં એ વસ્તુ માટેના નક્કર અને સ્થૂલ પુરાવા માગવાની જે ટેવ પડી ગયેલી છે તે એક અજ્ઞાનનું જ અત્યંત સ્પષ્ટ એવું પરિણામ છે. આવું વલણ ધારણ કરીને તો જગતનો મૂર્ખમાં મૂર્ખ માણસ પણ એવી કલ્પના કરી શકે છે કે, પોતે જગતની ઉચ્ચમાં ઉચ્ચ વસ્તુઓ વિષે ચુકાદો આપી શકે છે અને એ રીતે ઊંડામાં ઊંડા અનુભવોને પોતે ખોટા તરીકે સાબિત કરી આપેલા છે.

એટલે આત્મા ચાલી જવાથી જે શરીર મૃત્યુ પામી ગયું છે તે શરીરની વાઢકાપ કરવાથી તો તમને આત્મા મળી શકવાનો નથી જ. એ આત્મા ચાલ્યો ગયો ન હોત તો શરીર મૃત્યુ જ પામ્યું ન હોત. આવી રીતે આત્મા શોધવાનો દાવો કરવો એ મૂર્ખતા છે તે બતાવવા માટે શ્રી અરવિંદે આ સૂત્ર લખેલું છે.

આ વસ્તુ માણસની વિવેકબુદ્ધિ તેમ જ વિજ્ઞાનની તમામ પદ્ધતિઓ નર્યા સ્થૂલ પદાર્થો સિવાયની બીજી વસ્તુઓ વિષે જે જે નિર્ણયો બાંધે છે તે દરેક નિર્ણયને લાગુ પડે છે.

અને આમાં છેવટનો સાર હંમેશાં એક જ આવે છે : અને તે એ કે જે વસ્તુ આપણે જાણતા ન હોઈએ તે વસ્તુની સમક્ષ આપણે નમ્રતાનું વલણ રાખવું

જોઈએ, એ વસ્તુ પ્રત્યે એક મૌનભરી માનવૃત્તિ ધારણ કરવી જોઈએ અને પોતાના અજ્ઞાનમાંથી બહાર નીકળી આવવા માટેની એક આંતરિક અભીપ્સા સેવવી જોઈએ. આ એક વસ્તુ માનવજાતિને પ્રગતિ કરવામાં બહુ જ મદદ રૂપ બને છે. પોતે જેને ન જાણતા હોઈએ, તેના પ્રત્યે માન રાખવું, આપણી પોતાની મેળે જ એ વાત સ્વીકારી લેવી કે આપણે પોતે કશું જાણતા નથી અને તેથી કશો નિર્ણય આપી શકીએ તેમ નથી. પણ બને છે તો હંમેશાં આથી ઊલટું જ. તમે જે વસ્તુ વિષે લેશ પણ જાણતા નથી હોતા તેના વિષે છેવટના ચુકાદા જાહેર કરતા રહો છે, કોઈ મહાસત્તાશાળી અવાજે તમે જાહેર કરતા રહો છો કે, 'આ અશક્ય છે; પેલું અશક્ય છે'. તમે એ વસ્તુ વિષે કાંઈ પણ જાણતા નથી હોતા ત્યારે પણ આમ બોલતા રહો છો. તમે કોઈ વસ્તુને કદી જાણી નથી એટલે તમને તેને વિષે શંકા થતી હોય છે અને એ શંકામાંથી તમે ઊંચે આસને બેસીને વાત કરવા લાગી જાઓ છો.

લોકો એમ માને છે કે શંકા કરવી એ તો ઉચ્ચ સ્થિતિનું લક્ષણ છે, પણ ખરી રીતે તો એ એક નિકૃષ્ટ સ્થિતિનું લક્ષણ છે.

સંશયશીલતા અને શંકા એ બે પ્રગતિ સામેનાં મોટામાં મોટાં વિઘ્નો છે. એ બન્ને તમારા અજ્ઞાનમાં ધૃષ્ટતાનો ઉમેરો કરી આપે છે.

૨૧ ડિસેમ્બર, ૧૯૭૧

*

## (૧૧) દેહના મૃત્યુ પછી પણ, મનોમય વ્યક્તિતા ટકી રહે તે કાંઈ અમરતા નથી; જો કે એ પણ સાચું છે, પણ ખરી અમરતા તો આ દેહ, જે અજન્મા અને અમર આત્મસ્વરૂપનું કેવળ કિરણ અને પડછાયો માત્ર છે તેને જાગ્રતપણે ધારણ કરવામાં રહેલી છે.

અહીં એવાં ત્રણ વિધાનો છે કે જેમના વિશે પ્રશ્નો પૂછવામાં આવ્યા છે. પહેલો પ્રશ્ન એ છે કે "આ મનોમય વ્યક્તિતા એ શું છે?"

દરેક મનુષ્યના સ્વરૂપમાં, તેનો જે દેહ હોય છે, તેમાં જીવન તત્ત્વનો સંચાર તેનું પ્રાણમય સ્વરૂપ કરે છે અને એની ઉપર ઓછાવત્તા પ્રમાણમાં મનોમય સ્વરૂપનું આધિપત્ય હોય છે. આ એક સામાન્ય નિયમ છે, પરંતુ વ્યક્તિનું મનોમય સ્વરૂપ કેટલા પ્રમાણમાં સુગઠિત થયેલું અને વ્યક્તિત્ત્વવાળું બનેલું છે

તેનો માણસે માણસે ફેર પડે છે. મોટા ભાગના મનુષ્યોમાં તો મન કેવળ પ્રવાહી અવસ્થામાં હોય છે અને એથી કરીને એમનામાં કોઈ વ્યક્તિત્ત્વ જેવું હોતું નથી. અને જ્યાં સુધી મનુષ્યનું મન એવું પ્રવાહી અવસ્થાવાળું, અસ્તવ્યસ્ત, અને પોતાના સુગ્રથિત અને વ્યક્તિત્ત્વ વિનાના જીવનવાળું હોય છે, ત્યાં સુધી એ ટકી શકતું નથી. એટલે એવા દાખલાઓમાં, જે સ્થૂલ પદાર્થમાંથી તેમના દેહનું ઘડતર થયેલું હોય છે તે જ્યારે ભૌતિક પદાર્થમાં વિલીન થઈ જાય છે ત્યારે તેની સાથે તેમના મનોમય સ્વરૂપનાં તત્ત્વો પણ મનોમય પ્રદેશમાં વિલીન થઈ જાય છે.

પરંતુ આ મનોમય સ્વરૂપ સુગઠિત અને સુવ્યવસ્થિત બને છે, જ્યારે તે એક પુરુષરૂપધારી વ્યક્તિસ્વરૂપ ધારણ કરે છે, ત્યારે પછી એને પોતાના અસ્તિત્વ માટે કોઈ સ્થૂલ દેહ ઉપર આધાર રાખવાનો હોતો નથી અને એટલે પછી જ્યારે સ્થૂલ દેહ વિલીન થઈ ગયો હોય છે ત્યારે પણ એ ટકી રહે છે. દેહનો નાશ થયા પછી પણ સ્વતંત્રપણે જીવન ધારણ કરતાં હોય એવાં અનેક વ્યક્તિ સ્વરૂપોથી આ પૃથ્વીનું મનોમય વાતાવરણ ભરેલું રહે છે. જ્યારે કોઈ આત્મા, એટલે કે સત્ સ્વરૂપ, ફરીથી દેહ ધારણ કરે છે ત્યારે તેવા દેહમાં પેલું મનોમય સ્વરૂપ ફરીથી જન્મ લઈ શકે છે; કારણ કે આત્મસ્વરૂપ તો અગાઉના જન્મોની સ્મૃતિ લઈને જ આવે છે.

પરંતુ આને કાંઈ શ્રી અરવિંદ જેને અમરત્વ કહે છે તે ન કહેવાય. અમરત્વ એવા જીવનને કહેવાય કે જેને આદિ કે અંત ન હોય, જે જન્મ્યું ન હોય તેમજ મરતું ન હોય અને દેહ ભાવથી તદ્દન સ્વતંત્ર હોય. એવું જીવન તો આત્મસ્વરૂપમાં, દરેક વ્યકિતના સત્ય સ્વરૂપમાં રહેલું હોય છે અને એ સ્વરૂપ, વિરાટ આત્મસ્વરૂપથી ભિન્ન હોતું નથી. અને આ સત્ય સ્વરૂપમાં પોતાની વિરાટ આત્મસ્વરૂપ સાથેની એકતા હોવાનું ભાન રહેલું હોય છે. ખરું જોતાં તો, એ સત્યસ્વરૂપ, વિરાટ સ્વરૂપનો પુરુષરૂપધારી, વ્યક્તિતાવાળો, આવિર્ભાવ માત્ર હોય છે; એને કોઈ આદિ કે અંત હોતો નથી, જીવન કે મૃત્યુ હોતાં નથી, એ શાશ્વતપણે અસ્તિત્વમાં હોય છે અને માટે જ એ અમર હોય છે. જ્યારે આપણે આ આત્મસ્વરૂપ વિશે સભાન બનીએ છીએ ત્યારે આપણે શાશ્વત જીવનમાં ભાગ લેતા થઈએ છીએ અને માટે જ આપણે અમર થઈએ છીએ.

પરંતુ સામાન્ય રીતે, આ "અમરત્વ" શબ્દને સમજવામાં કાંઈક ગોટાળો કરવામાં આવે છે આમ બનવું એ કોઈ નવી વાત નથી, આવું તો ઘણી વાર બને છે; — જ્યારે કોઈ માણસ અમરતાની વાત કરે છે ત્યારે ઘણા ખરા લોકો એમ

સમજે કે આ તો સ્થૂલ શરીરને અનિશ્ચિત સમય સુધી ટકાવી રાખવાની વાત છે.

સૌ પ્રથમ તો, જ્યાં સુધી સ્થૂલ દેહ અમૃતમય આત્મસ્વરૂપ વિષે પૂર્ણપણે સભાન બનીને તેની સાથે સંપૂર્ણ એકતા સિદ્ધ ન કરી લે ત્યાં સુધી એ અનંતકાળ સુધી ટકી શકે નહિ. અને આ એકતા એટલા બધા પ્રમાણમાં સિદ્ધ કરવાની હોય છે કે જેને લઈને આત્મસ્વરૂપમાં વૈશ્વિક ગતિને અનુસરી શકાય તેવી, સતત રીતે પરિવર્તન પામતા રહેવાની ક્ષમતા અને શક્તિ છે તેવી શક્તિ દેહમાં પણ આવી ગઈ હોય — શાશ્વતપણે ટકી રહેવા માટેની આ એક અનિવાર્ય શરત છે. શરીર જડ છે, એ વિરાટ ગતિ સાથે તાલ મિલાવી શકતું નથી, વૈશ્વિક ઉત્ક્રાંતિ સાથે, સતતપણે એકતા જાળવી રાખવા જેટલી પૂરતી ઝડપથી એ પોતાની અંદર પરિવર્તન કરી શકતું નથી — અને માટે જ એનું વિઘટન અને મૃત્યુ થાય છે. દેહ જડ છે, કઠણ છે, એનામાં પરિવર્તન પામતા રહેવાની શક્તિ નથી હોતી. એટલે એને વિનાશ પામવું પડે છે, અને પોતામાં રહેલા પદાર્થને, સામાન્ય ભૌતિક પ્રકૃતિમાં રહેલા પદાર્થસંગ્રહમાં પાછો સોંપવો પડે છે કે જેથી કરીને એ પોતે નવાં રૂપોમાં પોતાનું સર્જન કરી શકે અને એ રીતે એ પોતે પ્રગતિ કરી શકે. પરંતુ સામાન્ય રીતે, જ્યારે લોકો અમરતાની વાત કરે છે ત્યારે દૈહિક અમરતાની વાત કરતા હોય છે; અને એ વસ્તુ સારી પેઠે જાણીતી છે કે એવી કોઈ વસ્તુ હજી સુધી સિદ્ધ કરવામાં આવી નથી.

શ્રી અરવિંદ કહે છે કે આમ થવું શક્ય છે. એ બની પણ આવશે, પરંતુ એમ થઈ શકે તે માટે તેઓ એક શરત મૂકે છે. એ શરત એ છે કે શરીરને અતિમાનસ બનાવવું જોઈએ અને એનામાં અતિમાનસ સ્વરૂપમાં જે નમનીયતા અને સતત પરિવર્તનશીલતાના ગુણો હોય છે તેવા ગુણો પણ આવવા જોઈએ. અને જ્યારે શ્રી અરવિંદ લખે છે કે શરીર તો એક 'કરણ અને છાયા માત્ર છે' ત્યારે તેઓ, અત્યારે જે પ્રકારના સ્થૂલ દેહ છે અને કદાચ લાંબા સમય સુધી જે એવા જ રહેવાના છે તેમની વાત કરે છે. આ સ્થૂલ શરીર તો આત્માનું એક સાધન છે, એના સ્વરૂપનો એક અતિશય અપૂર્ણ આવિર્ભાવ છે, એક છાયા છે — અને છાયા એટલે શાશ્વત આત્મ-સ્વરૂપના પ્રકાશ અને સ્પષ્ટતાની સરખામણીમાં કોઈ અસ્પષ્ટ અને તમોગ્રસ્ત વસ્તુ.

હવે આ છાયા કહો કે સાધના કહો, તે આત્માના વિકાસમાં કેવી રીતે સહાયભૂત થઈ શકે અને આ કરણને કેળવીને ભવિષ્યની જીંદગીઓ માટે કેવી રીતે મદદકર્તા બની શકે એક એવો પ્રશ્ન છે કે જેમાં આપણને ઓછો રસ નથી.

જ્યારે જ્યારે કોઈ જીવ નવું શરીર અંગીકાર કરે છે ત્યારે એ એવા

ઇરાદાપૂર્વક આવે છે કે પોતે એક એવો નવો અનુભવ પ્રાપ્ત કરવો કે જેને લઈને પોતાના વિકાસમાં સહાય થાય અને પોતે વધુ પૂર્ણતાને પામી શકે અને આવી રીતે એક પછી એક જીંદગીઓ પસાર કરતાં કરતાં, ચૈત્ય સ્વરૂપ પોતે પોતાની જાતનું એક એવું ઘડતર ઘડે છે કે જેને તદ્દન સ્વતંત્ર અને સચેતન વ્યક્તિતા હોય. અને જ્યારે એ પોતાના વિકાસની ચરમ સીમાએ પહોંચે છે ત્યારે, એ પોતાના નવા જન્મનો કેવળ સમય જ નહિ, પણ સ્થળ, લક્ષ્ય અને સિદ્ધ કરવાનું કાર્ય પણ નક્કી કરી શકે છે.

આ આત્મા જ્યારે સ્થૂલ દેહમાં અવતરે છે ત્યારે, અનિવાર્યપણે એ તમોગ્રસ્તતા, અજ્ઞાન અને અચેતનામાં ઊતરે છે, અને પોતે જે કાર્ય કરવા માટે આવેલો હોય છે તે કરવા માટે ખપમાં લાગે તેવું શરીર બનાવવા માટે, દેહના પદાર્થતત્ત્વમાં એક જરાક જેટલી ચેતના લાવવા માટે પણ ઘણા લાંબા સમય સુધી કાર્ય કરવું પડે છે. જો આપણે એક સતર્ક અને સ્પષ્ટ દૃષ્ટિવાળી પદ્ધતિ અપનાવીને શરીરને કેળવણી આપીએ તો એની સાથે સાથે આત્માને તેના વિકાસ, પ્રગતિ અને જ્ઞાન પ્રાપ્તિની બાબતમાં પણ સહાય કરી શકીએ છીએ.

શારીરિક કેળવણી એટલે દેહના કોષાણુઓમાં ચેતનાની સ્થાપના કરવી. તમે જાણતા હો કે ન હો, પણ હકીકત આ છે.

જ્યારે આપણે આપણા સ્નાયુઓને આપણા સંકલ્પ પ્રમાણે ગતિ કરાવવા માટે એકાગ્રતા કરીએ છીએ, જ્યારે આપણે આપણા અવયવોને નમનીય બનાવવાનો પ્રયત્ન કરીએ છીએ, જ્યારે તેમનામાં કુદરતી રીતે જે ચપળતા અથવા બળ અથવા પ્રતિરોધક શક્તિ અથવા નમનીયતા નથી હોતી, તે તેમનામાં લાવવાનો આપણે પ્રયત્ન કરીએ છીએ, ત્યારે આપણે શરીરના કોષાણુઓમાં એક એવી ચેતના પૂરીએ છીએ જે તેમનામાં એ પહેલાં નથી હોતી. એ રીતે આપણે એ દેહને એક સમતોલ અને ખુલ્લા થવાની ક્ષમતાવાળું કરણ બનાવી લઈએ છીએ અને પછી, એ એની પ્રવૃત્તિઓ અને કાર્યો વડે પ્રગતિ સિદ્ધ કરે છે. બેશક, આ જ માત્ર એવી વસ્તુ નથી કે જે શરીરમાં સચેતનતા લાવે, પરંતુ એ એક એવી વસ્તુ છે જેનું કાર્ય સર્વ સાધારણ પ્રકારનું હોય છે, અને એવું બહું ઓછા પ્રમાણમાં બને છે. મેં તમને ઘણીવાર કહેલું છે કે કલાકારો તેમના હાથમાં, અને બુદ્ધિમાન મનુષ્યો તેમના મગજમાં ઘણી ઘણી ચેતનાનો સંચાર કરે છે. પરંતુ એમ કહી શકાય કે આ વસ્તુ અમુક રીતે એકાંગી જેવી હોય છે, જ્યારે શારીરિક શિક્ષણનું કાર્ય વધુ સર્વવ્યાપી હોય છે. અને જ્યારે તમે આ શિક્ષણનાં તદ્દન અદ્‌ભૂત લાગે તેવાં પરિણામોને જુઓ છો ત્યારે તમે જોઈ શકો છો કે

શરીરને કેટલી બધી હદ સુધી પૂર્ણતા અર્પી શકાય તેમ છે; તમને સમજાય છે કે જડ તત્ત્વમાં આવેલા ચૈત્ય સ્વરૂપના કાર્યમાં એ વસ્તુને લઈને કેટલી બધી મદદ મળે છે; કારણ કે, સ્વાભાવિક રીતે, જ્યારે એને એક સુસંયોજિત, સંવાદપૂર્ણ, બળવાન, નમનીય અને શક્યતાઓથી ભરપૂર કરણ મળી આવે છે ત્યારે એના કાર્યમાં ઘણી સરળતા થાય છે.

હું એમ નથી કહેતી કે જે લોકો શારીરિક કેળવણી લે છે તેઓની સમક્ષ આ હેતુ હોવાની દૃષ્ટિ રહેલી હોય છે, કારણ કે એનું પરિણામ આવું હોઈ શકે તેની બહુ ઓછાને ખબર હોય છે. પણ તેઓ જાણતા હોય કે નહિ, પરિણામ તો આવે જ છે. તદુપરાંત, તમે જો થોડાઘણા સંવેદનશીલ હશો તો જ્યારે તમે કોઈ સતર્ક રીતની અને પદ્ધતિસરની શારીરિક કેળવણી લીધેલ વ્યક્તિની હિલચાલને જોશો ત્યારે તમને તેની ચેતનામાં એક એવો પ્રકાશ, ચેતના, અને જીવન જોવા મળશે, જે અન્ય લોકોમાં મુદ્દલે નહિ હોય.

ઘણા લોકો આ વસ્તુઓને તદ્દન બાહ્ય સ્વરૂપમાં જ જુએ છે અને કહે છે કે, “દા. ત. આ મજૂરોને મજૂરી અને ધંધો હોવાને કારણે પણ સખત કામ કરવું પડે છે, ભારે વજન ઊંચકતાં શીખવું પડે છે, તેમના સ્નાયુઓ પણ કેળવાય છે, અને એ લોકો કાંઈક પરિણામ પણ લાવે છે, જ્યારે આ ઉચ્ચ સ્તરના લોકો એવી કસરતો કરે છે જેનું કોઈ ઉપયોગી થાય તેવું બાહ્ય પરિણામ હોતું નથી.....” આ વસ્તુ એક પ્રકારનું અજ્ઞાન છે, કારણ કે અમુક પ્રકારના વિશિષ્ટ, અમુક ભાગ પૂરતા અને મર્યાદિત ઉપયોગ વડે સ્નાયુઓને જે કેળવણી મળે તેમાં અને સ્નાયુઓને એક હેતુપૂર્વકની અને સંવાદપૂર્ણ તેમજ એક સર્વાંગીણ કાર્યક્રમ પ્રમાણેની કેળવણી આપવામાં આવે, જેમાં કોઈ પણ સ્નાયુને કાર્ય અથવા કસરત વિનાનો બાકી ન રાખવામાં આવે, તેમાં એક આખો પાયાનો ફરક રહેલો છે.

જે મજૂરો અને ખેડુતોને અમુક ખાસ પ્રકારનો ધંધો કરવાનો હોય છે તેઓના અમુક સ્નાયુઓ વિશિષ્ટ રીતે કેળવાય છે અને તેમનામાં અમુક ધંધાકીય વિરૂપતા આવી જાય છે. એને લઈને એ વસ્તુ તેમની ચૈતસિક પ્રગતિમાં કોઈ પ્રકારે મદદકારક થતી નથી. કારણ કે આમ તો, સમગ્ર જીવન જ ચૈતસિક પ્રગતિમાં મદદ કરતું હોય છે, પણ એટલી બધી અભાનતાપૂર્વક અને એટલી બધી ધીરે ધીરે કે બિચારા ચૈત્ય સ્વરૂપને, પોતાના લક્ષ્યને પહોંચવા સારુ વળી વળીને, વારંવાર અનંતપણે પાછા આવવું પડે છે. એટલે આપણે કોઈ પણ રીતની ભૂલ કરવાનું જોખમ ખેડ્યા સિવાય કહી શકીએ કે શારીરિક શિક્ષણ એ દેહની સાધના છે અને સર્વ પ્રકારની સાધના અનિવાર્યપણે આપણને આપણા

લક્ષ્યસ્થાને પહોંચવામાં સહાયભૂત થાય છે. જેટલા પ્રમાણમાં આ વસ્તુને વ્યક્તિ પોતે સભાન થઈને કરે તેટલા પ્રમાણમાં તેનું પરિણામ ઝડપી અને સર્વ સામાન્ય રીતનું હોય છે; પરંતુ વ્યક્તિ જો કદાપિ પોતાની આંગળીઓના ટેરવા, કે પગનાં ટેરવાં અથવા નાકની દાંડીથી પણ આઘે જોવાનો પ્રયત્ન કર્યા વિના એ વસ્તુ કરે, તો પણ એને લઈને સર્વ સામાન્ય વિકાસમાં સહાયભૂત થાય છે.

અંતમાં એમ કહી શકાય કે ગમે તે પ્રકારની તાલીમ હોય, પરંતુ જો તેને ચીવટપૂર્વક, સચ્ચાઈપૂર્વક, અને ધ્યાન દઈને લેવામાં આવે તો એનાથી સારો એવો ફાયદો થાય છે. કારણ કે એને લઈને પૃથ્વી ઉપરનું જીવન વધુ ઝડપથી તેના લક્ષ્ય પ્રત્યે જાય છે અને તેને નૂતન જીવનની પ્રાપ્તિ માટે તૈયાર કરે છે. પોતાની જાતે શિસ્તબદ્ધ રીતે તાલીમ લેવાથી આ નૂતન જીવનને અને અતિમાનસ સત્યને ઝડપથી પાસે લાવી શકાય છે.

શરીર અત્યારે જેવું છે એ તો એક છાયા માત્ર છે, આત્મસ્વરૂપનાં શાશ્વત જીવનનો અત્યંત વિકૃત થયેલો પડછાયો છે, પરંતુ આ પાર્થિવ શરીર પણ પ્રગતિ પ્રત્યે વિકાસ કરી શકે છે; પ્રત્યેક પાર્થિવ પદાર્થની બનેલી વ્યક્તિભૂત દેહાકૃતિ દ્વારા, પાર્થિવ તત્ત્વનો વિકાસ થાય છે અને એક દિવસ એવો આવશે કે એ વસ્તુ જ અત્યારે આપણે જેવાં ભૌતિક જીવનને જાણીએ છીએ તે અને આવિર્ભૂત થનાર અતિમાનસ જીવન વચ્ચે એક સેતુ બાંધી આપશે.

૨૮ નવેમ્બર, ૧૯૫૮

*

## (૧૨) પ્રતીતિકારક દલીલો વડે તેમણે સાબિત કરી આપ્યું કે પ્રભુનું અસ્તિત્વ નથી, અને મેં તેમની વાત માની લીધી. પાછળથી મેં પ્રભુને જોયા, કારણ કે તેઓ આવીને મને ભેટ્યા. અને હવે મારે બીજાઓની દલીલોને માનવી કે પછી મારી પોતાની અનુભૂતિને?

આ કંઈ શ્રી અરવિંદે પૂછેલો પ્રશ્ન નથી. આ તો એક કટાક્ષપૂર્વકનો પ્રહાર છે. એની પાછળનો હેતુ એ વસ્તુ સ્પષ્ટપણે બતાવી આપવાનો છે કે માનવનું મન જે એમ ધારે છે કે પોતે જાણતું ન હોય તે વસ્તુઓ વિશે પણ એ બોલી શકે તેની પાછળ તેની તર્કબુદ્ધિની મૂર્ખતા જ રહેલી હોય છે. એ સિવાય એમાં

બીજું કાંઈ નથી.

મન વડે તમે ગમે તે વસ્તુ સાબિત કરી શકો છો. જો તમને એનો ઉપયોગ કરતાં આવડે અને તમને તર્ક અને સાર કાઢવાનું શાસ્ત્ર આવડતું હોય તો તમે ગમે તે વસ્તુ સાબિત કરી શકો છો. એ સિવાય પણ, ઉચ્ચ શિક્ષણની શાળાઓમાં, મનને નમનીય બનાવવા માટે એ વિષયની તાલીમ આપવામાં આવે છે. તમારી પાસે એક વિચારસરણીની સાબિતી મૂકવામાં આવે છે અને પછી તરત જ તમારે એટલા જ વિશ્વાસપૂર્વક એનાથી વિરોધી વિચારસરણી સ્થાપિત કરવાની હોય છે. એમાં એવી અપેક્ષા રહેલી હોય છે કે એ રીતે તમે સહેજ ઉપર જાઓ તો બંને તર્કસરણીઓનું સામંજસ્ય પામી શકો.

માટે, જ્યારે આપણે એમ કબૂલ કરીએ છીએ કે ગમે તે વસ્તુ સાબિત કરી શકાય તેમ છે, તો એનો અર્થ એ કે તર્ક લડાવવાથી આપણને કશું પ્રાપ્ત થતું નથી. કારણ કે તમે એક વસ્તુ સાબિત કરી શકો છો અને તરત જ પછી તમે એની વિરુદ્ધની વસ્તુ સાબિત કરો છો, એથી એ વસ્તુ સાબિત થાય છે કે આવી સાબિતીઓ કશા મૂલ્ય વિનાની છે.

એક અનુભૂતિ થાય છે. વ્યક્તિ સરળ હૃદયની છે. પ્રકૃતિ સીધી સાદી છે. એ પ્રકૃતિ જાણે છે કે પોતાની અનુભૂતિ સત્યના પાયા ઉપર ઊભેલી છે. એમાં પોતાની કામનાને લઈને કે મનની મહત્ત્વાકાંક્ષાને લઈને કોઈ અસત્ય દાખલ નથી થઈ ગયું, પરંતુ એ પોતાના આત્મામાંથી આપોઆપ ઊભી થયેલી એક ગતિ છે. એ અનુભૂતિ તદ્દન પ્રતીતિકારક હોય છે. એ જો એવી વસ્તુઓ સાથે સેળભેળ થઈ જાય અથવા કોઈ અનુભૂતિ માટેની કામના હોય અથવા પોતાની જાતને બીજાઓ કરતાં મોટો માનવાની મહત્ત્વાકાંક્ષા હોય, ત્યારપછી એની પ્રતીતિકારક શક્તિ ઓછી થઈ જાય છે. જો એ વસ્તુ તમારામાં હોય તો સાવધાન. કારણ કે કામના અને મહત્ત્વાકાંક્ષાને લઈને અનુભૂતિમાં અસત્ય આવી જાય છે. મન એ રૂપોનું ઘડતર કરનાર છે અને જો તમારામાં એવી કોઈ ઉત્કટ કામના હોય છે કે ઘણી અગત્યની અથવા રસદાયક વસ્તુ તમારી બાબતમાં બનવી જોઈએ, તો તમે એ બનાવી શકો છો, કંઈ નહિ તો જે લોકો ઉપરછલ્લી રીતે જોનારા હોય છે તેમને દેખીતી રીતે એમ હોવાનું બતાવી શકો છો. પરંતુ એવા દાખલાઓને બાદ રાખતાં, જો તમે સીધાસાદા હશો, સત્યનિષ્ઠ, અને અંતરમાંથી કાર્ય કરનારા હશો, અને એ સર્વ ઉપરાંત જો તમારી અંદર અનુભૂતિઓ આપોઆપ, તમારા પોતાના તેમને પ્રાપ્ત કરવા માટેના કોઈ જાતના પ્રયત્ન વિના, તમારા હૃદયના ઊંડાણમાં રહેલી અભીપ્સાના આવિર્ભાવ તરીકે,

પ્રગટ થતી હશે તો એ અનુભૂતિઓ સાથે જ તેમની સત્યતાની મહોર લાગેલી હશે. ભલે આખી દુનિયા તમને કહે કે એ બધી વસ્તુઓ મૂર્ખામી છે કે ભ્રમ છે, પરંતુ એમાંથી કોઈ વસ્તુ તમારા વિશ્વાસને ડગાવી શકશે નહિ. પરંતુ કુદરતી રીતે, એમ થઈ શકે તે માટે, તમારે તમારી જાતને છેતરવી ન જોઈએ. તમારા પક્ષે તમારે સત્યનિષ્ઠ, સરળચિત્ત અને એક પૂર્ણ આંતરિક પ્રામાણિકતાવાળા બની રહેવું જોઈશે.

કોઈએ મને પૂછેલું, "એમ કેમ બને છે કે પ્રભુ એક નાસ્તિક આગળ પણ પ્રગટ થાય છે?" આ જરા રમૂજી વાત છે, કારણ કે જો પ્રભુને પોતાને કોઈ નાસ્તિક આગળ પ્રગટ થવામાં મજા આવતી હોય તો એમને કોણ રોકી શકે તેમ છે!

ઊલટું, એમનામાં થોડીક વિનોદવૃત્તિ છે. શ્રી અરવિંદે અનેકવાર કહેલું છે કે પરમાત્મામાં વિનોદવૃત્તિ રહેલી છે અને એ તો આપણે એવા છીએ કે જે એમને એક લાગણીહીન અને હંમેશાં ગંભીર રહેનાર વ્યક્તિ બનાવી મૂકીએ છીએ. અને કોઈ નાસ્તિક હોય તેની પાસે જઈને તેને ભેટી પડવામાં તેમને ખૂબ મજા પડતી હશે. એવા નાસ્તિકે આગલે દિવસે કહ્યું હશે "ભગવાન છે જ નહિ, હું એમાં માનતો નથી, એ તો મૂર્ખાઈ અને અજ્ઞાન છે".... એવા માણસને પછી એ પોતાના બાહુઓમાં લઈ લે છે, એને છાતી સરસો ચાંપે છે અને એના મોઢા ઉપર જ ખડખડાટ હસે છે.

આપણી નાનકડી ક્ષુદ્ર બુદ્ધિને જે બધી વસ્તુઓ અશક્ય સરખી લાગે છે તે પણ શક્ય છે.

ખરી રીતે જ્યારે આપણે આ બધાં જ સૂત્રોને છેલ્લે સુધી વાંચી જઈશું ત્યારે જ આપણને તેમાં કંઈ સમજ પડવાની તક મળશે, કારણ કે એ દરેક સૂત્રમાં આપણને એવી પરિસ્થિતિમાં મૂકે છે, જે, ખરેખર શોધી કાઢવાના સત્યથી તદ્દન ભિન્ન હોય છે, એમાં અસંખ્ય દૃષ્ટિબિંદુઓ છે, મુદ્દાઓ અસંખ્ય છે, અને પોતાની જાતને ખોટી પાડ્યા સિવાય પણ તમે અત્યંત વિરોધાભાસી વસ્તુઓ બોલી શકો છો; એમાં તમે વસ્તુઓને કયા દૃષ્ટિબિંદુથી જુઓ છો તેના ઉપર આધાર રહે છે. અને જ્યારે આપણે બધી વસ્તુઓ જોઈ નાખી હશે, કેન્દ્રસ્થ સત્યની આસપાસ રહેલાં, આપણને લભ્ય એવાં સર્વ દૃષ્ટિબિંદુઓથી જોઈ લીધી હશે, ત્યારે પણ આપણને એક નાનકડી ઝલક જ પ્રાપ્ત થશે. એની સાથે જ પરમ સત્ય સર્વે દિશાઓમાં તત્કાળ આપણી પાસેથી છટકી જશે. પરંતુ આમાં નોંધપાત્ર વસ્તુ એ છે કે, જો આપણને પ્રભુના સંપર્કની એક પણ અનુભૂતિ થઈ હશે, એક સાચી, સ્વયંભૂ અને સત્યપ્રતિષ્ઠિત અનુભૂતિ હશે, તો પછી તે ક્ષણે,

એ અનુભૂતિમાં આપણે સર્વ કાંઈ અને એથી પણ વધુ જાણીશું. એટલા માટે જ આપણે જે કાંઈ થોડું સરખું જાણતા હોઈએ એને પૂરેપૂરી સત્યનિષ્ઠા સાથે જીવનમાં મૂકવું ખાસ અગત્યનું છે. એમ કરવાથી તમે મનથી નહિ પણ અનુભૂતિ વડે જાણી શકશો, કારણ કે તમે વસ્તુઓને જીવી જાણો છો, અને એ કારણે એ વસ્તુઓ તમારા સ્વરૂપ અને ચેતનાના ભાગ રૂપ થઈ રહે છે.

પોતે જે કાંઈ થોડુંઘણું જાણતા હોઈએ તેને અમલમાં મૂકવું એ વધુ જાણવા માટેનો સારામાં સારો રસ્તો છે. આ માર્ગે આગળ વધવા માટેનું એ સૌથી વધુ શક્તિશાળી સાધન છે. થોડોક જ અમલ, પણ સત્યનિષ્ઠા સાથે. ઉદાહરણ તરીકે, તમે એમ જાણતા હો કે અમુક વસ્તુ ન થાય, તો એ ન કરવી. જ્યારે તમે તમારી ચેતનામાં કોઈ નિર્બળતા, કોઈ ખોડ, જોઈ હોય તો એને ફરીવાર પ્રગટ થવા ન દેશો, જો તમને એક આર્ત અભીપ્સામાં, એક ક્ષણ માટે પણ, તમારે શું કરવાનું છે તેનું સૂક્ષ્મદર્શન થયું હોય તો પછી એ પ્રમાણે બની રહેવાનું જરા પણ, કદી પણ ભૂલશો નહિ.

કેટલાક લોકો પોતાનામાં રહેલી ક્ષતિ વિષે બળાપો કર્યા કરે છે. એથી એમને કંઈ ફાયદો થતો નથી, જો તમે એ ખોડોને એકવાર સાચી રીતે જોઈ હોય, અને સાચી રીતે, અંતરની સત્યનિષ્ઠાપૂર્વક તમે સમજી ગયા હો. તમને જણાઈ આવ્યું હોય કે આમ ન થવું જોઈએ, તો પછી બળાપા કરવાનું બંધ કરી દો; હવે તો રોજે-રોજની મહેનત કરવાની છે, હવે સંકલ્પબળને ઘડવાનું છે, હવે હરેક ક્ષણે સાવધાની રાખવાની છે; તમે જે ક્ષતિને એકવાર ઓળખી ગયા હો તેને ફરીવાર બનવા દેવાની નથી. અજ્ઞાન કે અચેતનાવશ કોઈ ભૂલ થઈ બેસે તો જરૂર એ અફસોસની વાત છે, પણ એમાં સુધારો થઈ શકે છે. પરંતુ તમે જાણતા હો કે અમુક વસ્તુ કરવા જેવી નથી અને છતાં કરતા રહો તો એમાં એક પ્રકારની કાયરતા છે અને આપણે એને નમતું આપવાનું નથી.

એમ કહીએ કે "અરે, માનવ સ્વભાવ જ એવો છે. ઓહ, આપણે તો અચેતન છીએ. આહ, આપણે અજ્ઞાનમાં છીએ," આ બધું કેવળ આળસુવેડા અને નિર્બળતા છે. અને આ આળસ અને અજ્ઞાનની પાછળ એક મોટો દુષ્ટ સંકલ્પ છુપાયેલો હોય છે.

હું આ વસ્તુ કહું છું કારણ કે મારી પાસે ઘણા લોકોએ આ રીતની વાત કરેલી છે. અને એમાં દરેક વખતે વ્યક્તિ પોતાને માટે બહાનાં શોધતી હોય છે. તમે એમ કહો કે "અમારાથી થાય તેટલું કરીએ છીએ" એ સાચું નથી. કારણ કે જો તમે સત્યનિષ્ઠ હો તો એકવાર તમે વસ્તુને જુઓ એટલે એનો અંત આવી જાય છે. જ્યાં

સુધી તમે એ વસ્તુ જોઈ ન હોય ત્યાં સુધીની બાબતમાં કાંઈ કહેવાનું નથી, પણ જે ક્ષણે તમે એ જુઓ છો તે ક્ષણે તમારા પર કૃપા વરસે છે, અને જે ક્ષણથી તમારા ઉપર કૃપા વરસે છે, તે ક્ષણથી તમને એને ભૂલવાનો હક્ક નથી.[૧]

૫ ડિસેમ્બર, ૧૯૫૮

*

---

૧. આશ્રમ ક્રિડાંગણમાં ચાલતા શુક્રવારના વર્ગોના અહીં અંત આવે છે. અને તે સાથે શ્રી માતાજીના વિવરણોનો પ્રથમ ગાળો સામાપ્ત થાય છે.

# જ્ઞાન

## *વિવરણોનો બીજો ગાળો (૧૯૬૦-૧૯૬૧)*

**(૧૩) લોકોએ મને કહ્યું કે "આ બધી વસ્તુઓ ભ્રમ છે." મેં તપાસ કરી કે ભ્રમ એ શું હશે અને મને જણાયું કે માણસને જ્યારે કોઈ આંતરિક અથવા તો ચિત્તની ભૂમિકાનો અનુભવ થતો હોય છે અને તેને મળતી કોઈ બાહ્ય અથવા તો સ્થૂલ રીતની વાસ્તવિક વસ્તુ જોવા મળતી નથી ત્યારે લોકો તેને ભ્રમનું નામ આપે છે. અને પછી માનવ બુદ્ધિના ચમત્કારો વિષે આશ્ચર્ય અનુભવતો હું બેઠો રહ્યો.**

***બાળક : મધુર માતાજી, શ્રી અરવિંદ "માનવ બુદ્ધિના ચમત્કારો" એ શબ્દો વડે શું કહેવા માગે છે?***

**શ્રી માતાજી :** આ સૂત્રમાં લોકો એટલે જડવાદીઓ, વૈજ્ઞાનિકો અને, સામાન્ય રીતે કહેતાં, જે માણસો માત્ર સ્થૂલ વાસ્તવિકતામાં જ માનતા હોય છે અને માનવબુદ્ધિને જ એકમાત્ર સાચો ન્યાયાધીશ ગણતા હોય છે એવા લોકોની વાત શ્રી અરવિંદ કરે છે. વળી શ્રી અરવિંદ અહીં જે 'વસ્તુઓ'ની વાત કરે છે તે વસ્તુઓ તે સ્થૂલ જગતથી ભિન્ન એવાં જે બીજાં જગતો છે તેને અંગે થતાં દર્શનોને લગતી છે. આપણે સ્થૂલ આંખોથી જુદી રીતની હોય એવી આંખો વડે જે જે કાંઈ જોઈ શકીએ છીએ, પ્રાણમય જગતના આપણને જે ઇન્દ્રિયગમ્ય અનુભવો થાય છે ત્યાંથી માંડીને તે પ્રભુના દિવ્ય આનંદ સુધીના જે જે અનુભવો છે એ બધું આ 'વસ્તુઓ'માં આવે છે.

શ્રી અરવિંદે જ્યારે આ 'વસ્તુઓ' વિશે તેમજ એને મળતી બીજી વસ્તુઓ વિષે કંઈ કહ્યું ત્યારે તે વિષે લોકો એમ કહેવા લાગ્યા કે આ બધું 'ભ્રમ' છે. શબ્દકોશમાં 'ભ્રમ' શબ્દની વ્યાખ્યા આ પ્રમાણે આપેલી છે : 'કોઈ વાસ્તવિક પદાર્થના આધાર વિના જન્મતું દુર્બળ સંવેદન, નિરાધાર દર્શન.' શ્રી અરવિંદ આ વ્યાખ્યાને બીજા શબ્દોમાં સમજાવે છે અથવા તો વધુ ચોક્કસ કરી આપે છે : 'એક આંતરિક અથવા તો ચિત્તની ભૂમિકાનો અનુભવ કે જેને મળતી કોઈ બાહ્ય અથવા તો સ્થૂલ રીતની વાસ્તવિકતા હોતી નથી.' આંતર ચેતનામાં બનતી આ

ઘટનાઓની તમે આથી વધુ સારી વ્યાખ્યા આપી શકશો નહિ. આ ઘટનાઓ માણસને માટે અત્યંત કીમતી વસ્તુઓ છે અને એને લીધે જ માણસ તે એક માત્ર વિચાર કરતાં પશુ કરતાં કાંઈક વિશેષ બની રહે છે. માનવબુદ્ધિ એટલી બધી તો મર્યાદિત છે, પૃથ્વીમાં જકડાયેલી, દંભી, અજ્ઞાનથી ભરેલી છે કે જે શક્તિઓ માણસને માટે એક ઊર્ધ્વ અને ઉત્તમ જીવનનાં દ્વાર ખોલી આપતી હોય છે તેમને જ તે એકાદ નિંદાવાચક શબ્દનો ઉપયોગ કરીને ઉતારી પાડવા માગતી રહે છે....... માનવબુદ્ધિમાં વસ્તુઓને સમજવાની આ જે હઠીલી અશક્તિ છે તેને ખુલ્લી પાડવા માટે શ્રી અરવિંદ 'માનવબુદ્ધિના ચમત્કારો' એવો કટાક્ષભર્યો શબ્દ વાપરીને આશ્ચર્ય બતાવે છે; કેમકે જે શક્તિ સત્યને આટલી હદ સુધી અસત્ય કરી આપે છે તે ખરેખર એક ચમત્કાર જ છે.

૫ જાન્યુઆરી, ૧૯૬૦

*

**(૧૪) આપણે જડતત્ત્વમાં રચ્યાપચ્યા રહેવાને કારણે કેટલાંક સત્યો આપણી નજરે આવતાં જ નથી, છતાં તેની આપણને અનિયમિત ઝાંખીઓ થતી રહે છે. આ ઝાંખીઓને માટે વિજ્ઞાન 'ભ્રમ' શબ્દ વાપરે છે. વિશ્વમાં કામ કરતી એક પરમ અને વિશ્વરૂપ બુદ્ધિએ પોતાના સભાન સ્વરૂપની અંદર, કપડા ઉપર ચિત્ર ચીતર્યું હોય તેમ આ જગતને યોજ્યું છે અને તેને સાકાર કર્યું છે. એ મહા કલાકાર જ્યારે જ્યારે પોતાની પીંછી વિચિત્ર રીતે ચલાવે છે ત્યારે વિજ્ઞાન એને અકસ્માત કહે છે.**

***બાળક : મધુર માતાજી, અહીં કળાકાર શબ્દ શું સૂચવે છે?***

**શ્રી માતાજી :** શ્રી અરવિંદ અહીં પરમાત્માના કાર્યને, આ વિશ્વ સર્જનહારના કાર્યને એક કળાકારનાં કાર્ય સાથે સરખાવે છે. આ વિશ્વકળાકાર પોતાના સભાન સ્વરૂપની અંદર, જાણે કે કોઈ કપડાં ઉપર ચીતરતો હોય તેમ, આ જગતનું ચિત્ર પીંછીના મોટા મોટા લસરકા વડે ચીતરી રહેલો છે. અને તેની એક 'વિચિત્ર કાર્યપદ્ધતિ'ને લીધે તે જ્યારે એક જ જગ્યાએ બે વાર પીંછી ચલાવે છે ત્યારે એમાંથી એક 'અકસ્માત' ઊભો થાય છે.

સામાન્ય રીતે 'અકસ્માત' એ શબ્દથી એક અભાન રીતે બનતી આકસ્મિક ઘટનાનો વિચાર સૂચવાય છે. શ્રી અરવિંદ આપણને એ સમજાવવા માગે છે કે આ બનાવની સાથે અકસ્માત તથા અચેતનતાને કશો જ સંબંધ છે નહિ. ઊલટું આમાં તો, કળાકારોમાં હોય છે તેવી એક સૂક્ષ્મ રસદૃષ્ટિ અને સચેતનતાના પરિણામે આ ઘટના બનેલી હોય છે, અને તેની પાછળથી એક ઊંડો હેતુ પ્રગટ થઈ શકે છે.

૧૨ જાન્યુઆરી, ૧૯૬૦[૧]

*

**(૧૫) માણસો જેને ભ્રમ કહે છે તે આપણા સામાન્ય રીતના માનસિક અને ઇન્દ્રિયગમ્ય અનુભવોની પર રહેનારી વસ્તુઓ આપણા મન અને ઇન્દ્રિયો ઉપર જે પ્રતિબિંબ પાડતી હોય છે તે જ હોય છે. મન આ પ્રતિબિંબોનો ખોટી રીતનો અર્થ ઘટાવે છે તેને લઈને વહેમ ઊભો થતો હોય છે. એ સિવાય બીજો કોઈ ભ્રમ છે જ નહિ.**

***બાળક : મધુર માતાજી, આ ભ્રમોને શું સૂક્ષ્મ દર્શનોની સાથે સરખાવી શકાય?***

**શ્રી માતાજી :** સૂક્ષ્મ દર્શન તે આપણી દૃષ્ટા ઇન્દ્રિયોને સૂક્ષ્મ રીતે દેખાતી વસ્તુઓનું દર્શન હોય છે. જે ઇન્દ્રિયને એ દર્શન થતું હોય છે તેને મળતી રીતના જગતમાં આ વસ્તુઓ સાચે સાચ આવી રહેલી હોય છે.

દાખલા તરીકે, વ્યક્તિમાં જે પ્રાણમય ભૂમિકા રહેલી છે તેને મળતું એક વિશ્વરૂપ પ્રાણમય જગત પણ આવેલું છે. માણસ જ્યારે પૂરતા પ્રમાણમાં વિકાસ પામે છે ત્યારે તેનામાં એક વ્યક્તિગત રીતનું પ્રાણમય સ્વરૂપ બંધાય છે અને તે સ્વરૂપને દૃષ્ટિ, શ્રવણ, ઘ્રાણ વગેરેની ઇન્દ્રિયો હોય છે. આ રીતે જે માણસનું પ્રાણમય સ્વરૂપ સારી રીતે વિકાસ પામેલું હોય છે તે પોતાની પ્રાણમય દૃષ્ટિ વડે

૧. એ નોંધ લેવી જરૂરી છે કે આ ભાગમાં મોટા ભાગની તારીખો લેખિત પ્રશ્નો મુજબની છે. કેટલાકવાર શ્રી માતાજી તેમના ઉત્તરો મોઢેથી તારીખ વિના આપતા હતાં. આ ભાગના અંતમાં ઘણા પ્રશ્નો અને ઉત્તરો મૌખિક છે.

સભાન રીતે પ્રાણમય જગતની અંદર જોઈ શકે છે અને પોતે જે જોયું હોય તેને યાદ રાખી શકે છે. એમાંથી સૂક્ષ્મ દર્શન બને છે.

આ પ્રમાણે બધાં જ સૂક્ષ્મ જગતોમાં પ્રાણમય, મનોમય, અધિમાનસ, અતિમાનસ જગતોમાં તથા તેમની વચ્ચે આવેલાં બીજાં જગતોમાં તથા સ્વરૂપની બીજી અંતરીમ ભૂમિકાઓ ઉપર બનતું હોય છે. આ રીતે તમને પ્રાણમય જગતનાં, મનોમય, અધિમાનસ, અતિમાનસ ઇત્યાદિ જગતોનાં સૂક્ષ્મ દર્શનો મળી શકે છે.

વળી શ્રી અરવિંદ કહે છે કે જેને ભ્રમ કહેવામાં આવે છે તે તો આપણા મન તથા આપણી સામાન્ય ઇન્દ્રિયોની પર આવેલી વસ્તુઓ મન ઉપર યા તો સ્થૂલ ઇન્દ્રિયો ઉપર જે પ્રતિબિંબ નાખતી હોય છે તે જ હોય છે. એટલે આ એક સીધેસીધું દર્શન હોતું નથી, પણ એક પ્રતિબિંબિત થયેલું ચિત્ર હોય છે અને તે સામાન્ય રીતે લોકોને સમજાતું નથી યા તો તેના ખુલાસા મળતા નથી. આમાં આ રીતની જે અનિશ્ચિતતા હોય છે તેમાંથી અવાસ્તવિકતાની છાપ ઊભી થાય છે અને હરેક રીતના વહેમો ઉત્પન્ન થાય છે. અને આને લીધે જ, પગંભીરથ લોકો અથવા તો જે લોકો પોતાને ગંભીર ગણતા હોય છે તેઓ આ ઘટનામાં કશું મહત્ત્વનું તત્ત્વ જોતા નથી અને તેમને ભ્રમ ગણી કાઢે છે. છતાં એવું બને છે કે જે લોકોને ગુહ્ય ઘટનાઓમાં રસ હોય છે તે લોકોને ઘણી વાર, પ્રથમ તો આ રીતનાં દર્શનો થવા લાગે છે, અને પછી તેમનામાં સૂક્ષ્મ દર્શન માટેની શક્તિ, જે આ દરમિયાન બંધાવા લાગેલી હોય છે, તે પ્રગટ થાય છે. પણ આ વસ્તુને તમારે સાચા સૂક્ષ્મ દર્શન સાથે ભેળસેળ કરી નાખવાની નથી. કારણ કે, આ બધી ઘટનાઓ તો, હું તમને ફરીવાર કહીશ કે એક લગભગ સંપૂર્ણ અજ્ઞાનની અવસ્થામાં જ બનતી હોય છે અને ઘણીવાર તો એમની સાથે ખૂબ ખૂબ ભૂલો જોડાયેલી હોય છે તેમ જ તેના ખોટા અર્થ ઘટાવાતા હોય છે, અને કેટલાક લોકો તો એટલા બધા બેસમજ હોય છે કે તેઓ પોતાની અનુભૂતિઓનું વર્ણન આપવા જતાં એ અનુભૂતિઓમાં ન હોય તેવી પણ ઘણી વિગતો, અને ચોક્કસ રીતનાં સૂચનો પણ એ વર્ણનમાં ઉમેરી દે છે. બુદ્ધિશાળી અને વિચારશીલ માણસો આ બધી ઘટનાઓમાં વિશ્વાસ મૂકતા નથી તેનું કારણ પણ આ જ છે.

એટલે 'સૂક્ષ્મ દર્શન' શબ્દ આપણે જે અનુભવો જ્ઞાનપૂર્ણ અવસ્થામાં અને સાચી રીતે થતા હોય તેના માટે જ વાપરીશું. અને છતાં એ વાત પણ ધ્યાનમાં રાખવા જેવી છે કે 'ભ્રમથની અંદર તેમ જ પસૂક્ષ્મ દર્શનથની અંદર જે વસ્તુ દેખાતી હોય છે તે કોઈક ખરેખર વાસ્તવિક વસ્તુ સાથે મળતી આવતી તો હોય

છે જ, જો કે કોઈ વાર એવું ઝીલાયેલું ચિત્ર ઘણું વિકૃત રીતનું હોય છે.

૨૦ જાન્યુઆરી, ૧૯૬૦

*

**(૧૬) આજકાલના અનેક વિતંડાવાદીઓની પેઠે વિચારને તમે મોટા મોટા મહા શબ્દો હેઠળ ગૂંગળાવી ન નાખશો અથવા તો જ્ઞાનસૂત્રો કે ધર્મવાક્યોની મોહિની હેઠળ જિજ્ઞાસાને ઊંઘાડી ન દેશો. તમારી શોધ હંમેશાં ચાલુ રાખો. જે વસ્તુઓ ઉતાવળી દૃષ્ટિને માત્ર અકસ્માત કે ભ્રમ જેવી લાગતી હોય છે તેનું કારણ શોધી કાઢો.**

બાળક : *મધુર માતાજી, વસ્તુઓનું કારણ કેવી રીતે શોધી શકાય? એ કામ જો મન વડે કરવામાં આવે તો તે પણ શું સત્યની આગળ એક ભ્રમ જેવું ના બની રહે ?*

**શ્રી માતાજી :** મનની અનેક ભૂમિકાઓ અથવા પ્રદેશો હોય છે. મનનો સૌથી નીચલો પ્રદેશ તે સ્થૂલ મનનો પ્રદેશ છે, એ સામાન્ય વિચારોનો પ્રદેશ છે, એ પ્રદેશ ભૂલો અને અજ્ઞાન અને જૂઠાણાથી ભરેલો હોય છે. મનનો જે સૌથી ઊંચો પ્રદેશ છે તેમાં અતિમાનસ સત્યનાં કિરણો સહજ પ્રજ્ઞાના રૂપમાં ઝીલાતાં હોય છે. આ બે અંતિમ પ્રદેશોની વચ્ચે બીજી અસંખ્ય મધ્યવર્તી ભૂમિકાઓ ક્રમબદ્ધ રીતે આવેલી છે. તે બધી એક ઉપર બીજી એમ ગોઠવાયેલી હોય છે અને એક બીજી ઉપર પોતાની અસર પાડતી રહે છે. આમાંના એક નીચલા પ્રદેશની અંદર વ્યવહારુ બુદ્ધિ આવી રહેલી છે. આ સામાન્ય બુદ્ધિ વિષે માણસ બહુ અભિમાન લેતો રહે છે અને સામાન્ય મનના લોકોને એ બુદ્ધિ જ્ઞાનનું સ્વરૂપ જ લાગતી હોય છે. જો કે એ બુદ્ધિ આમ તો પૂરેપૂરી અજ્ઞાનના પ્રદેશમાં જ કામ કરતી હોય છે. શ્રી અરવિંદ જે 'મહાશબ્દો' ની વાત કરે છે તે આ વ્યવહારુ બુદ્ધિના પ્રદેશોમાંથી આવતા હોય છે. લોકોના માનસિક વાતાવરણમાં અનેક સામાન્ય વિચારો, એના એ રીઢા શબ્દો, તદ્દન તૈયાર બનાવટનાં વાક્યો એક મગજમાંથી બીજા મગજમાં આવન જાવન કરતાં રહે છે. લોકોને પોતે જ્ઞાની છે એમ બતાવવું હોય છે ત્યારે, અથવા તો પોતે જ્ઞાની છે એમ માનતા હોય છે ત્યારે, તેઓ આ એકના એક શબ્દો ફરી ફરીને બોલતા રહે છે. આ બધું તે આ

વ્યવહારુ બુદ્ધિના પ્રદેશમાં આવતું હોય છે.

આપણી સમક્ષ જ્યારે કોઈ નવીન યા તો અણધારી ઘટના બની આવે છે અને આપણે તેનો ખુલાસો કરવા પ્રયત્ન કરતા હોઈએ છીએ ત્યારે આપણે આવા અતિશય સામાન્ય રીતના અને હલકી રીતના વિચારોમાં સરી ન જઈએ એ વિષે શ્રી અરવિંદ આપણને સાવધાન કરી આપે છે. શ્રી અરવિંદ આપણને કહે છે કે તમારી સત્ય વિષેની શોધ હંમેશાં ચાલુ રાખો, અણથક રીતે શોધ કરતા રહો, અને તે માટે તમારી ઊંચામાં ઊંચી બુદ્ધિને, વસ્તુઓનું સાચું કારણ જાણવા માટે તલસતી એ બુદ્ધિને કામે લગાડો અને શોધ ચાલુ જ રાખો. સહેલા સહેલા અને ચાલુ રીતના ખુલાસાથી સંતોષ ન માની લો, તમને એક વધારે સૂક્ષ્મ અને વધારે સાચું સત્ય મળી ન આવે ત્યાં સુધી શોધ ચાલુ જ રાખો. અને ત્યારે આપણને તરત જ એ વાત જણાઈ આવશે કે દરેક વસ્તુની પાછળ, જે વસ્તુ અકસ્માત અને ભ્રમ જેવી લાગતી હોય છે તેની પાછળ પણ, એક સજ્ઞાન સંકલ્પશક્તિ કામ કરી રહેલી છે અને તે પ્રભુના પરમ દર્શનને પ્રગટ કરી રહેલી છે.

૨૭ જાન્યુઆરી, ૧૯૬૦

*

(૧૭) **કોઈ એવો સિદ્ધાંત રજૂ કરતું હતું કે પ્રભુ તો આવા જ હોવા જોઈએ, નહિ તો પછી તે પ્રભુ હોઈ શકે નહિ. પણ મને તો એમ લાગ્યું છે કે હું તો માત્ર પ્રભુ શું છે એટલું જ જાણી શકું તેમ છું, પ્રભુએ કેવા હોવું જોઈએ એ હું તેમને કેવી રીતે કહી શકું તે મારી સમજમાં આવતું નથી. આપણી પાસે એવું કયું ધોરણ છે કે જે વડે આપણે પ્રભુ વિષે કશો નિર્ણય બાંધી શકીએ? આ બધા નિર્ણયો એ તો આપણા અહંકારની મૂર્ખતાઓ છે.**

***બાળક : મધુર માતાજી, પ્રભુ સાથે આપણને એકવાર તાદાત્મ્ય થઈ જાય તે પછી આપણા સ્થૂલ મન વડે પ્રભુને જાણી શકાય ખરા?***

**શ્રી માતાજી :** પ્રભુ સાથે સજ્ઞાનપણે તાદાત્મ્ય પ્રાપ્ત થાય તે પછી માણસના આખા સ્વરૂપ ઉપર, એના બાહ્ય ભાગો — મન, પ્રાણ અને શરીરમાં પણ, આ તાદાત્મ્યની અસર થવા માંડે છે. એમાં એવો ફેરફાર પણ માણસમાં થાય છે કે તે

કોઈક વાર તેના શારીરિક દેખાવમાં પણ દેખાઈ આવે છે. માણસના ઉપર એક પ્રભાવક અસર ઊતરી આવે છે અને તે તેના વિચારો, લાગણીઓ અને સંવેદનો ઉપર તેમ જ તેનાં કર્મો ઉપર પણ કામ કરવા લાગે છે. કેટલીક વાર સ્વરૂપની બધી જ ક્રિયાઓમાં પ્રભુની દિવ્ય હાજરીની એક નક્કર અને સતત એવી છાપ અનુભવાય છે અને એ સ્વરૂપના બાહ્ય કરણ દ્વારા પણ એ હાજરી કાર્ય કરવા લાગે છે. પણ આમાં સ્થૂલ મન પ્રભુને જાણતું થાય છે એમ કહી શકાય તેમ નથી. કેમકે મનની પોતાની જ્ઞાન મેળવવાની રીત તે પ્રભુની રીતથી જુદી છે. એ ઊલટી છે એમ પણ આપણે કહી શકીએ છીએ. સ્થૂલ મન પોતે પણ પ્રભુના દિવ્ય પ્રભાવને ઝીલી શકે છે તેમ જ તે દ્વારા રૂપાંતર પામી શકે છે. પણ જ્યાં સુધી તે સ્થૂલ મન તરીકે જ રહે છે ત્યાં સુધી તે પ્રભુને વિષે કશી સમજૂતી આપી શકતું નથી યા તો પ્રભુને સમજી પણ શકતું નથી. અને પ્રભુને જાણવાની વાત તો આથી પણ દૂર રહે છે. પ્રભુને જાણવા માટે તો આપણે પ્રભુ સાથે એકરૂપ થઈ જવાનું રહે છે અને એ માટે સ્થૂલ મને તે પોતે જે છે તે મટી જવાનું રહે છે, એટલે કે તેણે સ્થૂલ મન મટી જવાનું છે.

નીચલી ત્રિપુટી — મન, પ્રાણ અને શરીરમાં પ્રભુને જાણવાની શક્તિ એ બધાનું અતિમાનસ રૂપાંતર થાય તે પછી જ આવી શકે છે. અને આ રૂપાંતર આપણે પોતે દિવ્ય બનવાનો જે અંતિમ સાક્ષાત્કાર રહેલો છે તે સાક્ષાત્કાર આપણને મળી આવે તે પહેલાં સહેજ જ જલદી બની આવતું હોય છે.

૩ ફેબ્રુઆરી, ૧૯૬૦

*

**(૧૮) વિશ્વમાં અકસ્માત જેવું કાંઈ નથી, ભ્રમનો વિચાર એ પોતે જ એક ભ્રમ છે. માણસના મનમાં હજી લગી એવો એક પણ ભ્રમ ઊભો નથી થયો કે જેની પાછળ કોઈ સત્ય ગુપ્ત રૂપે તથા વિકૃત રૂપે આવી ન રહેલું હોય.**

***બાળકઃ મધુર માતાજી, 'ભ્રમનો વિચાર એ પોતે જ ભ્રમ છે' એનો અર્થ શો?***

**શ્રી માતાજી :** આપણે એક ભ્રમમાં આવેલા છીએ. કોઈ પણ વિચારશીલ

મનવાળો માણસ આ વસ્તુની ના નહિ પાડી શકે. પણ કેટલાકના મત પ્રમાણે આપણને જે ભ્રમ દેખાતો હોય છે તથા જેમાં આપણે રહેતા હોઈએ છીએ તેની પાછળ કોઈ જ વસ્તુ આવી રહેલી નથી, ત્યાં કેવળ શૂન્ય હોય છે, ખાલીપણું હોય છે. તો બીજા આપણને એમ કહે છે કે, આપણે જે કાંઈ જોઈએ છીએ તથા અનુભવીએ છીએ, આપણે જે જીવન જીવીએ છીએ એ એક ભ્રામક અને ભ્રમરૂપ આભાસ છે. એ બધાની પાછળ, તેનાથી પર, તેની ભીતર, એક પરમ વાસ્તવિકતા, એક શાશ્વત સત્ય આવી રહેલું છે. આપણી સામાન્ય અવસ્થામાં એ વાસ્તવિકતા, એ સત્ય આપણે જોતા નથી હોતા, પણ આપણે જો થોડીક મહેનત લઈએ અને યોગ્ય પદ્ધતિઓનો ઉપયોગ કરીએ તો તે વાસ્તવિકતાનો પણ આપણને અનુભવ થઈ શકે છે.

આ સૂત્રમાં 'ભ્રમનો વિચાર' એ શબ્દો દ્વારા શ્રી અરવિંદ તત્ત્વજ્ઞાનના એક ખાસ દર્શનની વાત કહે છે. એ દર્શન એમ કહે છે કે આ સ્થૂલ જગતને કોઈ સાચું અસ્તિત્વ છે જ નહિ. આ જગત તો અહંકાર અને ઇન્દ્રિયોની ભૂલને લીધે જન્મેલો એક માત્ર આભાસ છે અને આ ભૂલ જ્યારે ચાલી જાય છે ત્યારે એની સાથે સાથે જગત પણ ચાલી જાય છે.

શ્રી અરવિંદ, આથી ઊલટું, એમ કહે છે કે, આ આભાસોની પાછળ, વધુમાં વધુ ભ્રાન્તિ રૂપ હોય એવા આભાસોની પાછળ પણ, એક સત્ય, એક સજ્ઞાન સંકલ્પ શક્તિ આવી રહેલાં છે. અને તેના અધ્યક્ષપણા હેઠળ આ વિશ્વનો પટ ખૂલી રહેલો છે. વિશ્વની આ ગતિમાં જે જે વસ્તુ, જે જે ઘટના, જે જે પરિસ્થિતિ પ્રગટ થતી રહે છે તે તેની પહેલાં જે જે બનેલું છે તેના પરિણામ રૂપે બનેલું હોય છે તેમ જ સાથે સાથે, એની પછી જે બનનાર છે તેનું તે કારણ પણ બનતું હોય છે. અકસ્માત અને અસંગતિ એ તો માનવ ચેતનાને દેખાતો એક ભ્રામક આભાસ છે. આ માનવ ચેતના એટલી તો આંશિક અને મર્યાદિત છે કે તે વસ્તુઓનું સત્ય જોઈ શકતી નથી. પરંતુ જગતના તમામ આભાસોની પાછળ તેમ જ તેમની ભ્રાન્તિ રૂપ અસંગતિની પાછળ આ સત્ય, આ સઘન અને વાસ્તવિક એવું સત્ય આવી રહેલું જ છે.

અને શ્રી અરવિંદ પોતે જ કહે છે, 'જગત સાચું છે, આપણને એનું જે રીતનું દર્શન થાય છે તે ખોટું છે.'

૧૦ ફેબ્રુઆરી, ૧૯૬૦

*

**(૧૯) મારી પાસે એક ભેદક બુદ્ધિ હતી ત્યારે હું ઘણી વસ્તુઓમાંથી ઘૃણા પામીને પાછો ફરી જતો હતો. એ બુદ્ધિ જ્યારે જ્ઞાનમાં ખોવાઈ ગઈ ત્યાર પછી હું કદરૂપી અને ઘૃણાજનક વસ્તુઓ શોધવા આખા જગતમાં નીકળી પડ્યો, પણ મને એમાંનું કશું જડી શક્યું નહિ.**

***બાળક : મધુર માતાજી, જગતમાં શું કદરૂપી અને ઘૃણાજનક એવી કોઈ વસ્તુ ખરેખર છે જ નહિ? શું આપણી બુદ્ધિ જ આ પ્રમાણે જોતી હોય છે?***

**શ્રી માતાજી :** શ્રી અરવિંદ અહીં જે કહેવા માગે છે તે સમજાવવાને માટે માણસને એવો અનુભવ થઈ જવો જોઈએ કે પોતે બુદ્ધિથી પર થયો છે તેમ જ મનોમય બુદ્ધિ કરતાં એક વધુ ઊર્ધ્વ દુનિયામાં પોતાની ચેતનાને સ્થાપિત કરી શક્યો છે. એ ઉપરની દુનિયામાંથી તમે પહેલું તો એ જોઈ શકો છો કે, જગતમાં જે કાંઈ આવી રહેલું છે તે સચ્ચિદાનંદનો સત્, ચિત્ અને આનંદનો આવિર્ભાવ છે, અને તેથી વસ્તુઓનું બાહ્ય સ્વરૂપ ભલે ગમે તેવું હોય તો પણ તમે જો તેની પાછળ પૂરતા ઊંડાણમાં જઈ શકો તો તમને સચ્ચિદાનંદનાં દર્શન થઈ શકે છે. અને એ સચ્ચિદાનંદ તે પરમ સૌન્દર્યનું તત્ત્વ છે. બીજું એ કે, આ વ્યકિત બનેલા જગતમાં બધી જ વસ્તુઓ સાપેક્ષ છે, અને તે એટલે સુધી કે જગતમાં એવી કોઈ સુન્દરતા નથી કે જે એના કરતાં કોઈ વધુ મોટી સુંદરતા આગળ કદરૂપી ન લાગે, તેમ જ એવી કોઈ કદરૂપતા પણ નથી કે જે એના કરતાં કોઈ વધુ મોટી કદરૂપતા સાથે સરખાવતાં સુંદર ન લાગે.

તમને જ્યારે આ રીતનું દર્શન અને અનુભવ થઈ શકે ત્યારે, ઉપરના અંતિમ દૃષ્ટિબિંદુથી જોતાં, જગતની વસ્તુઓ વિષેની આપણને પડેલી છાપ કેટલી તો અતિશય સાપેક્ષ રીતની તેમ જ અવાસ્તવિક હોય છે તે તરત જ સમજાઈ જાય છે. આમ છતાં, જ્યાં સુધી આપણે બુદ્ધિની ચેતનામાં રહેલા હોઈએ છીએ ત્યાં સુધી જગતમાં જે જે કાંઈ આપણી પૂર્ણતા માટેની અભીપ્સાને, પ્રગતિ માટેના આપણા સંકલ્પને આઘાત રૂપ થતું હોય, જે જે વસ્તુમાંથી આપણે ઉપર નીકળી જવા માગતા હોઈએ, જેના ઉપર વિજય મેળવવા માગતા હોઈએ એ બધું આપણને કદરૂપું અને ઘૃણાજનક લાગતું રહે છે તો તે એક રીતે સ્વાભાવિક જ હોય છે. કારણ કે, આપણે એક ઉચ્ચ આદર્શની શોધમાં નીકળેલા છીએ અને વધુને વધુ ઊંચે ચડવા માગીએ છીએ.

અને છતાં આ બધું એક અર્ધજ્ઞાન છે, સાચા જ્ઞાનથી ઘણું દૂર દૂર છે. આ

બધું તો આ અજ્ઞાન અને અચેતનતાની અંદર જ જ્ઞાન રૂપે લાગતું હોય છે.

પરમ સત્યની અંદર દરેક વસ્તુ જુદી હોય છે અને ત્યાં પ્રત્યેક વસ્તુની અંદર પ્રભુ પ્રકાશતા હોય છે.

૧૭ ફેબ્રુઆરી, ૧૯૬૦

*

**(૨૦) પ્રભુએ મારી આંખો ખોલી આપી હતી, કેમકે હવે મને નીચમાં રહેલી ઉચ્ચતા દેખાવા લાગી છે, ઘૃણાજનકમાં રહેલી આકર્ષકતા દેખાવા લાગી છે, ખંડિતમાં રહેલી પૂર્ણતા દેખાવા લાગી છે, બીભત્સમાં રહેલી સુન્દરતા દેખાવા લાગી છે.**

આ સૂત્ર આ પહેલાંના સૂત્રના પૂરક જેવું છે, લગભગ એક ખુલાસા જેવું છે.

શ્રી અરવિંદ આપણને બહુ સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે બાહ્ય દેખાવોની પાછળ એક ભવ્ય વાસ્તવિકતા આવી રહેલી છે અને તે વાસ્તવિકતા તે બાહ્ય વિકૃતિઓનું જ તેજોમય ઊલટું સ્વરૂપ છે એમ પણ કહી શકાય. આ રીતે જ્યારે આ દિવ્ય વાસ્તવિકતા પ્રત્યે આંતર ચક્ષુઓ ખૂલી જાય છે ત્યારે એ વાસ્તવિકતા એટલી બધી જોરદાર રીતે દેખાવા લાગે છે કે જે વસ્તુ સામાન્ય દૃષ્ટિ આગળની એ વાસ્તવિકતાને સામાન્ય રીતે ઢાંકી રાખતી હોય છે, તેને તે સફળતાપૂર્વક હટાવી દે છે.

૨૪ ફેબ્રુઆરી, ૧૯૬૦

*

**(૨૧) ક્રિશ્ચિયનો અને વૈષ્ણવો ક્ષમાના તત્ત્વની બહુ પ્રશંસા કરે છે, પણ હું તો પૂછું છું કે મારે શાની ક્ષમા આપવાની છે અને કોને?**

***બાળક : મધુર માતાજી, આપણે જ્યારે પ્રભુ પાસે ક્ષમા માગીએ છીએ ત્યારે શું તે હંમેશાં આપે છે?***

**શ્રી માતાજી :** શ્રી અરવિંદ પોતે જ પ્રભુનો જવાબ આપે છે : 'કોને ક્ષમા

**આપવાની છે અને શાની?' પ્રભુ જાણે છે કે વિશ્વમાં બધું જ પોતે છે અને તેથી જગતમાંનાં બધાં જ કાર્યો તેના પોતાનાં જ છે, બધા જ પદાર્થો તે પોતે છે. તમારે કોઈને ક્ષમા આપવાની હોય તો તમે તેનાથી જુદા હોવા જોઈએ અને જે વસ્તુની ક્ષમા આપવાની હોય તે તમારાથી ભિન્ન એવા બીજા કોઈ માણસે કરેલી હોવી જોઈએ.**

સાચું કહીએ તો, માણસ જ્યારે ક્ષમા માગતો હોય છે ત્યારે તેણે જે કાંઈ કર્યું હોય તેનાં ખરાબ પરિણામો આવે નહિ એવી તે આશા રાખતો હોય છે. પણ એ વસ્તુ તો થયેલી ભૂલનાં જે કારણો હોય તે પોતે દૂર થઈ જાય ત્યારે જ બની શકે છે. તમે જો અજ્ઞાનમાંથી ભૂલ કરી હોય તો તે અજ્ઞાન ચાલી જવું જોઈએ. તમે જો કોઈ દુષ્ટ ભાવમાંથી ભૂલ કરી હોય તો એ દુષ્ટ ભાવ ચાલી જવો જોઈએ અને તેને બદલે શુભ ભાવ આવવો જોઈએ. તમે એક સાદો પસ્તાવો કરી લો તે ન ચાલે, એની સાથે તમારે એક ડગલું આગળ વધવું જોઈએ.

કારણ કે જગત તો સતત વિકાસ પામી રહેલું છે, કોઈ પણ વસ્તુ સ્થિર ઊભેલી નથી. હરેક વસ્તુ સતત બદલાઈ રહેલી છે, આગળ અથવા તો પાછળ જઈ રહેલી છે. જે વસ્તુઓ કે કાર્યો આપણને પાછળ લઈ જાય તેવાં હોય છે તે આપણને ખરાબ લાગે છે. એ બધાંનો માત્ર એક જ ઇલાજ છે અને તે એ કે છેક મૂળમાંથી એક ડગલું આગળ ભરો, પ્રગતિ કરો. તમારું આ રીતનું નૂતન પ્રસ્થાન જ પીછેહઠ કરાવતી ક્રિયાનાં પરિણામોને નાબૂદ કરી શકે છે.

એટલે પ્રભુ પાસેથી આપણે એક અસ્પષ્ટ અને ખાલી ક્ષમા માગવાની નથી, પણ જે પ્રગતિ કરવાની જરૂર છે તે માટેની શક્તિ માગવાની છે. તમારું આંતરિક રૂપાંતર થાય એ જ એક વસ્તુ તમે કરેલાં કાર્યનાં પરિણામોને નાબૂદ કરી શકે છે.

૨ માર્ચ, ૧૯૬૦

*

**(૨૨) પ્રભુએ મને માણસના હાથ વડે ફટકો માર્યો, તો શું હું એમ કહીશ કે, 'ઓ પ્રભુ, તારી આ ઉદ્ધતાઈ હું માફ કરું છું?'**

**(૨૩) પ્રભુએ મને એક ફટકો મારી મારું ભલું કર્યું. શું હું એમ કહીશ કે હે, સર્વશક્તિમાન પ્રભુ, તેં કરેલું નુકસાન અને ક્રૂરતા હું તને માફ**

**કરું છું, પણ ફરીથી એવું ન કરીશ?**

***બાળક : મધુર માતાજી, 'પ્રભુએ મને માણસના હાથ વડે ફટકો માર્યો' એનો અર્થ શો થાય છે?***

**શ્રી માતાજી :** આ બે સૂત્રોમાં પ્રત્યેક પદાર્થ અને પ્રત્યેક વ્યક્તિમાં પ્રભુનું જે દિવ્ય સાંનિધ્ય આવી રહેલું છે એ વાત જણાવવામાં આવી છે, તથા આની પહેલાંના જ સૂત્રમાં જે વિચાર મૂકવામાં આવેલો છે કે પ્રભુ પોતે જ સર્વ વસ્તુઓના કર્તા છે એ વિચારને આગળ વિસ્તારવામાં આવ્યો છે.

'પ્રભુએ મને માણસના હાથ વડે ફટકો માર્યો,' એ વાક્યને આ રીતે વાંચવાનું અને સમજવાનું છે. તમને જો બાહ્ય દેખાવો સિવાય બીજું કાંઈ જ દેખાતું ન હોય તો પછી એમાં એક માણસ બીજા માણસને ફટકો મારતો હોય એટલું જ રહે છે. પણ જે માણસને સત્યનું દર્શન અને જ્ઞાન થયેલું છે તેને તો આમાં પરમાત્મા પોતે જ માણસના હાથ ઉપર ફટકો મારતા લાગે છે અને એમાંથી જેના પર એ ફટકો પડતો હોય છે તેનું જરૂર ભલું જ થતું હોય છે, એટલે કે, એ ફટકો માણસની ચેતનામાં એક પ્રગતિ લાવી આપે છે. જગતમાંની હરેક વ્યક્તિ પ્રભુની ચેતના પ્રત્યે જાગૃત બની રહે એ જ આ સૃષ્ટિનું અંતિમ લક્ષ્ય છે.

એકવાર તમને આ વસ્તુ સમજાઈ જાય તો પછી આ બે સૂત્રોનો બાકીનો ભાગ તો સહેલાઈથી સમજાઈ જશે.

પ્રભુએ આપણું જે ભલું કર્યું છે તે માટે શું આપણે તેને માફી આપીશું અને શું એમ કહીશું કે તે એવું ફરી ના કરે ?

આવી રીતના સિદ્ધાંતમાં કેટલો તો આંતર-વિરોધ અને મૂર્ખતા રહેલાં છે તે દેખાઈ આવે તેવી વાત છે.

૯ માર્ચ, ૧૯૬૦

*

**(૨૪) મારા પર જ્યારે દુર્ભાગ્ય આવી પડે છે અને હું દુઃખી થાઉં છું અને તેને અનિષ્ટ ગણું છું અથવા તો મને ઈર્ષા અને નિરાશા થાય છે ત્યારે મને જણાય છે કે મારી અંદર પેલો શાશ્વત મૂર્ખ જાગૃત બન્યો છે.**

***બાળક : મધુર માતાજી, આ દુર્ભાગ્ય એ શું વસ્તુ છે અને તે શા માટે આવતું હોય છે?***

**શ્રી માતાજી :** તમે જ્યારે કોઈ પરિણામ મેળવવા માટે કર્મ કરતા હો અને જે પરિણામની તમે આશા રાખી હોય તે આવે નહિ તો તેને દુર્ભાગ્ય કહેવામાં આવે છે. સામાન્ય રીતે તો, જે જે ઘટનાઓ અણધારી રીતે બની આવતી હોય છે અથવા તો ભય ઉત્પન્ન કરતી હોય છે તે બધીને માણસ દુર્ભાગ્ય તરીકે ગણે છે. આ દુર્ભાગ્ય શા માટે આવતું હોય છે? દરેક પ્રસંગમાં એનું કારણ જુદું જુદું હોય છે. અથવા એમ કહો કે બનાવ બની ગયા પછી વસ્તુઓનો ખુલાસો મેળવવાની જરૂર ઊભી થાય છે અને પછી આપણે એ શા માટે બન્યું એનાં કારણો શોધવા લાગીએ છીએ. પણ ઘણીખરી વાર તો એ સંજોગોનો આપણે જે ક્યાસ બાંધ્યો હોય છે તે આંધળો અને ભૂલ ભરેલો હોય છે. આપણા ચુકાદાઓ અજ્ઞાનમાંથી આવતા હોય છે. એ તો અમુક વખત પછી, અને કોઈ કોઈ વાર તો ઘણા સમય પછી, આપણે અમુક જરૂરના અંતરે ઊભા રહેતા થઈએ છીએ અને પરિસ્થિતિઓની આખી સાંકળને અને તેના આખા પરિણામને જોતા થઈએ છીએ અને એમાંથી પછી બધી વસ્તુઓને તે ખરેખર જે રીતની હતી તે રીતે જોવા પામીએ છીએ, ત્યારે જ આપણને દેખાય છે કે જે વસ્તુ આપણને ખરાબ લાગતી હતી તે તો સાચેસાચ ઘણી જ ઉપયોગી વસ્તુ હતી અને આપણને જોઈતી પ્રગતિ કરવામાં તેણે મદદ કરેલી છે.

શ્રી અરવિંદ જે માણસ અવિદ્યા અને કામનામાં ડૂબેલા હોય છે અને દરેક વસ્તુનો વિચાર પોતાના સંકુચિત અને મર્યાદિત અહંના દૃષ્ટિબિંદુમાંથી જ કરતો રહે છે તેને 'શાશ્વત મૂર્ખ' કહે છે. વસ્તુઓને તમારે ખરેખરી રીતે અને સાચી રીતે સમજવી અને અનુભવવી હોય તો તમારે વિશ્વરૂપ દૃષ્ટિ મેળવવાની રહે છે અને પ્રત્યેક વસ્તુ અને પ્રત્યેક પરિસ્થિતિમાં રહેલી પ્રભુની દિવ્ય હાજરી અને સંકલ્પશક્તિ પ્રત્યે જાગૃત બનવાનું રહે છે.

ત્યારે આપણને ખબર પડે છે કે, આપણે જો આધ્યાત્મિક દૃષ્ટિબિંદુમાં ઊભા રહી શકીએ અને કાળના ઉકલતા જતા પટમાં આપણાં કદમ રાખી શકીએ તો, આપણા જીવનમાં જે કાંઈ ઘટના બનેલી હોય છે તે હંમેશાં આપણા ભલાને ખાતર જ બનેલી હોય છે.

૧૬ માર્ચ, ૧૯૬૦

*

**(૨૫) હું જ્યારે બીજા માણસોને દુઃખી થતાં જોઉં છું ત્યારે મને થાય છે કે હું કમનસીબ છું. પણ જે જ્ઞાન મારી પાસે નથી તેને તો જે શુભ વસ્તુ આવી રહેલી છે તે દેખાય છે અને તે સંમતિ આપે છે.**

***બાળક : મધુર માતાજી, આ જ્ઞાન કયું છે?***

**શ્રી માતાજી :** એ એક પરમ જ્ઞાન છે. પરમાત્મા પાસે જે જ્ઞાન છે તે, એ જ્ઞાન દ્વારા વર્તમાન, ભૂત અને ભાવિ ત્રણે એકસરખી રીતે દેખાય છે. એ જ્ઞાન બધાં જ પરિણામોનાં કારણો જાણતું હોય છે અને બધાં જ કારણોનાં પરિણામો જાણતું હોય છે. એ જ્ઞાનને જગતની તમામ પરિસ્થિતિઓ, તેમના સમગ્ર રૂપે એકી સાથે જોતાં, પ્રભુને ક્રમે ક્રમે પ્રકટ કરવા માટેના પ્રકૃતિના એક ભવ્ય પુરુષાર્થ રૂપે દેખાય છે, દિવ્ય પૂર્ણતા પ્રત્યે પ્રકૃતિના થઈ રહેલા એક ઊર્ધ્વ આરોહણ રૂપે દેખાય છે. 'આવી રહેલું શુભ' તે આ છે. એના પ્રત્યે દરેક વસ્તુ જઈ રહેલી છે અને એટલા માટે સાચું જ્ઞાન પ્રત્યેક વસ્તુને સંમતિ આપતું હોય છે.

આપણામાં દૃષ્ટિની જે અતિશય સંકુચિતતા હોય છે, આપણા જ્ઞાનની જે અતિશય મર્યાદિતતા હોય છે તથા આપણાં જે ખોટે રસ્તે ચડી ગયેલાં સંવેદનો હોય છે એને લીધે જ જે વસ્તુ પ્રગતિ માટેની શક્યતા જેવી, પ્રગતિ માટેના નિમિત્ત જેવી હોય છે તે આપણે માટે દુઃખરૂપ બની જાય છે.

અને આ વસ્તુ સાચી છે એની સાબિતી એ છે કે જે ક્ષણે આપણે સમજવા લાગીએ છીએ અને સહકાર કરવા લાગીએ છીએ તે જ ક્ષણે દુઃખ ચાલ્યું જાય છે.

૨૩ માર્ચ, ૧૯૬૦

*

**(૨૬) એક ગુનેગારને ફાંસીએ ચડાવવા માટે લઈ જવામાં આવતો હતો ત્યારે સર ફિલિપ સિડનીએ કહેલું, "પ્રભુની કૃપા ન હોત તો સર ફિલિપ આમ જ જતા હોત." એમનામાં જો વધુ જ્ઞાન હોત તો એમણે એમ કહ્યું હોત, "પ્રભુની કૃપા હોત તો સર ફિલિપ સિડની આમ જતા હોત."**

***બાળક : મધુર માતાજી, આ સૂત્રનો અર્થ મને સમજાતો નથી.***

**શ્રી માતાજી :** સર ફિલિપ સિડની એક રાજપુરુષ અને કવિ હતા. જીવનમાં એમને ઘણી સફળતાઓ મળેલી હતી છતાં, તેઓ ઘણા વિનમ્ર માણસ રહ્યા હતા. એક વખત એક ગુનેગારને ફાંસીએ ચડાવવા માટે લઈ જવાતો જોઈને એમણે, શ્રી અરવિંદે આ સૂત્રમાં ટાંકેલું પ્રખ્યાત વાક્ય ઉચ્ચાર્યું હતું. એ વાક્યને બીજા શબ્દોમાં આ પ્રમાણે મૂકી શકાયઃ 'પ્રભુની કૃપા ન હોત તો મારી પણ આવી દશા થઈ શકત.' શ્રી અરવિંદ કહે છે કે જો સર ફિલિપમાં વધુ જ્ઞાન હોત તો તેમણે આમ કહ્યું હોત કે, 'પ્રભુની કૃપાને લીધે મારી આવી દશા થઈ શકત,' કેમકે જગતમાંની દરેક વસ્તુ પાછળ, દરેક ઘટના પાછળ, એ વસ્તુ કે ઘટના પ્રતિ આપણને પ્રત્યાઘાત પછી ભલે ગમે તે રીતનો હોય, એ ભલે શુભ કે અશુભ દેખાતી હોય, ખરા આપત્તિ રૂપ કે આશીર્વાદ રૂપ દેખાતી હોય, તો પણ તેની પાછળ હંમેશાં અને સર્વત્ર પ્રભુકૃપા તો આવી રહેલી જ છે.

અને સર ફિલિપ સિડની જો યોગી હોત તો તેમને માનવ એકતાની અનુભૂતિ થઈ હોત અને એમને એ વસ્તુ સઘન રીતે અનુભવવા મળી હોત કે જેને ફાંસીએ લઈ જવામાં આવે છે તે પોતે જ છે, અથવા તો પોતાના સ્વરૂપનો જ એક ભાગ છે. અને સાથે સાથે એમને એ પણ જણાયું હોત કે જગતમાં જે કાંઈ બને છે તે બધું પ્રભુની કૃપાથી જ બને છે.

૩૦ માર્ચ, ૧૯૬૦

*

**(૨૭) પ્રભુ તો મહાક્રૂર જુલમગાર છે, કેમકે એ પ્રેમ સ્વરૂપ છે. તમને આ વસ્તુ સમજાતી નથી કારણ કે તમે કૃષ્ણને જોયા નથી, અને તેમની સાથે રમ્યા નથી.**

***બાળક : મધુર માતાજી, કૃષ્ણ સાથે રમવું એનો અર્થ શો? 'પ્રભુ મહાક્રૂર જુલમગાર છે' એનો અર્થ શો હશે?***

**શ્રી માતાજી :** કૃષ્ણ તે જગતમાં વ્યાપી રહેલા પરમાત્મા છે, પ્રત્યેક વ્યક્તિ અને પ્રત્યેક વસ્તુમાં તે એક દિવ્ય સાંનિધ્ય રૂપે આવી રહેલા છે. વળી કૃષ્ણ

તે પરમાત્માના આનંદ અને પ્રેમનું પરમ સ્વરૂપ પણ છે. તે એક સ્મિત ભરેલી પ્રેમળતા સ્વરૂપ છે, વિનોદ ભરેલા આનંદ રૂપ છે. તેઓ એકી સાથે રમતના રમનાર છે, રમત છે અને રમતના ભેરુ છે. આ રમતને જ્યારે એનાં પરિણામો સાથે આપણે પૂરેપૂરી જાણી લઈએ છીએ, એની કલ્પના બાંધી લઈએ છીએ, એ માટે સંકલ્પ કરીએ છીએ, એની રચના કરીએ છીએ અને જ્ઞાનપૂર્વક એને પૂરેપૂરી ખેલી લઈએ છીએ ત્યારે પછી એમાં રમતના આનંદ સિવાય બીજું કશું રહેવા પામતું નથી. એટલે કૃષ્ણને જોવા એટલે કે અંતરમાં રહેતા પ્રભુને શોધી કાઢવા, કૃષ્ણની સાથે રમવું એટલે આ આંતર દિવ્યતા સાથે એકરૂપ થઈ જવું અને એમની ચેતનામાં સહભાગી બનવું. તમે જ્યારે આ સ્થિતિમાં પહોંચો છો ત્યારે તરત જ આ દિવ્ય લીલાના પરમ આનંદમાં પહોંચી જાઓ છો અને પ્રભુ સાથેની તમારી એકતા જેટલી વધુ સંપૂર્ણ હશે તેટલી તમારી સ્થિતિ વધુ સંપૂર્ણ બનશે.

પરંતુ ચેતનાનો કોઈ ખૂણો જો પોતામાં સામાન્ય રીતની દૃષ્ટિ પકડી રાખે, સામાન્ય રીતની સમજણ અને સામાન્ય રીતનાં સંવેદનોને પકડી રાખે તો પછી તમને બીજા લોકો દુઃખી થતા દેખાશે, આટલું બધું દુઃખ ઉત્પન્ન કરનારી લીલા તમને ઘણી ક્રૂર લાગશે અને તમે આ બધામાંથી એવો અર્થ તારવશો કે જે પ્રભુને આવી રમતમાં મજા પડતી હોય તે એક મહા જુલમગાર હોવો જોઈએ. પણ આથી ઊલટું, તમને જ્યારે પ્રભુ સાથે તાદાત્મ્યનો અનુભવ થાય છે ત્યારે તમે પ્રભુ પોતાની રમતમાં જે અપાર અને અદ્‌ભુત પ્રેમ પૂરી રહેલા હોય છે તે ભૂલી શકતા નથી. તમને પછી સમજાય છે કે આપણે જે નિર્ણય બાંધેલો હોય છે તે આપણી દૃષ્ટિની મર્યાદામાંથી જ બાંધેલ હોય છે; તમે જુઓ છો કે પ્રભુ તે એક ઉદાર જુલમગાર નથી, પણ એક મહા દિવ્ય પ્રેમ સ્વરૂપ છે. જગત તથા માણસો પૂર્ણતા તરફની યાત્રામાં ક્રમે ક્રમે આગળ જઈ રહેલાં છે તેમને તેમાં પ્રભુ ઝડપીમાં ઝડપી માર્ગે આગળ લઈ જવાનું કામ કરે છે. આ પૂર્ણતા જો કે હમેશાં સાપેક્ષ રીતની જ હોય છે અને તેને વટાવીને હંમેશાં આગળ જઈ શકાય છે.

પણ એક દિવસ એવો આવશે જ્યારે આ યાત્રામાં વેગ લાવવાને માટે આ બહારની નજરે દુઃખરૂપ દેખાતી વસ્તુની જરૂર રહેશે નહિ અને વધુને વધુ સંવાદિત રીતે અને આનંદપૂર્વક તે પ્રગતિ કરી શકશે.

૬ એપ્રિલ, ૧૯૬૦

*

**(૨૮) કોઈએ નેપોલિયનને જુલમગાર અને ગળાં રહેંસનાર શહેનશાહ તરીકે વર્ણવ્યો છે, પરંતુ મને તો એનામાં આખા યુરોપ પર ફરી વળતા શસ્ત્રધારી પ્રભુનાં દર્શન થયાં.**

***બાળક : મધુર માતાજી, પૃથ્વીના વિકાસ માટે યુદ્ધો શું જરૂરી વસ્તુઓ છે?***

**શ્રી માતાજી :** માનવ વિકાસને અમુક તબક્કે, યુદ્ધ અનિવાર્ય હોય છે. પ્રાગૈતિહાસિક કાળમાં આખું જીવન યુદ્ધમય રહેલું; અને છેક આપણા સમય સુધીનો માનવ જીવનનો ઇતિહાસ પણ એક લાંબી યુદ્ધોની વાર્તાઓ જેવો છે. ચેતનામાં સંઘર્ષ અગ્રભાગે હોય અને અહંકારી હુમલાખોર વૃત્તિ પણ રહેલી હોય તેવી ચેતનાની અવસ્થાનું સ્વાભાવિક પરિણામ યુદ્ધોમાં જ આવે છે. અને અત્યારના સમયમાં પણ, મનુષ્યો શાંતિ માટે જ્યારે કેટલાક પ્રયત્નો કરી રહ્યા છે ત્યારે પણ, આપણને કોઈ એવી વસ્તુ પ્રાપ્ત થઈ નથી કે જેને લઈને આપણને ખાતરી થાય કે યુદ્ધની વિભિષિકા એ હવે કોઈ અનિવાર્ય વસ્તુ નથી રહી. હકીકતમાં જોતાં, આજના સમયમાં પણ પૃથ્વી ઉપરનાં અનેક સ્થળોએ ખુલ્લું કે છૂપું યુદ્ધ ચાલી રહ્યું હોય તેવું નથી?

એ સિવાય પણ, પૃથ્વી ઉપર જે કાંઈ બને છે તેનાથી તેનો વિકાસ થાય છે. એટલે કે યુદ્ધો પણ હિંમત, સહનશક્તિ, અને નીડરતા પ્રાપ્ત કરવાની તાલીમ આપનારી શાળાઓની ગરજ સારે છે. યુદ્ધોને લઈને, જે ભૂતકાળનો સમય પૂરો થઈ ગયો હોય તે જો પોતાનું સ્થાન છોડીને નવી વસ્તુઓને સ્થાન ન આપવા માગતો હોય તો પછી કુરુક્ષેત્રમાં એક દમનકારી અને વિનાશક પ્રજાનો નાશ કરીને ન્યાયનું સામ્રાજ્ય સ્થાપવામાં યુદ્ધે સહાય કરેલી તેમ યુદ્ધો પણ વિકાસમાં ઉપયોગી થઈ શકે છે. ભયની હાજરીને લઈને ચેતનામાં રહેલી અત્યંત તામસિક બેફિકરાઈ અને ગાઢ નિદ્રામાં પડી ગયેલી શક્તિઓને ઢંઢોળીને જાગ્રત કરે છે. છેવટે, એક વિરોધાભાસ ઊભો કરીને અને યુદ્ધમાં જે ભયંકરતા રહેલી હોય છે તેનો ખ્યાલ આપીને પરિવર્તન માટેના એવા પાશવ અને હિંસક રીતના સાધનને બદલે કોઈ અન્ય પ્રકારનું પરિવર્તનનું સાધન શોધવાને માટે મનુષ્યની દૃષ્ટિને ખોલી આપે છે.

કારણ કે, પૃથ્વીની ઉત્ક્રાંતિ માટે જે કાંઈ બિનજરૂરી હોય છે તે આપોઆપ જ વિનાશ પામે છે.

૧૩ એપ્રિલ, ૧૯૬૦

***બાળક : મધુર માતાજી, આપે એમ કહ્યું કે, "જે ભૂતકાળનો સમય થઈ ચૂક્યો હોય અને જે નૂતન વસ્તુઓને સ્થાન આપવા માટે અદૃશ્ય થઈ જવાનો ઈનકાર કરતો હોય, તેનો વિનાશ કરવા માટે યુદ્ધોની જરૂર છે." તો હવે તો અતિમાનસ ચેતના પૃથ્વી ઉપર ઊતરી આવેલી છે. એટલે જગતની અત્યારની પરિસ્થિતિમાં પરિવર્તન લાવવા માટે શું યુદ્ધોની જરૂર છે ખરી?***

**શ્રી માતાજી :** એમાં પૃથ્વી ઉપરનાં રાષ્ટ્રોમાં કેટલી ગ્રહણશીલતા છે તેના ઉપર આધાર રહે છે. જો તેઓ નવીન શક્તિઓના પ્રભાવ પ્રત્યે વિશાળ થઈને સત્વરે ખુલ્લાં બને અને જો તેઓ તેમના ખ્યાલો અને કાર્યોમાં પૂરતી ઝડપથી પરિવર્તન લાવે તો યુદ્ધોની જરૂર ન રહે. પરંતુ એ હંમેશાં ઉપર તોળાઈને ભયજનક રીતે ઝઝૂમી રહેલું રહે છે; જે જે કોઈ ભૂલ કરવામાં આવે છે, ચેતનાને જેટલા પ્રમાણમાં તમોગ્રસ્ત થવા દેવામાં આવે છે તેટલા પ્રમાણમાં આ ભય વધી રહે છે.

અને છતાં દરેક વસ્તુની બાબતમાં, અંતે તો, પ્રભુની કૃપા ઉપર આધાર રહે છે અને આપણે વિશ્વાસ અને સરળતાપૂર્વક ભાવિ પ્રત્યે નજર રાખીને શક્ય તેટલા પ્રમાણમાં ઝડપી પ્રગતિ કરતા રહેવું જોઈએ.

૧૫ એપ્રિલ, ૧૯૬૦

*

## (૨૯) પાપ શું છે અને પુણ્ય શું છે તે હું ભૂલી ગયો છું. હું તો માત્ર પ્રભુને જોઈ શકું છું, જગતમાં તેની લીલાને અને માનવજાતિમાં તેના સંકલ્પને જોઈ શકું છું.

***બાળક : મધુર માતાજી, જો દરેક વસ્તુ તે પ્રભુનો સંકલ્પ જ હોય તો પછી અંગત સંકલ્પ શા કામનો રહે છે?***

**શ્રી માતાજી :** વિશ્વની અંદર અને ખાસ કરીને પૃથ્વી ઉપર પ્રત્યેક વસ્તુ પ્રભુની દિવ્ય યોજનાનું જ એક અંગ છે. પ્રકૃતિ એ દિવ્ય યોજનાને અમલમાં લાવી રહી છે અને એ યોજનાને પૂર્ણ કરવા માટે હરેક વસ્તુની જરૂર રહે છે. વ્યક્તિની જે અંગત સંકલ્પશક્તિ છે તે પ્રકૃતિનું તેના પોતાના કાર્ય માટેનું

એક અનિવાર્ય સાધન છે. એટલે અંગત સંકલ્પશક્તિ તે કોઈક રીતે પ્રભુની સંકલ્પશક્તિનો જ એક ભાગ બની રહે છે.

પરંતુ આ વસ્તુને સાચી રીતે સમજવા માટે સંકલ્પશક્તિ શબ્દને જે અર્થ આપવામાં આવેલો છે તે આપણે સ્વીકારવો જોઈએ.

સંકલ્પશક્તિ, સામાન્ય રીતે સમજવામાં આવે છે તે મુજબ, તે એક વિકાસ પામ્યે જતો વિચાર છે. એમાં પછી એક બળ, અને સિદ્ધિ માટેની શક્તિ ઉમેરાય છે અને તેની સાથે એક કાર્યસાધક વૃત્તિ જોડાય છે. આ છે માનવની સંકલ્પશક્તિનું વર્ણન. પ્રભુની સંકલ્પશક્તિ એ એક જુદી વસ્તુ છે. એ એક દર્શનરૂપ હોય છે અને તેની સાથે તેનો સાક્ષાત્કાર કરવાની શક્તિ જોડાયેલી હોય છે. પ્રભુની સંકલ્પશક્તિ સર્વજ્ઞ અને સર્વ શક્તિમાન હોય છે, એ અવિરોધ્ય હોય છે, એ એકદમ અમલમાં આવતી હોય છે.

માનવની સંકલ્પશક્તિ અચોક્કસ હોય છે, ઘણીવાર ડોલંડોલા થતી હોય છે, એનાથી ઊલટી રીતની સંકલ્પશક્તિઓ સાથે તે હંમેશાં અથડાતી રહે છે. એ જ્યારે કોઈ કોઈ કારણે પ્રકૃતિની સંકલ્પશક્તિ સાથે, અને પ્રકૃતિની આ સંકલ્પશક્તિ તે પ્રભુની સંકલ્પશકિતનું જ એક રૂપ હોય છે તેની સાથે, મેળમાં આવતી હોય છે, યા તો પ્રભુની કૃપાના પરિણામે કે યોગને લીધે પ્રભુની સંકલ્પશક્તિ સાથે જ મેળમાં આવી જતી હોય છે ત્યારે જ તેને સફળતા મળતી હોય છે.

એટલે એમ કહી શકાય કે અંગત સંકલ્પશક્તિ તે પ્રભુના હાથમાંનું એક સાધન છે અને પ્રભુ આપણને તેમની પાસે પાછા લઈ જવા માટે એ સાધનનો ઉપયોગ કરતા રહે છે.

૨૦ એપ્રિલ, ૧૯૬૦

*

**(૩૦) મેં એક બાળકને ધૂળમાં આળોટતું જોયું અને એને જ મેં એની માએ સાફ કરેલું અને ચોખ્ખુંચટ ચમકદાર જોયું, પરંતુ એ દરેક વખતે હું તેની પૂર્ણ પવિત્રતા સમક્ષ કંપી રહેલો હતો.**

***બાળક : મધુર માતાજી, 'બાળક જ્યારે મોટું થાય ત્યારે પણ શું તે પોતાની પવિત્રતા સાચવી રાખી શકે ખરું?'***

**શ્રી માતાજી :** સિદ્ધાંતની રીતે જોતાં આ વસ્તુ અશક્ય નથી. શહેરો અને સંસ્કૃતિઓ અને સંસ્કારિતાઓથી દૂરના પ્રદેશમાં જન્મેલા હોય એવા લોકો હોઈ શકે છે અને તેમની આ નૈસર્ગિક પવિત્રતા તેમને પાર્થિવ શરીરમાં મળેલા આખા જન્મ-પર્યંત જળવાઈ રહે છે. મનની ક્રિયાઓ દ્વારા તેમના આત્માની પવિત્રતા ઢંકાઈ જતી નથી હોતી.

શ્રી અરવિંદ અહીં જે પવિત્રતાની વાત કરે છે તે માણસમાં રહેલી સહજ-વૃત્તિની પવિત્રતા વિષે છે. એ સહજવૃત્તિ પ્રકૃતિની પ્રેરણાને આધીન બનીને વર્તતી હોય છે, આપોઆપ જ, કશી પણ ગણતરી કર્યા વિના, પ્રશ્ન કર્યા વિના, એ પ્રેરણા સારી છે કે ખરાબ, પોતે કરે છે તે ખરું છે કે ખોટું, પુણ્ય છે કે પાપ, એનું પરિણામ અનુકૂળ આવશે કે પ્રતિકૂળ — એવો કોઈ પણ સવાલ કર્યા વિના, ત્યારે તે પવિત્ર જ હોય છે. આ બધા ખ્યાલો જયારે માનસિક અહંકાર પ્રગટ થાય છે અને તે ચેતનાની અંદર એક ઘણું ઊંચું સ્થાન ધરાવતો થઈ જાય છે અને આત્માની સાહજિકતાને ઢાંકી દે છે ત્યારે જ માણસમાં ઊભા થાય છે.

અત્યારના 'સંસ્કારી' જીવનમાં, માબાપો અને શિક્ષકોએ પોતાના તરફથી 'સદુપદેશો' આપી આપીને આ સાહજિકતાને ખૂબ જ ઝડપથી દાટી દીધેલી છે. આ સહજિકતાને તેઓ એક અચેતનતા તરીકે ઓળખાવે છે અને તેને સ્થાને તેમણે એક માનસિક અહંને ગોઠવી દીધો છે. એ અહં ઘણો જ નાનકડો, સંકુચિત, મર્યાદિત, પોતાના તરફ જ વળેલો, ભૂલો અને પાપ અને સજાના ખ્યાલોથી અથવા તો અંગત રીતનાં હિતો અને ગણતરી અને લાભના ખ્યાલોથી ભરેલો હોય છે. અને આ બધામાંથી અનિવાર્ય રીતે એ પરિણામ આવે છે કે દમન અને ભય કે પોતાના મતની સ્થાપનાને લીધે પ્રાણની વાસનાઓ વધી જાય છે.

અને છતાં તમારે જો પૂર્ણ બનવું હશે તો, આપણે એ વાત કહેવી પડશે કે, મનુષ્યે એક મનોમય વ્યક્તિ તરીકે પોતાના વિકાસક્રમની ગતિમાં આ અચેતન રીતની અને સહજ પ્રાપ્ત પવિત્રતાને જેવી રીતે તેણે પશુની પવિત્રતાને પાછળ મૂકી દીધી તેવી રીતે પાછળ મૂકી દેવી પડશે. અને એ વિકાસક્રમમાં મનની વિકૃતિનો તથા અપવિત્રતાનો અનિવાર્ય રીતે જે ગાળો આવે છે તેમાંથી પસાર થઈ જઈને મનથી ઉપર ચાલ્યા જવું પડશે અને ત્યાં આવેલી દિવ્ય ચેતનાની ઊર્ધ્વ અને તેજોમય પવિત્રતામાં પહોંચવું પડશે.

૨૭ એપ્રિલ, ૧૯૬૦

*

**(૩૧) અમુક વસ્તુ તો સાચી છે એમ હું માનતો રહ્યો છું અથવા એવી મેં ઇચ્છા સેવેલી છે. પણ મેં જોયું છે કે એ પ્રમાણે બન્યું નથી. એટલે એ વાત તો સ્પષ્ટ છે કે આ જગતનું સંચાલન કોઈ સર્વજ્ઞ શક્તિના હાથમાં તો નથી જ. કોઈ આંધળું અકસ્માતનું તત્ત્વ અથવા તો કોઈ નિષ્ઠુર એવો કાર્યકારણનો નિયમ જ જગતને ચલાવી રહ્યો છે.**

***બાળક : મધુર માતાજી, કેટલાક માણસોની બાબતમાં એવું બનતું જોવામાં આવે છે કે તેઓ પોતાને માટે જે વસ્તુને ઈષ્ટ ગણતા હોય છે કે તે માટે ઇચ્છા કે અભીપ્સા કરતા હોય છે તેનાથી બધું ઊલટી રીતે જ થતું હોય છે. એથી તેઓ ઘણીવાર નિરાશ થઈ જાય છે. એવા લોકોની પ્રગતિ માટે આ વસ્તુ જરૂરની છે ખરી?***

**શ્રી માતાજી :** પ્રગતિને માટે નિરાશા કદી જરૂરની વસ્તુ નથી. નિરાશા એ તો હંમેશાં નિર્બળતા અને તમસ્‌નું લક્ષણ છે. ઘણીવાર તો એ એક વિરોધી શક્તિની, એટલે કે ખાસ હેતુપૂર્વક સાધનાની વિરુદ્ધમાં કામ કરતી કોઈ શક્તિની હાજરી સૂચવતી હોય છે.

એટલે જીવનના સંયોગો ગમે તેવા હોય તો પણ તમારે કદી પણ નિરાશામાં ન સરી પડાય એ બાબત સાવધાન રહેવું જોઈએ. વળી માણસને આ નિરાશ થઈ જવાની, ઉદાસ, નિરુત્સાહ થઈ જવાની જે ટેવ પડેલી છે તે કાંઈ માણસની પરિસ્થિતિને લીધે બનતું હોય છે એમ નથી. માણસની પ્રકૃતિમાં જ શ્રદ્ધાનો એક અભાવ હોય છે અને તેથી જ આ નિરાશા વગેરે આવી ચડે છે. જેનામાં શ્રદ્ધા હોય છે, કંઈ નહિ તો માત્ર પોતાની જાતમાં જ શ્રદ્ધા હોય છે તે કદી નિરુત્સાહ કે નિરાશ થતો નથી, એ તમામ મુશ્કેલીઓનો, તમામ સંયોગોનો, અરે ખરાબમાં ખરાબ સંયોગોનો પણ સામનો કરી શકે છે. એ મનુષ્ય છેવટ સુધી મરદાનગીપૂર્વક લડતો રહે છે. જે માણસમાં શ્રદ્ધા નથી હોતી તેનામાં પછી સહનશક્તિ તથા હિંમત પણ હોતાં નથી.

શ્રી અરવિંદ આપણને કહે છે કે બાહ્ય જીવનમાં માણસોને જે વત્તીઓછી સફળતા મળતી હોય છે તેનું કારણ એ હોય છે કે તેમની અને વિશ્વની સ્થૂલ પ્રકૃતિની વચ્ચે એક વત્તીઓછી સંવાદિતતા રહેલી હોય છે. કેટલાક લોકોની સંકલ્પશક્તિ આપોઆપ જ કુદરતી સંકલ્પશક્તિ સાથે સંવાદમાં રહીને કામ

કરતી હોય છે. એવા લોકો જે કાંઈ કામ હાથ ધરે છે તેમાં તેમને સફળતા જ મળતી રહે છે. તો કેટલાક માણસોની સંકલ્પશક્તિ વિશ્વમય પ્રકૃતિ સાથે ઘણું ખરું અમેળમાં જ રહેતી હોય છે. એવા લોકો જે કાંઈ કરવાનો પ્રયત્ન કરે છે તેમાં તેઓ નિષ્ફળ જ નીવડતા હોય છે.

પ્રગતિ માટે નિરાશાની જરૂર ખરી કે નહિ એ વિષે તો એમ કહી શકાય કે આ જગત તો એક વિકાસ પામતી વસ્તુ છે એટલે એમાં તો દરેક વસ્તુ અનિવાર્ય રીતે પ્રગતિને માટે મદદ-રૂપ જ બનતી હોય છે. પણ વ્યક્તિની પ્રગતિ કાંઈ એક જ જન્મમાં માત્ર પૂરી થતી નથી. એ તો ઘણા ઘણા જન્મોમાં થઈને તથા અનેકાનેક અનુભવોમાં થઈને પસાર થતાં થતાં થતી રહે છે. એટલે તમે માણસના જન્મ અને મૃત્યુ વચ્ચેના માત્ર એક જ જીવનનો વિચાર કરીને એની પ્રગતિનો નિર્ણય કરી શકતા નથી. એકંદર રીતે તો એમ જ કહેવાય કે આત્માના વિકાસને માટે સફળતાઓ અને વિજયોનું બનેલું જીવન જેટલું કામમાં આવે છે તેટલું જ નિષ્ફળતાઓ અને પરાજયોનું બનેલું જીવન પણ ઉપયોગી રહે છે. અને એવું જીવન કશી અસાધારણતા વિનાના સામાન્ય જીવન કરતાં તો બેશક વધુ ઉપયોગી હોય છે જ. માણસનું સામાન્ય જીવન તો આવી જ સાધારણ રીતનું હોય છે. એમાં સફળતા અને નિષ્ફળતા, સંતોષ અને છેતરામણી, સુખ અને દુઃખ વારાફરતી આવતાં જ રહે છે, એકબીજામાં ભળી જતાં રહે છે. માણસને આવું જીવન તદ્દન સ્વાભાવિક જેવું લાગે છે, એમાં પછી કોઈ મોટો પુરુષાર્થ ખેડવાની જરૂર પડતી નથી.

૪ મે, ૧૯૬૦

*

**(૩૨) નાસ્તિક એક એવો ઈશ્વર છે જે પોતે પોતાની સાથે સંતાકૂકડીની રમત રમે છે. પરંતુ આસ્તિક કોઈ જુદી વસ્તુ હોય છે? કદાચ હોય પણ ખરો, કારણ કે એણે કેવળ ભગવાનનો પડછાયો જોઈને જ એને પકડી લીધો છે.**

***બાળક : મધુર માતાજી, 'ભગવાન પોતાની સાથે સંતાકૂકડી રમે છે,' એ શબ્દોનો શો અર્થ થાય છે?***

**શ્રી માતાજી :** સંતાકૂકડીની રમતમાં એક વ્યક્તિ સંતાઈ જાય છે અને બીજી

વ્યક્તિ એને ખોળે છે. એ જ રીતે ભગવાન, નાસ્તિકથી છુપાઈ જાય છે અને એ કહે છે, "ભગવાન; હું એને જોઈ શકતો નથી, મને ખબર નથી કે એ ક્યાં છે; માટે એનું અસ્તિત્વ નથી." પરંતુ નાસ્તિકને એ વાતની ખબર નથી હોતી કે તેની પોતાની અંદર પણ ભગવાન રહેલા છે અને માટે ભગવાન પોતેજ પોતાના અસ્તિત્વનો અસ્વીકાર કરી રહ્યા છે. શું આ એક રમત નથી? પછી એક દિવસ એવો આવશે જ્યારે એ ભગવાનની સામે હાજર થશે અને ત્યારે એને સ્વીકાર કરવો પડશે કે ભગવાનનું અસ્તિત્વ છે.

ભગવાનમાં શ્રદ્ધા રાખનાર વ્યક્તિ, પોતાની જાતને નાસ્તિક કરતાં બહું ઊંચી માને છે, પરંતુ એ તો કેવળ ભગવાનનો પડછાયો જ પકડી શક્યો છે અને એને વળગી રહીને એ એમ માને છે કે એ વસ્તુ ભગવાન પોતે છે. કારણ કે, જો એણે ભગવાનને સાચેસાચ જાણ્યા હોત તો એને એ વસ્તુની પણ ખબર પડત કે ભગવાન જ સર્વ કાંઈ છે અને સર્વ વસ્તુઓમાં છે. પછી એ પોતાની જાતને કોઈનાથી ઊંચી માનવાનું છોડી દેત.

૧૧ મે, ૧૯૬૦

*

## (૩૩) ઓ પ્રિયતમ, કરી દે તારો પ્રહાર! તું જો મને હમણાં પ્રહાર નહિ કરે તો હું જાણીશ કે તને મારા ઉપર પ્રેમ નથી.

***બાળક : મધુર માતાજી, આ સૂત્ર હું બહુ સારી રીતે સમજી શક્યો નથી.***

**શ્રી માતાજી :** દિવ્ય પૂર્ણતા માટેની અભીપ્સા રાખનાર તો જાણતા હોય છે કે પ્રભુ, એમના અનંત પ્રેમ અને કરુણામાંથી જે કાંઈ ફટકા આપતા રહે છે એમાંથી ખરેખર એમની પ્રગતિ જ થતી રહે છે, અને તે વધુમાં વધુ વેગપૂર્વક તેમ જ પૂરા પાકા પાયે. અને આ ફટકા જેમ વધુ ને વધુ સખત બનતા જાય છે તેમ તેમ તેઓ પ્રભુનો પ્રેમ વધુ ને વધુ અનુભવતા રહે છે.

આથી ઊલટું, સામાન્ય રીતના માણસો પ્રભુને એવી પ્રાર્થના કરતા રહે છે કે અમારું જીવન સહેલું કરી આપો, બધી રીતે અનુકૂળ હોય, સફળતાવાળું હોય એવું જીવન આપો. એમના જીવનમાં જે કાંઈ સંતોષકારક વસ્તુ મળી આવતી હોય છે તેમાં તેમને પ્રભુની દિવ્ય કરુણા દેખાય છે, અને એથી ઊલટું, એમના

જીવનમાં જ્યારે દુઃખ આવે છે, કોઈ દુર્ભાગ્ય ઊતરી આવે છે ત્યારે તે ભગવાન સામે ફરિયાદ કરે છે, 'પ્રભુ, તમે અમારા પર પ્રેમ રાખતા નથી.'

શ્રી અરવિંદ લોકોની આવી અજ્ઞાનમય ચાલુ મનોવૃત્તિથી ઊલટા જઈને પોતાના પ્રિયતમ પ્રભુને કહે છે કે, 'મારો, સખત મારો, મારા પરના તમારા પ્રેમની ઉત્કટતા મને જોઈ લેવા દો.'

૧૮ મે, ૧૯૬૦

*

## (૩૪) દુર્ભાગ્ય, તને મારા ધન્યવાદ છે, મારા પ્રિયતમનું મુખ મને તારા દ્વારા જોવા મળ્યું છે.

***બાળક : મધુર માતાજી, દુર્ભાગ્ય દ્વારા જો આપણને પ્રભુનું મુખદર્શન થતું હોય તો પછી એ દુર્ભાગ્ય ના રહે, નહિ?***

**શ્રી માતાજી :** એમ જ. આ દુર્ભાગ્ય તે દુર્ભાગ્ય નહિ પણ આશીર્વાદ જ હોય છે. શ્રી અરવિંદ આ જ વસ્તુ કહેવા માગે છે.

આપણા જીવનમાં એવું એવું બનતું રહે છે કે જે આપણે જોઈતું નથી હોતું, એ આપણી ઇચ્છા વિરુદ્ધનું હોય છે, એને માટે આપણે કદી આશા કરેલી હોતી નથી, રાહ જોયેલી નથી હોતી, આવી બધી વસ્તુઓને આપણે, આપણા અજ્ઞાનને લીધે, દુર્ભાગ્ય રૂપ ગણીએ છીએ અને તેનો શોક કરીએ છીએ. પણ આપણે થોડી વધુ સમજ કેળવીશું અને આવા બનાવોનાં જે ગંભીર પરિણામો આવ્યાં હોય છે તેનું નિરીક્ષણ કરીશું તો જણાશે કે એ ઘટનાઓ આપણને ઘણી વધુ ઝડપથી પ્રભુ પ્રત્યે, આપણા પ્રિયતમ પ્રત્યે, લઈ ગયેલી હોય છે. પણ આથી ઊલટું આપણા સંયોગો જો સરળ હોય છે, આનંદદાયક હોય છે તો એ આપણા વેગને ધીરો કરી નાખે છે, આપણે રસ્તા પર આવતાં આનંદ — કુસુમોને ચૂંટવા માટે થોભી જઈએ છીએ. આવી સાનુકૂળ પરિસ્થિતિ આપણને દુર્બળ બનાવી દે છે, આપણી સચ્ચાઈ ઓસરી જાય છે. આ બધી સરળતાઓ આપણી કૂચને ધીરી ન કરી નાખે એવો દૃઢ સંકલ્પ કરીને આપણે એ બધાને જાકારો દઈ શકતા નથી.

આપણને જીવનમાં જે કાંઈ સફળતા મળે, એમાંથી જે નાના મોટા

આનંદો મળે એનો આપણને પૂર્ણ સમતાથી સ્વીકાર કરતાં આવડવું જોઈએ. પણ આ સ્થિતિ આપણે સાધનામાં ઠીક ઠીક આગળ વધીએ, આપણે પહેલેથી બળવાન હોઈએ તો જ મળી આવી શકે છે. બળવાન મનુષ્યોને સફળતા માટે આતુરતા નથી રહેતી, એને શોધવા તેઓ નીકળતા નથી, એ આવે ત્યારે તેને તટસ્થ રીતે સ્વીકારી લે છે. દુઃખ અને દુર્ભાગ્યના ફટકા પણ ઘણા કામના હોય છે એ વાત તેઓ જાણતા હોય છે અને તેની યોગ્ય કદર પણ તેઓ કરતા રહે છે.

આત્માની પૂર્ણ સમતા : જીવનમાં આખરે સૌથી સાચું વલણ તે આ છે. આ સમતા તમને આવી મળે ત્યારે તમે ખાતરીથી માની શકો છો કે તમે તમારા લક્ષ્યની નજીક પહોંચ્યા છો. એ પૂર્ણ સમતા મળતાં જીવનમાં તમને જે કાંઈ મળી આવે, સફળતા કે નિષ્ફળતા, સદ્ભાગ્ય, કે દુર્ભાગ્ય, સુખ કે દુઃખ, એ બધું તમે એકસરખા શાંત આનંદપૂર્વક સ્વીકારી શકો છો. એ સ્થિતિમાં પછી જીવનમાંની બધી જ વસ્તુઓ તે પ્રભુએ પોતાની અનંત કરુણામાંથી આપણા ઉપર વરસાવેલી અદ્ભુત બક્ષિસો જેવી બની રહે છે.

૨૫ મે, ૧૯૬૦

*

**(૩૫) લોકો હજી પણ દુઃખ સાથે પ્રેમમાં છે. જ્યારે એવા લોકો કોઈ એવી વ્યક્તિને જુએ કે જે દુઃખ અને સુખ બંનેની બહુ ઉપર ઊઠેલી છે ત્યારે તેઓ પોકારી ઉઠે છે, 'તું જંગલી છે, ગમાર છે.' પરિણામે હજી પણ જેરૂસલેમમાં ઈશુ ખ્રિસ્ત વધસ્તંભ ઉપર લટકે છે.**

**(૩૬) માનવો હજી પણ પોતાનાં પાપોને ચાહે છે, જ્યારે તેઓ પાપ-પૂણ્યથી પર એવા કોઈ મહામાનવને જુએ છે ત્યારે તેઓ એને શાપ આપે છે અને પોકારી ઊઠે છે, 'અરે, આ તો બધા નીતિ નિયમોનો ભંગ કરનાર, દુષ્ટ અને અનીતિમાન છે.' પરિણામે હજી શ્રી કૃષ્ણ વૃંદાવનમાં રહેતા નથી.**

***બાળક : મધુર માતાજી, હું આ બે સૂત્રોનો અર્થ જાણવા માગું છું.***

**શ્રી માતાજી :** જ્યારે ઈશુ ખ્રિસ્ત પૃથ્વી ઉપર આવેલા ત્યારે તેઓ પોતાની સાથે ભ્રાતૃત્વ, પ્રેમ અને શાંતિનો સંદેશ લાવેલા. પરંતુ એમને પોતાને દુઃખ સહન કરતાં કરતાં ક્રોસ ઉપર મૃત્યુ વહોરવું પડ્યું, કે જેથી કરીને લોકો એમનો સંદેશ સાંભળી શકે. કારણ કે લોકો દુઃખ અને ઘૃણાનું પોષણ કરે છે અને ઇચ્છે છે કે એમનો ભગવાન એમની સાથે જ કષ્ટ ભોગવે. જ્યારે ઈશુ પૃથ્વી ઉપર આવેલા ત્યારે પણ મનુષ્ય દુઃખની સાથે પ્રેમમાં હતો અને એમની શિક્ષા અને બલિદાનને જોવા છતાં પણ તેઓ હજી પણ એની સાથે પ્રેમમાં છે. એ લોકો દુઃખને એટલું બધું વળગી રહ્યા છે કે એના પ્રતીકસ્વરૂપ ઈશુ હંમેશાં ક્રોસ ઉપર લટકેલા રહે છે અને લોકોને માટે પોતે પણ કષ્ટ ભોગવી રહ્યા છે.

શ્રી કૃષ્ણ આ પૃથ્વી ઉપર મુક્તિ અને આનંદ લાવવાને માટે આવ્યા હતા. એ લોકોને, જે લોકો પ્રકૃતિના તથા પોતાની કામનાઓ અને દોષોના દાસ છે તેમને એ કહેવા માટે આવ્યા હતા કે જો તેઓ પરમ પ્રભુમાં શરણ લે તો પોતાની સર્વ પ્રકારની ગુલામી અને સર્વ પાપોથી મુક્ત થઈ જશે. પરંતુ એ લોકો પોતાના પાપો અને પૂણ્યોને એટલા બધા વળગી રહેલા છે (કારણ કે પાપ વિના પૂણ્યનું અસ્તિત્વ રહેતું નથી) કે એ લોકો પોતાના પાપોની સાથે પણ પ્રેમમાં પડી ગયા છે અને કોઈ વ્યક્તિ સર્વ દોષોમાંથી મુક્ત થઈને પર થઈ જાય એ તેમનાથી સહન થઈ શકતું નથી.

એટલા માટે, શ્રી કૃષ્ણ અમર હોવા છતાં, અત્યારના સમયમાં, વૃંદાવનમાં, સદેહે હાજર નથી.

૩ જૂન, ૧૯૬૦

*

**(૩૭) કેટલાક લોકો એમ કહે છે કે કૃષ્ણનું અસ્તિત્વ જ ન હતું. એ એક કાલ્પનિક પાત્ર છે. એમના કહેવાનો આશય છે કે તેઓ કદી પૃથ્વી ઉપર આવેલા જ નહિ. જો વૃંદાવનનું અસ્તિત્વ પણ કોઈ ઠેકાણે ન હોત, તો ભાગવત પુરાણ લખાત જ નહિ.**

***બાળક : મધુર માતાજી, જો વૃંદાવન પૃથ્વી ઉપર નથી તો કોઈ બીજે ઠેકાણે છે?***

**શ્રી માતાજી :** આખી પૃથ્વી, પોતાની અંદરની સર્વ વસ્તુઓ સાથે એક પ્રકારનું ઘનીકરણ છે. એક એવી વસ્તુની સઘન અવસ્થા છે જેનું અસ્તિત્વ એવાં જગતોમાં છે જ્યાં આપણી સ્થૂલ આંખો જોઈ શકતી નથી. અહીં અભિવ્યક્ત થયેલી દરેક વસ્તુનું, સૂક્ષ્મતર લોકોમાં, કોઈ એક જગ્યાએ એક સત્ત્વ, એક વિચાર અને એક સાર તત્ત્વ રહેલાં હોય છે. આ વસ્તુ આવિર્ભાવની એક અનિવાર્ય શરત છે. અને જે વસ્તુનો આવિર્ભાવ થાય છે તેનું મૂલ્ય હંમેશાં તે જે મૂળ વસ્તુમાંથી આવિર્ભૂત થયેલી હોય છે તેના ઉપર રહે છે.

દેવોના જગતમાં એક એવું આદર્શ અને સંવાદપૂર્ણ વૃંદાવન રહેલું છે જેનું, આ પૃથ્વી ઉપરનું વૃંદાવન કેવળ એક વિકૃત અને હાસ્ય જનક રૂપ છે.

જે લોકોનો આંતરિક વિકાસ થઈ ચૂક્યો છે; પછી એ ઇન્દ્રિયોનો વિકાસ હોય કે આત્માનો વિકાસ હોય, તે છતાં, તેઓ, જે સત્યોને સામાન્ય મનુષ્યો જોઈ શકતા નથી તેને જોવા પામે છે અને એમનામાંથી પ્રેરણા પામે છે.

એટલે પછી ભાગવતના લેખક એક હોય છે કે અનેક, છતાં પણ એ ખરે જ એક સુંદર, ખૂબ વાસ્તવિક અને સાચા આંતરિક જગતની સાથે સંબંધ રાખતા હતા. એ લેખકોએ જે કાંઈ વર્ણન કરેલું છે તે બધું જ એમણે એ જ જગતમાં જોયું અને અનુભવ્યું હતું.

શ્રીકૃષ્ણ મનુષ્યના શરીરમાં આ પૃથ્વી ઉપર ઉપસ્થિત થયેલા કે નહિ એ એક અત્યંત ગૌણ હકીકત છે. (કદાચ તદ્દન ઐતિહાસિક દૃષ્ટિએ એનું કાંઈ મહત્વ હોઈ શકે), પરંતુ કૃષ્ણ પોતે એક વાસ્તવિક, સજીવન અને કાર્યરત સ્વરૂપ હતા અને એમનો પ્રભાવ આ પૃથ્વીના વિકાસ અને રૂપાંતરમાં એક ખૂબ અગત્યની વસ્તુ રહેલી છે.

૮ જૂન, ૧૯૬૦

*

**(૩૮) આશ્ચર્ય! જર્મનોએ સાબિત કર્યું છે કે ઈશુ ખ્રિસ્ત હતા જ નહિ પરંતુ તેમ છતાં એમને વધસ્તંભે લટકાવેલા, એ હકીકત 'સીઝર'ના મૃત્યુથી પણ વધુ મહાન ઐતિહાસિક તથ્ય માનવામાં આવે છે.**

***બાળક : મધુર માતાજી, ઈશુ ખ્રિસ્ત, ચેતનાના કયા સ્તર ઉપર જીવન ધારણ કરતાં હતા?***

**શ્રી માતાજી :** ગીતા નિબંધો નામના પુસ્તકમાં શ્રી અરવિંદે ત્રણ અવતારોની ચર્ચા કરી છે. એમાંનો એક અવતાર ઈશુ છે. પૃથ્વી ઉપર માનવ દેહ ધારણ કરનાર પરમ પરમાત્માની વિભૂતિને અવતાર કહેવામાં આવે છે. મેં પોતે શ્રી અરવિંદ પાસેથી સાંભળેલું છે કે ઈશુ પોતે પ્રભુના પ્રેમ સ્વરૂપના એક પાસાંનો આવિર્ભાવ હતા.

સીઝરના મૃત્યુને કારણે રોમ અને તેની ઉપર આધાર રાખનાર અન્ય દેશોના ઇતિહાસમાં એક નિશ્ચયાત્મક પરિવર્તન આવેલું બતાવેલું છે. એટલા માટે યુરોપના ઇતિહાસમાં એ એક મહત્ત્વપૂર્ણ ઘટના હતી.

પરંતુ ઈશુનું મૃત્યુ, માનવીની સંસ્કૃતિના વિકાસમાં એક નવા સોપાનનું પ્રારંભિક બિંદુ રહેલું છે. માટે જ શ્રી અરવિંદ આપણને બતાવે છે કે ઈશુનું મૃત્યુ ઇતિહાસમાં અધિક અર્થપૂર્ણ છે. બીજા શબ્દોમાં સીઝરનાં મૃત્યુ કરતાં એ વાતનું ઐતિહાસિક પ્રમાણ વધુ મોટું છે. ઈશુનો ઇતિહાસ, જેમ વર્ણન કરવામાં આવ્યું છે તેમ, ભગવાનના બલિદાનનું એક મૂર્ત અને નાટ્યાત્મક પ્રતીક છે. પરમ પ્રભુ, જે સર્વ પ્રકાશવાન, સર્વજ્ઞ, સર્વ શક્તિમાન, સર્વ સુન્દર, સર્વ પ્રેમમય અને સર્વ આનંદપૂર્ણ છે, તે પોતે માનવના અજ્ઞાન અને દુઃખના સ્થૂલ આવરણને ધારણ કરવાનો સ્વીકાર કરી લે છે. તેઓ એ વસ્તુ એટલા માટે કરે છે કે મનુષ્ય જે મિથ્યાત્વમાં નિવાસ કરે છે અને જેને લઈને તે મૃત્યુ પ્રાપ્ત કરે છે તેમાંથી એ બહાર નીકળી શકે.

૧૬ જૂન, ૧૯૬૦

*

**(૩૯) કોઈ કોઈ વાર મનુષ્યે એ વસ્તુનો વિચાર કરવો પડે છે કે કેવળ એ જ વસ્તુઓ કદી ઓછી નથી થતી જેનું વાસ્તવિક મહત્ત્વ રહેલું હોય છે. કારણ કે, એમની સામે મહત્ત્વપૂર્ણ ઐતિહાસિક ઘટનાઓ ફીકી અને નિરર્થક સરખી પ્રતીત થાય છે.**

***બાળક : મધુર માતાજી, હું આ સૂત્રનો અર્થ સમજવા માગું છું.***

**શ્રી માતાજી :** શ્રી અરવિંદે ઇતિહાસનો અભ્યાસ કર્યો હતો એટલે એ જાણતા હતા કે જે સામગ્રીને આધારે એ લખવામાં આવ્યો હોય છે તે કેટલે

બધે અંશે અનિશ્ચિત હોય છે. ઘણીવાર તો લેખોની યથાર્થતા વિષે પણ શંકા ઉપસ્થિત થાય છે અને એમના વડે જે જાણકારી મળે છે તે ક્ષુદ્ર, અપૂર્ણ, તુચ્છ અને મોટા ભાગે વિકૃત હોય છે. એકંદરે જોતાં, અત્યારનો પ્રામાણિક માનવ ઇતિહાસ આક્રમણો, યુદ્ધો, ક્રાંતિઓ, નરહત્યાઓ અને બીજા દેશ ઉપર આધિપત્યની એક લાંબી અને કદી સમાપ્ત ન થાય તેવી કહાણી રૂપ છે. એ ખરું છે કે એમાંથી કેટલાંક આક્રમણો અને હત્યાઓને કરામતપૂર્વક શબ્દો અને ગુણોથી સુશોભિત કરવામાં આવી છે. એમને ધર્મયુદ્ધો, પવિત્ર યુદ્ધો અને સભ્યતા શિખવાડનાર સંગ્રામોનાં નામ આપવામાં આવે છે, પરંતુ એ બધું છતાં હકીકતમાં તો એ કેવળ લોલુપતા અને પ્રતિકારનાં કર્મો જ રહે છે.

ઇતિહાસમાં આપણને સાંસ્કૃતિક, કલાત્મક અથવા દાર્શનિક વિકાસનું વર્ણન બહુ ઓછા પ્રમાણમાં મળે છે. એટલા માટે શ્રી અરવિંદ કહે છે કે આ બધું મળીને એક એવી સંપૂર્ણ કૃતિ બને છે જેમાં કાંઈ રસદાયક હોતું નથી અને જેનો કોઈ ગંભીર અર્થ પણ નથી હોતો.

બીજી બાજુએ જે હકીકતો અને ઘટનાઓની વાતો પુરાણકથાઓમાં આવે છે, જેમનું પૃથ્વી ઉપર કદી અસ્તિત્વ હોવાનું માનવામાં નથી આવતું અને જેને અધિકારપૂર્ણ વિજ્ઞાને પ્રામાણિક હોવાનું કહ્યું નથી; જે લોકોની વાર્તાઓની બાબતમાં શુષ્ક બુદ્ધિવાળા વિદ્વાનો શંકા કરે છે, તેમાં આપણને મનુષ્યની સર્વ આશાઓ અને અભીપ્સાઓનાં સ્વચ્છ રૂપ જોવા મળે છે, એમનામાં ચમત્કારિક અને વીરતા-પૂર્ણ તથા ઉત્કૃષ્ટ કાર્યોનો સ્વાદ મળે છે. બલકે, એમનામાં વ્યક્તિ સ્વરૂપનાં એવાં વર્ણન જોવા મળે છે જેવા બનવાની વ્યક્તિને ઇચ્છા થાય છે અને જેવા બનવાનો એ પ્રયત્ન કરે છે.

ખાસ કરીને આ વસ્તુ જ શ્રી અરવિંદ આ સૂત્રમાં કહેવા માગે છે.

૨૨ જૂન, ૧૯૬૦

*

**(૪૦) ઇતિહાસમાં ચાર ઘટનાઓ બહુ મોટી માનવામાં આવે છે, (૧) ટ્રોયનો ઘેરો, (૨) ઈશુનું જીવન અને તેમને ક્રોસ ઉપર લટકાવવાની વાત, (૩) શ્રી કૃષ્ણનું વૃંદાવનમાં આગમન, અને (૪) કુરુક્ષેત્રમાં શ્રી કૃષ્ણ તથા અર્જુનનો વાર્તાલાપ. ટ્રોયના ઘેરામાંથી હેલાસનો જન્મ થયો, વૃંદાવનના ત્યાગમાંથી ભક્તિ**

**ધર્મની સૃષ્ટિ રચાઈ (કારણ કે એના પહેલાં કેવળ ધ્યાન અને પૂજા-પાઠ જ ચાલતા હતા); ઈશુએ વધસ્તંભ ઉપરથી યુરોપને માનવતાનો પાઠ ભણાવ્યો અને કુરુક્ષેત્રના વાર્તાલાપ વડે હજી માનવજાતિ મુક્ત થવાની છે. છતાં પણ લોકો કહે છે કે આ ચાર ઘટનાઓ બની જ નથી.**

***બાળક : મધુર માતાજી, શું પુરાણા સમયમાં ધ્યાન અને પૂજાપાઠ અત્યારના સમયના ધ્યાન અને પૂજાપાઠ જેવાં જ હતાં? (૨) 'કુરુક્ષેત્રના વાર્તાલાપે હજી માનવજાતિને મુક્ત કરવાની છે' એ શબ્દોનો શો અર્થ છે?***

**શ્રી માતાજી :** (૧) જેમ અત્યારે છે, તેમ જુના સમયમાં પણ દરેક ધર્મમાં ધ્યાન અને પૂજાપાઠ સંબંધી અમુક વિધિઓ રહેતી હતી. પરંતુ બધે જ અને હંમેશાં ધ્યાનને એક માનસિક ક્રિયા અને એકાગ્રતાની એક વિશિષ્ટ પદ્ધતિ માનવામાં આવતી હતી. ફક્ત એમની ક્રિયાઓ તથા નાની નાની બાબતોમાં ભેદ જરૂર હોય છે. કોઈ પણ દેવના અર્ચન માટે ખૂબ ચોકસાઈપૂર્વક અને યોગ્ય પ્રકારે અનેક જાતના ધાર્મિક ઉત્સવ અને ક્રિયાકાંડ કરવામાં આવે તેનો અર્થ પૂજા થાય છે.

અહીં શ્રી અરવિંદ પૂજા અને ધ્યાનનો ઉલ્લેખ કરે છે તે પુરાતન કાળના ભારત, વેદ કાળના અને વેદાન્તના કાળના ભારતના સમયની વાત છે.

(૨) કુરુક્ષેત્રનો વાર્તાલાપ એટલે ગીતા. શ્રી અરવિંદનો એવો વિચાર છે કે ગીતાનો સંદેશ એક એવા મહાન આધ્યાત્મિક આંદોલનનો આધાર છે જેને લઈને માનવજાતિને મુક્તિનો માર્ગ જડ્યો છે અને જે માર્ગ એને મુક્તિ પ્રત્યે, અર્થાત્ મિથ્યાત્વ અને અજ્ઞાનમાંથી મુક્તિ અને સત્યની તરફ લઈ જશે.

જ્યારથી ગીતા પ્રગટ થઈ છે ત્યારથી એણે એક બહુ મહાન આધ્યાત્મિક કાર્ય કર્યું છે. પરંતુ શ્રી અરવિંદે એની જે નવીન રીતની વ્યાખ્યા કરી છે તેને લઈને એનો પ્રભાવ ખૂબ વધી ગયો છે અને તેણે એક નિશ્ચયાત્મક રૂપ ધારણ કરી લીધું છે.

૨૯ જૂન, ૧૯૬૦

*

**(૪૧) લોકો કહે છે કે ઈશુનો ઉપદેશ એક મિથ્યા કૃતિ છે અને કૃષ્ણ એ કવિઓની કલ્પના છે. પરંતુ ભગવાનને એ મિથ્યા કૃતિઓ**

**માટે ધન્યવાદ આપો, એવી કલ્પના કરનારાઓને પ્રણામ કરો.**

***બાળક : મધુર માતાજી, ઈશુના ઉપદેશો વડે મનુષ્યના જીવનમાં શું કાર્ય થયું છે?***

**શ્રી માતાજી :** એ ઉપદેશ ખ્રિસ્તી ધર્મનાં પ્રારંભિક બિંદુઓ હતાં. એમનાથી સંસારમાં શું શું આવ્યું છે તે જાણવા માટે ખ્રિસ્તી ધર્મના અને તેના જીવનના વિકાસનો ઐતિહાસિક અને મનોવૈજ્ઞાનિક ખ્યાલ આપવો પડે, અને સાથે સાથે એના વડે પૃથ્વી ઉપર શું કાર્ય થયું છે તે પણ સમજાવવું પડે. એ બધું લંબાણ થઈ જાય અને એને અહીં કહેવું યોગ્ય નહિ ગણાય.

હું કેવળ એટલું જ કહી શકીશ કે એ ઉપદેશોના લેખકોએ ઈશુના શિક્ષણને લોકોની સામે યથાર્થ રૂપમાં રજૂ કરવાનો પ્રયત્ન કર્યો હતો અને એ સંદેશને લોકો સુધી પહોંચાડવામાં અમુક હદ સુધી સફળતા પણ મળી છે. એ શાંતિ, ભ્રાતૃત્વ અને પ્રેમનો સંદેશ છે.

પરંતુ એ સંદેશને લોકોએ જે રૂપ આપ્યું છે તેની બાબતમાં મૌન સેવવું જ સારું છે.

૬ જુલાઈ, ૧૯૬૦

*

**(૪૨) પ્રભુ જો મને નરકમાં નિવાસ આપે તો મારે પછી સ્વર્ગમાં જવાની અભીપ્સા શા માટે કરવી એ હું જાણતો નથી. મારે માટે કઈ વસ્તુ કલ્યાણકારક છે તે પ્રભુ બરાબર જાણે છે.**

***બાળક : મધુર માતાજી, સ્વર્ગ અને નરક હોય છે ખરાં?***

**શ્રી માતાજી :** સ્વર્ગ તથા નરક સાચાં પણ છે અને ખોટાં પણ છે. એ બંનેનું અસ્તિત્વ છે પણ ખરું અને નથી પણ ખરું.

માણસનું મન નવી નવી વસ્તુઓ ઉપજાવતું રહે છે. એ મન માનસિક રીતના તથા પ્રાણમય રીતના તત્ત્વને તેમ જ સૂક્ષ્મ સ્થૂલ તત્ત્વને પણ ઠીક

ઠીક ટકી રહે તેવાં રૂપો આપે છે. આ રૂપો સાચી વાસ્તવિકતાઓ નથી હોતાં, આભાસો હોય છે. પણ જે લોકો એ રૂપોનો વિચાર કરતા રહે છે, અને એથીયે વિશેષ તો જેઓ એ રૂપોમાં શ્રદ્ધા રાખે છે એમને માટે તો તે એક ઠીક ઠીક નક્કર અસ્તિત્વવાળી વસ્તુ બની રહે છે, અને એમને વાસ્તવિકતાનો આભાસ પણ મળી રહે છે. વળી કેટલાક ધર્મો નરક તથા સ્વર્ગના અસ્તિત્વની, અથવા તો જુદાં જુદાં સ્વર્ગોના અસ્તિત્વની વાતો ભારપૂર્વક કરતા રહે છે, અને એ ધર્મમાં માનનારા લોકો માટે આ બધી જગાઓ વસ્તુ રૂપે અસ્તિત્વમાં હોય છે પણ ખરી અને તેઓ મૃત્યુ પછી ત્યાં જઈને થોડો વખત રહી શકે છે પણ ખરા. પણ આ બધી મનોમય સૃષ્ટિઓ હોય છે, એમને કોઈ સ્થાયી અસ્તિત્વ હોતું નથી, એમનામાં કોઈ શાશ્વત વાસ્તવિકતા નથી હોતી.

માણસો મૃત્યુ પછી જે સ્વર્ગો તથા નરકોમાં જાય છે તે મેં જોયાં છે, અને એ બધું સાચું નથી એ વાત ત્યાં જનાર લોકોને સમજાવવી બહુ મુશ્કેલ હોય છે. એક વખતે એક જણે એક વસ્તુને નરક માની લીધી હતી. પણ એનું એ કહેવાતું નરક તે નરક નથી એ વાત તેને સમજાવતાં તથા તેમાંથી એને બહાર કાઢતાં મને એક વરસ કરતાં વધુ સમય લાગ્યો હતો.

શ્રી અરવિંદ અહીં જે નરકની વાત કરે છે એ કોઈ સ્થાન નહિ પણ વિશેષે તો ચેતનાની એક અવસ્થા છે. માણસે પોતાને માટે ઊભી કરેલી એ એક માનસિક અવસ્થા છે.

તમે તમારામાં પ્રભુ સાથેના આનંદમય વ્યવહારનું એક સ્વર્ગ ઊભું કરી શકો છો. અને આવી જ રીતે, તમારી પ્રકૃતિમાં રહેલી આસુરિક વૃત્તિઓ ઉપર જો તમે કાળજીપૂર્વક કાબૂ નહિ મેળવી લો તો તમે તમારી ચેતનામાં દુઃખ અને વેદનાનું એક નરક પણ ઊભું કરી દઈ શકો છો.

માણસના જીવનમાં એવી એવી ક્ષણો આવતી રહે છે કે જ્યારે તમારી આસપાસની એકએક વસ્તુ, તમારી આસપાસનાં માણસો તથા સંયોગો એકદમ અંધકારમય બની જાય છે, તદ્દન વિરોધી પ્રકારનાં, ઘૃણાજનક બની જાય છે. એવે વખતે તમને કશા પણ ઊર્ધ્વ સાક્ષાત્કારની આશા રહેતી નથી, તમને જગત એક સનાતન તિરસ્કારની ઘોર રાત્રિ રૂપે બની ગયેલું દેખાય છે. તમારી આસપાસ એક અચેતન અને જિદ્દી રીતનું અજ્ઞાન, કોઈ એક ભયંકર દુરિચ્છા ઘેરો ઘાલીને જામી જાય છે. એમાંથી નીકળવાનો તમને કોઈ માર્ગ દેખાતો નથી. આવી સ્થિતિમાં તમે શ્રી અરવિંદની માફક કહી શકો છો કે, 'પ્રભુએ મને નરકમાં નિવાસ આપ્યો છે.' અને શ્રી અરવિંદની માફક તમારે પણ, હરેક સંયોગોમાં, એ

ભલે ગમે તેવા ભયંકર દેખાતા હોય તો પણ, પ્રભુને તમારું પૂર્ણ આત્મ-સમર્પણ કરી દેવું જોઈએ, એક શાંતિપૂર્ણ આનંદમાં રહેવું જોઈએ અને સંપૂર્ણ સાચા દિલથી કહેવું જોઈએ કે, 'તારી ઇચ્છા પૂર્ણ થાઓ.'

૧૩ જુલાઈ, ૧૯૬૦

*

## (૪૩) પ્રભુ મને જો સ્વર્ગ તરફ ખેંચતા હોય તો પછી, તેનો બીજો હાથ મને નરકમાં રાખવાનો પ્રયત્ન કરે તો પણ મારે ઉપર ચડવા માટે જ સખત પ્રયત્ન કરવો જોઈએ.

***બાળક : મધુર માતાજી, આપણા માટે શું થવું જોઈએ એ શું પ્રભુ જાણતા નથી હોતા? તો પછી શા માટે આપણને બે ઊલટી દિશામાં ખેંચતા રહે છે?***

**શ્રી માતાજી :** આપણા માટે શું થવું જોઈએ એ પ્રભુ બરાબર જાણતા હોય છે. પ્રભુ આપણને સર્વને એમની પાસે પાછા લઈ જવા માગે છે અને એમની સાથે સંપૂર્ણ મિલનમાં મૂકી આપવા માગે છે. જગતમાં સર્વ મનુષ્યો માટે આ જ એક લક્ષ્ય છે, પણ એ લક્ષ્યમાં પહોંચવા માટેનાં સાધનો, પદ્ધતિઓ, પ્રક્રિયાઓ અનેક પ્રકારના છે. પૃથ્વી ઉપર જેટલા માણસો છે તેટલાં વિવિધ રીતના આ સાધનો અને પ્રક્રિયાઓ છે. અને આ પ્રત્યેક સાધન બરાબર પરમાત્માની ઇચ્છા પ્રમાણેનું જ હોય છે. પ્રભુ પોતાના પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ દર્શનમાંથી દરેક વ્યક્તિ માટે જે વસ્તુ જરૂરની હોય છે તે કરતા રહે છે.

આ રીતે હવે કોઈ માણસ માટે જો તેનામાં વિરોધાભાસની જરૂર હશે, એની અભીપ્સા તથા પુરુષાર્થને વેગવાન બનાવવા માટે જો એક આંતરિક વિરોધની જરૂર હશે તો પ્રભુ પોતાની અનંત કરુણામાંથી એને એક બાજુ ઉપર ખેંચતા જશો તો બીજી બાજુએ એ જ વખતે તેને નીચે પણ દબાવતા રહેશે અને એ રીતે તેનામાં વિરોધ કરવા માટેની એક જરૂરી શક્તિ ઊભી કરી આપશે અને એમાંથી પછી તે પોતાની અભીપ્સા તથા પુરુષાર્થને વધારે તીવ્ર બનાવી શકશે.

અને માણસ પણ જો શ્રી અરવિંદની માફક આ વસ્તુ સમજી શકે કે આ બંને ક્રિયાઓ એક જ દિવ્ય મૂળમાંથી આવતી રહે છે તો પછી એ વિલાપ નહિ કરે, ડરી

નહિ જાય, પણ આનંદમાં જ રહેશે અને એક તેજોમય દૃઢ શ્રદ્ધા રાખશે.

૧૯ જુલાઈ, ૧૯૬૦

*

**(૪૪) કેવળ એ વિચારો સાચા હોય છે જેમના વિરોધી વિચારો પણ એમના સમય અને ઉપયોગમાં સાચા હોય. નિર્વિવાદ મતમાં સૌથી વધુ ભયંકર પ્રકારનું અસત્ય હોય છે.**

***બાળક : મધુર માતાજી, નિર્વિવાદ મત સૌથી ભયંકર કેમ હોય છે?***

**શ્રી માતાજી :** જે સત્ય નિરપેક્ષ, અસીમ અને સનાતન છે તેની બાબતમાં મન વિચાર કરી શકતું નથી. એ કેવળ એની બાબત એક ધારણા કરી શકે છે જે એક વિશિષ્ટ પ્રકારની, અસ્થાયી, આંશિક, અને મર્યાદિત પ્રકારની હોય છે.

એટલા માટે માનસિક સ્તર ઉપર નિરપેક્ષ સત્ય, પોતાની જાતને અગણિત, અંશાત્મક અને પરસ્પરવિરોધી સત્યોમાં વિભાજિત કરી દે છે. તે મૂળ સત્યની પ્રતિકૃતિ બનાવવાનો સાચો — ખોટો પ્રયત્ન કરે છે.

જો એ સર્વમાંથી એક તત્ત્વને આ સમષ્ટિમાંથી અલગ કરી દેવામાં આવે અને એને જ એક માત્ર સત્ય માની લેવામાં આવે તો, ભલે એ ગમે તેટલું મધ્યવર્તી અથવા વ્યાપક ન હોય, એ જરૂર એક અસત્યનું રૂપ ધારણ કરી દેશે, કારણ કે એ સમગ્ર સત્યના બાકીના ભાગનો અસ્વીકાર કરી દે છે.

નિર્વિવાદ મતો બરાબર આવી રીતે જ બનાવવામાં આવે છે અને માટે તેઓ ભયંકર પ્રકારનાં અસત્ય હોય છે. કારણ કે, એમાંથી દરેક એ વાતનો આગ્રહ રાખે છે કે એ પોતે જ સત્ય છે, બાકી બીજા સત્ય નથી. એ સર્વ સત્યો જ્યારે પ્રગટ થાય છે ત્યારે તેઓ પોતાની વૈવિધ્યપૂર્ણ અને અન્યોન્યપૂરક સમગ્રતામાં ઉત્તરોત્તર અસીમ, સનાતન અને નિરપેક્ષ સત્યને પ્રગટ કરે છે.

૨૭ ઑગસ્ટ, ૧૯૬૦

*

**(૪૫) જેમ ધાર્મિકતા સદાચારની સૌથી ખરાબ શત્રુ છે તેમ તર્ક એ સત્યનો સૌથી ખરાબ શત્રુ છે. કારણ કે એક પોતાની ભૂલોને**

**જોઈ શકતી નથી અને બીજો પોતાની અપૂર્ણતાઓને જોઈ શકતો નથી.**

***બાળક : મધુર માતાજી, તર્ક અને બુદ્ધિ અમારા જીવનમાં શું કાર્ય કરે છે ?***

**શ્રી માતાજી :** તમારા પ્રશ્નનો સૌથી સરસ ઉત્તર દેવો હોય તો 'યોગ સમન્વય'માંથી નીચે લખેલું અવતરણ સૌથી વધુ યોગ્ય છે. "તર્કબુદ્ધિ જ્યારે સમસ્ત પૂર્ણતાપૂર્વક કાર્ય કરે છે ત્યારે એ એક તાર્કિક ક્રિયા હોય છે. તેની વિશિષ્ટ શક્તિ એ હોય છે કે સૌથી પહેલાં નિરીક્ષણ અને વ્યવસ્થા દ્વારા પ્રાપ્ય સામગ્રીની બાબતમાં તે એક સુનિશ્ચિત જ્ઞાન પ્રાપ્ત કરી લે છે. એ પછી તે પરિણામસ્વરૂપ પ્રાપ્ત થનાર જ્ઞાનને માટે એ સામગ્રી ઉપર ક્રિયા કરે છે. એ જ્ઞાન એને ચિંતન શક્તિઓના પ્રારંભિક પ્રયોગોથી પ્રાપ્ત થાય છે અને એના વડે એ સુનિશ્ચિત અને વિસ્તૃત પણ બને છે. અંતમાં એ, એ વાતનો નિશ્ચય કરી લે છે કે પોતાને જે પરિણામ પ્રાપ્ત થયું છે તે બરાબર છે કે નહિ. એ વસ્તુ એ એક સાવધાન થઈને કરેલા ઔપચારિક કાર્ય દ્વારા કરે છે જે વધુ સભાન, વિચારપૂર્ણ અને તર્કનાં કડક ધોરણો અનુસારનું હોય છે. એ કાર્ય તે પરિણામોની કસોટી કરીને જુએ છે, અને પછી એમનો અસ્વીકાર કરે છે કે પછી એમની પરિપુષ્ટિ કરે છે. એમ કરવામાં એ વિચાર અને અનુભવ વડે વિકસિત કરવામાં આવેલાં ચોક્કસ ધોરણો અને પ્રક્રિયાઓનો ઉપયોગ કરે છે." એટલે તાર્કિક બુદ્ધિનું સૌથી પ્રથમ કાર્ય એ હોય છે કે પોતાની સમક્ષની સામગ્રીનું સાવધાનપણે ઝીણવટપૂર્વક નિરીક્ષણ કરવું."

પરંતુ આ સૂત્રમાં શ્રી અરવિંદ બુદ્ધિની નહિ પણ એવા તર્કની વાત કરે છે જે બુદ્ધિનો સહાયક અને સાધન છે.

તર્કનું કાર્ય એક વિચારમાંથી બીજા વિચાર ઉપર અને એક તથ્યમાંથી એવાં પરિણામો પ્રત્યે શુદ્ધ રીતે પહોંચવાનું છે. પરંતુ એનામાં સત્યને પારખવાની શક્તિ હોતી નથી. એટલે તમારો તર્ક નિર્વિવાદ તો હોઈ શકે છે, પરંતુ તમારો પાયાનો મુદ્દો જ જો ખોટો હશે તો એનું પરિણામ પણ ખોટું જ આવશે, ભલે પછી તમારો તર્ક યથાર્થ હોય કે ન હોય, ઊલટું, એ યથાર્થ હશે એટલે જ તમારો નિષ્કર્ષ ખોટો પડશે. આ વસ્તુ પોતાનો ધર્મ જ શ્રેષ્ઠ હોવાની માન્યતાની બાબતમાં પણ સાચી છે. તમે તમારી શ્રેષ્ઠતાની ભાવનાને લઈને અન્ય લોકો પ્રત્યે ઘૃણા કરો છો. અને આ તમારું અભિમાન તમને બીજાઓ પ્રત્યે ઘૃણાની

દૃષ્ટિ શીખવે છે, કારણ કે એ લોકો તમારી દૃષ્ટિએ ઓછા ગુણવાન છે; આને લઈને જ તમારી શ્રેષ્ઠતાનું સમસ્ત મૂલ્ય નાશ પામે છે.

આટલા માટે જ શ્રી અરવિંદ પોતાના સૂત્રમાં બતાવે છે કે જેમ ધાર્મિક શ્રેષ્ઠતાની ભાવના સદાચારની શત્રુ છે તે રીતે જ તર્ક, સત્યનો સૌથી ખરાબ શત્રુ છે.

૨૪ ઑગસ્ટ, ૧૯૬૦

*

**(૪૬) 'હું જ્યારે અવિદ્યાની નિદ્રામાં હતો ત્યારે એક વાર એક ધ્યાન મંદિરમાં હું જઈ ચડ્યો. ત્યાં બધા સંતસાધુઓ ભેગા થયેલા હતા, પણ એમની સોબતમાં મને કંટાળો આવવા લાગ્યો, એ સ્થાન મને કેદખાના જેવું લાગ્યું. પછી હું જ્યારે જાગૃત બન્યો ત્યારે પ્રભુ મને એક કેદખાનામાં લઈ ગયા અને એ સ્થાનને તેમણે ધ્યાન મંદિર બનાવ્યું, એમને મળવા માટેનું મિલન મંદિર બનાવ્યું.'**

*બાળક : મધુર માતાજી, શ્રી અરવિંદ રાજકીય જીવનમાં હતા ત્યારે તેમને જેલમાં જે અનુભવ થયેલો તેની જ વાત શું અહીં કરેલી છે?*

**શ્રી માતાજી :** હા, શ્રી અરવિંદને અલીપોર જેલમાં જે અનુભવ થયો હતો તેની જ અહીં વાત છે.

આ સૂત્રમાં ખાસ રસિક વસ્તુ એ છે કે તેમણે સ્થૂલ કેદખાનું અને માનસિક કેદખાનું એ બેને જુદાં પાડીને તેમની વચ્ચેનો વિરોધ બતાવી આપ્યો છે. સ્થૂલ કેદખાનામાં માત્ર એમનું શરીર જ બંધનમાં હતું પણ એમનો આત્મા તો હરેક રીતે મુક્ત હતો. ત્યાં એમના આત્મા ઉપર સામાજિક રૂઢિઓ તેમ જ પૂર્વગ્રહોમાંથી ઊભું થતું કોઈ જ બંધન ન હતું, એમના આત્મા ઉપર પૂર્વનિશ્ચિત વિચારો તેમ જ જડ સિદ્ધાંતોની કોઈ મર્યાદા ન હતી. શ્રી અરવિંદને જેલમાં પ્રભુ સાથે સીધો અને સભાન રીતે સંબંધ થયો હતો, તેમ જ પૂર્ણયોગનું પ્રથમ દર્શન તેમને અહીં કરાવવામાં આવ્યું હતું. માનસિક કેદખાનું એ એક સાંકડા નિયમોમાંથી સર્જાતી વસ્તુ હોય છે. એમાંથી જીવન બાકાત રહી જાય છે. કેટલાક લોકો ચાલુ રીતના અને જડ આગ્રહોવાળા વિચારો ઉપર મંડાયેલું આધ્યાત્મિક જીવન

ગાળવા માગતા હોય છે અને તે માટે સામાન્ય જીવનનો ત્યાગ કરી દેતા હોય છે. આવા લોકો ઘણીવાર આ રીતના કેદખાનામાં પોતાની જાતને પૂરી રાખે છે.

શ્રી અરવિંદ હંમેશાં સાચી રીતના સ્વાતંત્ર્યની હિમાયત કરતા રહેલા છે. એ સ્વાતંત્ર્ય બધી રીતના નિયમો અને મર્યાદાઓથી પર હોય છે. તે સ્વાતંત્ર્ય પ્રભુ તથા શાશ્વત સત્ય સાથે પૂર્ણ મિલન થતાં મળી આવે છે. એ જ સ્વાતંત્ર્યની વાત આ સૂત્રમાં છે.

૨૪ ઑક્ટૉબર, ૧૯૬૦

*

**(૪૭) હું એક કંટાળાજનક પુસ્તક આખું અને આનંદપૂર્વક વાંચી ગયો અને છતાં એમાં કંટાળો આપી શકવાની જે સંપૂર્ણતા હતી તે આખી મેં જોઈ લીધી અને ત્યારે મને ખબર પડી કે મેં મારા મન ઉપર વિજય મેળવ્યો છે.**

***બાળક : મધુર માતાજી, કંટાળાજનક હોય એવું પુસ્તક આનંદપૂર્વક કેવી રીતે વાંચી શકાય?***

**શ્રી માતાજી :** હા, અમુક સ્થિતિ એવી હોય છે કે તેમાં તમે કંટાળાજનક પુસ્તક આનંદપૂર્વક વાંચી શકો છો. એ સ્થિતિમાં તમારો આનંદ તમે જે કાંઈ કરતા હો કે તમને જે થતું હોય તેના ઉપર આધાર રાખતો નથી. એમાં તમને પ્રભુનું સાંનિધ્ય મળી આવ્યું હોય છે અને તેને લીધે તમારામાં એક અવિચલ આનંદ સ્થપાઈ ગયો હોય છે. એમાંથી પછી આપોઆપ જ તમારામાં એક આનંદ બહાર વહી આવતો રહે છે. અને ત્યાર પછી તમારી બધી પ્રવૃત્તિઓમાં અને સંજોગોમાં ચેતના હમેશાં એવી સ્થિતિમાં રહેતી થઈ જાય છે. જગતની કંટાળો આપનારી વસ્તુઓમાં સૌથી વધુ કંટાળો આપનારી વસ્તુ તે કંટાળાજનક પુસ્તક છે. એટલે જ શ્રી અરવિંદ માણસને મન ઉપર વિજય મળ્યો હોય તથા તેનું રૂપાંતર થયું હોય એવી સ્થિતિની એક સચોટ સાબિતી રૂપે આ રીતનું દૃષ્ટાંત આપે છે.

૧૦ નવેમ્બર, ૧૯૬૦

*

**(૪૮) મારું મન જ્યારે બીભત્સ વસ્તુઓની સુંદરતા ઓળખી શક્યું અને છતાં બીજા માણસો શા માટે એવી વસ્તુઓ તરફથી પાછા હઠી જતા હશે અથવા તો તેમને ધિક્કારતા હશે તે પણ તે સંપૂર્ણ રીતે સમજી શક્યું ત્યારે મને ખબર પડી કે મેં મારા મન ઉપર વિજય મેળવ્યો છે.**

***બાળક : 'બીભત્સ વસ્તુઓની સુંદરતા' આનો અર્થ શો?***

**શ્રી માતાજી :** માણસને થતા સાક્ષાત્કારનું સ્વરૂપ તો હંમેશાં એક જ હોય છે, પણ એ સાક્ષાત્કાર જુદા જુદા દૃષ્ટિકોણોથી તથા જુદા જુદા અનુભવો દ્વારા રજૂ થતો રહે છે. આ સાક્ષાત્કારમાં તમને એ જણાતું હોય છે કે જગતમાંની પ્રત્યેક વસ્તુ તે પરમ, શાશ્વત, અનંત, પોતાની પૂર્ણ સંપૂર્ણતામાં તથા પરમ વાસ્તવિકતામાં સદાયે અવિચલ એવા પરમાત્માનો જ એક આવિર્ભાવ છે. એટલે જ, આપણે જ્યારે આપણા મનને તથા તેની અજ્ઞાનમય અને ખોટી દૃષ્ટિને જીતી લઈએ છીએ ત્યારે આપણે હરેક વસ્તુ દ્વારા આ પરમ સત્ય સાથે સંપર્કમાં આવી શકીએ છીએ. આ પરમ સત્ય વળી પરમ સૌન્દર્ય તથા પરમ પ્રેમ રૂપ પણ હોય છે, તે સુંદર અને અસુંદર, શુભ અને અશુભ એ રીતના આપણા મનના તથા પ્રાણના જે ખ્યાલો હોય છે તેનાથી પર હોય છે.

આપણે જ્યારે પરમ સત્ય, પરમ સૌન્દર્ય, પરમ પ્રેમ એમ કહેતા હોઈએ છીએ ત્યારે પણ આપણે આપણી બુદ્ધિ આ શબ્દોનો જે અર્થ કરતી હોય છે તેથી બીજો અર્થ તેમાં મૂકવાનો હોય છે. આ વસ્તુને જ ભારપૂર્વક સમજાવવા માટે શ્રી અરવિંદ આવી વિરોધાભાસની રીતે લખે છે.

'આ બીજો અર્થ તે કયો?'

એટલે કે આપણે પ્રભુનું સ્વરૂપ બુદ્ધિ દ્વારા કલ્પી શકીએ તેમ નથી. આપણે તો મનની દુનિયામાંથી નીકળી આધ્યાત્મિક દુનિયામાં પહોંચવાનું છે, વસ્તુઓ વિષે વિચાર કરવાને બદલે એ વસ્તુઓ મુજબનું જીવન જીવવાનું છે, તે રૂપે બની રહેવાનું છે. આમ થશે ત્યારે જ આપણને બધું સાચી રીતે સમજાશે. અને એ સ્થિતિમાં પણ, આપણે આપણી અનુભૂતિને વ્યક્ત કરવા માટે આપણી માનસિક અનુભૂતિઓ માટે જે શબ્દો વાપરતા હોઈએ છીએ તે જ શબ્દો વાપરવાના રહે છે. અને એમાં પછી આપણે ગમે તેટલા પ્રયત્ન કરીએ છતાં એ શબ્દો આપણે જે કહેવા માગતા હોઈએ છીએ તેને વ્યક્ત કરી શકતા તો નથી જ.

એટલે જ શ્રી અરવિંદ મનને ચાલુ વિચારોની ઘરડમાંથી બહાર લઈ આવવા માટે ઘણી વાર અવળવાણીનો ઉપયોગ કરે છે. આવી રીતે કહેવાયેલી વસ્તુ આમ તો અર્થહીન દેખાતી હોય છે પણ એવી અર્થહીનતા દ્વારા શ્રી અરવિંદ, જે વસ્તુ આપણા અનુભવમાં કે જોવામાં આવી હોય છે તેના પ્રકાશ તરફ આપણી નજરને દોરે છે.

૧૪ નવેમ્બર, ૧૯૬૦

*

**(૪૯) જગતની વિરૂપ અને અશુભ વસ્તુઓમાં પ્રભુનું સૌન્દર્ય અને શુભ તત્ત્વ અનુભવો અને તેની સાથે પ્રેમ કરો, અને છતાં એ વસ્તુઓને તેમની વિરૂપતા અને અશુભમાંથી મુક્ત કરવા માટે ખૂબ જ પ્રેમપૂર્વક ઝંખના કરતા રહો : સાચો સદ્‌ગુણ, નીતિ તે આ છે.**

***બાળક : મધુર માતાજી, જગતમાં આપણને હર સ્થળે નજરે પડતી અશુભ અને કદરૂપી વસ્તુઓને દૂર કરવા માટે આપણે કેવી રીતે સહકાર આપી શકીએ તેમ છીએ? પ્રેમ દ્વારા? તો પછી પ્રેમમાં કેવી શક્તિ રહેલી છે? એક વ્યક્તિરૂપ બનેલી ચેતના આખી માનવજાતિ ઉપર કેવી રીતે કામ કરી શકે છે?****

**શ્રી માતાજી :** અશુભ અને અસુન્દર વસ્તુઓને દૂર કરવાના કાર્યમાં કેવી રીતે સહકાર આપવો એમ ને?...એમ કહી શકાય કે આ સહકારની ક્રિયા અથવા એ રીતનું કાર્ય વિવિધ રીતે થતું રહે છે, એમાં વિવિધ કક્ષાઓ છે : કહો કે એક સહકાર નકારાત્મક રીતનો છે, એક હકારાત્મક રીતનો.

પહેલાં આપણે સહકારની નકારાત્મક રીતનો વિચાર કરીએ. એ રીત બૌદ્ધ ધર્મમાં તેમજ તેને મળતા બીજા ધર્મોમાં આવેલી છે. એમાં તમારે આ કરવાનું હોય છે : જોવું નહિ. એમાં સૌથી પ્રથમ તો આપણે વિશુદ્ધિ અને સૌન્દર્યની એક એવી અવસ્થા મેળવી લઈએ છીએ કે તેમાં પછી આપણને જગતમાં ક્યાંય કશું વિરૂપ અને અશુભ દેખાતું જ નથી — જાણે કે એ વસ્તુ તમને અડતી જ નથી,

* આ પ્રશ્નનો જવાબ શ્રી માતાજીએ મોઢેથી આપ્યો હતો એ વાર્તાલાપ ટેઈપ રેકર્ડર ઉપર જે પ્રમાણે નોંધાયો છે તે અહીં આપીએ છીએ.

કેમકે એ તમારી અંદર હોતી નથી.

નકારાત્મક રીતની પૂર્ણતા આ પ્રમાણે હોય છે. પણ એ એક સાવ પ્રાથમિક રીતની સ્થિતિ છે : કદી પણ અશુભને જોવું જ નહિ, બીજામાં રહેલા અશુભની કદી વાત જ ન કરવી, જગતમાં રહેલા ખરાબ તત્ત્વનું અવલોકન કરીને, તેની ટીકા કરીને, તેના ઉપર ભાર મૂકીને તેનાં આંદોલનોને કાયમી ન બનાવવાં. બુદ્ધ આ વસ્તુ શીખવી ગયા છે. તેઓ કહે છે કે, જ્યારે જ્યારે તમે અશુભને વિષે વાત કરો છો ત્યારે ત્યારે તમે એનો વિસ્તાર થવામાં મદદ કરો છો.

પરંતુ આ તો હજી પ્રશ્નની માત્ર સરહદ છે.

એમ છતાં આ દૃષ્ટિને આપણે એક સર્વસામાન્ય નિયમ તરીકે અમલમાં ઉતારવા જેવી તો છે જ. પરંતુ અશુભની ટીકા કરવાનું કામ કરતા માણસો આ દૃષ્ટિની સામે કહે છે, 'તમે જો અશુભને જોશો જ નહિ તો પછી તેને તમે કદી મટાડી શકશો જ નહિ. કોઈ માણસને તમે એની વિરૂપતામાં પડી રહેવા દેશો તો એ તેમાંથી કદી બહાર આવશે જ નહિ. (જો કે આ વાત તદ્દન સાચી નથી, પણ આ લોકો પોતાની ટીકાનો બચાવ આ રીતે કરતા હોય છે.) એટલે શ્રી અરવિંદ આ સૂત્રમાં આવી ટીકાઓનો આગળથી જવાબ આપી દે છે. શ્રી અરવિંદ કહે છે, તમે અશુભને જાુઓ નહિ એ બરાબર છે, પણ તે અજ્ઞાનને લીધે કે અચેતનતાને લીધે કે ઉપેક્ષાને લીધે ન બનવું જોઈએ. તમે અશુભને બરાબર જોઈ શકો તેમ છો, તેને અનુભવી શકો તેમ પણ છો, પરંતુ તમે એને તમારા ધ્યાનને પાત્ર બનાવતા નથી, તમારી ચેતનાનો તેને ટેકો આપતા નથી અને એ રીતે તેનો ફેલાવો થવા દેવામાં તમે સહકાર આપવાની ના પાડી દો છો. અને આ વસ્તુ કરવા માટે તમારે અશુભને જોવાની તથા અનુભવવાની સ્થિતિથી પર થઈ જવાની જરૂર રહે છે. તમારે એક એવી સ્થિતિમાં પહોંચવું જોઈએ કે જેમાં પછી તમે અશુભ કે વિરૂપ વસ્તુને બરાબર જોઈ શકો છો પણ તેમાંથી તમને કશી વ્યથા ઉત્પન્ન નથી થતી, તમને કશો આઘાત લાગતો નથી, કશી તકલીફ થતી નથી. તમે એક એવી ઉચ્ચ ભૂમિકા ઉપરથી એને જુઓ છો કે જ્યાં આવી વસ્તુઓનું અસ્તિત્વ હોતું નથી. એમ છતાં તમે એને વિષે પૂરેપૂરા સભાન તો હો છો જ. પણ તમે હવે એવી સ્થિતિમાં હો છો કે એ વસ્તુઓ તમારા પર કશી અસર કરી શકતી નથી, તમે મુક્ત હો છો. આ પહેલું પગથિયું છે.

આ પછીનું બીજું પગથિયું એવું આવે છે કે એમાં તમે વિશ્વના સર્વ પદાર્થોની પાછળ રહેલા, સર્વ વસ્તુઓને ટેકો આપી રહેલા, તેમને અસ્તિત્વમાં રહેવાની રજા આપતા પ્રભુના પરમ શુભ તત્ત્વ પ્રત્યે તથા પરમ સૌન્દર્ય પ્રત્યે ખૂબ જ

સ્પષ્ટ રીતે સભાન બની રહો છો. એ પરમ **सत्** નું તમને દર્શન થઈ જાય છે. ત્યાર પછી તમે તેને આ અહીંના બુરખા પાછળ તથા વિકૃતિ પાછળ પણ આવી રહેલું જોઈ શકો છો. જગતમાંની આ જે વિરૂપતા છે, દુષ્ટતા છે, અશુભ છે એ પણ મૂળે તો સુંદર કે શુભ એવી, એક તેજોમય અને પવિત્ર પરમ ચીજે જ ધારણ કરેલો એક વેશ છે.

તમે આ સ્થિતિમાં પહોંચો તે પછી સાચો સહકાર આપી શકો છો. તમને જ્યારે આ દર્શન, આ દૃષ્ટિ મળી આવે છે, તમે જ્યારે આ ચેતનામાં રહેતા થાઓ છો ત્યાર પછી એ સ્થિતિ તમને પેલા પરમ **सत्**ને તમે આવિર્ભાવની અંદર, અહીં પૃથ્વી ઉપર નીચે લઈ આવી શકો એવી શક્તિ પણ મેળવી આપે છે. અને પછી **सत्**ને તમે અત્યારે જે વસ્તુ વિકૃત રૂપની છે, આવરણ જેવી છે તેની સાથે એવી રીતે જોડી આપી શકો છો કે આ વિકૃત અને આવરણ એની પાછળ રહેલા સત્યના પ્રભાવને લીધે થોડે થોડે કરતાં રૂપાંતર પામી જાય છે.

આ સ્થિતિમાં આપણે સહકારની ઉચ્ચમાં ઉચ્ચ કક્ષાએ પહોંચીએ છીએ.

આ રીતે જોતાં હવે આ વસ્તુને સમજાવવા માટે પ્રેમના તત્ત્વને અંદર લઈ આવવાની જરૂર રહેતી નથી. પણ તમારે જો એ જાણવું હોય કે આ રૂપાંતર (ખાસ કરીને તો અશુભનું રૂપાંતર, પણ અમુક પ્રમાણમાં વિરૂપતાનું રૂપાંતર પણ) થવા દેનારી યા તો સિદ્ધ કરી આપનારી શક્તિ યા તો બળ શું છે, કઈ રીતનું છે, તો તો દેખીતી રીતે જ એ શક્તિ કે બળ તે પ્રેમ છે. જગતની સૌથી બળવાન અને સંપૂર્ણ શક્તિ તે પ્રેમ જ છે – સંપૂર્ણ એ અર્થમાં કે એને તમે હરેક પ્રસંગે પ્રયોજી શકો છો. આ પ્રેમની શક્તિ વિશુદ્ધિની શક્તિ કરતાં પણ વધારે સમર્થ રીતની શક્તિ છે. વિશુદ્ધિની શક્તિ દુરિચ્છાને ઓગાળી નાખી શકે છે તથા અમુક રીતે તે વિરોધી બળોને પણ કાબૂમાં લઈ શકે છે, પણ એ શક્તિમાં રૂપાંતર કરવાનું સીધું બળ નથી. વિશુદ્ધિની શક્તિ પ્રથમ તો અનિષ્ટ તત્ત્વને ઓગાળી નાખવાનું કામ કરે છે, એ તત્ત્વના પછીથી થનારા રૂપાંતર માટેની ભૂમિકા તૈયાર કરી આપે છે. એક વધુ સારા રૂપનું સર્જન કરવા માટે બીજા એક રૂપનો નાશ કરી લે છે. પણ પ્રેમની શક્તિમાં તો રૂપાંતર કરવાનું સીધેસીધું બળ રહેલું છે. પ્રેમને રૂપાંતર કરવા માટે વિનાશ કરવાની જરૂર રહેતી નથી. પ્રેમ એ એક અગ્નિજ્વાલા જેવી વસ્તુ છે, કઠણ વસ્તુને તે એક પોચો, મુલાયમ પદાર્થ બનાવી દે છે, અને આ મુલાયમ વસ્તુને પણ તે એક રીતની વિશુદ્ધ વરાળમાં પલટી નાખે છે – પ્રેમ વિનાશ નથી કરતો, રૂપાંતર કરે છે.

પ્રેમ એના મૂળ સ્વરૂપે, એની આદિ અવસ્થામાં તો એક જ્વાળા જેવો છે,

સફેદ જ્વાળા જેવો. એ જ્વાળા તમામ વિરોધને વશ કરી લે છે. આ વસ્તુનો પ્રયોગ તમે પોતે પણ કરી જોઈ શકો છો. દાખલા તરીકે, તમારામાં ભલે ગમે તે રીતની મુશ્કેલી હોય, તમારામાં ભૂલો, અશક્તિઓ, અજ્ઞાન, દુરિચ્છા એ બધાંનો ભલે ગમે તેટલો સરંજામ ભેગો થયેલો હોય પણ આ શુદ્ધ, આદિ રૂપ, પરમ પ્રેમની એક ક્ષણ પણ એ બધું જ જાણે કે એક સર્વભક્ષી જ્વાળાની અંદર ઓગાળી નાખે છે. એ પ્રેમની માત્ર એક જ ક્ષણ, અને આખોય ભૂતકાળ અદૃશ્ય થઈ જશે. એ પ્રેમને મૂળ સ્વરૂપમાં તમે માત્ર એક જ ક્ષણ પૂરતા સ્પર્શ કરો અને એ આખોય ભાર હટી જાય છે.

અને જે માણસને આ રીતનો અનુભવ થાય છે તે પછી એનો વિસ્તાર કરી શકે છે, બીજાઓ ઉપર કાર્ય કરી શકે છે. આ કઈ રીતે બને છે એ તો બહુ સહેલાઈથી સમજાવી શકાય છે. તમને આ પ્રેમનો અનુભવ થાય છે ત્યારે તમે આખીય સૃષ્ટિના આવિર્ભાવનું જે એકમાત્ર પરમ મૂળ તત્ત્વ છે તેની સાથે સંપર્કમાં આવતા હો છો; આ જગતમાં આવી રહેલા પદાર્થ માત્રના આદિ અને મૂળતત્ત્વ એવી, સર્વ પદાર્થના મૂળ ઉત્પત્તિસ્થાન તથા તેમની વાસ્તવિકતા છે, એવી વસ્તુ સાથે તમારો સંપર્ક થાય છે. આમ થતાં તમે તરત જ પરમ ઐક્ય — અદ્વૈતના પ્રદેશમાં પહોંચી જાઓ છો. હવે જગતની વ્યક્તિઓ વ્યક્તિઓ વચ્ચે કોઈ ભેદની હસ્તી રહેતી નથી. બધે એક જ આંદોલન વ્યાપી રહે છે અને એ આંદોલન જગતનાં બાહ્ય રૂપોમાં પછી અનિશ્ચિત કાળ લગી ફરી ફરીને બનતું રહી શકે છે. *

તમે જો પૂરતા પ્રમાણમાં ઊંચે ચડી શકો તો ત્યાં પછી તમે આખાય જગતનાં હાર્દમાં પહોંચી શકો છો. આ વિશ્વ-હૃદયમાં જે વસ્તુ આવિર્ભાવ પામેલી છે તે સર્વ વસ્તુઓમાં પોતાનો આવિર્ભાવ કરી શકતી હોય છે. વિશ્વનું પરમ રહસ્ય તે આ છે. પ્રભુનો એક વ્યક્તિગત રૂપમાં જે અવતાર થાય છે તેનું

* પછીથી કોઈએ શ્રી માતાજીને પ્રશ્ન કરેલો કે, આ શું માત્ર એક જ આંદોલન અનિશ્ચિત કાળ લગી ફરી ફરીને બનતું રહી શકે છે કે અનિશ્ચિત કાળ લગી ફરી ફરીને બન્યા કરે છે? શ્રી માતાજીએ જવાબમાં કહેલું, 'મેં એમાં એકી સાથે ઘણી વસ્તુઓ કહી હતી, આ આંદોલન આમ તો હરેક સ્થળે એક સ્થિર રૂપનું જ છે પણ આપણે જ્યારે તેનો સભાન રીતે સાક્ષાત્કાર કરીએ છીએ, ત્યારે તેને આપણે જે જે દિશામાં વાળીએ છીએ ત્યાં ત્યાં હરેક સ્થળે તેને સક્રિય કરવાની શક્તિ આપણને મળી આવે છે. અર્થાત્ આમાં તમે કોઈ વસ્તુને તેને સ્થાનેથી હઠાવી દેતા નથી, પણ જ્યાં જ્યાં ચેતનાને લઈ જવામાં આવે છે ત્યાં ત્યાં એ ચેતનાના દબાણને લીધે એ આંદોલન સક્રિય બને છે.'

રહસ્ય આ છે. સામાન્ય રીતે તો એવું બને છે કે આ વિશ્વહૃદયમાં આવિર્ભાવ પામેલી વસ્તુનો બાહ્ય રૂપમાં સાક્ષાત્કાર, વ્યક્તિના રૂપમાં રહેલી ઇચ્છાશક્તિ જ્યારે જાગૃત બને તેમ જ તે જવાબ આપવા લાગે ત્યારે જ બનતો હોય છે. પણ જો એવું બને કે પેલી વિશ્વની કેન્દ્રરૂપ ઇચ્છાશક્તિ કોઈ એક વ્યક્તિમાં સતત અને સ્થાયીપણે આવીને રહેતી થઈ ગઈ હોય તો એવી વ્યક્તિ પેલી કેન્દ્રરૂપ ઇચ્છાશક્તિ અને બીજી સર્વ વ્યક્તિઓની વચ્ચે એક માધ્યમ તરીકે બની શકે છે અને એ સર્વને માટે પોતે સંકલ્પ કરી શકે છે. આવી વ્યક્તિ જે જે વસ્તુ ઉપર પોતાની દૃષ્ટિ ઠેરવે છે અને તેને પોતાની ચેતનામાં પ્રભુની પરમ ઇચ્છાશકિતને ચરણે સમર્પણ કરી દે છે તે ક્રિયા એવી તો વ્યાપક બની જાય છે કે જાણે એ ક્રિયા જગતની એકેએક વ્યક્તિમાંથી બની રહી છે. આવી પ્રભુની ઇચ્છાને પોતામાં ધારણ કરતી પ્રતિનિધિ રૂપ વ્યક્તિ સાથે જગતમાંની વ્યક્તિઓ કોઈ ને કોઈ રીતે સંપર્કમાં આવે, અને એ સંપર્ક થોડો ઘણો સભાન રીતનો તેમ જ સંકલ્પપૂર્વક સાધેલો હોય છે તો આવા સંપર્કને લીધે પેલી પ્રતિનિધિ રૂપ વ્યક્તિનું કાર્ય વધુ અસરકારક બને છે, વધારે સિદ્ધિદાયક બને છે. એમાંથી પછી પ્રભુનું પરમ કાર્ય જડતત્ત્વની અંદર ઘણી જ વધુ સઘન રીતે તેમ જ સ્થાયી રીતે સક્રિય બની શકે છે. જગતમાં ચેતનાનાં જે અવતરણ થાય છે તે આટલા માટે થતાં હોય છે. આ અવતરણોને આપણે 'કેન્દ્રીકરણ'ની ક્રિયા કહી શકીએ છીએ. આવા અવતરણો પૃથ્વી ઉપર એક ચોક્કસ હેતુ સાધવા માટે, એક ખાસ સાક્ષાત્કાર માટે થતાં હોય છે, એમની પાછળ એક ધ્યેય હોય છે — અને આ ધ્યેય અવતાર થતાં પહેલા જ નક્કી થઈ ગયેલું હોય છે. પૃથ્વી ઉપર થતાં રહેલાં પ્રભુના પરમ અવતરણોનાં આ બધાં મહાન પગલાં હોય છે.

આવી રીતે જ્યારે પરમ પ્રેમના આવિર્ભાવનો દિવસ આવશે, એ પરમ પ્રેમ એના અતિ નિર્મળ, એકાગ્ર રૂપે અવતરણ પામશે ત્યારે ખરેખર પેલી રૂપાંતરની મહા ક્ષણ આવીને ઊભી રહેશે. એ વખતે આ પરમ सत् નો કોઈ પણ વસ્તુ વિરોધ કરી શકશે નહિ.

પરંતુ આ પરમ પ્રેમ તો એક મહા પ્રખર શક્તિ છે. એને ઝીલવા માટે પૃથ્વી ઉપર અમુક તૈયારી થવાની જરૂર રહે છે. નહિ તો પછી એના અવતરણમાંથી જગત ઉપર મહા ઘોર પરિણામો આવી શકે છે. આ વસ્તુ શ્રી અરવિંદે એમના એક પત્રમાં સમજાવેલી છે. શ્રી અરવિંદને પૂછવામાં આવ્યું હતું કે, 'આ વસ્તુ હમણાં જ કેમ આવી જતી નથી?' અને શ્રી અરવિંદે એનો કંઈક આ પ્રમાણે જવાબ આપ્યો હતો : 'દિવ્ય પ્રેમ જો એના મૂળ સ્વરૂપે પૃથ્વી ઉપર પ્રગટ થાય

તો એની અસર એક બોમ્બ પડે તેના જેવી થશે. પૃથ્વી હજી પૂરતા પ્રમાણમાં મુલાયમ કે ગ્રહણશીલ બનેલી નથી. અને તેથી તે પોતાની જાતને આ પ્રેમના જેટલી વિશાળ કરી શકે તેમ નથી. પૃથ્વી એ પોતાની જાતને માત્ર ખુલ્લી જ કરવાની નથી, પણ પોતાને તેણે વિશાળ પણ કરવાની છે, મુલાયમ પણ કરવાની છે — જડતત્ત્વ હજી અત્યંત જડ પ્રકારનું છે, શારીરિક ચેતનાનો પદાર્થ પણ આવો જ જડ છે, અત્યંત સ્થૂલ રીતનું જડતત્ત્વ જ નહિ, પણ શારીરિક ચેતનાનો પદાર્થ પણ અતિશય જડ રીતનો છે.

જાન્યુઆરી, ૧૯૬૧

*

**(૫૦) પાપીને ધિક્કારવો એ સૌથી ખરાબ પાપ છે, કારણ કે એનો અર્થ પ્રભુને ધિક્કારવા બરાબર થાય છે; છતાં પણ જે લોકો એમ કરે છે તેઓ પોતે મહાન સદ્‌ગુણી હોવાના ગૌરવમાં રાચે છે.**

***બાળક : મધુર માતાજી, જ્યારે આપણે ચેતનાની એક ખાસ અવસ્થામાં પ્રવેશ કરીએ છીએ, ત્યારે આપણને દેખાય છે કે પોતે સર્વ કાંઈ કરી શકે તેમ છે અને, છેવટે એવું કોઈ 'પાપ' નથી હોતું જે આપણી અંદર એક શક્યતા રૂપે હાજર ન હોય. શું આ માન્યતા બરાબર છે? આમ છતાં લોકો અમુક વસ્તુઓનો વિરોધ કરે છે અને એના પ્રત્યે તિરસ્કાર દાખવે છે. એમની અંદર કોઈક ને કોઈક ઠેકાણે એવું બિંદુ અવશ્ય હોય છે જેનો એ સ્વીકાર નથી કરતા. એમ કેમ હશે ? બુરાઈની સામે એક સાચી વૃત્તિ, એક અસરકારક વૃત્તિ કેવી હોઈ શકે?***

**શ્રી માતાજી :** એવું કોઈ પાપ નથી જે આપણી અંદર રહેલું ન હોય... વ્યક્તિ જ્યારે કોઈ કારણસર (અને એનો આધાર તે વ્યક્તિ ઉપર રહે છે) પોતાની જાતનો વિશ્વ ચેતના સાથે સંબંધ બાંધે છે (એનો અસીમ સારતત્ત્વ સાથે નહિ પરંતુ સ્થૂલ જગતના કોઈ સ્તર સાથે) ત્યારે એને આ પ્રકારનો અનુભવ થાય છે. અમુક પ્રકારની ચેતના એક અણુ જેવી સૂક્ષ્મ હોય છે, એક અત્યંત સ્થૂલ હોય છે અને એક અત્યંત સામાન્ય પ્રકારની મનોવૈજ્ઞાનિક ચેતના પણ હોય છે. જ્યારે તમે અંતર્મુખ થઈને, અહંભાવથી અલગ થઈને, ચેતનાના આ

ક્ષેત્ર સાથે સંબંધમાં આવો છો, ત્યારે (એને પાર્થિવ મનોવૈજ્ઞાનિક અથવા માનવ સમૂહની ચેતના પણ કહી શકાય, પણ એમાં એક ભેદ છેઃ માનવ સમૂહની ચેતનાનું ક્ષેત્ર નાનું હોય છે જ્યારે પાર્થિવ ચેતનામાં તો કેવળ પશુઓ નહિ પણ વનસ્પતિની ચેતના પણ આવી જાય છે; પરંતુ અત્યારની પરિસ્થિતિમાં અપરાધ, પાપ અને બુરાઈની નૈતિક માન્યતાઓ કેવળ માનવ ચેતનાની વસ્તુ જ છે એટલે આપણે એને કેવળ સામૂહિક મનોવૈજ્ઞાનિક માનવ ચેતના કહીએ છીએ) તમે અનુભવો છો, જુઓ છો અને જાણો છો કે એ તાદાત્મ્ય વડે તમે ગમે ત્યાં, ગમે તેવી માનવીય ક્રિયા કરી શકો છો. અમુક અંશે આ સત્યની ચેતના છે — કઈ વસ્તુ તમારી છે, કઈ વસ્તુ તમારી નથી, તમે શું કરી શકો તેમ છો, શું કરી શકતા નથી, એ બધાની અહંભાવભરી લાગણી એ વખતે વિલીન થઈ જાય છે. અને તમને ખબર પડે છે કે મનુષ્યની ચેતના તેના મૂળ સ્વરૂપમાં એવી રીતની બનેલી છે, કે કોઈ પણ વ્યક્તિ કોઈ પણ કર્મ કરી શકે છે. અને જ્યાં સુધી તમે એ સત્ય ચેતનામાં હો છો ત્યાં સુધી તમારી અંદર એ ખ્યાલ પણ રહે છે કે નિર્ણય, અરૂચિ અને વિરોધો, એ બધી મૂર્ખાઈભરી વાતો છે. ત્યાં સર્વ વસ્તુઓ સંભવિત રૂપે રહેતી હોય છે. અને વૈશ્વિક શક્તિનું કોઈ આંદોલન, (જેનું તમે સામાન્ય રીતે અનુસરણ કરી શકતા નથી, પરંતુ જેને આવતું જતું તમે જરૂર જોતા હો છો, પરંતુ સામાન્ય રીતે એનો મૂળ સ્રોત અને એના ગંતવ્યની દિશાનું જ્ઞાન તમને હોતું નથી) હા, હું કહી રહી હતી કે, એમાંથી કોઈ આંદોલન તમારી અંદર પ્રવેશ કરી જાય છે તો એ તમારી પાસે બધી જાતનાં કર્મ કરાવી શકે છે.

જો તમે હંમેશાં ચેતનાની એ અવસ્થામાં રહી શકો, અને અમુક સમય પછી તમે પોતાની અંદર અગ્નિને, પાવક અને ઉન્નતિકારક જ્યોતિને સળગતી રાખી શકો છો તો તમે એ શક્તિઓને તમારી અંદર સક્રિયરૂપ ધારણ કરતાં અને પોતાની જાતને સ્થૂલ સ્વરૂપમાં વ્યક્ત કરતી રોકી શકતા નથી; ઊલટું તમે પોતે એ ક્રિયાના પ્રકાર ઉપર કાર્ય કરી શકો છો અને તેનું રૂપાંતર પણ કરી શકો છો. પરંતુ એ વાતનો સ્વીકાર કરવો જોઈએ કે જ્યાં સુધી તમે એક ઉચ્ચ અવસ્થા પ્રાપ્ત કરી લેતા નથી ત્યાં સુધી ક્રિયાત્મક રૂપે પણ, એ ચેતનાની અવસ્થામાં લાંબો સમય ટકી રહેવું શક્ય હોતું નથી. ઘણુંખરું તમે તરત જ એક અલગ સ્વરૂપની અહંભાવભરી ચેતનામાં જઈ પડો છો; અને પછી પેલી સર્વ મુશ્કેલીઓ પાછી આવી શકે છે : તિરસ્કાર, કોઈ ખાસ વસ્તુઓ પ્રત્યે વિરોધ, એથી ઉત્પન્ન થતો ભય, વગેરે.

એ શક્ય (બલ્કે નિશ્ચિત) છે કે જ્યાં સુધી તમારું પૂર્ણપણે રૂપાંતર ન થઈ જાય ત્યાં સુધી, તિરસ્કાર અને વિરોધની આ ક્રિયાઓ આવશ્યક છે. એને લઈને એમના પ્રત્યે પોતાના બારણાં બંધ કરવા માટે જે કાંઈ કરવું જરૂરી હોય છે તે થઈ શકે છે. કારણ કે, પ્રશ્ન એ છે કે એ વસ્તુઓને પોતાને કઈ રીતે વ્યક્ત ન થવા દેવી.

એક સૂત્રમાં શ્રી અરવિંદે કહ્યું છે (મને અત્યારે તેમના શબ્દો બરાબર યાદ નથી) કે પાપ એક એવી વસ્તુ છે જે વાસ્તવમાં પોતાને યોગ્ય સ્થાને રહેલી નથી. આ વિશ્વમાં જે સાતત્યપૂર્ણ આવિર્ભાવ થઈ રહેલો છે તેમાં કોઈ વસ્તુ પોતાને ફરીવાર પ્રગટ કરતી નથી અને એવી વસ્તુઓ પણ છે જે અતીતમાં વિલીન થઈ જાય છે. જે વખતે એ વસ્તુઓનો વિલય આવશ્યક બની જાય છે તે વખતે એ વસ્તુઓ આપણી ચેતનાને માટે બહુ મર્યાદિત, ખરાબ અને અરુચિકર થઈ પડે છે. અને આપણે તેમનો વિરોધ કરીએ છીએ કારણ કે એમનો જીવનકાળ પૂરો થઈ ગયો હોય છે. પરંતુ જો આપણે એને એક સમગ્ર દૃષ્ટિબિંદુથી જોઈએ, જો આપણે આપણી અંદર ભૂત, વર્તમાન અને ભવિષ્યને ધારણ કરી રાખી શકીએ (જેવું ઊર્ધ્વની કોઈ ભૂમિકામાં હોય છે) તો આપણે આ વસ્તુઓમાં રહેલા સાપેક્ષત્વને જોઈ શકીએ છીએ. ખાસ કરીને એવી વસ્તુઓને અસ્વીકાર કરવાનો સંકલ્પ પણ આપણી અંદર રહેલી વૃદ્ધિશીલ વિકાસની શક્તિને લઈને જ પેદા થાય છે. અને જ્યારે એ વસ્તુઓ પોતાના યોગ્ય સ્થાને રહેલી હોય છે ત્યારે તે સ્થાને એમને પૂર્ણપણે નિભાવી લેવામાં પણ આવે છે. આમાં વાત કેવળ એટલી જ છે કે, પરમ સત્ય સ્વરૂપમાં જેવી સર્વગ્રાહી દૃષ્ટિ હોય છે તેવી દૃષ્ટિ તમારામાં નથી હોતી ત્યાં સુધી આ પ્રકારની અનુભૂતિ પ્રાપ્ત થવી શક્ય નથી. માટે, સૌથી પહેલાં તો તમારે પરમ સત્ય સાથે એકતા સિદ્ધ કરવી જોઈએ. એમ થયા પછી જ, એક તાદાત્મ્યને સાથે લઈને તમે તમારી બાહ્ય ચેતના પ્રત્યે પાછા વળીને, વસ્તુઓને તેમના સાચા રૂપમાં નિહાળી શકો છો. પરંતુ આમાં એ વસ્તુ સિદ્ધાંતરૂપ છે કે જેટલા પ્રમાણમાં તમે આ વસ્તુને સિદ્ધ કરી શકશો એટલા પ્રમાણમાં જ તમે એક એવી અવસ્થાએ પહોંચી જશો કે જેમાં તમે એક સમગ્ર ભાવના વિશ્વાસમાંથી ઉત્પન્ન થતાં સ્મિત સાથે એ વસ્તુ જોઈ શકશો કે વસ્તુઓ જેવી સ્થિતિમાં હોવી જોઈએ તેવી જ છે.

એ બાબત સ્વાભાવિક છે કે, જે લોકો વધુ ઊંડા ઊતરીને વિચાર નથી કરતા, તેઓ એમ કહેશે કે; "ઠીક છે, પરંતુ આપણે જો એ રીતે જોઈએ કે

વસ્તુઓ જે રીતની હોવી જોઈએ તેવી જ છે, તો કોઈ પણ વસ્તુ ગતિ નહિ કરે." પણ ના, તમે વસ્તુઓની ગતિને રોકી શકતા નથી. એક પળને માટે પણ તેઓ પોતાની ગતિ બંધ કરી શકતી નથી. એક ક્ષણ માટે પણ તેમની ગતિ બંધ પડતી નથી. આ એક સતત અને પૂર્ણ રૂપાંતર છે, એક એવી ક્રિયા છે જે કદી પણ બંધ નથી થતી. અને આ પ્રકારનો અનુભવ કરવો આપણે માટે મુશ્કેલ છે, માટે જ આપણે એ વસ્તુની કલ્પના કરી શકીએ છીએ કે જો આપણે ચેતનાની અમુક અવસ્થાઓમાં પ્રવેશ કરીશું તો કોઈ વસ્તુનું પરિવર્તન થવાનું બાકી રહી જશે. પરંતુ ખરી વાત તો એ છે કે જો આપણે ઉપર ઉપરથી પૂર્ણ રીતે તમોમય જણાતી અવસ્થામાં પણ પ્રવેશ કરીશું, તો પણ વસ્તુઓનું પરિવર્તન થતું રહેશે અને તેની સાથે આપણે પણ બદલાતા રહીશું.

મૂળમાં જોતાં, ઘૃણા, વિદ્રોહ, ક્રોધ અને ઉગ્રતાની બીજી સર્વે ક્રિયાઓ ખાસ કરીને અજ્ઞાન અને મર્યાદિતતાનું પરિણામ છે. મર્યાદિતતામાં જે કાંઈ નિર્બળતા આવી રહેલી છે તે સર્વ એ બધામાં હોય છે, વ્યક્તિ અનુભવ કરે છે અને જુએ છે કે વસ્તુઓ જેવી હોવી જોઈએ તેવી નથી. જો આપણે પૂરતા પ્રમાણમાં ઊર્ધ્વ પ્રત્યે આરોહણ કરીશું અને પરમ સંકલ્પની ચેતનાની સાથે એકરૂપ બની જઈશું તો આપણે પ્રત્યેક પળે, વિશ્વની એકેએક પળે, આપણે એ જોઈશું કે વસ્તુઓ જેવી હોવી જોઈએ તેવી જ, પ્રભુ ઇચ્છે છે તેવી જ છે. આ વસ્તુ જ સર્વશક્તિમાન સામર્થ્ય છે. અને ત્યાર પછી ઉગ્રતામાંથી ઉત્પન્ન થતી સર્વે ક્રિયાઓ આપણને કેવળ નિરર્થક નહિ પણ હાસ્યાસ્પદ પણ જણાય છે.

એટલે, વસ્તુઓનો ઉકેલ એક જ છે કે આપણે અભીપ્સા, એકાગ્રતા, અંતર્મુખતા અને તાદાત્મ્ય વડે પરમ સત્યના પરમ સંકલ્પ સાથે એકરૂપ બનીએ, અને એમાં જ સર્વ શક્તિમત્તા અને પૂર્ણ સ્વાતંત્ર્ય રહેલું હોય છે. અને એ વસ્તુ જ સર્વ શક્તિસ્વરૂપ અને એકમાત્ર સ્વાતંત્ર્ય છે, અન્ય સર્વ કાંઈ એની લગોલગની વસ્તુઓ હોય છે. એ વસ્તુઓ એ માર્ગે ગતિ કરી રહી છે એમ કહી શકાય પરંતુ એમાં વાસ્તવિક સમગ્રતા હોતી નથી. જો કોઈ પ્રયોગ કરી જુએ છે તો એને ખબર પડે છે કે આ પરમ સ્વતંત્રતા અને સર્વોપરી શક્તિની સાથે એક એવી શાંતિ અને અચંચળતા પણ રહેલી હોય છે જે કદી નિષ્ફળ જતી નથી. એટલે જો તમે કોઈ એવી વસ્તુ વિષે વિચાર કરો કે જે એવી ન હોય, એટલે કે વિદ્રોહ, ઘૃણા અથવા એવી બીજી વસ્તુ હોય જેનો તમે સ્વીકાર ન કરી શકતા હો, તો એનો અર્થ એ થશે કે તમારી અંદર કોઈ એવો ભાગ અસ્તિત્વમાં છે

જેને રૂપાંતરનો સ્પર્શ હજી સુધી થયો નથી, કોઈ એવી વસ્તુ છે જેણે પોતાની જુનવાણી ચેતનાનો અત્યાર સુધી ત્યાગ કર્યો નથી, જે હજી તેને માર્ગે રહેલી છે. બસ, વાત આટલી જ છે.

***બાળક : મધુર માતાજી, આ સૂત્રમાં શ્રી અરવિંદે એ લોકોની વાત કરી છે કે જેઓ પાપીઓનો તિરસ્કાર કરે છે. પાપીઓનો તિરસ્કાર ન કરવો જોઈએ.***

**શ્રી માતાજી :** આ પ્રશ્ન પણ પેલી જ વસ્તુને અલગ દૃષ્ટિકોણથી જોવામાંથી ઉપસ્થિત થાય છે. એનો ઉકેલ પણ એ જ છે.

***બાળક : મધુર માતાજી, પાપીનો તિરસ્કાર ન કરવા કરતાં પુણ્યશાળી વ્યક્તિનો તિરસ્કાર ન કરવો વધુ મુશ્કેલ છે. કારણ કે, પાપીની બાબતમાં તો આપણે સારી રીતે સમજી શકીએ છીએ, ગરીબ લોકોને પણ સારી રીતે સમજી શકાય છે. પરંતુ પુણ્યશાળીને...***

**શ્રી માતાજી :** પરંતુ એ વાતનો સાર એટલો જ છે કે આપણે એ વ્યક્તિમાં જે મિથ્યાભિમાન રહેલું હોય છે તેનો તિરસ્કાર કરીએ છે, એમાં ફક્ત એટલું જ હોય છે. કારણ કે ગમે તેમ તોય તેઓ બુરી વસ્તુ નથી કરતા તેમાં તો તેઓ ખરા જ હોય છે — તમે એને માટે તેમનો દોષ નહિ કાઢી શકો! પરંતુ એને લઈને તેઓ એમ માને છે કે તેઓ ઊચ્ચ કોટિના મનુષ્યો છે; અને એ વસ્તુ પછી આપણે માટે અસહ્ય થઈ પડે છે; એ વસ્તુ એમનો ઉચ્ચાવસ્થામાંથી જે રીતે આ ગરીબ લોકો પ્રત્યે — જેઓ તેમના કરતાં વધુ ખુશ નથી હોતા — નિહાળે છે તે વસ્તુ અસહ્ય હોય છે.

મારી પાસે એનાં ઘણાં ઉદાહરણો છે. ખૂબ આશ્ચર્યજનક ઉદાહરણો છે!

આપણે એક ઉદાહરણ લઈએ. કોઈ સ્ત્રીમાં વિશિષ્ટ પ્રકારની લાયકાતો હોવાને કારણે એના ઉપર પ્રેમ દાખવનારા અનેક મિત્રો હોય છે. એની પાસે રહેવું તમને આનંદદાયક લાગે છે અને તમે એની પાસેથી અનેક વાતો શીખી શકો છો. પછી અચાનક, કેટલીક પરિસ્થિતિઓને કારણે, એ વ્યક્તિનો સમાજમાંથી બહિષ્કાર કરવામાં આવે છે. કારણ એ કે એણે પોતાનો સંબંધ કોઈ બીજા પુરુષ સાથે સ્થાપિત કરી લીધો હોય છે અથવા એ લગ્ન કર્યા સિવાય

કોઈ બીજી વ્યક્તિની સાથે રહેવા લાગી હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો, જે સામાજિક કારણોનું કશું મૂલ્ય નથી, તેને લઈને લોકો એનો અસ્વીકાર કરે છે. અને એના બધા મિત્રો, (અહીં હું એવા મિત્રોની વાત કરતી નથી જેઓ ખરા હૃદયથી પ્રેમ કરતા હોય છે) એના સઘળા સામાજિક મિત્રો કે જે પહેલાં જ્યારે એને રસ્તામાં મળે ત્યારે સ્મિત-પૂર્વક એનું સ્વાગત કરતા હતા તે હવે પોતાનું મુખ બીજી બાજુ ફેરવી લે છે અને તેની તરફ નજર પણ નાખ્યા વિના આગળ ચાલી જાય છે — આવું અહીં આશ્રમમાં પણ બનેલું છે. હું એનાં પ્રત્યક્ષ ઉદાહરણ આપવા માગતી નથી. પરંતુ અહીં એવું કેટલીયે વાર બનેલું છે : જ્યારે પણ અહીં સામાજિક નિયમથી વિરુદ્ધ કોઈ વસ્તુ બની હોય છે ત્યારે જે લોકો પહેલાં એટલો બધો પ્રેમ ભાવ દેખાડતા હતા તેઓ પાછળથી અનેકવાર કહેવા લાગ્યા કે : "આ વ્યક્તિ હવે ખલાસ થઈ ગઈ છે!"

જ્યારે આવી વસ્તુઓ સંસારમાં બને છે ત્યારે તે મને બિલકુલ સ્વાભાવિક લાગે છે, પરંતુ અહીં પણ જ્યારે એવું બને છે ત્યારે મને હંમેશાં બહુ નવાઈ લાગે છે — એટલી બધી કે હું મારી જાતને કહું છું : "પણ આ વસ્તુઓ હજી પણ અહીં છે?"

જે લોકો એમ માનતા હોય છે કે તેઓ ઉદાર વિચારવાળા છે, જેઓ પોતે સર્વ સામાજિક પ્રથાઓથી ઉપર છે, તેવા લોકો પણ સીધેસીધા, એકદમ આ જાળમાં સપડાઈ જાય છે. ત્યારે તેઓ પોતાના અંતરાત્માને ચૂપ કરવાને માટે એમ કહે છે કે "શ્રી માતાજી આવી વસ્તુનો સ્વીકાર કરતાં નથી અને પરવાનગી આપતાં નથી, તેમ જ સહન પણ કરી લેતાં નથી" — અને આ રીતે એક વધારાની મૂર્ખામી એની સાથે જોડી દે છે.

આ અવસ્થામાંથી બહાર નીકળવું ઘણું કઠિન છે. આ વસ્તુ જ રૂઢિવાદ, મિથ્યાચાર છે. સામાજિક પ્રતિષ્ઠાની આ ભાવના! પરંતુ આમાં હોય છે તો મનની સંકુચિતતા જ, કારણ કે, જે લોકોમાં જરાપણ બુદ્ધિ હોય છે તેઓ આ ફંદામાં ફસાતા નથી. દાખલા તરીકે, જે લોકો આખી દુનિયામાં ફરી આવ્યા હોય છે તેઓએ એ વસ્તુ જોઈ હોય છે કે આ બધા સામાજિક નિયમો પૂર્ણપણે, વાતાવરણ, જાતિ અને ટેવો ઉપર આધાર રાખતા હોય છે, બલ્કે એથી પણ વધુ તો સમય અને કાળ ઉપર આધાર રાખતા હોય છે. એ લોકો આવી વસ્તુઓ જોઈને સ્મિત કરે છે. પરંતુ આ "યોગ્ય રીતે વિચારનારા લોકો." ઓહ!

આ એક પ્રથમનું પગલું છે. જ્યાં સુધી તમે એવી અવસ્થામાંથી બહાર નથી

નીકળી શકતા ત્યાં સુધી તમે યોગને લાયક નથી. જો તમે આવી અવસ્થામાં જ હો તો ખરે જ, તમે યોગને માટે લાયક નથી. — આ એક પ્રાથમિક સ્થિતિ છે.

જાન્યુઆરી, ૧૯૬૧

*

**(૫૧) હું જ્યારે પુણ્યપ્રકોપની વાત સાંભળું છું ત્યારે મને આશ્ચર્ય થાય છે કે માણસમાં પોતાની જાતને છેતરવાની કેવી તો શક્તિ રહેલી છે.**

***બાળક : મધુર માતાજી, માણસ પોતાની જાતને છેતરતો હોય છે ત્યારે એની ભાવના તો સારી જ હોય છે, એવો માણસ હંમેશાં બીજાના ભલાને માટે, માનવ-જાતિના હિતને ખાતર એમ કરતો હોય છે, આપની સેવા કરવાને માટે, એમ કરતો હોય છે, —એ વાત તો સ્પષ્ટ જ છે. તો પછી એ પોતાને છેતરે એ કેમ બનતું હશે?***

**શ્રી માતાજી :** આમાં તો ઊલટું હું તમને સામો પ્રશ્ન પૂછું એવું મન થાય છે! કેમકે તમારો પ્રશ્ન બે રીતે સમજાય તેવો છે. એક તો એ કે શ્રી અરવિંદે માણસોની પોતાની જાતને છેતરવાની શક્તિ જોઈને આશ્ચર્ય પામી જે કટાક્ષ અને વિનોદ પોતાના સૂત્રમાં મૂક્યો છે એ જ કટાક્ષ અને વિનોદ તમારા પ્રશ્નમાં છે એમ લઈ શકાય. અર્થાત્, તમે જાણે પોતે આવી રીતે પોતાને છેતરી રહેલા માણસ હો તેમ કહો છો, 'અરે, પણ મારી ભાવના તો સાવ સારી છે? હું હંમેશાં બીજાઓનું ભલું ઇચ્છું છું, મારે માનવજાતિનું હિત સાધવું છે, પ્રભુની સેવા કરવી છે. એમાં તો શંકા છે જ નહિ? તો પછી હું મારી જાતને કેવી રીતે છેતરી શકું, ભલા?'

પણ માણસ પોતાની જાતને ખરેખર બે રીતે છેતરી શકે છે, અને તે બહુ જ જુદી જુદી રીતે. દાખલા તરીકે, તમે જ્યારે લોકોને ખરાબ વર્તન કરતા જુઓ છો, સ્વાર્થી બનતા, બેવફા બનતા જુઓ છો, દ્રોહ કરતા જુઓ છો, ત્યારે તમે આ બધાંથી આઘાત અનુભવો છો. વ્યક્તિગત કારણને લઈને નહિ, પરંતુ તમારી શુભ ભાવનાને લીધે અને પ્રભુની સેવા કરવાની ઉત્સુકતાને લીધે. પોતાને કશું અંગત કારણ નથી હોતું તો પણ તમારા હૃદયમાં રહેલી ભલાઈને કારણે પ્રભુની

સેવા કરવાની તમને આતુરતા હોય છે તેથી તમને અમુક વસ્તુઓ તરફથી ખૂબજ આઘાત લાગી શકે છે. હા, તમારા વિકાસમાં એક એવી સ્થિતિ આવે છે ખરી કે જ્યારે તમે પોતે આ બધી વસ્તુઓ ઉપર કાબૂ મેળવી લીધો હોય છે અને એમને તમે તમારામાં પ્રગટ થવા દેતા નથી. આમ છતાં તમે જો સામાન્ય ચેતના સાથે, સામાન્ય વિચારસરણી સાથે સામાન્ય જીવન સાથે સંબંધમાં રહેતા હશો, સામાન્ય રીતનું દૃષ્ટિબિંદુ ધરાવતા હશો તો તેટલા પ્રમાણમાં આ બધી ખરાબ વસ્તુઓ તમારામાં ટકી રહી શકે છે. તમે જે સારા ગુણો મેળવવા પ્રયત્ન કરતા હો છો તેનાથી આ ઊલટી વસ્તુઓ હોય છે અને તેથી એ બધી ગુપ્ત રીતે તમારામાં રહેતી જ હોય છે. આ બંનેનું એક જોડકું છે. તમે જ્યારે આ બંનેથી ઉપરની ભૂમિકામાં ચાલ્યા જાઓ અને તમારામાં સદ્‌ગુણ કે દુર્ગુણ બેમાંનું એક પણ તત્ત્વ નહિ રહેવા પામે ત્યારે આ દ્વંદ્વમાંથી તમે મુક્ત બની શકો છો. તમારામાં જ્યાં લગી સદ્‌ગુણ રહે છે ત્યાં લગી એનાથી ઊલટી વસ્તુ પણ તમારામાં હંમેશાં ગુપ્ત રીતે રહી જાય છે. તમે સદ્‌ગુણ અને દુર્ગુણ એ બંનેથી પર થઈ જાઓ ત્યારે જ દુર્ગુણ ચાલ્યો જાય છે.

એટલે તમને આ રીતનો ક્રોધ થાય છે એ એમ બતાવી આપે છે કે તમે સદ્‌ગુણ દુર્ગણના દ્વંદ્વથી ઉપર ચાલ્યા ગયા નથી. આમાં તમારી સ્થિતિ એવી હોય છે કે તમે આવા દુર્ગુણને જરા પણ ટેકો આપતા નથી તેમ જ તમે પોતે આવું દુરાચરણ કરી પણ શકતા નથી. અહીં સુધી તો બધું બરાબર છે, પણ એમાં હવે જો તમારા ક્રોધને તમે ઉગ્રપણે બહાર પ્રગટ કરવા લાગો તો વસ્તુ જુદી બની જાય છે. તમારી લાગણીમાં ક્રોધ આવી જાય છે તેનું કારણ એ હોય છે કે તમે બીજાઓ પ્રત્યે જે પ્રકારની લાગણી સેવવાની ઇચ્છા રાખતા હો છો અને તેમની સામે તમને જે પ્રત્યાઘાત થતો હોય છે એ બેની વચ્ચે એક પૂરેપૂરો વિરોધ હોય છે. ક્રોધ એ વિકૃત બનેલી પ્રાણ-શક્તિ છે. આ પ્રાણ અજ્ઞાન હોય છે, સાવ અવિકસિત હોય છે; સામાન્ય રીતે પ્રાણિક આઘાત પ્રત્યાઘાતોને વશ થઈ જતો હોય છે. માણસની અજ્ઞાન અને અહંકારી ઇચ્છાશક્તિ જ્યારે આવી પ્રાણશક્તિનો ઉપયોગ કરે છે, અને એની આસપાસ આવી રહેલા બીજા માણસોની ઇચ્છાશક્તિઓ તરફથી એનો વિરોધ થાય છે ત્યારે આ પ્રાણશક્તિ ક્રોધનું રૂપ લે છે અને જે વસ્તુ માત્ર શક્તિના પોતાના દબાણને લઈને જ બનવી જોઈએ તે બનતી નથી ત્યારે માણસ ઉગ્રતાનો આશ્રય લઈને તે કરવા પ્રયત્ન કરે છે.

અને બધી જ ઉગ્રતાની માફક ક્રોધ પણ એક નબળાઈની જ નિશાની છે, અશક્તિ અને બિનઆવડતની નિશાની છે.

આ ક્રોધને તમે જે સંમતિ આપો છો, એને માટે આવું સરસ વિશેષણ વાપરો છો એમાંથી જ તમારી જાતને છેતરવાની ક્રિયા બને છે. ક્રોધ ભલે ગમે તે રીતનો હોય, પણ તે હંમેશાં એક આંધળી વસ્તુ છે, અજ્ઞાનમય, આસુરિક વસ્તુ છે, એટલે કે એ પ્રકાશથી ઊલટી વસ્તુ છે.

પણ હજી એક બીજી રીતની આપ-છેતરામણી, આત્મ-વિડંબના પણ છે અને તેના કરતાં તો આ વધુ સારી છે.

એ બીજી રીતની છેતરામણી માણસ આ રીતે કરતો હોય છે. કેટલાક લોકો હંમેશા પોતાના અંગત હીતની સાધનામાં જ ડૂબેલા હોય છે, પોતાની પસંદગીઓ, આસક્તિઓ, પોતાના ખ્યાલો પ્રમાણે જ બધું કરતા રહે છે. આ વસ્તુ કાં તો તેમની જાણ બહાર થતી રહે છે અથવા તો એમને એ જાણવું હોતું નથી. આ લોકોએ પ્રભુને પોતાનું પૂર્ણ સમર્પણ કરેલું હોતું નથી. અને એવા લોકો પછી નીતિના, યોગના વિચારો લઈને તે વડે પોતાની અંગત વૃત્તિઓને ઢાંકવાનું કરતા રહે છે. આવા માણસો પોતાની જાતને બેવડી રીતે છેતરે છે. તેઓ એક તો પોતાની બાહ્ય પ્રવૃત્તિઓમાં, બીજા માણસો સાથેના સંબંધમાં પોતાની જાતને છેતરે છે, એટલું જ નહિ, પણ પોતાની અંદરની વૃત્તિમાં પણ પોતાની જાતને છેતરે છે. તેઓ પ્રભુની સેવા નથી કરતા પણ પોતાની, માત્ર અહંકારની જ સેવા કરતા હોય છે. અને આ વસ્તુ પછી સતત બનતી રહે છે, સતત! તમે પ્રભુની સેવાનો ઢોંગ કરતા કરતા પોતાની સેવા જ કરતા હો છો, તમારા અહંકારની જ સેવા કરતા રહો છો. અને એ સ્થિતિ પછી માત્ર આપ-છેતરામણી જ રહેતી નથી — એ તો દંભ જ બની રહે છે.

માણસમાં એક માનસિક ટેવ એવી હોય છે કે તે દરેક વસ્તુને પોતાને અનકૂળ થાય તેવો ઘાટ આપી દે છે, પોતાની ક્રિયા માટે અનુકૂળ રીતનો ખુલાસો કરી લે છે. કેટલીક વાર આ ખુલાસો ઠીક ઠીક સુક્ષ્મ રીતનો હોય છે, પણ અમુક વખતે તો તે એટલો બધો સ્થૂલ હોય છે કે એમાં તમારાં પોતાના સિવાય બીજું કોઈ જ છેતરાતું નથી હોતું. અને માણસને માટે આ જાણે કે એક કાયમની આપ-સચ્ચાઈ બની જાય છે. તમે જે કંઈ કરતા હો, કહેતા હો, તમને જે કંઈ થતું હોય એ બધા માટે તમારું મન એક બહાનું લઈને, એક ખુલાસો લઈને હંમેશાં હાજર જ હોય છે. અને આ જ રીતે જે લોકોને પોતાની જાત ઉપર કાંઈ કાબૂ નથી હોતો, ખૂબ ગુસ્સામાં આવીને કોઈને તમાચો મારી દેતા હોય છે અને તે વસ્તુને તેઓ પુણ્યપ્રકોપ કહીને ઊભા રહે છે!

માણસમાં આ આપ-છેતરામણીની શક્તિ ખરેખર મહા પ્રચંડ છે. માણસના

મન પાસે કોઈ પણ રીતના અજ્ઞાનને માટે, કોઈ પણ રીતની મૂર્ખતાને માટે એક સરસ ખુલાસો શોધી કાઢવાની ખરેખર એક ગજબની કળા છે.

અને આનો અનુભવ તમને અવારનવાર જ થાય છે એવું નથી. આ વસ્તુ તો તમે મિનિટે મિનિટે બનતી જોઈ શકો છો. અને સામાન્ય રીતે તમને બીજા લોકોમાં આ બહુ સહેલાઈથી દેખાઈ આવે છે. પણ તમે જો તમારી પોતાની અંદર જરા બારીક નજર નાખશો તો તમને ત્યાં એ વસ્તુ દિવસમાં હજાર વાર બનતી દેખાઈ આવશે. પેલી જરા અનુકૂળ રીતે તમે કહેતા હો છો : 'અરે! પણ મારામાં તો એવું છે જ નહિ.' અને પછી આ બધું જ્ઞાન તમારા પાડોશીએ જ મેળવવાનું હોય છે, તમારે તો નહિ જ.

જાન્યુઆરી, ૧૯૬૧

*

**(૫૨) આ એક ચમત્કાર છે કે માણસો પ્રભુને ચાહી શકે છે, પણ માનવજાતિને ચાહી શકતા નથી. તો પછી એ પ્રેમ કોને કરતા હશે?**

***બાળક : મધુર માતાજી, માનવતાપ્રેમ દ્વારા પ્રભુ પાસે પહોંચી શકાય ખરું?***

**શ્રી માતાજી :** માનવતાપ્રેમનો અર્થ તમે શો કરો છો તેના પર બધો આધાર છે. સામાન્ય રીતે તો જે માણસો લોકદયાનાં કામ કરતા હોય છે તેમને આપણે માનવતાપ્રેમી કહીએ છીએ.

અહીં શ્રી અરવિંદ માનવતાપ્રેમ શબ્દ વાપરતા નથી. માનવતા પ્રેમનો અર્થ સામાન્ય રીતે જે પ્રમાણે લેવાય છે તેમાં તો એક જાતનું સામાજિક અને ચીલાચાલુ રીતનું વલણ હોય છે, એમાં માણસનો એક રીતનો ફુલાવેલો અહંકાર જે કામ કરતો હોય છે. આ અહંકાર પ્રેમ નથી હોતો, પણ તમે એક રક્ષક રીતનો ભાવ ધારણ કરીને લોકો ઉપર દયાદૃષ્ટિથી જોતા હો છો.

આ સૂત્રમાં શ્રી અરવિંદ જે લોકો જગતથી અલગ એવા એક પ્રભુની શોધ કરવા માટે જગતથી અલગ બની જઈ સંન્યાસનો માર્ગ લેતા હોય છે તેમની વાત કરે છે. એવા માણસો પોતાની જાતને જગતથી તથા માણસોથી સાવ અલગ કરી

લેવાનો પ્રયત્ન કરતા હોય છે.

પરંતુ શ્રી અરવિંદ તો માણસોને પ્રભુના એક અંગ રૂપે જ જુએ છે. અને તમે જો ખરેખર પ્રભુને ચાહતા હો તો પછી માણસોને કેમ ચાહી ન શકો? માણસો પણ પ્રભુનું પોતાનું જ એક સ્વરૂપ છે.

૧૮ જાન્યુઆરી, ૧૯૬૧

*

**(૫૩) જુદા જુદા ધાર્મિક સંપ્રદાયોના ઝગડા તે જાણે કે જુદાં જુદાં વાસણો લડતાં હોય તેના જેવા છે. દરેક વાસણ એવી તકરાર કરતું હોય છે કે હું એકલું જ અમૃતત્ત્વને ધારણ કરું એમ થાય. આ તકરાર ભલે થયા કરે, પણ આપણું કામ તો એ છે કે આપણે આ અમૃત પાસે પહોંચી જઈએ, પછી તે ભલે ગમે તે પાત્રમાં ભરેલું હોય અને એમ પછી અમૃતત્ત્વ મેળવી લઈએ.**

**(૫૪) તમે કહેશો કે આસવની અંદર પાત્રની સુવાસ આવતી હોય છે. પણ એ તો સ્વાદની વસ્તુ છે. અમૃતમાં જે અમૃતત્ત્વ આપનારી શક્તિ છે તે શું કાંઈ કોઈ રીતે ઓછી થવાની છે!**

***બાળક : મધુર માતાજી, (૧) શ્રી અરવિંદ આ અમૃતત્ત્વનાં અમૃતની વાત કરે છે તે શું છે? આ અમૃતમાં એવું શું હોય છે કે જે આપણને અમૃતત્ત્વની શક્તિ આપે છે? આ અમૃતનું શારીરિક અમૃતત્ત્વ હોય છે?***

***(૨) આપણને આ અમૃત મળી આવે છે ત્યારે આ ધાર્મિક સંપ્રદાયોનું શું થાય છે? એ પોતાનું લક્ષ્ય પામે છે ખરાં?***

**શ્રી માતાજી :** અમૃતત્ત્વનું અમૃત તે પરમ સત્ય છે, પરમ જ્ઞાન છે, પરમાત્મા સાથેનું મિલન છે. એમાંથી અમૃતત્ત્વની સભાનતા પ્રાપ્ત થાય છે.

દરેક ધાર્મિક સંપ્રદાય પોતાની ખાસ રીતે પ્રભુ તરફ ગતિ કરે છે. અને એ બાબતમાં શ્રી અરવિંદ સંપ્રદાયોને જુદાં જુદાં વાસણો સાથે સરખાવે છે, પરંતુ તેઓ કહે છે. તમે કયો રસ્તો લો છો એ બહુ મહત્ત્વની વાત નથી. તમારું જે

લક્ષ્ય છે એ જ મહત્ત્વની વસ્તુ છે. અને તમે ગમે તે રસ્તો લો પણ લક્ષ્ય તો એક જ રહેવાનું છે. અમૃતને ભલે ગમે તે વાસણમાં ભરવામાં આવ્યું હોય પણ એ પોતે તો એક જ રહેવાનું છે.

કેટલાક કહે છે કે પાત્રની જે સુવાસ હોય છે, તમે જે રીતનો માર્ગ લીધો હોય છે તેને લીધે અમૃતના સ્વાદમાં ફેર પડે છે, એટલે કે પ્રભુ સાથેનું તમારું મિલન એ પ્રમાણેનું ખાસ બને છે. શ્રી અરવિંદ જવાબ આપે છે : લોકોના માર્ગ જુદા જુદા હોઈ શકે છે, અને દરેક વ્યક્તિ પોતાને જે માર્ગ વધુ સારો લાગતો હોય, તેમ જ, પોતાની રુચિ પ્રમાણેનો હોય તેવો માર્ગ પસંદ કરે છે. પણ છતાં અમૃત પોતે, પ્રભુ સાથેનું મિલન તો હરેક વખતે પોતાની અમૃતત્ત્વની શક્તિ ટકાવી જ રાખે છે.

હવે આમાં જે એમ કહેવામાં આવે છે કે પ્રભુ સાથે મિલન થવાથી આપણને અમૃતત્ત્વની ચેતના મળે છે એનો અર્થ એ છે કે આપણામાં રહેલી ચેતના પેલી અમર વસ્તુ સાથે જોડાય છે અને તેથી પોતે અમર છે એમ અનુભવે છે. જે પ્રદેશોમાં અમૃતત્ત્વ રહેલું છે તેને વિશે આપણે સભાન બનીએ છીએ. પરંતુ આનો અર્થ એમ નથી થતો કે આ રીતનો અનુભવ થવાથી આપણા શરીરનું તત્ત્વ રૂપાંતર પામે છે અને અમર બને છે. શરીરનું અમૃતત્ત્વ મેળવવા માટે તો આપણે એક બીજી પ્રક્રિયા કરવાની રહે છે. એમાં તમારે પ્રથમ તો આ ચેતના મેળવી લેવાની રહે છે અને પછીથી એ ચેતનાને સ્થૂલ જગતમાં લઈ આવવાની રહે છે. એ ચેતનાને તમારે શારીરિક ચેતનાનું રૂપાંતર કરવા દેવાનું છે, એટલું જ નહિ પણ શરીર રૂપી આ જે પદાર્થ છે તેનું પણ રૂપાંતર કરવા દેવાનું છે. અને આ તો એક ઘણું ભારે કામ છે.

અને એક છેલ્લી વાત. તમારે વ્યક્તિને થતો સાક્ષાત્કાર અને આખા માનવ સમુદાયનો સાક્ષાત્કાર એ બેની ભેળસેળ કરી દેવાની નથી. આપણને અમૃત મળી આવે છે ત્યાર પછી આપણે તમામ ધાર્મિક સંપ્રદાયોથી ઉપર ચાલ્યા ગયા હોઈએ છીએ. આપણે માટે એ સંપ્રદાયોનો હવે કોઈ અર્થ કે ઉપયોગ રહેતો નથી. પરંતુ સામાન્ય લોકોને માટે તો, તેઓ સાક્ષાત્કારમાં પહોંચે નહિ ત્યાં સુધી, સંપ્રદાયો એક માર્ગ તરીકે જરૂરના તથા ઉપયોગના રહે છે જ.

૨૮ જાન્યુઆરી, ૧૯૬૧

*

**(૫૫) હે વરુણ, મારામાં વિસ્તાર પામો; હે ઈન્દ્ર, મારામાં બળવાન બનો; ઓ સૂર્ય, તમે અતિશય તેજોમય અને પ્રકાશવાન બનો; હે ચન્દ્ર, તમે મોહકતા અને મધુરતાથી સભર બનો; હે રુદ્ર, તમે ભીષણ અને ભયંકર બનો; ઓ મરુતો, તમે ઉગ્ર અને વેગીલા બનો; હે અર્યમા, તમે બળવાન અને હિંમતવાન બનો; હે ભગ, તમે આહ્‌લાદક અને આનંદદાયી બનો; હે મિત્ર, તમે સુકોમળ, માયાળુ અને પ્રેમમય તથા ભાવમય બનો. હે ઉષા, તું તેજસ્વી અને પ્રકાશ પાડનારી થા; હે રાત્રિ, તું ગંભીર અને ગર્ભવતી બન; ઓ જીવન તું સભર બન, સજ્જ અને ઉત્સાહમય બન; હે મૃત્યુ, તું મારાં કદમને ભવને ભવને લઈ જા. હે બૃહસ્પતિ, આ બધાંમાં સંવાદ રચો. ઓ કાલી, મને આ દેવોનો દાસ ના બનાવીશ.**

***બાળક : મધુર માતાજી, શ્રી અરવિંદ કાલીને સૌથી વધુ મહત્ત્વ શા માટે આપે છે?***

**શ્રી માતાજી** : આ બધાં દૈવી તત્ત્વો જે જે દેવોનાં પ્રતિનિધિ રૂપ તથા પ્રતીક છે, તે બધા દેવોને પ્રાપ્ત કરવા એ તો સારી વાત છે અને જરૂરી પણ છે. એટલા માટે જ શ્રી અરવિંદ એ બધાનું ઉદ્‌બોધન કરે છે અને તેમને પ્રાર્થના કરે છે કે તે એમની પ્રકૃતિને પોતાના હાથમાં લઈ લે. પરંતુ જેને પરમાત્મા સાથે મિલન જોઈતું હોય, જેને પરમ સાક્ષાત્કારની અભીપ્સા હોય તેને માટે આટલી વસ્તુ પૂરતી નથી રહેતી. એટલે શ્રી અરવિંદ છેવટે કાલીને આમંત્રે છે અને તેની પાસેથી આ બધા દેવોથી પર ચાલ્યા જવાની શક્તિ માગે છે.

કાલી તે વિશ્વરૂપ મા ભગવતીનું સૌથી વધુ શક્તિશાળી સ્વરૂપ છે, અને એ કાલીની શક્તિ મા ભગવતીએ રચેલી સૃષ્ટિમાં આવેલા સર્વ દેવો કરતાં વધારે સમર્થ છે. એટલે આ કાલી સાથે તમે એકતા પામો તો તમે બધાય દેવો કરતાં વધારે વિશાળ, વધારે પૂર્ણ, વધારે સમર્થ બની શકો છો. અને તેથી જ કાલી સાથેના મિલનની અવસ્થાને શ્રી અરવિંદ બીજા બધા દેવો કરતાં ઉપરની અને પર અવસ્થા ગણે છે.

૨ ફેબ્રુઆરી, ૧૯૬૧

*

**(૫૬) ઓ ઉત્સાહી વિવાદ કરનાર, તું જ્યારે વિવાદમાં સફળ થાય છે ત્યારે તો તારી ખૂબ જ દયા ખાવાની રહે છે, કેમકે એ સમયે તેં તારા જ્ઞાનને વિશાળ કરવાની એક તક ગુમાવી હોય છે.**

***બાળક : મધુર માતાજી, ચર્ચાઓ કઈ રીતે લાભ કરતી હોય છે? આપણે જે વસ્તુને સાચી માનતા હોઈએ તે બીજાઓને સમજાવવાનો સારામાં સારો રસ્તો કયો છે?***

**શ્રી માતાજી :** જે લોકોને ચર્ચા કરવી ગમતી હોય છે તેમને સામાન્ય રીતે પોતાના વિચારોને સ્પષ્ટ કરવા માટે વિરોધ રૂપી ઉત્તેજનાની જરૂર હોય છે.

આ સ્થિતિ બૌદ્ધિક વિકાસની પ્રાથમિક અવસ્થાનું ચિહ્ન છે એ તો દેખીતું જ છે.

પણ તમે જો ચર્ચા ચાલતી હોય તે વખતે એક તટસ્થ પ્રેક્ષક તરીકે બધું જોતા હો (અને તમે એમાં ભાગ લેતા હો અને સામો માણસ તમારી સાથે જ ચર્ચા કરતો હોય ત્યારે પણ) તો તમે તેમાંથી હંમેશાં લાભ મેળવી શકો છો. એમાંથી પછી તમે પ્રશ્નને કે સમસ્યાને ઘણાંએક દૃષ્ટિબિંદુથી જોઈ શકો છો. તમે પછી વિરોધી દૃષ્ટિબિંદુઓનો સમન્વય કરવાનો પ્રયત્ન કરો છો અને એ રીતે તમે તમારા વિચારોને વિશાળ બનાવી શકો છો, અને એક વધારે વ્યાપક સમન્વયમાં પહોંચો છો.

તમને જે વસ્તુ સાચી લાગતી હોય તે બીજાઓની આગળ સાબિત કરી બતાવવાની સારામાં સારી રીત તો એ છે કે એને જીવનમાં ઉતારી બતાવવી, એ સિવાય બીજો કોઈ રસ્તો નથી.

***બાળક : મધુર માતાજી, આપણે કોઈ વિવાદમાં સફળ થઈએ તો તેથી આપણી ચેતનાને વિશાળ કરવાની તક આપણે ગુમાવીએ એ કેવી રીતે બને?***

**શ્રી માતાજી :** ચર્ચામાં તો માત્ર અભિપ્રાયો જ સામસામે ગોઠવાતા હોય છે, અને અભિપ્રાયો એ તો સત્યનાં અત્યંત ખંડિત સ્વરૂપો જેવા જ હોય છે. એટલે તમે જો કોઈ અમુક વિષય પરના તમામ અભિપ્રાયોને ભેગા કરી શકો અને તેમાં સમન્વય લાવી શકો તોપણ તેથી તમને સત્યનું એક ઘણું જ અપૂર્ણ સ્વરૂપ હાથ લાગશે.

તમે જો કોઈ વિવાદમાં જીતો તો એનો અર્થ એ થયો કે તમારો અભિપ્રાય બીજાના અભિપ્રાય કરતાં વધારે બળવાન છે, પણ એનો અર્થ એ નહિ કે તમારા અભિપ્રાયમાં વધારે સત્ય હતું માટે તમે જીત્યા છો. એ તો તમારામાં દલીલ કરવાની વધારે શક્તિ હોય અથવા તો સામેના માણસ કરતાં તમે વધારે જિદ્દીપણે વિવાદ કર્યે જાઓ તોપણ તમે જીતી શકો છો. અને આ વિવાદમાંથી તમને એવી ખાતરી થઈ જાય છે કે તમે જે કહો છો તે જ સાચું છે. આ રીતે પછી તમે એ પ્રશ્ન અંગે તમારું જે દૃષ્ટિબિંદુ છે તેથી બીજું દૃષ્ટિબિંદુ જોઈ શકતા નથી, એ પ્રશ્ન અંગે તમારી પાસે સત્યનું જે સ્વરૂપ કે સ્વરૂપો હોય છે તેમાં એક વધુ સ્વરૂપ તમે ઉમેરી શકતા નથી. આમ તમે વિકાસની તક ગુમાવી દો છો, તમે તમારા પોતાના વિચારમાં જ પુરાયેલા રહો છો અને એ વિચારને વિશાળ કરવાની ના પાડો છો.

૧૭ માર્ચ, ૧૯૬૧

*

**(૫૭) વાઘ પોતાની પ્રકૃતિ પ્રમાણે બધું કરે છે, એ સિવાય એને બીજું કાંઈ જ્ઞાન હોતું નથી. એટલા માટે એ દિવ્ય છે, તથા તેનામાં કંઈ પાપ નથી. વાઘ જો પોતાને વિષે પ્રશ્ન ઉઠાવવા લાગે તો એ ગુનેગાર બની જાય છે.**

***બાળક : મધુર માતાજી, તો પછી માણસને માટે સાચી 'નૈસર્ગિક' સ્થિતિ કઈ કહેવાય? એ શા માટે પ્રશ્નો પૂછે છે?***

**શ્રી માતાજી :** માણસ પૃથ્વી ઉપર* એક સંક્રાન્તિની અવસ્થાના પ્રાણી જેવો છે. અને તેથી એના વિકાસક્રમમાં એને એક પછી ઘણી પ્રકૃતિઓ પ્રાપ્ત થયેલી છે. આ પ્રકૃતિઓએ ક્રમે ક્રમે ઊર્ધ્વ વળાંક લીધો છે અને આમ આગળ વધતાં વધતાં માણસ છેવટે અતિમાનસ પ્રકૃતિના ઉંબર પાસે જઈને ઊભો

* શ્રી માતાજીએ આમાં ઉમેરેલું કે, 'આ રીતનો મેં જે ચોક્કસ શબ્દ વાપર્યો છે તે ફાલતુ રીતે વાપર્યો નથી. 'પૃથ્વી ઉપર' એમ જે મેં કહ્યું છે તેનો અર્થ એ છે કે માણસ ફક્ત પૃથ્વીનો જ નિવાસી છે એમ નથી. માણસ મૂળમાં તો એક વિશ્વરૂપ વ્યક્તિ છે, પણ પૃથ્વી ઉપર એનો એક આ ખાસ આવિર્ભાવ થયેલો છે.'

રહેશે. અને એક અતિમાનવ રૂપે બદલાઈ જશે. પ્રકૃતિના આરોહણની આ જે ઊર્ધ્વ રેખા છે એ જ માનવના માનસિક વિકાસક્રમની પણ ઊર્ધ્વ-વક્ર રેખા છે.

જે કોઈ વસ્તુ આપોઆપ બની આવતી હોય છે તેને આપણે નૈસર્ગિક કહીએ છીએ. એમાં કોઈ પસંદગીનું તત્ત્વ હોતું નથી કે એને વિષે આપણે પહેલેથી કોઈ નિર્ણય કરેલો હોતો નથી. અર્થાત્, એમાં કોઈ માનસિક ક્રિયા દાખલ થયેલી હોતી નથી. એટલે જ માણસ જ્યારે સહજ રીતે પ્રાણમાંથી વર્તતો હોય છે, અને એમાં મનનું તત્ત્વ બહુ ઓછું છે ત્યારે એના એ સરળ વ્યવહારમાં તે વધુ 'નૈસર્ગિક' દેખાતો હોય છે. પણ આ નૈસર્ગિકતા તે ઘણીખરી પશુની નૈસર્ગિકતા જેવી હોય છે. માનવના વિકાસ ક્રમમાં આવી નૈસગિકતા તે સાવ નીચલા પગથિયા પરની અવસ્થા છે. માણસ હવે જ્યારે અતિમાનસ અવસ્થામાં પહોંચશે, એટલે કે તે મનથી પર ચાલી જઈને ઊર્ધ્વ સત્યમાં પહોંચશે ત્યારે એને ફરી વાર આ નૈસર્ગિક અવસ્થા મળી આવશે. એમાં મનની કશી દખલગીરી હશે નહિ.

પણ માણસ આ સ્થિતિમાં પહોંચ્યો નથી ત્યાં સુધીનો એનો આ બધો વ્યવહાર એ પણ નૈસર્ગિક રીતનો જ છે! માત્ર એમાં એટલું થયું છે કે માણસમાં મનનો ઉદય થયા પછી વિકાસક્રમની ક્રિયાનું રૂપ બદલાયું છે. એ ક્રિયા ખોટી બની ગઈ છે એમ તો નહિ કહી શકાય, પણ એમાં વિકૃતિ તો આવી જ ગઈ છે. મનની પ્રકૃતિ જ એવી છે કે તે વિકૃતિમાં સરી જાય છે. મન પોતાના છેક આરંભથી જ વિકૃત રહેલું છે. અથવા વધારે ચોક્કસ રીતે કહેવું હોય તો, આસુરિક શક્તિઓએ એને વિકૃત કરેલું છે. મનની આવી વિકૃત અવસ્થાને લીધે તે નૈસર્ગિક નથી એમ આપણને લાગે છે.

મન શા માટે સવાલો પૂછતું હોય છે? કેમકે એ તેનો સ્વભાવ છે.

જગતમાં મનનું આગમન થયું તેની સાથે જ વ્યક્તિત્ત્વનો આરંભ થયો છે અને તેની સાથે જ અલગપણાની — ભેદની એક ઘણી તીવ્ર લાગણી જન્મેલી છે. વળી આપણને પોતાને પસંદગીની સ્વતંત્રતા છે એવી થોડીઘણી ચોક્કસ છાપ પણ મનના આવવાથી ઊભી થઈ છે. આ બધું, આ બધી માનસિક અવસ્થાઓ એ સ્વાભાવિક રીતે જ માનવના મનોમય જીવનનું પરિણામ છે. માણસ જે નાની નાની ભૂલો કરતો હોય છે ત્યાંથી માંડીને તે જે મહાન પ્રખર સિદ્ધાંતો ઉપજાવે છે એ બધું એના મનોમય વિકાસનું પરિણામ છે. મનને એમ થતું હોય છે કે પોતે વસ્તુઓ વચ્ચે પસંદગી કરી શકે છે, પણ એની આ છાપ તે બીજા એક મૂળ સત્યનું વિકૃત સ્વરૂપ છે. આ મૂળ સત્ય જ્યારે આત્મા અથવા તો ચૈત્ય પુરુષ ચેતનામાં હાજર થાય છે અને પોતાના હાથમાં આપણા સ્વરૂપનું સંચાલન લઈ લે

છે ત્યારે જ આપણને પ્રત્યક્ષ થાય છે. અને આ બને છે ત્યારે માનવનું જીવન તે જગતમાં વ્યક્તિરૂપે તેમ જ સભાન રીતે પ્રગટ થતી પરમાત્માની સંકલ્પશક્તિનું સાચું પ્રગટ રૂપ બની રહે છે. પણ માણસની સામાન્ય સ્થિતિમાં તો આવું ભાગ્યે જ બનતું હોય છે, માનવની ચેતનાને આવી વસ્તુ સ્વાભાવિક નથી લાગતી — એ બધું એને લગભગ અતિપ્રાકૃતિક લાગે છે.

માણસ સવાલો ઉઠાવતો હોય છે એનું કારણ એ છે કે એને મળેલું મન રૂપી કરણ હરેક રીતની શક્યતાઓને જોવા માટે બનાવાયેલું છે. આના પહેલા પરિણામ રૂપે માણસમાં શુભ અને અશુભનો, સાચું શું અને ખોટું શું તેનો વિચાર બંધાય છે, અને એમાંથી પછી બધી આપત્તિઓ ઊભી થાય છે. આ કાંઈ ખરાબ સ્થિતિ છે એમ તો આપણે નથી જ કહી શકતા, પણ એ એક વચલી સંક્રાંતિના ગાળાની અવસ્થા છે — બેશક, એ બહુ આનંદ આપે તેવી તો નથી જ, પણ છતાં...મનના સંપૂર્ણ વિકાસ માટે એ સ્થિતિ અનિવાર્ય તો હતી જ.

૧૭ માર્ચ, ૧૯૬૧

*

**(૫૮) પશુએ જ્યાં લગી શુભ અને અશુભના જ્ઞાનવૃક્ષનું ફળ ખાધું ન હતું ત્યાં સુધી તેનામાં કશી વિકૃતિ આવી ન હતી. એ ફળ ખાધા પછી તેનામાં વિકૃતિ આવી. દેવતાએ તો શાશ્વત જીવનના વૃક્ષને પ્રાપ્ત કરવા માટે આ ફળનો ત્યાગ કરી દીધો છે. માણસ આ ઊર્ધ્વ સ્વર્ગ અને નિમ્ન પ્રકૃતિ એ બેની વચ્ચે ઊભેલો છે.**

***બાળક : મધુર માતાજી, પૃથ્વી ઉપર સ્વર્ગ હતું એ વાત સાચી છે? માણસને એમાંથી શા માટે કાઢી મૂકવામાં આવેલો?****

**શ્રી માતાજી :** ઇતિહાસની રીતે જોતાં (હું માનસિક દૃષ્ટિની રીતે નહિ પણ ઐતિહાસિક દૃષ્ટિની રીતે કહું છું), હું મારી સ્મૃતિના પ્રદેશમાં પહોંચું છું ત્યારે (જો કે હું આ વસ્તુ સાબિત કરી આપી શકું તેમ નથી, અને આમ તો આપણે

* શ્રી માતાજીએ આ પ્રશ્નનો જવાબ મૌખિક આપ્યો હતો. એમનો જવાબ ટેપ ઉપર જે રીતે નોંધાયો છે તે પ્રમાણેનો અહીં આપીએ છીએ.

કશું જ સાબિત કરી શકતા નથી — અને આ વસ્તુની ખરેખર કોઈ ઐતિહાસિક સાબિતી હોય, એટલે કે એવી સાબિતી સચવાઈ રહી હોય એમ હું ધારતી નથી, કંઈ નહિ તો, એવી કોઈ સાબિતી હજી લગી મળી આવી તો નથી જ), એટલે મારી સ્મૃતિ પહોંચે છે ત્યાં સુધી મને યાદ આવે છે કે પૃથ્વીના ઇતિહાસમાં ખરેખર એક સમય એવો હતો કે જ્યારે અહીં પૃથ્વી ઉપર એક રીતનું સ્વર્ગ હતું. આ સ્વર્ગ તે એ અર્થમાં કે એ એક સંપૂર્ણ સંવાદમય અને નૈસર્ગિક રીતનું જીવન હતું. અર્થાત્, તે વખતે જે મન પ્રગટ થયેલું તે હજી પણ પ્રકૃતિની ઊર્ધ્વ ગતિની સાથે સંપૂર્ણ મેળમાં હતું, પોતે પૂર્ણ સંવાદમય હતું, એમાં કશી વિકૃતિ કે કુરૂપતા ન હતી. સ્થૂલ રૂપોમાં મનનો જે આવિર્ભાવ થયેલો તેની આ પહેલી અવસ્થા હતી.

આ અવસ્થા ક્યાં લગી ટકી રહી હશે એ કહેવું મુશ્કેલ છે. પણ માણસને માટે એ જીવન પોતે પશુ જીવનમાંથી નીકળતો હોય એના જેવું કંઈક હતું. મારી સ્મૃતિ એવી છે કે એ જીવનમાં શરીર એની આસપાસની કુદરતી પરિસ્થિતિ સાથે સંપૂર્ણ અનુકૂળતામાં રહેતું હતું, તે વખતની આબોહવા શરીરની જરૂરિયાતોને અનુકૂળ રહેતી હતી અને શરીર આબોહવાની જરૂરિયાતોને અનુકૂળ રહેતું હતું. આખુંયે જીવન એક સહજ અને નૈસર્ગિક સ્થિતિમાં હતું. પશુનું જીવન વધારે પ્રકાશમય અને વધારે સભાન બન્યું હોય તેના જેવું એ હતું. આગળ જતાં પોતાના વિકાસક્રમમાં મન જે જે સંકુલતાઓ અને વિકૃતિઓ લઈ આવ્યું એમાંનું તે વખતે કશું જ ન હતું. આ જીવનની સ્મૃતિ મને રહેલી છે. મને જ્યારે આખીયે પૃથ્વીના જીવન વિશેની સભાનતા મળી આવેલી ત્યારે મને આ સ્મૃતિ આવેલી અને એ આખુંયે જીવન હું ફરીથી જીવી આવેલી. પણ આ જીવન ક્યાં લગી ચાલુ રહેલું અથવા તો કેટલા પ્રદેશોમાં તે પથરાયેલું હતું તે હું કહી શકું તેમ નથી, મને ખબર નથી. મને માત્ર એટલું યાદ આવે છે કે તે વખતે ત્યાં કેવી પરિસ્થિતિ, કેવી અવસ્થા હતી, સ્થૂલ પ્રકૃતિ કેવી હતી, એ વખતે માનવનું રૂપ અને માનવ ચેતના કેવાં હતાં, તે વખતે પૃથ્વી પરનાં બીજાં બધાં તત્ત્વો સાથે તેની કેવી સંવાદમયતા હતી, પ્રાણીઓના જીવન સાથે પણ, બેશક, કેવો સંવાદ હતો, અને વનસ્પતિ જીવન સાથે પણ કેટલો બધો સંવાદ હતો, તે વખતે માનવને પ્રકૃતિની વસ્તુઓ કેવી રીતે વાપરવી, વનસ્પતિમાં કેવા કેવા ગુણો છે, ફળોમાં કેવા ગુણો છે, અને કુદરતની વનસ્પતિ સૃષ્ટિ જે જે કાંઈ આપી શકતી હતી તેનું સ્વરૂપ શું છે એ બધાનું એક રીતનું સહજ જ્ઞાન હતું, તે વખતે માનવમાં કશી આક્રમણવૃત્તિ ન હતી, કશો ભય ન હતો, કોઈ વિરોધ કે ઘર્ષણ નહોતું, કશી વિકૃતિ ન હતી —

મન શુદ્ધ, સરળ, તેજોમય હતું, સંકુલ બની ગયેલું નહોતું.

પણ વિકાસક્રમ જેમ જેમ આગળ વધતો ગયો, તેમ તેમ એ વિકાસક્રમની કૂચમાં મન પોતે મોટું થતું ગયું. પોતાને ખાતર મોટું થતું ગયું અને એમાં પછી બધી સંકુલતાઓ અને કુરૂપતાઓ આવવા લાગી. અને આ બધું જે રીતે બન્યું તે જોતાં બાઈબલમાંની વિશ્વ ઉત્પત્તિની કથા (Genesis), જે આમ તો બહુ માલ વિનાની લાગે છે, છતાં તેમાં કંઈક સત્ય રહેલું દેખાય છે. આ જેનેસિસના જેવી પ્રાચીન પરંપરાઓમાં પ્રત્યેક અક્ષર તે અમુક ખાસ જ્ઞાનના સંકેત જેવો રહેતો હતો, એ અક્ષરમાં એ વખતના પરંપરા પ્રમાણેના બધા જ્ઞાનનો તાદૃશ સાર આવી જતો હતો. આ સિવાય, એ સંકેત રૂપ વાર્તામાં પણ એટલી વાત સાચી હતી કે પૃથ્વી ઉપર એક કાળે ખરેખર એવું જીવન (મનોમય બનેલું જડતત્ત્વ પ્રથમ વાર માનવ રૂપોમાં આવિર્ભાવ પામ્યું તે જીવન) હતું કે જે એની પૂર્વે પૃથ્વી ઉપર જે જે વસ્તુઓ રહેલી હતી તેની સાથે સંપૂર્ણ સંવાદમાં હતું અને એ પછી જ બધી પરિસ્થિતિ બગડવા લાગેલી.

અને આ જ્ઞાનવૃક્ષ રૂપી જે પ્રતીક છે એમાંનું જ્ઞાન હવે દિવ્ય પ્રકારનું જ્ઞાન નથી, એ સ્થૂલ જગતનું જ્ઞાન છે, એ ભેદના ભાનમાંથી જન્મે છે અને એણે જ બધી વસ્તુઓને બગાડવાનું કામ શરૂ કરેલું. આ રીતનો ગાળો કેટલા સમય સુધી ચાલ્યો હશે? (કેમકે મને જે સ્મૃતિ છે તે પણ એક લગભગ અમર જેવા જીવનની છે — અને એમ લાગે છે કે વિકાસક્રમમાં કોઈ એક અકસ્માત બની આવ્યો અને એમાંથી પછી પ્રગતિને ખાતર રૂપોનું વિસર્જન કરવાની જરૂર ઊભી થઈ). એટલે આ યુગ કેટલા વખત સુધી ચાલ્યો તે હું કહી શકતી નથી. અને આ જીવન ક્યાં હશે? મારામાં રહેલી અમુક છાપ પ્રમાણે (પણ આ બધી માત્ર છાપ જ છે) એમ લાગે છે કે આ સ્થળ......ની પાડોશમાં હશે......એ સિલોન અને ભારતની આ બાજુએ હશે કે બીજી બાજુએ (માતાજી હિંદી મહાસાગર તરફ આંગળી કરી સિલોન અને ભારતની પશ્ચિમ તરફ બતાવે છે યા તો પૂર્વમાં સિલોન અને જાવાની વચ્ચેનો ભાગ સૂચવે છે), પણ એ વાત તો ચોક્કસ છે કે આ સ્થાન હવે હયાત રહેલું નથી, સંભવ છે કે એ સમુદ્રમાં ડૂબી ગયું હશે. આ સ્થળનું દૃશ્ય અને આ જીવનની ચેતના અને તેનાં રૂપો મારી આગળ બહુ જ તાદૃશ રીતે ટકી રહેલાં છે. પણ એની સ્થૂલ ચોક્કસ વિગતો હું આપી શકતી નથી. (સાચું કહું તો, હું જ્યારે એ કાળમાં ફરીથી જીવવા લાગી હતી ત્યારે મને આ બધી વિગતો વિષે કશું કુતૂહલ જાગ્યું ન હતું — ત્યાં તમે બીજી કોઈ જ અવસ્થામાં હો છો અને આવી સ્થૂલ ચોકસાઈ કરવાને તમને કોઈ કુતૂહલ થતું

નથી. એવી અવસ્થામાં દરેક વસ્તુ એક માનસિક હકીકત રૂપે બની જાય છે), અને એ વસ્તુ..... એ વસ્તુ એટલી બધી તો સરળ, તેજોમય, પ્રકાશમય હતી, આપણે જે રીતની પ્રવૃત્તિઓમાં ડૂબેલા હોઈએ છીએ તેમાંનું ત્યાં કશું જ ન હતું. એ એક સહજ રીતનું જીવન હતું. અત્યંત સુંદર, પ્રકૃતિની બહુ જ નજીક, પશુનું જીવન સ્વાભાવિક રીતે જ વિકસી આવ્યું હોય તેવું. ત્યાં કશો વિરોધ ન હતો, કશી અસંગતિ ન હતી, આવું કશું જ નહિ દરેક વસ્તુ ત્યાં ઉત્તમ રીતની હતી.

### (મૌન)

**મને જુદા જુદા સંયોગો હેઠળ, ફરી ફરીને અનેક વાર એકની એક સ્મૃતિ થતી રહેલી છે (એમાં એનું એ જ દૃશ્ય કે એનાં એ જ ચિત્રો હોય એવું નહોતું, કેમકે હું આ કોઈ વસ્તુને જોતી ન હતી, હું એક જીવનની અંદરથી પસાર થતી હતી). અમુક વખત સુધી તો, રાત દિવસ, એક રીતની સમાધિમાં, જે જીવન** મેં એક વાર ગાળેલું તે ફરીથી મને દેખાતું રહ્યું હતું. અને એ વિશે મને પૂરી સભાનતા હતી કે પૃથ્વી ઉપર માનવનું રૂપ પ્રગટ થયું તે વખતની એ સ્થિતિ હતી — એ પહેલી વારનાં માનવ રૂપો હતાં, અને તેમનામાં પ્રભુના દિવ્ય સ્વરૂપને પોતામાં અવતારવાની શક્તિ હતી. હા, એ જ વસ્તુ હતી : એ વખતે હું પહેલી વાર પૃથ્વી પરના રૂપમાં અને તે એક અમુક રૂપમાં, એક વ્યક્તિગત રૂપમાં (સામાન્ય જીવન રૂપે નહિ પણ એક વ્યક્તિ તરીકેના રૂપમાં) મારો આવિર્ભાવ કરી શકી હતી. અર્થાત્, એ વખતે પહેલી જ વાર, આ સ્થૂલ જડતત્ત્વ મનોમય રૂપ પામ્યું અને તેની દ્વારા, ઊર્ધ્વમાંનાં પરમ તત્ત્વ સાથે નીચે આવેલાં તત્ત્વનું અનુસંધાન બની આવ્યું. આ અનુભવમાં હું ઘણી વાર રહી આવી છું. પણ એ દરેક વખતે એ અનુભવનો ઘાટ એનો એ જ રહ્યો છે, એને વિષેની લાગણી બરાબર એની એ જ રહી છે. એમાં એક એવી તો આનંદમય સરળતા હતી, કશી જ સંકુલતા નહિ, કશા પ્રશ્નો નહિ, આવા બધા સવાલો નહિ, આ બધામાંનું ત્યાં કશું પણ, કશું પણ ન હતું. ત્યાં એક સર્વવ્યાપી પ્રેમ સંવાદની અંદર જીવવાનો આનંદ પ્રફુલ્લી ઊઠ્યો હતો, આ સિવાય ત્યાં બીજું કંઈ જ ન હતું. પુષ્પો, ખનીજો, પ્રાણીઓ બધાં જ એક બીજા સાથે સરસ મેળમાં હતાં.

આ પછી ઘણા વખતે (આ પણ એક અંગત છાપ છે), ઘણા સમયે બધું બગડવા માંડ્યું. સંભવ છે કે સમગ્ર વિકાસને માટે અમુક માનસિક વસ્તુઓ રચાવાની જરૂર હતી, અનિવાર્યતા હતી, અને એને આધારે જ મન પછીથી બીજી કોઈ વસ્તુમાં પહોંચવા માટે તૈયાર થઈ શકે તેમ હતું. એ વખતે પછી....આહ!

જાણે કે આપણે એક છિદ્રમાં ભૂસકો મારી દીધો, વિરૂપતામાં, અંધકારમાં ઢળી પડ્યા. અને પછી તો બધું એવું તો અંધારમય થઈ ગયું, એવું તો કદરૂપું, એવું તો મુશ્કેલ, એવું તો દુઃખમય થઈ ગયું કે — એ જોઈને ખરેખર એમ જ લાગે કે એ એક પતનની જ સ્થિતિ હતી.

**(મૌન)**

મારે એક ગુહ્ય વિદ્યાના જાણકાર સાથે પરિચય હતો. તે મને કહેતા હતા કે આ બધું જે થયું...તમને કેવી રીતે સમજાવું?... તે અનિવાર્ય ન હતું. વિશ્વનો જે આવિર્ભાવ થયો છે તે પૂર્ણ સ્વતંત્રતાની ભૂમિકા ઉપર થયો છે. એમાં પછી સ્વેચ્છાપૂર્વક મૂળ તત્ત્વમાંથી છૂટા પડવાનું — વિચ્છેદ સ્વીકારાયો અને એમાંથી જ આ બધી અવ્યવસ્થા ઊભી થઈ. બન્યું તો એમ જ છે ને? પણ આને સમજાવવું કેવી રીતે? આપણા શબ્દો બહુ દુર્બળ છે, આ વસ્તુઓ આપણે શબ્દ દ્વારા કહી શકતા નથી. આ વસ્તુ બની ગઈ છે એટલે આપણે એમ કહી શકીએ છીએ કે એ 'અનિવાર્ય' હતું. પરંતુ આપણે જો સુષ્ટિમાંથી બહાર નીકળી જઈએ, તો પછી આપણે એવી એક સૃષ્ટિની કલ્પના કરી શકીએ છીએ, કરી શક્યા હોત કે જેમાં આ રીતની અવ્યવસ્થા બની આવી ન હોત. શ્રી અરવિંદ પણ લગભગ આ જ વસ્તુ કહે છે કે, આપણે કહેવું હોય તો, એ એક જાતનો 'અકસ્માત' હતો. પણ એ અકસ્માત એવો હતો કે જેને લીધે, એ ન બન્યો હોત અને જે રીતનો આવિર્ભાવ થયો હોત તેના કરતાં એક ઘણો વધારે મોટો અને વધારે પૂર્ણ રીતની સંપૂર્ણતાવાળો આવિર્ભાવ શક્ય બન્યો છે. પણ છતાં આ વસ્તુ હજી કલ્પનાનો વિષય છે, અને આ બધી કલ્પનાઓ, બીજું કંઈ નહિ તો, નકામી જેવી જ છે. પણ ગમે તેમ હો, મને આ જે અનુભવ થયો, જે લાગણી થઈ તે જાણે કે : (માતાજી એક અસહાય પતન સૂચવતાં હોય તેમ કરે છે) એક, આહ! એકાએક જ.

પૃથ્વીને માટે તો, બનવા જોગ છે કે, આ પ્રમાણે જ બન્યું હતું, એકાએક જઃ એક રીતનું આરોહણ અને પછી પતન — પણ પૃથ્વી તો એકાગ્રતા માટેનું એક નાનું સરખું જ બિંદુ છે, જોકે વિશ્વની દૃષ્ટિએ આ એક જુદી વસ્તુ છે.

**(મૌન)**

એટલે આ સમયનું સ્મરણ કોઈક ઠેકાણે, પૃથ્વીની સ્મૃતિમાં, જે ઠેકાણે પૃથ્વીનાં સ્મરણો કોતરાયેલાં રહે છે ત્યાં તો સચવાઈ રહેલું જ છે. અને જે લોકો

આ સ્મૃતિની સાથે સંબંધમાં આવી શકે છે તેઓ કહી શકે છે કે પૃથ્વી પરનું આ સ્વર્ગ હજી પણ કોઈક ઠેકાણે આવેલું છે. પણ હું એ વિષે જાણતી નથી. મને એ દેખાતું નથી.

***બાળક : મધુર માતાજી, અને સાપની વાર્તા વિષે શું? સાપની આવી નિંદા શા માટે કરવામાં આવી છે?***

**શ્રી માતાજી :** ખ્રિસ્તી લોકો કહે છે કે સાપ એ અશુભનો આત્મા છે.

**(મૌન)**

પણ આ બધું, એમાં કશી પણ સમજણ નથી.

જે ગુહ્ય વિદ્યાના જાણકારની મેં વાત કરેલી તેમણે કહેલું કે બાઇબલની (સ્વર્ગ અને સાપની) વાર્તાનો સાચો અર્થ એ છે કે માણસ મનના વિકાસ દ્વારા, પશુની માફક, પશુની દિવ્યતામાંથી સભાન દિવ્યતાની અવસ્થામાં પહોંચવા માગતો હતો. (આદમ અને ઈવે જ્ઞાનના વૃક્ષનું ફળ ખાધું એમ જે કહ્યું છે તેનો સંકેત આ છે). અને સાપ (એને વિષે હંમેશાં એમ કહેવાયું છે કે એ પોતાના રંગો બદલતો હતો, એટલે કે એનામાં મેઘધનુષના બધા રંગો હતા), તે અશુભનો આત્મા જરા પણ ન હતો. સાપ એ વિકાસક્રમની શક્તિ હતો — વિકાસક્રમની શક્તિ, બળ હતો — અને આ વિકાસક્રમની શક્તિએ જ આદમ અને ઈવને સ્વાભાવિક રીતે જ્ઞાનનું ફળ ખાતાં કર્યાં હતાં.

અને પછી એ ગુહ્ય વિદ્યાના જ્ઞાનીના કહેવા પ્રમાણે જેહોવા* તે અસુરોનો રાજા હતો, સૌથી મોટો અસુર હતો — એ અહંપ્રધાન ભગવાન હતો અને સર્વના ઉપર શાસન કરવા માગતો હતો તેમ જ સૌ કોઈને પોતાના કાબૂ હેઠળ રાખવા ઇચ્છતો હતો. એ પછી આ પૃથ્વીનો અને પૃથ્વી ઉપર જે કાંઈ સિદ્ધ બનવાનું હતું તેનો અધિષ્ઠાતા દેવ બન્યો અને તેમાં સ્વાભાવિક રીતે જ તેને એમ થયું કે માણસ જો માનસિક રીતે એટલી બધી પ્રગતિ કરે કે જેથી એને ખૂબ જ જ્ઞાન મળે અને પછી એ ભગવાનનું કહ્યું જ ન માને તો એ કાંઈ ઠીક ન થાય! અને એથી તે ખૂબ જ ગુસ્સે થઈ ગયો! ચેતનાનો વિકાસ થતાં માણસમાં એટલું બધું તો બળ આવી જાય તેમ હતું કે તે પોતે જ પછી ભગવાન બની જાય. આમ હતું

* હિબ્રૂઓનો ભગવાન

એટલે એણે આદમ અને ઈવને સ્વર્ગમાંથી હાંકી કાઢેલાં.

આ વાર્તાની અંદર પણ ઘણું મોટું સત્ય રહેલું છે, ઘણું મોટું.

અને શ્રી અરવિંદ આ બાબતમાં પોતાની પૂરેપૂરી સંમતિ આપતા હતા. તેમણે આ વસ્તુ કહેલી છે. મનની અંદર વિકાસ પામવાની શક્તિ રહેલી છે. એ જ શક્તિ તેને જ્ઞાનની તરફ લઈ ગઈ છે, અને એ જ્ઞાન તે ભેદનું જ્ઞાન છે...અને એ વાત ખરી છે કે માણસમાં શુભ અને અશુભનું જ્ઞાન જાગૃત થયું એટલે તરત જ પોતાને વિષે સભાન બન્યો અને એ સભાનતાએ જ પછી, સ્વાભાવિક રીતે, બધું બગાડી મૂક્યું છે. આ સભાનતાને લીધે જ તે સ્વર્ગમાં ન રહી શક્યો, અને પોતાની ચેતનાએ જ તેને બહાર હાંકી મૂક્યો, એ વધુ વાર સ્વર્ગમાં ન રહી શક્યો.

***બાળક : મધુર માતાજી, પણ આદમ અને ઈવને જેહોવાએ બહાર કાઢી મૂક્યાં કે તેમની પોતાની જ ચેતનાએ?***

**શ્રી માતાજી :** એ એક જ વસ્તુને કહેવાની બે જુદી જુદી રીત છે.

મારી દૃષ્ટિએ આ બધાં પ્રાચીન શાસ્ત્રોમાં તથા પ્રાચીન પરંપરાઓમાં એક ક્રમબદ્ધ સામગ્રી આવી રહેલી છે. (માતાજી અહીં જ્ઞાનની ભૂમિકાઓ બતાવતાં હોય તેમ કરે છે). અને જે વખતે જે રીતનો યુગ ચાલતો હોય, જે રીતના લોકો હોય, તેમને માટે જે રીતની જરૂર હોય તે પ્રમાણે આ જ્ઞાનમાંથી એક કે બીજો સંકેત લેવામાં આવે છે અને તેનો ઉપયોગ કરવામાં આવે છે, પણ એક વખત તમે આ બધાથી પછી પર થઈ જાઓ છો અને શ્રી અરવિંદ જેને 'અન્ય ગોલાર્ધ' કહે છે તેમાંથી બધું જોતા થાઓ છો. એમાં તમને સમજાય છે કે આ બધું તો તમને સત્ય સાથે સંપર્કમાં મૂકી આપવાને માટે કહેવાની માત્ર રીતો છે — એ બધું નીચેની ભૂમિકા પરથી જોવાની રીત અને ઉપરની ભૂમિકા પરથી જોવાની રીત વચ્ચે એક જાતનો પૂલ છે, કડી છે.

કેટલાક લોકો આ વસ્તુની ચર્ચા કરતા રહે છે, તમને કહેતા રહે છે : 'અરે, ના ના! એ વસ્તુ તો આવી છે, અને આ વસ્તુ તો તેવી છે' પણ અમુક વખતે તો એમની વાતો એટલી બધી હાસ્યાસ્પદ લાગે છે, ખૂબ જ હાસ્યાસ્પદ! નરી હસી કાઢવા જેવી. ઘણા લોકો આપોઆપ જ જવાબ આપી દે છે, 'અરે એ વાત, એ તો અશક્ય છે.' અને આવી હાસ્યજનક ભાષા બીજી એકે નથી! તમારામાં જરા સરખો પણ બુદ્ધિનો વિકાસ થયો હશે, હું તો કહું કે તમારામાં બુદ્ધિનો સહેજ અંકુર ઊગ્યો હશે તો પણ તમને જણાઈ આવશે કે કોઈ વસ્તુ જો અસંભવિત

હોય છે તો પછી તેનો તમને વિચાર પણ કદી આવી શકતો નથી.

**(મૌન)**

ઓહ! એ અવસ્થા જો પાછી આવે તો, પણ કેવી રીતે આવે?

હવે તો માણસોએ પૃથ્વી બગાડી મૂકી છે, ખરેખર, પૃથ્વી બગાડી મૂકી છે — વાતાવરણ બગાડી મૂક્યું છે, એકેએક ચીજ બગાડી મૂકી છે! એટલે પૃથ્વીનું વાતાવરણ પાછું ફરી વાર ઉત્તમ કરવું હશે તો આપણે ખૂબ ખૂબ રસ્તો કાપવો પડશે, ખાસ કરીને તો મનના પ્રદેશમાં. પણ અત્યારે તો આ જે જડતત્ત્વ છે, (માતાજી પોતાના હાથ વડે આસપાસની હવાને તપાસતાં હોય તેમ કરે છે), આ જડતત્ત્વ જે રીતનું બનેલું છે, તેને માણસોએ બૉમ્બ ફોડીને, પ્રયોગો કરીને, ઓહ, આ બધાની એવી તો કચુંબર કરી નાખી છે! ....ખરેખર. માણસે જડતત્ત્વનું સત્યાનાશ વાળી દીધું છે.

સંભવ છે કે — ના ના, સંભવ છે એમ નહિ, પણ ખરેખર જડતત્ત્વને આમ દળવાની, વલોવવાની તૈયાર કરવાની જરૂર તો હતી જ એમાં શંકા નથી. આમ થાય તો જ જડતત્ત્વ, પેલી જે વસ્તુ હજી આવિર્ભાવ પામેલી નથી તેને ઝીલી શકે તેવું બને.

જડતત્ત્વ પહેલાં તો ઘણું સાદું હતું, ઘણું સંવાદપૂર્ણ હતું, ઘણું પ્રકાશમય હતું, પણ એનામાં જોઈએ તેટલી સંકુલતા ન હતી. એ સંકુલતા હવે આવી છે અને તેણે જ બધું બગાડી મૂક્યું છે. પણ એ સંકુલતામાંથી જ હવે એક અત્યંત સભાન રીતનો, ઘણો ઘણો સભાન રીતનો સાક્ષાત્કાર સિદ્ધ થશે. અને પછી જ્યારે પૃથ્વી આ સંકુલતાની સાથે સાથે એ સંકુલતાના જેટલી જ સંવાદપૂર્ણ બની રહેશે, એના જેટલી જ સાદી, પ્રકાશમય, પવિત્ર — સાદી, પવિત્ર, નરી દિવ્ય — બની રહેશે ત્યારે જ આપણે કંઈ કરી શકીશું.

(માતાજી પછી જવાને ઊઠ્યાં ત્યારે એક ચળકતા ઘેરા લાલ રંગનું કેના (અક્કલબેલ) ફૂલ તેમના જોવામાં આવ્યું અને તે બોલ્યાં) :

બરાબર, આના જેવું છે. પૃથ્વી પરના એ સ્વર્ગમાં આવાં ઘણાં ફૂલો હતાં, લાલ અને એવાં તો સુંદર!

૧૧ માર્ચ, ૧૯૬૧

*

**(૫૯) ધર્મનું એક ઘણું મોટું આશ્વાસન એ છે કે એમાં કોઈ વાર ભગવાન તમારા હાથમાં આવી જાય છે અને તમે એને ધરાઈને મારી શકો છો. જંગલી લોકોને જ્યારે પોતાની પ્રાર્થનાઓનો જવાબ મળતો નથી ત્યારે તેઓ પોતાના દેવતાઓને મારતા હોય છે. એમની આ મૂર્ખતા વિષે લોકો હસતા હોય છે. પણ આમાં તો આ જે હસે છે તેઓ જ મૂર્ખ અને જંગલી છે.**

***બાળક : મધુર માતાજી, આપણે ભગવાનને ધરાઈને કેવી રીતે મારી શકીએ?***

**શ્રી માતાજી :** ધર્મમાં હંમેશાં પ્રભુને માણસના ઘાટમાં ઢાળવાનું વલણ રહેલું હોય છે. પ્રભુ એ માણસની જ એક વધારે મોટી કરેલી અને વિશાળ આકૃતિ હોય છે. પણ એ દેવ મૂળમાં તો માણસનાં લક્ષણોનો જ બનેલો હોય છે. એટલે પછી આને લીધે લોકો કોઈ માણસ રૂપી શત્રુ સાથે વર્તતા હોય એવી રીતે દેવની સાથે પણ વર્તી શકે છે. કેટલાક દેશોમાં લોકોને તેમનો દેવ જોઈતી વસ્તુ નથી આપતો ત્યારે તેઓ એને ઉપાડીને નદીમાં નાખી આવે છે!

***બાળક : મધુર માતાજી, પરંતુ આ 'મૂર્તિઓ' તે કાંઈ માત્ર માનવનું જ સર્જન નથી હોતું, એમનું પોતાનું સ્વતંત્ર તત્ત્વ પણ કાંઈ હોય છે ખરું?***

**શ્રી માતાજી :** આકૃતિ ગમે તે હોય (કે જેને આપણે તિરસ્કારમાં 'મૂર્તિ' કહીએ છીએ), દેવનું બાહ્ય સ્વરૂપ ભલે ગમે તે હોય, આપણી સ્થૂલ આંખને તે કદરૂપું, કે ભયંકર કે ઠઠ્ઠા રૂપ પણ ભલે લાગતું હોય તોપણ એ આકૃતિની અંદર, તે જે વસ્તુની પ્રતિનિધિ હોય છે તેની હાજરી હંમેશાં રહેતી હોય છે. અને કોઈક એવી વ્યક્તિ પણ હંમેશાં હોય છે કે જે એ આકૃતિમાં રહેલી શક્તિને, હાજરીને બહાર ખેંચી લાવે તેવી શક્તિ ધરાવતી હોય છે અને એમ કરતી પણ હોય છે. આ વ્યક્તિ પછી પૂજારી પણ હોઈ શકે છે, કોઈ દીક્ષિત પણ હોઈ શકે છે, કોઈ સાધુ કે સંન્યાસી પણ હોઈ શકે છે. સામાન્ય રીતે તો આ કામ પૂજારી કરતા હોય છે. અને પેલી શક્તિ એ આકૃતિમાં રહેલી હોય છે, એ આકૃતિમાં હાજરી રહેલી હોય છે એ વાત સાચી છે, તદ્દન ખરી છે. અને લોકો જે પૂજા કરતા હોય છે તે આ શક્તિની, હાજરીની પૂજા હોય છે (લાકડાના, પથ્થરના કે ધાતુના બનેલા આકારની નહિ).

પણ યુરોપના લોકોમાં આ આંતરિક દૃષ્ટિ નથી, જરા પણ નથી. એમને માટે બધી જ વસ્તુઓ, જાણે કે, માત્ર સપાટીની જ બનેલી હોય છે, એટલું પણ નહિ, જાણે કે તે સપાટીનો એક ટુકડો જ હોય છે, અને એની પાછળ કશું જ હોતું નથી. એટલે પછી તેમને આ વસ્તુનો કોઈ અનુભવ થતો નથી. પણ આ આકૃતિઓની પાછળ હાજરી તો હોય છે જ. એ એક હકીકત છે, એકદમ ખરી હકીકત, એની હું ખાતરી આપું છું.

***બાળક : મધુર માતાજી, ઘણા લોકો કહે છે કે શ્રી અરવિંદે આપેલું દર્શન એ એક નવો ધર્મ છે? આપ પોતે પણ શું કહેશો કે એ ધર્મ છે?***

**શ્રી માતાજી :** આ કહેનારા મૂર્ખ છે. એ કહેનારને પોતે શું બોલી રહ્યા છે એનું ભાન નથી. શ્રી અરવિંદે જે જે લખ્યું છે તે બધું તમે વાંચી જાઓ અને તમને જણાશે કે શ્રી અરવિંદનાં લખાણોને આધારે એક ધર્મની રચના કરવી અશક્ય છે. શ્રી અરવિંદ તો દરેક વસ્તુને, દરેક પ્રશ્નને તેનાં બધાં રૂપોમાં રજૂ કરે છે, એને જોવાની દરેક રીતમાં રહેલું સત્ય બતાવી આપે છે અને સમજાવે છે કે સત્યમાં પહોંચવા માટે તમારે એક સમન્વય ઊભો કરવો જોઈએ અને તે સમન્વય બધા માનસિક વિચારોથી ઉપર ચાલ્યો જવો જોઈએ અને એમ તમારે વિચારથી ઉપરની પરાત્પર સ્થિતિમાં પહોંચવું જોઈએ.

એટલે તમારા પ્રશ્નના બીજા ભાગનો કાંઈ અર્થ રહેતો નથી. વળી તમે જો છેલ્લા બુલેટિનમાં જે આવ્યું છે તે* વાંચ્યું હોત તો આ પ્રશ્ન પૂછી પણ શકત નહિ.

અને હું ફરીથી કહીશ કે આપણે જ્યારે શ્રી અરવિંદ વિષે કહીએ છીએ ત્યારે એમાં કોઈ તત્ત્વદર્શનની કે પછી આવિર્ભાવની પણ વાત આવતી નથી. એ તો શ્રી અરવિંદ રૂપે પરમાત્મા પોતે જ કાર્ય કરતા રહેલા છે : એના ઉપર તમે કોઈ ધર્મની સ્થાપના કરી શકશો નહિ.

પણ લોકો એવા તો ઘેલા છે કે તેઓ કોઈ પણ વસ્તુને ધર્મનું રૂપ આપી દે છે. લોકોને પોતાના સંકુચિત વિચારને ટેકો આપવા માટે, પોતાના મર્યાદિત વ્યવહારના આધાર માટે આવા કોઈ ચોક્કસ ચોકઠાની જરૂર રહે છે. પોતે ભારપૂર્વક જ્યાં લગી એમ કહી ન શકે કે 'આ વસ્તુ સાચી છે, આ સાચી નથી' ત્યાં સુધી એમને પોતાને વિષે કશી ખાતરી રહેતી નથી. પણ જે માણસે

* 'શ્રી અરવિંદ જગતના ઇતિહાસમાં કોઈ એક તત્ત્વદ્રષ્ટા રૂપે રહેલા નથી, કે એક આવિર્ભાવ રૂપે પણ રહ્યા નથી. શ્રી અરવિંદ તો જગતના ઇતિહાસમાં પરમાત્મા તરફથી સીધેસીધા થતા રહેલા એક નિર્ણયાત્મક કાર્ય રૂપે રહેલા છે.' — શ્રી માતાજી (બુલેટિન, એપ્રિલ ૧૯૬૧)

શ્રી અરવિંદે જે લખ્યું છે તે વાંચ્યું છે અને તેને સમજ્યો છે તેને માટે આવી રીતે ભારપૂર્વક વાત કરવી અશક્ય છે. ધર્મ અને યોગ એ એક જ ભૂમિકા ઉપરની વસ્તુ નથી અને આધ્યાત્મિક જીવનને તમે જો હરેક રીતના માનસિક જડ સિદ્ધાંતોથી મુક્ત રાખો તો જ તે તેનાં શુદ્ધ રૂપમાં ટકી શકે છે.

૨૬ એપ્રિલ, ૧૯૬૧

*

**(૬૦) મર્ત્યપણું — એવી કોઈ વસ્તુ નથી. જે અમર છે તે જ માત્ર મરી શકે છે; જે મર્ત્ય છે તે જન્મી શકતો પણ નથી અને મરી શકતો પણ નથી.**

***બાળક : મધુર માતાજી, માણસ પોતાના જે કાંઈ મનોમય, પ્રાણમય તથા શારીરિક અનુભવો હોય છે તેમને એક જન્મમાંથી બીજા જન્મમાં સાથે લઈ જાય છે ખરો ?***

**શ્રી માતાજી :** દરેક દાખલામાં એ જુદું જુદું હોય છે. દરેક વ્યક્તિ તેના જુદા જુદા ભાગોમાં કેટલો વિકાસ પામેલી છે અને એ ભાગો ચૈત્ય કેન્દ્રની આસપાસ કેટલા સારી રીતે વધુ — ઓછા ગોઠવાયા છે તેના પર બધો આધાર રહે છે. માણસનું સ્વરૂપ જેટલું વધારે પ્રમાણમાં સુગઠિત બનેલું હોય છે તેટલા પ્રમાણમાં એ સ્વરૂપ વધારે સભાનપણે સ્થાયી બને છે. સામાન્ય રીતે એમ કહી શકાય કે દરેક માણસ એના ચાલુ જન્મમાં તે પહેલાનાં જન્મોનાં પરિણામોને સાથે લઈ આવતો હોય છે, પણ એને એ જન્મોની સ્મૃતિ હોતી નથી. તમે જ્યારે તમારા ચૈત્ય પુરુષ સાથે મિલન સાધ્યું હોય છે અને તેને વિશે પૂરેપૂરા સભાન બનતા હો છો ત્યારે જ તેની સાથે તમને ભૂતકાળના જન્મોની સ્મૃતિ મળી આવે છે. અમુક વિરલ અપવાદ સિવાય આ પ્રમાણે જ બનતું રહે છે. ચૈત્ય પુરુષ એ સ્મૃતિને પોતાની ચેતનામાં જાળવી રાખતો હોય છે.

એ સિવાય તો, જે માણસો ખૂબ જ સંવેદનશીલ હોય છે તેમનામાં પણ આ સ્મૃતિઓ ત્રુટક રૂપની જ હોય છે, અચોક્કસ અને ગમે તેમ ઊભરાઈ આવતી હોય છે, ઘણીખરી વાર તો તે ભાગ્યે જ ઓળખાય તેવી હોય છે અને માત્ર અસ્પષ્ટ સંસ્કાર રૂપે જ દેખાતી હોય છે. પરંતુ જે માણસ બાહ્ય આભાસોની

પાછળ કેવી રીતે જોવું તે જાણતો હોય છે તેને પોતાના જીવનના સંયોગોની સાંકળમાં એક રીતનું મળતાપણું દેખાઈ શકે છે.

૪ મે, ૧૯૬૧

*

**(૬૧) કોઈ જ વસ્તુ સાન્ત નથી. માત્ર અનંત તત્ત્વ જ પોતાને માટે સીમાઓ ઊભી કરી શકે છે. જે સાન્ત છે તેને કોઈ આરંભ કે અંત હોઈ શકતો નથી, કેમકે તમે એના આરંભ અને અંતની કલ્પના કરવાની ક્રિયા કરો એ જ તેની અનંતતા બતાવી આપે છે.**

***બાળક : મધુર માતાજી, અનંતની અનુભૂતિ કેવી રીતે મળી શકે?***

**શ્રી માતાજી :** સાન્તની ચેતનામાંથી બહાર નીકળી આવવું એ જ એક માત્ર રસ્તો છે.

એ સ્થિતિમાં પહોંચવાની આશા રાખીને જ બધી યૌગિક સાધનાઓ, છેક આદિ કાળથી માંડી આજ સુધી, તૈયાર કરવામાં આવેલી છે અને અનુસરાઈ રહી છે. આ વિષયમાં લખવામાં ઘણું આવ્યું છે. પણ કામ તો ન જેવું જ થયું છે. અને આ જે કાંઈ થયું છે તે છતાં બહુ જ થોડી વ્યક્તિઓ સાન્તમાંથી છટકીને અનંતમાં ઝંપલાવવામાં સફળ થઈ શકી છે.

અને છતાં, શ્રી અરવિંદે લખ્યું છે તે મુજબ, કેવળ અનંત તત્ત્વ જ હસ્તી ધરાવે છે અને આપણી ઉપરછલ્લી દૃષ્ટિમાં રહેલી અસત્યતાને લીધે જ આપણે સાન્તના અસ્તિત્વમાં માનતા થયા છીએ.

૨૦ મે, ૧૯૬૧

*

**(૬૨) મેં એક મૂર્ખને નરી મૂર્ખતા વિષે પ્રવચન કરતો સાંભળ્યો અને મને આશ્ચર્ય થયું કે પ્રભુ આ રીતે શું કરવા માગતા હશે; પછી મેં વિચાર કર્યો અને મને ત્યાં સત્ય અને જ્ઞાનનો એક વિકૃત બુરખો દેખાયો.**

***બાળક : મધુર માતાજી, મૂર્ખતા એ સત્યનો વિકૃત બુરખો કેવી રીતે હોઈ શકે?***

**શ્રી માતાજી :** શ્રી અરવિંદ અહીં મૂર્ખતાની વ્યાખ્યા જ આપી રહ્યા છે. બુરખો એ સંતાડવાનું કામ કરે છે, એ જે વસ્તુને ઢાંકે છે તેને તે અદૃશ્ય બનાવી લે છે, અને એ બુરખો જો વિકૃત હોય છે તો તે જે વસ્તુને છુપાવતો હોય છે તેને તે અદૃશ્ય બનાવી દે છે એટલું જ નહિ પણ તેનું સ્વરૂપ પૂરેપૂરું ફેરવી નાખે છે. એટલે, આ વ્યાખ્યા પ્રમાણે, મૂર્ખતા એ એવી કોઈ વસ્તુ છે કે જે પદાર્થમાત્રના મૂળમાં રહેલા પરમ સત્યને ઢાંકી દે છે અને વિકૃત કરી નાખે છે, તેમ જ તેને જરા પણ ઓળખાય નહિ એવું કરી મૂકે છે.

૨૩ જૂન, ૧૯૬૧

***બાળક : મધુર માતાજી, શ્રી અરવિંદ શું એમ કહેવા માગે છે કે સંપૂર્ણ અસત્ય જેવું, સંપૂર્ણ અસત્યતા જેવું કાંઈ છે જ નહિ?***

**શ્રી માતાજી :** પૂર્ણ અસત્યના જેવું કાંઈ હોઈ શકતું જ નથી, વાસ્તવિક રીતે એમ બની શકે જ નહિ. કેમકે દરેક વસ્તુની પાછળ પ્રભુ રહેલા છે.

કેટલાક માણસો એવો પ્રશ્ન કરે છે કે વિશ્વમાંથી અમુક તત્ત્વો અદૃશ્ય થઈ જશે કે નહિ એના જેવો આ પ્રશ્ન છે. આનો અર્થ શો, એક વિશ્વનો વિનાશ? આપણે જો આપણી મૂર્ખતામાંથી બહાર આવી શકીએ તો કહો, કઈ વસ્તુનો આપણે વિનાશ કરી શકીશું? જે રૂપ છે, આભાસ છે તેનો જ માત્ર નાશ થાય છે — ખરી વાત તો એ છે કે, બધા જ આભાસો, એક પછી એક, નાશ પામે જ છે. એમ પણ કહેવાય છે (દરેક ઠેકાણે આ લખાયું છે, ઘણી ઘણી વાતો કહેવાય છે) કે વિરોધી શક્તિઓનું કાં તો પરિવર્તન કરી લેવામાં આવશે, એટલે કે તેઓ તેમની અંદર રહેલી દિવ્યતા વિષે સભાન બનશે અને દિવ્ય બનશે અથવા તો તેમનો નાશ થશે. નાશ થશે એટલે શું? એમના રૂપનો? એમની ચેતનાનાં રૂપને વિખેરી નાખી શકાય છે, પણ જે 'કોઈક વસ્તુ' ને લીધે એ રૂપો હસ્તીમાં રહેલાં છે, જેને લીધે બધા પદાર્થો હસ્તીમાં રહેલા છે તે વસ્તુનો નાશ કેવી રીતે થઈ શકે. વિશ્વ એ તો વસ્તુરૂપ બનવાની ક્રિયા છે, જે એક તત્ત્વ સારીયે શાશ્વતી માટે આવી રહેલું છે તેનું એ વસ્તુરૂપે થતું ગ્રહણ છે. તો પછી? આ સર્વરૂપ તત્ત્વ કેવી

રીતે અસ્તિત્વમાંથી મટી જઈ શકે? અનંત અને શાશ્વત રૂપ સર્વ, એટલે કે જેને કોઈ પણ રીતની સીમાઓ નથી, તેમાંથી એક વસ્તુ બહાર નીકળી જઈ શકે તેમ છે? બહાર ચાલી જવા માટેની કોઈ જગા જ નથી! જઈને ક્યાં જાય? એ તત્ સિવાય બીજું કશું છે જ નહિ.

અને પછી, આપણે જ્યારે એમ કહીએ છીએ કે 'માત્ર એ તત્ છે', ત્યારે આપણે તેને કોઈક ઠેકાણે મૂકતા હોઈએ છીએ, એ પણ સાવ મૂર્ખતાભરેલી વાત છે. તો પછી, એમાંથી કઈ વસ્તુને આપણે બહાર મૂકી શકીએ?

તમે અત્યારના આવિર્ભાવમાંથી એક વિશ્વ બહાર લાવવામાં આવ્યું હોય એવી કલ્પના કરી શકો છો. એક પછી એક વિશ્વો આવતાં જાય, અને પહેલાંનાં વિશ્વોમાં રહેલી વસ્તુઓ પછીનાં વિશ્વોમાં ન હોય એવી કલ્પના તમે કરી શકો છો, અને એ તો તદ્દન દેખીતી વાત છે. તમે એવી કલ્પના કરી શકો છો કે અસત્ય અને જૂઠાણાંઓનો એક આખો જથ્થો (આપણે માટે અત્યારે જે વસ્તુઓ અસત્ય અને જૂઠાણાંઓ છે તે) જગત એના પ્રાકટ્યના પ્રવાહમાં જે રૂપે બનતું જશે તેમાં પછી જગતના અંશ રૂપે રહેશે નહિ. આ બધું આપણે સમજી શકીએ છીએ, પણ નાશ થવો? અને નાશ થવા માટે એ જાય ક્યાં? આપણે જ્યારે નાશ થવાનું કહીએ છીએ ત્યારે આપણે માત્ર એક રૂપનો નાશ થવાનો જ વિચાર કરતા હોઈએ છીએ (એ ચેતનાનું રૂપ હોઈ શકે છે કે સ્થૂલ રૂપ હોઈ શકે છે, પણ એ હંમેશાં એક રૂપ હોય છે), પણ જે વસ્તુ રૂપ વિનાની હોય છે તેનો નાશ તમે કેવી રીતે કરી શકો?

એટલે એક સંપૂર્ણ અસત્ય ચાલ્યું જશે એમ કહેવું એનો અર્થ માત્ર એટલો જ થાય છે કે વસ્તુઓનો એક આખો સમૂહ શાશ્વત કાળ સુધી ભૂતકાળમાં જીવતો રહેશે પણ જે આવિર્ભાવો બનવાના છે તેના ભાગ રૂપે તે રહેશે નહિ, બસ એટલું જ.

તમે તેમાંથી બહાર નીકળી જઈ શકતા નથી, ખરું કે નહિ?

***બાળક : મધુર માતાજી, પણ એ વસ્તુઓ ભૂતકાળમાં રહેશે ખરી?***

**શ્રી માતાજી :** આપણને એમ કહેવામાં આવ્યું છે કે ચેતનાની એક એવી અવસ્થા છે – આપણે જ્યારે ઉપર ચડીએ છીએ, આપણે જ્યારે શૂન્યતા કિંવા નિર્વાણની બાજુ તથા સત્ અવસ્થાની બાજુ એ બંનેથી પર જઈ શકીએ છીએ (એક નિર્વાણની બાજુ છે અને બીજી સત્ અવસ્થાની બાજુ છે, અને એ બંને

પરમાત્માનાં એકી સાથે અસ્તિત્વ ધરાવતાં તથા પૂરક એવાં સ્વરૂપો છે) — કે જ્યાં બધી વસ્તુઓ શાશ્વતની રીતે અને એકી સાથે આવી રહેલી હોય છે, અને ત્યારે આપણે એમ કલ્પી શકીએ છીએ (અને આ પણ એક મૂર્ખતા છે કે નહિ તે પ્રભુ જાણે!) કે વસ્તુઓનો એક ગુચ્છ અ-સત્ અવસ્થામાં ચાલ્યો જાય છે અને એ આપણી ચેતનાને માટે અદૃશ્ય રૂપ કે વિનાશ રૂપ બની રહેશે.

આ શક્ય છે? મને ખબર નથી. તમારે ભગવાનને પૂછવું જોઈએ, પણ સામાન્ય રીતે તે આવા પ્રશ્નોના જવાબ આપતા નથી. એ હળવેથી હસે છે!

એક વખત એવો આવે છે કે જ્યારે તમે સાચે જ કશું કહી શકતા નથી. તમને એમ લાગે છે કે તમે જે કાંઈ કહેશો તે જો મૂર્ખતા નહિ હોય તો મૂર્ખતાની નજીકની વસ્તુ તો હશે જ અને આપણે મૂંગા રહીએ એ જ ખરેખર વધારે સારી વાત છે. મુશ્કેલી તે આ છે. અમુક સૂત્રોમાં તમને એકાએક લાગી આવે છે કે શ્રી અરવિંદના હાથમાં કોઈ એવી વસ્તુ આવી છે જે આપણે વિચાર કરી શકીએ તેનાથી ઉપરની અને પરની હોય છે, પછી આપણે શું કહી શકીએ?

**(મૌન)**

હા, એ તો સ્વાભાવિક છે કે, તમે જ્યારે પાછા અહીં નીચે આવી જાઓ છો ત્યારે, તમે — ઓહ, તમે ઘણું ઘણું કહી શકો છો.

આપણે જો વિનોદમાં કહેવું હોય (અને વિનોદ તો આપણે હંમેશાં કરી શકીએ છીએ, માત્ર લોકો તમારી મશ્કરીને એટલી બધી ગંભીર રીતે લે છે કે તમારે અચકાવું પડે છે), તો આપણે એમ કહી શકીએ છીએ, સાવ ખોટા પડ્યા વિના, કે તમને કોઈ બુદ્ધિવાળા માણસની વાત સાંભળીને જેટલું શીખવાનું મળે છે તેના કરતાં એક ગાંડા માણસની કે પછી જડ માણસની વાત સાંભળવાથી વધુ શીખવાનું મળે છે. આ બુદ્ધિવાળા માણસોના જેટલું શુષ્ક બીજો કોઈ હોતું નથી.

૨૭ જૂન, ૧૯૬૧

*

**(૬૩) મુસલમાનો કહે છે કે પ્રભુ મહાન છે. હા, પ્રભુ એટલા તો મહાન છે કે એમને દુર્બળ બનવાની જરૂર પડે ત્યારે તેઓ દુર્બળ પણ બની શકે છે.**

**(૬૪) પોતાનાં કાર્યોમાં પ્રભુ ઘણી વાર નિષ્ફળ જાય છે. આ નિષ્ફળતા એ એમની અસીમ પ્રભુતાનું લક્ષણ છે.**

**(૬૫) પ્રભુ કોઈ અજેય રીતે મહાન છે, એટલે તેઓ ખુશીથી દુર્બળ બની શકે છે; પ્રભુ કોઈ અવિકારી રીતે શુદ્ધ છે, એટલે તેઓ ધૃષ્ટ બનીને પાપમાં પડી શકે છે; પ્રભુ શાશ્વત રીતે અખિલ આનંદને જાણતા હોય છે, એટલે તેઓ દુઃખના આનંદનો પણ રસ લે છે; પ્રભુ એક સદાયના જ્ઞાની છે, એટલે તેમણે પોતાની જાતને મૂર્ખ બનતાં અટકાવી નથી.**

***બાળક : મધુર માતાજી, પ્રભુને દુર્બળ બનવાની શી જરૂર છે?***

**શ્રી માતાજી :** શ્રી અરવિંદ એમ નથી કહેતા કે પ્રભુને દુર્બળ બનવાની કોઈ જરૂર છે. તેઓ એમ કહે છે કે, આખા વિશ્વને સમગ્ર રીતે જોતાં, શક્તિઓની લીલાની સંપૂર્ણતાની દૃષ્ટિએ જોઈએ તો, શક્તિને પ્રદર્શિત કરવાની જેવી જરૂર પડે છે તેવી જ રીતે દુર્બળ બનવાની ક્રિયા પણ જરૂરી બને છે. અને તેઓ, કાંઈક કટાક્ષપૂર્વક, ઉમેરે છે કે, પ્રભુ તો સર્વશક્તિમાન છે, એટલે સાથે સાથે, જરૂર પડે તો તેઓ દુર્બળ પણ બની શકે છે.

કેટલાક નીતિવાદીઓ પ્રભુમાં અમુક ચોક્કસ લક્ષણો આરોપિત કરે છે અને એ સિવાય પ્રભુનું બીજું કોઈ સ્વરૂપ હોઈ શકે નહિ એમ કહે છે. એવા લોકોની દૃષ્ટિને વિશાળ કરવા માટે આ વસ્તુ કહેલી છે.

આપણને જગતમાં જે રીતની શક્તિ નજરે પડે છે તેમ જ અશક્તિ નજરે પડે છે તે બંને પ્રભુના દિવ્ય સત્યના એકસરખાં વિકૃત રૂપો છે. આ દિવ્ય સત્ય સ્થૂલ ભૂમિકા પરના બધા આવિર્ભાવોની પાછળ હાજર તથા ગુપ્ત રહેલું છે.

૩૦ જૂન, ૧૯૬૧

***બાળક : મધુર માતાજી, પ્રભુ ક્યારેય પણ ખરેખર નિષ્ફળ જતા હોય છે કે દુર્બળ બનતા હોય છે ખરા? કે એ માત્ર રમત જ છે?****

---

* શ્રી માતાજીએ આનો જવાબ તરત જ મોઢેથી આપ્યો હતો.

**શ્રી માતાજી :** ના ભાઈ, વસ્તુ એવી નથી! આ તો પશ્ચિમના માનસમાં જે વિકૃતિ આવેલી છે તે છે. ગીતાના વલણ કરતાં આ તદ્દન ઊલટું વલણ છે. ગીતા કહે છે કે આખુંયે વિશ્વ પરમાત્મા પોતે છે. આ વસ્તુને એક જીવતી અને સઘન રીતે સમજાવવી અને એ ય પશ્ચિમના માનસને સમજાવવી અત્યંત કઠિન છે.

પ્રભુ એટલે જગતનો સરજનહાર એ રીતનો ખ્રિસ્તી વિચાર લોકોના મનમાં ખૂબ જ ઘર કરી ગયેલો છે — એક બાજુએ સૃષ્ટિ અને બીજી બાજુ પ્રભુ. તમે જ્યારે આના ઉપર મનન કરો છો ત્યારે પછી એ વિચારને પડતો મૂકી દો છો, પણ એમ છતાં એ વિચાર તમારાં સંવેદનોમાં, તમારી લાગણીઓમાં પેસી જાય છે. જે જે વસ્તુઓ તમને અતિ ઉત્તમ પ્રકારની લાગે છે, અતિશય સુન્દર લાગે છે. એ બધી તમે આપોઆપ, સહજ રીતે જ, લગભગ અવચેતન રીતે પ્રભુની અંદર આરોપી દો છો. અને તેમાંયે ખાસ તો, તમારે પોતે જે કાંઈ પ્રાપ્ત કરવું હોય છે, સિદ્ધ કરવું હોય છે તે બધું તમે પ્રભુમાં મૂકી આપો છો, (સ્વાભાવિક રીતે જ, દરેક માણસ પોતાની ચેતના મુજબ પોતાના પ્રભુની અંદરની સામગ્રીમાં ફેરફાર કરતો રહે છે. પણ આમાં તમે જે વસ્તુને ઉત્તમ ગણતા હો છો તે જ તમે પ્રભુમાં મુકેલું હોય છે.) અને એટલે જ તમારી આગળ જ્યારે એ વિચાર આવે છે કે, જે કોઈ વસ્તુ તમને ગમતી નથી હોતી, જેને તમે મંજૂર કરતા નથી, તમને જે સર્વોત્તમ દેખાતી નથી એવી વસ્તુ પણ પ્રભુ હોઈ શકે છે ત્યારે તમને સહજ રીતે જ, આપોઆપ જ અને અવચેતન રીતે આઘાત લાગી જાય છે.

આ વસ્તુ તમે બરાબર સમજી શકો એટલા માટે જ આમ જાણી જોઈને, કંઈક બાલિશ રીતે હું કહું છું. પણ વસ્તુ આવી જ છે એની મને ખાતરી છે, કેમકે મેં મારી પોતાની અંદર પણ લાંબા વખત સુધી આમ જ થતું રહેતું જોયું છે. આપણું બાળપણ, પરિસ્થિતિ, કેળવણી વગેરેને લીધે આપણા અવચેતનમાં જે સંસ્કારો બંધાઈ જાય છે તેમાંથી પછી આપણે આવી જ રીતે વિચાર કરવા લાગીએ છીએ. એટલે આપણે આપણા આ શરીરની અંદર જ પ્રભુના પરમ અદ્વૈતનું ભાન બરાબર બળપૂર્વક મૂકી આપવાનું છે. અને આ પરમ અદ્વૈત એટલે કે જગતમાં એવી કોઈ વસ્તુ નથી કે જે પ્રભુથી બહાર આવેલી હોય. આપણને જે વસ્તુઓ ઘૃણા ઉપજાવતી હોય તે પણ પ્રભુની અંદર જ રહેલી છે. આ વાત આપણા શરીરના કોષો સુધ્ધાંને ઠસાવી આપવાની છે.

શ્રી અરવિંદ આ રીતના સંસ્કારો સામે જ લડી રહ્યા છે. કેમકે એમને પણ આવી ક્રિશ્ચિયન રીતની કેળવણી મળી હતી, એટલે એમને પણ આ સંસ્કારો સામે લડવું પડ્યું હતું. આ અવચેતન સંસ્કારો સામે લડવાની જે જરૂર છે તેમાંથી

આ સૂત્રો રચાયાં છે, વૃક્ષ ઉપર ફૂલ બેસે તેમ. આ અવચેતન રીતના સંસ્કારો જ તમારામાં એવા સવાલો ઊભા કરે છે કે, 'પ્રભુ વળી દુર્બળ કેવી રીતે હોઈ શકે? પ્રભુ મૂર્ખ કેવી રીતે હોઈ શકે? કેવી રીતે પ્રભુ...ઇ.ઇ...' પરંતુ વિશ્વમાં પ્રભુ સિવાય બીજું કાંઈ છે જ નહિ, પ્રભુની બહાર હોય એવું કાંઈ જ નથી. આપણને કોઈ વસ્તુ કદરૂપી દેખાતી હોય તો તેનું કારણ એટલું જ છે કે પ્રભુ એ વસ્તુને એવી જ બનાવવા માગે છે. અને પ્રભુ એક એવી દુનિયા તૈયાર કરી રહ્યા છે કે જેમાં પછી આવી વસ્તુઓ કદી પ્રગટ થશે નહિ. વિશ્વનો આ આવિર્ભાવ અત્યારની આવી અવસ્થામાંથી કોઈ બીજી વસ્તુ તરફ જઈ રહ્યો છે. એટલે વિશ્વના આ સક્રિય આવિર્ભાવમાંથી જે જે વસ્તુઓ ચાલી જવાની તૈયારીમાં છે, અને સ્વાભાવિક રીતે જ આપણી અંદરથી પણ જે ચાલી જવાની તૈયારીમાં છે, તે બધીને આપણે જોરપૂર્વક બહાર ફેંકી દઈએ છીએ. આ એક વિસર્જનની ક્રિયા ચાલી રહેલી છે.'

પણ આ જે બધું છે તે પ્રભુ જ છે. વિશ્વમાં પ્રભુ સિવાય બીજું કાંઈ છે જ નહિ! આ જ વસ્તુ તમારે સવારથી માંડી સાંજ સુધી, સાંજથી માંડી સવાર સુધી રટ્યા કરવી જોઈએ, નહિ તો તમે એ બધું સાવ ભૂલી જશો.

જગતમાં માત્ર પ્રભુ જ છે, પ્રભુ સિવાય બીજું કાંઈ છે જ નહિ — પ્રભુ સિવાય અન્ય કોઈ વસ્તુ હસ્તીમાં નથી, પ્રભુ ના હોય તો કોઈ વસ્તુ અસ્તિત્વમાં આવી શકતી જ નથી, વિશ્વમાં કેવળ પ્રભુ જ છે!

એટલે આવો પ્રશ્ન કરવો તે પેલા પ્રભુ અને જગતની વચ્ચે ભેદ કરનારની પેઠે વિચાર કરવા જેવું બની રહે છે, આ વસ્તુ તો દિવ્ય ખરી, પણ આ વસ્તુ નહિ, આ તો પ્રભુ ખરા, પણ આ નહિ. 'વળી પ્રભુ તે દુર્બળ કેવી રીતે બની શકે?' — હું પોતે આવો પ્રશ્ન પૂછી શકું તેમ નથી.

***બાળક : મધુર માતાજી, આ મને સમજાય છે. પણ કેટલાક લોકો કહે છે કે આ વિશ્વ તો લીલા છે, પ્રભુની દિવ્ય લીલા છે. એનો અર્થ તો એ થયો કે પ્રભુ કોઈક રીતે આ બધાની પાછળના ભાગમાં છે, એ કાંઈ ખરેખર આ બધાની અંદર ઊતરી આવેલા નથી, કહો કે, એ ખરેખર, પૂરેપૂરા રમતની અંદર ઝૂકી પડેલા નથી.***

**શ્રી માતાજી :** હા, હા, ઝૂકી પડેલા જ છે! એમ જ છે. પ્રભુ પોતે જ પૂરેપૂરા આ વિશ્વ રૂપે છે. આ લીલા, એ પ્રભુ પોતે જ છે.

તમે પ્રભુની વાત તો કરો છે, પણ તમારે એ યાદ રાખવું જોઈએ કે ચેતનાની અંદર અનેક રીતની કક્ષાઓ આવેલી છે. આપણે જ્યારે પ્રભુ અને પ્રભુની લીલા વિષે બોલીએ છીએ ત્યારે આપણા મનમાં એવું હોય છે કે પ્રભુ એટલે કે વિશ્વથી પર રહેલા પ્રભુ, જડતત્ત્વની સર્વકક્ષાઓથી પર રહેલા પ્રભુ, અને પ્રભુની લીલા એટલે કે પોતાની સ્થૂલ જડતત્ત્વની અવસ્થામાં રહેલા પ્રભુ. પછી આપણે એમ કહીએ છીએ કે વિશ્વાતીત પ્રભુ પોતાના ઉપર જોવાની અને રમવાની ક્રિયા કરી રહ્યા છે — પ્રભુ પોતાની અંદર, પોતાની મેળે, પોતાની સાથે — પોતાની સ્થૂલ વિશ્વની રમત રમી રહ્યા છે.

પરંતુ આ આખીયે ભાષા અજ્ઞાનની ભાષા છે. આપણી બોલવાની આ જે રીત છે, પછી તમે જે કાંઈ કહેતા હો અને જે કોઈ રીતે બોલતા હો, એ બધું અજ્ઞાનની અંદર જ થઈ રહેલું છે. એટલે જ કોઈ ખરેખરું નક્કર સત્ય હોય તેવી વસ્તુ વિષે કાંઈ કહેવું બહુ જ મુશ્કેલ બની રહે છે. એવી વાત કહેવા માટે તમારે વળી ખુલાસા કરવા પડે, અને એ ખુલાસા પણ પાછા, સ્વાભાવિક રીતે જ, અસત્યથી ભરેલા હોય, અથવા તો તમારે ખૂબ જ લાંબા લાંબા ખુલાસા આપવા પડે. માટે જ કોઈ કોઈ વાર શ્રી અરવિંદનાં વાક્યો ઘણાં લાંબાં બનતાં હોય છે, કેમકે તેમને આ અજ્ઞાનની ભાષાથી દૂર રહેવું હોય છે.

આપણી વિચાર કરવાની જે રીત છે તે જ ખોટી છે. પ્રભુમાં માનનારાઓ, શ્રદ્ધાળુઓ, આ બધા જ લોકો (ખાસ કરીને પશ્ચિમમાં) જ્યારે પ્રભુ વિષે કાંઈ બોલતા હોય છે ત્યારે તેમના મનમાં એમ જ હોય છે કે પ્રભુ એ કોઈ અન્ય વસ્તુ છે. તે એમ વિચારતા હોય છે કે પ્રભુ દુર્બળ હોઈ શકે નહિ, કદરૂપા કે અપૂર્ણ હોઈ શકે નહિ — વિચારની આ રીત ખોટી છે. આમાં તમે ભાગલા પાડો છો, ભેદ કરો છો. આ એક અવચેતન રીતનો વિચાર છે, એ વિચારની પાછળ ચિંતન નથી. લોકોને આ રીતે આપોઆપ વિચાર કરવાની ટેવ પડી ગઈ હોય છે, લોકો આત્મ-સભાન બનીને વિચાર કરતા નથી. દાખલા તરીકે, લોકો સામાન્ય રીતે પૂર્ણતાની વાત કરતા હોય છે ત્યારે પોતે જેને સદ્‌ગુણમય, દિવ્ય અને સુંદર ગણતા હોય છે તે બધાનો સરવાળો તે પૂર્ણતા; આવી તેમની દૃષ્ટિ, લાગણી કે કલ્પના હોય છે — પણ વસ્તુ એવી છે જ નહિ! પૂર્ણતા એ એવી વસ્તુ છે કે જેમાંથી પછી એકે વસ્તુ બાદ રહેતી નથી. પ્રભુની દિવ્ય પૂર્ણતા એટલે પ્રભુનું સમગ્ર રૂપ, એમાં કશી જ વસ્તુ બાકી રહેતી નથી. આ દિવ્ય પૂર્ણતા એટલે કે આખાયે — સુસમગ્ર પ્રભુ, એમાંથી તમે કશું જ કાઢી લઈ શકતા નથી. એટલે આ પૂર્ણતા એક તદ્દન જુદી વસ્તુ છે! નીતિવાદીઓ માટે તો તેમનામાં જે જે સદ્‌ગુણો

રહેલા હોય છે તે સૌનો સરવાળો કરો તે જ પૂર્ણતા થઈ.

સાચી દૃષ્ટિથી જોઈએ તો પૂર્ણતા એ સમગ્રતા છે (માતાજી હાથ વડે એક ગોળાકાર સૂચવે છે). અને એમાં પછી એ હકીકત રહે છે કે આ સમગ્રતાની બહાર કોઈ જ વસ્તુ રહી શકતી નથી. એ સમગ્રતામાં કોઈ પણ વસ્તુ હાજર ન હોય એ અશક્ય છે, એ સમગ્રનો ભાગ ન હોય એવી કોઈ ચીજ હોય એ અશક્ય છે. આ સમગ્રમાં આવી જતી ન હોય એવી કોઈ વસ્તુ હોઈ શકતી નથી. તમને આ જરા વધારે સમજાવું : અમુક એક વિશ્વમાં, બધી જ વસ્તુઓ આવેલી ન હોય એવું બની શકે છે, કેમકે એક વિશ્વ એટલે આવિર્ભાવનું એક રૂપ. પણ બીજી રીતનાં અનેક વિશ્વો હોઈ શકે છે. એટલે મારે ફરી ફરીને હંમેશાં એ જ કહેવાનું રહે છે : સમગ્રના ભાગ રૂપ ન હોય એવી કોઈ પણ વસ્તુ હોઈ શકતી નથી.

એટલે આપણે કહી શકીએ છીએ કે પ્રત્યેક વસ્તુ એના પોતાના સ્થાનમાં આવેલી છે, જેવી રીતે તે હોવી જોઈએ બરાબર તેવી જ રીતે, અને વસ્તુઓ વચ્ચેના સંબંધો પણ જેવા હોવા જોઈએ તેવા જ છે.

પણ પૂર્ણતા એ તો પ્રભુને સમજવા માટેની માત્ર એક રીત છે. આ તો એક જ બાજુ છે, અને એના જેવી બીજી પણ અગણિત બાજુઓ છે. પ્રભુ પાસે પહોંચવાના બીજા પણ દૃષ્ટિકોણો, પાસાંઓ છે, અનેક પ્રકારો છે. દા. ત. તપઃશક્તિ, સત્ય, વિશુદ્ધિ, પૂર્ણતા, એકતા, અમૃતત્ત્વ, શાશ્વતી, અનંતતા, નીરવતા, શાંતિ, અસ્તિત્વ, ચેતના ઇત્યાદિ. અને આમ પ્રભુ પાસે પહોંચવાના કેટલાયે માર્ગો છે. એ દરેક માર્ગે થઈને તમે પ્રભુ પાસે પહોંચી શકો છો, પ્રભુને પામી શકો છો, કોઈ પણ એક બાજુએ થઈને તમે પ્રભુના સંપર્કમાં આવી શકો છો, અને આ વસ્તુ તમે જો સાચી રીતે કરી શકશો, તો તમને જણાશે કે આ બધી વસ્તુઓ વચ્ચે જે તફાવત છે તે માત્ર અત્યંત બાહ્ય રૂપમાં જ છે. પણ એ બધા દ્વારા જે સંપર્ક સધાય છે તે તો એકસરખો જ હોય છે. આ તમે એક ગોળાના કેન્દ્રની આસપાસ ફરતા હો એના જેવું છે, અને કેલિડોસ્કોપની માફક તમને અનેક રીતનાં પાસાં દેખાય છે. પણ એક વાર સીધો પ્રભુને સંપર્ક રચાઈ જાય પછી બધું સરખું જ થઈ રહે છે.

આમ પૂર્ણતા એ પ્રભુ પાસે પહોંચવાનો એક સર્વતોભદ્ર માર્ગ છે. એમાં પછી બધું જ પ્રભુની અંદર આવેલું દેખાય છે, દરેક વસ્તુ જેવી હોવી જોઈએ તેવી હોય છે — 'હોવી જોઈએ' એટલે કે તે પ્રભુની પોતાની પૂર્ણ અભિવ્યક્તિરૂપે જ હોય છે. એ પ્રભુની ઇચ્છાની અભિવ્યક્તિ હોય છે એમ પણ તમે કહી શકતા નથી, કેમકે 'પ્રભુની ઇચ્છા' એમ તમે કહો તો એ પણ પ્રભુની અંદરથી કોઈ વસ્તુ

બહાર આવતી હોય તેના જેવું બને છે.

આપણે એમ પણ કહી શકીએ છીએ (પણ એ બહુ નીચેની ભૂમિકા પરની વાત બની જાય છે) કે પ્રભુ પોતે જે છે, અને પોતે જેવા બનવા માગે છે તેવા જ તે છે – 'પોતે જેવા બનવા માગે છે તેવા જ' આ શબ્દોમાં આપણે ઘણાં પગથિયાં નીચે ઊતરી આવીએ છીએ! પણ આ તો તમને પૂર્ણતાનો એક દૃષ્ટિકોણ બતાવવા માટે છે.

વળી દિવ્ય પૂર્ણતામાં અનંતતા અને શાશ્વતી પણ આવી જાય છે, અર્થાત્ બધી જ વસ્તુઓ સ્થળ અને કાળથી બહાર આવી રહેલી છે.

આ આખી વસ્તુ 'પવિત્રતા' શબ્દ જેવી છે. પ્રભુની દિવ્ય પવિત્રતા અને માણસો જેને પવિત્રતા કહે છે એ બેનો તફાવત સમજાવવા માટે તમે અસંખ્ય ભાષણો કરી શકો છો. પ્રભુની પવિત્રતા, એના છેક મૂળમાં તો એવી હોય છે કે એમાં પ્રભુના દિવ્ય પ્રભાવ સિવાય બીજી કોઈ અસર હોઈ શકતી નથી – આ છેક મૂળની વાત થઈ. પણ માણસોની પવિત્રતામાં ક્યારનીયે કેટલી બધી વિકૃતિ થઈ ગઈ છે. પણ આ દિવ્ય પવિત્રતા તો એવી છે કે એમાં કેવળ પ્રભુ જ હોય છે, પ્રભુ સિવાય બીજું કાંઈ જ હોતું નથી. એ સંપૂર્ણપણે શુદ્ધ હોય છે, એમાં કેવળ પ્રભુ જ હોય છે, પ્રભુ સિવાય અન્ય કાંઈ જ હોતું નથી.

અને આમ તમે આગળ બધું કહી શકો છો.

૭ જૂન, ૧૯૬૧

*

## (૬૬) પાપ એ વસ્તુ એક વખતે તો પોતાના યોગ્ય સ્થાને હતી, પણ તે હજી પણ ટકી રહીને પોતાના સ્થાને હવે રહી નથી એટલે તે પાપ છે. આ સિવાય બીજુ—કાંઈ પાપ નથી.

***બાળક : મધુર માતાજી, તો પછી, દાખલા તરીકે, ક્રૂરતા એ પણ શું કોઈ વખતે એના યથાસ્થાને હતી ખરી?***[1]

**શ્રી માતાજી :** બરાબર, તમારો પ્રશ્ન મારા મનમાં આવ્યો હતો. મારી

૧. મૌખિક પ્રશ્ન અને ઉત્તર.

પાસે આમ લોકોને થતા અનેક પ્રશ્નો આવતા રહે છે.

ક્રૂરતામાંથી બીજાનો પ્રાણ લેવો? ક્રૂરતામાંથી બીજાઓને રિબાવવા? આવી વસ્તુ યથાસ્થાને હોઈ શકે ખરી? અને છતાં એ પ્રભુની જ એક અભિવ્યક્તિ છે, — આમ વળી વળીને આપણે હંમેશાં એક જ વસ્તુ ઉપર, પ્રભુ પાસે પહોંચીએ છીએ, — પણ એ અભિવ્યક્તિએ જે રૂપ લીધું છે તે વિકૃત છે. બોલો, આ રૂપની પાછળ શું રહેલું છે તે તમે કહી શકશો?

શ્રી અરવિંદને ક્રૂરતા પ્રત્યે અત્યંત ઘૃણા રહેતી હતી, પણ તેઓ હંમેશાં કહેતા કે ક્રૂરતા એ એક તીવ્રતાનું જ વિકૃત રૂપ છે. આપણે લગભગ એમ પણ કહી શકીએ કે ક્રૂરતા એ પ્રેમની તીવ્રતાનું એક વિકૃત રૂપ છે. આ તીવ્રતા કોઈ પણ વચલી સ્થિતિથી સંતુષ્ટ બનતી નથી, એને તો હંમેશાં છેક છેડે પહોંચી જવું હોય છે, ત્યારે જ તે તૃપ્ત થાય છે.

એ મેં હંમેશાં જોયું છે કે તમસના ગાઢ પડને ભેદવા માટે જે એક અત્યંત ઉગ્ર અને તીવ્ર સંવેદનની જરૂર પડે છે એ જ ક્રૂરતા છે. એ વસ્તુ પીડનવૃત્તિની માફક જ કામ કરે છે. તમસ પોતે કશું જ સંવેદન અનુભવી શકતું નથી. એને તમે કોઈ અત્યંત ઉગ્ર રીતનું સંવેદન આપો ત્યારે જ તે સંવેદન અનુભવતું થાય છે. એટલે કદાચ આ દિશામાં જ આપણને ક્રૂરતાનો ખુલાસો મળી આવશે.

પણ આ બધાના મૂળમાં એક પ્રશ્ન તો રહેલો જ છે અને તેનો કોઈ ઉકેલ આપણને મળ્યો નથી : 'એ વસ્તુ આવી કેમ બની ગઈ છે? આવી વિકૃતિ શા માટે આવી? એ બધું વિકૃત કેમ થઈ ગયું છે?' પાછળના ભાગમાં તો સુંદર સુંદર વસ્તુઓ આવેલી છે, અત્યંત તીવ્ર પ્રકારની, આપણે માનવ પ્રાણીઓ ઝીલી શકીએ તેના કરતાં પણ ઘણી મહા જોરદાર વસ્તુઓ આવેલી છે, મહા અદ્ભુત, પણ એ બધું અહીં આવીને આવું ભયંકર કેમ બની ગયું છે? આ સૂત્ર મેં વાંચ્યું ત્યારે મારી આગળ આ વસ્તુ આવીને ખડી થઈ.

પાપ વિષેનો આ જે ખ્યાલ છે એ હું સમજી શકતી નથી, મને કદી એ સમજાયો પણ નથી. આદિ પાપનો જે વિચાર છે એ માણસે ઉપજાવેલો સૌથી ભયંકર વિચાર મને હંમેશા લાગ્યો છે — પાપ અને હું એ બે વસ્તુઓ કદી ભેગી રહી શકે જ નહિ! એટલે પછી શ્રી અરવિંદ જે કહે છે કે પાપ જેવું કાંઈ જ નથી એ વાતની સાથે સ્વાભાવિક રીતે જ હું સંપૂર્ણ સંમત થાઉં છું. આ વસ્તુ તો સમજાય છે, પણ .....

ક્રૂરતા જેવી અમુક વસ્તુઓને 'પાપ' કહી શકાય, પણ એનો ખુલાસો તો મને આ જ દેખાય છે કે માણસને કોઈ અત્યંત તીવ્ર સંવેદન જોઈતું હોય છે,

એવા સંવેદનનો એને જે રસ છે એનું જ આ એક વિકૃત રૂપ છે. ક્રૂર માણસો અંગે મેં જોયું છે કે એમને ક્રૂરતાની ક્રિયા કરતી વખતે જ આનંદ અનુભવાતો હોય છે, એમાં એમને તીવ્ર આનંદ થતો હોય છે. એ રીતે એ વસ્તુ સાચી ઠરે છે. પણ એ આનંદનું રૂપ એટલું બધું તો વિકૃત રીતનું છે કે તે જોઈને આપણને ઘૃણા જન્મે છે.

પાપ એટલે વસ્તુ પોતાના યથાસ્થાને ન હોય તે, આ વિચાર તો હું સાવ નાની હતી ત્યારે મને સમજાયો હતો. પણ એનો ખુલાસો મને પછીથી મળી આવ્યો, જેમણે મને ગુહ્ય વિદ્યા શીખવેલી તેમની પાસેથી. એમની વિશ્વક્રમની યોજના મુજબ જુદાં જુદાં વિશ્વોના જે રીતે એક પછી એક પ્રલય થતા રહે છે તે તેમણે મને સમજાવેલું અને કહેલું કે પ્રત્યેક વિશ્વ તે પરમાત્માના થઈ રહેલા આવિર્ભાવોનું જ એક સ્વરૂપ છે, પ્રત્યેક વિશ્વ પરમાત્માના એક સ્વરૂપની ઉપર બંધાયેલું છે, અને એ બધાં વિશ્વો એક પછી એક પાછાં પરમાત્મામાં ચાલ્યાં જાય છે. (આમ પ્રભુનાં એક પછી એક આવિર્ભાવ પામેલાં બધાં સ્વરૂપો તેમણે ગણી બતાવેલાં, અને તે બરાબર બુદ્ધિગમ્ય બને એ રીતે! એ બહુ અદ્‌ભુત વસ્તુ હતી — મેં એ ક્યાંય સાચવી રાખ્યું પણ છે, પણ હવે ક્યાં છે તેની ખબર નથી). અને એમણે કહેલું કે આ વખતે હવે જે વિશ્વ છે (એ વિશ્વનો કયો નંબર આવતો હતો તે મને ચોક્કસ યાદ રહ્યું નથી) તે એવું છે કે તે હવે પ્રલયમાં પાછું ચાલ્યું નહિ જાય, પણ એનો આવિર્ભાવ ક્રમે ક્રમે આગળ વધુ ને વધુ થતો જ રહેશે અને તે, કહો કે, લગભગ અનિશ્ચિત કાળ સુધી. અને આ વિશ્વ તે એક સમતુલા રૂપનું છે. વળી એ સમતુલા સ્થિર રીતની નથી પણ ક્રમે ક્રમે આગળ વધ્યે જતી સમતુલા છે. એટલે કે આ વિશ્વમાંની એકેએક ચીજ બરાબર પોતપોતાના સ્થાને રહેલી છે, એમાંનું દરેક આંદોલન, દરેક ગતિ યથાસ્થાને છે. અને આપણે જેમ જેમ વધુ નીચે આવતા જઈએ છીએ તેમ તેમ દરેક રૂપ, દરેક પ્રવૃત્તિ, દરેક ચીજ આખાયે સમગ્ર વિશ્વની સાથેના સંબંધમાં બરાબર પોતાના સ્થાનમાં રહેલી છે.

**આ વસ્તુ મને બહુ જ રસિક લાગી, કેમકે શ્રી અરવિંદે પણ પછીથી એ જ વસ્તુ કહેલી છે કે જગતમાં કોઈ જ વસ્તુ ખરાબ નથી : માત્ર એટલું જ કે વસ્તુઓ પોતપોતાના સ્થાને નથી, — માત્ર સ્થળની અંદર જ નહિ; પણ કાળની અંદર પણ વસ્તુઓ જે સ્થાને હોવી જોઈએ ત્યાં નથી.** આ વિશ્વની અંદર દરેક વસ્તુને, એમાંની સૃષ્ટિઓ, તારાઓ ઇત્યાદિથી માંડી પ્રત્યેકને તેનું પોતાનું ચોક્કસ સ્થાન છે. અને જ્યારે વિશ્વમાંની એકેએક વસ્તુ, પ્રચંડમાં પ્રચંડ તારાથી માંડી નાનામાં નાના પરમાણુ સુધીની દરેક વસ્તુ બરાબર પોતાના સ્થાને આવી જશે ત્યારે આ

આખુંયે વિશ્વ ક્રમે ક્રમે પરમાત્માનો આવિર્ભાવ કરવા લાગશે. પોતાનો ફરીથી આવિર્ભાવ કરવા માટે તેને પ્રલયમાં પોતાની જાતને પાછી ખેંચી લેવી નહિ પડે. અને આ વસ્તુ ઉપરથી શ્રી અરવિંદે એ વાત કહી છે કે અત્યારે જે સૃષ્ટિ પ્રગટ થયેલી છે, અત્યારે આ જે વિશ્વ છે તેની અંદર જ એક દિવ્ય જગતની પૂર્ણતાનો આવિર્ભાવ થઈ શકશે. શ્રી અરવિંદે એને અતિમાનસનો આવિર્ભાવ કહ્યો છે, આપણી અત્યારની આ સૃષ્ટિનો મૂળ નિયમ તે સમતુલા છે અને એટલે જ આ આવિર્ભાવની અંદર પૂર્ણતા સિદ્ધ થઈ શકે તેમ છે.

***બાળક : મધુર માતાજી, તો આ મુજબ હવે, અતિમાનસ શક્તિ સૌથી પ્રથમ કઈ વસ્તુઓને તેમની જગાએથી હઠાવી દેશે અથવા તો હઠાવવાનો પ્રયત્ન કરી રહી છે, કે જેથી પછી પ્રત્યેક ચીજ, એની વ્યક્તિગત રીતે તેમ જ સમસ્ત સૃષ્ટિની રીતે પોતાના ખરા સ્થાનમાં આવી જાય?***

**શ્રી માતાજી :** હઠાવી દેવાનું? અતિમાનસ શક્તિ શું કોઈ પણ વસ્તુને હઠાવી દેવાનું કામ કરશે? ના, શ્રી અરવિંદના વિચારનો આપણે સ્વીકાર કરીએ તો તે મુજબ તો એ શક્તિ દરેક વસ્તુને તેના પોતાના સ્થાને મૂકી આપવાનું કામ કરશે. બસ, આટલી જ વાત છે.

પણ આમાં એક વસ્તુ તો જરૂર બંધ થવી જ જોઈશે, એ છે વિકૃતિ, સત્યના ઉપર અસત્યનું જે આવરણ ચડેલું છે તે. આપણે જગતમાં આ બધું જે જોઈએ છીએ તેને માટે આ વિકૃતિ જવાબદાર છે, એ વિકૃતિને, અસત્યના આવરણને જો હઠાવી દેવામાં આવે તો વસ્તુઓ એકદમ બીજી રીતની જ થઈ જશે. આપણે પોતે આ ચેતનામાંથી બહાર આવતાં આ બધી વસ્તુઓને જેવી અનુભવીએ છીએ તેવી તે થઈ રહેશે. આપણે એ ચેતનામાંથી જ્યારે બહાર નીકળી આવીએ છીએ અને સત્યની ચેતનામાં પ્રવેશ કરીએ છીએ ત્યારે આપણને ખરેખર આશ્ચર્ય થાય છે કે જગતમાં વેદના અને દુઃખ અને મૃત્યુ તથા એવી એવી વસ્તુઓ જેવું પણ છે. આશ્ચર્ય એ રીતે કે આ બધું કેવી રીતે બની આવ્યું તે આપણને સમજાતું નથી — આપણે પેલી બાજુએ ચાલી જઈએ છીએ ત્યારે...પણ આવું આશ્ચર્ય આપણને થાય ત્યારે સામાન્ય રીતે આપણને આપણી નજરે પડતું આ જગત એક અવાસ્તવિક પદાર્થ જેવું લાગે છે. પણ શ્રી અરવિંદ તો કહે છે કે આપણે અતિમાનસ ચેતનામાં રહેવાને માટે આ જગતને એક અવાસ્તવિક વસ્તુ તરીકે જોવાની જરૂર નથી. જગતમાંની અવાસ્તવિક વસ્તુ તે તો અસત્ય છે, જગત પોતે

નહિ. અર્થાત્, જગતને તેની પોતાની, અસત્યથી ભિન્ન એવી, એક આગવી વાસ્તવિકતા છે.

હું ધારું છું કે અતિમાનસની પહેલી અસર તે આ થશે, અને તે વ્યક્તિની અંદર પહેલી થશે, કેમકે અતિમાનસ પ્રથમ પોતાનું કામ વ્યક્તિથી શરૂ કરશે.

સંભવ છે કે નવી ચેતનાની આ સ્થિતિ એ એક સતત અવસ્થા બની રહેશે, પણ તો પછી એમાંથી એક પ્રશ્ન ઊભો થાય છે : આ જગત તો વિકૃતિની અવસ્થામાં રહેલું છે તો તેની સાથે આપણે કેવી રીતે સંપર્કમાં રહી શકીશું? આમાં મારી પોતાની બાબતમાં મેં એક જોયું છે અને તે એ કે આવી અવસ્થા મારામાં બહુ જ પ્રબળ રીતે હોય છે, ખૂબ જ પ્રબળ, અને તે એટલી બધી પ્રબળ કે એ વખતે બહારના જગતમાંથી ગમે તેવી વસ્તુ મારા પર હુમલો લઈ આવે તોપણ તેનો તે સામનો કરી શકે તેવી હોય છે. એવે વખતે હું જો કાંઈ પણ કહું છું તો તે લોકોને જરા પણ સમજાતું નથી, જરાયે નહિ. અને એ સ્થિતિમાં લોકો સાથે પછી કશો જ લાભદાયક સંપર્ક બની શકતો નથી.

ધારો કે પૃથ્વી ઉપર એક નાનકડી અતિમાનસ સૃષ્ટિ ઊતરી આવે છે, અને એકલી પૃથ્વી ઉપર જ પોતાનું કાર્ય અને અતિમાનસ પ્રકાશ ફેલાવવા માગે છે તો એ કેવું થશે? શું એ થઈ શકશે ખરું?...આપણે એવી કલ્પના તો બરાબર કરી શકીએ છીએ કે પૃથ્વી ઉપર અતિમાનસ સૃષ્ટિનું તથા અતિમાનવોનું એક કેન્દ્ર તો જરૂર બની શકે. એટલે કે આ અતિમાનવો તે પ્રથમ તો માનવો જ હતા અને પછી વિકાસક્રમમાં આગળ વધતા વધતા તેમ જ રૂપાંતરની ક્રિયા દ્વારા (એ શબ્દના સાચા અર્થમાં) તેઓ અતિમાનસ શક્તિઓનો વિકાસ સાધી શક્યા હતા. એટલે આ અતિમાનવોનું મૂળ તો મનુષ્યની રીતનું હતું અને તેથી એ લોકોનો માનવોની સાથે સંપર્ક તો રહેલો જ હોય છે. એ અતિમાનવોમાં બધી જ વસ્તુઓ રૂપાંતર પામી ગઈ હશે, એમની ઇન્દ્રિયો પણ બદલાઈ જઈને શક્તિનાં કેન્દ્રો રૂપે જો બની ગઈ હશે, તોપણ તેમનામાં કંઈક તો મનુષ્ય તરીકેનું તત્ત્વ રહ્યું જ હશે, રંગના પાસની માફક. આપણી પરંપરાઓ કહે છે તે મુજબ, આવા અતિમાનવો, સામાન્ય પ્રકૃતિની ક્રિયામાંથી પસાર થયા વિના, સીધેસીધી અતિમાનસ સૃષ્ટિ કેવી રીતે સરજી શકાય તેનું રહસ્ય શોધી કાઢશે, અને એમના દ્વારા જ સાચાં અતિમાનસ કોટિનાં મનુષ્યોનો જન્મ થશે, અને એ મનુષ્યો તો અતિમાનસ સૃષ્ટિમાં જ પછી રહેવાનાં. પણ તો પછી પ્રશ્ન એ રહે છે કે આ મનુષ્યો અને સામાન્ય જગતની વચ્ચે સંપર્ક કેવી રીતે બનશે? પ્રકૃતિનું રૂપાંતર કેવી રીતે થશે, પૃથ્વી ઉપર અતિમાનસ સૃષ્ટિનું સર્જન કરી આપી શકે તેવી રીતનું

રૂપાંતર કેવી રીતે બનશે? મને ખબર નથી.

આવી કોઈ વસ્તુ બનવા પામે તેને માટે, આપણી જાણ મુજબ, સ્વાભાવિક રીતે જ ઘણો ઘણો લાંબો સમય લાગે. અને એ માટે સંભવ છે કે જુદી જુદી અવસ્થાઓ, પગથિયાં, બીજી બીજી વસ્તુઓ આવશે (અને એ શું હશે તેની અત્યારે તો આપણને કશી ખબર નથી, કે એની કલ્પના પણ આપણે કરી શકતા નથી) અને તે આવીને પૃથ્વીની પરિસ્થિતિઓને બદલી નાખશે — એનો અર્થ એ કે આપણે ભવિષ્યમાં કંઈ કેટલાયે હજારો વર્ષ ઉપર નજર માંડવાની રહે છે.

આમાં પ્રશ્ન એવો રહે છે કે આ અતિમાનસ સૃષ્ટિના સર્જન માટે આપણને સ્થળનો જે રીતનો ખ્યાલ છે તેનો, એટલે કે પૃથ્વીના ગોળા ઉપરના સ્થળનો ઉપયોગ થઈ શકશે ખરો?* આપણે ભવિષ્યના અતિમાનસ જગતનું જ્યાં બીજ નાખી શકીએ. એનો નાનકડો સૂત્રપાત કરી શકીએ એવું કોઈ સ્થળ આપણને મળી શકે ખરું? આ અંગેની યોજના તો બધી વિગત વાર આવેલી, પણ એ યોજનાની ભાવના અને ચેતના એવી હતી કે તેનો પૃથ્વી ઉપર જે રીતની શક્યતા છે તેની સાથે કશો જ મેળ દેખાતો નથી. અને છતાં એ યોજનાનો જે મૂર્ત આકાર કલ્પાયેલો છે તે પૃથ્વી પરની પરિસ્થિતિઓના ઉપર જ મંડાયેલો હતો. આ યોજનામાં એક આદર્શ નગરની કલ્પના કરવામાં આવેલી છે. એ આદર્શ નગરના કેન્દ્રની આસપાસ એક આદર્શ દેશ ઊભો થાય એમ કલ્પેલું છે, અને એ દેશનો બહારના જગતની સાથેનો સંપર્ક માત્ર સપાટી ઉપરનો જ હોય અને એનાં પરિણામો પણ બહુ મર્યાદિત રીતનાં જ હોય. અને આપણે આ પહેલાં એક એવી શક્તિ પણ કલ્પવાની રહે છે — અને એ તો કરી શકાય તેમ છે — કે તે એવી સમર્થ હશે કે આ અતિમાનસ દેશ ઉપર કોઈ હુમલો થાય કે તેની સામે કોઈની દુષ્ટ વૃત્તિ જાગે તથા બીજાં તત્ત્વો તેમાં ઘૂસી આવે અને તેમની ભેળસેળ થઈ જાય તો તે બધાની સામે તેને રક્ષણ આપી શકશે (અને આવું રક્ષણ મેળવવું એ કાંઈ બહુ મુશ્કેલ કામ નહિ બને) અને આવી શક્તિ હોવી અનિવાર્ય દેખાતી હોય તો તેની પણ આપણે કલ્પના કરી શકીએ છીએ. આ બધી વસ્તુઓ સમાજની દૃષ્ટિએ જોતાં કે સંગઠનની રીતે જોતાં કે આંતરિક જીવનની રીતે જોતાં કાંઈ પ્રશ્નો રૂપે નથી. પ્રશ્ન તો એ છે કે આ અતિમાનસ દેશનો પૃથ્વી ઉપર જે કંઈ હજી અતિમાનસ રૂપ પામેલું નથી તેની સાથેનો સંબંધ

* પછીથી શ્રી માતાજીને આ શબ્દોનો અર્થ પૂછતાં તેઓ હસી પડેલાં અને કહેલું : 'હું બીજી બાજુની વાત કરતી હતી! એ બાજુ પર સ્થળનો ખ્યાલ આટલો બધો સઘન હોતો નથી.'

કેવો હશે, આ કેન્દ્રમાં બહારનાં તત્ત્વો ઘૂસી ન આવે, ભેળસેળ ન કરી મૂકે, અર્થાત્ એ કેન્દ્ર પાછું નીચલી કક્ષામાં સરી ન પડે તે કેવી રીતે બને — સંક્રાંતિના ગાળાને લગતો આ પ્રશ્ન છે.

જે જે લોકોએ આ પ્રશ્નનો વિચાર કર્યો છે તેમણે એવી કલ્પના કરી છે કે આવું કેન્દ્ર કોઈ એવી જગાએ રાખવું કે જેની બાકીની માનવ જાતિને કશી ખબર જ ન પડે. દાખલા તરીકે, હિમાલયની ખીણમાં, બાકીના જગતને તદ્દન અજાણી એવી જગામાં આ કેન્દ્ર રાખી શકાય. પણ આ કાંઈ ઉકેલ નથી, જરા પણ ઉકેલ નથી.

ના, આનો એક જ ઉકેલ છે, અને તે છે ગુહ્ય શક્તિ. પણ એનો અર્થ એ થાય કે આપણે કાંઈ પણ કરી શકીએ તે પહેલાં અમુક વ્યક્તિઓએ એક ઘણો મોટો સંપૂર્ણ સાક્ષાત્કાર પ્રાપ્ત કરેલો હોવો જોઈએ. પણ જો આવી વ્યક્તિઓ હોય તો પછી આપણે કલ્પી શકીએ છીએ. કે બહારના જગતની વચ્ચે પણ એક અલાયદું એવું સ્થાન આપણે ઊભું કરી શકીએ છીએ (પણ એ બેની વચ્ચે કશો સંપર્ક નહિ હોય એમ સમજી લેવાનું છે.) આવા સ્થાનમાં પછી, એક દૃષ્ટાંત રૂપે, પ્રત્યેક વસ્તુ તેના યોગ્ય સ્થાને જ હશે, પ્રત્યેક ચીજ બરાબર એના સ્થાને હશે, પ્રત્યેક માણસ બરાબર પોતાના સ્થાને હશે, પ્રત્યેક ક્રિયા બરાબર એના સ્થાને હશે. અને પોતપોતાના સ્થાને રહેલાં આ બધાં ક્રમે ક્રમે ઊંચી દિશામાં ગતિ કરતાં રહેશે, એમાંથી પછી નીચે ઊતરી પડવાનું, અધોગમન નહિ હોય (એટલે કે સામાન્ય જીવનમાં બને છે તેનાથી ઊલટી સ્થિતિ જ હશે). અને આ બનવા પામે તે પહેલાં, સ્વાભાવિક રીતે જ, ત્યાં એક રીતની પૂર્ણતા આવી ગઈ હશે, એક રીતની એકતા આવી ગઈ હશે, પરમાત્માનાં જુદાં જુદાં સ્વરૂપો આવિર્ભાવ પામી શક્યાં હશે. અને વળી ત્યાં અવશ્ય એક અસાધારણ સુંદરતા, એક સંપૂર્ણ સંવાદમયતા પણ આવી બન્યાં હશે. પ્રકૃતિનાં બળોને વશ રાખી શકે તેવી સમર્થ શક્તિ પણ આવી ગઈ હશે. દાખલા તરીકે, આવા સ્થાનની ફરતે વિનાશક બળો આવી રહેલાં હશે તોપણ તેઓ કાંઈ જ કરી શકશે નહિ. ત્યાં આગળ પૂરતા પ્રમાણમાં રક્ષણ હશે. અને આવા કેન્દ્રનું સંગઠન કરનાર વ્યક્તિઓમાં એક પરમ સંપૂર્ણતા હશે તો જ આ બધું બની શકશે.

## (મૌન)

માણસો પહેલી વાર કેવી રીતે બન્યાં હશે, તેમનામાં મન પહેલી વાર કેવી રીતે પ્રગટ થયું હશે એ વાત ખરેખર કોઈ જ જાણતું નથી. મન અમુક છૂટીછવાઈ

વ્યક્તિઓમાં પ્રગટ થયું હશે કે કોઈ જૂથમાં પ્રગટ થયું હશે, માણસ બીજા લોકોની વચ્ચે રહેતો હશે ત્યારે એ બન્યું હશે કે પછી એકલા રહેતા માણસમાં બન્યું હશે એની આપણને ખબર નથી. મને પોતાને એની ખબર નથી. પણ ભવિષ્યમાં જે રીતે અતિમાનસ સર્જન થવાનું છે એની માફક આ વિકાસ બન્યો હોઈ શકે એમ આપણે કહી શકીએ છીએ. આપણે સહેલાઈથી એમ કલ્પી શકીએ છીએ કે હિમાલયના કોઈ એકાંત પ્રદેશમાં કે પછી કોઈ આદિ કાળના જંગલના એકાંતમાં રહેતી કોઈ વ્યક્તિ પોતાની આસપાસ પોતાની નાનકડી અતિમાનસ સૃષ્ટિનું સર્જન કરી શકે છે. આવી કલ્પના સહેલી છે. પણ એમાંયે પેલી વસ્તુની જરૂર તો પડવાની જ છે. એ વ્યક્તિએ એવી પૂર્ણતા પ્રાપ્ત કરવી જોઈશે કે એની સૃષ્ટિમાં બીજું કોઈ તત્ત્વ ઘૂસી આવવા તૈયાર થાય તો એની સામે એની શક્તિ આપોઆપ જ કામ કરવા લાગે, એની સૃષ્ટિનું રક્ષણ આપોઆપ જ થતું રહે, એટલે કે, કોઈ પણ રીતનું વિરોધી કે વિજાતીય તત્ત્વ એ સૃષ્ટિમાં આવવા માગે તો તેમ કરતાં એને અટકાવી દે એવી એ શક્તિ હશે.

આવા આદર્શ એકાંતવાસમાં લોકો રહેતા હતા એવી એવી વાર્તાઓ પણ આપણે સાંભળીએ છીએ. અને એ બધું કલ્પી ન શકાય એવું નથી. આપણે જ્યારે આવી શક્તિ સાથે સંપર્કમાં હોઈએ છીએ, એ શક્તિ તમારી અંદર આવેલી હોય છે ત્યારે તમે જોઈ શકો છો કે આ વસ્તુ કરવી એ તો બાળકના ખેલ જેવું સરળ છે. આ શક્તિ વડે વળી તમે અમુક વસ્તુઓને બદલી શકો છો પણ ખરા, તમારી આસપાસનાં આંદોલનો અને રૂપો ઉપર તમે એક પ્રભાવ પણ નાખી શકો છો અને તે બધાં આપોઆપ અતિમાનસ રૂપ લેવા લાગે છે. આ બધું બની શકે છે, પણ તે માત્ર વ્યક્તિગત રીતે જ બનતું રહે છે. પણ આપણે અહીં જે થઈ રહ્યું છે તેનો દાખલો લો અને એ સ્થિતિમાં શું થઈ શકે તેમ છે તે વિચારો. આપણે અહીં તો વ્યક્તિ આ બધા તમસની વચ્ચે, છેક તેના કેન્દ્રમાં જ બેઠેલી છે, અને ત્યાં જ મુકેલી રહેલી છે! આ હકીકતમાંથી તો શું એમ સિદ્ધ નથી થતું કે આપણે જે સાક્ષાત્કાર કરવા માગીએ છીએ એમાં કોઈ પૂર્ણતા પ્રાપ્ત કરવી જ અશક્ય છે? પણ તો પછી જંગલના એકાંતમાં રહીને સિદ્ધ બનેલા માણસની બાબતમાં પણ એવું છે કે એનો દાખલો બાકીનું જગત લઈ શકશે એમ આપણે સાબિત કરી શકતા નથી. આપણે અહીં જે કાર્ય થઈ રહ્યું છે એમાં એક વસ્તુ તો બને જ છે કે અહીં કાર્યનો વિસ્તાર ઘણા જ મોટા પ્રમાણમાં થઈ રહ્યો છે. અને અમુક સમયે આ જ વસ્તુ બનવી જોઈએ, અવશ્ય બનવી જોઈએ. પણ આમાં પ્રશ્ન એ રહે છે, આ બીજી સિદ્ધિ અને પેલી સિદ્ધિ બંને એકી સાથે થઈ

શકે કે પહેલી સિદ્ધિ બને, — વ્યકિત, એક પુરૂષ અતિમાનસ રૂપ પ્રાપ્ત કરે તેની પહેલાં પણ આ બીજી સિદ્ધિ બની શકે ખરી?

આ સિદ્ધિ જો સમૂહના પાયા ઉપર કે જૂથની અંદર આવી બને તો તે, કોઈ પણ વ્યક્તિગત સાક્ષાત્કાર કરતાં ઘણી વધારે સંપૂર્ણ, સમગ્ર અને પરિપૂર્ણ હોય એ તો દેખીતી વાત છે, અને એ વધારે પૂર્ણ હોય એમ પણ સંભવી શકે છે. વ્યક્તિમાં જે સાક્ષાત્કાર થતો હોય છે એ તો હંમેશાં બાહ્ય, સ્થૂલ ભૂમિકા પરનો જ હોય છે, અત્યંત મર્યાદિત હોય છે, કેમકે એમાં માત્ર એક જ વ્યક્તિનો ઘાટ અમુક રૂપ લે છે, અમુક જ ઘાટનો આવિર્ભાવ બને છે, એમાં અતિશય અલ્પ પ્રમાણનાં આંદોલનોનો જ સ્પર્શ થાય છે.

પણ કાર્યની સરળતાની દૃષ્ટિએ જોઈએ તો, હું માનું છું કે, આની સાથે બીજી કોઈ વસ્તુ સરખાવાય તેમ નથી.

(મૌન)

એટલે પ્રશ્ન તો રહે છે જ. બધા જ માણસોએ, બુદ્ધે તેમ જ અન્ય લોકોએ, પ્રથમ તો પોતે સાક્ષાત્કાર પ્રાપ્ત કર્યો હતો અને તે પછીથી જગત સાથે સંપર્કમાં ઊતર્યા હતા. આ તો બહુ સરળ વસ્તુ છે. પણ હું જે વસ્તુ કરવા માગું છું તે માટે તો તમારે, સાક્ષાત્કારને પરિપૂર્ણ કરવાને માટે તો જગતની અંદર જ રહેવું જોઈએ, એ વસ્તુ જ અનિવાર્ય છે, નહિ?

૧૮ જુલાઈ, ૧૯૬૧

*

**(૬૭) માણસમાં કોઈ પાપ છે નહિ, પણ એનામાં રોગ, અજ્ઞાન અને ખોટી ક્રિયાઓ ખૂબ ખૂબ છે.**

**(૬૮) માણસને પોતાની અપૂર્ણતાઓ પ્રત્યે ઘૃણા જન્મે એટલા માટે પાપનો ખ્યાલ જરૂરનો હતો. માણસના અહંકારની સામે પ્રભુએ આ ઓસડ યોજ્યું હતું. પણ આ યોજનાનો માણસ એવી રીતે જવાબ વાળે છે કે તે પોતાનાં પાપ વિષે બહુ જ મંદ ભાવે જાગૃત રહે છે અને બીજાઓનાં પાપ વિષે તે અતિશય જાગૃતિ રાખે છે.**

***બાળક : માણસ વિકાસના કયા તબક્કે અહંકારથી છૂટકારો પામી શકશે?***

**શ્રીમાતાજી :** જ્યારે માણસને સચેતન વ્યક્તિતા બનાવવા તેની જરૂર નહીં રહે.

૨૭ જુલાઈ, ૧૯૬૧

*

# જ્ઞાન

## વિવરણોનો ત્રીજો ગાળો (૧૯૬૨-૧૯૬૬)

**(૬૯) પ્રભુ આપણને પૂર્ણતા તરફ લઈ જવા માટે જે પ્રયત્નો કરી રહ્યા છે તેમાં આપણે પ્રભુની સાથે વિરોધની જે રમત રમીએ છીએ તે છે પાપ અને પુણ્ય. પુણ્યની ભાવના આપણને ગુપ્તપણે આપણાં પાપમાં રસ લેતા કરી આપે છે.**

*બાળક : મધુર માતાજી, આ સૂત્રો આપણને આપણા પાપ અને પુણ્ય વિષેના વિચારોની નિરર્થકતા સમજાવી આપે છે. આપે પણ આપના ફેબ્રુઆરી ૩, ૧૯૫૮ ના અનુભવના અનુસંધાનમાં કહેલું કે : 'મેં જોયું કે આપણા સામાન્ય રીતના જે નૈતિક ખ્યાલો છે તેના કરતાં કોઈ જુદી જ વસ્તુ આપણને અતિમાનસ રૂપે બનવામાં મદદ કરે છે યા તો અતિમાનસ બનતાં અટકાવે છે.' આપે વળી કહેલું : 'કઈ વસ્તુ દિવ્ય છે અને કઈ નથી એ વિષેનો આપણો ખ્યાલ સાચો નથી એ પણ અતિશય સ્પષ્ટ છે...એ વખતે મને જણાયું કે.... આપણું આ જગત અને પેલા જગત વચ્ચેનો જે સંબંધ મને દેખાયો તેમાંથી પછી વસ્તુઓને જોવા સમજવાની મારી આખીયે દૃષ્ટિ સંપૂર્ણ બદલાઈ ગઈ. આ દૃષ્ટિમાં હવે કશું જ માનસિક તત્ત્વ ન રહ્યું. અને એમાંથી મને એક એવી વિચિત્ર આંતરિક લાગણી થવા લાગી કે આપણે જે વસ્તુઓને સારી કે ખરાબ ગણીએ છીએ એમાંની ઘણીખરી એ પ્રમાણેની નથી હોતી. હવે તો એ વાત સ્પષ્ટ દેખાતી હતી કે વસ્તુઓમાં જે રીતની શક્તિ રહેલી હશે, અતિમાનસ જગતને તે કઈ રીતે પોતામાં ઉતારી શકે છે યા તો કઈ રીતે તેની સાથે સંબંધમાં રહી શકે છે તેના પર જ બધો આધાર રહે છે.'*

*તો આ અતિમાનસ દૃષ્ટિ કઈ રીતની છે? અતિમાનસ જગતને પોતામાં ઉતારવાની યા તો તેની સાથે સંબંધમાં રહેવા માટેની આ શક્તિ કે પાત્રતા કઈ રીતની છે?*

**શ્રી માતાજી :** આ વિષે મેં જંગલમાંથી પસાર થતા સાબરની વાર્તા અંગે થોડુંક કહ્યું પણ છે. ત્યાં તમને આનું સૂચન મળી રહે તેમ છે.

એ પછી, અતિમાનસ નૌકા અંગેની મારી આ જે અનુભૂતિ હતી તેમાં હું ફરીથી પાછી રહેવા લાગી. અને એ પછીથી વસ્તુઓ અંગેનું મારું દર્શન જરા પણ બદલાયેલું નથી. વળી મારા જોવામાં એ પણ આવ્યું કે એ અનુભૂતિએ પરિસ્થિતિ ઉપર એક નિશ્ચયાત્મક કાર્ય કર્યું હતું. એ અનુભૂતિએ જે રીતની પરિસ્થિતિની જરૂર હતી તે બરાબર સ્પષ્ટ રીતે, ચોક્કસ રીતે અને પાકા પાયે સ્થાપિત કરી દીધી હતી.

આ અનુભૂતિમાંથી નીતિને વિષેના જે કાંઈ સામાન્ય ખ્યાલો છે એ બધા જ ઊડી ગયા, એટલું જ નહિ પણ, ભારતમાં આધ્યાત્મિક જીવન માટે જે જે વસ્તુઓ જરૂરની ગણવામાં આવે છે, એ વાત પણ સાવ બદલાઈ ગઈ. આ દૃષ્ટિએ જોતાં એ અનુભૂતિમાંથી મને બહુ જ જાણવા મળ્યું. આ અંગે આપણે પ્રથમ તો જેને વૈરાગ્યપ્રધાન વિશુદ્ધિ કહેવામાં આવે છે તેની જ વાત લઈએ. આ વૈરાગ્ય-પ્રધાન વિશુદ્ધિમાં પ્રાણની સર્વ ક્રિયાઓને સીધેસીધી તજી દેવાની રહે છે. એમાં પ્રાણની ક્રિયાઓને પ્રભુ તરફ વાળવાની રહેતી નથી, અર્થાત, એ ક્રિયાઓમાં આપણે પ્રભુની હાજરી જોતા નથી, ત્યાં આગળ પ્રભુને આપણે મુક્તપણે કામ કરવા દેતા નથી, પણ પ્રભુને એમ કહી દઈએ છીએ, 'જાઓ, અહીં તમારું કામ નથી.' પ્રભુને આ પ્રદેશમાં દાખલ થવાનો હક નથી.

શરીરને અંગે આ વૈરાગ્યદૃષ્ટિ કેવું વલણ ધરાવે છે એ તો ઘણી જૂની વાત છે. એ દૃષ્ટિએ હંમેશાં, સતત શરીરનો ત્યાગ જ પોકાર્યો છે અને સાથે સાથે પ્રાણનો પણ. આ પછી તો માણસ પાસે શાસ્ત્ર પ્રમાણે કે ધાર્મિક પરંપરા પ્રમાણે જે વસ્તુઓ પવિત્ર કે સ્વીકારવા જેવી ગણાય છે તેટલી જ બાકી રહે છે. જેમકે લગ્નની પવિત્રતા અને એવી એવી બીજી મંજૂર કરાયેલી વસ્તુઓ, પરંતુ મુક્ત નિર્બંધ જીવન, ઓહ! એને અને ધાર્મિક જીવનનો તો કશો મેળ હોઈ જ ન શકે.

એટલે આ બધી વસ્તુઓ એકી સપાટે હંમેશને માટે સાફ થઈ ગઈ.

પણ આનો અર્થ એ નથી કે હવે તમારી પાસે જે વસ્તુની માગણી કરવામાં આવે છે તે વધારે સહેલી છે. એ તો કદાચ પેલા કરતાં પણ ઘણી વધુ મુશ્કેલ છે.

પહેલું તો, માનસિક રીતે જોતાં, સાબરની વાર્તામાં મેં કહ્યું છે તે મુજબ, સંપૂર્ણ સમતા એ અતિમાનસની સાથેના સંબંધને માટેની પહેલી જરૂરની વસ્તુ છે. આ એક અનન્ય આવશ્યકતા છે. ૧૯૫૬ પછી હું વરસો લગી સતત જોતી આવી છું કે આ સંપૂર્ણ સમતાની સ્થિતિ જો નથી હોતી તો પછી કોઈ પણ અતિમાનસ આંદોલન આપણી પાસે આવી શકતું નથી. આપણામાં આ સમતાની વિરુદ્ધની જરા સરખી પણ વસ્તુ હોય, આપણામાં અહંકારની જો

સહેજ અમસ્તી પણ ક્રિયા હોય, અહંકારમાંથી થતી કોઈ પણ પસંદગી હોય, તો પછી પેલું આંદોલન આપણામાંથી પસાર થતું નથી, એ આપણી પાસે આવતું નથી, અને આ વસ્તુ જ એક તો ઘણી ઘણી મોટી મુશ્કેલી છે.

સાક્ષાત્કારને સંપૂર્ણ કરવા માટે આ ઉપરાંત બીજી પણ બે વસ્તુઓ જરૂરની છે અને તે પણ સહેલી નથી. આ વસ્તુઓ બુદ્ધિની ભૂમિકા ઉપર અઘરી નથી (હું અહીં દરેક જણાની વાત કરતી નથી, પણ જે લોકો યોગ કરતા હોય છે અને કોઈક સાધનાને અનુસરતા હોય છે તેમને વિશે કહું છું), બુદ્ધિની ભૂમિકા ઉપર એ પ્રમાણમાં સહેલી છો, એની સાથે જો સમતા જોડી દેવામાં આવે તો માનસિક ભૂમિકા ઉપર પણ એ બહુ અઘરી નથી રહેતી. પણ તમે જ્યાં જડતત્ત્વની ભૂમિકા પર આવો છો, એટલે કે સ્થૂલની ભૂમિકા ઉપર અને પછી શરીરની ભૂમિકા ઉપર, ત્યાં પછી એ વાત જરા પણ સહેલી રહેતી નથી. આ બે વસ્તુઓ આ પ્રમાણે છે : પહેલું તો, તમારામાં વિસ્તારની શક્તિ, વિશાળ બનવાની, કહો કે લગભગ અનિશ્ચિત હદ સુધી વિસ્તાર પામવાની શક્તિ હોવી જોઈએ. આવી શક્તિ જો હોય તો તમે અતિમાનસ ચેતનાના વિસ્તાર જેટલો વિસ્તાર પામી શકો છો. અને એ ચેતના તો સમગ્ર વિશ્વની ચેતના છે. અતિમાનસ ચેતના એ પરમાત્માના પૂર્ણ રૂપની ચેતના છે, — 'પ્રભુનું પૂર્ણ રૂપ' એટલે કે પ્રભુનું આવિર્ભાવ પામેલું સ્વરૂપ એમ મારું કહેવું છે. ઊર્ધ્વ દૃષ્ટિથી જોઈએ તો, મૂળ તત્ત્વની દૃષ્ટિથી જોઈએ તો, (એટલે કે અતિમાનસ પોતે આવિર્ભાવમાં જે રૂપ લે છે તે મૂળ તત્ત્વની રીતે જોતાં), સ્વાભાવિક રીતે જ, આપણામાં પ્રભુ સાથે, એમના આવિર્ભાવ પામેલા સ્વરૂપની અંદર જ નહિ, પણ પ્રભુનું આવિર્ભાવથી પર, જે સ્થિર, નિર્વાણમય રૂપ છે, અ-સત્ રૂપ છે તેની સાથે પણ તદ્રૂપ થઈ જવાની શક્તિ આવવી જોઈએ. અને આ ઉપરાંત, બીજી જરૂરની વસ્તુ તે પ્રભુ વિશ્વરૂપે જે આવિર્ભાવ પામી રહ્યા છે તેની સાથે પણ તદ્રૂપ થઈ જવાની શક્તિ આવવી જોઈએ. આમાં પછી બે વસ્તુઓ રહે છે : પ્રથમ તો એક વિસ્તારની ક્રિયા, મેં કહ્યું તેમ કાંઈ નહિ તો અનિશ્ચિત હદ સુધીની તો ખરી જ, અને તેની સાથે સાથે જ એક સંપૂર્ણ ઋજુતા — મુલાયમતા. આ ઋજુતા હોય તો જ આપણે પ્રભુ જે આવિર્ભાવ કરી રહેલા છે તેમાં તેમની સાથે સાથે જઈ શકીએ છીએ. અને આ વિશ્વ જેટલા વિશાળ બનવાની ક્રિયા તે અમુક જ ક્ષણે કરવાની છે એમ નહિ, પ્રભુના આ આવિર્ભાવમાં તમારે સાવ અનિશ્ચિત હદ સુધી વિશાળ ને વિશાળ થતા જવાનું છે. આ રીતની એ બે વસ્તુઓ છે, અને તે માટેની શક્યતા તમારામાં હોવી જોઈએ.

તમારે માટે શારીરિક રૂપાંતરનો પ્રશ્ન ઊભો થયો નથી હોતો ત્યાં સુધી તો તમે બધું માનસિક વિકાસની દૃષ્ટિએ, અને મોટે ભાગે તમારા પોતાના વિકાસની દૃષ્ટિએ કરતા રહો તે પૂરતું છે. અને એ વસ્તુ પ્રમાણમાં સહેલી છે. પણ જ્યારે કામની અંદર, જડતત્ત્વની અંદર, આ જગતમાં જે રીતનું જડતત્ત્વ છે તેની અંદર અતિમાનસને સાકાર કરવાની વાત આવે છે ત્યારે વાત બહુ મુશ્કેલ બની જાય છે. અહીં આ જગતમાં વસ્તુઓનો જે આરંભ થયો છે તે જ મૂળે તો ખોટી રીતનો છે, અહીં બધું અચિત્ અને અજ્ઞાનથી જ શરૂ થયેલું છે. પેલી મૂળ પરમ ચેતના અહીંથી ગુમ થઈ ગયેલી છે. એ ગુમ થયેલી ચેતનાને પાછી મેળવવા માટે વ્યક્તિત્ત્વની, વ્યક્તિ રૂપ પદાર્થોની જરૂર હતી અને પદાર્થોને આવું વ્યક્તિત્ત્વવાળું રૂપ આપવા માટે જ જડતત્ત્વને એક અવિચલતા આપવામાં આવી છે. અવિચલતા હોય તો જ પદાર્થનું રૂપ ટકી રહી શકે તેમ જ વ્યક્તિ તરીકેની પોતાની આ જે શક્યતા છે તેને ટકાવી રાખી શકે. અને આ જે અવિચલતા છે તે જ હવે આપણે અતિમાનસને ઝીલી શકીએ તે માટે આપણામાં જે વિસ્તાર સધાવો જોઈએ, મુલાયમતા અને ચપળતા આવવાં જોઈએ તે સાધવામાં મુખ્ય વિઘ્ન બની રહે છે. મારી આગળ આ પ્રશ્ન હંમેશાં ઊભો થતો રહેલો છે, અને એ ખૂબ જ નક્કર પ્રશ્ન છે, એકદમ સઘન કઠોર રીતનો પ્રશ્ન છે, આમાં તો હવે શરીરના આ જે કોષો છે તેની સાથે આપણે કામ લેવાનું છે, એ કોષોને કોષો તરીકે સાચવી રાખવાના તે, એ બધા ઓગળી જઈને પોતાની સ્થૂલ રૂપની વાસ્તવિકતા ગુમાવી દે એવું થવા દેવાનું નથી. અને છતાં સાથે સાથે તેમનામાં મુલાયમતા પણ આવવી જોઈએ, એમનામાંની આ અવિચલતા ચાલી જવી જોઈએ. એમ થાય તો જ એ કોષો અનિશ્ચિત હદ સુધી પોતાનો વિસ્તાર સાધી શકે.

**(મૌન)**

**મને પેલો વહાણનો અનુભવ સૂક્ષ્મ પ્રકારના સ્થૂલ તત્ત્વમાં થયો હતો. ત્યાં જે લોકોની અંદર ડાઘા હતા અને જેમને પાછા લઈ જવા પડ્યા હતા તે બધામાં જ આ ચપળતાનો, પેલી બે ક્રિયાઓને માટે જરૂરની એવી ચપળતાનો અભાવ હતો. પણ — આમાંયે ખાસ તો પ્રભુના આવિર્ભાવની સાથે સાથે આગળ વધવા માટે વિસ્તાર પામવાની ક્રિયા વધારે જરૂરની રહે છે. પ્રગતિ કરવાની જે બીજી ક્રિયા છે, તે મને લાગ્યું કે, વહાણમાંથી જે લોકો નીચે ઊતર્યા હતા તેમણે નીચે ઊતર્યા પછીથી કરવાની છે. વહાણ ઉપર આ બધા લોકોને જે તૈયાર કરવામાં આવતા હતા તે આ વિસ્તાર પામવાની શક્તિ મેળવવાને હતું.**

વળી મેં મારો એ અનુભવ વર્ણવેલો ત્યારે એક વસ્તુ કહી ન હતી : તે એ છે કે એ નૌકાને કોઈ યંત્રો ન હતાં. ત્યાં બધી જ વસ્તુઓ સંકલ્પશક્તિને આધારે ચાલતી હતી — માણસો અને વસ્તુઓ (લોકોનો પોષાક પણ તેમની સંકલ્પશક્તિ પ્રમાણેનો બની રહેતો હતો.) આને લીધે બધી જ વસ્તુઓમાં તેમ જ બધી વ્યક્તિઓમાં ઘણી મોટી ચપળતા આવતી હતી. કેમકે ત્યાં દરેક જણને આ સંકલ્પશક્તિનો ખ્યાલ રહેતો હતો. અને આ કોઈ મનોમય સંકલ્પશક્તિ ન હતી, એ પ્રભુની જ સંકલ્પશક્તિ હતી, અથવા એમ કહો કે, એ આધ્યાત્મિક સંકલ્પશક્તિ હતી, અથવા એમ પણ કહી શકો કે આત્માની સંકલ્પશક્તિ હતી. પણ આ વસ્તુનો અનુભવ આપણે જ્યારે સંપૂર્ણ સહજ ભાવે વર્તતા હોઈએ છીએ ત્યારે જ થઈ શકે છે. અર્થાત્ આમાં આપણી ક્રિયા — વાણી તથા હલનચલન — મન દ્વારા નહિ (અહીં હું વિચાર તથા બુદ્ધિની વાત નથી કરતી,) આપણને સામાન્ય ક્રિયાઓમાં પ્રેરતા મન દ્વારા પણ થવી ન જોઈએ. આપણે કોઈ કામ કરતા હોઈએ છીએ ત્યારે સામાન્ય રીતે, એ કામ પાછળનો જે સંકલ્પ હોય છે તે આપણને દેખાય છે (આપણે સભાન હોઈએ છીએ અને આપણી જાતને કાર્ય કરતા અવલોકીએ છીએ ત્યારે આપણને આ વસ્તુ દેખાય છે. આપણા દરેક કાર્યની પાછળ તે માટેનો એક સંકલ્પ હોય છે — પછી તે અત્યંત ઝડપથી કામ કરી જતો હોય તેમ બની શકે છે.) આપણા દરેક કાર્યમાં મન વચ્ચે પડતું હોય છે, સામાન્ય રીતે હંમેશાં આમ બનતું રહે છે, અમુક ક્રમે વસ્તુઓ બનતી રહે છે. પણ અતિમાનસ કાર્ય તો મનને ઠેકી જઈને નક્કી થતું હોય છે. એ માટે મનમાંથી પસાર થવાની જરૂર પડતી નથી, એ સીધેસીધું જ બનતું હોય છે. પ્રાણનાં કેન્દ્રો સાથે કોઈ વસ્તુ સીધી સંપર્કમાં આવતી હોય છે અને તેમને, વિચારમાંથી પસાર થયા વિના પણ, પૂર્ણ સભાન રીતે, કામ કરાવતી હોય છે. ત્યાં ચેતના સામાન્ય ક્રમ પ્રમાણે કામ કરતી નથી. જડતત્ત્વ ઉપર કામ કરતી આધ્યાત્મિક સંકલ્પશક્તિના કેન્દ્રમાંથી તે સીધેસીધી કામ કરે છે.

આપણે જ્યાં લગી મનની આ સંપૂર્ણ સ્થિરતા બરાબર સાચવી રાખી શકીએ છીએ ત્યાં લગી પ્રેરણા સંપૂર્ણ શુદ્ધ રૂપની હોય છે, શુદ્ધ રૂપે આવતી હોય છે. એ પ્રેરણાને તમે જો પકડી લઈ શકો, તમે બોલતા હો ત્યારે ટકાવી રાખી શકો તો તમારામાં જે વસ્તુ ઊતરી આવે છે તેમાં પણ કશું જ મિશ્રણ બનતું નથી, એ વસ્તુ શુદ્ધ જ રહે છે.

આ એક ઘણી જ નાજુક ક્રિયા છે, સંભવ છે કે એ હરહંમેશ બનતી નથી એટલે એવી હશે — એમાં જરા સરખું પણ હલનચલન થાય, મનનું

નાનામાં નાનું આંદોલન ઊભું થાય તોપણ, તે આખી વસ્તુને બગાડી મૂકે છે. પણ જ્યાં સુધી એ ક્રિયા ચાલતી રહે છે ત્યાં સુધી તે સંપૂર્ણ શુદ્ધ જ રહે છે. અતિમાનસ જીવનમાં આ સ્થિતિ સતત બની રહેવી જોઈએ. એમાં મનોમય રીતની આધ્યાત્મિક સંકલ્પશક્તિનો પ્રવેશ ન થવો જોઈએ. માણસમાં આવી આધ્યાત્મિક સંકલ્પશક્તિ પણ જરૂર હોઈ શકે છે, તમારા જીવનમાં તમે સતત આધ્યાત્મિક સંકલ્પશક્તિને જ પ્રકટ કરતા રહી શકો છો (જે લોકોને એમ લાગતું હોય છે કે તેમને તેમની અંદર રહેલા પ્રભુ દોરી રહ્યા છે તે બધા આ પ્રમાણે જ કામ કરતા હોય છે,) પણ આ બધી વસ્તુ મનની મારફતે આકાર લેતી રહે છે. અને આમ હોય ત્યાં સુધી એ જીવન અતિમાનસ રીતનું બની શકતું નથી. અતિમાનસ જીવન કદી મનમાં થઈને ગતિ કરતું નથી. મન એ એક નિઃસ્તબ્ધ શાંત પ્રદેશ બની રહે છે અને એમાંથી અતિમાનસની વસ્તુઓ પસાર થતી રહે છે. મન તરફથી જરા જેટલો અવાજ થાય તો પણ પેલી ક્રિયામાં ભંગ પડે છે.

### (મૌન)

**તો આપણે એમ કહી શકીએ છીએ કે આવી પૂર્ણ સમતાની એક સતત અવસ્થા હોય તો જ અતિમાનસ પાર્થિવ ચેતના દ્વારા પોતાને વ્યક્ત કરી શકે છે.** આ પૂર્ણ સમતા આપણે જ્યારે પરમાત્મા સાથે આધ્યાત્મિક તદ્રુપતા સાધીએ છીએ ત્યારે મળી આવે છે. એ પૂર્ણ સમતામાં પછી પ્રત્યેક પદાર્થ પરમાત્મા રૂપ બની જાય છે અને આ સમતા આપોઆપ બની આવતી હોય છે. એ કોઈ સભાન સંકલ્પ દ્વારા બનતી નથી કે બૌદ્ધિક પ્રયત્ન દ્વારા બનતી નથી, કે વળી આ અવસ્થા આવે તે પહેલાં આપણામાં એક જ્ઞાન પ્રગટતું હોય છે તેવા જ્ઞાનમાંથી પણ એ સમતા આવતી નથી. એ એવી રીતે આવતી નથી; આ સમતા સહજ ભાવે અને આપોઆપ જ બની આવવી જોઈએ. એટલે પછી તમારી પાસે બહારથી કોઈ વસ્તુ આવે અને એનો તમે જે રીતે જવાબ વાળો એટલે કે તમે કોઈ બહારની વસ્તુને જવાબ આપતા હો, એવું રહેતું નથી. આપણામાં આ રીતે બહારની વસ્તુઓ પ્રત્યે સહજ પ્રત્યાઘાત સેવવાની, તેને જવાબ આપવાની જે ક્રિયા થતી રહે છે તેને બદલે આપણામાં એક સતત સ્થિર દર્શનની ક્રિયા બની રહેવી જોઈએ. આ દર્શન દરેક પ્રસંગે એક જ રીતનું રહે એમ તો હું નહિ કહું, કેમકે દરેક વસ્તુને આપણે તેની ખાસ રીતે જવાબ વાળવાનો રહે છે, પણ એ જવાબ પેલી વસ્તુની સામે પ્રત્યાઘાત રૂપે ન બનવો જોઈએ. આ બેમાં એક તફાવત છે. બહારથી કોઈ વસ્તુ આવે, તમારા ઉપર અફળાય અને તમે તેનો

જવાબ વાળો એ એક વસ્તુ છે અને તમારી પોતાની જ અંદર એક વસ્તુ કામ કરી રહી હોય, જાણે કે એનું પરિભ્રમણ ચાલ્યા કરતું હોય અને પોતાના વિશ્વરૂપી કાર્ય માટે જરૂરનાં હોય તેવાં આંદોલનો તેનામાં સ્વાભાવિક રીતે ઊભાં થતાં રહેતાં હોય, એ બીજી વસ્તુ છે. હું તમને મારી વાત બરાબર સમજાવી શકું છું કે નહિ એ કહી શકતી નથી.... એ તફાવત આ રીતનો છે. એક સ્થિતિ એવી છે કે તેમાં એક જ પ્રદેશમાં એક આંદોલન રૂપ ગતિ થતી રહે છે અને બીજી સ્થિતિમાં બહારની બાજુએથી એક ગતિ આવે છે, તે આવીને બહારથી તમને સ્પર્શ કરે છે અને તેને અંદરથી એક જવાબ મળે છે (માનવ ચેતનાની સામાન્ય સ્થિતિ આ પ્રમાણેની છે). પણ ચેતના જ્યારે પરમાત્મા સાથે તદ્રુપ બની ગયેલી હોય છે, ત્યારે તમારી બધી ક્રિયાઓ કહો કે તમારી પોતાની અંદરની જ હોય છે, એટલે કે એમાં બહારથી કશું પણ આવતું નથી હોતું. તમારી અંદરની વસ્તુઓ પરિભ્રમણ કરતી રહે છે અને એ પરિભ્રમણની અંદર, સામી વસ્તુની સાથેના સામ્યને લીધે કે આવશ્યકતા પ્રમાણે, સ્વાભાવિક રીતે તેનામાં અમુક આંદોલનો થતાં રહે છે, અથવા તો જે આંદોલનો ચાલુ હોય તે બદલાતાં રહે છે.

મારે માટે આ સ્થિતિ ઘણી સુપરિચિત બની ગયેલી છે, કેમકે અત્યારે હું આ સ્થિતિમાં જ સતત રહું છું – વસ્તુઓ બહારની બાજુથી આવતી હોય અને મારી સાથે ભટકાતી હોય એવું મને કદી લાગતું નથી. ઊલટું મને એવું લાગે છે કે બધી જ ક્રિયાઓ મારી અંદર બને છે, અને એ ક્રિયાઓ અનેક રીતની અને કેટલીક વાર એકબીજાથી વિરુદ્ધની પણ હોય છે. અને આ જે સતત પરિભ્રમણ ચાલુ રહે છે તેમાં પ્રત્યેક ક્રિયાને માટે જરૂરી હોય તેવા આંતરિક ફેરફારો થતા રહે છે.

**આ રીતનો પાયો અનિવાર્ય રીતે હોવો જોઈએ.**

વિસ્તારની ક્રિયા લગભગ આપોઆપ જ થતી રહે છે, અને શરીરની અંદર જે કંઈ ગોઠવણો કરવાની હોય છે તેને કરતી રહે છે, અને આ ગોઠવણીઓનું કાર્ય મુશ્કેલ છે. અત્યારે હું આ જ પ્રશ્નની અંદર એકદમ ડૂબી ગયેલી છું.

આ પછી પ્રભુના આવિર્ભાવની ક્રિયાના અનુસંધાનમાં રહેવા માટે જે મુલાયમતાની જરૂર રહે છે તેનો પ્રશ્ન આવે છે. મુલાયમતા એટલે ઓગળી જવાની શક્તિ – આપણા જીવનમાં આખોયે વખત આપણે આપણું વ્યક્તિ તરીકેનું સ્વરૂપ બનાવતા રહીએ છીએ, અને આ ગઠનની ક્રિયા સભાન રીતે તેમ જ સંકલ્પપૂર્વક થતી રહે છે અને છેવટે જતાં આ ગઠનને આપણે છોડી નાખવાનું રહે છે. એક સભાન રૂપે અને વ્યક્તિ તરીકે બની રહેવું એટલે કે એમાં

સર્વ વસ્તુઓનું, સતત રીતે અને ભાનપૂર્વક સારગઠન કરતા રહેવું. અને એ પછી આપણે આથી ઊલટી ક્રિયા, વિસર્જનની કરવાની રહે છે, સતતપણે અને પહેલાંના જેટલા જ સંકલ્પપૂર્વક કે પછી એથી પણ વધુ સંકલ્પપૂર્વક એ કરવાનું રહે છે. અને સાથે સાથે, આપણે વ્યક્તિરૂપ ચેતના બનીને જે જે પ્રાપ્ત કર્યું હોય છે તેનો લાભ પણ ચાલ્યો ન જાય તે આપણે જોવાનું રહે છે.

અને કહેવું પડશે કે આ કામ અઘરું છે.

વિચારોના પ્રદેશને અંગે જોઈએ તો આ વસ્તુ તદ્દન સહેલી, પહેલા પગથિયા જેવી છે. લાગણીઓને અંગે પણ તે કાંઈ મુશ્કેલ વસ્તુ નથી. આપણું હૃદય, એટલે કે આપણું ભાવપ્રધાન સ્વરૂપ પરમાત્માના સ્વરૂપ જેટલું વિશાળ બને એ પ્રમાણમાં સહેલી વસ્તુ છે. પણ શરીર! એ તો મહા મુશ્કેલ છે, મહા મહા મુશ્કેલ છે. આ તમને કેવી રીતે સમજાવું? શરીર પોતે જે કેન્દ્રની આસપાસ બંધાયું છે એ કેન્દ્ર તે ગુમાવે નહિ, પોતાની આસપાસના પદાર્થની અંદર ઓગળી જાય નહિ અને છતાં તે પોતાનો વિસ્તાર સાધતું રહે, એ તે કેવી રીતે બને? અને વળી, આપણે જો કુદરતની અંદર રહેતા હોઈએ, આસપાસ પર્વતો અને જંગલો અને સરિતાઓ આવી રહેલાં હોય, ખૂબ ખૂબ કુદરતી સૌન્દર્ય હોય, ખૂબ જ બહોળી જગા હોય તો આ ક્રિયા જરા આનંદદાયક પણ બને! પણ આપણા શરીરમાંથી બહાર નીકળીને, સ્થૂલ તત્ત્વની અંદર એક ડગલું આગળ ભરીએ કે તરત જ તમને વેદનાઓનો ભેટો થઈને રહે છે. હા, કોઈકવાર તમને કોઈ આનંદદાયક, સંવાદમય, આવકારભરી વસ્તુનો ભેટો થઈ જાય છે ખરો, એમાં કોઈ ઊર્ધ્વ પ્રકાશ રણઝણતો પણ હોય છે. પણ એવું તો વિરલ બને છે. હા ફૂલો, કોઈક વાર ફૂલો આવો અનુભવ કરાવે છે, — પણ તે કોઈક વાર, હંમેશાં નહિ. પણ આ સ્થૂલ જગત, તોબા! .... એ તો હર સ્થળે તમને પછાડી નાખે છે — હરેક જાતની વસ્તુઓ તમને નહોરિયાં ભરે છે, નહોર મારે છે, તમારી ચામડી ઉતરડી નાખે છે, તમને આમતેમ અફાળે છે. એ જરા પણ ખૂલતી નથી; ઓહ, આ તે કેટલું બધું, કેટલું બધું મુશ્કેલ છે! માણસનું જીવન કેવું તો બંધ જ રહે છે, જરા પણ ઊઘડતું નથી! એ તો એક ગૂંચળું વળીને પડી રહ્યું છે, સાવ કઠણ બની ગયું છે, એમાં પ્રકાશ નથી, ઉષ્મા નથી, અને આનંદની તો હું વાત જ નથી કરતી.

પણ કોઈ કોઈ વાર. તમે વહેતા પાણીને જુઓ છો; કે પછી વૃક્ષોની અંદર સૂર્યના કિરણને રમતાં જુઓ છો, ત્યારે, હા, એ પાણી, એ કિરણ ગાતું હોય છે — શરીરના કોષો ગાતા હોય છે અને આનંદમાં હોય છે.

***બાળક : મધુર માતાજી, પરંતુ જો શારીરિક રૂપાંતરના કાર્યમાં આટલી બધી મોટી મુશ્કેલી હોય તો પછી ગુહ્ય વિદ્યાની રીતે કામ કરવું વધુ ઠીક ન રહે? એ રીતે શું કોઈ વસ્તુને સ્થૂલમાં લાવી ન શકાય? ગુહ્ય વિદ્યાની પ્રક્રિયાઓ દ્વારા એક નવું શરીર ન બનાવી શકાય?***

**શ્રી માતાજી :** આ વિચારનો અર્થ એ થયો કે પ્રથમ તો અમુક વ્યક્તિઓએ અહીં સ્થૂલ જગતમાં જ અમુક રીતનો સાક્ષાત્કાર મેળવી લેવો જોઈએ કે જેના બળે કરીને તેઓ એક અતિમાનસ વ્યક્તિને અહીં સ્થૂલમાં ઉત્પન્ન કરી શકે.

મેં તમને કહ્યું હતું કે મેં એક પ્રાણમય સત્ત્વને શરીર બનાવી આપ્યું હતું, પણ એ શરીરને હું સ્થૂલ રૂપ આપી શકી ન હતી, મેં ઇચ્છા કરી હોત તોપણ એ બની શક્યું ન હોત. હજી કોઈક વસ્તુ ખૂટે છે, કશુંક ખૂટે છે. તમે એવા શરીરને દેખી શકાય તેવું કરી શકો તોપણ તમે એને કદાચ કાયમ ટકી રહે તેવું બનાવી શકો નહિ. — પહેલી જ તકે એ શરીર પાછું છૂટું થઈ જવાનું. શરીરને આ સ્થાયી કરવાની ક્રિયા હજી આપણે સિદ્ધ કરી શક્યા નથી.

શ્રી અરવિંદ સાથે અમે આ વસ્તુ ચર્ચી હતી (ચર્ચી હતી એટલે કે એવો શબ્દ હું વાપરું છું). અમે એને વિશે વાત કરી હતી, અને મારી માફક એમને પણ એમ જ લાગેલું. અર્થાત, રૂપને પૃથ્વી ઉપર બરાબર જોડી દેવાની શક્તિ હજી આપણી પાસે આવેલી નથી. જે લોકો વસ્તુને સ્થૂલમાં લાવવાની શક્તિઓ ધરાવે છે, તેઓ પણ પોતે આપેલા સ્થૂલ રૂપને ટકાવી રાખી શકતા નથી. એ રૂપ ટકી રહેતું નથી, ટકી રહી શકતું નથી, એ રૂપમાં સ્થૂલ વસ્તુઓના ગુણ હોતા નથી.

એટલે આવાં રૂપને ઉત્પન્ન કરવામાં આવે તોપણ જ્યાં સુધી એ રૂપને સ્થાયી બનાવી આપી શકે એવો ગુણ ધરાવતી કોઈ વસ્તુ આપણને ન મળે ત્યાં સુધી એ ઉત્પન્ન કરેલા રૂપને ટકાવી રાખવાનું બની શકે તેમ નથી.

એ આખી ગુહ્ય ક્રિયા હું વિગતવાર જાણતી હતી. પણ એ શરીરને વધારે સ્થૂલ કરવાનો પ્રયત્ન મેં કર્યો હોત તો પણ હું તે કરી શકી ન હોત — એ શરીર દેખાય તેવું તો હતું જ, હા, પણ સ્થાયી ન હતું, તેનામાં વિકાસ પામવાની શક્તિ ન હતી.

૧૨ જાન્યુઆરી, ૧૯૬૨

*

## (૭૦) તારી જાતને નિર્દય બનીને તપાસી લે. એમ કરીશ તો તું બીજાઓ પ્રત્યે વધુ ઉદાર અને દયાળુ બનશે.

**શ્રી માતાજી :** ઘણું જ સરસ!

આ વસ્તુ દરેક જણ માટે બહુ સારી છે, અને જે લોકો પોતાને ઘણા ઉત્તમ માનતા હોય છે તેમને માટે તો ખાસ.

પણ સાચી રીતે જોઈએ તો આ વસ્તુ એક કોઈ ઘણી ગહન વસ્તુને મળતી આવે છે.

થોડાક વખતથી મને બરાબર આ જ પ્રમાણેની અનુભૂતિ થઈ રહેલી છે. અને એમાં જાણે કે મારા વલણમાં એકદમ ઊલટી સ્થિતિ બની આવી છે.

માણસોને પોતાના મનમાં ઊંડે ઊંડે હંમેશાં એમ જ લાગતું રહેલું છે કે પોતે જાણે વિરોધી બળોનો ભોગ બની રહેલાં છે. આમાં જે હિંમતવાન લોકો હોય છે તેઓ તો લડી લે છે અને બીજા વિલાપ કર્યા કરે છે. પણ મને હવે વિરોધી બળો જગતની અંદર જે ભાગ ભજવી રહેલાં છે, કહો કે જગતમાં તેમની જે અનિવાર્ય જરૂર છે તેનું ઘણું સ્પષ્ટ દર્શન થવા લાગ્યું છે. હું જોઉં છું કે જગત પ્રગતિ કરતું રહે, સૃષ્ટિ ફરી પાછી પોતાના મૂળ સ્વરૂપે બની રહે એટલા માટે જ આ વિરોધી બળો બનેલાં છે. અને આ દર્શન મને એટલું બધું તો સ્પષ્ટ થઈ રહ્યું છે કે હવે આપણે આ વિરોધી બળોનું પરિવર્તન થાય કે તે નાશ પામે એમ નહિ માગવું જોઈએ, પણ આપણે આપણું પોતાનું રૂપાંતર જ સાધી લેવું જોઈએ, આ રૂપાંતરને માટે જ આપણે પ્રાર્થના કરવી જોઈએ અને એ જ આપણે સિદ્ધ કરી લેવું જોઈએ. આ વસ્તુ હું આખી પૃથ્વીની દૃષ્ટિથી કહું છું, હું વ્યક્તિ તરીકેનું દૃષ્ટિબિંદુ લઈને વાત કરતી નથી, હું પૃથ્વીનું દૃષ્ટિબિંદુ લઈને કહું છું. અને આ દર્શન મને એકાએક જ થઈ આવ્યું. એમાં મેં જોયું કે જગતમાં જે કાંઈ ભૂલનું તત્ત્વ, ગેરસમજૂતીનું તત્ત્વ આવી રહેલું છે, જગતમાં જે કાંઈ અજ્ઞાન અને અવિદ્યા આવેલાં છે, એથીયે વધારે ખરાબ તો, પૃથ્વીની ચેતનામાં જે કાંઈ દુરિચ્છા આવી રહેલી છે, આ બધી વસ્તુઓને એમ લાગ્યું કે જગતમાં જે જે વિરોધી તત્ત્વો અને શક્તિઓ ટકી રહેલી છે તેને માટે અમે જ જવાબદાર છીએ. અને પછી એ બધાં પોતાનું એક મહા બલિદાન આપવાને તૈયાર થઈ ગયાં — અને આ એક અભીપ્સા કરતાં પણ ઘણી મોટી વસ્તુ હતી — અને કહેવા લાગ્યાં કે અમારા બલિદાનથી જગતમાંનાં બધાં વિરોધી બળો અદૃશ્ય થઈ જાઓ, એમની હસ્તીનું હવે કોઈ પણ કારણ ન રહો. જે જે વસ્તુઓનું પરિવર્તન થવાની

જરૂર છે તેના દર્શક બનવાનું એ જે કામ કરે છે તે માટે હવે તેમની જરૂર ન રહો.

આ વિરોધી તત્ત્વોની જરૂર તો જગતમાં જે જે વસ્તુઓ દિવ્ય જીવનના નકાર રૂપે રહેલી છે તેમને લીધે જ ખાસ ઊભી થયેલી છે. અને મેં જોયું કે પૃથ્વીની આખી ચેતના આમ અસાધારણ તીવ્રભાવે પરમાત્માને પોતાનું સમર્પણ કરવા લાગી હતી. તે જાણે કે આ વિરોધી બળોને મિટાવી દેવા માટેનું મૂલ્ય આપતી હોય એવું દેખાતું હતું.

મારે માટે આ એક ઘણી તીવ્ર અનુભૂતિ હતી. એ અનુભૂતિ પછી ભાષામાં આ રીતે પ્રગટ થઈ : 'પ્રભુ, મેં જે જે કાંઈ ભૂલો કરેલી હોય તે બધી લઈ લો, બધી જ, તેમનો સ્વીકાર કરો, પ્રભુ, તેમને ભૂંસી નાખો અને જગતમાંથી આ બધાં વિરોધી તત્ત્વોને મિટાવી દો.'

આ સૂત્રમાં આ જ વસ્તુનો સાર આવી રહેલો છે, પણ તેમાં બીજે છેડેથી વાત કહેવાઈ છે. જ્યાં સુધી માનવ ચેતનાનાં સંવેદનોમાં કાર્યોમાં, વિચારોમાં, તેના સ્વરૂપમાં પ્રભુના દિવ્ય આવિર્ભાવનો વિરોધ કરવાની શક્યતા રહેશે ત્યાં સુધી આપણે બીજા કોઈને દોષ દઈ શકીએ તેમ નથી. આમાં આપણે વિરોધી શક્તિઓનો દોષ કાઢી શકીએ તેમ નથી. આ વિરોધી બળો તો તમારે જે માર્ગ કાપવાનો છે તેનું તમને સંપૂર્ણ દર્શન થઈ જાય, તમને અનુભવ થાય એ માટેનાં સાધન તરીકે ટકાવી રાખવામાં આવે છે.

**(મૌન)**

મેં જોયું કે હું જે અવસ્થામાં હતી તે પ્રભુના પરમ પ્રેમની ચેતનાની એક સ્મૃતિના જેવી — એક શાશ્વત કાળ લગી હાજર હોય એવી સ્મૃતિની અવસ્થા હતી. પ્રભુએ આ પ્રેમને પૃથ્વીના ઉપર, પૃથ્વીની અંદર પ્રગટ કરેલો છે, પૃથ્વીને પોતાના તરફ પાછી લઈ જવાને માટે. કેમકે આ જે વિશ્વ બનેલું છે એમાં તો બધું ખરેખર પ્રભુનો એકદમ સંપૂર્ણ નકાર કરતી અવસ્થામાં નીચે પહોંચી ગયું હતું, પ્રભુની દિવ્ય પ્રકૃતિનો જ સમૂળગો નકાર બની ચૂક્યો હતો. અને તેથી જ પ્રભુએ પૃથ્વીને પાછી દિવ્ય અવસ્થામાં લઈ આવવાને માટે પોતાની દિવ્ય અવસ્થાનો ત્યાગ કરી દીધો અને પૃથ્વીનો અંધકાર પોતાના ઉપર ઓઢી લીધો. એટલે હવે જ્યાં સુધી પ્રભુનો આ પરમ પ્રેમ પૃથ્વી ઉપર પૂર્ણ સમર્થ રીતે સભાન બનશે નહિ ત્યાં સુધી પૃથ્વી દિવ્ય અવસ્થામાં પાછી નિશ્ચિતપણે જઈ શકશે નહિ.

મને પ્રભુના મહાન દિવ્ય આવિર્ભાવનું જે* દર્શન થયું હતું તેના પછીથી

* જુઓ આની પહેલાંના સૂત્ર ૬૭મા ઉપરનું વિવરણ.

આ અનુભૂતિ મને થયેલી એટલે પછી મેં મને પોતાને આવો પ્રશ્ન કર્યો કે, 'આ જગત તો આગળને આગળ ગતિ કરી રહ્યું છે, એ વધુ ને વધુ દિવ્ય બની રહ્યું છે, તો પછી આપણને અહીં અદિવ્યતાની પારાવાર વેદનાનો આ જે અનુભવ થાય છે, ભાવિમાં આવનારી અવસ્થાની સરખામણીમાં આ અદિવ્ય દેખાતી અવસ્થાનો જે મહા દુઃખપૂર્ણ અનુભવ થઈ રહ્યો છે તે વેદના હંમેશાં રહેશે જ એવું તો નહિ બને ને? આપણે જેને 'વિરોધી બળો' કહીએ છીએ, અર્થાત્, વિશ્વની ગતિ સાથે જે કોઈક વસ્તુ સંવાદમય રીતે ચાલતી નથી એ શું હંમેશાં રહેશે જ એવું તો નહિ બને ને?' અને પછી ઉત્તર આવ્યો, દર્શન આવ્યું : 'ના એ વસ્તુ હવે નજીકના ભવિષ્યમાં જ શક્ય બનવાની છે. એ માટેની ક્ષણ આવી ચૂકી છે. પરમાત્માનો પૂર્ણ પ્રેમ તેના મૂળ રૂપે હવે પ્રગટ થશે. એ પૂર્ણ પ્રેમ આ અચેતનાને, આ અજ્ઞાનને બદલી નાખી શકશે, એ અજ્ઞાનમાંથી આ જે દુરિચ્છા જન્મેલી છે તેને બદલી નાખી શકશે અને તેમાંથી એક જ્યોતિર્મય અને આનંદમય પ્રગતિ પ્રગટશે, અને લોકોમાં એક પૂર્ણ સર્વગ્રાહી પૂર્ણતાની ઝંખના જાગૃત થશે.'

આ એક ઘણી જ સઘન વસ્તુ રહેલી છે.

અને આ એક એવી અવસ્થા છે કે એમાં આપણે જગતમાં જે જે આવી રહેલું છે તેની સાથે એકરૂપ થઈ જઈએ છીએ, જગતમાં જે કાંઈ વિરોધી તત્ત્વો આવી રહેલાં છે તે સર્વ રૂપે આપણે બની જઈએ છીએ, એકદમ સઘન રીતે, અને પછી આપણે એ બધાનું સમર્પણ કરી શકીએ છીએ. હા, એ પ્રભુ વિરોધી સર્વ સામગ્રી પ્રભુને સમર્પી દઈ શકીએ છીએ અને એવું સમર્પણ કરીને તેનું રૂપાંતર કરી શકીએ છીએ.

મૂળ વસ્તુ તો એ છે કે માણસોમાં પવિત્રતા માટેનો, શુભ વસ્તુઓ માટેનો આ રીતનો જે એક સંકલ્પ છે (કે જે સામાન્ય માણસના મનમાં સદાચરણી બનવા માટેની જરૂરનું રૂપ લે છે) એ જ સાચા આત્મસમર્પણમાં મહાવિઘ્ન બની રહે છે. જગતમાં જે અસત્ય રહેલું છે તેનું મૂળ આ રીતના સંકલ્પમાં રહેલું છે, અને ખાસ કરીને જગતમાં જે દંભનું તત્ત્વ રહેલું છે તેનું મૂળ તો આમાં જ છે — પવિત્ર બનવા માટેની, સદાચરણી બનવા માટેની આ ભાવના સેવવા જતાં તમે જગતની મુશ્કેલીઓના બોજામાંથી તમારે ભાગે જે બોજો વહેવાનો આવે છે તે વહેવાનો તમે ઇન્કાર કરી દો છો. આ જ મુદ્દાને શ્રી અરવિંદે ઘણી જ સરળ રીતે એકદમ સીધેસીધો રજૂ કરી દીધો છે.

એટલે તમે એક ધર્માત્મા બનવાનો દાવો ના કરશો. જગતમાં જે જે કાંઈ

પ્રભુ-વિરોધી તત્ત્વો આવી રહેલાં છે તેની સાથે તમે કેટલે સુધી એકતા સાધી શકો તેમ છો, એકરૂપ થઈ શકો તેમ છો તે જરા તપાસી લો, વિશ્વના આ બોજામાં તમારા ભાગનો જે હિસ્સો છે તે સ્વીકારી લો. તમે પોતે અપવિત્ર છો, તમારામાં અસત્ય છે એ વાત સ્વીકારી લો. આ રીતે જ તમે જગતમાં રહેલાં મહાન પડછાયાને હાથમાં લઈ શકશો અને તેને અર્પણ કરી શકશો, અને તમે જેટલા પ્રમાણમાં આ વસ્તુને તમારામાં લઈ શકશો અને અર્પણ કરી દઈ શકશો તેટલા પ્રમાણમાં જગત બદલાશે.

જગતના જે પવિત્ર લોકો છે તેમની જમાતમાં બેસવાનો પ્રયત્ન ના કરશો. જે લોકો અંધકારમાં પડેલા છે તેમની પંગતમાં બેસવાનું સ્વીકારી લો અને એક પૂર્ણ પ્રેમપૂર્વક એ બધું અર્પણ કરી દો.

૨૧ જાન્યુઆરી, ૧૯૬૨

*

**(૭૧) વિચાર તે સત્યના ઉપર ફેંકેલું બાણ છે. એ એક બિંદુને તાકી શકે છે, પણ આખાયે નિશાનને તે આવરી લઈ શકતું નથી. પણ બાણ ફેંકનારો પોતાની સફળતાથી એટલો બધો તો તુષ્ટ થઈ જાય છે કે તે પછી કશું વિશેષ માગતો જ નથી.**

**શ્રી માતાજી :** પણ આ વસ્તુ તો સ્પષ્ટ જ છે! આપણને તો આ અત્યંત સ્પષ્ટ દેખાઈ આવે છે.

***બાળક : મધુર માતાજી, હા, પણ આખાયે લક્ષ્યને આવરી લેવું હોય તો આપણે શું કરવું જોઈએ?***

**શ્રી માતાજી :** બાણ ફેંકનારા બનવાનું બંધ કરી દો!

આ ઉપમા બહુ મજાની છે. અને જે લોકો પોતે તો સત્ય શોધી કાઢ્યું છે, એવી કલ્પના કરવાની અવસ્થામાં રહેતા હોય છે એમને માટે તો આ ઉપમા ઘણી સારી છે.

અને જે લોકો એમ માનતા હોય છે કે અમને સત્ય મળી આવ્યું છે તેમને ખાતર પણ આ વસ્તુ કહેવા જેવી છે, કેમકે એ લોકોએ તો માત્ર એક બિંદુનો

જ સ્પર્શ કર્યો હોય છે.

પણ ઘણી વાર આપણે તો બીજી વસ્તુઓ કહેલી છે.

***બાળક : મધુર માતાજી, આપણે જ્યારે આખાયે નિશાનને આપણી બાથમાં લઈ શકીએ એવી સ્થિતિમાં પહોંચીએ, એટલે કે, આપણને તમામ દૃષ્ટિબિંદુઓ જાણવાની, દરેક વસ્તુની ઉપયોગિતા જાણવાની શક્તિ આવી જાય ત્યાર પછી આપણે કેટલા પ્રમાણમાં કર્મ કરી શકીએ એ પ્રશ્ન થાય છે. કેમકે, એવી સ્થિતિમાં તો પછી આપણને દરેક વસ્તુનો ઉપયોગ દેખાય છે, દરેક વસ્તુ તેના સ્થાનમાં દેખાય છે. અને જ્યારે કર્મ કરવાનું આવે છે ત્યારે તો આપણે કોઈક રીતે બીજાઓથી અલગ થઈ જવું પડે છે, કોઈકની સામે મોરચો બાંધવો પડે છે, એવું ખરું કે નહિ?***

**શ્રી માતાજી :** ફ્રાન્સના દક્ષિણ ભાગમાં એક તત્ત્વજ્ઞાની રહેતો હતો તેની વાર્તા તમે સાંભળી છે ખરી? એનું નામ તો હમણાં મને યાદ નથી, પણ એ બહુ જાણીતો માણસ હતો, મૉપેલિયરની યુનિવર્સિટીમાં એ પ્રોફેસર હતો અને શહેરના બહારના ભાગમાં રહેતો હતો. હવે એના ઘરે પહોંચવા માટે ઘણા રસ્તે થઈને જવાય તેમ હતું. એટલે આ માણસ પોતાની યુનિવર્સિટીમાંથી રોજ બહાર નીકળે, ચકલામાં આવીને ઊભો રહે અને ત્યાંથી એને ઘેર જવા માટેના બધી દિશામાં ફંટાતા રસ્તા જોઈ રહે, એક રસ્તો આમ જાય, બીજો વળી તેમ જાય, તો ત્રીજો વળી ક્યાંક બીજે થઈને જાય. આમ એ રોજ ચકલામાં આવીને થોભી જાય અને પોતાને પૂછે કે, 'હું ક્યા રસ્તે થઈને ઘેર જાઉં?' દરેક રસ્તાનો અમુક લાભ તો હોય જ અને ગેરલાભ પણ હોય જ. અને એ બધું એના મનમાં ઘોળાયા કરે, લાભ અને ગેરલાભ, આ અને પેલું, અને ઘેર જવાનો રસ્તો નક્કી કરતાં કરતાં એનો અર્ધો કલાક ચાલ્યો જાય.

અને એ પ્રોફેસર પોતે જ આ વસ્તુને વિચારમાં કર્મ કરવાની રહેલી અશક્તિના એક દૃષ્ટાંત રૂપે આપતો હતો. તમે જો વિચાર કરવા લાગો તો પછી કર્મ કરી શકતા નથી.

તમે જ્યાં લગી એક બાણ ફેંકનાર છો, અને માત્ર એક જ બિંદુને અડો છો, ત્યાં લગી આ વસ્તુ બહુ સારી છે, અહીં નીચેની ભૂમિકા ઉપર એ સાચી નથી — ત્યાં તો તે તદ્દન ઊલટી છે! અહીં નીચેની ભૂમિકા ઉપર રહેલી આખીયે બુદ્ધિ આના જેવી છે. એને અનેક પ્રકારની વસ્તુઓ જોવા મળે છે; અને એને એમ અનેક વસ્તુઓ દેખાય છે એટલે તે કયું કર્મ કરવું તે નક્કી કરી શકતી નથી.

પણ તમારે જો આખાયે નિશાનને જોવું હશે, સત્યને તેના પૂર્ણ સ્વરૂપમાં જોવું હશે તો તમારે બીજી બાજુએ ચાલ્યા જવું પડશે. અને તમે એ બાજુએ ચાલ્યા જાઓ તે પછી તમને ત્યાં જે દેખાય છે તે અનેક સત્યોનો સરવાળો બનતો હોય, તેમને એક પછી એક સત્યો દેખાતાં જતાં હોય અને એકબીજામાં ઉમેરાતાં જતાં હોય, અને તમને આખી વસ્તુ એકી સાથે સમજી શકાતી ના હોય એવું નથી હોતું. તમે જ્યારે ત્યાં ઊર્ધ્વમાં પહોંચો છો, ત્યારે પ્રથમ તો તમને આખીયે વસ્તુ દેખાઈ આવે છે. તમને એક જ નજરમાં આખીયે વસ્તુ, એકી સાથે, એના પૂર્ણ રૂપમાં, કશાયે ભાગલા વિના, તમારી આગળ ખડી થઈ જતી દેખાય છે. અને પછી તમારે કોઈ પસંદગી કરવાની વાત રહેતી નથી. તમને ત્યાં એક દર્શન થઈ જાય છે, અને તે તમારે કરવાનું હોય છે. એમાં તમારે આ કરવું કે પેલું, પેલું કરવું કે આ, એમ બે વસ્તુઓ વચ્ચે પસંદગી કરવાની નથી હોતી, કેમકે ત્યાં હવે એ પ્રમાણેની સ્થિતિ નથી હોતી. ત્યાં વસ્તુઓ એક પછી એક ગોઠવાયેલી હોતી નથી, અને એ રીતે તમને એક પછી એક દેખાતી હોય એવું નથી હોતું. ત્યાં તો બધું જ એક એકતાની રીતે આવી રહેલું હોય છે અને એ સમગ્રનું તમને એકી સાથે દર્શન થતું હોય છે. એટલે તમારે કરવાની પસંદગી તે માત્ર એક દર્શન જેવી જ બની જાય છે.

પણ તમે અહીં નીચેની બીજી અવસ્થામાં રહેલા હશો, બાણ ફેંકનારના જેવી સ્થિતિમાં, ત્યાં સુધી તમને સમગ્રનું દર્શન નહિ થાય — તમે ક્રમે ક્રમે જોવા જતાં સમગ્ર વસ્તુનું દર્શન નહિ કરી શકશો, તમે એક સત્યમાં બીજું સત્ય ઉમેરી ઉમેરીને સમગ્રનું દર્શન નહિ કરી શકો. મનની અશક્તિ તે આ જ છે. મન સમગ્રને જોઈ શકતું નથી. મન હંમેશાં વસ્તુઓને એક પછી એક જ જુએ છે, એમાં હંમેશાં સરવાળો જ થતો રહે છે. અને સમગ્ર તત્ત્વ તે કાંઈ એવું નથી — આવી રીતે જોવાં જતાં કાંઈક બાકી રહી જાય છે. સત્યનું મૂળ તત્ત્વ જ છટકી જાય છે.

એ તો તમને જ્યારે આખીયે વસ્તુનું એક એકતાની અંદર એકી સાથે, મૌલિક રૂપે દર્શન થાય ત્યારે જ તમે સત્યને તેના પૂર્ણ રૂપે પ્રાપ્ત કરી શકો છો.

અને પછી તમે જે કર્મ કરો છો તે એક પસંદગીની રીતનું કર્મ નથી હોતું, એ પસંદગીમાં ભૂલનો સંભવ હોય, એને તમારે સુધારવી પડે, એની ચર્ચા કરી શકાય એવું એ નથી હોતું. એમાં પછી જે વસ્તુ કરવાની હોય છે તેનું તમને દર્શન થઈ જાય છે અને એમાં પછી કશી ચૂક રહેતી નથી.

૩ ફેબ્રુઆરી, ૧૯૬૨

*

**(૭૨) જ્ઞાન ઉદય પામતું હોય છે તેની નિશાની એ છે કે એમાં તમે એમ અનુભવો છો કે હું હજી તો થોડુંક જ જાણું છું અથવા કાંઈ જ જાણતો નથી; અને છતાં, મને જો મારા જ્ઞાનની માત્ર જાણ જ થઈ જાય તો તો હું ક્યારનોય જગતની સર્વ વસ્તુઓનો સ્વામી બની રહું છું.**

*બાળક : મધુર માતાજી, ઊંઘમાં એવું બને છે કે જે વસ્તુ બનવાની હોય છે તેનું આપણને ઘણું જ ચોક્કસ જ્ઞાન મળી આવે છે, એની બધી જ સ્થૂલ વિગતો બહુ જ ચોકસાઈથી દેખાય છે, જાણે કે એકેએક ચીજ ત્યાં, એક સૂક્ષ્મ ભૂમિકા ઉપર, નાનામાં નાની વિગતમાં પહેલેથી તૈયાર કરાયેલી પડી છે. આ શું બરાબર છે? જ્ઞાનની આ ભૂમિકા કઈ છે? એ ભૂમિકા એક હોય છે કે વધુ? જાગૃત અવસ્થામાં ત્યાં સભાન રીતે પહોંચી શકાય તે માટે શું કરવું જોઈએ? અને એમ કેમ બનતું હશે કે જેમને દિવ્ય સાક્ષાત્કાર થયેલો છે તેવા ધીરગંભીર લોકો પોતાની ભવિષ્ય વાણીમાં ભારે ભૂલો કરી બેસતા હોય છે?*

**શ્રી માતાજી :** પણ આ તો એક આખી દુનિયા છે! આ એક પ્રશ્ન નથી, વીસ પ્રશ્નો છે!

ભવિષ્યનું સૂચન કરનારાં સ્વપ્નો અનેક જાતનાં હોય છે. કેટલાંક ભવિષ્યસૂચક સ્વપ્નો તરત જ સાચાં પડતાં હોય છે, એટલે કે, જે વસ્તુ બીજે દિવસે બનવાની હોય છે તેનું તમને રાત્રે સ્વપ્ન આવે છે. અને કેટલાંક ભાવિસૂચક સ્વપ્નો સિદ્ધ થાય તે પહેલાં સમયનો થોડો ઘણો ગાળો રહે છે. અને આ સ્વપ્નોને સિદ્ધ થતાં જે રીતનો સમય લાગે છે તે પ્રમાણે તે જુદી જુદી ભૂમિકા ઉપર દેખાતાં હોય છે.

અમુક સ્વપ્નો અનિવાર્ય રીતે સિદ્ધ થાય તેવાં હોય છે, અને આવાં સ્વપ્નોની ભૂમિકા વધુ ને વધુ દૂરની થતી જાય છે, કેમકે આ દર્શનો વિશ્વના આદિ મૂળ તત્ત્વની ઘણી નિકટમાં રહેતાં જગતમાં થતાં હોય છે, અને તેમાં તમને ભાવિ ઘટનાનું જે દર્શન મળે છે અને તે સિદ્ધ બને છે એ બે વચ્ચેનો ગાળો ઘણો લાંબો હોઈ શકે છે. પણ આમાં જે દર્શન થયું હોય છે તે ચોક્કસ રૂપનું હોય છે, કેમકે એ વસ્તુ આદિમૂળની ઘણી નજીકમાં રહેલી હોય છે. તમે જ્યારે પરમાત્મા સાથે એકરૂપ થઈ જાઓ છો ત્યારે તમે એક એવા સ્થાનમાં પહોંચો છો કે જ્યાં તમને ભૂતકાળમાંની, વર્તમાનમાંની, ભવિષ્યની તેમ જ સર્વ ઠેકાણેની એકેએક વસ્તુનું સંપૂર્ણ જ્ઞાન થઈ જાય છે. પણ સામાન્ય રીતે એવું બને છે કે ત્યાં જનારા લોકો

જ્યારે ત્યાંથી પાછા ફરે છે ત્યારે પોતે જે જોયેલું હોય છે તે ભૂલી જાય છે. એ જોયેલી વસ્તુ તમારે યાદ રાખવી હોય તો તે માટે એક ખાસ રીતની કઠોર સાધના કરવી પડે છે. અને આ જ માત્ર એવું સ્થાન છે કે જેમાં તમે કોઈ ભૂલ કરી શકતા નથી.

પરંતુ એ સ્થાન સાથે વ્યવહારની સાંકળો, કડીઓ હંમેશાં સંપૂર્ણ હોતી નથી અને માણસ ભાગ્યે જ ત્યાંની વસ્તુને યાદ રાખી શકે છે.

તો હું જે કહેતી હતી તે એ છે કે તમને જે ભૂમિકા ઉપર દર્શન થયું હોય છે તે મુજબ એ દર્શનને સિદ્ધ થવાનો સમય તમે વત્તા ઓછા પ્રમાણમાં નક્કી કરી શકો છો. જે વસ્તુઓ નજીકના પ્રદેશમાંથી દેખાયેલી હોય છે તે તો ક્યારનીયે સિદ્ધ થઈ ચૂકેલી હોય છે, એ ત્યાં સૂક્ષ્મ રૂપ સ્થૂલ ભૂમિકા પર આવી રહેલી હોય છે, અને ત્યાં તેમને જોઈ શકાય છે — એ ત્યાં તો હોય છે જ — એ ત્યાં અસ્તિત્વમાં રહેલી હોય છે — એ વસ્તુઓનો જે આકાર હોય છે તેનું સ્થૂલ જગતમાં માત્ર પ્રતિબિંબ પડતું હોય છે કે તેનો પ્રક્ષેપ થતો હોય છે, (એની એ માત્ર નકલ રૂપે નથી હોતું), અને એ પછી બીજે દિવસે કે થોડાં સમય પછી બનવાની હોય છે. એ ભૂમિકામાં તમને વસ્તુ તેના ચોક્કસ રૂપમાં બધી વિગતોમાં દેખાય છે, કેમકે એ ત્યાં પહેલેથી જ રહેલી હોય છે. આમાં દર્શન કેટલું ચોક્કસ હોય છે તથા એ દર્શનમાં કેટલી શક્તિ હોય છે તેના પર બધો આધાર રહે છે. તમારામાં જો વસ્તુને શુદ્ધ વસ્તુ રૂપે અને સાચા ભાવથી જોવાની શક્તિ હશે તો તમને વસ્તુ ચોક્કસ રૂપે દેખાઈ આવશે. એ દર્શનોમાં તમે જો તમારી લાગણીઓ અને સંસ્કારો ઉમેરશો તો તમારા દર્શનોનો તે પ્રમાણે રંગ લાગશે. એટલે આ સૂક્ષ્મ-રૂપ સ્થૂલ જગતમાં તમને જે દર્શન થાય છે તે કેટલું ચોક્કસ છે તેનો આધાર પૂરેપૂરો માધ્યમ ઉપર, એટલે કે એ દર્શનના જોનાર ઉપર રહે છે.

પરંતુ તમે જે ક્ષણે વધુ સૂક્ષ્મ પ્રકારના પ્રદેશમાં પ્રવેશ કરો છે, જેમકે પ્રાણના પ્રદેશમાં, કે પછી મનના પ્રદેશમાં કે જે પ્રાણ કરતાં વધુ સૂક્ષ્મ પ્રદેશ છે તે ક્ષણે, પ્રાણના પ્રદેશમાં પણ, તમે શક્યતાઓની એક નાનકડી પટ્ટીમાં પહોંચતા હો છો. ત્યારે પછી તમે જે બનવાનું હોય છે તેને એક મુખ્ય રૂપમાં જોઈ શકો છો, પણ એની વિગતો અમુક રીતની કે બીજી રીતની હોઈ શકે છે. એમાં બીજી સંકલ્પશક્તિઓ તથા અસરો વચ્ચે ઊતરી આવી શકે છે અને વસ્તુસ્થિતિમાં ફેરફાર કરી શકે છે.

અને આમ થવાનું કારણ એ છે કે પ્રભુનો મૂળ સંકલ્પ, જાણે કે, જુદા જુદા પ્રદેશોમાં પ્રતિબિંબિત થતો હોય છે, અને એ દરેક પ્રદેશ આકૃતિઓની

રચના અને સંબંધને બદલી નાખતા હોય છે. આપણે જે જગતમાં રહીએ છીએ તે આકૃતિઓનું બનેલું જગત છે. આ જગતમાં તે પેલી મૂળ વસ્તુ તેના શુદ્ધ સ્વરૂપે અહીં આવેલી નથી, જગત તે પેલી વસ્તુનું પ્રતિબિંબ છે. આપણે એમ કહી શકીએ છીએ કે આપણે, આપણા સ્થૂલ જીવનમાં, માત્ર એક પ્રતિબિંબ જ છીએ, આપણી મૂળ વાસ્તવિકતામાં આપણે જે છીએ તેની એક આકૃતિ છીએ. અને આ પ્રતિબિંબોની જે રીતે રચના થતી હોય છે એને લીધે બધી ભૂલો અને અસત્ય દાખલ થાય છે. તમે વસ્તુને તેના જે મૂળ રૂપમાં જોતા હો છો તે સંપૂર્ણ સાચું હોય છે અને શુદ્ધ હોય છે, તથા તે સારીયે શાશ્વતીમાં હયાત રહેલું હોય છે, પણ આકૃતિઓ તો તત્ત્વતઃ બદલાતા રૂપવાળી જ હોય છે. અને વસ્તુના આંદોલનોમાં જેટલા પ્રમાણમાં અસત્ય દાખલ થયેલું હોય છે તેટલા પ્રમાણમાં વિકૃતિ અને રૂપપલટાની માત્રા વધુ ને વધુ થતી રહે છે. આપણે એમ કહી શકીએ કે દરેક પરિસ્થિતિને, દરેક ઘટનાને, દરેક વસ્તુને તેનું એક શુદ્ધ અસ્તિત્વ હોય છે, અને એ જ એનું સાચું અસ્તિત્વ હોય છે, તેમ જ તેને અશુદ્ધ કિંવા વિકૃત અસ્તિત્વો પણ ઠીક ઠીક સંખ્યામાં હોય છે, અને સત્ તત્ત્વના જુદા જુદા પ્રદેશોમાં એ જ વસ્તુ આ પ્રમાણેનું અશુદ્ધ કે વિકૃત અસ્તિત્વ ધરાવતી હોય છે. દાખલા તરીકે, બુદ્ધિના પ્રદેશમાં વિકૃતિની શરૂઆત ક્યારનીયે થઈ ગઈ હોય છે; મનોમય પ્રદેશમાં મોટી સંખ્યામાં વિકૃતિઓ બનતી હોય છે, અને એમાં જેમ જેમ લાગણીઓ અને સંવેદનોના પ્રદેશો ઉમેરાતા જાય છે તેમ તેમ વિકૃતિઓ વધતી રહે છે. અને તમે જ્યાં સ્થૂલ ભૂમિકા ઉપર પહોંચો ત્યાં તો પછી ઘણી વાર વસ્તુ ઓળખાય એવી રહેતી જ નથી. વસ્તુ પૂરેપૂરી વિકૃત બની ગઈ હોય છે. અને તે એટલે સુધી કે આ રૂપ તે પેલી મૂળ વસ્તુનું સ્થૂલમાં પ્રગટ થયેલું રૂપ છે એ જાણવું પણ મુશ્કેલ થઈ પડે છે — એ બે વચ્ચે ઝાઝું મળતાપણું હોતું નથી.

પ્રશ્નો જોવાની આ કંઈક નવી રીત છે અને એમાંથી ઘણી વસ્તુઓની ચાવી મળી શકે છે.

આ રીતે પછી તમે એક માણસને સારી રીતે જાણતા હો છો અને તેને સ્થૂલ રૂપમાં મળતા રહેતા હો છો, અને તમે જો સૂક્ષ્મરૂપ સ્થૂલ ભૂમિકામાં મળશો તો તમને ઘણી વસ્તુઓ વધુ મોટા રૂપવાળી દેખાશે, વધારે દેખી શકાય તેવી, વધારે મહત્ત્વવાળી દેખાશે કે જે તમને સ્થૂલમાં એવી દેખાઈ ન હતી, કેમકે સ્થૂલ જગતની ધૂંધળી અવસ્થામાં એ બધી વસ્તુઓ બીજી ઘણી વસ્તુઓ સાથે એક જ ભૂમિકા ઉપર રહેલી દેખાઈ હતી. માણસોનાં એવાં ચારિત્ર્યો હોય છે અથવા તો ચારિત્ર્યનાં એવાં લક્ષણો હોય છે કે જે સ્થૂલ ભૂમિકા ઉપર નજરે પડતાં હોતાં

નથી, પણ અહીં સૂક્ષ્મમાં તો ઠીક ઠીક મહત્ત્વનાં બની જાય છે અને એકદમ દેખાવા લાગે છે. તમે કોઈ માણસને સ્થૂલ રૂપમાં જુઓ છો ત્યારે તેના ચહેરાનો એક રંગ હોય છે, એના ચહેરાને આકાર હોય છે, એનો ભાવ હોય છે; પણ એ જ સમયે, તમે જો એ આકૃતિને સૂક્ષ્મરૂપ સ્થૂલમાં જોશો તો તમને એકાએક નજરે પડશે કે એ આકૃતિના એક ભાગને એક રંગ રહેલો છે, બીજા ભાગને બીજો રંગ છે; આંખોની અંદર એક એવો ભાવ છે તથા એક રીતનો એવો પ્રકાશ છે કે જે લેશ પણ નજરે પડતાં ન હતાં. અને એ માણસનો આખોયે દેખાવ એવો હોય છે, અને સૌથી વધુ તો, તેમાંથી એવી છાપ ઊઠતી હોય છે કે તમને એ કોઈક ઘણી જ જુદી વસ્તુ લાગે, આપણી સ્થૂલ આંખોને તો એ કંઈક અસાધારણ હોય તેવું લાગે, પરંતુ આપણી સૂક્ષ્મ દૃષ્ટિને તો તેમાંથી એ માણસનું ચારિત્ર્ય કેવું છે, અથવા તો એ માણસ કઈ અસરો હેઠળ રહેલો છે તે પણ બહુ જ સ્પષ્ટ રીતે દેખાઈ આવે છે, એકદમ છતું થઈ જાય છે (હું આ જે કહું છું તે મને થોડાક જ દિવસો ઉપર થયેલી અનુભૂતિની નોંધ છે.)

એટલે તમે જેટલા પ્રમાણમાં સભાન હો છો અને જે સ્થાનેથી તમે જોતા હો છો તે મુજબ તમને આકૃતિઓ દેખાય છે, ઘટનાઓને તમે વધુ કે ઓછી નજીકમાં જુઓ છો, તેમ જ વધુ કે ઓછા પ્રમાણમાં ચોક્કસપણે જુઓ છો. એમાં તમને દિવ્ય ચેતનામાં રહીને જે દર્શન જોવા મળતું હોય છે તે જ માત્ર સાચું અને ખાતરીભરેલું દર્શન હેય છે. એટલે દિવ્ય ચેતના વિશે સભાન બનવું અને બધી વિગતમાં, બધો વખત આ ચેતનાને જાળવી રાખવી એ જ પ્રશ્ન રહે છે.

આપણા અહીંના પ્રદેશથી માંડી દિવ્ય ચેતનાના પ્રદેશ સુધી સૂચનો અનેક રીતે આવતાં રહે છે. કેટલાક માણસોને અમુક દર્શનો બહુ જ સ્પષ્ટ અને ચોક્કસ રીતે મળતાં રહે છે તે ઘણાંએક મૂળોમાંથી આવતાં હોઈ શકે છે. તમને જ્યારે તમારી ચેતનાને તમારી આસપાસના પ્રદેશમાં વિસ્તારવાનો અભ્યાસ પડી જાય છે ત્યાર પછી તમે પરિસ્થિતિઓ સાથે તથા વસ્તુઓ સાથે એકરૂપ થઈ જાઓ છો અને તમારું દર્શન એ રીતનું પણ હોઈ શકે છે. અથવા તો અદૃશ્ય જગતમાંથી કોઈ વાતોડિયું સત્ત્વ તમને સૂચન આપતું હોઈ શકે છે. એવા સત્ત્વને જે વસ્તુ બનવાની હોય છે તેનું અગાઉથી સૂચન આપવામાં મજા પડતી હોય છે — આ ઘણી વાર બને છે. એમાં પછી તમને એ સૂચન મોકલનાર 'પ્રવક્તા'ની નૈતિક અવસ્થા કેવી છે તેના પર બધો આધાર રહે છે. એ સત્ત્વ જો તમારે ભોગે મજા કરવા માગતું હોય છે તો એ તમને ભાતભાતની વાતો કહે છે — અને જે માણસોને સૂક્ષ્મ તત્ત્વો તરફથી માહિતી મળતી હોય છે તેમની બાબતમાં ઘણી

વાર આ પ્રમાણે બનતું હોય છે. એ તત્ત્વો, લોકોને લલચાવવા માટે, જે પ્રમાણે વસ્તુઓ બનવાની હોય છે તે પ્રમાણે ઘણીવાર કહી શકે છે, કેમકે એમની પાસે પ્રાણના કે મનના કોઈક પ્રદેશમાં જોવાની દૃષ્ટિ હોય છે, અને પછી, એમને જ્યારે પાકી ખાતરી થઈ જાય છે કે તમે તેમનામાં વિશ્વાસ મૂકતા થયા છો ત્યારે એ તમને તુક્કાભરી વાતો કહેવા માંડે છે, અને અંગ્રેજીમાં આપણે કહીએ છીએ તે મુજબ. તમે તમારી જાતને મૂર્ખ બનાવી લો છે. આવું ઘણી વાર બનતું રહે છે. આમાં હવે તમારે જાતે જ આ વ્યક્તિઓ કે તત્ત્વો કે આ નાનકડા દેવો, કે જેમને કેટલાક લોકો એ નામથી ઓળખતા હોય છે, તેમનાં કરતાં વધારે ઉચ્ચ ચેતનામાં રહેતા બનવાનું રહે છે અને તેમણે જાહેર કરેલી વસ્તુઓનું મૂલ્ય કેટલું આંકવું તેનો નિર્ણય તમે ઊર્ધ્વમાંથી કરી શકો તેમ થવું જોઈએ.

તમને જો વિશ્વરૂપ એવી મનોમય દૃષ્ટિ મળી આવે તો તમે હરેક રીતની મનોમય રચનાઓને જોઈ શકશો. પછી તમે જોશો કે — અને એ બહુ રસદાયક હોય છે — મનોમય જગત સ્થૂલ ભૂમિકા ઉપર પોતાને મૂર્ત કરી શકે તે માટે કેવી રીતે તેની ગોઠવણી થયેલી હોય છે. તમને ત્યાં એ જગતની જુદી જુદી રચનાઓ દેખાય છે, કઈ રીતે એ રચનાઓ એકબીજાની નજીક જતી હોય છે, લડતી હોય છે, જોડાતી હોય છે, પોતાને ગોઠવતી હોય છે એ દેખાય છે. ત્યાં તમે જુઓ છો કે અમુક રચનાઓ બીજી કરતાં વધારે જોરદાર હોય છે, બીજી પોતાનો પ્રભાવ પાડતી હોય છે અને એક વધુ સંપૂર્ણ રીતે સાકાર બનતી હોય છે. પણ તમારે જો એક સાચી ઊર્ધ્વ દૃષ્ટિ મેળવવી હોય તો આ મનોમય જગતમાંથી બહાર નીકળી આવવું પડશે અને જે મૂળ સંકલ્પશક્તિઓ પોતાને પ્રગટ કરવા માટે નીચે આવતી હોય છે તેને તમારે જોવાની રહે છે. આમાં તમને બધી વિગતો ન પણ મળે, પણ એમાં જે ખરી કેન્દ્રરૂપ હકીકત હોય છે, એના કેન્દ્રરૂપ સત્યની જે હકીકત હોય છે તેની સામે કશો જ વાંધો લઈ શકાય તેમ હોતું નથી, એનો તમે ઈન્કાર કરી શકતા નથી, એ તદ્દન ખરી જ વાત હોય છે.

કેટલાક લોકો પૃથ્વી ઉપર આવેલી પણ દૂર રહેલી, ઘણા અંતર પર આવેલી, સ્થૂલ આંખોથી ઘણી ઘણી દૂર આવેલી વસ્તુઓ વિષે ભવિષ્ય ભાખવાની શક્તિ ધરાવતા હોય છે — સામાન્ય રીતે આવા લોકોમાં પોતાની ચેતનાને વિશાળ કરવાની તથા વિસ્તાર આપવાની શક્તિ હોય છે. એમની એ દૃષ્ટિ સ્થૂલ હોય છે, પણ એ જરા વધુ સૂક્ષ્મ પ્રકારની હોય છે, અને તે એક વધુ સૂક્ષ્મ ઇન્દ્રિયને આધારે કામ કરતી હોય છે. આપણી નરી સ્થૂલ ઇન્દ્રિય (કે જેને આ ઇન્દ્રિયનું જીવનતત્ત્વ કહી શકાય તેના) કરતાં એ વધારે સૂક્ષ્મ પ્રકારની હોય છે. અને પછી

તમારે જોવું છે એવો સંકલ્પ કરીને તમે ચેતનાનો પ્રક્ષેપ કરો છો અને તમે બહુ સરસ રીતે જોઈ શકો છો, તમને વસ્તુઓ ખરેખર દેખાય છે — એ વસ્તુઓ ત્યાં હોય છે તો ખરી જ, પણ આપણી સામાન્ય દૃષ્ટિના ક્ષેત્રમાં તે આવેલી નથી હોતી એટલું જ. જે લોકો પાસે આ શક્તિ હોય છે અને પોતે જે જુએ છે તે કહેતા હોય છે, તેઓ જો ખરેખર સાચા દિલના અને છેતરનારા નથી હોતા તો તેમને જે દેખાતું હોય છે તે એકદમ ચોક્કસ અને અચૂક રીતનું હોય છે.

મૂળમાં જુઓ તો, આવી રીતે ભવિષ્યવાણી ભાખનારા કે સૂક્ષ્મમાં જોઈ શકનારા માણસોમાં એક સંપૂર્ણ સચ્ચાઈ હોવી જોઈએ એ એક મહત્ત્વની વાત છે. પણ કમનસીબે એવું બને છે કે, એવા લોકો, બીજા માણસો તેમની પાસે જે કુતૂહલ બતાવે છે, તેમના પર જે આગ્રહ કરે છે, દબાણ મૂકે છે તેને લીધે — અને આની સામે બહુ ઓછા થઈ શકતા હોય છે — એમ થાય છે કે પેલા જોનારને કોઈ વસ્તુ ચોકસાઈપૂર્વક કે અચૂકપણે ન દેખાતી હોય તોપણ, તેમનામાં રહેલી એક આંતરિક કલ્પનાશક્તિ, લગભગ આપોઆપ કામ કરતી કલ્પનાશક્તિ, જે કાંઈ નાનકડી વસ્તુ ખૂટતી હોય છે તે ઉમેરી દે છે. આને લીધે જ એ લોકોની ભવિષ્ય-વાણીમાં ભૂલો આવે છે. 'ઓ, ના ના, એ હું જાણતો નથી, એ મારી પકડમાં આવતું નથી' એમ કહેવાની હિંમત બહુ જ થોડા લોકોમાં હોય છે — અને વળી આ વાત પોતાની જાત સમક્ષ કહેવાની પણ એમનામાં હિંમત હોતી નથી. અને પછી, તમે કલ્પનાને જરા અમથી કામ કરી લેવા દો છો, એ કલ્પના લગભગ અવચેતન રીતે કામ કરી લેતી હોય છે, અને તમે પેલા દર્શનને, માહિતીને પૂરું રૂપ આપી દો છો — એમાંથી પછી ભલે જે થવાનું હોય તે થાય. આ લાલચની સામે થઈ શકે તેવા માણસો બહુ જ થોડા હોય છે. આવી દર્શનની શક્તિવાળા મેં ઘણા લોકો જોયા છે, ઘણા ઘણા. આવી અદ્‌ભુત શક્તિની બક્ષિસ ધરાવતા મેં બહુ જોયા છે; પણ એમાં જ્યાં આગળ પોતાનું જ્ઞાન અટકી જતું હોય ત્યાં પોતે કેવી રીતે અટકી જવું એ જાણનારા લોકો મને બહુ ઓછા દેખાયા છે. આ તો એક નાનકડી વિગતની વાત છે ને, બસ તમે તે ઉમેરી દો છો. આને લીધે જ આ શક્તિઓને વિશે હંમેશાં કાંઈક શંકાઓ ઊભી થતી રહે છે. આમાં તો માણસ ખરેખર એક સંત જેવો હોવો જોઈએ — એક મહાન સંત જેવો, મહા ઋષિ જેવો હોવો જોઈએ — અને તે સંપૂર્ણપણે મુક્ત હોવો જોઈએ, તેના પર લોકોની અસર કોઈ પણ રીતે ન થવી જોઈએ (જે લોકોને નામ કાઢવું હોય છે તેમની વાત તો હું અહીં નથી જ કરતી, કેમકે એવા લોકો તો ભારેમાં ભારે જાળમાં સપડાઈ જતાં હોય છે); અને તમે આવી કક્ષાના હો ત્યારે પણ, જો

તમારામાં તમે ભલી લાગણી રાખતા હશો, અને બીજાઓને સંતોષ આપવાની, ખુશ કરવાની, તેમને મદદ કરવાની ઇચ્છા તમારામાં રહેશે તો એટલા માત્રથી પણ તમારી વસ્તુમાં વિકૃતિ આવી જશે.

## ઘટનાઓનું સૂક્ષ્મ દર્શન

***બાળક : મધુર માતાજી, ઘટનાઓ જ્યારે સૂક્ષ્મ-સ્થૂલમાં તૈયાર થઈ ગયેલી હોય અને તેનું આપણને દર્શન થાય તો પછી એ તૈયાર થયેલી વસ્તુઓને બદલવા માટે શું બહુ મોડું થઈ જાય ખરું? એવી સ્થિતિમાં પણ આપણે કંઈ કરી શકીએ ખરા?***

**શ્રી માતાજી :** આ બાબતનો એક ઘણો રસિક પ્રસંગ મારી જાણમાં છે. એક વખતે દૈનિક પત્ર 'લ માર્તેં' ('પ્રભાત')માં (આ લાંબા વખત ઉપરની વાત છે, તમે ત્યારે તદ્દન બાળક હશો), દરરોજ એક નાનકડું ઠઠ્ઠા ચિત્ર આવતું. એક છોકરો પોતાની આંગળી વડે કોઈક વસ્તુ બતાવતો હોય એમ ચીતરવામાં આવેલું હતું (એ એક રીતનો ખાસ ચીતરવામાં આવેલો હતો અથવા તો હોટેલના છોકરાને એવો પોષાક પહેરાવવામાં આવ્યો હતો), અને એ રીતે એમાં હંમેશાં રોજની તારીખ કે એનાં જેવું કંઈક બતાવવામાં આવતું હતું — એમ એક નાનું અમથું ઠઠ્ઠા ચિત્ર આવતું. હવે જે માણસને લગતી આ વાત છે તે મુસાફરી કરતો હતો અને એક મોટી હોટેલમાં ઊતર્યો હતો. કયા શહેરમાં એ તો મને યાદ નથી અને એ રાતે અથવા તો વહેલી સવારે એને એક સ્વપ્ન આવ્યું. એણે જોયું કે હોટેલનો પેલો છોકરો એના જનાજાની ગાડી તરફ આંગળી ચીંધી બતાવતો હતો (યુરોપમાં મરેલા માણસને કબ્રસ્તાનમાં આવી ગાડીમાં મૂકીને લઈ જવામાં આવે છે એ તમે જાણતા હશો) અને એને કહેતો હતો કે આમાં બેસી જાઓ! એને આવું દૃશ્ય દેખાયું અને સવારમાં એ તૈયાર થઈને પોતાના ઓરડાની બહાર નીકળ્યો, એ ઓરડો ખૂબ ઊંચેના માળ પર હતો, ત્યાં તેણે દાદર ઉપર એ જ છોકરાને, એ જ રીતના પોષાકમાં જોયો અને એ છોકરાએ હાથ લંબાવીને તેને નીચે જવા માટેની લિફ્ટ બતાવી. એ જોતાં જ પેલા માણસને આંચકો લાગ્યો. એણે ના પાડી અને કહ્યું, 'ના, આભાર'. એ લિફ્ટ પછી તૂટી પડેલી અને એમાં હતાં તે બધા માણસો મરી ગયેલાં. આ માણસે પોતે મને કહેલું કે આ બનાવ પછી તે સ્વપ્નમાં માનતો થયો હતો.

એ એક સૂક્ષ્મ દર્શન હતું. એમાં તેણે છોકરાને જોયેલો પણ છોકરાએ

લિફ્ટને બદલે એની જનાજાગાડી બતાવેલી. પછી એણે જોયું કે છોકરો ચિત્રમાં હતો તેવો હતો અને એ જ રીતે હાથ કરીને બતાવતો હતો ત્યારે તેણે કહી દીધું કે, 'ના, આભાર. હું પગે ચાલીને નીચે જઈશ', અને એ યંત્ર (એ એક હાઈડ્રોલિક લિફ્ટ હતી), બગડી ગયું, અને તૂટી પડ્યું. એ બધું ઉપરના માળ પર બનેલું — લિફ્ટ ભાંગીને લોચો થઈ ગયેલી.

આ અંગે મારો ખુલાસો એ છે કે કોઈ એક તત્ત્વે આ માણસને અગાઉથી ચેતવણી આપી હતી. હોટેલ-બોય આકૃતિ પરથી આપણે એમ વિચારી શકીએ છીએ કે કોઈ એક બુદ્ધિયુક્ત શક્તિ, એક ચેતના આમાં વચ્ચે પડી હતી — આમાં એ માણસની પોતાની અવચેતના કામ કરતી દેખાતી નથી. અથવા એમ પણ હોઈ શકે કે એની અવચેતનાને ખબર પડી હશે અને સૂક્ષ્મ-સ્થૂલમાં તેણે જોયું હશે કે આવો બનાવ બનવાનો છે, પણ તો પછી એની અવચેતનાએ આવી આકૃતિ કેમ ઊભી કરી હશે? મને એની ખબર નથી. કદાચ અવચેતનમાં રહેલી કોઈક વસ્તુને આ વસ્તુની જાણ હશે, કેમકે એ ઘટના તો ત્યાં હતી જ, સૂક્ષ્મ-સ્થૂલમાં પહેલેથી જ તૈયાર હતી. અકસ્માત બનવા પામ્યો તે પહેલાં જ તે અસ્તિત્વમાં હતો-અકસ્માતનો નિયમ ત્યાં હતો.

એ વાત તો દેખીતી જ છે કે આવા દરેક દર્શનમાં સમયનો ગાળો રહે છે, કોઈ વાર થોડા કલાકનો (પણ વધુમાં વધુ મોટો ગાળો એ જ હોય છે), તો કોઈ વાર થોડી સેકન્ડનો હોય છે અને ઘણી વાર વસ્તુઓ તમને કહી જતી હોય છે કે અમે અહીં છીએ અને કોઈ વાર થોડીક મિનિટોમાં કે કોઈ વાર થોડી સેકન્ડોમાં જ એ તમારી ચેતના સાથે સંબંધમાં આવે છે. અમુક અમુક બનવાનું છે તેમ જ અમુક અમુક વસ્તુઓ છે એનું જ્ઞાન મારી પાસે સતત આવતું જ રહે છે, પણ એમાં મને જરા પણ રસ રહેતો નથી — વસ્તુને અગાઉથી જાણવામાં કશો જ રસ હોતો નથી, એને લીધે કશો જ ફેર પડતો નથી. પણ એ બધું ત્યાં હોય છે જ, તમારી આસપાસ બધે — તમારી ચેતના જો પૂરતા પ્રમાણમાં વિશાળ હોય છે, તો તમને એ બધું જણાય છે. દાખલા તરીકે, અમુક માણસ એક પેકેટ લઈને આવવાનો છે, એવું એવું. અને રોજેરોજ એમ બનતું રહે છે. અથવા વળી તમને એવું દેખાય છે કે અમુક માણસ હવે આવવામાં છે. કેમકે ચેતના ફેલાયેલી હોય છે, અને એ વસ્તુઓના સંપર્કમાં આવતી રહે છે.

પણ આવી બાબતમાં તમે એમ કહી ન શકો કે એ તમને પૂર્વજ્ઞાનની રીતે થાય છે, કેમકે વસ્તુ તો પહેલેથી ત્યાં હોય છે જ, માત્ર આપણી ઇન્દ્રિયો સાથે તેનો સંપર્ક બંધાતાં અમુક વખત લાગે છે, જેમકે કોઈ બારણું કે દીવાલ કે કોઈ

વસ્તુ વચ્ચે આવીને તમને જોવામાં રોકતી હોય તેમ.

પણ મને આ રીતના અનુભવો ઘણી વાર થયેલા છે. દાખલા તરીકે, એક વખત હું પર્વતોમાં ફરતી હતી, એક સાંકડા રસ્તા પર. એક જ માણસ ચાલી શકે એવા રસ્તા ઉપર હું જઈ રહી હતી — એની એક બાજુએ ઊંચે ટેકરી હતી, અને બીજી બાજુએ સીધો ખડક હતો. મારી પાછળ ત્રણ બાળક આવતાં હતાં અને છેલ્લે એક ચોથો માણસ હતો. હું સૌથી આગળ હતી. રસ્તો ખડકની સાથે સાથે ચાલતો હતો. એ ક્યાં જઈ રહ્યો છે તે દેખાતું ન હતું (વળી એ બધું ઘણું જોખમકારક પણ હતું, તમે જો લપસ્યાં તો સીધા નીચે જ જઈ પહોંચવાના). હું સૌથી આગળ ચાલતી હતી, ત્યાં એકાએક મેં જોયું, મારી આ આંખો કરતાં બીજી આંખોએ (અને છતાં હું બહુ જ ધ્યાન રાખીને પગલાં ભરતી હતી), મેં જોયું કે ત્યાં ખડક ઉપર એક સાપ બેઠો છે, સામી બાજુએ રાહ જોઈને. પછી મેં હળવેથી એક પગલું ભર્યું અને ત્યાં ખરેખર સામી બાજુ પર એક સાપ હતો. અને પછી એ જોતાં મને કોઈ આશ્ચર્યનો આઘાત ન લાગ્યો, કેમકે મને એ દેખાયું હતું અને હું સાવચેતીપૂર્વક આગળ વધી હતી. અને એમાં કોઈ એકાએક થતો આઘાત ન હતો એટલે છોકરાંઓને પણ કશો આઘાત ન થાય એવી રીતે હું કહી શકી કે, ‘થોભી જાઓ, ચૂપ રહો, હાલશો કરશો નહિ.’ અમને જો આઘાત લાગ્યો હોત તો કંઈક બની ગયું હોત. સાપે અવાજ સાંભળ્યો હતો, એ એના દરની આગળ ક્યારનોય ગૂંચળું વળીને બેસી ગયો હતો અને બચાવને માટે તૈયાર હતો, અને માથું ડોલાવતો હતો — એ એક ઝેરી સાપ હતો. આ ફ્રાન્સમાં બનેલું. અને એ વખતે કાંઈ જ બનવા પામ્યું નહિ. પણ ત્યાં જો ગભરામણ થઈ ગઈ હોત, શોરબકોર થઈ ગયો હોત, તો શું થયું હોત તે કંઈ કહેવાય નહિ.

આવી રીતની વસ્તુઓ મારી બાબતમાં ઘણી ઘણી વાર બનેલી છે (સાપ અંગે મને આવું ચાર વાર બનેલું છે). એક વાર એવું તદ્દન રાતને વખતે અહીં બનેલું, અરિયનકુપ્પમ્ નામનું માછીમારોનું ગામ છે તેની પાસે. ત્યાં એક નદી છે અને જ્યાં આગળ નદી દરિયામાં પડે છે તે જ જગાએ બરાબર એ બનેલું. એ રાતનો સમય હતો, અને રાત ઘણી વહેલી પડી ગઈ હતી. અમે રસ્તા પર ચાલતાં જતાં હતાં અને હું મારો પગ મૂકવા જતી હતી — મેં પગ ઊંચક્યો પણ હતો અને નીચે મૂકવા જતી હતી — ત્યાં મેં મારા કાનમાં એક સ્પષ્ટ અવાજ સાંભળ્યો : ‘સંભાળજો!’ અને છતાં કોઈ બોલ્યું નહોતું. પછી મેં નજર નાખી અને મારો પગ જમીનને અડવાની તૈયારીમાં હતો તે જ ક્ષણે મેં જોયું કે ત્યાં એક મોટો કાળો નાગ હતો, અને એના ઉપર મેં બહુ જ આરામપૂર્વક મારો પગ મૂકી

દીધો હોત — અને આ એવાં તત્ત્વો હોય છે કે એમને એ ગમતું નથી હોતું. એ ત્યાંથી સરકી ગયો અને પછી નદી ઓળંગી ચાલી ગયો — અને એ કેવો તો સુંદર હતો! ફેણ ખુલ્લી કરેલી, ટટાર માથું, જાણે રાજા હોય તેમ એ ચાલતો હતો, પુરા ભપકામાં. અને એ તો દેખીતું છે કે મારી ધૃષ્ટતા માટે મને સજા થઈ હોત.

આવી વસ્તુઓ મેં સેંકડો સેંકડો વાર બનતી જોઈ છે — એ જ સેકન્ડે, એક સેકન્ડ પણ વહેલાં નહિ, મને ખબર આપવામાં આવતી હતી. અને તે બહુ જુદા જુદા સંયોગોમાં. એક વખતે પેરિસમાં હું સેન્ટ માઈકેલનો માર્ગ ઓળંગતી હતી (એ છેલ્લા અઠવાડિયા દરમિયાન બનેલું; મેં નક્કી કર્યું હતું કે અમુક મહિનાની અંદર હું ચૈત્ય તત્ત્વની હાજરી સાથે, મારા અંતઃસ્થ પ્રભુની સાથે મિલન સાધી લઈશ, અને હું માત્ર એનો જ વિચાર કરતી હતી, બીજી કોઈ વસ્તુમાં મારું મન રહેતું ન હતું). હું લકસમબુર્ગ પાસે રહેતી હતી અને રોજ સાંજે હું ફરવાને લકસમબુર્ગ તરફ જતી હતી, પણ હંમેશાં અંતર્મુખ રહેતી હતી. ત્યાં એક રીતના ચાર રસ્તા આવતા હતા અને એ જગા કંઈ એવી ન હતી કે તમે તેને અંતર્મુખ રહીને ઓળંગી શકો; એ કાંઈ બહુ સમજભરેલી સ્થિતિ ન હતી. પણ હું એવી સ્થિતિમાં હતી અને ચાલ્યે જતી હતી, ત્યાં એકાએક મને એક આંચકો લાગ્યો, જાણે કે કોઈએ મને ફટકો માર્યો ન હોય અને હું સહજ રીતે જ કૂદીને પાછી હઠી ગઈ, અને જ્યાં હું કૂદીને પાછી હઠી કે ત્યાં થઈને ટ્રામ કાર પસાર થઈ — મને એ ટ્રામ કારનો અનુભવ થયો, એક હાથ લંબાવીએ એટલા જ અંતર પરથી. એ ટ્રામ પ્રભામંડળને, રક્ષણના પ્રભામંડળને અડી હતી (એ પ્રભામંડળ તે વખતે ઘણું પ્રબળ રહેતું હતું, ગુહ્ય વિદ્યાની પૂર્ણ શક્તિથી એ કામ કરતું હતું અને એને કેવી રીતે ટકાવી રાખવું તે હું જાણતી હતી), રક્ષણના પ્રભામંડળને સ્પર્શ થયો હતો અને એણે જ મને સ્પષ્ટપણે પાછી ધકેલી દીધી હતી. જાણે કે મને શારીરિક રીતે જ આઘાત લાગ્યો હતો. અને સાથે સાથે ટ્રામના કન્ડકટરની ગાળો પણ મળી હતી! હું કૂદીને પાછળ હઠી ગઈ અને ટ્રામ પસાર થઈ ગઈ, બરાબર સમયસર.

મને બધું યાદ તો આવતું નથી તો પણ હું આ રીતના પ્રસંગો કેટલાય વર્ણવી શકું છું.

આ બધું જે બને છે તેની પાછળનાં કારણો ઘણી જુદી જુદી રીતનાં હોઈ શકે છે. ઘણીખરી વાર તો મને કોઈ ખબર આપી જતું હોય છે : કોઈ નાનકડું તત્ત્વ, અથવા કોઈ સ્વરૂપ; કોઈ વાર પ્રભામંડળ પોતે રક્ષણ આપતું હતું. અને આ હરેક રીતની ચીજો માટે બનતું હતું, એટલે કે, જીવન ભાગ્યે જ સ્થૂલ શરીર પૂરતું મર્યાદિત રહેતું હતું — આવા બધા બનાવો અનુકૂળતા ઊભી કરી આપતા

હતા, સારા હતા. એ જરૂરના પણ હોય છે, એ તમારી શક્તિઓને વધારી આપે છે. મને ગુહ્ય વિદ્યા શીખવનારે સાધનાના આરંભમાં જ આ વસ્તુ કહી હતી. તેમણે કહેલું, 'તમે અમુક ઇન્દ્રિયોને તમારામાં કામ કરવા દેતા નથી, અને એ તો ખૂબ જ કામ આવે તેવી હોય છે, અત્યંત સામાન્ય રીતના જીવન માટે પણ.' એ વાત સાચી છે, તદ્દન સાચી છે. આપણે માત્ર આપણી પોતાની ઇન્દ્રિયોનો ઉપયોગ કરીને પણ, આપણે સામાન્ય રીતે જાણતા હોઈએ છીએ તેના કરતાં ઘણી ઘણી વધુ વસ્તુઓ જાણી શકીએ છીએ, અને આ માત્ર માનસિક દૃષ્ટિએ જ નહિ, પણ પ્રાણની દૃષ્ટિથી તેમ જ શરીરની દૃષ્ટિથી જોતાં પણ કરવાનું હોય છે.

***બાળક : મધુર માતાજી, પરંતુ આમાં પદ્ધતિ શી છે?***

**શ્રી માતાજી :** ઓહ, પદ્ધતિ ઘણી સહેલી છે. એ માટે સાધનાઓ છે. તમે શું કરવા માગતા હો છો તેના ઉપર આધાર રહે છે. એ અમુકને આધારે બનતું હોય છે, કેમકે દરેક વસ્તુ માટે એક પદ્ધતિ હોય છે. અને પહેલી પદ્ધતિ એ છે કે સૌથી પહેલાં તો તમને એની ઇચ્છા થવી જોઈએ, એટલે કે, તમારે નિર્ણય લેવો જોઈએ. તે પછી તમને આ બધી ઇન્દ્રિયોનું તથા તે કેવી રીતે કામ કરે છે તેનું વર્ણન આપવામાં આવે છે — એ એક ઘણી લાંબી વાત છે. પછી શરૂઆત કરવા માટે તમે એક ઇન્દ્રિય કે થોડીક ઇન્દ્રિયો લો છો, અથવા તો જે ઇન્દ્રિયો અંગે તમને ખાસ અનુકૂળતા હોય છે તે લો છો અને તમે નિર્ણય કરો છો. અને પછી સાધનામાં આગળ વધો છો. સ્નાયુઓ ખીલવવા માટે જેવી કસરતો હોય છે તેના જેવું જ એ હોય છે. અને તમે તમારામાં એક ઇચ્છાશકિન ઉપજાવવામાં પણ સફળ થઈ શકો છો.

પણ સૂક્ષ્મ વસ્તુઓ માટે પદ્ધતિ એવી હોય છે કે એમાં તમે તમારે જે વસ્તુ મેળવવી હોય છે તેની એક ચોક્કસ આકૃતિ બનાવી લો છો, એ વસ્તુને મળતું જે આંદોલન હોય છે તેની સાથે તમારી જાતને સંબંધમાં મૂકી દો છો, અને પછી એકાગ્રતા કરો છો અને કસરતો કરવી શરૂ કરો છે — જેમકે કોઈ પદાર્થની આરપાર જોવાની કસરત, કે પછી એક અવાજમાં* થઈને સાંભળવાની કસરત,

* શ્રી માતાજીએ આ વસ્તુને વધારે ચોક્કસ રીતે સમજાવેલી અને કહેલું : 'અવાજની પાછળ જઈને સાંભળવું એટલે કે એમાં તમે એ સ્થૂલ હકીકતની પાછળ, દાખલા તરીકે શબ્દની પાછળ, સ્થૂલ અવાજની પાછળ કે સંગીતની પાછળ જે સૂક્ષ્મ વાસ્તવિકતા હોય છે તેની સાથે તમારી જાતને સંબંધમાં મૂકો છો. એનો અર્થ એ છે કે બાહ્ય આભાસોની પાછળ જે પ્રાણમય વાસ્તવિકતા હોય છે તેની સાથે તમે તમારી જાતને સંબંધમાં મૂકો છો (વસ્તુ પાછળ મનોમય વાસ્તવિકતા પણ

અથવા દૂરથી જોવાની કસરત. દાખલા તરીકે, મારે અમુક મહિનાઓ સુધી લાંબો વખત પથારીવશ રહેવું પડેલું અને એમાં પછી મને ખૂબ જ કંટાળો આવવા લાગેલો. એટલે પછી મને થયું કે લાવ હું જોતાં શીખું. હું એક ઓરડામાં રહેતી હતી અને એ ઓરડાને છેડે એક બીજો નાનકડો ઓરડો હતો અને એ નાના ઓરડાને છેડે એક જાતના પુલ જેવું હતું અને એ પુલને બાગના વચલા ભાગમાં એક સીડી રૂપે બનાવી લેવામાં આવ્યો હતો અને એ સીડી દ્વારા, બાગની વચમાં બાંધવામાં આવેલા ચિત્રકારના એક ઘણા મોટા અને સુંદર સ્ટુડિયોમાં જવાતું હતું. એ સ્ટુડિયોમાં શું થઈ રહ્યું છે તે મારે જોવું હતું, કેમકે મારા ઓરડામાં રહ્યાં રહ્યાં હું કંટાળી ગઈ હતી. એટલે પછી હું ખૂબ જ શાંત થઈ જતી, મારી આંખો બંધ કરી લેતી અને મારી ચેતનાને, થોડે થોડે કરીને બહાર મોકલતી. અને આમ ઘણા દિવસ લગી હું કરતી રહી — એ માટે મેં એક ચોક્કસ કલાક પસંદ કરેલો અને એ કસરત હું નિયમિત રીતે કરતી હતી. પહેલાં તો તમે આમાં તમારી કલ્પનાનો ઉપયોગ કરો છો અને પછી એ કલ્પના પોતે હકીકત રૂપે બની રહે છે. થોડા વખત પછી મને એકદમ શારીરિક રીતે એમ દેખાવા લાગ્યું કે મારી દૃષ્ટિ બદલાઈ રહી છે : હું એ દૃષ્ટિની પાછળ પાછળ જવા લાગી અને પછી નીચેના માળ ઉપર જે વસ્તુઓ હતી કે જેને વિશે મને કશી પણ ખબર ન હતી તે મને દેખાવા લાગી. પછી મેં એ વાતનો તાળો મેળવવા માંડ્યો. સાંજના વખતે હું પૂછતી, 'પેલું એ પ્રમાણે છે, અને પેલું એ રીતનું છે? અને પેલું, એ શું આ પ્રમાણે છે?'

પરંતુ આ દરેક ચીજ તમારે મહિનાઓ સુધી ધીરજપૂર્વક, એક જાતની જિદપૂર્વક કરવાની રહે છે. તમે એક પછી એક ઈન્દ્રિયો લો છે, સાંભળવાની, જોવાની, અને તમને સ્વાદ, ગંધ અને સ્પર્શને લગતી સૂક્ષ્મ વસ્તુઓમાં પણ સફળતા મળી આવે છે.

મનની દૃષ્ટિએ જોતાં તો આ વસ્તુ વધારે સહેલી રહે છે, કેમકે એમાં તો તમે એકાગ્રતા કરવાને ટેવાયેલા હો છે. તમને ચિંતન કરવાની ઇચ્છા થાય અને કોઈ ઉકેલ તમારે જોઈતો હોય, ત્યારે તમે એક વિચારમાંથી બીજો વિચાર ઉપજાવવાને બદલે, વિચાર માત્ર બંધ કરી દો છો અને વધુ ને વધુ એકાગ્રતા કરવાનો પ્રયત્ન કરો છો, પ્રશ્નના બિંદુને તીવ્ર બનાવી લો છો — તમે બધું અટકાવી દો છો અને રાહ જુઓ છો અને છેવટે તમારી એકાગ્રતાની તીવ્રતામાંથી તમને જવાબ મળી

હોઈ શકે છે, પણ સામાન્ય રીતે, સ્થૂલ અવાજની પાછળ સૌથી પહેલી પ્રાણમય વાસ્તવિકતા રહેલી હોય છે)'

આવે છે. આ માટે પણ થોડો સમય તો જોઈએ છે. પણ તમે જો સારા વિદ્યાર્થી હશો તો તમને આ કરવાનો અભ્યાસ હશે જ અને એ વસ્તુ એટલી બધી મુશ્કેલ નહિ રહેશે.

સ્થૂલ ઇન્દ્રિયોને પણ એક રીતે લંબાવી શકાય તેમ હોય છે. દાખલા તરીકે, રેડ ઇન્ડિયન લોકોમાં સાંભળવાની અને સૂંઘવાની શક્તિ આપણી એ પ્રકારની શક્તિ કરતાં ઘણી વધારે વિસ્તારવાળી હોય છે અને કૂતરાઓ! હું એક ઇન્ડિયનને ઓળખતી હતી (હું ૮ કે ૧૦ વર્ષની હતી ત્યારે એ મારો ભાઈબંધ હતો), એ હિપ્પોડ્રોમ સર્કસો થતાં હતાં ત્યારે તેમાં બફેલો બિલ સાથે આવેલો. એ ઘણા વખત ઉપરની વાત છે, હા, (આઠ વરસની હતી) અને એ જમીન ઉપર પોતાનો કાન અડાડતો અને એ એવો તો હોશિયાર હતો કે એને અંતરની ખબર પડી શકતી હતી — આંદોલનની તીવ્રતા પ્રમાણે, એને કોઈ ચાલનારનો અવાજ કેટલે છેટેથી આવે છે તેની ખબર પડતી હતી. એ પછી, છોકરાંઓ તરત જ કહેવા લાગતાં : 'મારે પેલું જાણવું છે!' અને તમે પછી પ્રયત્ન કરો છો. તમારી જાતને તમે આ રીતે તૈયાર કરો છો. તમને એમ લાગે છે કે તમે જાણે રમત કરી રહ્યા છો અને એમ કરતાં કરતાં તમે આગળ ઉપર ભવિષ્યમાં તૈયાર થઈ જાઓ છો.

૨૭ ફેબ્રુઆરી, ૧૯૬૨

*

**(૭૩) જ્યારે સાચું જ્ઞાન આવે છે ત્યારે પહેલો પાઠ તે એ શીખવે છે કે, 'જ્ઞાન જેવી કોઈ વસ્તુ છે જ નહિ. આપણને માત્ર અનંત પરમાત્માની ઝાંખીઓ જ થતી હોય છે.'**

**શ્રી માતાજી :** આ બરાબર છે.
આમાં કોઈ પ્રશ્નની જરૂર નથી.

*

**(૭૪) વ્યવહારુ જ્ઞાન એ એક જુદી વસ્તુ છે. એ સાચું હોય છે અને કામમાં આવે તેવું હોય છે, પણ તે કદી સંપૂર્ણ હોતું નથી. એટલે**

**એ જ્ઞાનને વ્યવસ્થિત કરવાની, તેનું શાસ્ત્ર રચવાની જરૂર તો રહે છે પણ એ ઘાતક બને છે.**

**(૭૫) આપણે શાસ્ત્ર તો બનાવવું જ જોઈએ, પરંતુ આપણે આ શાસ્ત્ર બનાવીએ તેમ જ તેને વળગી રહીએ ત્યારે પણ આપણે આ સત્ય હંમેશાં બરાબર દૃઢ રીતે પકડી રાખવું જોઈએ કે બધાં જ શાસ્ત્રો સ્વાભાવિક રીતે ક્ષણિક હોય છે અને અપૂર્ણ હોય છે.**

**શ્રી માતાજીઃ** આ વસ્તુ મેં ઘણી વાર જોઈ છે, ઘણી વાર. એક વખતે તો હું એમ પણ વિચારતી હતી કે આપણને અવિદ્યાના જગતમાં આ સ્થૂલ પ્રકૃતિ જે રીતની દેખાય છે તેની સર્વ ક્રિયાનું સંપૂર્ણ, સમગ્ર અને અશેષ જ્ઞાન જો મળી આવે તો એ જ્ઞાન દ્વારા આપણે કદાચ જગતના સત્યને પાછું મેળવી શકીએ ખરા અથવા તો એ સત્યમાં નવેસરથી પહોંચી શકીએ ખરા. પણ મને હવે જે છેલ્લી અનુભૂતિ* થઈ છે તે પછીથી હું આ પ્રમાણે વિચાર કરી શકતી નથી.

મારી વાત તમને સમજાવી શકું છું કે નહિ એ તો હું નથી જાણતી.... પણ એક વખત એવો હતો, અને ઘણા લાંબા વખત સુધી એ સ્થિતિ રહેલી — કે જ્યારે હું એમ વિચારતી હતી કે વિજ્ઞાન જો પોતાની શક્તિઓનો પૂરેપૂરો ક્યાસ કાઢી લે (જો એ કદી પણ શક્ય હોય તો) તો પછી તે સાચા જ્ઞાનમાં પાછું પહોંચી શકશે. દાખલા તરીકે, વિજ્ઞાન જડતત્ત્વની રચનાનો અભ્યાસ કરતાં કરતાં, પોતાની શોધને જો વેગપૂર્વક આગળ ધપાવ્યે જ જાય તો પછી એક ક્ષણ એવી આવી શકે છે કે જ્યારે વિજ્ઞાન અને સત્ય બંનેનું મિલન થઈ શકે. પણ, મને જ્યારે શાશ્વત સત્યની ચેતનામાંથી નીકળીને વ્યક્તિરૂપ બનેલી સૃષ્ટિની ચેતનામાં પહોંચવાની અનુભૂતિ થઈ હતી ત્યારે આ વસ્તુ બનવી મને અશક્ય લાગી હતી. અને તમે મને જો હવે પૂછશો તો હું એમ માનું છું કે આ બંને વસ્તુઓ, વિજ્ઞાનને તેની છેલ્લી હદ સુધી લઈ જઈને સત્ય સાથે જોડવાની શકયતા, તેમ જ સ્થૂલ જગત સાથે કોઈ પણ સાચા સજ્ઞાન સંબંધની અશક્યતા — એ બંને વસ્તુઓ એકસરખી અચોક્કસ છે. આમાં કોઈક બીજી વસ્તુ જ રહેલી છે.

અને હમણાં હમણાં આ આખોયે પ્રશ્ન મારી સામે આવીને વધુ ને વધુ ખડો થતો રહે છે, જાણે કે આ વસ્તુ પહેલાં મને કદી દેખાઈ જ ન હતી.

કદાચ આ બે માર્ગ આપણને એક ત્રીજા જ બિંદુ ઉપર પહોંચાડતા હશે.

* આ ઉલ્લેખ એપ્રિલ ૧૩, ૧૯૬૨ના દિને એક ખાસ યૌગિક અનુભૂતિ થઈ હતી તેને અંગે છે.

અને અત્યારે હું ત્રીજા બિંદુની શોધમાં છું — જોકે એનો એકદમ અભ્યાસ તો નથી કરતી — પણ એ બિંદુ એવું હશે કે જ્યાં આગળ આ બંને વસ્તુઓ એક ત્રીજી વસ્તુમાં જોડાઈ જતી હશે અને એ જ સત્ય હશે.

પણ એક વાત તો ચોક્કસ છે કે વિજ્ઞાન તરફથી આપણને જે વસ્તુગત જ્ઞાન મળે છે તે જ્ઞાન જો ખરેખર સંપૂર્ણ અને અશેષ બની શકે તેમ હોય તો, તેને જો તેની છેક છેલ્લી સીમા સુધી પહોંચાડવામાં આવે તો તે કાંઈ નહિ તો પેલી વસ્તુના ઉંબર સુધી તો લઈ જાય છે જ. શ્રી અરવિંદ આ જ વસ્તુ કહે છે. પણ તેમાં એમનું કહેવું માત્ર એટલું જ છે કે આ જ્ઞાન ઘાતક બનતું હોય છે, કેમકે જે લોકો કેવળ આ જ જ્ઞાનના ભક્તો હોય છે તેઓ એમ માનતા હોય છે કે એ જ એકમાત્ર સંપૂર્ણ સત્ય છે અને એને લીધે તેઓ પેલી બીજી દૃષ્ટિએ વિચાર કરી શકતા નથી. આ રીતે એ જ્ઞાન ઘાતક છે.

પરંતુ મારા અંગત અનુભવ પ્રમાણે હું એમ પણ કહી શકું છું કે જે લોકો કેવળ આધ્યાત્મિક પદ્ધતિમાં, આંતર અનુભૂતિ દ્વારા આગળ વધવામાં માનનારા હોય છે તેમને માટે પણ, જો એમની સાધના માત્ર એકાંગી બની જાય તો, તે પણ ઘાતક બની રહે છે. કેમકે આવી સાધના તેમની સમક્ષ સમગ્ર તત્ત્વનું માત્ર એક જ પાસું, એક જ સત્ય પ્રગટ કરે છે, આખુંયે સમગ્ર તત્ત્વ નહિ પણ મને તે પેલી બીજી રીતની સાધના, વિજ્ઞાનની, એ પણ અનિવાર્ય લાગે છે. હું જ્યારે આધ્યાત્મિકતાના પરમ સાક્ષાત્કારમાં સંપૂર્ણ લીન થઈ ગયેલી હતી ત્યારે મને આ વસ્તુ પણ નિઃશંક રીતે સમજાઈ ગઈ હતી કે પેલો બીજી રીતનો જે સાક્ષાત્કાર છે — બાહ્ય રીતનો, આભાસ રૂપ — એ પણ કોઈક વસ્તુનું માત્ર વિકૃત રૂપ (કદાચ આકસ્મિક રીતે બની આવેલું) જ છે, અને એ વસ્તુ પેલી બીજી વસ્તુના જેટલી જ સાચી છે.

આ જે કોઈક વસ્તુ છે તેની આપણે શોધ કરી રહ્યા છીએ. અને કદાચ આપણે એની માત્ર શોધ જ કરતા નથી, પણ એને બાંધી રહ્યા છીએ.

આ પ્રક્રિયામાં આપણો ઉપયોગ થઈ રહ્યો છે અને એમાંથી પછી આપણે એ વસ્તુના આવિર્ભાવમાં ભાગ લઈ શકીશું. અને જે વસ્તુનો આ આવિર્ભાવ થવાનો છે તે કોઈની પણ કલ્પનામાં આવી શકે તેવી નથી, કેમકે એ હજી છે જ નહિ. એ અભિવ્યક્તિ હજી થવાની છે.

માત્ર આટલું જ હું કહી શકું છું.

**(મૌન)**

અત્યારે હું ચેતનાની આ જ અવસ્થામાં ખરેખર રહું છું. જાણે કે આ શાશ્વત પ્રશ્નની સામે હું બેઠેલી છું, પણ તે એક જુદી અવસ્થામાં...

આ જે અવસ્થાઓ છે, આધ્યાત્મિક અવસ્થા અને 'જડવાદી' અવસ્થા – એને જો આ નામ આપીએ તો, એ બંનેને એકબીજાથી નિરનિરાળી માનવામાં આવે છે (નિરાળી અને અજોડ, અને તે એવી કે સત્યના દૃષ્ટિબિંદુથી જોઈએ તો તે બીજી અવસ્થાનો ઇનકાર જ કરતી હોય છે). આ બંને અવસ્થાઓ, અધૂરી છે. અને તે એકબીજાનો સ્વીકાર કરતી નથી એટલા માટે જ નહિ, પણ એ બંનેનો સ્વીકાર કરવામાં આવે અને તેમને જોડી દેવામાં આવે તો પણ તે પ્રશ્નનો ઉકેલ લાવવા માટે પૂરતી નથી રહેતી. હજી એક બીજી વસ્તુ રહેલી છે – એક ત્રીજી વસ્તુ, કે જે આ બે વસ્તુઓનું પરિણામ નથી. પણ એ વસ્તુને આપણે શોધી લેવાની છે, અને બનવાજોગ છે કે એ ત્રીજી વસ્તુ જ પૂર્ણ જ્ઞાનનાં દ્વાર ખોલી આપશે.

હું અત્યારે આ બિંદુએ છું.

આથી વિશેષ હું કહી શકતી નથી, કેમકે હું બસ હમણાં ત્યાં જ છું.

***બાળક : મધુર માતાજી, પણ વ્યવહારુ રીતે આમાં ભાગ કેવી રીતે લઈ શકાય?***

**શ્રી માતાજી :** આ શોધમાં?

એ.... એમાં તો નીચેના તળિયે તો હમેશાં એકની એક જ વસ્તુ કરવાની હોય છે. હંમેશાં એકની એક વસ્તુ : તમારા પોતાના સ્વરૂપનો સાક્ષાત્કાર કરો, તમારા પોતાના સ્વરૂપનું જે પરમ સત્ય છે તેની સાથે કોઈ પણ રૂપમાં, કોઈ પણ માર્ગે સંબંધમાં આવો – એ રૂપ કે માર્ગ મહત્ત્વની વસ્તુ નથી – પણ આ જ એકમાત્ર રસ્તો છે. આપણે, જગતમાંની દરેક વ્યક્તિ, પોતાની અંદર એક સત્ય ધારણ કરી રહેલી છે, અને એ સત્ય સાથે વ્યક્તિએ મિલન સાધવાનું છે, એ સત્યને જ જીવનમાં જીવવાનું છે. અને એ રીતે કરતાં આ સત્યમાં જોડાવાને માટે તથા તેનો સાક્ષાત્કાર કરવાને માટે તેણે જે માર્ગ લેવો પડશે એ જ માર્ગ એને પરમ જ્ઞાનની નજીકમાં શક્ય હશે તેટલું લઈ જશે. અર્થાત, આ બંને વસ્તુઓ એકદમ જોડાયેલી છે. અંગત સાક્ષાત્કાર અને પરમ જ્ઞાન.

શી ખબર, આપણે આ રીતે અનેક માર્ગે સત્યનું અનુસંધાન કરીએ છીએ. એમાંથી જ કદાચ આપણને એનું રહસ્ય હાથ આવી જશે – અને એ રહસ્ય દ્વાર ખોલી આપશે.

આમાં હવે હું નથી ધારતી કે આ કોઈ એક જ વ્યક્તિનું કામ છે. વ્યક્તિ પોતે ભલે ગમે તેટલી મહાન હોય, એની ચેતના તથા એનું મૂળ ભલે ગમે તેટલું શાશ્વત હોય, પણ એ પોતે એકલો જગતને, સૃષ્ટિને, અત્યારે જે રીતની છે તે રીતની સૃષ્ટિને બદલી શકશે નહિ તથા ઊર્ધ્વ સત્યનો સાક્ષાત્કાર કરી શકશે નહિ. એ ઊર્ધ્વ સત્ય તે એક નવું જગત બનવાનું છે, એ એક સંપૂર્ણ સાચું જગત નહિ હોય તોપણ એક વધારે સાચું જગત તો હશે જ. એમ લાગે છે કે આ કાર્ય માટે માણસોની અમુક સંખ્યાની તો અનિવાર્ય રીતે જરૂર પડશે જ (અત્યાર સુધી એમ લાગતું રહે છે કે આ માણસો કાલક્રમમાં એક પછી એક આવતા રહેલા છે, પણ સ્થળની અંદર પણ, એક સમૂહ તરીકે આ માણસો સાથે રહેશે એવો સંભવ છે.) અને એમ થતાં આ પરમ સત્ય પોતાને મૂર્ત કરી શકશે. પોતાને સિદ્ધ કરી શકશે.

વ્યવહારુ રીતે જોતાં મને આ વસ્તુ પૂરેપૂરી ખરી લાગે છે.

અર્થાત, અવતાર પોતે ભલે ગમે તેટલો મહાન હોય, ગમે તેટલો સજ્ઞાન અને સમર્થ હોય તોપણ તે માત્ર એકલો પૃથ્વી ઉપર અતિમાનસ જીવનને સિદ્ધ કરી શકશે નહિ. આ સાક્ષાત્કાર માટે સમૂહની જરૂર અનિવાર્યપણે રહેશે. એ સમૂહ પછી કાં તે કાલક્રમમાં એક પછી એક હારબંધ આવ્યે જતી વ્યક્તિઓનો બનેલો હશે અથવા તો એક જ સ્થળમાં પથરાયેલા લોકોનો સમૂહ હશે, કદાચ બંને રીતનો પણ હોય. આ બાબતમાં મને પૂરેપૂરી ખાતરી છે.

વ્યક્તિ પ્રેરણા આપી શકે છે, માર્ગ બતાવી શકે છે — પોતે સાધના કરી શકે છે, એટલે કે, પોતે જાતે સિદ્ધિ પ્રાપ્ત કરીને માર્ગ બતાવી શકે છે — પણ પેલી વસ્તુને પોતે પૂર્ણપણે સિદ્ધ કરી શકતો નથી. આ પૂર્ણ સિદ્ધિ અમુક સામૂહિક નિયમોને આધીન રહીને જ બની આવે છે. આ નિયમો તે પરમાત્માની શાશ્વતીના અને અનંતતાના કોઈક પાસાનું જ વ્યક્ત રૂપ છે — અને એમ જ હોય! આ બધું એક જ તત્ત્વ છે, એક જ સ્વરૂપ છે. આમાં જુદી જુદી વ્યક્તિઓ, જુદાં જુદાં વ્યક્તિત્ત્વો નથી. એ બધું એક જ પરમ સ્વરૂપ છે. એ જ એકમાત્ર પરમ સ્વરૂપ પોતાને અભિવ્યક્ત કરી રહેલું છે અને આપણને તે એક સંમેલન રૂપે, સમૂહ રૂપે, સંઘ રૂપે જોવા મળે છે.

લો બસ. આ વિષયમાં તમારે હવે બીજો કોઈ પ્રશ્ન છે?

***બાળક : એપ્રિલની ૧૩મીની અનુભૂતિ પછી આપની દૃષ્ટિમાં કઈ રીતનો ફેર પડ્યો છે?***

**શ્રી માતાજી :** મેં કહેલી વાત ફરીથી કહીશ.

લાંબા વખત સુધી મને એમ લાગતું હતું કે આપણે જો વિજ્ઞાનની પદ્ધતિને તેની છેવટની હદ સુધી લઈ જઈએ અને આધ્યાત્મિક પદ્ધતિને તેની છેવટની હદ સુધી — તેના અંતિમ સાક્ષાત્કાર સુધી — લઈ જઈએ, અને તેમનું સંપૂર્ણ મિલન રચી લઈએ, બંનેને જો જોડી દઈએ તો આપણે જે સત્ય શોધી રહ્યા છીએ, સંપૂર્ણ સત્ય, તે આપણને સ્વાભાવિક રીતે જ મળી આવે. પણ મને હવે જે બે અનુભૂતિઓ થઈ છે, એક તો બાહ્ય જીવનની (અને તેમાં વિશ્વરૂપતા, વ્યક્તિતાથી પરની સ્થિતિનો અનુભવ આવે તથા એક સ્થૂલ શરીરમાં આપણને જેટલા કંઈ યૌગિક અનુભવો થઈ શકે તે પણ બધા આવે), અને પછી બીજી અનુભૂતિ તે વિશ્વના આદિ મૂલ સાથે સંપૂર્ણ અને સમગ્ર મિલનની અનુભૂતિ. આ બે અનુભૂતિઓ મને થઈ છે અને ઉપરાંત બીજું પણ કંઈક બન્યું છે — કે જેનું વર્ણન હું હમણાં કરી શકતી નથી — એ જોતાં મને હવે એમ જણાયું છે કે આ બેનું, વિજ્ઞાન અને આધ્યાત્મિકતાનું જ્ઞાન તેમ જ તે બંનેનું મિલન એ પૂરતું નથી. હું હવે એ જાણું છું કે આ બે વસ્તુઓ એક ત્રીજી વસ્તુમાં અંત પામે છે અને આ જે ત્રીજી વસ્તુ છે તે હવે બની રહે છે, એ પોતે પોતાને તૈયાર કરવાની પ્રક્રિયામાં પડેલી છે. આ ત્રીજી વસ્તુ સાક્ષાત્કાર પ્રત્યે લઈ જઈ શકે તેમ છે, આપણે જે સત્ય શોધી રહ્યા છીએ તેમાં આપણને લઈ જઈ શકે તેમ છે.

હવે તો, આ સ્પષ્ટ થાય છે ને?

***બાળક : મધુર માતાજી, મારે આપને બીજી વસ્તુ પૂછવાની હતી...એ બનાવ પછી (૧૩ મી એપ્રિલની આ અનુભૂતિ પછી) સ્થૂલ જગત વિશેની આપની દૃષ્ટિમાં કેવી રીતનો ફેરફાર થયો છે, સ્થૂલ જગત અંગેની આપની દૃષ્ટિ કઈ બાબતમાં બદલાઈ છે?***

**શ્રી માતાજી :** એ વસ્તુની જે ચેતના છે તેનો કંઈક ઇશારો આપી શકાય.

**(મૌન)**

આ અનુભૂતિમાં હું યોગ દ્વારા સ્થૂલ જગત સાથે એક રીતના સંબંધમાં આવી હતી. એ સંબંધ ચતુર્થ પરિમાણના ખ્યાલ ઉપર બંધાયેલો હતો (આ આંતર પરિમાણો યોગમાં પછી અસંખ્ય બની જાય છે), અને પછી મેં આ દૃષ્ટિનો અને ચેતનાની આ અવસ્થાનો ઉપયોગ કર્યો. આ આંતર પરિમાણોની દૃષ્ટિ દ્વારા તેમ જ એ પરિમાણોની ચેતનાને સંપૂર્ણ કરીને મેં સ્થૂલ જગત અને આધ્યાત્મિક

**જગત વચ્ચેના સંબંધોનો અભ્યાસ કરી લીધો – મારી આ છેલ્લી અનુભૂતિ પહેલાંની મારી અનુભૂતિ આ અંગેની હતી.**

આમાં હવે સ્વાભાવિક રીતે જ, ત્રણ પરિમાણોનો તો કોઈ પ્રશ્ન જ રહ્યો ન હતો – એ ત્રણ પરિમાણો તો ભ્રાંતિ અને અસત્યની દુનિયામાં જ માત્ર હોય છે. અને આ સ્થિતિ ઘણો વખત રહેલી. પણ હવે તો આ ચતુર્થ પરિમાણની દૃષ્ટિ અને એમાં આવેલી બધી વસ્તુઓ એ બધાનો ઉપયોગ પણ મને પેલાના જેવો જ ઉપરછલ્લો લાગે છે! જાણે કે એનો કોઈ ઉપયોગ જ રહ્યો નથી, આ સ્થિતિ એટલી બધી ઉગ્ર છે. પેલી ત્રણ પરિમાણોવાળી દુનિયા તો હવે સાવ અવાસ્તવિક જ બની ગઈ છે, અને હવે આ જે બીજી ચોથા પરિમાણવાળી દૃષ્ટિ છે તે પણ, તમને કેવી રીતે સમજાવું, તે એક રૂઢ રીતની લાગે છે. એ જાણે કે તમને અમુક દૃષ્ટિ આપવા માટે એક રૂઢ રીતના અનુવાદ જેવું બની રહે છે.

અને હવે આ પેલી ત્રીજી વસ્તુ શું છે, સાચી પરિસ્થિતિ શી છે એ વિશે તો?... એ તમામ રીતની બૌદ્ધિક અવસ્થાઓથી એટલી બધી બહારની વસ્તુ છે કે હું એને શબ્દોમાં લાવી શકતી નથી.

પણ એની વાણી પણ આવશે એ હું જાણું છું. પણ એ વસ્તુ અનેક સક્રિય જીવતી અનુભૂતિઓની હારમાળામાં થઈને આવશે, અને એ અનુભૂતિઓ હજી સુધી મારી પાસે આવી નથી.

**(મૌન)**

મારી પાસે આ જે સાધન હતું, મને બહુ અનુકૂળ હતું, મારો યોગ કરવામાં તે એક મદદ રૂપ હતું. એણે મને જડતત્ત્વ ઉપર કાબૂ મેળવી આપ્યો હતો. પણ એ વસ્તુ તે એક પદ્ધતિ હતી, માર્ગ હતો, પ્રક્રિયા હતી એમ મેં જોયું. એ પેલી વસ્તુ તો નથી જ.

બસ, હું આ અવસ્થામાં છું.

આથી વધુ હું કહી શકતી નથી.

૨૪ મે, ૧૯૬૨

*

**(૭૬) યુરોપને પોતાના વ્યવહારુ અને વૈજ્ઞાનિક સંગઠન અને કાર્ય-સાધકતાનું અભિમાન છે, તેમનું સંગઠન પરિપૂર્ણ બને તેની હું**

**પ્રતીક્ષા કરી રહ્યો છું, પછી એક બાળક પણ તેનો વિનાશ કરી શકશે.**[૧]

**બાળક : *(જ્યારે આ સૂત્રો બુલેટિનમાં છપાયાં ત્યારે આપે કહેલું કે આ સૂત્ર ન છાપવું, આ એક રહસ્યપૂર્ણ સૂત્ર છે અને મને એ વિષે સમજવાનું બહુ મન થાય છે. પરંતુ હવે હું પૂછું છું કે હવે આપણે એને પ્રસિદ્ધ કરીએ કે કેમ?)***

**શ્રી માતાજી :** શ્રી અરવિંદે આ ક્યાં લખ્યું છે?

**બાળક : *આ સૂત્રોમાં જ.***

**શ્રી માતાજી :** હા, પરંતુ તેમણે કોઈ ખાસ પુસ્તક લખેલું નહિ; આ પાઠ તો અહીંતહીંથી એકત્રિત કરેલા છે.

**બાળક : *ના, ના, એમ નહિ. શ્રી અરવિંદ પાસે એક ખાસ નોટબુક હતી અને એમાં તેઓને પ્રેરણા મળતી જાય તેમ આ સૂત્રો લખતા જતા હતા, અને આ સૂત્ર તેમાં જ હતું.***

**(મૌન)**

**શ્રી માતાજી :** 'બાળક'....એમણે શરૂઆતમાં અંગ્રેજીમાં શું લખેલું છે?

**બાળક: *"અભિમાન છે" (ગૌરવ લે છે).***

**શ્રી માતાજી :** ગૌરવ લે છે... તો આપણે સમાવી લઈએ.

**બાળક : *પણ એમનો કહેવાનો ભાવાર્થ શું હતો?***

**શ્રી માતાજી:** મને જાણ નથી. અલબત્ત, કેવળ શક્તિનો વિનાશ થઈ શકે. પૃથ્વીનો કોઈથી વિનાશ ન થઈ શકે.

૧. આ સૂત્રો ઉપરનાં વિવરણો આપ્યા પછી લગભગ દસ વર્ષ પછી, ડિસેમ્બર ૧૯૭૧માં અહીં આપ્યા પ્રમાણે વાતચીત થયેલી.

***બાળક : હા, પૃથ્વીનો વિનાશ ન થાય, પરંતુ સંસ્કૃતિનો નાશ થઈ શકે.***

**શ્રી માતાજીઃ** હા.

***બાળકઃ તેઓ કહે છે કે યુરોપનો નાશ થશે.***

**શ્રી માતાજી :** હા, પણ કયું બાળક?

મને એવી લાગણી થાય છે કે એ વસ્તુ એમની પાસે એક સાચી, તદ્દન સત્ય ભવિષ્યવાણી રૂપે આવી હશે — પરંતુ મને જાણ નથી.

***બાળકઃ આપે કહેલું કે આ સૂત્રને છોડી દેવું વધુ સારું.***

**શ્રી માતાજીઃ** પરતુ એથી ઊલટું મને હવે લાગે છે કે આ વસ્તુ કહેવાવી જ જોઈએ,

પરંતુ મને નથી લાગતું કે હજી સમય આવ્યો હોય, એટલે કે એ વસ્તુ "બની આવે" તેનો સમય આવ્યો નથી, એનું કથન કરવાનો સમય આવ્યો છે પણ એ બની આવે તેનો સમય આવ્યો નથી.

***બાળક : "બાળક"... કદાચ એ બાળક નૂતન જગતનું હોય —એક સ્મિત હાસ્યવાળું. અને એ આખી યે વસ્તુને ધરાશાયી કરી મૂકશે.***

**શ્રી માતાજી :** હા, એમ બનવું શક્ય છે — શક્ય છે.

**(મૌન)**

એનામાં એક ભયંકર શક્તિ છે...કોઈ એવી અગાધ વસ્તુ છે. એનામાંની શકિતની હું કલ્પના પણ કરી શકતી નથી; એમાં જાણે એવું છે કે, પ્રભુ કહી રહ્યા છે કે, "હું વાટ જોઉં છું,"... હું વાટ જોઉં છું.

૧૧ ડિસેમ્બર, ૧૯૭૧

*

**(૭૭) પ્રતિભાશાળી માણસ અમુક પદ્ધતિ શોધી કાઢે છે, સામાન્ય બુદ્ધિના માણસો તેને રુઢિબદ્ધ ચોકઠાંમાં બાંધી દે છે, અને પછી**

**કોઈ બીજો પ્રતિભાશાળી માણસ આવીને તે ચોકઠાને ભાંગી નાખે છે. યુદ્ધ કુશળ લોકો સેનાને દોરવણી આપે તેમાં જોખમ રહેલું છે, કારણ કે ભગવાન તેમની વિરુદ્ધમાં નેપોલિયનને મૂકી આપે છે.[૧]**

**(૭૮) આપણામાં જ્ઞાન તાજું હોય છે ત્યારે તે અજેય હોય છે. એ જૂનું થઈ જાય છે ત્યારે એનો ગુણ ચાલ્યો જાય છે. એમ થવાનું કારણ એ છે કે પ્રભુ તો હંમેશાં આગળ જ વધ્યે જતા હોય છે.**

**શ્રી માતાજી :** શ્રી અરવિંદ અહીં જે જ્ઞાનની વાત કરે છે તે પ્રેરણા કિંવા આવિર્ભાવની રીતે આવતાં જ્ઞાનની વાત છે. આવું જ્ઞાન કોઈક વસ્તુ જ્યારે એકાએક ઊતરી આવતી હોય છે અને સમજશક્તિ ઉપર પ્રકાશ નાખતી હોય છે ત્યારે બની આવે છે. તમને એકાએક જ એમ લાગે છે કે અમુક વસ્તુ તમને પ્રથમ વાર જ જાણવા મળે છે, કેમકે એ વસ્તુ સીધી પ્રકાશના પ્રદેશમાંથી, સત્ય જ્ઞાનના પ્રદેશમાંથી આવતી હોય છે. એમાં સત્યની સર્વ રીતની સાહજિક શક્તિ રહેલી હોય છે — એ વસ્તુ તમને પ્રકાશ આપતી હોય છે અને એ વસ્તુ તમે જ્યારે ઝીલી લો છો, ત્યારે ખરેખર તમને લાગે છે કે એ પ્રકાશનો વિરોધ કોઈ પણ વસ્તુ કરી શકવાની નથી. અને એ પ્રકાશને તમે તમારામાં કામ કરવા દેશો તો તે, તેના પ્રદેશમાં રહીને જેટલું કાંઈ રૂપાંતર કરી શકે તેમ હશે તેટલું બધું જ રૂપાંતર કરી આપશે.

આ અનુભવ આપણને ઘણી વાર થઈ શકે છે. એ જ્યારે આવે છે, થોડાક વખત પુરતો — બહુ લાંબો સમય માટે તો નહિ — ત્યારે બધી જ વસ્તુઓ એ પ્રકાશની આસપાસ ખૂબ જ સ્વાભાવિકતાથી ગોઠવાઈ જતી લાગે છે. અને પછી એ પ્રકાશ આપણામાંની બીજી વસ્તુઓ સાથે, ધીમે ધીમે કરતાં, ભળી જાય છે. એ પછી તમારામાં બૌદ્ધિક જ્ઞાન ચાલુ રહે છે — એક કે બીજી રીતે એ જ્ઞાનની ક્રિયા થતી રહે છે, એટલી જ વસ્તુ તમારામાં રહેતી હોય છે, પણ એ જાણે કે તદ્દન ખાલી વસ્તુ હોય એમ લાગે છે. એ જ્ઞાનમાં એવી કોઈ બળવાન શક્તિ હોતી નથી કે જે તમારી બધી જ ક્રિયાઓને તેના પોતાના રૂપમાં ફેરવી નાખતી હોય છે. શ્રી અરવિંદ આ વસ્તુ કહેવા માગે છે. જગત ઝડપથી ગતિ કરતું રહે છે, અને પ્રભુ હંમેશાં એનાથી આગળ વધતા હોય છે અને પોતાની પાછળ એ

૧. આ સૂત્રો ઉપર શ્રી માતાજીનું વિવરણ બુલેટિનમાં નથી.

જે વસ્તુ મૂકી જતા હોય છે તે એક પાછળ રહી જતી પૂંછડી જેવી વસ્તુ હોય છે. એ વસ્તુમાં, પ્રભુએ પોતે એને જ્યારે જગતમાં વહેતી મૂકેલી ત્યારે જે તત્ક્ષણ કામ કરતી અને સર્વશક્તિમાન એવી શક્તિ હતી, તે હવે રહેલી હોતી નથી.

આ અનુભવમાં તમને એવું લાગે છે કે જાણે સત્યનો વરસાદ વરસી રહ્યો છે; જે જે લોક એને ઝીલી શકે તેમ હોય છે, એનું એકાદ ટીપું પણ, તેમને એક આવિર્ભાવ જાણે થઈ જાય છે. પણ એ લોકોએ પણ પવન વેગે આગળ વધવાનું રહે છે, નહિ તો પ્રભુ પોતાની સત્યની વર્ષાને સાથે લઈને દૂર દૂર આગળ નીકળી જાય છે અને એ વર્ષાને પાછી પકડવી હોય તો તમારે ખૂબ ખૂબ ઝડપથી દોડવાનું રહે છે. શ્રી અરવિંદને આ વસ્તુ કહેવી છે.

***બાળક : મધુર માતાજી, હા, પરંતુ આ જ્ઞાનમાં રૂપાંતર માટેની એક શક્તિ સાચેસાચ લાવવી હોય તો....***

**શ્રી માતાજી :** હા, આ જ્ઞાન ઊર્ધ્વ જ્ઞાન હોય છે, અહીં સત્ય પોતે જ પોતાની જાતને પ્રગટ કરતું હોય છે. શ્રી અરવિંદ જેને 'સત્ય જ્ઞાન' કહે છે તે એ હોય છે. અને આ જ જ્ઞાન આખી સૃષ્ટિનું રૂપાંતર કરી આપે છે. પ્રભુ આ જ્ઞાનની, જાણે કે, આખોયે વખત આ જ્ઞાનની વર્ષા કરતા જ રહેતા હોય છે અને તમારે જો બહુ મોડા પડી જવું ન હોય તો ખૂબ ખૂબ ઉતાવળ કરવી જોઈશે! (માતાજી હસે છે.)

પણ તમને શું તમારા માથામાં કંઈ અજવાળા જેવું આવતું હોય એવો અનુભવ કદી જ થયો નથી? અને પછી તમે બોલી ઊઠો છો, અરે, હા. એ વસ્તુ તમે કોઈ વાર બુદ્ધિ દ્વારા પણ જાણેલી હશે, પણ એ જ્ઞાન તો શુષ્ક અને નિષ્પ્રાણ જેવું જ રહેતું હોય છે. અને પછી પેલું જ્ઞાન એકાએક કોઈ મહા પ્રચંડ શક્તિ જેવું આવીને ઊભું રહે છે અને દરેક વસ્તુને ચેતનાની અંદર પેલા પ્રકાશની ફરતે વ્યવસ્થિત ગોઠવી આપે છે — પણ આ સ્થિતિ લાંબો વખત રહેતી નથી. કોઈક વાર એ માત્ર થોડા કલાક જ રહે છે, કોઈક વાર એ થોડા દિવસ રહે છે, પણ એથી વધુ વખત નહિ. તમે તમારી ગતિમાં અતિશય ધીમા હો તો જ આમ બને છે, અને એ દરમિયાન સત્યનું પેલું મૂળ ચાલ્યું જાય છે, દૂર દૂર...

***બાળક : મધુર માતાજી, આ બધું માનસિક રૂપાંતરોની વાત છે. પણ જ્યારે જડતત્ત્વ અને શરીરનો પ્રશ્ન આવીને ઊભો રહે છે ત્યારે આપણી પાસે કયું જ્ઞાન હોવું જોઈએ?***

**શ્રી માતાજી :** એ વસ્તુ તો, બેટા, હું હમણાં કહી શકતી નથી. કેમકે એ હું નથી જાણતી.

***બાળક : મધુર માતાજી, એ શું કોઈ બીજા પ્રકારનું જ્ઞાન હોય છે?***

**શ્રી માતાજી :** ના, એમ તો હું નથી ધારતી.

**(મૌન)**

કદાચ એ કોઈ બીજા પ્રકારની ક્રિયા હશે, પણ એ બીજા પ્રકારનું જ્ઞાન તો નથી જ.

**(મૌન)**

ખરી રીત તો, જ્યારે જડતત્ત્વ પોતે, કાંઈ નહિ તો, થોડુંક પણ રૂપાંતર પામશે, રૂપાંતરનો જ્યારે આરંભ થશે ત્યારે જ તમે એ રૂપાંતર કોણ કરે છે તે કહી શકશો. ત્યારે આપણે એ પ્રક્રિયા વિષે કહી શકીશું. પણ અત્યારે તો...

**(મૌન)**

પણ આપણામાં આ રૂપાંતર ભલે ગમે તે રીતનું થતું હોય, ભલે ગમે તે ભૂમિકા ઉપર થતું હોય, પણ નીચેની ભૂમિકા ઉપર તેની અસર તો હંમેશાં થાય જ. હંમેશાં કાંઈક કાર્ય તો થતું જ હોય છે. જે વસ્તુઓ કેવળ બૌદ્ધિક રીતની લાગતી હોય છે તે પણ ખરેખર મગજની રચના ઉપર અસર કરતી હોય છે.

અને આવા આવિર્ભાવો માત્ર નીરવ મનની અંદર જ થઈ શકે છે — કાંઈ નહિ તો મન આરામની સ્થિતિમાં તો હોવું જ જોઈએ, તદ્દન શાંત અને સ્થિર થઈ ગયેલું હોવું જોઈએ. નહિ તો પછી આ આવિર્ભાવો બનતા નથી. અથવા તો એ આવિર્ભાવો આવતા તો હોય છે અને આપણને તેની ખબર પડતી નથી, આપણે મગજમાં અવાજ કર્યા કરતા હોઈએ છીએ માટે. પણ આ જે અનુભવ થાય છે તે આપણામાં પેલી શાંતિ, નીરવતા, ગ્રહણશક્તિને વધુ ને વધુ સ્થાપિત કરવામાં સ્વાભાવિક રીતે જ મદદ તો કરતા હોય છે. આવા અનુભવો વારંવાર થતા રહે છે એમાંથી જ પછી આપણને એવી લાગણી થાય છે કે આપણામાં કોઈક અતિશય સ્થિર વસ્તુ પડેલી છે, પણ તે સાવ બંધિયાર નથી, એ વસ્તુ સ્થિર છે છતાં ખુલ્લી છે, સ્થિર છે છતાં ગ્રહણશીલ છે. તમારામાં એક સ્થિતિ એવી હોય છે કે તે તદ્દન નિષ્પ્રાણ, નીરસ, જરા પણ ગ્રહણશીલ ન હોય તેવી હોય

છે, અને બીજી એક નીરવતા એવી હોય છે કે તે શાંત બની ગયેલા મનમાં બની આવતી હોય છે અને ગ્રહણશીલ હોય છે. એ બંને જુદી જુદી નીરવતાઓ હોય છે. પણ આ બીજી રીતની નીરવતા પેલા અનુભવોને પરિણામે બની આવતી હોય છે. આપણે જે જે કાંઈ પ્રગતિ કરીએ છીએ, તે હંમેશાં, ઉપરથી જે સત્યો નીચે આવતાં હોય છે તેના પરિણામે જ સ્વાભાવિક રીતે થતી હોય છે.

અને આ વસ્તુની, ઉપરથી આ જે નીચે આવતું હોય છે તે બધાની શરીરની ક્રિયાઓ ઉપર અસર થતી હોય છે — જુદા જુદા અવયવો, મગજ, જ્ઞાનતંતુઓ વગેરેની ક્રિયાઓ ઉપર. અને બાહ્ય સ્વરૂપ ઉપર કાંઈ અસર થાય તે પહેલાં આ મગજ વગેરે ઉપરની અસર તો જરૂર થવાની, અને તે ઘણી ઘણી વહેલી થવાની.

ખરી રીતે તો, લોકો જ્યારે રૂપાંતરની વાત કરે છે ત્યારે તેમના મન આગળ એક આકર્ષક ચિત્ર ખડું થતું હોય છે, નહિ? તેમની આગળ એક સુંદર સ્વરૂપ રજૂ થઈ જતું હોય છે! એક તેજોમય, ચપળ, મુલાયમ, ઇચ્છા મુજબ બદલાતું હોય તેવું. પણ આ જે અવયવોનું રૂપાંતર છે, જેમાં કશું કલાત્મક જેવું દેખાતું હોતું નથી, એનો વિચાર તો આપણને બહુ આવતો જ નથી! પણ સૌથી પહેલાં તો ખરેખર આ વસ્તુ જ બનવાની છે, બાહ્ય સ્વરૂપનો આકાર બદલાય તે પહેલાં ઘણી ઘણી વહેલી આ વસ્તુ બનશે.

***બાળક : મધુર માતાજી, શ્રી અરવિંદે એમ કહેલું છે કે અવયવોને બદલે ચક્રો કામ કરવા લાગશે.***

**શ્રી માતાજી :** હા, હા, શ્રી અરવિંદે ત્રણસો વરસ કહ્યાં છે! (શ્રી માતાજી હસે છે.)

**(મૌન)**

આનો તમે જરા વિચાર કરી જુઓ અને તમને સહેલાઈથી બધું સમજાશે. આમાં જો કોઈ અમુક વસ્તુ બંધ કરી દેવાની હોત અને કોઈ બીજી વસ્તુનો આરંભ કરવાનો હોત તો એ કામ ઠીક ઠીક ઝડપથી થઈ શકે તેવું છે. પરંતુ અહીં તો આપણે શરીરને જીવતું રાખવાનું છે કે જેથી કરીને એની ક્રિયાઓ ચાલુ રહે અને સાથે સાથે એક નવી ક્રિયા શરીરમાં આવે કે જે શરીરને જીવતું પણ રહેવા દે અને તેનું રૂપાંતર થતું જાય — આ રીતનો મેળ સિદ્ધ કરવો એ ઘણી મુશ્કેલ બાબત છે. મને તો આ વસ્તુ બહુ જ સરસ રીતે, બહુ જ સરસ રીતે સમજાઈ ગઈ છે... આમાં તો કેટલો બધોય અનંત કાળ જોઈશે અને તો જ પછી કશી

આપત્તિ વિના પેલું કામ થશે.

અને ખાસ કરીને આપણે હૃદયના ભાગ ઉપર આવીએ ત્યારે હૃદયને બદલે શક્તિનું કેન્દ્ર જ આવીને ઊભું રહે, એક પ્રચંડ સક્રિય શક્તિ! (માતાજી હસે છે.) બસ, કઈ ઘડીએ લોહીનું ભ્રમણ બંધ થઈ જાય અને તેને બદલે પેલી શક્તિને અંદર બેસાડી દેવામાં આવે?

મુશ્કેલ વાત.

**(મૌન)**

સામાન્ય જીવનમાં તમે એક વસ્તુ વિચારી લો છો અને પછી તે કરો છો. પરંતુ આ તેથી ઊલટી જ વસ્તુ છે. આ જીવનમાં તો વસ્તુ તમારે પ્રથમ કરી લેવાની રહે છે અને પછીથી તમને તે સમજાય છે, પણ તે બહુ લાંબા વખત પછી. પ્રથમ તો તમારે કરી લેવાનું રહે છે, કશો વિચાર કર્યા વિના. તમે જો વિચાર કરવા બેસશો, તો કંઈ જ સારું પરિણામ નહિ આવે, એટલે કે, આ તો તમે જુની રીતે પાછા કામ કરવા લાગો છો.

૬ ઑક્ટોબર, ૧૯૬૨

*

**(૭૯) પ્રભુ તો અનંત શકયતાઓ છે. એટલે સત્ય કદી એક જ સ્થિતિમાં રહેતું નથી, એટલે પછી ભૂલનાં જે બાળકો છે તે પણ સાચાં ઠરે છે.**

**(૮૦) કેટલાક ભક્તિભાવી લોકોને સાંભળીએ છીએ ત્યારે એમ લાગે છે કે પ્રભુ કદી હસતા જ નથી; હાઇનને જ્યારે પ્રભુની અંદર દિવ્ય ઍરિસ્ટોફેનિસનાં* દર્શન થયાં ત્યારે તે સત્યની વધુ નજીક હતો.**

**શ્રી માતાજી :** હા, શ્રી અરવિંદને એમ કહેવું છે કે કોઈ વસ્તુ એક વખતે સાચી હોય તો બીજી ક્ષણે તે સાચી રહેતી નથી. અને એને લીધે જ ભૂલનાં

* હાઈન (૧૭૯૭-૧૮૫૬) જર્મન કવિ હતો, એરિસ્ટોફેનિસ એ પ્રાચીન ગ્રીક નાટકકાર હતો. એનાં નાટકોનો હાસ્યરસ ઘણો સ્થૂલ અને ગ્રામ્ય હતો.

સંતાનો સાચાં ઠરે છે.

**બાળક : *મધુર માતાજી, શ્રી અરવિંદને કદાચ એમ કહેવું હશે કે ભૂલ જેવું કાંઈ છે જ નહિ.***

**શ્રી માતાજી :** હા, એ એ જ વસ્તુ છે, એક જ વસ્તુને કહેવાની એ બીજી રીત છે. અર્થાત્, જેને આપણે, ભૂલ કહીએ છીએ તે અમુક ક્ષણે સત્ય હતી.

ભૂલ એ કાળની સાથે જોડાયેલો વિચાર છે.

**બાળક : *મધુર માતાજી, કેટલીક વસ્તુઓ ખરેખર ભૂલ હોય તેમ લાગી શકે છે.***

**શ્રી માતાજી :** થોડા વખત સુધી.

આમ જ હોય છે, એવી છાપ આપણને પડે છે : આપણાં બધાં તારણો — નિર્ણયો ક્ષણ પૂરતા જ હોય છે. ક્ષણ પૂરતા તે આવા હોય છે, બીજી ક્ષણે પછી તે એવા નથી રહેતા. અને આપણને એ પછી ભૂલ રૂપે લાગે છે, વસ્તુઓને આપણે એક પછી એક જોતા હોઈએ છીએ એટલે. પણ પ્રભુને વસ્તુઓ એવી દેખાતી નથી, કેમકે બધી જ વસ્તુઓ તેમનામાં આવી રહેલી છે.

હવે જરા એવી કલ્પના કરવાનો પ્રયત્ન કરો કે તમે એક ક્ષણ પૂરતા ભગવાન છો! દરેક વસ્તુ તમારામાં રહેલી છે. હવે કેવળ તમારા આનંદને ખાતર તમે એ બધું અમુક ક્રમમાં બહાર કાઢો છે. પણ તમારે માટે તો, તમારી ચેતનામાં બધું જ એકી સાથે આવી રહેલું છે. ત્યાં તમારી અંદર કાળ નથી, ભૂત, ભવિષ્ય કે વર્તમાન એમાંનું કાંઈ જ નથી — બધા કાળ ત્યાં એકી સાથે છે. અને એમાંથી હરેક રીતનાં મિશ્રણો થઈ શકે છે. પ્રભુ પહેલાં એક વસ્તુ બહાર લાવે છે, પછી બીજી બહાર આવે છે અને એમ તેઓ વિનોદ કરતા રહે છે. પણ જે લોકો બિચારા અહીં નીચે રહેલા છે અને માત્ર એક ટુકડો જ જોતા હોય છે — એ લોકો માત્ર એટલું જ જોઈ શકતા હોય છે — તેઓ કહે છે: 'ઓહ, એ, એ તો ભૂલ છે.' એ કેવી રીતે ભૂલ થઈ? કેમકે એમને માત્ર એટલું થોડુંક જ દેખાતું હોય છે.

આ તો સ્પષ્ટ છે, ખરું કે નહિ, આ સમજવું સહેલું છે. ભૂલનો આ જે ખ્યાલ છે તે કાળ અને સ્થળની અંદર આવી રહેલો છે.

અમુક વસ્તુ એકી સાથે હોઈ શકે છે અને નથી હોઈ શકતી એવી આપણને છાપ પડે છે તેના જેવું આ છે. અને છતાં એ સાચું છે, વસ્તુ હોય છે અને નથી હોતી. આપણો કાળનો જે ખ્યાલ છે તે ભૂલનો ખ્યાલ ઊભો કરે છે — કાળ

અને સ્થળ.

***બાળક : મધુર માતાજી, એક વસ્તુ એકી સાથે હોય છે અને નથી હોતી એટલે શું? એ કેવી રીતે હોઈ શકે?***

**શ્રી માતાજી :** જગતમાં વસ્તુ હોય છે. અને સાથે સાથે તેનાથી ઊલટી વસ્તુ પણ હોય છે. પણ આપણા માટે તો વસ્તુ એકી સાથે હોય તેમ જ ન હોય એવું બની શકતું નથી. પણ પ્રભુ માટે તો બધો જ વખત વસ્તુ હોય છે પણ ખરી અને નથી પણ હોતી.

એ આપણો અવકાશનો જે રીતનો ખ્યાલ છે તેના જેવું છે : 'હું ત્યાં છું, એટલે પછી તમે ત્યાં હોઈ શકતા નથી.' પણ હું પણ છું, તમે પણ છો, અને બધુંય છે! (માતાજી હસે છે.) પણ આ સમજવા માટે તમારે સ્થળ અને કાળના ખ્યાલમાંથી બહાર નીકળી આવવાનું રહે છે.

આ વસ્તુ તમે બહુ સઘન રીતે અનુભવી શકો છો, પણ તે માટે આપણી જોવાની રીત કામ નહિ આવે.

હા, આમાંનાં ઘણાં સૂત્રો ખરી રીતે તો, ઊર્ધ્વ મન એકાએક અતિમાનસ પ્રત્યે ખુલ્લું બનતું હોય છે એવે વખતે લખાયેલાં છે. એ સમયે ઊર્ધ્વ મન વસ્તુઓ સામાન્ય રીતે જે પ્રકારની હોય છે તે હજી ભૂલી ગયું હોતું નથી, પણ એ વખતે તેને વસ્તુઓ અતિમાનસની રીતે જે પ્રમાણેની હોય છે તે પણ દેખાતી હોય છે. અને ત્યારે તમને આ રીતનું દર્શન થાય છે, આ રીતનું વિરોધાભાસી રૂપ તમને જોવા મળે છે. એમાં એક વસ્તુ ભૂલી જવાઈ નથી હોતી અને બીજી વસ્તુ નજરમાં આવી ગઈ હોય છે.

**(લાંબું મૌન)**

ખરી રીતે તો, તમે ધ્યાનપૂર્વક જોશો તો, તમારે એમ જ વિચારવું પડશે કે પ્રભુ પોતાની સામે એક જબરું હાસ્યરસનું નાટક ભજવી રહ્યા છે! જગતનો આ આવિર્ભાવ એ પોતે જ એક હાસ્યનાટક છે અને તે પ્રભુ પોતાને ખાતર પોતે ભજવી રહ્યા છે.

એમાં પ્રભુ પોતે પ્રેક્ષક બનીને બેઠેલા છે અને પોતાને જોઈ રહ્યા છે. અને એમાં પછી પ્રભુએ કાળ અને સ્થળનો ખ્યાલ સ્વીકારવાનો રહે છે, એમ ન કરે તો તેઓ પછી પોતાને જોઈ શકે નહિ અને આમ થતાં પછી તરત જ આખું હાસ્યનાટક શરૂ થઈ જાય છે. પણ એ હાસ્યનાટક જ હોય છે, બીજું કાંઈ જ

નહિ. પણ આપણે તો એ બધું ગંભીર રીતે લેતા હોઈએ છીએ, આપણે પૂતળાં જેવા છીએ એટલે જ, ખરું ને? — પણ જે ક્ષણે આપણે પૂતળાં મટી જઈએ છીએ તે ક્ષણે જ આપણને બરાબર દેખાઈ આવે છે કે આ તો હાસ્યનાટક જ છે.

***બાળક : મધુર માતાજી, કેટલાકને માટે તો એ સાચેસાચ દુઃખનાટક જ હોય છે.***

**શ્રી માતાજી :** હા, આપણે પોતે જ એને દુઃખમય બનાવીએ છીએ. એમ જ છે, આપણે પોતે જ થઈને એને દુઃખમય બનાવીએ છીએ.

હમણાં થોડા વખત ઉપર હું બધું ધ્યાનપૂર્વક જોવા લાગી હતી. મેં જોયું કે માણસ અને પ્રાણીઓના જીવનમાં એકસરખા બનાવો બનતા હોય છે તોપણ તેમાં ફેર હોય છે. તમે જો પ્રાણીઓ સાથે એકરૂપ થઈને જોશો તો તમને બરાબર જણાશે કે પ્રાણીઓ વસ્તુને જરા પણ દુઃખની રીતે લેતાં નથી હોતાં. જે પ્રાણીઓને માણસોની સાથે સંબંધ થયેલો હોય છે તે આમાં અપવાદ હોય છે. પણ એવાં પ્રાણીઓની સ્થિતિ પછી કુદરતી હોતી નથી, એ એક વચગાળાની અવસ્થા હોય છે. એ પ્રાણીઓ પ્રાણી અને મનુષ્ય વચ્ચેની સંક્રાતિની અવસ્થાનાં પ્રાણીઓ બની રહે છે... અને આવાં પ્રાણીઓ કુદરતી રીતે જ માણસ પાસેથી એની ખામીઓ ઝીલી લે છે, બીજાની ખામીઓ ઝીલી લેવી એ હંમેશાં સહેલામાં સહેલી વસ્તુ છે! અને પછી એ બિચારાં દુઃખી થાય છે — વગર ફોગટનાં.

કેટલી બધી વસ્તુઓ.... કેટલી બધી વસ્તુઓ....માણસે મૃત્યુને કેવી તો ભયંકર કરુણાજનક વસ્તુ બનાવી મૂકી છે! હમણાં હમણાં મેં એવું કંઈક જોયું છે કે જેમાં આવો કાંઈ ભેદ હોતો જ નથી. ગઈ રાતે કે પછી એની પહેલાંની રાતે હું એક સૂક્ષ્મ — શારીરિક જગતમાં કાંઈ નહિ તો બે કલાક સુધી જઈ આવી હતી. ત્યાં મરેલા અને જીવતા બંને પ્રકારના લોકો સાથે સાથે હરતા ફરતા હતા, કશો પણ ભેદ અનુભવ્યા વિના. એ જગતમાં, ત્યાં કશો ભેદ હોતો નથી. ત્યાં જીવતાં માણસો હતાં — જેમને આપણે 'જીવતાં' કહીએ છીએ તેવાં — અને આપણે જેમને મરેલાં કહીએ છીએ તે પણ હતાં. એ બધાં ત્યાં હતાં, બધાં સાથે મળીને ખાતાં પીતાં હતાં, હરતાં ફરતાં હતાં, રમતાં હતાં વગેરે વગેરે. ત્યાં એક મઝાનો પ્રકાશ હતો, શાંત અને એકંદરે બહુ આનંદદાયક, ખૂબ જ આનંદદાયક. અને મેં સ્વગત કહ્યું, 'જુઓ તો, માણસોએ આમ કાપ મૂકી દીધો છે અને પછી કહ્યું છે, "આ હવે, મૃત્યુ." અને મરેલા લોકો! એમાં ખૂબી એ છે કે એ બધાં જાણે અચેતન વસ્તુઓ હોય એમ આપણે એમને ગણીએ છીએ અને આ શરીર તે હજી પણ

સચેતન વસ્તુ છે એમ ગણીએ છીએ.

**(મૌન)**

તો પછી ભૂલ ક્યાં છે? ભૂલ ક્યાં છે?

અર્થાત્, ભૂલ છે જ નહિ. આમાં માત્ર વસ્તુઓ અશક્ય લાગતી હોય છે એટલું જ છે. કેમકે આપણે એ નથી જાણતા કે પ્રભુ તો બધી જ શક્યતાઓ છે, તેમને જે કાંઈ કરવું ગમે તે તેઓ, તેમને ગમે તે રીતે કરી શકે છે. આ વસ્તુ આપણા મગજમાં ઊતરતી નથી. આપણે તો હંમેશાં એમ કહીએ છીએ, 'આ હોઈ શકે છે, પેલું હોઈ શકતું નથી.' પણ એ સાચું નથી. અમુક વસ્તુ જો બની શકે તેમ નથી તો તે આપણી અશક્તિને કારણે બની શકતી નથી, પણ દરેક વસ્તુ બની શકે છે.

**(મૌન)**

આ જુઓ, ત્યાં પ્રભુ બેઠેલા છે અને નાટક જોઈ રહ્યા છે. એમને કશી ચિંતા થતી નથી, કેમકે જે જે બનવાનું છે તે બધું તે જાણે છે. એમને દરેક વસ્તુનું સંપૂર્ણ જ્ઞાન છે — જે કાંઈ થઈ રહ્યું છે, જે કાંઈ થઈ ગયું છે અને જે કાંઈ થવાનું છે તે બધાનું — એ બધું ત્યાં છે, ત્યાં બધું છે — એમની આગળ બધું એકી સાથે પ્રત્યક્ષ છે. અને હવે પેલા લોકો તરફ નજર નાખો, પેલા બિચારા નાટક ભજવનારાઓ તરફ, એમને કશી ખબર નથી, એમને પોતાને ભજવવાના પાઠની ખબર નથી! અને એ બહુ જ ચિંતા કરતા હોય છે, કેમકે એમને એક પાઠ ભજવવાનો હોય છે અને એ પાઠ શો છે તેની તેમને ખબર નથી. મને હમણાં જ આ પ્રમાણેની લાગણી થઈ આવી, પણ તે બહુ જોરદાર હતી : આપણે બધા આ હાસ્યનાટક ભજવી રહ્યા છીએ, પણ એ નાટક શું છે તે આપણે જાણતા નથી, એ નાટક ક્યાં પહોંચવાનું છે, ક્યાંથી આવ્યું છે, એનું આખું રૂપ કેવું છે એ પણ આપણે જાણતા નથી. આપણે અત્યારની ક્ષણે જે કરવાનું છે એટલું જ માત્ર જાણીએ છીએ — અને તે પણ ખોટી રીતે. હા, આપણે આપણો ભાગ ખોટી રીતે જાણીએ છીએ, અને પછી આપણે ચિંતા કરીએ છીએ! પણ આપણને આખું નાટક જણાઈ જાય પછી આપણને કશી મુશ્કેલી રહેતી નથી, આપણે હસી લઈએ છીએ — પ્રભુને તો બહુ જ મઝા પડતી હશે, પણ આપણને... આપણને પણ પ્રભુની માફક આનંદ કરવાની સંપૂર્ણ શક્તિ આપવામાં આવેલી છે.

પણ આપણે એ આનંદ માણવાની તસ્દી લેતા નથી.

**બાળક : *મધુર માતાજી, એ કાંઈ સહેલું નથી!***

**શ્રી માતાજી :** ઓહ, એ સહેલું હોત....હા, એ સહેલું હોત, તો લોકો એથી કંટાળી જાત.

આપણે કોઈક વાર આપણી જાતને એવો પ્રશ્ન પણ પૂછીએ છીએ કે આ જીવન શા માટે, શા માટે આટલું બધું કરુણ છે? પણ જીવન જો એક કાયમની આનંદદાયક વસ્તુ હોત તો, પહેલું તો, આપણે એનો રસ પણ લઈ શકત નહિ, કેમકે એ બધું આપણને તદ્દન સ્વાભાવિક જેવું જ લાગ્યા કરત — આમાં આ જ ખાસ વાત છે, જીવન એટલું બધું સંપૂર્ણપણે સ્વાભાવિક લાગત કે એમાં આપણને કશું રસદાયક ન લાગત — અને બીજી વસ્તુ એ કે આ જીવનમાં થોડોક ગોટાળો પણ, થોડીક વિવિધતાને ખાતર પણ, આપણને ન જ ગમે, એવું પણ આપણે કહી શકતા નથી. એ પણ કંઈ નક્કી નથી.

પૃથ્વી પરના સ્વર્ગની જે વાત છે તે કદાચ આ જ રીતની છે...એ સ્વર્ગમાં બધાને આપોઆપ જ્ઞાન મળી રહેતું હતું, એટલે કે ત્યાં બધાં રહેતાં હતાં, પ્રાણીઓના જેવી જ તેમની ચેતના હતી, જીવનનો થોડોક આનંદ માણી શકાય, પ્રાણીઓની માફક, જીવનને આનંદ મળી રહે એટલા પૂરતું તેમને જ્ઞાન હતું. પણ એમને પછી જ્ઞાન મેળવવાની ઇચ્છા થઈ, જીવન શા માટે છે, બધું કેવી રીતે બને છે, ક્યાં જાય છે, શું કરવું જોઈએ ઇત્યાદિ તેમને જાણવાનું મન થયું અને પછી બધી આફતની શરૂઆત થઈ — લોકો શાંતિથી સુખી રહી રહીને કંટાળી ગયા હતા.

**(મૌન)**

હું ધારું છું શ્રી અરવિંદને આમાં એમ કહેવું હતું કે ભૂલ પણ, જગતમાંની બધી વસ્તુઓની પેઠે, એક ભ્રાંતિ છે. ભૂલ જેવું કાંઈ છે નહિ, જગતમાં જે કંઈ છે તે બધી શક્યતાઓ છે અને તે ઘણી વાર માત્ર દેખાવમાં જ એકબીજાની વિરોધી છે — અને જગતમાં જો બધી જ રીતની વસ્તુઓ હોય તો તે જરૂર એકબીજાની વિરોધી પણ હોવાની. પણ આમાં તો માણસે માત્ર પોતાના તરફ જ નજર નાખી લેવાની છે અને પૂછવાનું છે કે, 'આ હું જેને ભૂલ કહું છું તે શું છે?' આ વસ્તુને આપણે જો માત્ર સીધેસીધી જ સામે મોંએ તપાસીશું તો તરત જ આપણને જણાઈ આવશે કે આમાં તો મૂર્ખતા થાય છે — ભૂલ જેવું કાંઈ છે નહિ — એ તમારી આંગળીઓમાંથી સરી જાય છે.

## (મૌન)

મને લાગે છે કે શ્રી અરવિંદ જે વખતે ઉપર જઈ રહ્યા હતા, સહજપ્રજ્ઞાનું મનસ એક કાણું કરી રહ્યું હતું અને અતિમાનસ સાથે સંપર્કમાં આવવા લાગ્યું હતું તે વખતે આ વસ્તુ ઝબકારાની પેઠે આવી ગઈ હશે, મનમાં એક ધડાકો થયો હોય તે રીતે અને તેમણે આ બધું લખી લીધું હશે. આ ક્રિયાને તમે જો અનુસરશો તો તમને પેલા મૂળનાં દર્શન થશે.

અને શ્રી અરવિંદ આ જ વસ્તુ કહેવા માગતા હતા, ભૂલ એ અગણિત, અનંત શક્યતાઓમાંની એક છે એ તો દેખીતું જ છે. 'અનંત' એટલે કે 'સંપૂર્ણ', એમાં પછી કોઈ પણ વસ્તુ સંભવની શક્યતાથી બહાર રહેતી નથી. તો પછી ભૂલને આપણે કઈ જગાએ મૂકીશું? આ વસ્તુ ભૂલ છે એમ તો આપણે કહીએ છીએ, એ વસ્તુ જ આખી યથેચ્છિત રીતે બોલાતી હોય છે. આપણે કહીએ છીએ કે, આ વસ્તુ ભૂલ છે, પણ તે કોની સાથે સરખાવતાં ભૂલ છે? 'આ વસ્તુ સાચી છે' એમ આપણી જે દૃષ્ટિ હોય છે તેની સરખામણીમાં તે ભૂલ છે. પણ પ્રભુની જે દૃષ્ટિ છે તેની રીતે એ ભૂલ નથી, કેમકે એ વસ્તુ તો પ્રભુનો પોતાનો જ એક ભાગ છે.

ચેતનાને વિશાળ કરવાની આ જે ક્રિયા છે, એને સહન કરી શકે તેવા માણસો બહુ નથી.

અને હું જ્યારે આ રીતે જોવા લાગું છું (માતાજી પોતાની આંખો બંધ કરે છે), ત્યારે બે વસ્તુઓ એકી સાથે દેખાય છે : હા, આ એક સ્મિત છે, આનંદ છે, ત્યાં એક આ હાસ્ય છે અને પછી શાંતિ છે! ત્યાં શાંતિ છે ખરું કે નહિ? શાંતિ, એવી તો સભર, એવી તે તેજોમય, એવી તો સંપૂર્ણ. ત્યાં તો હવે કોઈ લડતું નથી, ત્યાં કોઈ વિરોધી વસ્તુઓ નથી. કોઈ વસ્તુ હવે અથડાઅથડી કરતી નથી. ત્યાં હવે નરી એકમાત્ર તેજોમય સંવાદિતા આવી રહેલી છે — અને છતાં આપણે જે કોઈ વસ્તુને ભૂલ કહીએ છીએ, વેદના, દુઃખ કહીએ છીએ, એ બધું પણ ત્યાં છે. પેલી સંવાદિતા કોઈ પણ વસ્તુને દબાવી દેતી નથી. એ જોવાની એક બીજી રીત છે.

## (લાંબું મૌન)

અને આ વસ્તુ પણ સ્પષ્ટ છે કે આપણે જો આમાંથી સાચેસાચ બહાર નીકળી આવવા માગતા હોઈએ તો એ કાંઈ એટલું બધું મુશ્કેલ પણ નથી હોતું. આમાં તમારે પોતાને કાંઈ જ કરવાનું રહેતું નથી, તમારે બધું પ્રભુને જ કરવા

દેવાનું રહે છે; અને પ્રભુ બધું કરી લે છે. પ્રભુ બધું જ કરે છે. એ એવી તો અદ્‌ભુત વસ્તુ છે, એવી તો અદ્‌ભુત!

પ્રભુ કોઈ પણ વસ્તુ હાથમાં લે છે. આપણે જેને સાવ સામાન્ય બુદ્ધિ કહીએ એને પણ તે હાથમાં લે છે, અને પછી તમને માત્ર એટલું જ શીખવી દે છે કે આ બુદ્ધિને બાજુએ મૂકી દો, આરામમાં મૂકી દોઃ 'બસ, શાંત થઈ જા, જરા પણ હિલચાલ ના કરીશ, જરા પણ ચિંતા ના કરીશ, મારે તારી જરૂર નથી'. અને પછી એક બારણું ખૂલે છે – તમને એમ નથી લાગતું કે તમારે એ ખોલવાનું છે, એ તદ્દન ખુલ્લું જ હોય છે, તમને બીજી બાજુએ લઈ જવામાં આવે છે (આ બધું કોઈ બીજું માણસ કરી આપતું હોય છે, તેમ નહિ). અને એ પછી, તમારે માટે પેલી બીજી રીત અશક્ય બની જાય છે.

આ બધું, આહ, મન વસ્તુઓ સમજવા માટે આ બધી જે મહેનત કરે છે. ઊફ, એ માટે એ જે માથાકૂટ કરે છે, ઉપર નીચે થાય છે...એ બધું સાવ નકામું છે, સાવ નકામું છે. એમાંથી કાંઈ જ વળતું નથી. એમાં માત્ર પત્તાં જ ચિપાતાં હોય છે.

તમારી સામે એક કહેવાતો પ્રશ્ન ઊભો થયો છે : શું બોલવું, શું કરવું, કે કેવી રીતે કામ કરવું, કે....? આમાં તમારે કાંઈ જ કરવાનું નહિ, કાંઈ જ નહિ, તમારે માત્ર પ્રભુને આટલું જ કહી દેવાનું, 'લો, જુઓ, આવી વાત છે', બસ એટલું જ પછી તમે શાંત રહો છો, ઘણા શાંત રહો છો. અને પછી તદ્દન આપોઆપ રીતે, કશો વિચાર કર્યા વિના, કશું ચિંતન કર્યા વિના, કશી પણ ગણતરી કર્યા વિના, સહેજ પણ મહેનત કર્યા વિના – તમારે જે કરવાનું હોય છે તે તમે કરી લો છો. એટલે કે, પ્રભુ એ કરી લેતા હોય છે, હવે તમે કરતા નથી. પ્રભુ એ કરતા હોય છે, એ સંયોગોને ગોઠવતા રહે છે, એ માણસોને ગોઠવતા રહે છે, એ તમારા મોંમાં કે તમારી કલમમાં શબ્દ મૂકે છે – એ બધું કરે છે, બધું, બધું, બધું. તમારે પોતાને હવે કાંઈ કરવાનું રહેતું નથી, તમે પ્રભુના આનંદમાં રહો એ સિવાય તમારે કાંઈ જ કરવાનું રહેતું નથી.

મને ખાતરી છે કે માણસોને આ વસ્તુ તો ખરેખર નથી જ જોઈતી હોતી.

***બાળક : મધુર માતાજી, પરંતુ આમાં જે સફાઈ કરવાની રહે છે એ મુશ્કેલ કામ છે. આગળથી જે સફાઈ કરવાનું કામ છે તે.***

**શ્રી માતાજી :** પણ એ તમારે પોતાને કરવાની જરૂર નથી! પ્રભુ તમારે

માટે એ કરી આપે છે.

***બાળક : મધુર માતાજી, પણ એમાં પેલી જૂની ચેતના, જૂના વિચારો સતત ચડી આવતા રહે છે.***

**શ્રી માતાજી :** હા, ટેવને લીધે એ બધું ફરી પાછું શરૂ થવાનો પ્રયત્ન કરતું રહે છે — તમારે ત્યારે માત્ર એટલું જ કહેવાનું રહે છે, 'પ્રભુ, જુઓ. જુઓ, જુઓ, આ આમ છે' — બસ એટલું જ. 'પ્રભુ, જુઓ, જુઓ પેલું, જુઓ પેલું, પેલો એ જડ — ' બસ ખલાસ. અને તે, તરત જ... પણ આ વસ્તુ, બેટા, આપોઆપ બદલાતી જાય છે, કશો જ પ્રયત્ન કર્યા વિના. માત્ર એટલું જ, કે તમારે સાચા દિલથી આ કરવું જોઈએ, એટલે કે, આવી રીતે બધું થાય એમ તમારે સાચે-સાચ ઇચ્છા કરવી જોઈએ. તમે પૂરેપૂરું જાણતા હો છો કે તમે પોતે કાંઈ જ કરી શકો તેમ નથી, તમારામાં કશી જ શક્તિ નથી. મને પોતાને પણ વધુ ને વધુ એમ લાગતું રહ્યું છે કે આ જે જડતત્ત્વનું પૂતળું છે, આ કોષો વગેરેનું બનેલું જે શરીર છે એ એક ઘણી જ ક્ષુદ્ર, ક્ષુદ્ર વસ્તુ છે! આપણે પોતે બળવાન છીએ, અદ્‌ભુત છીએ, તેજોમય છીએ, સમર્થ છીએ એવી લાગણી લોકોને કોઈ સંજોગોમાં થતી હશે કે નહિ એની મને ખબર નથી. પણ મને આમ થાય છે. લોકોને આમ થતું નથી તેનું કારણ એ છે કે એમને તેઓ પોતે શાના બનેલા છે તેની ખરેખર કશી જ ખબર હોતી નથી! આપણે પોતે શાના બનેલા છીએ એની જ્યારે આપણને સાચેસાચ ખબર પડી જાય છે ત્યારે — આમ તો આપણે કાંઈ જ નથી, કાંઈ જ નથી, પણ છતાં આપણે હરેક વસ્તુ કરી શકીએ છીએ, અને તે એક શરતે... એક શરતે કે આપણે બધું જ પ્રભુને કરવા દઈએ. પણ આપણામાં હંમેશા એક કંઈક એવું આવી રહેલું છે કે જેને પોતાની મેળે કરવાનું બહુ જ ગમતું હોય છે, એ જ મુશ્કેલી છે, નહિ તો...

ના, તમારી ભાવના તો ખૂબ જ ઉત્તમ હોઈ શકે છે અને પછી તમને થાય છે કે આ હવે હું કરું. અને એમાંથી પછી આખી વસ્તુ ગૂંચવાઈ જાય છે. અથવા તો એમ હોય છે કે તમને શ્રદ્ધા હોતી નથી, તમે એમ માનતા હો છો કે પ્રભુ કાંઈ કરી શકવાના નથી અને તમારે પોતે જ એ કામ કરવું જોઈશે, કેમકે પ્રભુને તો કાંઈ આવડતું નથી હોતું! (શ્રી માતાજી હસે છે). આ વસ્તુ, આ રીતની મૂર્ખતા બહુ જ મોટા પ્રમાણમાં બધે રહેલી છે. 'પ્રભુને તે વળી કેવી રીતે સમજાય? આપણે તો અસત્યના જગતમાં રહીએ છીએ, અને પ્રભુને વળી અસત્ય કેવી રીતે સમજાય અને વળી...' એમ જ છે, પ્રભુ વસ્તુઓ જેવી છે તેવી જ બરાબર જુએ છે!

અને હું આ કાંઈ બુદ્ધિ વિનાના લોકોની વાત કરતી નથી, આ તો જે બુદ્ધિશાળી લોકો છે અને બધું કરવાનો પ્રયત્ન કરી રહ્યા છે — અમુક લોકો તો જાણે છે જ કે આપણે એક અવિદ્યા અને અસત્યના બનેલા જગતમાં રહીએ છીએ અને પ્રભુ તો પૂર્ણ સત્ય સ્વરૂપ જ છે, પણ એવા લોકોની અંદર પણ તેમના કોઈક ભાગમાં, અમુક રીતે, એવી એક વસ્તુ ઠસી ગઈ હોય છે, એ લોકો પણ એમ કહેતા હોય છે, 'એટલે જ તો, પ્રભુ પૂર્ણ સત્ય-સ્વરૂપ છે એટલે જ તેઓને સમજણ પડતી નથી (માતાજી હસે છે). એ આપણા અસત્યને સમજતા નથી. આપણે જ એ અસત્યનો નિકાલ કરવાનો રહે છે'. આવી વૃત્તિ લોકોમાં બહુ જ વ્યાપક છે.

***બાળક : મધુર માતાજી, આ પ્રશ્ન મેં મને પોતાને ઘણી વાર પૂછ્યો છે. હું જ્યારે પ્રભુને પ્રાર્થના કરું છું, અમુક વસ્તુ બરાબર નથી એમ હું જ્યારે પ્રભુને સમજાવવા માગું છું ત્યારે મને હંમેશાં એમ લાગતું રહ્યું છે કે મારે ખૂબ જ એકાગ્રતા કરવી જોઈએ, અને કંઈ નહિ તો કોઈ દૂર દૂરની વસ્તુને પુકાર કરવો જોઈએ. આ શું બરાબર છે? કે એ પછી ખરેખર....***

**શ્રી માતાજી :** એનો આધાર આપણા પોતા ઉપર છે!

મને તો, તમે જાણો છો કે, હરેક સ્થળે પ્રભુનો અનુભવ થઈ રહ્યો છે, બધો જ વખત, બધો જ વખત...અને તે છેક સ્થૂલ સુધી — હા એ સ્થૂલ તે સૂક્ષ્મ કોટિનું સ્થૂલ છે, પણ એ સ્થૂલ છે — વસ્તુઓમાં, હવામાં, લોકોમાં... આમ (માતાજી પોતાના ચહેરા ઉપર પોતાના હાથ દબાવે છે). અને પછી મારે દૂર જવાની જરૂર રહેતી નથી, મારે માત્ર આટલું જ કરવાનું રહે છે. (માતાજી પોતાના હાથ સહેજ અંદરની બાજુએ વાળે છે), એક સેકન્ડ હું એકાગ્ર બની જાઉં છું — અને પ્રભુ ત્યાં હોય છે જ! પ્રભુ ત્યાં હોય છે જ, પ્રભુ બધે જ છે. એ તો આપણે જ્યારે એમ માનીએ કે પ્રભુ દૂર છે ત્યારે જ તે દૂર હોય છે.

હા, આપણે જ્યારે વિશ્વરૂપ ચેતનાની બધી જ કક્ષાઓનો, બધી જ ભૂમિકાઓનો વિચાર કરવા બેસીએ અને પછી એમ ધારીએ કે પ્રભુ એ બધાની પાર, છેક છેલ્લે છેડે, છેલ્લે છેડે, ઊંચે ઊંચે આવી રહેલા છે, ત્યારે પછી ખરેખર પ્રભુ બહુ જ દૂર દૂરના બની જાય છે! પણ આપણે જ્યારે એમ વિચારીએ કે પ્રભુ તો સર્વત્ર રહેલા છે. આ બધી વસ્તુઓ તે પ્રભુ પોતે જ છે, અને એ તો આપણી પોતાની જોવાની રીત એવી છે કે જેથી આપણે પ્રભુને જોઈ શકતા નથી, અનુભવી શકતા નથી અને આપણે તો માત્ર આમ જ કરવાનું રહે છે

(માતાજી પોતાના હાથ અંદરની બાજુએ વાળે છે). એ ક્રિયા આવી હોય છે (માતાજી પોતાના હાથ વારાફરતી અંદરની બાજુએ અને બહારની બાજુએ વાળે છે). અને એ પછી બહુ જ નક્કર વસ્તુ બની જાય છે. તમે આમ કરો (બહારની બાજુએ હાથ), અને બધું કૃત્રિમ થઈ જાય છે, કઠણ થઈ જાય છે, શુષ્ક, ખોટું, અસત્ય, હા, કૃત્રિમ થઈ જાય છે. અને તમે આમ કરો (અંદરની બાજુએ હાથ), અને બધું વિશાળ બને છે, શાંત બને છે, તેજોમય, શાંતિમય, વિસ્તૃત, સુખમય બને છે. અને એમાં માત્ર આટલું જ હોય છે, આટલું જ (માતાજી પોતાના હાથ વારાફરતી અંદર અને બહારની બાજુએ વાળે છે). આ બધું કેવી રીતે? ક્યાં? એનું વર્ણન આપી શકાય તેમ નથી, એ માત્ર, માત્ર ચેતનાની જ એક ક્રિયા છે, બીજું કાંઈ જ નહિ. એ ચેતનાની ક્રિયા છે. અને સાચી ચેતના અને ખોટી ચેતના વચ્ચેનો તફાવત વધુ ને વધુ...ચોક્કસ થતો જાય છે, અને સાથે સાથે પાતળો પણ — એ તફાવતમાંથી બહાર આવવા માટે તમારે કંઈ બહુ 'મોટી' વસ્તુઓ કરવાની રહેતી નથી. પહેલાં તો તમને એમ લાગતું હોય છે કે તમે કોઈક વસ્તુમાં પુરાઈ રહેલા છો અને એમાંથી બહાર નીકળવા માટે તમારે ખૂબ જ અંતર્મુખ થવાનું રહે છે, ખૂબ જ એકાગ્રતા, તન્મયતા કેળવવાની રહે છે. પણ હવે તમને એમ લાગે છે કે આ વસ્તુને તમે સ્વીકારેલી છે (માતાજી પોતાનો હાથ પોતાના ચહેરાની સામે એક પડદાની માફક મૂકે છે). આ વસ્તુ જાણે કે એક પાતળી છાલ જેવી છે, પણ બહુ જ કઠણ — બહુ જ કઠણ પણ વાળી વળી શકે તેવી, એ બહુ બહુ સુક્કી છે, પણ બહુ પાતળી છે, બહુ પાતળી છે. આપણે કોઈ બુરખો પહેર્યો હોય તેના જેવી, અને પછી તમે આમ કરો છો (હાથની ક્રિયા), અને એ જતી રહે છે.

એક વખત એવો પણ આવે છે કે જ્યારે તમારે આ બુરખા વિશે સભાન રહવાની જરૂર રહેતી નથી અને એ સમય તમને અગાઉથી દેખાય છે. પેલી વસ્તુ એવી તો પાતળી થઈ જશે કે, તમારે ફરીથી બુરખો પહેરવાની જરૂર રહેશે નહિ, અને તમે એ વસ્તુની આરપાર જોઈ શકશો, એમાં રહીને અનુભવ કરી શકશો, કામ કરી શકશો.

**પણ જગતની સર્વ વસ્તુઓમાં પ્રભુનું આ જે સાંનિધ્ય રહેલું છે...એ એક આંદોલન રૂપે હોય છે, — પણ એ આંદોલન એવું કે એમાં બધી જ વસ્તુઓ આવી રહેલી હોય છે. એ આંદોલનમાં એક રીતની અનંત શક્તિ હોય છે, અનંત આનંદ અને અનંત શાંતિ હોય છે, અને એમાં વિશાળતા હોય છે, વિશાળતા, એવી તો વિશાળતા, કે એમાં કોઈ સીમા જ નહિ... પણ એ કેવળ એક આંદોલન**

**જ હોય છે. ના, એ.... ઓહ, ભગવાન! તમે એને વિષે વિચાર કરતા નથી હોતા. એટલે એને વિષે કાંઈ કહી શકતા પણ નથી. અને જો તમે એનો વિચાર કરવા બેસશો તો જે ક્ષણે તમે વિચાર શરૂ કરશો કે ફરી પાછો બધો જ ગોટાળો શરૂ થઈ જશે. એટલે જ તમે એને વિષે પછી કાંઈ બોલી શકતા નથી.**

ના, પ્રભુ બહુ દૂર દૂર છે એમ તમે ધારો છો એટલા માટે એ બહુ દૂર દૂર છે. પણ તમે જો એમ ધારો કે પ્રભુ અહીં છે, આમ (પોતાના ચહેરા તરફ હાથ કરીને) તમને અડી રહેલા છે... તમને એમનો અનુભવ થતો હોય તોપણ તમને એ દૂર દૂર લાગશે. એ તમે કોઈ માણસને મળતા હોય એવું કંઈ નથી, એ વસ્તુ એવી નથી. એ કોઈ વિજાતીય વસ્તુ નથી, એ કોઈ બહાર રહેલી વસ્તુ નથી, બહારથી આવીને એ અંદર પ્રવેશતી નથી. પ્રભુ એવા નથી.... એ તો સર્વત્ર છે.

એટલે તમને સર્વત્ર અનુભવ થાય છે, સર્વત્ર, સર્વત્ર — અંદર, બહાર, સર્વત્ર, સર્વત્ર, એના સિવાય બીજું કાંઈ જ નહિ — એ, એનું આંદોલન.

ના, એ વાત તો તમારે બંધ જ કરવી પડશે (મગજની), એ તમે બંધ નહિ કરશો ત્યાં લગી તમે સાચી વસ્તુ જોઈ શકવાના નથી — તમે સરખામણીઓ શોધવા લાગો છો, તમે કહો છો, 'એ આના જેવું છે, પેલાના જેવું છે', ઓહ!

**(મૌન)**

અને કેટલી બધી વાર, કેટલી બધી વાર આપણને થાય છે...ત્યાં કોઈ રૂપ નથી હોતું — રૂપ હોય છે અને નથી હોતું, તમે એને વિષે બોલી શકતા નથી. અને તમને લાગે છે કે કોઈ જોઈ રહ્યું છે અને ત્યાં આંખો હોતી નથી — આંખો નથી હોતી અને છતાં કોઈ જોતું હોય છે — કોઈ જોતું હોય છે, હસતું હોય છે અને મોં નથી હોતું, કોઈ આકૃતિ હોતી નથી! અને છતાં કોઈ સ્મિત કરતું હોય છે, કોઈ જતું હોય છે અને (શ્રી માતાજી હસે છે) તમે કહ્યા વગર રહી શકતા નથી, 'હા, પ્રભુ, હું મૂર્ખ છું!' પણ પ્રભુ હસે છે, અને તમે હસો છો અને તમને આનંદ રહે છે.

પણ એ વાત તો નહિ જ! એ વાત સમજાવી શકાય તેવી નથી. એને વિષે કંઈ કહી શકાય તેમ નથી. તમે કશું જ કહી શકતા નથી. તમે જે કાંઈ કહો તે શૂન્ય હોય છે, શૂન્ય.

૧૨ ઑક્ટોબર, ૧૯૬૨

*

**(૮૧) પ્રભુનું હાસ્ય કોઈક વાર સભ્ય લોકોને બહુ અસંસ્કારી અને અનુચિત લાગે તેવું હોય છે. પ્રભુને પોતે મોલિયેર બનવાથી સંતોષ હોતો નથી, એમણે અરિસ્ટોફેનિસ તથા રાબેલે* થવાની જરૂર પણ રહે છે.**

**(૮૨) માણસો જીવનને જો જરા ઓછું ગંભીર રીતે લે તો તેઓ જીવનને બહુ જલ્દીથી વધારે સંપૂર્ણ બનાવી શકે છે. પ્રભુ પોતાનાં કામોને ગંભીરપણે લેતા નથી, એટલે તો આપણને આ અદ્‌ભુત જોવાનું મળે છે.**

**(૮૩) લજ્જાના પરિણામો ઘણાં સારાં આવતાં હોય છે અને રસશાસ્ત્રમાં તેમજ નૈતિક જીવનમાં આપણે એના વિના ચલાવી શકીએ તેમ નથી. પણ આમ છતાં લજ્જા એ દુર્બળતાનો બિલ્લો છે અને અજ્ઞાનની સાબિતી છે.**

***બાળક : મધુર માતાજી, વસ્તુઓને ગંભીરપણે લેવાથી જીવન વધુ સંપૂર્ણ થતાં અટક્યું છે એ કેવી રીતે બન્યું હશે — આવો પ્રશ્ન પુછાય?***

**શ્રી માતાજી :** સદ્‌ગુણની ભાવના હંમેશાં જીવનમાં વસ્તુઓને દબાવી દેવાનું કામ કરતી રહી છે, અને જગતના જુદા જુદા દેશોના બધા સદ્‌ગુણોને જો ભેગા કરવામાં આવે તો પછી જીવનમાં ભાગ્યે જ કોઈ વસ્તુનું સ્થાન રહેશે.

સદ્‌ગુણ પોતે પૂર્ણતા પ્રાપ્ત કરવા માગે છે એવો દાવો કરે છે, પરંતુ પૂર્ણતા એ તો એક સમગ્રતા છે. એટલે આ બે ક્રિયાઓ એકબીજાની વિરોધી બની રહે છે. સદ્‌ગુણ તે વસ્તુઓને બહાર ધકેલી દે છે, કમી કરે છે, મર્યાદાઓ બાંધે છે. અને પૂર્ણતા તે દરેક વસ્તુનો સ્વીકાર કરે છે, તે કોઈનો પણ ઈન્કાર કરતી નથી, પણ દરેક વસ્તુને તેના સ્થાનમાં મૂકી આપે છે. આવી બે વસ્તુઓ દેખીતી રીતે જ એકબીજાને સમજી શકતી નથી.

જીવનને ગંભીર રીતે લેવું એમાં સામાન્ય રીતે બે ક્રિયાઓ બનતી હોય છે. પહેલું તો આમાં જે વસ્તુઓ ઘણું ખરું મહત્ત્વની હોતી નથી તેમને મહત્ત્વ આપવામાં આવે છે અને બીજું એ કે જેને શુદ્ધ અને જીવનમાં સ્વીકારવા જેવા

* રાબેલે (૧૪૯૪-૧૫૫૩) એ મર્મ અને હાસ્યનો મહાન ફ્રેન્ચ લેખક હતો. જીવનમાં આનંદના તત્ત્વનો તે મોટો હિમાયતી હતો.

ગણાય એવા અમુક ગુણો પૂરતું જ તે જીવનને મર્યાદિત કરી દેવા માગે છે. અને કેટલાક લોકો (દા. ત. જેમને શ્રી અરવિંદ 'ચોખલિયા' કિંવા 'શુદ્ધવાદી' તરીકે વર્ણવે છે તેવા) ની બાબતમાં સદ્‌ગુણનું આ તત્ત્વ એક શુષ્ક, નીરસ, ધૂંધળી, આક્રમક વસ્તુ બની જાય છે અને તે દરેક સ્થળે, દરેક આનંદમય, મુક્ત અને સુખી વસ્તુમાં ભૂલો કાઢ્યા કરે છે.

જીવનને (એટલે કે હું અહીં પૃથ્વી પરના જીવનની વાત કરું છું એ તો બરાબર તમારા ખ્યાલમાં હશે જ) પૂર્ણ કરવાનો માત્ર એક જ રસ્તો છે અને તે એ કે તમારે જીવન પ્રતિ એક ઠીક ઠીક ઊંચી અવસ્થામાંથી દૃષ્ટિ નાખવી જોઈએ. એમ કરતાં તમે જીવનને સમગ્ર રૂપે જોઈ શકશો, અને તે એની વર્તમાન સમગ્રતામાં જ નહિ પણ તેની ભૂત, વર્તમાન અને ભવિષ્યની જે સમગ્રતા છે એ રૂપે તમે જોઈ શકશો. જીવન જે રૂપે રહેલું હતું, જે રૂપે એ અત્યારે છે અને જે રૂપે તે થશે — આ બધું આપણે એકી સાથે જોઈ શકવું જોઈએ. કેમકે આ રીતે જ તમે દરેક વસ્તુને તેના સ્થાનમાં મૂકી શકશો. જગતમાં કોઈ પણ વસ્તુ દબાવી દઈ શકાતી નથી, કોઈ પણ વસ્તુને દબાવી દેવી ન જોઈએ, પણ દરેક વસ્તુને બીજી બધી વસ્તુઓની સાથેની એક સંપૂર્ણ સંવાદિતતામાં લાવીને તેના પોતાના સ્થાને મૂકી આપવી જોઈએ. અને એમાં પછી, બુદ્ધિવાદી માણસને જે જે વસ્તુઓ આટલી બધી 'ખરાબ'. આટલી બધ 'ઘૃણાજનક', આટલી બધી 'અસ્વીકાર્ય', લાગતી હોય છે તે બધી એક સંપૂર્ણ રીતે દિવ્ય બની ગયેલા જીવનની આનંદ અને મુક્તિની ક્રિયાઓ બની રહે છે. આ થયા પછી આપણે પ્રભુનું પોતાની જાતને અનંતપણે નિહાળતા રહેવામાં જેમને અનંત આનંદ મળે છે એવા પ્રભુનું આ અદ્‌ભુત હાસ્ય જાણી શકીશું, સમજી શકીશું, તેને અનુભવી શકીશું અને જીવનમાં માણી શકીશું. એમાં પછી આપણને કોઈ વસ્તુ અટકાવી શકશે નહિ.

આ આનંદ, આ અદ્‌ભુત હાસ્ય અંધકારમાત્રને ઓગાળી નાખે છે, વેદનામાત્રને, દુઃખમાત્રને ઓગાળી નાખે છે! બસ, તમે તમારી અંદર પૂરતા પ્રમાણમાં ઊંડે ચાલ્યા જાઓ અને ત્યાં તમને આ આંતર સૂર્યનું દર્શન થશે. અંતે એ સૂર્યને પોતાનો પ્રકાશ તમારા પર ફેલાવા દો અને પછી જગતની એકેએક વસ્તુ સૂર્યના એક સંવાદપૂર્ણ, તેજોમય, અટ્ટહાસ્યનો ધોધ બની જશે, અને પછી ક્યાંય ઓછાયો કે દુઃખ રહેવા દેશે નહિ.

અને ખરેખર, તમે જો આ સ્થાનમાંથી બધું જોઈ શકશો, તમે જો એ સ્થાનમાં ખડા રહી શકશો, તો પછી જીવનની મોટામાં મોટી મુશ્કેલીઓ, મોટામાં મોટાં દુઃખો, અને મોટામાં મોટી શારીરિક વેદનાઓ પણ કોક જુદા જ સ્વરૂપે બની

રહેશે. તમને તેમની અવાસ્તવિકતા દેખાઈ આવશે, તમે જોશો કે આ મુશ્કેલી અવાસ્તવિક છે, દુઃખ અવાસ્તવિક છે, વેદના અવાસ્તવિક છે, એકેએક વસ્તુ એક કેવળ આનંદ અને તેજનું જ માત્ર આંદોલન છે.

મુશ્કેલીઓ ઓગાળી નાખવા માટેનું, દુઃખોને જીતી લેવા માટેનું, વેદનાને દૂર કરવાનું મૂળે સૌથી સમર્થ સાધન તે આ જ છે. આમાંની પહેલી બે વસ્તુઓ, મુશ્કેલીઓ અને દુઃખને દૂર કરી દેવાં એ પ્રમાણમાં સહેલું છે 'પ્રમાણમાં' (એમ મારું કહેવું છે, શરીરની વેદનાને જીતવી એ વધારે મુશ્કેલ છે. કારણકે આપણને શરીરને વિષે તથા તેને જે કાંઈ થાય છે તેને વિશે એમ માનવાની ટેવ પડી ગઈ છે કે એ બધું તો અત્યંત સઘન છે, અવિરોધ્ય છે. પણ શરીરની વેદના એ પણ મુશ્કેલીઓ અને દુઃખના જેવી જ વસ્તુ છે. આપણે હજી આપણું શરીર તે એક કોઈ પ્રવાહી, મુલાયમ, નિશ્ચિતતા વિનાની, વાળી વળી શકે તેવી વસ્તુ છે એ વાત શીખ્યા નથી, એ પ્રમાણે શરીરને જોવાને આપણે ટેવાયેલા નથી એટલે શરીર આપણને આવું લાગે છે. આપણે શરીરની અંદર આ તેજોમય અટ્ટહાસ્યને દાખલ કરવાનું હજી શીખ્યા નથી. અને હાસ્ય તો સર્વ અંધકારને, સર્વ મુશ્કેલીઓને, સર્વ વિસંવાદ અને સર્વ અમેળને, જગતમાં જે જે કાંઈ કર્કશતા ઊભી કરતું હોય છે, ચિત્કાર કરતું હોય છે, રોકકળ કરતું હોય છે એ સર્વને ઓગાળી નાખતું હોય છે.

અને આ સૂર્ય, દિવ્ય અટ્ટહાસ્યનો આ સૂર્ય જગતમાંની પ્રત્યેક વસ્તુના છેક કેન્દ્ર ભાગમાં રહેલો છે. પ્રત્યેક વસ્તુનું એ સત્ય છે. આપણે માત્ર એને જોતાં, અનુભવતાં, જીવનમાં સાક્ષાત્ કરતાં શીખી લેવાનું છે.

અને આ માટે, જે લોકો જીવનને બહુ ગંભીરપણે લેતા હોય એવા લોકોથી દૂર રહેવાનું છે. એવા લોકો તો શુષ્કતાનાં પૂતળાં છે.

તમારી આસપાસનું વાતાવરણ જે ઘડીએ ગંભીર બની જાય ત્યારે તમે કહી શકશો કે કંઈક બરાબર નથી, કોઈ ખરાબ હાનિકારક વસ્તુ હવામાં આવી છે, કોઈ જૂની ટેવ ફરી પાછી પોતાનો અડ્ડો જમાવવાનો પ્રયત્ન કરી રહી છે અને એને તમારે દાખલ થવા દેવાની નથી. આ બધી જે અફસોસની, પશ્ચાત્તાપની લાગણી થતી રહે છે, અપાત્રતાનો, ભૂલ ર્ક્યાનો ભાવ અનુભવાતો રહે છે, અને એમાં પછી એક ડગલું આગળ, અને તમને પાપની લાગણી થાય છે. ઓહ! આ બધું મને લાગે છે કે એ બધું કોઈ બીજા જમાનાની વસ્તુ છે, અંધાર યુગની વસ્તુ છે.

પણ આ બધી જે વસ્તુઓ ટકી રહી છે, વળગી રહેવાનો, કાયમ રહેવાનો પ્રયત્ન કરી રહી છે, અને જીવનને આમ બે ભાગમાં આ જે કાપી નાખવામાં

આવે છે, આ તો નાનું અને આ તો મોટું, આ તો પવિત્ર અને આ તો અપવિત્ર! બાપ રે! અને આ પોતે આધ્યાત્મિક જીવન ગાળે છે એવો દાવો કરતા લોકો કહે છે, 'અરે આમ કેમ! આટલી બધી નાની, કશા પણ મહત્ત્વ વિનાની વસ્તુઓને તમે આધ્યાત્મિક અનુભૂતિનો વિષય તે કેવી રીતે બનાવી શકો!' અને છતાં એ જ વસ્તુમાંથી તમને જે આધ્યાત્મિક અનુભવ થાય છે તે વધુ ને વધુ સઘન અને વાસ્તવિક બનતો રહે છે, તદ્દન સ્થૂલની રીતે પણ. જગતમાં અમુક વસ્તુઓમાં પ્રભુ છે અને અમુકમાં પ્રભુ નથી એવું કાંઈ જ નથી. પ્રભુ તો હંમેશાં બધે છે જ. પ્રભુ કોઈ પણ વસ્તુને ગંભીરપણે લેતા નથી, એ તો દરેક વસ્તુમાંથી વિનોદ માણે છે, એ તો તમારી સાથે રમે છે, તમને જો રમતાં આવડતું હોય તો. પણ તમને રમતાં આવડતું નથી. લોકોને રમતાં આવડતું નથી. પણ પ્રભુને તો કેટલું બધું રમતાં આવડે છે! એ કેવી સરસ રીતે રમે છે! એ તે દરેક ચીજ સાથે, નાનામાં નાની ચીજ સાથે રમે છે! તમારે તમારા ટેબલ પર વસ્તુઓ, મૂકવાની છે ને? તો એમાં તમારે ખૂબ વિચાર કરવો જોઈએ અને પછી ગોઠવવું જોઈએ એમ ના માનશો, ના, એ તો તમે રમત રમવાના છો એમ તમારે ગણી લેવું જોઈએ! આ એક અહીં મૂકો અને એમ કર્યે જાઓ અને વળી બીજી રીતે ગોઠવવાનું......કેવી સરસ રમત અને કેટલી બધી મજાની.

તો આ વાત હવે આપણને સમજાઈ ગઈ છે. એટલે પ્રભુ સાથે કેવી રીતે હસવું એ જાણવાનો આપણે પ્રયત્ન કરીશું.

૧૪ જાન્યુઆરી, ૧૯૬૩

*

**(૮૪) જેની પ્રકૃતિને હજી સુધી આપણે પહોંચી શક્યા નથી અથવા જાણી શક્યા નથી; જેને પ્રાપ્ત કરવાનાં સાધનો હજી આપણે મેળવી શક્યા નથી, તેને આપણે "અતિ - પ્રાકૃતિક" કહીએ છીએ. માણસોને ચમત્કારો ગમે છે એ હકીકત બતાવી આપે છે કે માનવનું આરોહણ હજી પરિપૂર્ણ બન્યું નથી.**

**(૮૫) ઇન્દ્રિયાતીત વસ્તુઓમાં વિશ્વાસ ન મૂકવો તે તાર્કિકતાયુક્ત અને ડાહ્યાપણું છે, પણ તેમાં વિશ્વાસ મૂકવો તે પણ એક પ્રકારની પ્રજ્ઞા છે તે સમજવું જરૂરી છે.**

**(૮૬) મહાન સંતોએ ચમત્કારો કર્યા છે, વધુ મહાન સંતોએ ચમત્કારોને વખોડી કાઢ્યા છે; સૌથી મહાન સંતોએ એવા ચમત્કારોને વખોડી કાઢ્યા છે તેમજ પોતે કર્યા પણ છે.**

**(૮૭) આંખો ઉઘાડીને જુઓ કે સાચી રીતે વિશ્વ અને ભગવાન શું છે, ખુશ કરનારી મિથ્યા કલ્પનાઓને દૂર કરી દો.**

***બાળક : મધુર માતાજી, મનુષ્યની બાહ્ય ચેતનાના અવરોધો ઉપર વિજય પ્રાપ્ત કરવા માટે આપે અથવા શ્રી અરવિંદે ચમત્કારોનો ઉપયોગ વધુ પ્રમાણમાં કેમ નથી કર્યો? બાહ્ય પરિસ્થિતિઓની બાબતમાં આ પ્રકારે વસ્તુને ઠેલવાની વૃત્તિ કેમ, હસ્તક્ષેપ ન કરવાની વૃત્તિ કેમ, આ પ્રકારનો ભેદ રાખવાનું કારણ શું છે?***

**શ્રી માતાજી :** જ્યાં સુધી શ્રી અરવિંદને લાગે વળગે ત્યાં સુધી એમણે મને જે કાંઈ અનેક વાર બતાવ્યું છે તેટલી જ ખબર છે. ભૌતિક અને પ્રાણમય જગતમાં હસ્તક્ષેપ કરવાની બાબતને જ લોકો ચમત્કાર કહે છે. આ પ્રકારના હસ્તક્ષેપોમાં હંમેશાં અજ્ઞાન અને નિરંકુશતા ભળી ગયેલાં હોય છે.

પરંતુ શ્રી અરવિંદે, મનના ક્ષેત્રમાં જે કાંઈ ચમત્કારો કર્યા છે તે અગણિત છે. પરંતુ વ્યક્તિ એને ત્યારે જ દેખી શકે છે જ્યારે એની દૃષ્ટિ સીધી, સાચી અને વિશુદ્ધ હોય. અને ઘણા લોકોએ એમને જોયા પણ છે. પરંતુ હું એ વસ્તુ જાણું છું કે એમણે કોઈ પણ પ્રાણમય અથવા ભૌતિક રીતના ચમત્કાર કરવાનું સ્વીકારેલું નહિ અને એનું કારણ એ જ હતું — એમાં અજ્ઞાન વગેરેનું મિશ્રણ થવાનો સંભવ.

મારો અનુભવ એવો છે કે અત્યારે જગતની જે વ્યવસ્થા છે તેમાં કોઈ પ્રત્યક્ષ ચમત્કાર અથવા ભૌતિક અને પ્રાણમય ચમત્કારમાં રહેલાં નિરર્થકતાનાં એ સર્વ તત્ત્વોને લક્ષ્યમાં રાખવાં જોઈએ, જેમનો આપણે સ્વીકાર કરી શકીએ નહિ, એવા ચમત્કારો બિલકુલ જૂઠા ચમત્કારો હોય છે. એમનો સ્વીકાર ન થઈ શકે. લોકો જેને ચમત્કાર કહે છે તે મેં જોયા છે. મેં એક જ સમયે અનેક ચમત્કારોને જોયા છે, જેમનાથી એવી અનેક વસ્તુઓને પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવાની પરવાનગી મળી ગઈ છે, જે પરવાનગી મારી દૃષ્ટિએ મળવી જોઈતી ન હતી.

જેને લોકો આજકાલ ચમત્કાર કહે છે તે મુખ્યત્વે કરીને હંમેશાં પ્રાણમય જગતનાં તત્ત્વો દ્વારા અથવા તેમની સાથે સંબંધ ધરાવનાર વ્યક્તિઓ દ્વારા

કરવામાં આવે છે. એમાં વસ્તુઓ ભેળસેળ થઈ ગયેલી હોય છે, એમાં કેટલીક એવી વસ્તુઓની વાસ્તવિકતા યા સત્યનો સ્વીકાર કરવામાં આવે છે જે વસ્તુતઃ સત્ય હોતી નથી. એ આધાર ઉપર જ એ કાર્ય કરે છે. એટલા માટે જ એમનો સ્વીકાર થઈ શકે તેમ નથી.

***બાળક : મધુર માતાજી, આપે જે કહ્યું કે શ્રી અરવિંદે મનના ક્ષેત્રમાં ચમત્કારો કરેલા છે એ હું બરાબર સમજી શક્યો નથી, એ કહેવામાં આપનું શું તાત્પર્ય છે?***

**શ્રી માતાજી :** જ્યારે તેઓ મનોમય ચેતનાને અતિમાનસિક ચેતનાથી ભરી દે છે ત્યારે એવું બને છે. જે મનોમય ચેતના સર્વ પ્રકારની ભૌતિક ક્રિયાઓ ઉપર શાસન કરે છે તેની અંદર એક અતિમનસ રચના અથવા શક્તિ અથવા બળ ભરી દેતા હતા, જેને લઈને તરત જ, આખીયે વ્યવસ્થા બદલાઈ જતી હતી. એને લઈને તત્કાલ અને પ્રત્યક્ષ રૂપમાં તર્કવિરુદ્ધનાં પરિણામો ઉત્પન્ન થયાં હતાં કારણ કે એમાં તાર્કિક મનની ક્રિયા પદ્ધતિ અનુસાર ક્રમિક રીતે કાર્ય કરવામાં આવતું ન હતું.

તેઓ પોતે કહેતા હતા કે જ્યારે તેઓ અતિમનસ બળ અને શક્તિને પોતાના કાબુમાં લઈને પોતાની ઇચ્છા અનુસાર તેમનો પ્રયોગ કરતા હતા, જ્યારે તેઓ તેમને એક નિયત સ્થાન ઉપર, એક નિશ્ચિત અને નક્કી કરેલા ઉદ્દેશપૂર્વક યોજી શકતા હતા ત્યારે એ વસ્તુ અટલ અને અનિવાર્ય બની જતી હતી અને એનો પ્રભાવ પણ પૂર્ણ રીતનો રહેતો. લોકો એને ચમત્કાર કહી શકે છે.

એક દાખલો લો : કોઈ બીમાર છે, એને કોઈ ઠેકાણે પીડા થઈ રહી છે, જ્યારે શ્રી અરવિંદની પાસે આ અતિમનસ શક્તિ રહેતી હતી (એક વખત એમણે કહેલું કે એ શક્તિ સંપૂર્ણપણે એમના અધિકારમાં છે અર્થાત તેઓ પોતાની ઇચ્છા અનુસાર એનો પ્રયોગ કરી શકતા હતા, જ્યાં ઇચ્છા હોય ત્યાં એને પ્રેરી શકતા હતા) ત્યારે સ્વાભાવિક રીતે જ તેઓ, જો એમ કહી શકાય તો એક પ્રકારની સંકલ્પશક્તિનો કોઈ ભૌતિક પ્રાણમય અથવા માનસિક અવ્યવસ્થા ઉપર પ્રક્ષેપ કરતા હતા, તેઓ એક ઉચ્ચતર સંવાદ અને ક્રમથી પરિપૂર્ણ એવી એ શક્તિનું અવતરણ કરીને એનાથી કામ લેતા હતા અને એ તરત જ પોતાનું કામ કરતી હતી. પછી ત્યાં એક વ્યવસ્થા સ્થપાઈ જતી. એ એક વ્યવસ્થા, એક એવી સમસ્વરતા ઉત્પન્ન કરી દેતી જે કુદરતી સમસ્વરતાથી વધુ ઊંચી હતી. બીજા શબ્દોમાં કહીએ તો એ રીતે એ બીમારીનો જે ઉપચાર થતો તે

સર્વ પ્રકારના ઉપચારોથી વધુ પૂર્ણ રીતનો થતો અને સામાન્ય મનોમય અથવા ભૌતિક ઉપાયોથી કરવામાં આવે છે તેના કરતાં વધુ નિર્દોષ રહેતો.

એવા ઉદાહરણો પૂરતા પ્રમાણમાં ખૂબ બનતાં. પરંતુ લોકો એટલા બધા આંધળા હોય છે, તેઓ પોતાની સામાન્ય ચેતનામાં એટલા બધા જડ થઈ ગયા હોય છે કે તેઓ હંમેશાં કોઈને કોઈ કારણ બતાવી દેતા, તેઓ હંમેશાં કોઈ પણ રીતનો ખુલાસો આપી શકે છે. કેવળ એ લોકો, જેમનામાં અભીપ્સા અને શ્રદ્ધા છે, જેમનામાં સારી રીતની શુદ્ધતા છે, અર્થાત્ જેઓ ખરેખર જાણવા માગે છે તેઓ જ એને જોઈ શકે છે.

તેઓ એમ પણ કહેતા હતા કે જ્યારે એ શક્તિ એમની પાસે હતી ત્યારે એ કાર્ય વિના પ્રયત્ને થઈ જતું, એમને કેવળ એટલું જ કરવું પડતું : વ્યવસ્થા અને અતિમનસ સમસ્વરતાની એ શક્તિનો ત્યાં પ્રક્ષેપ કરવો, અને પરિણામ તરત જ પ્રગટ થઈ આવતું.

***બાળક : મધુર માતાજી, ચમત્કાર શું છે? કારણકે શ્રી અરવિંદ મોટે ભાગે એમ કહેતા હતા કે ચમત્કાર જેવું કાંઈ નથી, સાથે સાથે તેઓએ, દા.ત. 'સાવિત્રી' માં આમ પણ કહ્યું છે :***

***"અહીં સર્વ ચમત્કાર છે અને***
***સર્વ વસ્તુઓ ચમત્કારથી બદલનાર છે."****

**શ્રી માતાજી :** આ વસ્તુ વ્યક્તિ જે દૃષ્ટિથી જોતી હોય તેના ઉપર આધાર રાખે છે, તે એક છેડેથી જુએ છે કે બીજા છેડેથી જુએ છે.

તમે ચમત્કાર કેવળ એ વસ્તુને કહો છો જેનો સ્પષ્ટ ખુલાસો આપી શકાતો નથી અથવા જેનું માનસિક રીતનું સ્પષ્ટીકરણ કરી શકાતું નથી. એ દૃષ્ટિબિંદુથી જોતાં એમ કહી શકાય કે એવી અગણિત વસ્તુઓ છે જે ચમત્કારી હોય છે, કારણકે તમે એ વસ્તુ બતાવી શકતા નથી કે એ કેમ અને કઈ રીતે થઈ?

***બાળક : મધુર માતાજી, તો પછી એક સાચો ચમત્કાર કેવો હોય?***

**શ્રી માતાજી :** મને ખબર નથી કે એક સાચો ચમત્કાર કેવો હોઈ શકે. તો પછી ચમત્કાર શું વસ્તુ છે? એક સાચો ચમત્કાર...... આ તો કેવળ મનની ચમત્કાર વિષેની કલ્પના જ હોય છે. કારણકે, મન પોતે તર્ક વડે એ નિશ્ચય ઉપર પહોંચે છે કે આવું કારણ હોય તો આ વસ્તુ થઈ શકે કે ન થઈ શકે. પરંતુ આ

* સાવિત્રીમાંથી

સર્વ તો મનની અપૂર્ણતા છે, કારણકે પરમ સ્વરૂપની દૃષ્ટિથી જોતાં કોઈ ચમત્કાર શક્ય જ ક્યાં છે? એ પોતે પોતાને જેવું રૂપ આપે છે તેવી વસ્તુ તે પોતે જ છે.

અને પછી આપણે શ્રી અરવિંદે જેને 'સાવિત્રી'માં શાશ્વત માર્ગ કહેલો છે, જેનું અનુસરણ કરવામાં આવ્યું છે, તે બાબતના મહાપ્રશ્નમાં પ્રવેશ કરીએ છીએ. એ વસ્તુ તો સમજાય તેવી છે કે, જે વસ્તુએ પોતાને વસ્તુરૂપ બનાવી છે તેને વસ્તુ સ્વરૂપ ધારણ કરવું ગમતું હશે. અને એમાં પછી એ મુદ્દાનો સ્વીકાર કરવો પડે છે, અને જે ઉત્ક્રાંતિના સિદ્ધાંત અનુસાર, તર્કસંમત પણ લાગે છે, તે એ છે કે, વસ્તુગત થવાની ક્રિયા વિકાસશીલ છે, એ એની સનાતનતામાં સમગ્રપણે રહેલી નથી.... (મૌન), આમાં કાંઈ કહેવું એ અત્યંત મુશ્કેલ વસ્તુ છે, કારણ કે આપણે આપણી આદત અનુસાર એમ જ માનવા પ્રેરાઈએ છીએ કે અમુક નિશ્ચિત પ્રમાણમાં રહેલી વસ્તુ જ અનિશ્ચિતપણે પોતાની જાતને ઉકેલી રહી છે અને એ વસ્તુ અમુક નિશ્ચિત જથ્થામાં હોય તો જ એવી શરૂઆત થઈ શકે. આપણામાં (કાંઈ નહિ તો આપણે જે રીતે વાત કરીએ છીએ તે રીતે જોતાં) અમુક એવી 'ક્ષણ' નો (હસે છે) ખ્યાલ રહેલો હોય છે કે જ્યારે પ્રભુએ પોતાની જાતને વસ્તુ રૂપ આપવાનું નક્કી કર્યું હશે. આ પ્રકારે આ વસ્તુની વ્યાખ્યા કરવી સરળ બની જાય છે. તેઓ પોતાની જાતને ક્રમશ : ઉત્તરોત્તર વ્યક્ત કરે છે અને એનો અર્થ એક ઉત્ક્રાંતિશીલ વિકાસ એવો થાય છે. આમ તો, કોઈ આરંભ નથી, તેમજ અંત પણ નથી, અને છતાં પ્રગતિ થાય છે. અનુક્રમિકતા, ઉત્ક્રાંતિ અને પ્રગતિ કેવળ આવિર્ભાવને અનુલક્ષીને જ અર્થપૂર્ણ રહે છે. જો તમે કેવળ પૃથ્વીની વાત કરવા માગતા હશો તો તમે બરાબર સાચી રીતે અને તર્કબદ્ધ રીતે સ્પષ્ટીકરણ આપી શકશો, કારણ કે પૃથ્વીની બાબતમાં એક આરંભ જેવી વસ્તુ રહેલી છે, જો કે તેના આત્મસ્વરૂપનો નહિ, પણ તેની પાર્થિવ વાસ્તવિકતાના સ્વરૂપનો આરંભ કદાચ ભૌતિક જગતનો પણ એક આરંભ હશે.

**(મૌન)**

જો તમે આ દૃષ્ટિએ જુઓ તો પછી, બીજા કોઈ જગતની વસ્તુ, આ જગતમાં પ્રવેશ કરે તેને ચમત્કાર કહી શકાય. અને પૃથ્વીને માટે તો, (જે આખા પ્રશ્નને કોઈ બરાબર સમજી શકાય તેવી વસ્તુ બનાવી મૂકે છે) ચમત્કાર એટલે પૃથ્વીની ન હોય તેવી કોઈ વસ્તુનું અચાનક આવી પડવું એમ કહેવાય. અને એવું જે તત્ત્વ આ ભૌતિક જગતમાં રહેલી પૃથ્વીને લગતું નથી હોતું, તે જ્યારે પ્રવેશ કરે છે ત્યારે એ ધરમૂળનું અને તાત્કાલિક પરિવર્તન ઊભું કરે છે.

પરંતુ એમાં પણ એમ કહેવાય છે કે, તાત્વિક રીતે જોતાં, દરેક વસ્તુના મૂળ કેન્દ્રમાં સર્વ વસ્તુઓ રહેલી હોય છે, એટલે એ પ્રકારનો ચમત્કાર થવો શક્ય નથી.

એમ કહી શકાય કે ચમત્કારનો ખ્યાલ કેવળ એક મર્યાદિત જગત, મર્યાદિત ચેતના અને મર્યાદિત વિચારની વસ્તુ છે. એમાં અમુક વસ્તુ પ્રવેશ કરે છે, અચાનક આવી પડે છે, હસ્તક્ષેપ કરે છે, વેધ કરે છે. એમાં જે વસ્તુ આ ભૌતિક જગતની નથી હોતી તેનું કોઈ જાતનું પૂર્વતૈયારી વિનાનું આકસ્મિક આગમન હોય છે. એટલે એ વસ્તુ સ્પષ્ટ છે કે સંકલ્પશક્તિ અથવા ચેતના, આ પૃથ્વી કરતાં વધુ અસીમ અને સનાતન ક્ષેત્રની વસ્તુ હોય છે, તે જ્યારે આવિર્ભાવ કરે છે ત્યારે, આ પૃથ્વી ઉપર એક ચમત્કાર જ બને છે. પરંતુ જો તમે જગતની સીમામાંથી, જગતને કોઈ સીમા હોવાના ખ્યાલમાંથી બહાર નીકળી જાઓ તો પછી ચમત્કારનું અસ્તિત્વ રહેતું નથી. ભગવાનને મજા પડતી હોય તો તેઓ ચમત્કારની રમત રમી શકે છે, પરંતુ એમાં કોઈ ચમત્કાર હોતો નથી; તેઓ સર્વ પ્રકારની શક્ય લીલાઓ કરી શકે છે.

પ્રભુને તમે ત્યારે જ સમજવાની શરૂઆત કરો છો, જ્યારે તમને એવી 'લાગણી' થાય કે તેઓ સર્વ પ્રકારની શક્ય લીલાઓ કરી શકે છે. અને આ "શકય" તે મનુષ્યોની ધારણા હોઈ શકે તે રીતે નહિ પણ પ્રભુના પોતાના ખ્યાલ પ્રમાણે હોય છે.

અને અહીં પછી કોઈ ચમત્કારને સ્થાન નથી, સિવાય કે એને ચમત્કાર જેવું દર્શાવવું હોય.

## (મૌન)

જો એક ધીમી ઉત્ક્રાન્તિને બદલે અહીં કોઈ અતિમનસ જગતની વસ્તુ પ્રગટ થઈ જાય તો મનોમય સ્વરૂપવાળો મનુષ્ય એને ચમત્કાર કહી શકે, કારણકે એ વસ્તુ એના સભાન સ્વરૂપમાં હોતી નથી અને એવી એ વસ્તુ આવીને તેની ચેતનામાં હસ્તક્ષેપ કરે છે. અને હકીકતમાં, જો તમે આ ચમત્કારો માટેનો જે રસ હોય છે, એ ઘણો ભારે રસ હોય છે, ખાસ કરીને બાળકોમાં, જેમનાં હૃદયો બાળકો જેવાં હોય છે તેઓમાં, આવો રસ અત્યંત મનોમય ચેતનાવાળા લોકો કરતાં ઘણો વધુ બળવાન હોય છે — તેની પાછળ એક એવી શ્રદ્ધા રહેલી હોય છે કે આપણા જીવન પાસેથી જેની અપેક્ષા રાખી શકાય તેના કરતાં કોઈ વધુ અદ્‌ભુત વસ્તુ માટેની અભીપ્સા સિદ્ધ થવાની શક્યતા છે ખરી.

મૂળ વાત એ છે કે કેળવણી આપતી વખતે આપણે હંમેશાં બે સમાનાંતર વૃત્તિઓને પ્રોત્સાહન આપતા રહેવું જોઈએ. એમાંની એક વૃત્તિ અદ્‌ભુત વસ્તુને માટે, જે લગભગ અપ્રાપ્ય લાગતી હોય તેવી વસ્તુને માટે, કોઈ એવી વસ્તુને માટે કે જે તમને દિવ્યતાની લાગણીથી ભરી દેતી હોય છે તેને માટે, હોય છે. સાથે સાથે, જગતનું સ્વરૂપ જે પ્રકારનું છે તે જોતાં, આપણે બીજા પ્રકારની વૃત્તિને ઉત્તેજન આપવું જોઈએ, એટલે કે, ચોક્કસ, બરાબર અને સાચી રીતના નિરીક્ષણ; સર્વ પ્રકારની કલ્પનાઓના ઊન્મૂલન; સતત અંકુશ; અને વિગતો માટેની અત્યંત વ્યવહારુ, અત્યંત કાળજીભરી દૃષ્ટિ રાખવાની વૃત્તિને ઉત્તેજન આપવું જોઈએ. સામાન્ય રીતે, તમે એક પ્રકારની વૃત્તિને વધારવાની જરૂર છે એમ માનીને બીજીને મારી નાખો છો; એમ કરવું અત્યંત ભૂલભરેલું છે. એ બંને વૃત્તિઓ એકસાથે અસ્તિત્વમાં રહી શકે છે અને એક ક્ષણ એવી આવે છે જ્યારે તમને એ બંને વસ્તુઓ એક જ વસ્તુનાં બે પાસાં છે એમ જોઈ શકાય તેટલું જ્ઞાન પ્રાપ્ત થાય છે, અને એ વસ્તુ તે પારદર્શિતા અથવા ઉચ્ચ વિવેકશક્તિ હોય છે. પછી એક મર્યાદિત દૃષ્ટિ અને વિવેકને સ્થાને તમારી વિવેકદૃષ્ટિ અત્યંત સચ્ચાઈભરી, ખરી અને ચોક્કસ બની જાય છે, પરંતુ એવી એ દૃષ્ટિ વિસ્તૃત હોય છે અને એમાં જે કોઈ વસ્તુઓ સઘનપણે આવિર્ભાવમાં પ્રગટ નથી થઈ હોતી તે પણ આવી જાય છે.

શિક્ષણના દૃષ્ટિબિંદુથી જોતાં, આ વસ્તુ ખૂબ અગત્યની છે.

સંસારને તેના યથાર્થરૂપમાં, અર્થાત્ સ્થૂલ રૂપમાં, એક અત્યંત પાર્થિવ અને જડ રૂપમાં જોવો; અને એક એવી યોગ્ય અને ઉચ્ચ દૃષ્ટિથી જોવો કે જેમાં અત્યંત આશા, અભીપ્સા અને એક અદ્‌ભુત વિશ્વાસ રહેલો હોય, એ આ વિવેકપૂર્ણ જ્ઞાનના બે છેડાઓ હોય છે. જે કોઈ વસ્તુને આપણે અત્યંત ભવ્ય અત્યંત ચમત્કારપૂર્ણ, શક્તિશાળી, અર્થ-બાહૂલ્યવાળી, અને પૂર્ણ માનીએ છીએ તે ભવિષ્યમાં જેવી બની શકે તેમ હોય છે તેની સરખામણીમાં કાંઈ જ નથી. અને આમ છતાં વિગતો માટેની આપણે ગમે તેટલી ચોકસાઈ રાખીએ તે છતાં તેઓ જોઈએ તેટલા પ્રમાણમાં પૂર્ણ હોતી નથી. અને એ બંનેએ એક સાથે રહેવું જોઈએ. જ્યારે વ્યક્તિ એને (ઉપરની બાજુએ સંકેત) જાણે છે અને જ્યારે આને (નીચેની બાજુએ સંકેત) ત્યાં જ વ્યક્તિ એ બંનેને એકસાથે રાખી શકે છે.

*ચમત્કારોનો આ સૌથી સારો ઉપયોગ છે. ચમત્કારોની જરૂર લાગે એ

* આ આખો પેરેગ્રાફ 'બુલેટિન'માં (એપ્રિલ ૧૯૬૩) અંગ્રેજીમાં નથી, પરંતુ ફ્રેન્ચમાં છે, માટે તેનું ભાષાંતર અહીં સમાવી લીધું છે.

અજ્ઞાનની નિશાની છે "અરે, હું તો આ વસ્તુ આવી હોય એમ ઇચ્છું!" આ અજ્ઞાન અને દુર્બળતાની નિશાની છે. અને જે લોકો એમ કહે છે કે "તમે તો ચમત્કારોમાં જ પડ્યા રહો છે," એ લોકો કેવળ નીચેના છેડાને જ સ્પર્શ કરે છે. અને એના બીજા છેડા સાથે તો એમને સંબંધ પણ નથી થતો.

આ ચમત્કારો જરૂરી લાગવાની વૃત્તિને એક એવી સભાન અભીપ્સામાં ફેરવી નાખવી જોઈએ કે જે અભીપ્સા, જે વસ્તુ અહીં રહેલી છે જ, જેનું અસ્તિત્વ છે અને જે વસ્તુ આ બધી અભીપ્સાઓની "સહાય વડે જ" પ્રગટ થઈ શકે તેમ છે, અને આ સર્વ અભીપ્સાઓ જરૂરની છે, અથવા જો આપણે એમના પ્રત્યે વધુ સાચી રીતે નિહાળીએ તો તેઓ આ સનાતન આવિર્ભાવની સાથીદાર, સુખદાયી સાથીદાર, છે.

અલબત્ત, કેટલાક અત્યંત કઠોર તર્કબુદ્ધિવાળા લોકો તમને કહેશે, "તમે શા માટે પ્રાર્થના કરો છો? શા માટે અભીપ્સા કરો છો? શા માટે માગણી કરો છે? પ્રભુને જેની ઇચ્છા હોય છે તે કરે છે અને તેને જે ઇચ્છા હશે તેમ કરશે." અલબત્ત, વાત એમ જ છે, એ કહી બતાવવાની જરૂર નથી, પરંતુ આ ઊર્મિ, "હે પ્રભુ, તમારો આવિર્ભાવ કરો", એ તેમના આવિર્ભાવને એક બળવાન આંદોલન પહોંચાડે છે.

એ સિવાય, તેમણે આ પૃથ્વીને તે જેવી છે તેવી ન બનાવી હોત — જગતની પોતે જે હતું તે બનવાની તીવ્ર અભીપ્સામાં એક વિશિષ્ટ શક્તિ, વિશિષ્ટ આનંદ અને એક વિશિષ્ટ રીતનું સ્પંદન રહેલું છે.

અને એને માટે, 'તેને માટે' આંશિક રીતે, ખંડિત રીતે, આ ઉત્ક્રાન્તિ છે.

જો કોઈ વિશ્વ સનાતન રીતે પૂર્ણ હોય, શાશ્વતી સુધી પૂર્ણતાનો આવિર્ભાવ કરતું હોય, તો એ પ્રગતિનો આનંદ ગુમાવે છે.

૬ માર્ચ, ૧૯૬૩

*

**(૮૮) મૃત્યુએ આ જગતનું સર્જન એટલા માટે કર્યું હતું કે એમ કરીને જ એ પોતે જીવન ધારણ કરી રહે. તું શું મૃત્યુનો ધ્વંસ કરીશ? તો તો પછી જીવન માત્રનો વિનાશ થઈ જશે. મૃત્યુનો ધ્વંસ કરવાનું તો તારાથી નહિ બની શકે, પરંતુ તું એનું એક ઉચ્ચતર જીવનમાં રૂપાંતર કરી શકીશ ખરો.**

**(૮૯) આ વિશ્વનું સર્જન ક્રૂરતાએ પોતે પ્રેમ કરી શકે તે માટે કરેલું. તું શું ક્રૂરતાનો વિનાશ કરીશ? તો તો પ્રેમ પણ નાશ પામશે. તું ક્રૂરતાનો વિધ્વંસ તો નહિ કરી શકે, પરંતુ એનું રૂપાંતર તેના ઊલટા સ્વરૂપમાં, એક ઉત્કટ પ્રેમ અને આનંદ-સભરતામાં કરી શકીશ.**

**(૯૦) આ વિશ્વનું સર્જન અજ્ઞાન અને ક્ષતિ દ્વારા કરવામાં આવેલું. કારણકે તેમને જ્ઞાન પામવું હતું. તું શું અજ્ઞાન અને ક્ષતિનું નિવારણ કરી શકીશ? તો તો પછી જ્ઞાન પણ નાશ પામશે. તું અજ્ઞાન અને ક્ષતિનો વિધ્વંસ કરી ન શકે પરંતુ એક ગહન અને પ્રભાયુક્ત પરપ્રજ્ઞામાં રૂપાંતર તો કરી શકશે.**

**(૯૧) જો એકલું જીવન જ હોત અને મૃત્યુ ન હોત, તો અમર્ત્યતા જેવું કાંઈ ન હોત; જો કેવળ પ્રેમ માત્ર હોત અને ક્રૂરતા ન હોત તો સુખાનુભવ પણ મોળો અને ક્ષણભંગુર હોત. જો કેવળ બુદ્ધિ જ હોત તો આપણી ઉચ્ચતમ સિદ્ધિ એક મર્યાદિત તર્કબદ્ધ જ્ઞાન અને દુનિયાદારીના ડહાપણથી વધુ કાંઈ ન હોત.**

**(૯૨) મૃત્યુનું રૂપાંતર કર્યાથી જ અમૃતમય જીવન સંભવી શકે છે; ક્રૂરતાનું રૂપાંતર કર્યાથી જ એક અસહ્ય સરખો ઉત્કટ પ્રેમ સંભવી શકે છે; અજ્ઞાનનું રૂપાંતર કરવાથી જ તે જ્ઞાન અને ડહાપણની મર્યાદાઓને વટાવીને એક જ્યોતિર્મયતાનું રૂપ ધારણ કરે છે.**

**શ્રી માતાજી :** આમાં એ જ વિચાર રહેલો છે. એટલે કે વિરોધાભાસ અને પ્રતિભાસ વડે જ પ્રગતિ કરવાનું પ્રોત્સાહન મળે છે. કારણકે એમ કહેવું કે ક્રૂરતા વિનાનો પ્રેમ મોળો પડે એ તો ...... પ્રેમનું તત્ત્વ તો આવિર્ભૂત અને અનાવિર્ભૂત વિશ્વને પેલે પાર રહેલું છે અને એને તો મોળાપણા કે ક્રૂરતા સાથે કશો જ સંબંધ નથી. શ્રી અરવિંદનો ખ્યાલ તો કેવળ એવો જ જણાય છે કે આ રીતના વિરોધાભાસો દ્વારા પાર્થિવ તત્ત્વને ઘડવાનું કાર્ય બહુ ઝડપી અને અસરકારક થવાથી એનો આવિર્ભાવ પણ સઘન રીતનો થઈ શકે છે.

અનુભૂતિની દૃષ્ટિએ જોતાં એ વસ્તુ તદ્દન સાચી છે, એટલે કે, સૌ પ્રથમ, જ્યારે આપણે શાશ્વત અને પરમ પ્રેમના સંબંધમાં આવીએ છીએ, ત્યારે આપણને તરત જ એવી લાગણી એવું સંવેદન થાય છે, એને શી રીતે વર્ણવવું? એ કોઈ પ્રકારની સમજવાની વાત નથી હોતી, એ એક સઘન વસ્તુ હોય છે; અને એમાં એવું બને છે કે પાર્થિવ ચેતનાને ગમે તેટલી ઘડી ઘડીને તૈયાર કરી હોય, ગમે તેટલી આલોકિત કરેલી હોય તો પણ એ પેલા તર્કનો આવિર્ભાવ કરવાને માટે અસમર્થ હોય છે. આપણી સૌ પ્રથમની લાગણી તો આ પ્રકારની અસમર્થતાની હોય છે. પછી એક અનુભૂતિ આવે છે; એ એક એવા રૂપમાં પ્રગટ થાય છે કે જેને આપણે “ક્રૂરતા” શબ્દથી જે વસ્તુ સમજીએ છીએ તે વસ્તુ તો એ નથી હોતી, પરંતુ સમગ્રપણે પરિસ્થિતિને લક્ષમાં લેતાં એ આંદોલન એવા પ્રકારનું લાગે છે કે અમુક રીતની ઉગ્રતાપૂર્વક, જાણે કે, એ અહીં જે રીતનો પ્રેમનો આવિર્ભાવ થયેલો છે તેનો અસ્વીકાર કરે છે. એને સ્પષ્ટ રીતે કહેવું હોય તો એ વસ્તુ ભૌતિક જગતમાં રહેલી કોઈ એવી વસ્તુ હોય છે કે જે, અત્યારે જે પ્રકારનો પ્રેમ અસ્તિત્વમાં છે તેના આવિર્ભાવનો વિરોધ કરે છે. આ હું સામાન્ય જગતની વાત કરતી નથી, હું તો અત્યારે ચેતનાની જે ઉચ્ચતમ અવસ્થા છે તેની વાત કરું છું. આ એક અનુભૂતિ છે, હું આ એક બનેલી ઘટનાને અનુલક્ષીને કહું છું. એટલે પછી એમ બને છે કે ચેતનાના જે ભાગ ઉપર આ પ્રકારના વિરોધીભાવનો આઘાત થાય છે, તે ભાગ, પ્રેમના આદિમ ઉદ્‌ગમસ્થાનને એક એવા આર્તભાવપૂર્વક સાદ કરે છે, એવી ઉત્કટતાપૂર્વક પુકાર કરે છે કે જે, જો તેને આ પ્રકારના અસ્વીકારનો અનુભવ થયો ન હોત તો ન કરત. એટલે પછી મર્યાદાઓ તૂટી પડે છે અને એવાં તો પૂર વરસી પડે છે કે જે આમ બન્યા સિવાય આવિર્ભૂત ન થઈ શક્યાં હોત; અને એ રીતે એક એવી વસ્તુ પ્રગટ થાય છે જે એ અગાઉ કદી પણ પ્રગટ થયેલી નથી.

આપણે જ્યારે આ વસ્તુ જોઈએ છીએ ત્યારે આપણે જેને જીવન અને મૃત્યુ કહીએ છીએ તેની દૃષ્ટિએ, દેખીતી રીતે એક સરખો લાગતો અનુભવ થાય છે. એમાં જેમ “સાવિત્રી”માં કહ્યું છે તેમ આપણે સતતપણે મૃત્યુની હાજરી અને શક્યતા વિષે “મનન“ કર્યા કરતા હોઈએ છીએ : આપણી પારણાથી માંડીને સ્મશાન સુધીની જીવનયાત્રામાં મૃત્યુ આપણો કાયમી સંગાથી રહે છે; આપણી સાથે મૃત્યુની બીક અથવા હાજરી સતતપણે રહેલી હોય છે. અને પાછું આની સાથે જ, આપણા કોષાણુઓમાં એક ઉત્કટ પ્રકારનો શાશ્વતીની શક્તિ પ્રત્યેનો પુકાર વિદ્યમાન રહે છે. જો મૃત્યુનો ભય આમ સતતપણે તોળાઈ રહેલો ન હોત

તો તેમાં એટલી બધી ઉત્કટતા ન આવત. ત્યાર પછી આપણને સમજાય છે કે, આપણને તદ્દન સઘનપણે એવી લાગણી અનુભવાય છે કે આ બધી વસ્તુઓ આવિર્ભાવને સઘન બનાવવા માટેના, તેને પ્રગતિપૂર્ણ બનાવવાના, એને વધુ સંપૂર્ણ બનાવવા માટેના માર્ગ માત્ર છે. અને જો એમ કરવા માટેનાં સાધનો ગ્રામ્ય છે એમ લાગતું હોય તો એનું કારણ એ છે કે આવિર્ભાવ પોતે પણ હજી અપરિપક્વ છે. એ આવિર્ભાવ જેમ જેમ વધુ પૂર્ણ થતો જશે અને જે શાશ્વત પ્રગતિમંત તત્ત્વ છે તેની અભિવ્યક્તિ કરવાને માટે લાયક બનતો જશે, તેમ તેમ જે તદ્દન ગ્રામ્ય પ્રકારનાં સાધનો છે તેમને સ્થાને સૂક્ષ્મ સાધનો આવશે અને આ પ્રકારના પાશવી વિરોધી ભાવોના ઉપયોગ વિના પણ જગતની પ્રગતિ થતી જશે. અત્યારની પરિસ્થિતિ તો જગત અને માનવની ચેતના તેમની શૈશવકાળની અવસ્થામાં છે તેને કારણે છે.

આ એક અત્યંત સઘન અનુભૂતિ છે. એનો અર્થ એ કે જ્યારે પ્રગતિ કરવાને માટે પૃથ્વી ઉપર મૃત્યુની આવશ્યકતા નહિ રહે, ત્યારે મૃત્યુ પણ નહિ રહે. જ્યારે પ્રગતિ કરવા માટે દુઃખની જરૂર નહિ રહે ત્યારે દુઃખ પણ નહિ રહે. અને પ્રેમ પ્રાપ્ત કરવા માટે તિરસ્કારની જરૂર નહિ રહે ત્યારે પછી તિરસ્કાર પણ નહિ રહે.

### (મૌન)

સૃષ્ટિને તેની જડતામાંથી બહાર લાવવા માટે આ સાધન અત્યંત ઝડપી અને અસરકારક છે એ જ તેને તેની ચરિતાર્થતા પ્રત્યે દોરી જાય છે.

### (લાંબુ મૌન)

આ સૃષ્ટિ સર્જનનું એક એવું પાસું છે, એ કદાચ હજી હમણાંનું પણ હોય, જેમાં આ સર્વ અવ્યવસ્થાઓ, ગોટાળા, વિસંવાદો અને ગૂંચવણોમાંથી નાસી છૂટવાની જરૂરિયાત દર્શાવે છે : આ એક એવો ગોટાળો અને અવ્યવસ્થા છે જે અનેક પ્રકારનાં શક્ય તેટલાં રૂપ ધારણ કરે છે; એમાં સંઘર્ષ, નિષ્ફળ પ્રયત્નો, બગાડ, એવું બધું હોય છે. એનો આધાર તમે કઈ ભૂમિકામાં છો તેના ઉપર રહે છે, પરંતુ ભૌતિક જગતમાં, તેની ગતિમાં તો સર્વ કાંઈ અર્થહીન ગૂંચવણો, સાધનો અને શક્તિઓનો દુર્વ્યય, સમયનો દુર્વ્યય, અણસમજ, ગેરસમજૂતીઓ, ગોટાળાઓ અને અવ્યવસ્થાનું જ રાજ્ય ચાલતું લાગે છે. આ વસ્તુને જ વેદોમાં **वक्रता** કહેલી છે, આ શબ્દનો બરાબર પર્યાય હું જાણતી નથી, એ કોઈ મચડાઈ ગયેલી વસ્તુ છે. એ સીધી સીધી પોતાના લક્ષ્યબિંદુ પ્રત્યે ગતિ કરવાને

બદલે નિરર્થક ખાંચા-ખૂંચી વાળી, આડી-અવળી ગતિ કરે છે. શુદ્ધ દૈવી કર્મની વિરોધી વસ્તુઓમાંની એક તે આ વસ્તુ હોય છે. એ સંવાદપૂર્ણ સરલતા, શિશુસમ સરલતાથી વિરુદ્ધની હોય છે. સીધી, અર્થહીન અને તદ્દન બિનજરૂરી ગૂલાંટબાજી વિનાની, હોતી નથી. ત્યારે અહીં સ્પષ્ટપણે આ જ વસ્તુ છે : શુદ્ધ દૈવી સરળતાને ઉત્તેજવા માટે અવ્યવસ્થાનો ઉપયોગ એ એક માર્ગ કરે છે.

આ દેહને અત્યંત તીવ્રપણે, ખૂબ સઘનપણે એમ લાગે છે કે સર્વ કાંઈ અત્યંત સરલ, ખૂબ સરલ હોઈ શકે!

અને એટલે જ, આ પ્રકારનો વ્યક્તિભૂત સંઘાત, આપણું આ સ્વરૂપ, રૂપાંતર પામી શકે એટલા માટે એણે ખૂબ ખૂબ સરલ, અત્યંત સરલ થઈ રહેવું આવશ્યક છે. અત્યારે હવે વૈજ્ઞાનિકો, પ્રકૃતિની આ સર્વ સંકુલતાઓને સમજવા લાગ્યા છે અને તેમનો અભ્યાસ કરવા લાગ્યા છે. એ સર્વ વસ્તુઓ જરા જેટલી વસ્તુની બાબતમાં પણ અત્યંત ગૂંચવણ ભરી જણાય છે, આપણાં નાનામાં નાનાં કાર્યો પણ એવી ગૂંચવણભરી વ્યવસ્થાનાં પરિણામ હોય છે કે જેને વિષે વિચાર કરવો લગભગ અશક્યવત્ છે; આ સર્વ વસ્તુઓની યોજના કરવી અને ગોઠવવી એ વસ્તુ, માનવ બુદ્ધિને માટે તો અશક્ય જ છે. હવે વિજ્ઞાન તેમને શોધી રહ્યું છે, અને આપણને સ્પષ્ટપણે જણાય છે કે જો આ સર્વ કાર્યકલાપ જો દિવ્ય બનાવવાનો હોય, એટલે કે, એણે જો આ ગેરવ્યવસ્થા અને ગૂંચવણોમાંથી મુક્તિ મેળવવી હોય તો એને સરળ, સરળ, સરળ બનાવવો જોઈએ.

**(લાંબુ મૌન)**

કહેવાનો ભાવાર્થ એ છે કે પ્રકૃતિને અથવા તો આ રીતે પોતાનો આવિર્ભાવ કરવાનો પ્રયત્ન કરતી પ્રકૃતિને, સૌથી પ્રથમની સરળ, સહજતાને પ્રગટ કરવા માટે એક તદ્દન અકલ્પ્ય અને લગભગ અનંત સંકુલતાનો આશ્રય લેવો પડ્યો હતો.

અને ફરીને પાછા આપણે એ જ વાત ઉપર આવી જઈએ છીએ. આ પ્રકારની વધુ પડતી સંકુલતામાંથી જ એક એવી સરળતાની શક્યતા ઊભી થાય છે જે ખાલી નહિ પરંતુ સભર હશે, એક પરિપૂર્ણ સહજતા, એવી સરળતા જેમાં સર્વ કાંઈ સમાઈ જાય; અને આ પ્રકારની સંકુલતાઓ વિના સરળતા ખાલીખમ બની જાય તેમ છે.

હવે આપણે એવાં સંશોધનો કરી રહ્યા છીએ. દાખલા તરીકે, શરીરશાસ્ત્રની વાત લઈએ તો, એ લોકો માની ન શકાય તેવી ગૂંચવણભરી શલ્યચિકિત્સા

પદ્ધતિનાં સંશોધન કરી રહ્યા છે! એ વસ્તુ એમના પદાર્થતત્ત્વના વર્ગીકરણ જેવું છે. કેટલો ભયંકર ગૂંચવાડો! અને આ બધું કેવળ એટલા માટે કે...એક એકતા, સરળતાને પ્રગટ કરવા માટેનો દિવ્ય અવસ્થાને પ્રગટ કરવાનો, પ્રયત્ન કરવા માટે.

**(મૌન)**

કદાચ આ વસ્તુ ઝડપથી બનશે...પરંતુ પ્રશ્ન અહીં આવીને ઊભો રહે છે, એક પૂરતા પ્રમાણમાં, તીવ્ર અને અસરકારક અભીપ્સા હોવી જોઈએ જેને લઈને પેલું તત્ આકર્ષાઈ આવીને ગૂંચવાડાને સરળતામાં, ક્રૂરતાને પ્રેમમાં, વગેરે રૂપાંતરની ક્રિયાઓ સિદ્ધ કરી શકે.

અને આમાં આપણે ફરિયાદો કરીએ અને કહીએ કે આ એક કમનસીબ બાબત છે તો એથી કશો હેતુ સરવાનો નથી, કારણકે વસ્તુસ્થિતિ એવી જ છે. એમ કેમ છે?.... કદાચ, જ્યારે વસ્તુસ્થિતિ આવી નહિ રહે ત્યારે આપણને જાણ થશે. આપણે એને બીજી રીતે કહી શકીએ : જો આપણે જાણતા હોત તો પછી એવું રહેત જ નહિ.

એટલે પછી એવા તર્ક લડાવવા કે "જો આમ ન હોત તો સારું, વગેરે" એ બધી બિનવ્યવહાર અને કશા ખપ વિનાની, નકામી વાતો છે.

આપણે ઉતાવળ કરીને આ પરિસ્થિતિનો અંત લાવવો, એ જ માત્ર જરૂરી છે; એ જ વ્યવહારુ વસ્તુ છે.

શરીરને માટે એ અત્યંત રસપ્રદ વસ્તુ છે. પરંતુ એમાં તો અનુભૂતિઓનો એક ડુંગર રહેલો છે, પરંતુ એમનામાં રહેલા વૈવિધ્યને કારણે એમને માટે પણ સ્થાન રહેલું છે.*

૧૫ મે, ૧૯૬૩

*

---

* જ્યારે સૌ પ્રથમ આ વાર્તાલાપ પ્રસિદ્ધ થયો ત્યારે શ્રી માતાજીએ એવી ટિપ્પણી કરેલી કે, "વૈજ્ઞાનિકો આ વસ્તુનો ઇનકાર કરશે, તેઓ એમ કહેશે કે હું કેવળ બકવાસ કરું છું; પરંતુ એનું કારણ એ છે કે હું એમની પરિભાષામાં વાત કરતી નથી, એ તો કેવળ સૌ સૌના શબ્દભંડોળ ઉપર આધાર રાખે છે."

**(૯૩) વેદના એ આપણી મા ભગવતીનો સ્પર્શ છે અને એ દ્વારા તે આપણે મહા આનંદને કેવી રીતે ઝીલવો અને તેમાં કેવી રીતે વૃદ્ધિ પામવી તે આપણને શીખવે છે. એના શિક્ષણની ત્રણ અવસ્થાઓ છે, પહેલી છે તિતિક્ષા, તે પછી છે આત્માની સમતા, છેલ્લી છે પરમાનંદ.**

**શ્રી માતાજી :** જ્યાં લગી નૈતિક પ્રદેશની આ વાત છે ત્યાં સુધી તો એ વાત તદ્દન સ્પષ્ટ છે, લેશ પણ વિરોધ ન કરાય એવી છે કે હરેક રીતની નૈતિક વ્યથા તમારા ચારિત્ર્યને ઘડે છે અને તમને સીધા પરમાનંદમાં લઈ જાય છે, એ વ્યથાને કેવી રીતે લેવી એ તમે જાણતા હો તો. પણ એ વેદના જ્યારે શરીરને અડે છે…

ડૉક્ટરો જે કહે છે તે સાચું કે, તમે જો શરીરને વેદના કેવી રીતે ઝીલવી એ વાત શીખવી દો તો પછી તે વધુ ને વધુ સહનશીલ બને છે અને તેમાં ગોટાળો ઓછી ઝડપે થાય છે, આ એક નક્કર પરિણામ હોય છે. કેટલાક માણસો એવા હોય છે કે એમને ક્યાંક વેદના થાય છે ત્યારે તેઓ તદ્દન ગભરાઈ જતા નથી. એ રીતે સ્વસ્થ રહેવાની રીત તેઓ જાણતા હોય છે, તેઓ શાંતિથી વેદનાને સહન કરી શકતા હોય છે, સ્વસ્થતા જાળવી શકતા હોય છે. અને એવા લોકોની બાબતમાં એમ લાગે છે કે એમના શરીરમાં પોતે ભાંગી પડ્યા વિના બીમારીને સહન કરવાની શક્તિ વધતી જાય છે. આ એક ઘણી મોટી વસ્તુ છે. આ પ્રશ્ન મેં મારી પોતાની સમક્ષ મૂકેલો, કેવળ વ્યવહારુ દૃષ્ટિએ, બાહ્ય દૃષ્ટિએ, અને વસ્તુ એ પ્રમાણે જ હતી એમ મને લાગેલું. આંતરિક રીતે તો મને એ વસ્તુ ઘણી વાર કહેવામાં આવેલી છે, નાના નાના પ્રયોગો દ્વારા મને કહેવામાં અને બતાવવામાં આવી છે કે, શરીરને વેદના થતી હોય ત્યારે તેમાં ભય અને ચિંતાનું તત્ત્વ ઉમેરવામાં ન આવે તો, શરીરમાં વેદના સહન કરવાની જેટલી શક્તિ માનવામાં આવતી હોય છે તેના કરતાં તે ઘણી વધારે વેદના સહન કરી શકે તેમ હોય છે. વેદનામાં જો આ મનનું તત્ત્વ ઉમેરવામાં ન આવે, શરીરને જો તેની પોતાની મેળે જ કામ કરવા દેવામાં આવે, શું થશે એ અંગે જો કોઈ ડર કે ભય કે ચિંતા સેવવામાં ન આવે તો, કશો સંતાપ સેવવામાં ન આવે તો, શરીર ઘણું ઘણું સહન કરી શકે તેમ હોય છે.

હવે બીજા પગથિયે એમ બને છે કે, શરીર જ્યારે વેદના સહન કરી લેવાનું નક્કી કરે છે, હા, એ જ્યારે આ પ્રમાણેનો નિર્ણય લે છે, ત્યારે તત્ક્ષણે જ,

વેદનામાં જે તીક્ષ્ણતા હોય છે, તીવ્રતા હોય છે તે ચાલી જાય છે. આ વાત હું તદ્દન સ્થૂલની રીતે કહું છું.

અને તમે જો સ્વસ્થ હો છો (અહીં હવે એક આંતરિક સ્વસ્થતાની જરૂર ઊભી થાય છે અને એ વળી એક બીજું તત્ત્વ છે), તમારામાં જો આ આંતરિક સ્વસ્થતા હશે તો પછી એ વેદના એક લગભગ આનંદદાયક સંવેદન રૂપે પલટાઈ જાય છે, આ 'આનંદદાયક' તે સામાન્ય રીતે સમજવામાં આવે છે એવા અર્થમાં નહિ, પણ એમાં લગભગ એક આરામનો ભાવ આવી જાય છે. અને આ વાત પણ હું વળી, એક નરી શારીરિક, સ્થૂલ વસ્તુની કરું છું.

અને છેલ્લી અવસ્થા, તમારા શરીરના કોષોને જ્યારે પ્રભુની દિવ્ય હાજરીમાં શ્રદ્ધા આવી જાય છે, પ્રભુની પરમ દિવ્ય સંકલ્પશક્તિમાં શ્રદ્ધા આવી જાય છે, એ કોષોને જ્યારે એવો વિશ્વાસ થઈ જાય છે કે બધી જ વસ્તુઓ સારાને માટે છે ત્યાર પછી તીવ્ર આનંદ આવે છે, કોષો ખુલ્લા બને છે, આ પ્રમાણે, એ તેજોમય અને આનંદસભર બની જાય છે.

આમ ચાર અવસ્થાઓ થઈ (અહીં તો માત્ર ત્રણ અવસ્થાઓનો જ પ્રશ્ન લીધો છે.):

આમાંની છેલ્લી અવસ્થા સમજવી એ સંભવ છે કે દરેક જણને માટે શક્ય નથી. પરંતુ પહેલી ત્રણ અવસ્થાઓ તો તદ્દન સમજાય તેવી છે, એની મને ખબર છે. એમાં મને એક જ બાબતમાં ચિંતા રહેતી હતી કે આ એક માત્ર માનસિક અનુભવ જ નથી રહેતો, વેદનાને સહન કરી લેવામાં આવતી હોય છે તેને લીધે શરીરમાં ઘસારો પણ આવતો રહે છે. પણ મેં ડૉક્ટરોને આ વાત પૂછેલી અને મને કહેવામાં આવેલું કે શરીર જ્યારે ઘણું નાનું હોય ત્યારથી જ તેને જો વેદના સહન કરવાનું શીખવવામાં આવે તો એની સહન કરવાની શક્તિ એટલી બધી વધી જાય છે કે તે સાચેસાચ રોગોનો સામનો કરી શકે છે, એટલે કે રોગ પોતાની રીતે આગળ વધતો નથી, એની ગતિ અટકી જાય છે. એ તો ઘણી કિંમતી વસ્તુ થઈ.

૧૦ ઑગસ્ટ, ૧૯૬૩

*

**(૯૪) દરેક ત્યાગની ક્રિયા હજી પ્રાપ્ત ન થયેલા એવા એક મોટા આનંદને ખાતર થતી હોય છે. કેટલાક લોકો કર્તવ્ય પૂર્ણ કર્યાના આનંદને ખાતર ત્યાગ કરતા હોય છે, કેટલાક શાંતિના આનંદને**

> **ખાતર ત્યાગ કરતા હોય છે, કેટલાક પ્રભુના આનંદને ખાતર અને કેટલાક આત્મપીડનના આનંદને ખાતર ત્યાગ કરતા હોય છે, પરંતુ ખરું જોતાં તો તમારે મુક્તિમાં તથા પરાત્પર નિર્વિકાર આનંદમાં પહોંચવાના એક માર્ગ તરીકે ત્યાગ કરવો જોઈએ.**

**શ્રી માતાજી :** મને ત્યાગ કરવાની ક્રિયાનો બહુ ઝાઝો અનુભવ કદી થયેલો નથી, કેમકે ત્યાગ તો તમે કોઈ વસ્તુને વળગી રહેલા હોય ત્યારે કરવાનો આવે છે, અને મારી બાબતમાં તો એમ બનતું રહેલું છે કે મને તો આગળ વધવાની, વધુ ઊંચે જવાની, વધુ સારી રીતે ગતિ કરવાની પ્યાસ રહેલી છે; વધારે સારું કરવાની, વધારે સારા બનવાની પ્યાસ, એ માટેની જરૂર અનુભવાતી રહી છે. અને એમાં પછી આપણે ત્યાગ કરીએ છીએ એવો ભાવ અનુભવવાને બદલે આપણને એમ લાગે છે કે આપણે કોઈક છૂટકારો પામ્યા છીએ, કોઈક વસ્તુ તમને ભાર રૂપ બની રહી છે, તમને એના બોજ હેઠળ દબાવી રહી છે, તમારી આગેકૂચને રોકી રહી છે અને એમાંથી તમે છૂટી જાઓ છો. તે દિવસે મેં આ જ વસ્તુ કહી હતી : આપણે હજી જે વસ્તુ રૂપે આપણે હોવા નથી માગતા તેના જ માત્ર બનેલા છીએ અને પ્રભુ તે આપણે જે જે કાંઈ બનવા માગીએ છીએ તે સર્વ રૂપે રહેલા છે, આપણી અહંકારભરેલી મૂર્ખતામાં જેને આપણે 'આપણે' કહીએ છીએ, એ જ વસ્તુ આપણે વધુ વાર રહેવા માગતા નથી, એ બધું જો બહાર ફેંકી દેવાય, એ બધામાંથી જો છૂટી જવાય, અને એમાંથી પછી આપણે, આપણે પોતે જે બનવા ઇચ્છા રાખીએ છીએ તે આપણે બની શકીએ તો તો બહુ જ આનંદ થાય.

આ એક ઘણી જ જીવંત અનુભૂતિ બની રહેતી હોય છે.

આ અંગે મારી જાણમાં એક જ કાર્ય પદ્ધતિ રહેલી છે, એ છે ભૂલનો ત્યાગ કરી દેવો, અને એ પ્રમાણે મારા જીવનમાં કેટલીક વાર કામ થયેલું છે. તમે માનતા હો છો કે અમુક વસ્તુ સાચી છે, અને સંભવ છે કે અમુક વખત સુધી એ વસ્તુ સાચી પણ હોય છે, એ વસ્તુના ઉપર અમુક અંશે તમે તમારું કાર્ય માંડતા હો છો, પણ તમે જેને સત્ય માનતા હો છો તે ખરી રીતે માત્ર એક અભિપ્રાય જ હોય છે. તમે એમ માનતા રહેતા હો છો કે એ તમારી ગણતરી અને તેમાંથી આવતાં પરિણામો સાચાં હતાં અને તમારું કાર્ય (એ કાર્યનો થોડોક ભાગ) એ સત્ય ઉપર મંડાયેલાં હતાં અને પછીથી બધી વસ્તુઓ આપોઆપ

બનતી આવી હતી. અને એકાએક તમને કોઈ એવી અનુભૂતિ થાય છે, કોઈ એવી પરિસ્થિતિ કે અંદરથી પ્રેરણા બની આવે છે અને તમને ચેતવે છે કે તમારો નિર્ણય તમને જેટલો સાચો દેખાયેલો હતો તેટલો સાચો નથી. અને પછી અવલોકનનો, અભ્યાસનો એક આખો ગાળો આવે છે અથવા એ વસ્તુ કોઈ વાર એક આવિર્ભાવ રૂપે, એક ધરખમ સાબિતી રૂપે આવી જાય છે, અને પછી તમારે માત્ર એ વિચારને કે એ ખોટા જ્ઞાનને જ માત્ર બદલી નાખવાનું રહેતું નથી પણ એનાં જે જે પરિણામો આવ્યાં હોય છે તેને પણ બદલી લેવાનાં રહે છે, કોઈ મુદ્દો લઈ તે પર કામ કરવાની આખી પદ્ધતિને જ કદાચ બદલી નાખવાની રહે છે. એવે વખતે તમારામાં એક રીતનું સંવેદન જાગે છે, ત્યાગના ભાવને મળતું આવે એવું તમે કાંઈક અનુભવો છો, તેટલે કે તમને એમ થાય છે કે આખી ઊભી કરાયેલી પરિસ્થિતિને જ તમારે પૂરેપૂરી નાબૂદ કરી નાખવાની રહે છે, આ વસ્તુ કોઈ વાર ઠીક ઠીક મોટા સ્વરૂપની હોય છે, તો કોઈક વાર ઘણી નાનકડી હોય છે, પણ એમાં અનુભૂતિ એક જ સરખી હોય છે. એમાં એક શક્તિની, બળની ક્રિયા થતી હોય છે. એ શક્તિ વસ્તુઓને વિખેરી નાખવાનું કામ કરતી હોય છે, અને જે કોઈ વસ્તુને વિખેરી નાખવાની હોય છે તેના તરફથી, ભૂતકાળની બધી ટેવો તરફથી વિરોધ થતો રહે છે. અને આ જે વિખેરી નાખવાની ક્રિયા છે અને તેની સાથે સાથે જે વિરોધની ક્રિયા થતી રહે છે એ વસ્તુ સામાન્ય રીતની માનવ ચેતનામાં ત્યાગની લાગણી રૂપે બની રહે છે.

આ વસ્તુ મને છેક હમણાં જોવા મળી હતી. એ વાત તો સાવ નાની છે, એ પરિસ્થિતિઓને તેમનું પોતાનું કશું મહત્ત્વ નથી. માત્ર એનો તમે સમગ્ર રીતે અભ્યાસ કરો એમાં જ મજા છે. અને આ જ એક ઘટના મારા જીવનમાં કેટલીક વાર ફરી ફરીને બનેલી છે અને એટલે હું એને બરાબર જાણું છું. મારી અંદરનું સત્ત્વ જેમજેમ પ્રગતિ કરતું જાય છે, તેમ તેમ વિખેરી નાખવાની શક્તિ વધતી જાય છે, એ શક્તિ વધુ ને વધુ જલદી અસરકારક બનતી જાય છે અને એની સામેનો વિરોધ ઘટતો જાય છે. પણ મને એક સમય યાદ આવે છે અને તે વખતે મારે વધુમાં વધુ વિરોધનો સામનો કરવો પડ્યો હતો (એ વાતને તો હવે અર્ધો સૈકો થઈ ગયો છે) અને એમાં હંમેશાં માત્ર એક જ વસ્તુ બનતી રહેતી હતી. મારાથી બહારની એવી કોઈ વસ્તુ, મારી ચેતનાથી બહારની નહિ, પણ મારી સંકલ્પશક્તિથી બહારની વસ્તુ, મારી સંકલ્પશક્તિનો વિરોધ કરતી હતી. એટલે મારે કોઈ વસ્તુનો ત્યાગ કરવો પડ્યો છે એમ મને કદી લાગેલું નથી, પણ વસ્તુઓને વિખેરી નાખવા માટે મારે તેમના ઉપર દબાણ મૂકવું પડેલું છે એવું

મને લાગતું રહેલું છે. પરંતુ હવે એ દબાણ વધુ ને વધુ અદૃશ્ય રીતનું રહે છે. એની અસર તરત જ થાય છે. એક આખીયે પરિસ્થિતિને બદલી નાખે એવી આ શક્તિ જે ક્ષણે પ્રગટ થાય છે તે ક્ષણે પછી કશો વિરોધ થતો નથી, એકેએક ચીજ વિખેરાઈ જાય છે. આથી ઊલટું, આમાં અમુકમાંથી મુક્તિ મળી એવી લાગણી પણ ભાગ્યે જ થાય છે, આમાં કોઈક વસ્તુને તો હજી પણ ગમ્મત અનુભવાતી રહે છે અને તે કહેતી રહે છે; 'અરે! થોડુંક હજી વધારે! કેટલી બધી વાર મારે થોડું થોડું જ કરવું પડે છે....' તમે કેટલી બધી વાર એમ માનતા રહો છો કે તમે આગળ વધી રહ્યા છો, સતત, કશી પણ રુકાવટ વિના, ક્યાંય પણ અટક્યા વિના અને કેટલી બધી વાર તમે તમારી સામે એક નાનકડી મર્યાદા મૂકી લેતા હો છો! એ મર્યાદા કાંઈ બહુ મોટી હોતી નથી, એક વિરાટ સમગ્ર તત્ત્વમાં એ એક ઘણી નાનકડી વસ્તુ હોય છે, પણ તમારા કાર્યની સામે એ એક નાનકડી મર્યાદા હોય છે. અને પછી જ્યારે એ મર્યાદાને વિખેરી નાખવાને શક્તિ કામ કરવા લાગે છે ત્યારે આરંભમાં તમને મુક્તિનો અનુભવ થાય છે, તમને એક આનંદ થાય છે. પણ હવે તો, એવું પણ નથી થતું. હવે તો સહેજ હસી લેવાય છે. કેમકે આ મુક્તિનો ભાવ હોતો નથી, એમાં માત્ર એટલું જ લાગે છે કે જાણે કે રસ્તામાંથી એક પથ્થર હટાવી દેવાયો છે અને તમે હવે આગળ વધી શકો છો.

**ત્યાગનો આ જે વિચાર છે તે માત્ર અહંકેન્દ્રિત ચેતનામાં જ ઊભો થઈ શકે છે. સ્વાભાવિક રીતે જ લોકો (કે જેમને હું વિકાસની તદ્દન પ્રાથમિક કક્ષામાં મૂકું છું) વસ્તુઓને વળગી રહેતા હોય છે, એમને જ્યારે કોઈ વસ્તુ આવી મળે છે ત્યારે એ એનાથી છૂટા પડવા માગતા જ નથી! અને એ કેવું તો** બાલિશ લાગે છે!... આ લોકોને જ્યારે પણ કોઈ વસ્તુ છોડી દેવાની આવે છે ત્યારે તેમને દુઃખ થાય છે! કેમકે એ લોકો એમની પાસે જે વસ્તુ હોય છે તેની સાથે એકરૂપ થઈ જતા હોય છે. પણ એ તો બાલિશતા છે. આ બાબતમાં પૃષ્ઠ ભાગમાં જે ખરી પ્રક્રિયા ચાલી રહેલી હોય છે એ તો વસ્તુઓમાં રહેલું વિરોધનું પ્રમાણ છે. આ વિરોધ જ્ઞાનના અમુક પાયા ઉપર રચાયેલો હોય છે. આ જ્ઞાન અમુક વખતે જ્ઞાન હતું અને બીજે વખતે એ જ્ઞાન જ્ઞાન રહેલું નથી હોતું. એ જ્ઞાન આંશિક હોય છે એ ચંચલ તો નથી હોતું, પણ અસ્થાયી હોય છે. આ જ્ઞાન ઉપર વસ્તુઓનું એક માળખું રચાયેલું હોય છે અને એ માળખું પેલી શક્તિ જ્યારે કહે છે : 'ના! એ સાચું' નથી, (હસતાં) તમારો પાયો સાચો નથી, એ હઠાવી લેવામાં આવે છે', ત્યારે વિરોધ કરતું રહે છે. અને પછી આહ! ત્યાં દરદ થાય છે, લોકો જેને ત્યાગ રૂપે અનુભવે છે તે આ વસ્તુ છે.

***બાળક : ત્યાગ કરવો એ કાંઈ ખરેખર મુશ્કેલ વસ્તુ નથી, પણ જીવન અત્યારે જેવું છે તેવું જોવા મળે છે ત્યારે, એ જીવનનો સ્વીકાર કરવો એ મુશ્કેલ છે (શ્રી માતાજી હસે છે).. ...પણ તો પછી તમે જો જીવનને સ્વીકારી લો તો પછી એ બધાની વચ્ચે રહેવું અને આ અવિચલ પરમાનંદ અનુભવતા રહેવું, એ અવિચલ આનંદ, ત્યાં ઉપર નહિ, પણ અહીંયા, એ કેવી રીતે બને એ પ્રશ્ન છે.***

**શ્રી માતાજી :** કેટલાંય અઠવાડિયાથી મારો એ પ્રશ્ન રહે છે.

આ બાબતમાં હું આ નિર્ણય ઉપર આવી છું : સિદ્ધાંતની રીતે જોતાં, આ આનંદ ચેતનામાંથી અને પ્રભુ સાથેના મિલનમાંથી આવતો હોય છે, આ સિદ્ધાંત છે, એટલે પછી ચેતના અને પ્રભુ સાથેનું મિલન, પછી તે અત્યારે છે તેવા જગતમાં થતું હોય કે પછી એક ભાવિ જગતની રચના કરવાની ક્રિયામાં થતું હોય, પણ સિદ્ધાંતની રીતે એક જ સરખાં હોવાં જોઈએ. મારી પોતાની જાતને હું આ જ વસ્તુ બધો વખત કહેતી રહું છું : 'બોલ, તારી પાસે આ આનંદ કેમ નથી હોતો'?

હોય છે, જે વખતે આખીયે ચેતના મિલનમાં એકાગ્ર બનેલી હોય છે ત્યારે. કોઈ પણ ક્ષણે, કોઈ પણ પરિસ્થિતિની વચ્ચે પ્રભુ સાથેના મિલનમાં ચેતના એકાગ્ર થવાની આ ક્રિયા થતી હોય છે ત્યારે એ આનંદ મળી આવે છે. પણ મારે કહેવું જોઈએ કે હું જ્યારે અહીં જગતમાં કામમાં પડેલી હોઉં છું ત્યારે એ આનંદ ચાલ્યો જાય છે...આ જગત, એ બહુ અંધાધૂંધીનું જગત છે, જેહમતનું જગત છે, અને એમાં મારી આસપાસ જે બધું આવી રહેલું છે તેની ઉપર હું કામ કરતી હોઉં છું. અને એમાં પછી મારી આસપાસ આવેલી વસ્તુઓ ઉપર હું કામ કરી શકું એ માટે એ બધું મારે મારામાં લેવું જ પડે છે. હું એવી સ્થિતિમાં પહોંચી તો છું જ કે એમાં હવે બધા જ સંપર્કોમાં, જેને અત્યંત દુઃખદાયક ગણવામાં આવે છે તેવા સંપર્કોમાં પણ, હું સંપૂર્ણ સ્વસ્થ અને તટસ્થ રહી શકું છું, "તટસ્થ', પણ તે નિષ્ક્રિય રીતની તટસ્થતા નહિ. એમાં કોઈ રીતનો વેદનામય પ્રત્યાઘાત નથી હોતો, સંપૂર્ણ સમતાનો બનેલો એક નર્યો તટસ્થ ભાવ એમાં હોય છે (શાશ્વત તરફ હાથ કરી બતાવે છે). પરંતુ આ સમતામાં એક ચોક્કસ જ્ઞાન રહેલું હોય છે, કઈ વસ્તુ કરવી જોઈએ, શું કહેવું જોઈએ, શું લખવું જોઈએ, કયો નિર્ણય લેવો જોઈએ, કહો કે જે જે વસ્તુને કાર્ય કહી શકાય તે બધાનું તેમાં જ્ઞાન હોય છે. આ બધું એક સંપૂર્ણ તટસ્થતાની અવસ્થામાં બનતું હોય છે, અને સાથે સાથે શક્તિનો ભાવ પણ હોય છે : એ શક્તિ પસાર થતી રહે છે, એ શક્તિ

કાર્ય કરતી રહે છે. અને પેલી તટસ્થતા પણ ટકી રહે છે, પણ એમાં કોઈ મહા આનંદ નથી હોતો. મને કોઈ ઉત્સાહ અનુભવાતો નથી, આનંદ, કર્મની પૂર્ણતા અનુભવાતી નથી.

અને મારે કહેવું જોઈએ કે આ પરમાનંદની ચેતનાની અવસ્થા જગતની વર્તમાન અવસ્થામાં જોખમ રૂપ થઈ પડે તેવી વસ્તુ છે, કેમ કે એમાંથી પછી જે પ્રતિક્રિયાઓ ઊભી થાય તેમ હોય છે તે લગભગ અંતિમ કોટિની હોય છે, હું જોઉં છું કે પરમાનંદની આ અવસ્થામાં એક **ભી-ષ-ણ** શક્તિ રહેલી છે. પણ આ ભીષણ શબ્દ ઉપર હું એ રીતે ભાર દેવા માગું છું કે એ પરમાનંદ પોતે જે જે વસ્તુઓ એના જેવી હોતી નથી તે તમામ પ્રત્યે અસહિષ્ણુ હોય છે અથવા અસહનીય હોય છે — કહો કે એ વસ્તુઓ એને સહન કરી શકે તેમ હોતું નથી. એ પરમાત્માના દિવ્ય પ્રેમ જેવી જ અથવા લગભગ એના જેવી (તદ્દન એવી તો નહિ જ પણ લગભગ મળતી) વસ્તુ છે. આ પરમાનંદ કે ઉત્કટ આનંદનું આંદોલન એ દિવ્ય પ્રેમના આંદોલનના જ એક નાનકડા આરંભ જેવું હોય છે, અને એ દિવ્ય પ્રેમ તો પૂરેપૂરો અસહિષ્ણુ, જુલમગાર હોય છે. હા, એને માટે બીજો કોઈ શબ્દ નથી, અસહિષ્ણુ એ અર્થમાં કે તે એનાથી ઊલટી એવી કોઈ પણ વસ્તુની હાજરીનો સ્વીકાર જ કરતો નથી.

અને પછી આવી સ્થિતિનાં પરિણામો સામાન્ય ચેતનાને માટે તો સ્વાભાવિક રીતે જ ભયંકર એવાં આવે તેમ છે. આ વસ્તુ હું તદ્દન બરાબર જોઈ શકું છું, કેમકે કોઈક વાર આ શક્તિ આવતી હોય છે, આ શક્તિ આવે છે અને તમને લાગે છે કે હવે એકેએક ચીજ વટી જશે. કેમકે એ શક્તિ મિલન સિવાયની બીજી કોઈ વસ્તુને સહી લેવા તૈયાર હોતી નથી એ શક્તિનો સ્વીકાર થાય, એને ઝીલી લેવામાં આવે અને સ્વીકારવામાં આવે એવી રીતના જવાબ સિવાય બીજી એકે સ્થિતિને સહી શકતી નથી. એને આ કંઈ કોઈ સ્વચ્છંદી એવી સંકલ્પશક્તિ નથી. એ સંકલ્પશક્તિ એ દિવ્ય પ્રેમના અસ્તિત્વની હકીકતમાં જ રહેલી હોય છે. અને એ પ્રેમ સર્વશક્તિમાન છે, જે અર્થમાં સર્વશક્તિમાન શબ્દ સમજવામાં આવે છે એ અર્થમાં નહિ, પણ એ સાચેસાચ એક સર્વ શક્તિરૂપ તત્ત્વ છે. એટલે કે એ પ્રેમ પૂર્ણરૂપે હસ્તીમાં છે, સંપૂર્ણ રીતે, અનન્ય રીતે હસ્તીમાં છે. એ સર્વ વસ્તુઓને પોતામાં ધારણ કરી રહેલ છે, પરંતુ જે વસ્તુ તેના આંદોલનથી વિરુદ્ધની હોય છે તેને, સ્વાભાવિક રીતે જ, બદલવાની ફરજ પડતી રહે છે, કેમકે કોઈ પણ વસ્તુ અલોપ તો થઈ શકતી જ નથી. અને પછી આ જે પરિવર્તન છે તે તત્કાલ જ બનતું હોય છે, કહો કે ક્રૂર હોય છે, અનન્ય હોય છે, અને અત્યારે

છે તેવા જગતમાં એ મહા આપત્તિ બની રહે છે.

મારા પ્રશ્નનો જવાબ મને એ મળ્યો છે.

કેમકે વસ્તુ એ પ્રમાણે હતી. મેં મને પોતાને કહેલું : 'કાં? હુંકે જે.. છું, કોઈ પણ ક્ષણે મારે આ કરવાનું રહે છે (ઉપરની દિશામાં ઇશારો) અને વાત એ છે...પ્રભુ સિવાય બીજું કાંઈ જ છે નહિ, બધું જ તે છે — પણ એ એટલા બધા તો અનન્ય રૂપે છે કે જે જે વસ્તુ તે રૂપે નથી તે અદૃશ્ય થઈ જાય છે! તો હવે પ્રમાણ કાઢો (હસતાં હસતાં), ઘણી ઘણી વસ્તુઓએ અદૃશ્ય થઈ જવું પડશે!'

મને આ વસ્તુ સમજાયેલી.

૧૭ અને ૨૪ ઑગસ્ટ, ૧૯૬૩

*

## (૯૫) પ્રભુનો આશ્લેષ અનુભવવા માટે કાં તો કામનાનો સર્વથા ત્યાગ કરવો જોઈએ કે પછી એની સંપૂર્ણ પરિતૃપ્તિ કરવી જોઈએ; કારણકે બંને પ્રસંગે મહત્ત્વની પૂર્વશરત સંતોષાય છે. કામનાનો વિનાશ થાય છે.

કામનાને પૂર્ણ પણે સંતોષવી શક્ય નથી. એ એક અશક્ય વસ્તુ છે. અને કામનાના પરિત્યાગની બાબતમાં પણ એમ જ છે. તમે એક કામનાનો ત્યાગ કરો છો ત્યાં બીજી ઊભી થાય છે. એટલે સાપેક્ષ રીતે જોતાં બંને વસ્તુઓ અશક્ય છે; શક્ય વસ્તુ માત્ર એટલી જ છે કે તમે કોઈ અવસ્થામાં પ્રવેશ કરો જ્યાં કામનાનો અભાવ હોય.

### (લાંબુ મૌન)

એ એક કમનસીબી છે કે આ જે સર્વ અનુભૂતિઓ આવી રહી છે તેમની હું નોંધ રાખી શકતી નથી. કારણકે આ છેલ્લા થોડા દિવસોથી અને એક લાંબા સમયથી મને સાચું કાર્ય શું હોઈ શકે તેનું સ્પષ્ટપણે ભાન થઈ રહ્યું છે. એ કાર્ય એટલે પરમ પ્રભુના સંકલ્પની સ્વયંભૂ, કુદરતી, અને સ્વાભાવિક રીતે, વ્યક્તિસ્વરૂપ દ્વારા થતી અભિવ્યક્તિ. આપણે એમ પણ કહી શકીએ કે શરીર દ્વારા થતી અભિવ્યક્તિ, કારણકે મન નિષ્ક્રિય હોય છે, એ શાંત હોય છે અને એ વસ્તુનું પણ ભાન થાય છે જ્યારે આ ભાગવત સંકલ્પ આચ્છાદિત, વિકૃત

થઈ જાય છે. એમ થવામાં કામના, કામનાનું એક વિશિષ્ટ પ્રકારનું, પોતાના સ્વતંત્ર ગુણો ધરાવતું અને અનેક રીતનાં બાહ્ય કારણો ધરાવતું, આંદોલન હોય છે : એમાં કોઈ વસ્તુ પ્રત્યે આસક્તિ હોય છે અથવા કોઈ વસ્તુની જરૂરિયાત હોય છે એવું નથી હોતું. ઉદાહરણ તરીકે, એનું એ જ આંદોલન પરમ પ્રભુના સંકલ્પની અભિવ્યક્તિ લાગવાને કારણે અથવા એ રીતની અભિવ્યક્તિ છે એમ માની લેવાની ભૂલ થવાને કારણે, ગતિમાન થઈ શકે છે. પરંતુ એમ થાય છે ત્યારે એક ગોટાળો ઊભો થાય છે, કારણકે, જો એ આંદોલન પ્રભુના સંકલ્પની અભિવ્યક્તિ હોય તો એના વડે જે તાત્કાલિક કાર્ય થવું જોઈએ અને એનું જે સ્વાભાવિક પરિણામ આવવું જોઈએ તેમ નથી બનતું. એટલે, આ પ્રકારની ભૂલ આપણે ઘણી વાર કરતા હોઈએ છીએ. આપણને એમ માનવાની એક ટેવ પડી ગઈ છે કે આપણે જે વસ્તુ જોઈતી હોય તે વસ્તુ આપણને મળવી જોઈએ, કારણકે આપણી દૃષ્ટિ અત્યંત ટૂંકી હોય છે, અત્યંત ટૂંકી અને અત્યંત મર્યાદિત. એને બદલે આપણી પાસે જો એક સર્વગ્રાહી દૃષ્ટિ હોય તો આપણને જણાઈ આવે કે આ જે એક અમુક રીતનું આંદોલન તો બીજાં કેટલાંક આંદોલનોને વહેતાં મૂકવા માટેનું એક સાધન છે, અને એ સર્વની સમગ્રતા જ અસરકારક બની શકે તેમ છે; એમાં જે શરૂઆતનું આંદોલન પ્રગટ થયું હોય છે તેનું એ સીધેસીધું પરિણામ નથી હોતું. હું જાણતી નથી કે આ બધું તમને સ્પષ્ટપણે સમજાય છે કે નહિ, પરંતુ મારે માટે તો, આ કાયમનો અનુભવ છે.

હકીકતમાં તો, આ સમય દરમ્યાન મેં આ ઘટનાનો અભ્યાસ અને અવલોકન કરેલું છે : આપણા રોજબરોજનાં કાર્યમાં, પ્રભુએ પ્રગટ કરેલા સંકલ્પમાં કઈ રીતે આ કામનાનું આંદોલન ભળી જાય છે તે મેં જોયું છે. અને આપણે જો આ રીતની ઊર્ધ્વમાંથી જોવાની દૃષ્ટિ રાખીએ, જો આપણે આમ ઊર્ધ્વમાંથી જોનારી ચેતનાની દૃષ્ટિને ટકાવી રાખીએ, તો આપણને જણાઈ આવે છે કે આ આંદોલન કઈ રીતે પ્રભુના સંકલ્પની સીધેસીધી અભિવ્યક્તિ હોય છે. પરંતુ આપણી સપાટી ઉપરની ચેતના તેનું જે રીતનું તાત્કાલિક પરિણામ જોવાની અપેક્ષા રાખતી હોય છે તેના કરતાં જુદી રીતે, એ આંદોલન તો કેવળ બીજાં અનેક આંદોલનોની શ્રેણી વહેતી મૂકવા માટે અને અન્ય રીતનું, વધુ દૂરનું અને વધુ પૂર્ણ પરિણામ સિદ્ધ કરવા માટે પ્રગટ કરવામાં આવેલું હોય છે. હું આમાં કોઈ મહાન વસ્તુઓ કે વિશ્વવ્યાપી કાર્યોને અનુલક્ષીને વાત કરતી નથી. હું તો જીવનની ઘણી નાની નાની વસ્તુઓની વાત કરું છું : દાખલા તરીકે, આપણે કોઈને કહીએ કે "મને આ વસ્તુ આપો." અને એ વ્યક્તિ એ સમજતી નથી એટલે એને બદલે કોઈ બીજી

જ વસ્તુ આપે છે. હવે, આવે સમયે જો આપણે કાળજીપૂર્વક એક સર્વગ્રાહી દૃષ્ટિ ન રાખીએ તો એક અન્ય પ્રકારની વૃત્તિ ઊભી થાય. દાખલા તરીકે આપણામાં એક પ્રકારની અધીરાઈ કે અસંતોષની વૃત્તિ ઊભી થાય અને સાથે સાથે એમ પણ છાપ પડે કે પ્રભુમાંથી આવતા સંકલ્પને સમજવામાં આવ્યો નથી કે ગ્રહણ કરવામાં આવ્યો નથી. ત્યારે આ જે અધીરાઈની નાનકડી વૃત્તિનું ઉમેરણ થાય છે તે, અને ખરું જોતાં તો, શું બની રહ્યું છે તે સમજી ન શકવાની વૃત્તિ, અથવા આ ગ્રહણશીલતા અથવા યોગ્ય પ્રત્યુત્તર વાળવાના અભાવની જે છાપ પડે છે તે, ગુણવત્તામાં તો કામનાના જેવી જ હોય છે, એને કામના તો ન કહી શકાય, પણ એ વૃત્તિનો પ્રકાર તો એના સરખો જ હોય છે, અને આને લઈને પછી વસ્તુઓમાં ગૂંચવાડા ઊભા થાય છે. જો આપણી અંદર સંપૂર્ણ અને સ્પષ્ટ દર્શનશક્તિ હોય છે તો આપણે જાણીએ છીએ કે "મને આ આપો" એ કથન, તાત્કાલિક પરિણામને બદલે બીજું કંઈ જ ઊભું કરશે અને આ જે બીજી વસ્તુ હશે તે વળી એવી કોઈ અન્ય વસ્તુ લાવી મૂકશે જે યથાયોગ્ય હશે. મને ખબર નથી કે હું મારે જે કહેવાનું છે તે સ્પષ્ટ કરી રહી છું કે નહિ, કારણ કે વાત જરા ગૂંચવણભરી છે! પરંતુ આ વસ્તુને લઈને મને પ્રભુના સંકલ્પ અને કામનાના આંદોલનની ગુણવત્તા વચ્ચેનો ભેદ સમજવાની ચાવી મેળવી આપી છે અને સાથે સાથે આ કામનાની વૃત્તિને નાબૂદ કરવા માટે જરૂરી એવી એક વિસ્તૃત અને વધુ સંપૂર્ણ દૃષ્ટિ, વિસ્તૃત, પૂર્ણતર અને દૂર-દૃષ્ટિગામી, એટલે કે એક વધુ વિશાળ પૂર્ણતાની દૃષ્ટિ ઉપલબ્ધ કરાવી આપી છે.

હું આ મુદ્દાનો આગ્રહ રાખું છું કારણકે એને લઈ સર્વ પ્રકારનાં નૈતિક પાસાંઓ નાબૂદ થઈ જાય છે. એને લઈને, કામના એ કોઈ નિંદાપાત્ર વસ્તુ છે એ ખ્યાલ દૂર થઈ જાય છે. મારી દૃષ્ટિમાં સારા અને ખરાબના, સાચા અને ખોટાના, ઉતરતી કક્ષા અને ઊંચી કક્ષા વગેરેના ખ્યાલો, વધુ ને વધુ પ્રમાણમાં નાબૂદ થઈ રહ્યા છે. હવે જે ખ્યાલ છે કે જેને આપણે આંદોલનાત્મક ગુણવત્તાનો ભેદ છે, અને આ "ગુણવત્તા" શબ્દ પણ ઊંચા અને નીચાનો ભેદ બતાવે છે; એ કોઈ ગુણવત્તા કે સઘનતાના ભેદની વાત નથી. એ લોકો એક પ્રકારના આંદોલનને બીજા પ્રકારના આંદોલનથી અલગ બતાવવા માટે કયો શબ્દ વાપરે છે તેની મને ખબર નથી, પણ જે છે તે એવા ખ્યાલોની વાત છે.*

* શ્રી માતાજી, અહીં 'એ લોકો' શબ્દની વૈજ્ઞાનિકોની વાત કરતાં હોય એમ લાગે છે. વિજ્ઞાનમાં આંદોલન માટે વાઈબ્રેશન અને ફ્રિકવન્સી એમ બે શબ્દો વપરાય છે. વાઈબ્રેશનના ભેદ ફ્રિકવન્સીના ભેદ ઉપર આધાર રાખે છે. એમાં ભેદ દર્શાવવા અનેક પ્રતીકાત્મક શબ્દો વપરાય

એટલે, એ વસ્તુ, નોંધપાત્ર છે કે આંદોલન, જેને આપણે પ્રભુ તરફથી આવતા આંદોલનની ગુણવત્તા કહી શકીએ, તે એક રચનાત્મક વસ્તુ હોય છે, એ રચના કરે છે, શાંતિદાતા અને જ્યોતિર્મય હોય છે; જ્યારે પેલું બીજું કામનાનું આંદોલન અથવા એના જેવું બીજું કોઈ આંદોલન હોય છે તે ગૂંચવાડો ઊભો કરે છે, વિનાશ સર્જે છે, અને વસ્તુઓને ભેળસેળ કરે છે કે મારી મચડી નાખે છે, ભેળસેળ, વિકૃત અને વક્રતાપૂર્ણ કરી મૂકે છે, અને એ વસ્તુ જ્યોતિને ઉપાડી જાય છે; એ એક મલિનતા ઉત્પન્ન કરે છે અને એમાં પછી જ્યારે ઉગ્ર પ્રકારની હિલચાલ કરવામાં આવે છે ત્યારે તે સઘન થઈને અત્યંત કાળા ઓછારમાં ફેરવાઈ જાય છે. પરંતુ જ્યારે કોઈ રીતનો આવેગ નથી હોતો, જ્યારે કોઈ આવેગનો હસ્તક્ષેપ નથી હોતો, ત્યારે પણ એવું બને છે. આ જગતનું ભૌતિક અસ્તિત્વ કેવળ એકબીજામાં ભળી જતાં, અને દુર્ભાગ્યે કરીને, એકબીજા સાથે અથડાતાં અને ઝઘડતાં આંદોલનોનું ક્ષેત્ર જ બની રહ્યું છે. અને આ પ્રકારની ઉથલપાથલ અને ગેરવ્યવસ્થાની ચરમ સીમા રૂપે, આ જે અથડામણો અને ઝગડાઓ ઊભા થાય છે તેનું ઉત્પત્તિસ્થાન ખરું જોતાં તો અજ્ઞાનનાં આંદોલનો જ હોય છે. આપણે જાણતા નથી કારણ કે એ આંદોલનો અજ્ઞાનનાં હોય છે અને તેઓ અત્યંત ક્ષુદ્ર, સંકુચિત, મર્યાદિત, અત્યંત નાનાં હોય છે. આમાં હવે આ મુદ્દાને કોઈ મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ લેશ માત્ર નિહાળવામાં આવતો નથી; અહીં તો કેવળ આંદોલનો જ હોય છે.

આપણે આ વસ્તુને મનોવૈજ્ઞાનિક દૃષ્ટિથી જોઈએ... મનોમય ભૂમિકા ઉપરથી જોઈએ, તો એમ કરવું તદ્દન સહેલું બની જાય છે. પ્રાણમય ભુમિકા ઉપર પણ એ કાર્ય બહુ અઘરું નથી. ભૌતિક સ્તર ઉપર એ વસ્તુ જરા વધુ ભારે પડે છે કારણકે ત્યાં એ “જરૂરિયાતો”નું સ્વરૂપ ધારણ કરે છે. પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી આ ભૂમિકા પણ અનુભૂતિઓનું ક્ષેત્ર બની રહ્યું છે! એમાં શરીર રચનાને લગતી તબીબી અને વૈજ્ઞાનિક માન્યતાઓ, એની જરૂરિયાતો, એને માટે શું સારું અને શું ખરાબ એવું બધું આવે છે. અને છેવટે જતાં, એ સર્વના પરિપાકરૂપે એની એ જ વસ્તુ આવીને ઊભી રહે છે. એમાં પ્રશ્ન કેવળ આંદોલોનોનો જ રહે છે. એ જરા રસપ્રદ વસ્તુ હતી; મને એક દૃશ્ય દેખાયું, કારણકે, સામાન્ય ચેતના વડે જે કાંઈ વસ્તુઓ જોવામાં આવે છે તે કેવળ દૃશ્ય માત્ર હોય છે. મને એક એવું દૃશ્ય જોવા મળ્યું જેમાં ખોરાકનું ઝેર ચડવાની

---

છે, જેમકે ઑડીયો, ક્રિકવન્સી, હાઈફ્રિકવન્સી, અલ્ટ્રા હાઈફ્રિકવન્સી, મોડયુલેટિંગ ફ્રિકવન્સી, કેરિયર ફ્રિકવન્સી, લો ક્રિકવન્સી, વગેરે. –અનુવાદક

ઘટના બની હતી. મારે એ વિષયનો અભ્યાસ કરવાનો હતો. મારે એ વસ્તુ શોધી કાઢવાની હતી કે એમાં કોઈ નિરપેક્ષ સત્ય હતું કે પછી એ ઝેર ચઢવાની ઘટના કોઈ સાપેક્ષ વસ્તુ હતી, એટલે કે, એનો આધાર, અજ્ઞાન, વિપરિત પ્રતિકાર્ય અને સાચી રીતનાં આંદોલનોના અભાવ ઉપર હતો કે કેમ. અને છેવટે મને જણાયું કે એમાં પ્રશ્ન એ હતો કે એમાં કેટલા પ્રમાણમાં પ્રભુમાંથી આવતાં આંદોલનો હતાં અને કેટલા પ્રમાણમાં તમોગ્રસ્તતાનાં આંદોલનો હતાં. અને એ આંદોલનોમાંથી કોઈ સઘન અને સાચી વસ્તુ રચાય છે કે પછી કોઈ દૂર કરી દઈ શકાય એવી વસ્તુ બને છે; એટલે કે, જે વસ્તુ સત્યનાં આંદોલનોનો વિરોધ ન કરતી હોય તેવી વસ્તુ બને છે; તેનો આધાર એ આંદોલનોના પ્રમાણ ઉપર રહેલો હતો. અને એ બહુ રસપ્રદ ઘટના હતી. કારણકે, ચેતનાને જેવી ખબર પડી કે શરીરની કાર્ય પદ્ધતિમાં વિક્ષેપ કરનાર કારણરૂપ શી વસ્તુ હતી કે તરત જ — ચેતનાને એ વસ્તુ ક્યાં, આવતી હતી તે જણાઈ આવ્યું, એ શું વસ્તુ હતી તે ખબર પડી, અને પછી "જોઈએ, શું થાય છે¡" એ પ્રકારનું વિચારપૂર્વક અવલોકન કરવાની શરૂઆત થઈ. સૌ પ્રથમ તો એવી ખાતરીપૂર્વક, જે હંમેશા હાજર જ હોય છે આ શરીરને એવી સંપૂર્ણ આરામની અવસ્થામાં મૂકવામાં આવ્યું કે, પ્રભુની ઇચ્છા વિના કશું બનતું નથી, એટલે આપણે તદ્દન નિશ્ચલ રહેવું જોઈએ; એટલે શરીર તો સંપૂર્ણપણે શાંત, અક્ષુબ્ધ, અચંચળ, નિઃસ્પંદ, બીજું કાંઈ નહિ, કેવળ નિશ્ચલ થઈ જાય છે. અને ત્યાર પછી, એના ઉપર થતી અસર કેટલા અંશે અનિવાર્ય રહે છે? શરીરે પોતાનાં ઘટક તત્ત્વો અને પોતાના જીવનને માટે પ્રતિકૂળ હોય એવું તત્ત્વ ધરાવતો પદાર્થ અમુક પ્રમાણમાં ગ્રહણ કર્યો છે એટલે એ જોવાનું રહે છે કે એકંદરે જોતાં અનુકૂળ અને પ્રતિકૂળ તત્ત્વોનું પ્રમાણ કેટકેટલા પ્રમાણમાં છે, અનુકૂળ અને પ્રતિકૂળ આંદોલનનું કેટકેટલું પ્રમાણ છે? પછી મેં જોયું કે આ જાતના પ્રમાણનો આધાર, શરીરના કેટલા કોષાણુઓ પરમાત્માના આંદોલનો પ્રત્યે ખુલ્લા છે અને તેમની સીધે સીધી અસર રહેલ છે અને કેટલા કોષાણુઓ હજી પણ સામાન્ય જીવનમાં હોય છે તે પ્રકારનાં આંદોલનો પ્રત્યે ખુલ્લા છે, તેના ઉપર રહેલો છે. આ વસ્તુ બહુ સ્પષ્ટપણે જણાઈ આવતી હતી. કારણકે આમાં મને સર્વ પ્રકારની શક્યતાઓ દેખાતી હતી. એક બાજુ સામાન્ય પ્રકારનો શારીરિક પદાર્થ હતો, જે આ પ્રકારનું પ્રતિકૂળ તત્ત્વ ઘૂસી જવાને કારણે અત્યંત ક્ષુબ્ધ બની ગયો હતો અને એમાં પછી, આપણે એ અનિચ્છનીય તત્ત્વને હાંકી કાઢવા માટે સર્વ પ્રકારની સામાન્ય પદ્ધતિઓનો આશ્રય લેવો પડે તેમ હતું. બીજી બાજુ એવા કોષાણુઓ હતા જેઓ પરમ શક્તિના પ્રભાવ પ્રત્યે સંપૂર્ણપણે

ખુલ્લા હતા અને તેમને માટે આ પ્રકારની ઘૂસણખોરી તદ્દન બિનઅસરકારક હતી. પરંતુ તેમ છતાં આ હજી આવતી કાલ વિષેનું સ્વપ્ન છે, આપણે હજી તો ક્રમગામી છીએ. અને છતાં આ પ્રમાણ એકંદર તદ્દન સાનુકૂળ હતું, હું એમ નથી કહી શકતી કે એ સર્વશક્તિમાન હતું, એ તો જરા વધુ પડતી વાત કહેવાય, પરંતુ ઠીક ઠીક પ્રમાણમાં સાનુકૂળ હતું, અને એનું પરિણામ એ આવ્યું કે આ પ્રકારની ક્ષુબ્ધાવસ્થાનાં પરિણામો બહુ લાંબો સમય રહ્યાં નહિ, અને નુકસાનનું પ્રમાણ, લગભગ, તદ્દન નજીવું રહ્યું.

પરંતુ આ ક્ષણે જે એક પછી એક અનુભવો થઈ રહ્યા છે, શરીરને જે ભૌતિક રીતના અનુભવો થઈ રહ્યા છે તે બધાનો સાર એટલો જ રહે છે કે, દરેક વસ્તુનો આધાર, આપણામાંનાં તત્ત્વો કેટલા અંશે પ્રભુના પ્રભાવ પ્રત્યે સંપૂર્ણપણે ખુલ્લાં છે, જે તત્ત્વો અડધોઅડધ છે, જે રૂપાંતરને માર્ગે છે, અને જે તત્ત્વો હજી સુધી ભૌતિક તત્ત્વની રીતનાં આંદોલનોની જેમ સક્રિય છે, એમની સંખ્યા ઘટતી જતી જણાય છે; એ સંખ્યા ઘણા પ્રમાણમાં ઘટતી જતી લાગે છે, પરંતુ તેમ છતાં તેઓ અણગમો ઉપજાવે તેવી અસરો અને પ્રતિકાર્યો ઉપજાવે તેટલા પ્રમાણમાં તો હજી છે અને વસ્તુઓનું રૂપાંતર થયું નથી, હજી તેઓ સામાન્ય જીવનને વળગી રહેલ છે, પરંતુ દરેક બાબતમાં પ્રશ્ન પછી તે મનોવૈજ્ઞાનિક હોય અથવા તદ્દન ભૌતિક કે રાસાયણિક હોય, તેમ છતાં, આખા પ્રશ્નનો સાર તો આટલો જ રહે છે, કે વસ્તુઓ કેવળ આંદોલનો છે, બીજુ કાંઈ નહિ. અને પછી આપણને આ આંદોલનોની સમગ્રતાનો ખ્યાલ આપે છે અને આપણે જો બહુ જાડી ભાષામાં અને અંદાજપૂર્વક કહીએ તો, જે આંદોલનો રચનાત્મક છે અને વિનાશાત્મક છે તેમના વચ્ચે કેટલો ભેદ છે તેનો ખ્યાલ આપે છે. આપણે એમ કહી શકીએ કે, આ એક કહેવાની રીત માત્ર છે, જે આંદોલનો એકરૂપ તત્ત્વમાંથી આવતાં હોય છે અને એ એક તત્ત્વની અભિવ્યક્તિ કરતાં હોય છે તે બધાં રચનાત્મક હોય છે અને જે આંદોલનો આપણી ભેદાત્મક સામાન્ય ચેતનાના ગોટાળામાંથી આવતાં હોય છે તે બધાં વિનાશ પ્રત્યે દોરી જાય છે.

## (લાંબુ મૌન)

હંમેશાં એમ કહેવામાં આવે છે કે સર્વે મુશ્કેલીઓનું મૂળ કામનામાં રહેલું હોય છે, અને એ વાત ખરી પણ છે. એમ હોઈ પણ શકે કે કામના એ એક એવી વસ્તુ હોય છે જે સંકલ્પના આંદોલન સાથે જોડી દેવામાં આવી હોય છે. આ સંકલ્પ જ્યારે તે એકમાત્ર સંકલ્પ હોય, પરમ સંકલ્પની સ્વયં અભિવ્યક્તિ

હોય છે ત્યારે તે સીધેસીધો, તાત્કાલિક રીતે કાર્ય કરનારો હોય છે; એટલે જે કાંઈ વિલંબ ઊભો કરે છે, અવરોધ નાખે છે, ગોટાળા ઊભા કરે છે. અરે, નિષ્ફળતાને ખેંચી લાવે છે તે અનિવાર્યપણે કામનાના મિશ્રણને લઈને હોય છે.

આપણે એને સૌ વસ્તુઓમાં જોઈ શકીએ છીએ. આપણે એક દાખલો લઈએ એક બાહ્ય રીતનું કર્મક્ષેત્ર લઈએ. બાહ્ય જગતની, બાહ્ય વસ્તુઓની વાત લઈએ. જો કે, આપણે એ વસ્તુ "બાહ્ય" છે એમ કહીએ છીએ તેમાં આપણે પોતાની જાતને એક ખોટી સ્થિતિમાં મૂકીએ છીએ, પરંતુ ઉ.ત. છેક ઊર્ધ્વની, ઋત ચેતનામાંથી તમે કોઈને કહો, હું અહીં લાખોમાંથી એક વાતનું ઉદાહરણ આપું છું, કે 'જાઓ, અને જઈને અમુક માણસ પાસેથી અમુક વસ્તુ પ્રાપ્ત કરવા માટે આમ કહો.' હવે, જો આ વ્યક્તિ ગ્રહણશીલ હશે, પોતાની ભીતરમાં અચલ અને સમર્પિત હશે, તો એ જશે, પેલી વ્યક્તિને મળશે, અને જે કરવાનું હશે તે થઈ જશે, એમાં કોઈ રીતની ગૂંચવણ ઊભી નહિ થાય. પરંતુ જો આ વ્યક્તિની મનોમય ચેતના ચંચલ હશે, જો એનામાં સંપૂર્ણ શ્રદ્ધા નહિ હોય, જો એનામાં અહંભાવ અને અજ્ઞાનને લઈને જે મિશ્રણો ઊભાં થાય છે તે બધું હશે, તો એને મુશ્કેલીઓ દેખાશે, કેટલાક પ્રશ્નોનો ઉકેલ જોઈશે, અને બધું ગૂંચવાડાભર્યું દેખાશે અને સાચે જ, પછી એ બધું બનીને રહેશે. એટલે આ બધું જે વસ્તુ જેટલા પ્રમાણમાં હશે તેટલા પ્રમાણમાં બનશે. દરેક વસ્તુની બાબતમાં પ્રશ્ન પ્રમાણનો જ હોય છે. અને એ પ્રમાણના આધારે ગૂંચવાડાઓ સર્જાય છે, સમય લાગે છે, વસ્તુઓ સિદ્ધ થવામાં વિલંબ થાય છે, અથવા એથી પણ ખરાબ તો, વિકૃત રીતની થાય છે. જે વસ્તુ જે રીતની થવી જોઈએ તે રીતની થતી નથી, એમાં ફેરફાર થઈ જાય છે, લઘુતા આવી જાય છે, વિકૃતિ આવે છે, અને અંતે કશું પણ ન બને એવું પણ થાય છે. આમાં ઘણા સ્તરો રહેલા હોય છે, પરંતુ એ, સર્વ કાંઈ ગૂંચવણો માનસિક ગૂંચવાડાના, અને કામનાના ક્ષેત્રમાં બને છે. જ્યારે બીજે રસ્તે, વસ્તુઓ તાત્કાલિક બને છે. આવા પ્રસંગો અનેક પ્રસંગોમાંથી બનવાનાં અનેક ઉદાહરણો મળી આવે છે અને સાથે સાથે, "તાત્કાલિક પરિણામના પ્રસંગો" નાં પણ અનેક ઉદાહરણો મળી આવે છે. ત્યારે લોકો તમને કહે છે : 'અરે, તમે એક ચમત્કાર કર્યો!" આમાં ચમત્કાર જેવું કાંઈ નથી હોતું : ખરી રીતે એમ જ થવું જોઈએ, ફક્ત ચમત્કાર લાગવાનું કારણ એટલું જ કે જે સાધન મારફત કાર્ય કરવામાં આવ્યું હોય છે તેણે એ કાર્યમાં પોતાની જાતનું મિશ્રણ થવા દીધું હોતું નથી.

હું કહી શકતી નથી કે આ બહુ સ્પષ્ટ સમજાય તેવું છે કે નહિ, પરંતુ ગમે

તેમ હોય ... .....

એટલે, આ વસ્તુ, નાનામાં નાની ચીજથી માંડીને સમગ્ર પાર્થિવ ક્ષેત્રને આવરી લે છે. જો કોઈ સારું કરણ ઉપલબ્ધ હોય છે તો વસ્તુઓ પાર્થિવ ક્ષેત્રમાં આ રીતે તાત્કાલિક બની આવી હોય એવા અનેક દાખલાઓ છે. આ બે પ્રસંગે આ વસ્તુ કઈ રીતે કરવામાં આવી, કેમ કરવામાં આવી તે કોઈને સમજાતું નથી હોતું, એમ, તદ્દન, સાવ સ્વાભાવિક રીતે, દરેક વસ્તુ બરાબર રીતની બની આવી હોય છે. અને અન્ય પ્રસંગોએ, એક વિઝા કે પરમિટ મેળવવા માટે તમારે જાણે કે પહાડને ચલાયમાન કરવો પડે છે. એટલે, છેક નાનામાં નાની વસ્તુથી માંડી, જરા જેટલી શારીરિક અસ્વસ્થતાથી માંડી કોઈ વિશ્વવ્યાપી કાર્યની બાબતમાં, તત્ત્વ એવું જ રહે છે, દરેક વસ્તુ છેવટે એક જ તત્ત્વ આગળ આવી ઊભી રહે છે.

૪ નવેમ્બર, ૧૯૬૩

*

**(૯૬) ધર્મગ્રંથોના સત્યનો તારા આત્મામાં અનુભવ કર. પછી, તને ઠીક લાગે તો પોતાની અનુભૂતિ ઉપર તર્ક-વિતર્ક કરજે અને બૌદ્ધિક રૂપમાં વ્યક્ત પણ કરજે. પરંતુ તેમ છતાં તું તારા કથન ઉપર અવિશ્વાસ કરજે, તારી અનુભૂતિ ઉપર કદી નહિ.**

**શ્રી માતાજીઃ** આમાં કોઈ સ્પષ્ટીકરણની જરૂર નથી.

આનો અર્થ એ છે કે બાળકોને એ સમજાવવું જોઈએ કે આપણું કથન ગમે તેમ હોય, શાસ્ત્ર વચન ગમે તેમ હોય, તેમ છતાં એમાં હંમેશાં અનુભૂતિને, ઘટાવવામાં આવી હોય છે, એમાં અનુભૂતિ કરતાં કંઈક ઓછું હોય છે.

કેટલાક લોકોને માટે આ વસ્તુ જાણવી જરૂરી હશે.

*

**(૯૭) જ્યારે તું તારી આત્મ અનુભૂતિ ઉપર ભાર મૂકે છે અને અન્ય વ્યક્તિની, જુદી રીતની આત્મ અનુભૂતિનો અસ્વીકાર કરે છે, ત્યારે સમજી લેજે કે ભગવાન તને ઉલ્લુ બનાવી રહ્યા છે. શું તને તારા આત્માનાં આવરણો પાછળથી એનું આત્માનંદપૂર્ણ**

**અટ્ટહાસ્ય સંભળાતું નથી?**

**શ્રી માતાજી :** અરે, આ તે ખૂબ મઝાનું છે!

આપણે પણ સ્મિત સાથે કહી શકીએ કે, "તું કદી તારી અનુભૂતિ ઉપર શંકા કરીશ નહિ, કારણ કે તારી અનુભૂતિ તે, તારા આત્માનું સત્ય છે, પરંતુ એ કોઈ વૈશ્વિક સત્ય છે એમ ધારી લેતો નહિ; અને એ પાયા ઉપરથી, અન્ય લોકોનાં સત્યોનો પણ ઇનકાર કરીશ નહિ, કારણકે દરેક વ્યક્તિ માટે, તેની પોતાની અનુભૂતિ તે તેના સ્વરૂપનું સત્ય છે. અને સંપૂર્ણ સત્ય તે આ સર્વ વૈયક્તિક સત્યો ... ... અને પરમાત્માની પોતાની અનુભૂતિ એ સર્વની સમગ્રતામાં હોય છે!"

**(૯૮) સાક્ષાત્કાર એ સત્યની નિરપેક્ષ દૃષ્ટિ, નિરપેક્ષ શ્રવણ અથવા પ્રેરિત સ્મૃતિ, દૃષ્ટિ, શ્રુતિ, સ્મૃતિ હોય છે. એ સર્વોત્તમ અનુભૂતિ છે અને એનો અનુભવ ફરી ફરીને, નૂતન રીતે, કરવો શક્ય છે. આ વસ્તુ ભગવાને કહેલી છે એટલા માટે નહિ, પણ આત્માએ પોતે નિહાળેલી છે, એટલા માટે જ શાસ્ત્રવચન એ આપણો સર્વોત્તમ આધાર છે.**

**શ્રી માતાજી :** હું માનું છું કે આ કથન તે મુસાએ સાંભળેલ "પ્રભુના આદેશો" ઉપરની બાઈબલમાં માનનારાઓની શ્રદ્ધાને અનુલક્ષીને છે. એ શબ્દો પ્રભુ પોતે બોલેલા અને મુસાએ સાંભળેલા એમ ધારવામાં આવે છે, અહીં આડકતરી રીતે એમ કહેવામાં આવ્યું છે (શ્રી માતાજી હસે છે) કે એમ બનવું શક્ય નથી.

"આપણો સર્વોત્તમ આધાર" ... "કારણકે આત્માએ એ જોયેલું," પરંતુ એ તો જે આત્માએ જોયું હોય તેને માટે સર્વોત્તમ આધાર કહેવાય, દરેક આત્માને માટે તો નહિ. જે આત્માને આ અનુભૂતિ થયેલી અને જેણે જોયેલું એને માટે એ પરમ સત્ય હશે, અન્યને માટે નહિ.

જ્યારે હું સાવ નાની બાળકી હતી, ત્યારે મને જે અનેક વસ્તુઓ વિચારમાં નાખી દેતી હતી તેમાં આ "પ્રભુના દસ આદેશો" પણ હતા; એ અત્યંત ચીલાચાલુ જેવા લાગે છે. તમે તમારા માતા પિતાને ચાહો...હિંસા ન કરો... આ તો ઉબકો આવે તેટલી હદે ચીલાચાલુ લાગે છે. અને આવું સાંભળવા માટે મૂસા છેક

માઉન્ટ સિનાઈ ઉપર ગયેલા!

હવે, મને ખબર નથી કે શ્રી અરવિંદના મનમાં ભારતનાં શાસ્ત્રો હતાં કે નહિ... ચાઈનિઝ શાસ્ત્રો પણ છે... ...

**(મૌન)**

મને વધુમાં વધુ પ્રમાણમાં આ વસ્તુનો અનુભવ થઈ રહ્યો છે કે સાક્ષાત્કાર થઈ શકે છે, સાક્ષાત્કાર સર્વ સામાન્ય રૂપે લાગુ પાડી શકાય તેવો પણ હોઈ શકે, પરંતુ એની રૂપરેખા હંમેશાં વ્યક્તિગત, હંમેશાં વ્યક્તિ જ હોય છે.

એમાં, જાણે એવું બને છે કે કોઈ વ્યક્તિને સત્યનું અમુક દૃષ્ટિકોણથી દર્શન થયું હોય છે, એને તમે જે ક્ષણે શબ્દોમાં મૂકો કે તરત જ એ અનિવાર્યરૂપે એક દૃષ્ટિકોણ માત્ર બની રહે છે.

તમને એક એવી અનુભૂતિ પ્રાપ્ત થાય છે જેમાં કોઈ શબ્દો હોતા નથી, વિચાર પણ હોતા નથી, કેવળ એક પ્રકારનું સ્પંદન અનુભવાય છે જેને લઈને અવિકારી સત્યની અનુભૂતિની લાગણી થાય છે. પછી જો તમે તદ્દન નિશ્ચલ, નીરવ બન્યા રહો, કશું જાણવા માટે પ્રયત્ન ન કરો તો, પછી, કેટલાક સમય બાદ એ સ્પંદન જાણે કે એક જાતના ગરણામાંથી પસાર થાય છે અને એક પ્રકારના વિચાર પ્રત્યયમાં ફેરવાઈ જાય છે. આ વિચાર પ્રત્યય એ હજી જરા અસ્પષ્ટ, એટલે કે અત્યંત પ્રવાહી રૂપનો હોય છે. જો તમે અત્યંત નિશ્ચલ, નીરવ, એકાગ્ર અને શાંત બન્યા રહો છો તો પછી આ વિચાર પ્રત્યય એક બીજા ગરણામાંથી પસાર થાય છે અને પછી એક પ્રકારના ઘનીભવનની ક્રિયા થાય છે, બિંદુઓ બંધાય છે, અને પછી એ શબ્દોમાં ફેરવાઈ જાય છે.

તેમ છતાં, જ્યારે તમારો અનુભવ અત્યંત સત્યનિષ્ઠ હોય છે એટલે કે, જ્યારે તમે તમારી જાતને છેતરતા નથી હોતા ત્યારે પણ, એ અનિવાર્યપણે એક બિંદુ માત્ર હોય છે, એ વસ્તુને વ્યક્ત કરવાનો એક રસ્તો જ હોય છે, બીજું કાંઈ નહિ, અને એ એથી વધુ કાંઈ હોઈ શકતો નથી. વળી, એ વસ્તુ પણ તમે સહેલાઈથી જોઈ શકશો કે જ્યારે તમને અમુક ભાષા વાપરવાની ટેવ હોય છે, ત્યારે એ, તમારી ભાષામાં આવે છે. મારી બાબતમાં એ હંમેશાં અંગ્રેજી કે ફ્રેન્ચમાં આવે છે, ચાઈનિઝ કે જાપાનિઝ ભાષામાં નહિ; અને કેટલીકવાર એમાં એકાદ સંસ્કૃત શબ્દ હોય છે પરંતુ એ તો એટલા માટે કે હું ભૌતિક સ્વરૂપમાં સંસ્કૃત શીખેલી છું. મેં કેટલીકવાર અન્ય સ્વરૂપ દ્વારા ઉચ્ચારાયેલ, ભૌતિક રીતે નહિ, સંસ્કૃત વાણી સાંભળી છે. પરંતુ એ કોઈ રીતે આકારગ્રાહી બનતી

નથી, એ ઝાંખી પાતળી રહે છે. અને જ્યારે હું તદ્દન ભૌતિક ચેતનામાં પાછી ફરું છું ત્યારે મને કોઈ અસ્પષ્ટ ધ્વનિ યાદ આવે છે, પણ કોઈ ચોક્કસ શબ્દ નહિ. એટલે, જે ક્ષણથી એ આકારગ્રાહી બને છે ત્યારની એ તરત જ વૈયક્તિક દૃષ્ટિકોણવાળી વસ્તુ બની જાય છે.

તમારામાં એક પ્રકારની તદ્દન નિર્લેપ સહૃદયતા હોવી જોઈએ. તમે ઉત્સાહસભર બની જાઓ છો કારણકે અનુભૂતિને લઈને એક સામાન્ય પ્રકારનું બળ પ્રાપ્ત થાય છે : એમાં શક્તિ હોય છે. શબ્દો પ્રગટ થતાં પહેલાં એ શક્તિ હોય છે અને શબ્દોની સાથે એ ઓસરતી જાય છે. પરંતુ એ શક્તિ તો હાજર હોય છે જ અને એ શક્તિને લઈને તમને તમારી જાત અત્યંત સઘનપણે વિશ્વવ્યાપી હોવાની લાગણી થાય છે, તમને એમ લાગે છે કેઃ "એ તો એક વૈશ્વિક સાક્ષાત્કાર છે." હા, એ વૈશ્વિક સાક્ષાત્કાર છે, પરંતુ જ્યારે તમે એને શબ્દોમાં વ્યક્ત કરો છો ત્યાર પછી એ વૈશ્વિક રહેતો નથી; એ તો કેવળ આ રીતની વાણીનું શ્રવણ કરવાને ટેવાયેલાં હોય એવાં મગજો માટે જ સુસંગત હોય છે. એની પાછળ શક્તિ રહેલી હોય છે, પરંતુ એ માટે તમારે શબ્દોને પેલે પાર જવું જોઈએ.

### (મૌન)

આ પ્રકારની વસ્તુઓ વધુને વધુ પ્રમાણમાં અને વારંવાર મારી પાસે આવતી રહે છે અને હું તેમની એક કાગળ ઉપર નોંધ કરી મૂકું છું, એમાં હંમેશાં એ એક જ જાતની પ્રક્રિયા હોય છે. સૌ પ્રથમ તો, એક પ્રકારનો ધડાકો થાય છે, સત્ય, શક્તિનો પ્રસ્ફોટ, એ એક વિશાળ, શ્વેતરંગી ફૂલઝડી ફૂટવા જેવું દેખાય છે (શ્રી માતાજી હસે છે), એ એક સાદીસીધી આતશબાજી કરતાં ઘણું વધારે હોય છે! અને એ ગોળને ગોળ ચક્કર લીધે જાય છે (પોતાના મસ્તક ઉપર એ રીતની ગતિનો અભિનય), એ એમ ચકરડી ઘુમરડી લીધે જ જાય છે; અને પછી એક પ્રકારના વિચારની છાપ ઊભી થાય છે; પરંતુ વિચાર નીચે હોય છે, એ એક આવરણ જેવો હોય છે; વિચારમાં એનું પોતાનું સંવેદન રહેલું હોય છે, એ અમુક રીતનું સંવેદન લાવે પણ છે, એ સંવેદન ત્યાં અગાઉથી હોય છે, પરંતુ એમાં વિચાર હોતો નથી, અને એટલે એ સંવેદનની વ્યાખ્યા આપી શકાતી નથી. એમાં કેવળ એક જ વસ્તુ હોય છે, એમાં હંમેશાં એક ઝળહળતી શક્તિનો પ્રસ્ફોટ હોય છે. અને પછી, પાછળથી જો તમે એના તરફ નજર નાખો અને અત્યંત અવિચલ બની રહો, ખાસ કરીને મસ્તકે શાંત રહેવું જરૂરી છે તો સર્વત્ર શાંતિ છવાઈ જાય

છે (ઊર્ધ્વ પ્રત્યે અચલતાનો અભિનય), અને પછી અચાનક મસ્તકની ભીતરમાં કોઈ બોલે છે, કોઈ બોલે છે. એ પેલો પ્રસ્ફોટ બોલતો હોય છે. ત્યાર પછી હું પેન્સિલ અને કાગળ લઈને લખું છું. પરંતુ જે વસ્તુ બોલતી હોય છે અને જે વસ્તુ લખતી હોય છે તે બેની વચમાં પણ અમુક અંતર કપાતું હોય છે, એટલે એ વસ્તુ જ્યારે લખાઈ જાય છે ત્યારે ત્યાં કોઈ એવી વસ્તુ હોય છે, જેને સંતોષ નથી થતો. એટલે હું થોડો વધુ સમય શાંત બની રહું છું, ના, એ શબ્દ નહિ, આ" કેટલીકવાર એ લખાણ સર્વાંશે છેવટનું બની રહે તે માટે બે દિવસ જેટલો સમય લાગે છે. પરંતુ જે લોકોને કેવળ અનુભૂતિની શક્તિથી જ સંતોષ હોય છે તેઓ આ વસ્તુને મારી નાખે છે, અને જગતમાં સનસનાટીભર્યા દૃશ્ય – વિધાનો મોકલી આપે છે, એમાં કેવળ સત્યની વિકૃતિ જ હોય છે.

તમારે અત્યંત સાતત્યપૂર્ણ, તદ્દન શાંત, ખૂબ સંતુલિત, ખાસ કરીને ખૂબ નિશ્ચલ, નીરવ, નીરવ, નીરવ, અનુભૂતિને પકડવાની કોઈ પણ રીતની ચેષ્ટા કર્યા વિનાના બની રહેવાનું હોય, "ઓ, એ શું છે, શું છે એ?" અને એ બધી વસ્તુ બગાડી મૂકે છે. પરંતુ નિરીક્ષણ ચાલુ રાખો, અત્યંત નજીકથી નિરીક્ષણ કરો. શબ્દોમાં થોડીક સરખી વસ્તુ અવશિષ્ટ રહી હોય છે, મૂળના સ્પંદનનો થોડો સરખો અંશ, સાવ નાનકડો! પરંતુ એમાં કોઈક વસ્તુ હોય છે, કોઈક એવી વસ્તુ હોય છે જે તમને મૃદુ સ્મિત કરાવે છે, અને સુખદાયક હોય છે, એક ચમકદાર સોમરસ સરખી હોય છે, અને અહીં (શ્રી માતાજી એક કલ્પનાત્મક નોંધમાંના કોઈ શબ્દ કે પેરેગ્રાફને બતાવે છે,) એ વસ્તુ નિસ્તેજ હોય છે. પછી તમે તમારા ભાષા જ્ઞાનને આધારે અથવા તમારી શબ્દછંદની સંવેદનાશક્તિ વડે જુઓ છો : "જુઓ, એમાં પેલો કાંકરો તે" તમારે એ કાંકરો કાઢી નાખવાનો રહે છે; પછી તમે રાહ જુઓ છો અને અચાનક એ આવે છે, પ્લોપ! અને એ બરાબર બંધ બેસતું થઈ જાય છે; યોગ્ય શબ્દ, તમારામાં ધીરજ હશે, તો એક કે બે દિવસ પછી, એ તદ્દન ચોક્કસ બની જશે.

૫ ફેબ્રુઆરી, ૧૯૬૪

*

## (૯૯) શાસ્ત્રવચન તો બિનચૂક હોય છે; જ્યારે હૃદય અને બુદ્ધિ એ શાસ્ત્રનું અર્થઘટન કરે છે ત્યારે જ ભૂલ એનો ભાગ પડાવે છે.

**શ્રી માતાજી :** મને ખાતરી નથી કે આ શબ્દો વ્યંગાત્મક નથી..... જે લોકો એમ કહેતા હોય છે કે "શાસ્ત્રો તો ભૂલ વિનાનાં હોય છે," ત્યારે તેઓ એમને જવાબ આપે છે; "હા, હા, શાસ્ત્રો તે સાચાં છે એમાં કોઈ શંકા નથી, પરંતુ તમે એમને જે રીતે સમજવા જાઓ છો તેમાં જરા સાવધાન રહેજો!

પરંતુ સાચી વાત તો અહીં છેઃ

*

**(૧૦૦) ધાર્મિક વિચાર અને અનુભવમાં જે કાંઈ નિમ્ન, સંકુચિત અને ઉપરછલ્લું છે તેનો ત્યાગ કર. વિશાળમાં વિશાળ ક્ષિતિજોથી પણ વિશાળ બન, ઉચ્ચતમ કાંચનજંઘાથી પણ ઊર્ધ્વતર બન, ગહનમાં ગહન મહાસાગરથી પણ અતિગહન બન.**

**(૧૦૧) પ્રભુની દૃષ્ટિમાં કશું નજીક નથી કે દૂર નથી, વર્તમાન નથી, ભૂત કે ભવિષ્ય નથી. આ વસ્તુઓ તો પ્રભુના વિશ્વચિત્રને જોવા માટેની માત્ર એક અનુકૂળ એવી દૃષ્ટિયોજના છે.**

**(૧૦૨) ઈન્દ્રિયોને માટે સૂર્ય પૃથ્વીની આસપાસ ફરે છે એ હંમેશાં સાચું છે; બુદ્ધિને માટે આ વસ્તુ ખોટી છે. બુદ્ધિને માટે તો પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે એ વાત સંપૂર્ણ સાચી છે; આ વસ્તુ પરમ દૃષ્ટિને માટે ખોટી છે. નથી પૃથ્વી ફરતી કે નથી સૂર્ય ફરતો; એમાં માત્ર સૂર્ય-ચેતના અને પૃથ્વી-ચેતનાના સંબંધમાં જ ફેરફાર થતો હોય છે.**

**(લાંબું મૌન)**

**શ્રી માતાજી :** અશક્ય, હું કાંઈ કહી શકું તેમ નથી.

***બાળક : એનો અર્થ એમ થાય કે સ્થૂલ જગતને અંગેનું આપણું જે સામાન્ય દર્શન છે તે ખોટું દર્શન છે.***

**શ્રી માતાજી :** હા, કુદરતી રીતે જ.

**બાળક : *તે પછી સાચું દર્શન તે કોના જેવું હશે?***

**શ્રી માતાજી :** હાસ્તો, એ દર્શન તે આ!

**બાળક : *...સ્થૂલ જગતનું સાચું દર્શન — વૃક્ષો, લોકો, પથ્થરો — એ બધાં અતિમાનસ ચક્ષુને કેવાં દેખાતાં હશે?***

**શ્રી માતાજી :** આ જ વસ્તુ આપણે કહી શકીએ તેમ નથી! તમને જ્યારે સત્યની કોટિનું દર્શન અને ચેતના મળી આવે છે, જે વસ્તુ સીધેસીધી પ્રત્યક્ષ હોય છે, સત્યની સીધી અભિવ્યક્તિ હોય છે તેનું દર્શન અને ચેતના મળી આવે છે, ત્યારે તમને તરત જ એમ લાગે છે કે આ કોઈક ન કહી શકાય તેવી વસ્તુ છે, કેમકે બધા જ શબ્દો પેલા બીજા પ્રદેશની વસ્તુઓ હોય છે; બધી છબીઓ, તુલનાઓ, અભિવ્યક્તિઓ એ બીજા પ્રદેશની હોય છે.

હું જ્યારે સત્યના સીધેસીધા આવિર્ભાવની આ ચેતનામાં રહેતી હતી (એ ૨૯ મી ફેબ્રુઆરી હતી) ત્યારે એ દરમિયાન મને આખોય વખત આ જ મોટી મુશ્કેલી અનુભવાતી હતી, હું જે વસ્તુને અનુભવતી હતી, હું જે જોતી હતી તેને શબ્દોનો આકાર આપવા પ્રયત્ન કરતી હતી, એ અશક્ય હતું. એ માટે શબ્દો જ ન હતા. અને એમ કરવા જાઉં કે તરત જ, એ માટેના શબ્દોની ગોઠવણી કરવા જતાં તરત જ આ બીજી ચેતનામાં પાછા આવી પડવા જેવું બનતું હતું.

એ પ્રસંગે, સૂર્ય અને પૃથ્વી અંગેના સૂત્રની સ્મૃતિ મને થયેલી... 'ચેતનાનો ફેરફાર' ચેતનાનો ફેરફાર એ પણ એક ક્રિયા છે.

હું માનું છું આમાં આપણે કાંઈ કહી શકતા નથી, હું કહી શકું એવી શક્તિ મને મારામાં લાગતી નથી, કારણકે આપણે જે કાંઈ કહીએ તે માત્ર મૂળ વસ્તુની નજીકનાં વિધાનો બની રહે છે, અને એમાં કંઈ રસ પડે તેવું હોતું નથી.

**બાળક : *પરંતુ આપ જ્યારે આ સત્ય — ચેતનામાં હો છો ત્યારે તે એક અંગત અનુભૂતિ હોય છે કે પદાર્થતત્ત્વ પોતે જ પોતાનું સ્વરૂપ બદલી નાખે છે?***

**શ્રી માતાજી :** હા, બધું જ, આખું જગત જ જુદું હોય છે! બધું જ જુદું હોય છે. અને એ અનુભૂતિએ મને એક વસ્તુની ખાતરી કરાવી આપી છે, અને

એ હું હજી પણ સતત અનુભવી રહી છું : અને તે આ કે એ બે અવસ્થાઓ (સત્ય અને અસત્ય) એકી સાથે આવી રહેલી છે, સહસ્થિતિવાળી છે, અને એ માત્ર...હા, જેને 'ચેતનાનો ફેરફાર' કહેવામાં આવે છે, એટલે કે એમાં તમે આ ચેતનામાં હો છો અથવા તો બીજી ચેતનામાં હો છો, પરંતુ એને લીધે આપણે કંઈ ગતિ કરતા નથી.

આપણને તો ગતિ કરતા શબ્દો વાપરવા પડે છે, કેમકે આપણે માટે તો દરેક વસ્તુ ગતિ જ કરતી હોય છે, પણ ચેતનાનો આ ફેરફાર કોઈ ગતિ નથી હોતી, એ ગતિ નથી હોતી. એટલે તમે એને વિષે કેવી રીતે કહી શકો, કેવી રીતે એને વર્ણવી શકો?

આપણે એમ કહીએ કે 'એમાં એક અવસ્થા બીજી અવસ્થાનું સ્થાન લેતી હોય છે,' '...નું સ્થાન લેવું' ત્યારે પણ, આપણે તરત જ ગતિને દાખલ કરીએ છીએ...બધા જ શબ્દો આ પ્રકારના છે, તો પછી આપણે શું કહી શકવાના છીએ?

ગઈ કાલે પણ અનુભૂતિ એટલી બધી સઘન અને જોરદાર હતી કે આ સત્ય — ચેતના વિરૂપતાની અને વિકૃતિની ચેતનાનું સ્થાન લે તેટલા માટે મારે મારી પોતાની જાતને કે પછી કોઈ પણ વસ્તુને આઘીપાછી કરવાની જરૂર ન હતી. એટલે કે, આ સાચા, એકદમ મૂળના અને સત્ય, આંદોલનને જીવનમાં જીવવા માટેની તથા તે રૂપ બની રહેવા માટેની શક્તિ તમારામાં હોય તો એ શક્તિમાં એવું બળ રહેલું છે કે તે અસત્ય અને વિરૂપતાના આંદોલનને બદલે આ આંદોલનને એટલી હદ સુધી મૂકી આપે છે કે...દાખલા તરીકે, વિરૂપતાના પરિણામે તથા વિરૂપતાના આંદોલનના પરિણામે સ્વાભાવિક રીતે જ એક અકસ્માત કે કોઈ આપત્તિ ઊભી થવાનો સંભવ રહે છે, પણ જો, આ આંદોલનોના મર્મભાગમાં એક એવી ચેતના હોય કે જે સત્યના આંદોલન વિષે સભાન બની શકે તેમ હોય અને એટલે સત્યના આંદોલનને આવિર્ભાવ આપી શકે તેમ હોય તો એ આંદોલન પેલા બીજા આંદોલનને નાબૂદ કરી શકે છે, એણે તેને નાબૂદ કરવું જોઈએ; આ વસ્તુનું બાહ્ય ઘટનામાં એવું પરિણામ આવે કે કંઈક એવું તત્ત્વ વચ્ચે ઊતરી આવે કે જે પેલી આપત્તિને બનતી અટકાવી દે.

મને આ એક છાપ વધુ ને વધુ દૃઢ થતી જાય છે કે સત્ય એ જ જગતને બદલવાનો એક માત્ર માર્ગ છે, ધીરે ધીરે રૂપાંતર કરનારી બીજી બધી પ્રક્રિયાઓ હંમેશાં સ્પર્શ રેખાની રીતે દૂર જ રહેનારી હોય છે (તમે વધુ નજીક આવતા જાઓ છો પણ કદી મળવા પામતા નથી) અને છેલ્લું પગથિયું તે આ થવું

જોઈએ, સાચું આંદોલન સ્થપાઈ જવું જોઈએ.

આની આપણને આંશિક સાબિતીઓ મળે છે, પણ તે આંશિક હોય છે એટલે તેથી કશું સાબિત થતું નથી; કારણકે સામાન્ય દૃષ્ટિ અને સમજ શક્તિવાળા માણસો આગળ તમે હંમેશાં ખુલાસાઓ રજૂ કરી શકો છો, દાખલા તરીકે, તમે એમ કહી શકો છો કે પેલો અકસ્માત નિષ્ફળ જવાનો છે એ વાત પહેલેથી દેખાયેલી અને નિર્ણીત થયેલી હતી અને તેથી એ અકસ્માતની નિષ્ફળતા તે કોઈ વસ્તુના અનુપ્રવેશને લીધે નથી બની આવી, પરંતુ એ તો 'નિયતિ-નિર્માણ' ના તત્ત્વે તેને નક્કી કરી રાખી હતી. અને આમાં સાબિત કેવી રીતે કરવું? આપણી પોતાની સમક્ષ પણ કેવી રીતે સાબિત કરવું કે એ વસ્તુ પેલી બીજી રીતે બની છે? એ શક્ય નથી.

જે ક્ષણે તમે તમારી વસ્તુ કહેવા માંડો છો તે જ ક્ષણે તમે મનમાં દાખલ થાઓ છો, અને મનમાં તમે દાખલ થાઓ છો કે તે જ ક્ષણે આ રીતનું ભયંકર તર્કશાસ્ત્ર આવીને ઊભું રહે છે, ભયંકર એટલા માટે કે એ સર્વશક્તિમાન હોય છે : જો બધી જ વસ્તુઓ શાશ્વત કાળથી પહેલેથી હસ્તીમાં રહેલી છે, સહસ્થિતિમાં છે, તો પછી તમે એક વસ્તુને બીજીમાં કેવી રીતે બદલી શકો? ...... કોઈ પણ વસ્તુ જરા પણ 'બદલાય' જ કેવી રીતે?

એમ કહેવાય છે (શ્રી અરવિંદ પોતે અહીં જ કહે છે) કે પરમાત્માની ચેતના માટે કોઈ ભૂતકાળ નથી, તેને માટે સમય નથી, ગતિ નથી માટે કે કાંઈ પણ નથી, બધું જ છે. વસ્તુને સમજાવવા માટે આપણે કહીએ છીએ 'સારીયે શાશ્વતી માટે', જે કહેવું અક્કલ વિનાનું છે, કેમકે હકીકતે તો દરેક વસ્તુ રહેલી જ છે, એટલે દરેક વસ્તુ આવેલી જ છે (માતાજી પોતાના હાથની અદબ વાળે છે) અને પછી બધું થઈ રહ્યું, કાંઈ જ કરવાનું રહેતું નથી. એટલે આ જે વિચાર છે, કહો કે આ જે કહેવાની રીત છે (કેમકે એ એક કહેવાની રીત જ છે) તે પ્રગતિની સર્વ ભાવનાનો છેદ ઉડાડી દે છે, વિકાસક્રમનો છેદ ઉડાડી દે છે, ......નો છેદ ઉડાડી દે છે, તમને કહેવામાં આવે છે, 'એ નિયતિનો એક ભાગ છે કે તમારે પ્રગતિને માટે પ્રયત્ન કરવો જોઈએ', હા, એ બધું શબ્દલીલા છે.

અને ધ્યાન રાખો કે કહેવાની આ રીત તે અનુભૂતિનો એક અંશ માત્ર છે, એ આખીયે અનુભૂતિ નથી. એક ક્ષણ એવી આવે છે કે આપણને આ પ્રમાણે અનુભવ થાય છે, પણ એ આખીયે વસ્તુ હોતી નથી, એ આંશિક હોય છે. એ અનુભવવાની એક રીત છે, એ બધું જ નથી. શાશ્વત ચેતનામાં આના કરતાં કોઈ ઘણી વધારે ગહન અને ઘણી ઘણી અવાચ્ય વસ્તુ રહેલી છે, ઘણી ઘણી વધારે.

આ વસ્તુ તો આપણે જ્યારે સામાન્ય ચેતનામાંથી બહાર આવીએ છીએ ત્યારે આપણને જે પહેલી દિગ્મૂઢતા બની આવે છે તે છે, પરંતુ એમાં બધુંયે આવી જતું નથી. એ આખીયે વસ્તુ નથી. આ દિવસોમાં હમણાં હમણાં મને જ્યારે આ સૂત્રનું સ્મરણ પાછું આવ્યું ત્યારે મને એમ થઈ આવ્યું કે એ વસ્તુ તો આપણને એકાએક થઈ આવતી એક ઝાંખી જ માત્ર છે અને એ પેલી બે અવસ્થાઓ વચ્ચેના વિરોધનું સંવેદન છે, પણ એ બધું જ નથી, એ આખી વસ્તુ નથી, એના ઉપરાંત બીજી પણ કોઈ વસ્તુ છે.

કોઈક બીજી વસ્તુ છે, આપણે સમજીએ છીએ તેના કરતાં કોઈક તદ્દન જુદી વસ્તુ, પણ તે વસ્તુ આપણે જે કંઈ સમજીએ છીએ તે દ્વારા પોતાનો અનુવાદ કરતી રહે છે.

અને એ વસ્તુ, એને વિષે આપણે કહી શકતા નથી. આપણે એને વિષે કહી શકતા નથી, કેમકે એ અનિર્વચનીય છે, અનિર્વચનીય છે.

આનો અર્થ એ કે આપણને એમ લાગે છે કે આપણી સામાન્ય ચેતનામાં, જે કોઈ વસ્તુ જૂઠી, અસત્ય, વિરૂપ, વાંકીચૂંકી બની જાય છે એ બધું જ સત્ય ચેતનાને માટે મૂળમાં સાચું હોય છે. પણ એ કઈ રીતે સાચું હોય છે? એ જ વસ્તુ એવી છે કે જેને શબ્દો દ્વારા કહી શકાતી નથી, કેમકે શબ્દો અસત્યની અંદર આવેલા છે.

***બાળક : એટલે કે જગતની જે ભૌતિકતા છે તેનો આ ચેતના દ્વારા ઉચ્છેદ નહિ થાય, તેનું રૂપાંતર થઈ જશે?... કે એ પછી તદ્દન જુદું જગત હશે?***

**(મૌન)**

**શ્રી માતાજી :** આ વસ્તુને સમજવાની છે....મને ડર છે કે આપણે જેને 'જડતત્ત્વ' કહીએ છીએ તે જગતનો માત્ર ખોટો આભાસ જ નથી.

એને મળતી કોઈ બીજી વસ્તુ છે, પણ...

દાખલા તરીકે, આ સૂત્ર આપણને એક નરી આત્મગત અવસ્થામાં લઈ જાય તેમ છે અને એક એવી આત્મગત અવસ્થા એ જ એક સાચી વસ્તુ બની રહે, પણ તો, વસ્તુ એવી નથી. કેમકે આ તો પ્રલયની સ્થિતિ છે, નિર્વાણ છે. પણ માત્ર એકલું નિર્વાણ જ નથી, એક વસ્તુતા પણ છે, અને તે સાચી છે, તે ખોટી નથી — પણ કેવી રીતે કહેવું!... આ વસ્તુ મેં અનેક વાર અનુભવી છે — અનેક વાર, માત્ર એક ઝબકારા પૂરતી નહિ...પણ એની વાસ્તવિકતા (કેવી રીતે કહેવું? તમારા શબ્દો તમને હંમેશાં છેતરતા રહે છે)...તમને અદ્વૈતનું સંપૂર્ણ

ભાન હોય અને અદ્વૈતની ચેતના હોય તેમાં વસ્તુને માટે, વસ્તુતાને માટે સ્થાન રહે છે, આમાંનું એક અન્યનો નાશ નથી કરી નાખતું, જરા પણ નહિ. તમને ભેદનું સંવેદન હોઈ શકે છે, અને તે ભિન્ન વસ્તુ તે તમે પોતે નથી હોતા એમ નહિ, પણ એ એક જુદું દર્શન છે. મેં તમને કહ્યું છે, આપણે જે કાંઈ કહીએ છીએ એ કાંઈ જ નથી, એ મૂર્ખતા છે, કેમકે શબ્દો તો અવાસ્તવિક જગતને વિશે કહેવા માટે બનાવાયેલા છે, પણ...હા, શ્રી અરવિંદ જેને 'એકતામાં બહુતાનો ભાવ' કહે છે તે કદાચ આને થોડું મળતું આવે છે, જેવી રીતે આપણને આપણા પોતાના સ્વરૂપની આંતરિક બહુરૂપતાનો અનુભવ થાય છે, એના જેવું એ કંઈક છે...મને પોતાને હવે એક અલગ 'હું' નો ભાવ નથી રહેતો, જરા પણ નહિ, લેશ માત્ર નહિ, શરીરમાં પણ નહિ, પણ તેને લીધે મને બહારના વસ્તુગત સંબંધનો અમુક ભાવ ન રહે એમ બનતું નથી — હા, એ આપણને શ્રી અરવિંદે 'પૃથ્વી અને સૂર્ય વચ્ચે ચેતનાનો સંબંધ' કહ્યો એમાં લઈ જાય છે, કે જે સંબંધ બદલાતો રહે છે; (હસતાં હસતાં) સાચું, એ જ કદાચ કહેવાની સારામાં સારી રીત છે. એ ચેતનાનો સંબંધ છે. એ પોતે અને 'બીજા'ઓનો સંબંધ નથી, જરા પણ નહિ, એ વસ્તુ તો પૂરીપૂરી ઊડી ગઈ છે, પણ એ વસ્તુ આપણા પોતાના સ્વરૂપના જુદા જુદા ભાગો વચ્ચે ચેતનાનો જે સંબંધ છે તેને મળતી આવી શકે છે. અને એને લીધે જુદા જુદા ભાગોને દેખીતી રીતે જ વસ્તુરૂપતા પ્રાપ્ત થાય છે.

**(લાંબું મૌન)**

તો આપણે પેલા સહેલાઈથી સમજી શકાય તેવા દાખલામાં પાછા આવીએ. આપણે એ વાત સારી રીતે કલ્પી શકીએ છીએ કે પેલો અકસ્માત બનતો અટકી જાય છે તેમાં સત્ય-ચેતનાના અનુપ્રવેશની, વચ્ચે પડવાની ક્રિયા 'સારીયે શાશ્વતી માટે' નિર્ણીત થઈ ચૂકી હતી, એમાં કશું નવું તત્ત્વ નથી, પરંતુ એમાંથી એ વસ્તુ સાબિત થતી અટકી જતી નથી કે આ અનુપ્રવેશે જ અકસ્માતને બનતો અટકાવ્યો હતો (અને આમાંથી આપણને આ સત્ય ચેતના પેલી બીજી ચેતના ઉપર જે સત્તા ધરાવે છે તેનું એક ચોક્કસ ચિત્ર મળી આવે છે.) અને આપણે જો પ્રભુ ઉપર આપણી પોતાની અવસ્થા પ્રમાણેના વ્યવહારનો આક્ષેપ કરીએ તો, તમે એમ કલ્પી શકો છો કે પ્રભુને હરેક રીતના પ્રયોગો કરવામાં મઝા પડે છે, એ વસ્તુ લીલામાં કેવી રીતે કામ કરે છે તે જોવાની મઝા પડે છે (એ એક જુદી વસ્તુ છે, એને લીધે એક સર્વરૂપ ચેતના સર્વ વસ્તુઓને સારીયે શાશ્વતી માટે જાણતી રહે એમ થતું બંધ થઈ જવાનું નથી, આ બધું સાવ અધૂરી ભાષામાં જ કહેવાનું

તો); પણ તો, આપણે જ્યારે એ પ્રક્રિયા તરફ નજર નાખીએ છીએ ત્યારે, એ વસ્તુ, આ જે અનુપ્રવેશ થયો તે અકસ્માતને અટકાવી શક્યો એ હકીકતને બિનપાયાદાર ઠેરવતી નથી; એક ખોટી ચેતનાને સ્થાને એક સાચી ચેતના આવી તેને લીધે ખોટી ચેતનાની પ્રક્રિયા અટકી ગઈ.

આ વસ્તુ મને લાગે છે કે અનેક વાર બનતી રહે છે, આપણે માનતા હોઈએ તેના કરતાં કેટલીયે વધુ વાર, દાખલા તરીકે, જ્યારે જ્યારે એક અકસ્માતને બનતો અટકાવવામાં આવે છે, જ્યારે જ્યારે એક આપત્તિને, આખી પૃથ્વીને લગતી આપત્તિને પણ બનતી અટકાવવામાં આવે છે ત્યારે ત્યારે હંમેશાં તે અવ્યવસ્થાના અંદોલનમાં સંવાદમયતાના આંદોલનનો અનુપ્રવેશ થવાને લીધે જ અવ્યવસ્થા બનતી અટકે છે.

એટલે જ શ્રદ્ધાળુ લોકો હંમેશાં કહે છે કે : 'આ પ્રભુની કૃપાથી બન્યું છે,' અને તે તદ્દન અસત્ય નથી હોતું.

હું આ તમને એક નરી હકીકત જ કહું છું કે વ્યવસ્થા અને સંવાદમયતાનું આ જે આંદોલન છે તે જ અનુપ્રવેશ કરતું હોય છે (એ અનુપ્રવેશનું કારણ શું એનો કોઈ પ્રશ્ન જ નથી, એ માત્ર વૈજ્ઞાનિક નિવેદન જ છે) અને એના મને અનેક અનેક અનુભવો થયેલા છે.

**બાળક : *તો જગતના રૂપાંતરની પ્રક્રિયા આ પ્રકારની હશે?***

**શ્રી માતાજી :** હા.

**બાળક : *સંવાદમયતાના આ આંદોલનનો વધારે ને વધારે સતત રીતે થતો રહેતો અવતાર.***

**શ્રી માતાજી :** એ જ વાત, બરાબર એમ જ, બરાબર એમ જ.

અને આ દૃષ્ટિબિંદુથી જોતાં પણ મેં જોયું છે.... સામાન્ય વિચાર એ રીતનો છે કે ચેતના વધુમાં વધુ સતત રીતે શરીરમાં જ વ્યક્ત થતી હોય છે માટે આ ઘટના (રૂપાંતરની) શરીરમાં જ પ્રથમ બનવી જોઈએ એ તદ્દન નકામો વિચાર દેખાય છે ને અને ગૌણ રીતનો વિચાર છે; આથી ઊલટું, આ રૂપાંતર જે ઠેકાણે સૌથી વધુ સહેલાઈથી અને સમગ્ર રીતે થઈ શકતું હોય ત્યાં એકી સાથે બનતું હોય છે અને કોષોનો બનેલો આ જે દડો છે (માતાજીએ તેમના પોતાના શરીરને બતાવ્યું) તે આ ક્રિયા માટે સૌથી વધુ તૈયાર છે એમ નથી જ હોતું. એટલે આ શરીરની સમજશક્તિ અને ગ્રહણશક્તિ અસાધારણ હોય તોપણ તે પોતે

જે છે તેવું જ લાંબો વખત સુધી દેખીતી રીતે રહે તેમ બને. એટલે કે હું એમ કહેવા માગું છું કે આ શરીરની સભાનતા, એને રહેતું સભાન રીતનું દર્શન એ જે જે શરીરો સાથે સંબંધમાં રહેલું છે તે શરીરો કરતાં અનંતગણું વધારે ઊંચી કોટિનું છે, એ બીજાં શરીરોને તો અમુક વિરલ ક્ષણોમાં જ, પ્રભુની કૃપાથી જ એ સભાનતા અને સભાન દર્શન મળતું હોય છે. પણ આ શરીરને માટે તો આ સભાનતા અને સભાન દર્શન એક સ્વાભાવિક અને સતત બની રહેલી અવસ્થા છે; અને એ વસ્તુ તે સત્યચેતનાઓના કોષોના બીજા કોઈ સમૂહ કરતાં આ સમૂહ ઉપર વધારે સતત રીતે, વધારે સીધી રીતે એકાગ્ર બની રહેલી છે એ હકીકતનું એક નક્કર પરિણામ છે; પણ એક આંદોલનને બદલે બીજું આંદોલન હકીકતોમાં, ક્રિયામાં, વસ્તુઓમાં બની આવે એ તો પરિણામોની દૃષ્ટિએ જોતાં જે સ્થાને એ આંદોલન વધુમાં વધુ કામ કરી શકે તેમ અને અસરકારક હોય છે ત્યાં જ બને છે.

આ વસ્તુ મેં ઘણી ઘણી સ્પષ્ટતાથી અનુભવી અને જ્યાં સુધી અહંકાર હોય છે ત્યાં સુધી તે અનુભવી શકાતી નથી, કારણકે શારીરિક અહંકારને પોતાના મહત્ત્વનું ભાન હોય છે અને એ અહંકારના ચાલી જવા સાથે એ ભાન પૂરેપૂરું ચાલ્યું જાય છે, અને એ ભાન જ્યારે ચાલ્યું જાય છે ત્યારે આપણને એ વાત ચોક્કસ રીતે દેખાઈ આવે છે કે આ જે સાચા આંદોલનનો અનુપ્રવેશ અથવા આવિર્ભાવ થતો હોય છે તેનો આધાર અહંકારો કે વ્યક્તિઓ ઉપર (માનવ વ્યક્તિઓ કે રાષ્ટ્રીય વ્યક્તિઓ કે પ્રકૃતિની પોતાની વ્યક્તિતા : પ્રાણીઓ, વનસ્પતિઓ ઇ. ઉપર) રહેતો નથી; એ આધાર કોષો અને જડતત્ત્વની એક રીતની લીલા ઉપર રહે છે, જે કોષોમાં કે જડતત્ત્વમાં રૂપાંતર ઉત્પન્ન કરી શકે તેવી ખાસ અનુકૂળતાવાળી ઘટકતાઓ બનેલી હોય છે, 'રૂપાંતર' તો નહિ પણ સંસ્થાપન, વધુ ચોક્કસ રીતે કહીએ તો અસત્યના આંદોલનને બદલે સત્યના આંદોલનનું સંસ્થાપન થઈ શકે તેમ હોય છે ત્યાં તે અનુપ્રવેશ, આવિર્ભાવ બની આવે છે. અને આ ઘટના માણસોનાં જૂથો તથા વ્યક્તિઓથી તદ્દન સ્વતંત્ર રીતે જ બની શકે છે (થોડીક અહીં થાય, થોડીક ત્યાં થાય, એક ચીજ અહીં થાય, એક ત્યાં થાય); એ જાણે કે એક રીતનો ફુગાવો ઉત્પન્ન કરતા, એક ગ્રહણ કરી શકે તેવો સોજો ઉત્પન્ન કરતા આંદોલનના કોઈ ગુણ જેવું હંમેશાં હોય છે, અને પછી પેલી ઘટના બની શકે છે.

કમનસીબે, મેં શરૂઆતમાં કહ્યું તેમ, શબ્દો બધા જ આભાસના બનેલા જગતમાંથી જ આવતા હોય છે.

## (મૌન)

અને મને હમણાં આ જ અનુભવ બધો વખત થતો રહે છે, એક દર્શન સાથે તથા ખાતરી સાથે, એક અનુભૂતિમાંથી આવતી ખાતરી સાથે : એ બે આંદોલનો આના જેવાં હોય છે (હાથથી એક વસ્તુ ઉપર બીજી વસ્તુ મૂકવાની તથા વસ્તુમાં દાખલ થવાની ક્રિયા કરતાં), બધો જ વખત, બધો જ વખત, બધો જ વખત.

આ ઉપરથી આવીને અંદર દાખલ થતી વસ્તુ દેખી શકાય તેટલા મોટા પ્રમાણમાં આવતી હોય છે ત્યારે તો એ કદાચ એક અદ્‌ભુત ઘટના બની રહે છે. પણ મને એવી છાપ છે કે, અને તે બહુ જ તીવ્ર રીતની છાપ કે, આ ઘટના બધો જ વખત, આખોયે વખત, દરેક ઠેકાણે બની રહેલી છે, સૂક્ષ્મ રીતે (ઊતરવાની ક્રિયા ટપકાં ટપકાં પાડીને બતાવતાં), અત્યંત અલ્પ પ્રમાણમાં; અને અમુક પરિસ્થિતિઓમાં, આપણને દેખી શકાય તેવી અવસ્થાઓમાં પેલી દૃષ્ટિને દેખી શકાય તેવી અવસ્થાઓમાં (એ એક તેજોમય એવો ફુગાવો હોય છે, હું સમજાવી શકતી નથી), તો ત્યાં એ ઊતરતી વસ્તુનો જથ્થો એટલા તો પ્રમાણમાં હોય છે કે તમને તે એક ચમત્કાર જેવું જ લાગે છે.

અને આ આંદોલન (આ હું જે અનુભવું છું અને જોઉં છું તે) એક અગ્નિ હોય એવું લાગે છે; એને જ વેદના ઋષિઓએ જ્વાલાનું નામ આપ્યું હશે, માનવ ચેતનામાં રહેલી જ્વાલા, માણસમાં, જડતત્ત્વમાં રહેલી જ્વાલા; ઋષિઓ હંમેશાં એક જ્વાલાની વાત કરતા રહ્યા છે. અને ખરેખર એ એક ઊર્ધ્વ પ્રકારના અગ્નિની તીવ્રતાનું આંદોલન હોય છે.

આ કામ જ્યારે ખૂબ જ એકાગ્રતાથી અથવા તો ઘનતાથી ચાલતું હતું ત્યારે, કેટલીક વાર, શરીરને પણ લાગતું હતું કે એ તાવના જેવી વસ્તુ હતી.

બે કે ત્રણ રાત ઉપર, કંઈક એના જેવું જ બન્યું હતું, શક્તિનું આ અવતરણ થયેલું, સત્ય-શક્તિનું આ અવતરણ એક ખાસ તીવ્રતાપૂર્વક થયેલું...તો આ વસ્તુ બની રહી છે, હરેક ઠેકાણે બની રહી છે, આખોયે વખત. એટલે, એ જો પૂરતા પ્રમાણમાં બને છે તો તે ચમત્કાર જેવી લાગે છે. પણ એ ચમત્કાર પૃથ્વીનો છે, આખીયે સમગ્ર પૃથ્વીનો.

આમાં આપણે બહુ અડગ રહેવાનું છે, કેમકે આ વસ્તુનાં પરિણામો આવે છે, એ એક શક્તિની લાગણી લઈ આવે છે અને જ્યારે લાગણી, અનુભૂતિ થાય છે ત્યારે માણસની સમતુલા ડોલી ન જાય એવું બહુ થોડાની બાબતમાં બને છે, કેમકે એને માટે માણસ પાસે શાંતિનો, એક વિશાળ અને ઘણી ઘણી શાંતિમય શાંતિનો પાયો જેટલો હોવો જોઈએ તેટલો હોતો નથી. મેં ઘણી વાર કહ્યું છે

કેઃ 'માત્ર એક જ જવાબ છે, એક જ જવાબ; તમારે શાંત રહેવું જોઈએ, શાંત, અને વધારે શાંત અને વધુ ને વધુ શાંત, અને તમારા મગજ વડે ઉકેલ લાવવાનો પ્રયત્ન ન કરશો, કેમકે એ ઉકેલ લાવી શકે તેમ નથી. તમારે માત્ર શાંત થઈ રહેવું જોઈએ, શાંત, શાંત, અવિચલપણે શાંત. સ્વસ્થતા અને શાંતિ, સ્વસ્થતા અને શાંતિ અને એ જ એક જવાબ છે.'

હું એમ નથી કહેતી કે આ નિરાકરણ છે, પણ આ જ એક માત્ર જવાબ છે : સ્વસ્થતા અને શાંતિ ધારીને ટકી રહો, સ્વસ્થતા અને શાંતિ ધારીને ટકી રહો...

પછી કાંઈક બનશે.

૨૫ માર્ચ, ૧૯૬૪

*

**(૧૦૩) *સંન્યાસનાં વખાણ કરતાં વિવેકાનંદે કહ્યું હતું કે, ભારતના સમગ્ર ઈતિહાસમાં એક જ જનક+ થઈ ગયા, એ વાત બરાબર નથી, કારણકે જનક એ કોઈ એક વ્યક્તિનું નામ નથી, પણ આત્મસમ્રાટ રાજાઓના વંશનું નામ છે, એ એક આદર્શનો વિજયઘોષ છે.**

**(૧૦૪) લાખો ભગવાં વસ્ત્રધારી સંન્યાસીઓમાં** પૂર્ણતાને પામેલા કેટલા છે? થોડીક સિદ્ધિઓ અને થોડાંક ઉપરછલ્લાં અનુમાનો વડે એ આદર્શને સાચો ઠરાવવામાં આવે છે.**

**(૧૦૫) સંન્યાસીઓ સેંકડોની સંખ્યામાં થઈ ગયા છે કારણકે સંન્યાસનો ઉપદેશ ઘણી જગ્યાઓએ અપાયેલો છે અને અનેક પ્રકારે તેનું આચરણ થયેલું છે. જો આદર્શમય નિર્મુક્તિ વિશે પણ તેમજ થાય તો આપણને સેંકડો જનકો મળી રહેશે.**

---

* જીવન અને જગતનાં કર્મોનો ત્યાગ.

\+ મિથિલા નગરીનો પુરાતન કાળનો રાજવી. જગતમાં જીવન જીવતાં છતાં આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત કરવા માટે પ્રખ્યાત.

** જીવન અને જગતનાં કર્મોનો જેમણે ત્યાગ કર્યો છે તેવા સાધુઓ.

**(૧૦૬) સંન્યાસીનો ખાસ વેશ છે, બાહ્ય ચિહ્નોનો છે. લોકો ધારે છે કે તેથી તેઓ સંન્યાસને સહેલાઈથી પિછાની શકશે. પણ જનકની નિર્મુક્તિ આત્મઘોષણા કરતી નથી તે તો દુનિયાદારીનો વેશ પહેરે છે, નારદ[1] પણ તેની પાર જઈ શક્યા ન હતા.**

**(૧૦૭) સામાન્ય માણસનું જીવન જીવવું અને છતાં દુનિયામાં નિર્મુક્ત રહેવું તે ઘણું મુશ્કેલ છે. પણ તે મુશ્કેલ છે માટે જ તેને માટે પ્રયત્ન કરવો જોઈએ અને સિદ્ધિ પ્રાપ્ત કરવી જોઈએ.**

**શ્રી માતાજી :** આ તો તદ્દન સ્પષ્ટ છે!

***બાળક : સ્પષ્ટ છે પણ મુશ્કેલ છે.***

**શ્રી માતાજી :** સર્વ પ્રકારની આસક્તિઓમાંથી મુક્ત થવાનો અર્થ એવો નથી કે આસક્ત થવાના હરેક પ્રસંગ આગળથી ભાગી છૂટવું. આ જે બધા લોકો, જે સંન્યાસની વાતો કરે છે તેઓ પોતે તો ભાગી છૂટે છે એટલું જ નહિ પણ બીજાઓને તેમ કરવાથી ચેતવણી આપે છે!

આ વસ્તુ મને તો તદ્દન સ્પષ્ટ જણાય છે. જ્યારે તમારે કોઈ આગળથી નાસી છૂટવાપણું હોય છે ત્યારે તમે એનાથી ઉપર હોતા નથી પરંતુ એની સમાન ભૂમિકા ઉપર રહેલા હો છો.

જે કોઈ વસ્તુ દબાવી દે છે, હ્રાસ કરે છે કે પછી એક ખામી કરે છે. તે સ્વાતંત્ર્ય લાવનારી ન હોઈ શકે. સ્વાતંત્ર્યને તો સમગ્ર જીવનમાં અને સર્વ પ્રકારના સંવેદનોમાં અનુભવવાનું છે.

હકીકતમાં તો મેં આ વિષયનો, તદ્દન ભૌતિક સ્તર ઉપર ક્રમબદ્ધ અભ્યાસ કર્યો છે...આપણે ભૂલ ન કરી બેસીએ તેટલા માટે આપણે ભૂલ થવાનો પ્રસંગ જ ટાળવાનું કરીએ છીએ. ઉ.ત. જો તમારે મિથ્યા ભાષણ કરવું બંધ કરવું હોય છે તો તમે મૌનવ્રત લો છો; જે લોકો મૌનવ્રત ધારણ કરે છે તેઓ એમ માને છે કે આ રીતે તેઓ વાણી ઉપર સંયમ પ્રાપ્ત કરે છે, એ સાચું નથી! એમાં તો કેવળ બોલવાનું ટાળવામાં આવે છે, અને એ રીતે મિથ્યા ભાષણ થતું રોકવામાં આવે છે, એ જ વસ્તુ ભોજનને લાગુ પડે છેઃ જે કાંઈ જરૂરી હોય તે ખાવું જોઈએ. આપણે જે વચગાળાની અવસ્થાએ પહોંચ્યા છીએ તેમાં આપણે આ બાબતમાં

૧. એક પ્રખ્યાત દેવર્ષિ અથવા દિવ્ય દૃષ્ટિધારી.

ભૌતિક રીતના આદાન પ્રદાન અને ખોરાક ઉપર આધાર રાખનાર કેવળ પશુમય જીવન જીવવા માગતા નથી, પરંતુ આપણે એમ માની લઈએ કે ખોરાક વિના પણ શરીર ટકી રહે એવી અવસ્થાએ આપણે પહોંચી ગયા છીએ, તો તો એ મૂર્ખતા કહેવાય. આમ છતાં અત્યારે હવે ઘણો તફાવત પડી ગયો છે કારણ કે હવે એ લોકો જે ખાસ જરૂરી પોષક તત્ત્વો હોય તેની શોધમાં લાગ્યા છે, જેથી કરીને આપણે ખોરાકનું પ્રમાણ ઘટાડી શકીએ. પરંતુ ઉપવાસ કરવાની વૃત્તિ તો એક ભૂલ છે!

આપણે આપણું કામ કરવામાં કોઈ ભૂલ કરી બેસીશું એવા ભયથી આપણે કશું કાંઈ કરવાનું જ માંડી વાળીએ છીએ; આપણે જે કાંઈ બોલીએ તેનાથી ગેરસમજૂતી થાય એ ભયથી આપણે બોલવાનું જ બંધ કરીએ છીએ; ખાવાના આનંદ ખાતર જ ખવાઈ જવાય એ કારણસર આપણે ખાવાનું જ બંધ કરીએ છીએ — આ કંઈ સ્વાતંત્ર્ય ન કહેવાય, એમાં તો આવિર્ભાવને કેવળ લઘુતમ અંશે મર્યાદિત કરવામાં આવે છે. અને એનું સ્વાભાવિક પરિણામ એટલે નિર્વાણ. પરંતુ જો પ્રભુને નિર્વાણ માત્ર જ ગમતું હોત તો નિર્વાણ સિવાય બીજા કશાનું અસ્તિત્વ જ ન હોત! એ તો દેખીતુ છે કે પ્રભુ સર્વ પ્રકારના વિરોધી ભાવોના સહઅસ્તિત્વની ધારણા કરે છે, અને આ વસ્તુ જ તેમને માટે સમગ્રપણાની શરૂઆત હોવી જોઈએ. એટલે એ વસ્તુ તો સ્પષ્ટ છે કે જો તમે તેમના અમુક પ્રકારના આવિર્ભાવ માટે નિર્માયા હો તો તમે એમના અનેકમાંથી એક પ્રકારના આવિર્ભાવની પસંદગી કરી શકો છો, એટલે કે, આવિર્ભાવના અભાવની પણ પસંદગી થઈ શકે છે. પરંતુ એમાં એક મર્યાદા આવી જાય છે. અને પ્રભુને શોધવાનો આ એકમાત્ર માર્ગ નથી, એ તો એમનાથી ઘણો દૂર છે!

આ એક તદ્દન સર્વ સામાન્ય સરખી વૃત્તિ લાગે છે. એનું મૂળ કદાચ કોઈ પુરાતન કામના સૂચનમાં હશે કે પછી કોઈ પ્રકારની ઓછપ, અક્ષમતામાં હશે—ઓછી કરો, ઓછી કરો, તમારી જરૂરિયાતોને કમી કરો, તમારી પ્રવૃત્તિઓને કમી કરો, તમારા શબ્દોને કમી કરો, તમારો ખોરાક ઓછો કરો, તમારી સક્રિય જીંદગીમાં ઘટાડો કરો — એ અર્થ પછી તદ્દન સંકુચિત થઈ જાય છે. પોતે કોઈ જાતની ભૂલ ન કરી બેસે તેની ધગશમાંને ધગશમાં લોકો તેમ બનવાનો પ્રસંગ જ ટાળે છે. આ કોઈ ઇલાજ ન કહેવાય.

પરંતુ જે બીજો માર્ગ છે તે ઘણો, વધુ ઘણો મુશ્કેલ છે.

**(મૌન)**

ના, આનો ઉકેલ એ જ છે કે જે કાંઈ કરવું તે પ્રભુ પ્રેરણા પ્રમાણે કરવું, બોલવું તો પ્રભુ પ્રેરણા પ્રમાણે, ખાવું તો પ્રભુ પ્રેરણા પ્રમાણે અને આમ કરવું એ મુશ્કેલ વસ્તુ છે કારણકે સ્વાભાવિક રીતે જ તમે તમારી લાગણીઓ અને પ્રભુ પ્રેરણા વચ્ચે તરત જ ગોટાળા કરી બેસો છો.

હું ધારું છું કે ત્યાગ કરવા અંગેના સર્વ પ્રકારના ઉપદેશો પાછળ આ ખ્યાલ રહેલો હશે : જે કોઈ વસ્તુ બહારથી અથવા નીચેથી આવતી હોય તેનો ધ્વંસ કરી દેવો કે જેથી કરીને, જ્યારે કોઈ ઊર્ધ્વની વસ્તુ આવિર્ભાવ કરતી હોય ત્યારે વ્યક્તિ તેને ઝીલી શકવાની અવસ્થામાં હોઈ શકે. પરંતુ સામૂહિક દૃષ્ટિએ જોતાં તો આ વસ્તુ કરતાં હજારો વર્ષ લાગે. વ્યક્તિગત દૃષ્ટિબિંદુથી જોતાં આમ કરવું શક્ય છે; પરંતુ એવે પ્રસંગે તમારે સાચી પ્રેરણા જ ઝીલાય એવી અભીપ્સા જાળવી રાખવી જોઈએ, "સંપૂર્ણ મુક્તિ" ની અભીપ્સા નહિ, પણ પ્રભુ સાથેના સક્રિય તાદાત્મ્ય માટેની અભીપ્સા, એટલે કે, પ્રભુ જેનો સંકલ્પ કરતા હોય તેનો જ સંકલ્પ કરવો, તેઓ જેનો સંકલ્પ કરતા હોય તે જ કરવું : કેવળ પ્રભુ વડે અને પ્રભુમાં જ અસ્તિત્વને ધારણ કરવું. એટલે જેની ઇચ્છા હોય તે ત્યાગનો માર્ગ અપનાવી શકે છે, પરંતુ એ વસ્તુ તો જે વ્યક્તિ બીજાઓની સાથેની પોતાની જાતને જુદી પાડી દેવા માગતી હોય તેને માટે છે, અને એવા દાખલામાં કોઈ રીતની સંપૂર્ણતા હોઈ શકે? મને તો એ અશક્ય જણાય છે.

પોતાને જે કાંઈ કરવું હોય તે જગ જાહેર કરી દેવું એનાથી ઠીક ઠીક પ્રમાણમાં સહાય મળે છે. એને લઈ વાંધા, તિરસ્કાર, અને ઘર્ષણ પેદા થઈ શકે. પરંતુ એનો બદલો આપણને લોકોની "અપેક્ષાઓ" દ્વારા મળી રહે છે, એટલે કે, લોકો તમારી પાસે જેની આશા રાખતા હોય છે તેની મારફત એ બદલો મળી રહે છે. આ કારણસર જ પેલા ઝભ્ભા ધારણ કરવામાં આવતા — લોકોને જણાવવા માટે. અલબત્ત, એથી કેટલાક લોકો તમારો તિરસ્કાર કરે, તમારા પ્રત્યે અશુભ ભાવના રાખે, પરંતુ કેટલાક એવા લોકો પણ રહેવાના કે જેઓને લાગતું હશે કે એમણે એમાં વચમાં આવવાનું કે માથું મારવાનું નથી, એમને એની સાથે કશી નિસ્બત નથી.

મને ખબર નથી કે કેમ, પણ મને હંમેશાં એમાં એક પ્રકારની પ્રદર્શન વૃત્તિ દેખાય છે, એમ ન હોઈ શકે, અને કેટલાક દાખલાઓમાં એમ નથી પણ ખરું, પરંતુ તેમ છતાં એ રીતે લોકોને એમ કહેવામાં આવે છે કે "જુઓ, હું આવો છું." અને જેમ મેં કહ્યું તેમ, એનાથી સહાય મળે ખરી, પણ એના ગેર-ફાયદા પણ છે.

એ એક બીજા પ્રકારની છોકરમત છે.

આ સર્વ વસ્તુઓ સાધનો, તબક્કાઓ, સોપાનો છે, પરંતુ.... સાચી સ્વતંત્રતા તો સર્વ વસ્તુઓનાં સાધનોથી પણ સ્વતંત્ર થવામાં રહેલી છે.

**(મૌન)**

એમાં એક પ્રકારનો પ્રતિબંધ છે, સંકડાશ છે, જ્યારે સાચી વસ્તુ તો ખુલ્લા થવું, વિશાળ થવું, સમગ્રતા સાથે એકાકાર થવું, તે છે.

જ્યારે તમે તમારી જાતને ઘટાડીને નાની, નાની, નાની કરી દો છો ત્યારે તમને તમારી જાતને ગુમાવતા હોવાની કોઈ લાગણી થતી નથી, એને લઈને તમે તમારી જાતને ગુમાવી બેસવાના ભયથી મુક્ત થઈ જાઓ છો – તમે એક સઘન અને સુગઠિત વસ્તુ બની રહો છો. પરંતુ જો તમે વિશાળ થવાની પદ્ધતિ પસંદ કરો, જેટલા બની શકો તેટલા વધુ વિશાળ, તો તમારે તમારી જાતને ગુમાવી દેવાનો ભય રાખવો જોઈએ નહિ.

એ વધુ મુશ્કેલ બાબત છે.

***બાળક : તો પછી જે બાહ્ય જગત આપણને સતતપણે ગ્રસી રહ્યું હોય છે તેમાં આ વસ્તુ કઈ રીતે કરવી? દાખલા તરીકે, હું પશ્ચિમમાં રહેતા લોકોનો વિચાર કરું છું; એ લોકો તેમના કામમાં, તેમની મુલાકાતો, ટેલીફોન, વગેરેમાં સંપૂર્ણપણે નિમગ્ન રહે છે. તેમને તેમની અંદર, આખો વખત જે કાંઈ ધસી આવતું હોય છે તેને શુદ્ધ કરીને ગ્રહણ કરવા માટે એક મિનિટ સરખી મળતી નથી. એવી પરિસ્થિતિમાં વ્યક્તિ આ વસ્તુ કઈ રીતે કરી શકે?***

**શ્રી માતાજી :** ઓહ, તમારે શું ગ્રહણ કરવું અને શું છોડી દેવું તે વિષે જાણી લેવું જોઈએ.

એ એક બીજો છેડો છે... એ ખરું છે કે આધુનિક દોડધામની સામે સંતુલન રાખવા માટે મઠો, એકાંત સ્થળો, જંગલો અથવા ગુફાઓ પ્રત્યે ભાગી છૂટવું પણ આવશ્યક હશે; તેમ છતાં એક કે બે હજાર વર્ષ પૂર્વે એ બધી વસ્તુઓ હતી તેટલી બધી હાલમાં નથી. પરંતુ આમાં મને સમજણનો અભાવ જણાય છે, એ વસ્તુ ટકી નહિ.

એ ખરું છે કે આ વધુ પડતી સક્રિયતાને કારણે જ વધુ પડતી અક્રિયતા અનિવાર્ય બને છે.

***બાળક : પરંતુ સામાન્ય પરિસ્થિતિમાં પોતે જેવા બનવું હોય તેવા થવા***

***માટેનો રસ્તો માનવ કઈ રીતે શોધી શકે?***

**શ્રી માતાજી :** એટલે કે, વ્યક્તિ એક યા બીજા પ્રકારના અતિરેકથી દૂર રહે તે માટે શું કરવું?

***બાળક : હા, સ્વતંત્ર રહીને સામાન્ય જીવન ગાળવા માટે.***

**શ્રી માતાજી :** મારા બાળક, એટલા માટે તો આશ્રમનું સર્જન કરવામાં આવેલું! એની પાછળ એ જ વિચાર હતો. કારણ કે, ફ્રાન્સમાં, મને એ જ પ્રશ્ન થયા કરતો હતો કે પોતે પોતાની જાતને શોધી શકે તે માટે સમય ક્યાંથી લાવવો? પોતે કઈ રીતે સ્વતંત્ર થઈ શકે તેટલું સમજવા માટેનો સમય પણ કઈ રીતે મળે? એટલે પછી મેં વિચાર્યું કે : એક એવું સ્થળ હોવું જોઈએ જ્યાં સર્વ પ્રકારની ભૌતિક જરૂરિયાતોને પૂરતા પ્રમાણમાં પૂરી પાડવામાં આવે, કે જેથી જો કોઈને સ્વતંત્ર થવું હોય તો થઈ શકે. અને આશ્રમની સ્થાપના પાછળ આ સિવાય બીજું કોઈ કારણ ન હતું, એક એવું સ્થળ હોવું જોઈએ જ્યાં લોકોને જીવન ગાળવા માટે પૂરતી સગવડ હોય જેથી તેમને સાચી વસ્તુ વિષે વિચારવાનો સમય મળે.

(શ્રી માતાજી હસે છે) માનવ પ્રકૃતિ એવી છે કે અભીપ્સાનું સ્થાન તમોગ્રસ્તતાએ લીધું છે, દરેકમાં એમ નથી, પરંતુ ઠીક ઠીક પ્રમાણમાં સર્વ સામાન્ય રીતે સ્વાતંત્ર્યનું સ્થાન સ્વછંદ અને સ્વૈર વિહારે લીધું છે અને આ વસ્તુ સાબિત કરે છે કે માનવજાતિ તેની સક્રિયતાની ગુલામીમાંથી અંતઃકરણપૂર્વક પોતાને ખેંચી લેવા તૈયાર થાય તે પહેલાં એને થોડાક ઉધામાના ગાળામાંથી પસાર થવાની જરૂર રહે છે.

એટલે ખરી રીતે પ્રથમ તો એમ થવું જોઈએ કે, “અરે, એવું એક સ્થળ શોધી કાઢવું જોઈએ જ્યાં આપણે ભૌતિક વસ્તુઓમાં મગ્ન થઈ રહ્યા વિના સાચી રીતે જીવી શકીએ, એકાગ્રતા કરી શકીએ, પોતાની જાતની શોધ કરી શકીએ.” સૌ પ્રથમ આ રીતની અભીપ્સા હોવી જોઈએ. કંઈ નહિ તો શરૂઆતમાં તો આ જ ભૂમિકા ઉપર સાધકોની પસંદગી કરવામાં આવતી હતી, પણ એ વસ્તુ ટકી શકતી નથી! વસ્તુઓ સરળ બની જાય છે અને લોકો પોતાની જાતને વહેતી મૂકે છે. અહીં કોઈ નૈતિક નિયમો નથી એટલે લોકો મૂર્ખતાપૂર્ણ આચરણ કરે છે.

પરંતુ આપણને એમ નહિ કહી શકીએ કે પસંદગી કરવામાં કોઈ ભૂલ

થયેલી, આપણને એમ માનવાની લાલચ થઈ આવે, પણ એ ખરું નથી; કારણકે પસંદગીનું કામ અત્યંત ચોક્કસ અને સ્પષ્ટ આંતરિક એંધાણોને આધારે કરવામાં આવતું...કદાચ એમાં મુશ્કેલી પોતાના આંતરિક વલણને શુદ્ધ રાખવા બાબતની હશે. શ્રી અરવિંદને આ વસ્તુ જોઈતી હતી તેઓ એને માટે પ્રયત્ન કરતા હતા. તેમણે કહેલું કે, "જો મને સો એક માણસો મળી આવે તો એ પૂરતું છે." પરંતુ એ સોની સંખ્યા લાંબો સમય ટકી નહિ અને મારે એ કહેવું જોઈએ કે જ્યારે સો સાધકો હતા ત્યારે પણ થોડુંક મિશ્રણ તો હતું જ.

સત્યવસ્તુથી આકર્ષાઈને ઘણા લોકો આવ્યા, પરંતુ.... તેઓએ પોતાની જાતને વહેતી મૂકી દીધી. એટલે, પોતાની જાત ઉપર સુદૃઢ પ્રકારનો કાબૂ જાળવી રાખવો શક્ય નથી.

***બાળક : હા, મેં એ વસ્તુની નોંધ લીધી છે કે જ્યારે બાહ્ય જગત અત્યંત મુશ્કેલીમાં હતું ત્યારે અભીપ્સા વધુ પ્રમાણમાં ઉત્કટ હતી.***

**શ્રી માતાજી :** હા, એ ખરું છે.

***બાળક : એ ખૂબ ખૂબ પ્રમાણમાં ઉત્કટ હોય છે, એમાં જાણે જીવન મરણનો પ્રશ્ન હોય છે.***

**શ્રી માતાજી :** એમ જ છે! એનો અર્થ એ છે કે મનુષ્ય હજી સુધી એટલો બધો અપરિપકવ છે કે એને આત્યંતિકતાની જરૂર લાગે છે. માટે જ શ્રી અરવિંદે કહેલું, સાચો પ્રેમ પ્રાપ્ત થાય તે માટે ધિક્કારની લાગણીની જરૂર છે, ધિક્કારના* દબાણ હેઠળ જ સાચો પ્રેમ જન્મી શકે છે. એમ જ છે. ભલે ગમે તેમ હોય, આપણે તો જે પરિસ્થિતિ છે તેને સ્વીકારીને આગળ વધવા પ્રયત્ન કરવાનો છે. બસ.

કદાચ આટલા માટે જ અહીં આટલી બધી મુશ્કેલીઓ ઊભી થાય છે, મુશ્કેલીઓ અહીં ભેગી થાય છે : ચારિત્ર્યની મુશ્કેલીઓ, સ્વાસ્થ્ય અને સંજોગોની મુશ્કેલીઓ એનું કારણ એ છે કે મુશ્કેલીઓના દબાણ હેઠળ જ ચેતના જાગ્રત થાય છે. જો સર્વ કાંઈ સરળ અને શાંત હોય છે તો લોકો ઊંઘી જાય છે.

શ્રી અરવિંદે યુદ્ધની જરૂરિયાતનો ખુલાસો પણ એ રીતે આપેલો. શાંતિના

* જુઓ સૂત્રો નંબર ૮૮ થી ૯૨.

કાળમાં લોકો ઢીલા પડી જાય છે.

એ એક ખેદજનક બાબત છે.

હું એ વધુ સુંદર છે એમ તો નથી કહેતી, પરંતુ પરિસ્થિતિ એવી જ છે એમ લાગે છે. જો તમારામાં શક્તિ અને જ્ઞાન હોય અને છતાં તમે સમય બરબાદ કરો, તો તમારે માટે સર્વનાશ જ નિર્માયેલો રહે છે.

એમાં કોઈ વૈરવૃત્તિ નથી, એમાં કોઈ શિક્ષા નથી, એવું કાંઈ નથી, પરંતુ તમે તમારી જાત ઉપર એક પ્રકારની અનિવાર્ય પરિસ્થિતિ, એક વિઘાતક ધક્કાની અનિવાર્યતાને ખેંચી લાવો છો કે જેથી તમે કોઈ ઘાતક વસ્તુ પ્રત્યે પ્રતિકાર્ય કરી શકો.

**(મૌન)**

મને આ બાબતની વધુને વધુ પ્રમાણમાં અનુભૂતિ થતી જાય છે : આ દિવ્ય પ્રેમ સાથેના સંપર્કની અભિવ્યક્તિ થઈ શકે, એટલે કે એ છૂટથી પોતાનો આવિર્ભાવ કરી શકે, એટલા માટે વ્યક્તિઓ અને વસ્તુઓમાં તે એક અસાધારણ બળની માગણી કરે છે. અને એ વસ્તુ હજી સુધી અસ્તિત્વમાં નથી. એમ ન હોય તો દરેક વસ્તુ ભાંગીને ભૂકો થઈ જાય.

આ બાબતમાં અનેક ખાતરીપૂર્ણ વિગતો છે, પરંતુ એ ખરું છે કે, એ વસ્તુઓ “વિગતો” છે અથવા તો અત્યંત વ્યક્તિગત વસ્તુઓ છે. એટલા માટે આપણે તેમના વિશે કંઈ કહી શકતા નથી; પરંતુ મને જે અનુભૂતિઓનો પૂરાવો પ્રાપ્ત થયો છે તેમને આધારે હું આમ કહી શકું : જ્યારે આ શુદ્ધ પ્રેમની શક્તિ, જે અત્યંત અદ્‌ભુત, તમામ રીતની અભિવ્યક્તિથી પર છે તે, જ્યારે ભરપૂર રીતે, છૂટથી પ્રગટ થવા માંડે છે ત્યારે જાણે એમ લાગે છે કે તરત જ સંખ્યાબંધ વસ્તુઓ ભાંગી પડે છે, એમનાથી સહન થઈ શકતું નથી. તેઓ ઊભી રહી શકતી નથી, પીગળી જાય છે. અને પછી...પછી સર્વ કાંઈ અટકી પડે છે. અને આ જે અટકી પડવાની ક્રિયા છે એ કોઈને અવકૃપા સરખી લાગે, પરંતુ હકીકતમાં તો ઊલટી એ અનંત કૃપા છે!

આપણે આપણું સામાન્ય રીતનું સતતપણે જીવાતું જીવન જે આંદોલનો વચ્ચે જીવીએ છીએ અને પેલું બીજું આંદોલન, એ બે વચ્ચેના તફાવતને જો આપણે જરાક સઘન અને સ્પર્શક્ષમ રીતે અનુભવવા પ્રયત્ન કરીએ છીએ તો એક એવી દુર્બળતા અનુભવાય છે, જેને હું અસ્વસ્થ કરી દેનારી કહું છું, અને એ સાચે જ આપણને અસ્વસ્થ કરી મૂકે છે, તો એટલી વસ્તુ માત્ર જ સર્વ કાંઈ

બંધ કરી દેવા પૂરતી હોય છે.

ફક્ત ગઈ કાલે અને આજે સવારે એવી લાંબી ક્ષણો વીતી હતી, જ્યારે એવી શક્તિ પ્રગટ થઈ હતી; પછી અચાનક, એક પ્રકારની વિવેકબુદ્ધિ આવી, એક અમાપ રીતની વિવેકબુદ્ધિ : જે થવું જોઈએ તે થઈને રહેશે, અને એમાં એને જોઈશે તેટલો સમય લેશે, અને પછી સર્વ કાંઈ બરાબર થઈ ગયું. આ રીતે દરેક વસ્તુ બરાબર થઈ જાય છે. પરંતુ પેલી પ્રભા ઝાંખી પડી જાય છે.

આપણે કેવળ ધીરજ રાખવી જોઈએ.

શ્રી અરવિંદે પણ આમ લખેલું છે : તમે ઉત્કટપણે અભીપ્સા સેવો પણ અધીરાઈ ન રાખો.... ઉત્કટતા અને અધીરાઈ વચ્ચેનો તફાવત અત્યંત સૂક્ષ્મ છે, એમાં કેવળ આંદોલનનો તફાવત હોય છે. એ સૂક્ષ્મ છે, પરંતુ એને લઈને તો ઘણો ફેર પડી જાય છે.

ઉત્કટ પણ ધીરજપૂર્વક ખરી વાત એ છે. આપણે એ અવસ્થામાં રહેવું જોઈએ.

અને લાંબા સમય સુધી, ઘણા ઘણા લાંબા સમય સુધી, આપણે આંતરિક પરિણામોથી સંતોષ માનવો જોઈએ, એટલે કે આપણાં વ્યક્તિગત અને અંગત પ્રતિકાર્યોમાં જે પરિણામો આવે, આપણા અને વિશ્વ વચ્ચેના આંતરિક સંપર્કોનું જે પરિણામ આવે, તેનાથી સંતોષ રાખવો જોઈએ. આપણે વસ્તુઓ ભૌતિક ભૂમિકા ઉપર સિદ્ધ થાય તેવી આશા અથવા ઉતાવળી ઇચ્છા ન રાખવી જોઈએ. કારણકે ઉતાવળ કરવા જતાં, વસ્તુઓ ઘણુંખરું મોડી થાય છે.

જો એમ હોય તો ભલે એમ થાય.

આપણે, એટલે કે મનુષ્યો, એક દોડધામનું જીવન જીવીએ છીએ. એમાં એક જાતની અર્ધ જાગૃતિ હોય છે. તેને લઈને આપણી જીંદગી ટૂંકી બની જાય છે. લોકો એ વિચાર કરતા નથી. પરંતુ તેઓ એ વસ્તુ વિષે અર્ધ સભાન જેવા હોય છે. એટલે એ લોકો હંમેશાં દરેક વસ્તુ — તરત, તરત, ઝડપી રીતે માગે છે, એક વસ્તુ ઉપરથી બીજી વસ્તુ ઉપર ધસી જવા માગે છે, એક વસ્તુ ઝડપથી કરીને બીજી કરવા જાય છે. એ લોકો કોઈ વસ્તુને તેની પોતાની શાશ્વતીમાં જીવવા દેવા માગતા નથી. તેઓ હંમેશાં આગળ, આગળ, આગળ... જવા માગે છે.. અને પછી કામ બગડી જાય છે.

એટલે જ, કેટલાક લોકોએ એવો બોધ આપેલો છે કે : હાલની, અત્યારની ક્ષણ જ અગત્યની છે. વ્યવહારમાં તે સાચું નથી, પરંતુ મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ જોતાં એ સાચું હોવું જોઈએ. એટલે કે આપણે દરેક મિનિટે આપણી વધુમાં વધુ

ક્ષમતા વાપરીને જીવવું જોઈએ, કશી યોજના કે ઇચ્છા કે બીજી કોઈ વસ્તુ માટે વાટ જોવાનું કે તૈયારી કરવાનું ન હોવું જોઈએ. કારણકે તમે હંમેશાં જલદી, જલદી, જલદી ઉતાવળ કરો છો... અને પછી કશું સાચું કરતા નથી. તમારી અંદર એક પ્રકારની આંતરિક તાણની અવસ્થા હોય છે અને એ તદ્દન ખોટી હોય છે, બિલકુલ ખોટી.

અને જે લોકોએ બુદ્ધિમાન બનવા પ્રયત્ન કર્યો છે તે લોકોએ હંમેશાં કહ્યું છે, ચાઈનિઝ લોકોએ અને ભારતના લોકોએ એ બાબતમાં બોધ આપ્યો છે કે શાશ્વતીના ભાન સાથે જીવવું. યુરોપમાં પણ એ લોકોએ આકાશ અને તારાઓ ઉપર ધ્યાન ધરવું જોઈએ, તેમની અનંતતા સાથે તદાકાર થવું જોઈએ. જે સર્વ વસ્તુઓ તમને વિશાળ કરે અને શાંતિ આપે તેમની સાથે તાદાત્મ્ય કરવું જોઈએ એમ કહેલું છે.

આ કેવળ સાધનો છે, પરંતુ અનિવાર્ય છે.

આ વસ્તુને મેં શરીરના કોષાણુઓમાં પણ અનુભવી છે, તેઓ પોતાને જે કાંઈ કરવાનું હોય છે તે કરવાની ઉતાવળમાં હોય છે જાણે કે તેમને એ કરવા માટે સમય જ ન હોય. એટલે તેઓ કશું જ યોગ્ય રીતે કરતાં નથી. જે લોકોનાં મગજ મતિમૂઢ હોય છે, કેટલાક લોકો દરેક વસ્તુને ઊંધી રીતે જુએ છે, એમની દરેક હિલચાલ ખેંચતાણ અને ગોટાળાભરી હોય છે, એ લોકોમાં આ પ્રકારની ઉતાવળ ખૂબ પ્રમાણમાં હોય છે, જલદી, જલદી, જલદી...ગઈ કાલે કોઈ વાની પીડાની વાત કરતું હતું અને કહેતું હતું કે "અરે આમાં કેટલો બધો સમય બગડે છે, હું બધી જ વસ્તુઓ ધીમેથી કરું છું" મેં કહેલું (શ્રી માતાજી હસે છે) "તેથી શું થયું!" એને એ વાત ગમી નહિ. જુઓ, કોઈ વ્યક્તિને પીડા થતી હોય અને તે આવીને તેના વિષે ફરિયાદ કરે તો આપણે એમ ગણીએ કે એ જરા ઢીલો છે, બસ એટલું જ; પરંતુ પાછું એમ કહે કે, "હું ઘણો સમય બરબાદ કરું છું, હું વસ્તુઓ ખૂબ ધીમેથી કરું છું!" તો એના ઉપરથી મનુષ્યો જે પ્રકારની ઉતાવળમાં જીવે છે તેનું તાદૃશ ચિત્ર મળી આવે છે. તમે જીવનમાં ધસમસતા દોડ્યે જાઓ છો...ક્યાં જવા? ....એક ધબાકા સાથે ખલાસ થઈ જવા!

એનાથી કયો હેતુ સરે તેમ છે?

**(મૌન)**

ખરી વાત તો એ છે કે આ બધાં સૂત્રોનો સાર એ છે કે દેખાવા કરતાં બનવું વધુ સારું છે. આપણે જીવવું જોઈએ, જીવવાનો ડોળ ન કરવો જોઈએ, અને

આપણે કોઈ વસ્તુ સિદ્ધ કરી રહ્યા છીએ તેવો દેખાવ કરવાને બદલે એ વસ્તુને વધુ સર્વાંશે, સચ્ચાઈપૂર્વક પૂર્ણપણે સિદ્ધ કરી લેવી જોઈએ!

એમાં ફરી એની એ જ વસ્તુ આવે છે : જ્યારે તમે શું કરી રહ્યા છો તે કહેવાની તમને ફરજ પડે છે ત્યારે તમે તમારી અર્ધી ક્રિયા તો બગાડી મૂકો છો.

અને છતાં, એ સાથે એમ પણ બને છે કે એ રીતે તમે ક્યાં પહોંચ્યા છો તેની બરાબર ખબર પડે તે માટે તમને તમારી આસપાસની નિશાનીઓ જોવા મળી શકે છે.

બુદ્ધે જે "મધ્યમ માર્ગ" ની વાત કરેલી તેમાં એ વસ્તુ ડહાપણની હતીઃ કોઈ વસ્તુ વધુ પડતી ન કરવી, આમાંયે ન પડવું અને તેમાંયે ન પડવું. સર્વ વસ્તુઓમાંથી થોડું થોડું ગ્રહણ કરવું અને તે પણ સંતુલિત,.... અને શુદ્ધ રીતે. શુદ્ધિ અને સચ્ચાઈ એક જ વસ્તુ છે.

૧૬ સપ્ટેમ્બર, ૧૯૬૪

*

## (૧૦૮) જનકની ક્રિયાઓ જોઈ, દેવર્ષિ નારદે પણ તેને દુનિયાદારીનો અને સ્વેચ્છાચારી જીવ માન્યો હતો. જ્યાં સુધી તું આત્માને જોઈ શકતો નથી ત્યાં સુધી અમુક માણસ મુક્ત છે કે બદ્ધ છે તે તું કેવી રીતે નક્કી કરી શકવાનો છે?

**શ્રી માતાજી :** આમાંથી અનેક પ્રશ્નો ખડા થાય છે. ઉ.ત. એમ કેમ બન્યું કે નારદ જેવા પણ આત્માને જોઈ શક્યા નહિ?

મારે માટે એ વસ્તુ તદ્દન સરળ છે. નારદ એ એક અર્ધ – દેવ હતા, તેઓ અધિમાનસ જગતના હતા અને સ્થૂલરૂપ ધારણ કરી શકતા હતા, પરંતુ એવાં સ્વરૂપોમાં ચૈત્ય તત્ત્વ હોતું નથી. દેવોમાં આ (ચૈત્ય સ્વરૂપના કેન્દ્રરૂપી દિવ્ય સ્ફૂલિંગ નથી હોતો, કારણકે કેવળ પૃથ્વી ઉપર જ, હું આખા ભૌતિક વિશ્વની તો વાત જ કરતી નથી, કેવળ પૃથ્વી ઉપર જ, આ દિવ્ય પ્રેમનું અવતરણ થયેલું, એ વસ્તુ જ પદાર્થતત્ત્વના કેન્દ્રમાં દિવ્ય ઉપસ્થિતિનું મૂળ છે. અને કુદરતી રીતે જે લોકોમાં ચૈત્ય સ્વરૂપ ન હોય તે ચૈત્ય સ્વરૂપ વિષે જાણી શકે નહિ. એમનામાંના કેટલાંક સ્વરૂપો પોતે ભૌતિક દેહ ધારણ કરવા ઇચ્છતાં હોય છે કે જેથી તેમને ચૈત્ય સ્વરૂપનો અનુભવ મળે, પરંતુ એમની સંખ્યા મોટી નથી.

એક નિયમ તરીકે એ લોકો એવી વસ્તુ અંશાત્મક રીતે કરતા રહ્યા છે. એ લોકો અમુક “પ્રાદુર્ભાવ” નો ઉપયોગ કરે છે, સંપૂર્ણ રીતનું અવતરણ કરતા નથી. દા. ત. વિવેકાનંદને શિવનો એક અવતાર, વિભૂતિ, ગણવામાં આવે છે; પરંતુ શિવે પોતે જ પૃથ્વી ઉપર કેવળ અતિમાનસ જગત સાથે નીચે આવવાની વાત સ્પષ્ટપણે કહેલી છે. જ્યારે આ પૃથ્વી અતિમાનસ જીવન માટે તૈયાર થશે ત્યારે તેઓ આવશે. અને ત્યારે પછી લગભગ આ બધાં જ સ્વરૂપો પ્રગટ થશે, તેઓ એ પળની રાહ જુએ છે, તેમને અત્યારનો સંઘર્ષ અને તમોગ્રસ્તતા ખપતી નથી.

અહીં આવેલાં સ્વરૂપોમાં નારદ પણ એક હતા એ તો નક્કી છે... હકીકતમાં, કેવળ મજા કરવા! એમને સંજોગો સાથે રમત કરવી ગમતી હતી. પરંતુ એમને ચૈત્ય સ્વરૂપનું કોઈ જ્ઞાન ન હતું અને એથી જ જ્યાં ચૈત્ય સ્વરૂપનું અસ્તિત્વ હતું ત્યાં તેને તે પારખી નહિ શકેલા.

પરંતુ આ બધી વસ્તુઓનું સ્પષ્ટીકરણ ન થઈ શકે; એ કેવળ વ્યક્તિગત વિચારો અને અનુભૂતિઓ છે; અને આ જ્ઞાન શીખવી શકાય તેટલા પ્રમાણમાં વસ્તુગત નથી હોતું. આપણે, જે ઘટનાનો આધાર વ્યક્તિગત અનુભવ ઉપર હોય અને જેનું મૂલ્ય પણ એ અનુભવ પામનારી વ્યક્તિ માટે જ હોય, તેની બાબતમાં કાંઈ કહી શકતા નથી.

શ્રી અરવિંદે જે કહેલું છે તેનો આધાર ભારતની પરંપરાગત વિદ્યા છે અને તેમણે તેમના વ્યક્તિગત અનુભવ સાથે જે વસ્તુ મળતી આવતી હતી તે કરી છે.

***બાળક : એટલે આત્માને જોઈ શકવા માટે આપણે પોતાના આત્માને જાણવો જોઈએ!***

**શ્રી માતાજી :** હા, આત્મા એટલે કે ચૈત્ય સ્વરૂપ સાથે સંબંધમાં રહેવા માટે વ્યક્તિમાં પોતામાં ચૈત્ય સ્વરૂપ હોવું જોઈએ, અને કેવળ મનુષ્યોમાં, ઉત્ક્રાંતિગત મનુષ્યો, જેઓ ભૌતિક સર્જનના પુત્રો છે, તે તેમનામાં જ ચૈત્ય સ્વરૂપ છે.

આ દેવોમાંના કોઈમાં ચૈત્ય સ્વરૂપ હોતું નથી. એ તો કેવળ તેઓ નીચે ઉતરી આવે અને પોતાનું કોઈ મનુષ્યના ચૈત્ય સ્વરૂપ સાથે જોડાણ કરે, તો જ તેમને એ પ્રાપ્ત થઈ શકે છે, પરંતુ તેમનામાં પોતામાં એ સ્વરૂપ હોતું નથી.

૧૨ જાન્યુઆરી, ૧૯૬૫

*

**(૧૦૯) માણસે પોતે જે ભૂમિકા મેળવી હોય છે તેથી ઉપરની બધી વસ્તુઓ તેને અઘરી લાગે છે. અને માણસ કોઈની મદદ વિના પ્રયત્ન કરતો હોય છે તો તે અઘરી જ હોય છે; પરંતુ માણસમાં રહેલા પ્રભુ પોતે જ્યારે કોન્ટ્રેક્ટ લઈ લે છે ત્યારે એકદમ બધું સહેલું અને સરળ બની જાય છે.**

**શ્રી માતાજી :** આ સંપૂર્ણ વાત છે.

હમણાં બે કે ત્રણ દિવસ ઉપર જ મેં એક પ્રશ્નના જવાબમાં કંઈક લખ્યું હતું અને તે કંઈક આ પ્રમાણે કહ્યું હતું : શ્રી અરવિંદ તે પ્રભુ છે, પણ તે પ્રભુનો માત્ર એક અંશ છે, પ્રભુ તેમના પૂર્ણ સમગ્ર રૂપમાં નહિ, કેમકે પ્રભુ તો સર્વ — રૂપ છે. જે કાંઈ આવિર્ભાવ પામેલું છે અને આવિર્ભાવ પામેલું નથી તે બધુંય અને પછી મેં ઉમેરી આપેલું : જગતમાં એવી કોઈ વસ્તુ નથી કે જે પ્રભુ નથી, કોઈ પણ વસ્તુ. જગતમાં એવી કોઈ વસ્તુ નથી કે જે પ્રભુ નથી, પરંતુ પ્રભુ વિષે સભાન રહેતા હોય તેવા લોકો બહુ થોડા છે. અને સૃષ્ટિમાં આ જે અચેતનતા છે તેમાંથી સૃષ્ટિનું અસત્ય રચાયેલું છે.

એકાએક બધું જ એકદમ સ્પષ્ટ થઈ ગયું : લો! લો! અસત્ય કેવી રીતે અંદર આવી ગયું? પણ વસ્તુ તે આ છે, સૃષ્ટિની જે અચેતનતા છે એમાંથી જ સૃષ્ટિનું અસત્ય રચાયું છે. અને જે ક્ષણે સૃષ્ટિ પોતે પ્રભુ છે એવી સભાનતામાં પહોંચશે તે જ ક્ષણે અસત્ય બંધ થઈ જશે.

એ જ વાત છે, નહિ? બધી જ વસ્તુઓ મુશ્કેલ છે, બધી જ મહેનત માગી લેનારી છે, બધી જ દુઃખદાયક છે, બધી જ ઉદ્વેગકારક છે, કારણકે બધું જ પ્રભુની ચેતનાથી બહાર કરવામાં આવે છે. પણ પ્રભુ જ્યારે પોતાના પ્રદેશનો પાછો કબજો લેશે, (અથવા કહો કે જ્યારે પ્રભુને પોતાના પ્રદેશનો કબજો પાછો લેવા દેવામાં આવશે) અને વસ્તુઓ જ્યારે પ્રભુની ચેતનાની અંદર રહીને કરવામાં આવશે, પ્રભુની ચેતના દ્વારા કરવામાં આવશે, ત્યારે બધી જ વસ્તુઓ સહેલી બની જશે. માત્ર એટલું જ નહિ, પણ અદ્‌ભુત બની જશે, તેજોમય બની જશે, અને એ બધું એક અનિર્વાચ્ય એવા આનંદમાં થશે.

આ વસ્તુ એક પુરાવા રૂપે બની આવી છે. લોકો પૂછે છે : 'આ તે શું છે, જેને અસત્ય કહેવામાં આવે છે? તે શું છે? સુષ્ટિ શા માટે મિથ્યા છે?' આ સૃષ્ટિની હસ્તી નથી એ અર્થમાં એ ભ્રાંતિ છે એમ નથી, સૃષ્ટિ પૂરેપૂરી હસ્તીમાં તો છે જ... એ પોતે શું છે તે વિશે સભાન નથી! સૃષ્ટિ પોતાના મૂળ વિષે

સભાન નથી એટલું જ નહિ, પણ એનું પોતાનું મૂળતત્ત્વ શું છે, પોતાનું સત્ય શું છે, એ વિશે તે સભાન નથી, સૃષ્ટિ પોતાના સત્ય વિષે સભાન નથી. અને એટલે તે અસત્યમાં જીવી રહેલી છે.

આ સૂત્ર ભવ્ય છે. કંઈ જ કહેવાનું રહેતું નથી, એ બધું જ કહી આપે છે.

૩ માર્ચ, ૧૯૬૫

*

**(૧૧૦) સૂર્યનું બંધારણ અથવા મંગળની રેખાઓ જોવી તે બેશક એક મહાન સિદ્ધિ છે. પરંતુ જ્યારે તું જેમ ચિત્ર જુએ છે તેમ માનવમાં રહેલા આત્માને જોવાનું સાધન પ્રાપ્ત કરીશ ત્યારે તને ભૌતિક વિજ્ઞાનના ચમત્કારો કેવળ બાળકોનાં રમકડાં જેવાં લાગશે અને તને હસવું આવશે.**

**શ્રી માતાજી :** આ વાત આપણે અગાઉ જે લોકો “જોવા” માગતા હોય તેમની વાત કરતા હતા તેના અનુસંધાનમાં છે. એમ કહેવાય છે કે શ્રી રામકૃષ્ણે વિવેકાનંદને એમ કહેલું કે “તું જેમ મને જોઈ શકે છે તેવી જ રીતે પ્રભુને જોઈ શકે છે અને જેમ મને સાંભળી શકે છે તેમ પ્રભુનો અવાજ પણ સાંભળી શકે છે.” આ ઉપરથી કેટલાક લોકો એમ માની બેઠા કે પ્રભુ આ પૃથ્વી ઉપર સદેહે, હાડમાંસનો દેહ ધારણ કરીને આવ્યા છે, તેની આ જાહેરાત છે. મેં કહેલું (હસે છે); “ના, વાત એમ નથી! એમના કહેવાનો આશય એ હતો કે જો તમે સાચી ચેતનામાં પ્રવેશ કરો તો તમે તેમને સાંભળી શકો છો, હું કહું છું કે તમે ભૌતિક રીતની વાણી સાંભળો છો તેથી વધુ સ્પષ્ટપણે સાંભળી શકો છો અને ભૌતિક દૃષ્ટિથી જુઓ છો તેથી વધુ સ્પષ્ટ રીતે જોઈ શકો છો” “ઓહ! પરંતુ....” તરત જ એ લોકો આંખો ફાડીને જોઈ રહે છે. એમને માટે એ કોઈ સત્ય વસ્તુ નથી રહેતી.

**બાળક :** ***ભૌતિક વિજ્ઞાનના ચમત્કારો ઉપર આપને હસવું આવે છે?***

**શ્રી માતાજી :** “ચમત્કારો” તો બરાબર છે, એ એમનું કામ છે. પરંતુ એમાં એ લોકોનો વધુ પડતો આત્મવિશ્વાસ હોય છે તેના ઉપર મને હસવું આવે છે. તેઓ માની લે છે કે તેમની પાસે જ જ્ઞાન છે. તેઓ ધારે છે કે તેઓ જે કાંઈ શીખ્યા છે તેથી તેઓ પ્રકૃતિના સ્વામી બની ગયા છે અને એ તો છોકરમત

કહેવાય. જ્યાં સુધી એ લોકો સર્જક શક્તિ અને સર્જક સંકલ્પ સાથે સંબંધમાં નહિ આવે ત્યાં સુધી, કોઈને કોઈ વસ્તુ તેમની પકડની બહાર છટકી જશે.

આનો એક પ્રયોગ તમે સહેલાઈથી કરી શકો તેમ છે. કોઈ પણ વૈજ્ઞાનિક દૃશ્ય જગતની સર્વ ઘટનાઓને સહેલાઈથી સમજાવી શકશે, એ ભૌતિક શક્તિનો ઉપયોગ કરીને તેની મારફત પોતે જે કરવું હશે તે કરશે. અને ભૌતિક દૃષ્ટિએ જોતાં, આ બાબતમાં એ લોકોએ આભા બની જવાય તેવાં પરિણામો પ્રાપ્ત કર્યા છે, પરંતુ એને તમે આ એક તદ્દન સાદો પ્રશ્ન પૂછો, "મૃત્યુ શું વસ્તુ છે?" — હકીકતમાં તેઓ એ વિશે કશું જાણતા નથી. એ લોકો એ ઘટના ભૌતિક સ્તર ઉપર જે પ્રકારે બને છે તેનું વર્ણન આપે છે, પરંતુ જો એમનામાં સચ્ચાઈ હોય છે તો એમને કહેવાની ફરજ પડે છે કે એ બધાથી કશો ખુલાસો થતો નથી.

હંમેશાં, એક સમય એવો આવે છે જ્યારે એ રીતે કશું સમજાવી શકાતું નથી. કારણકે જાણવું...જાણવું એટલે શક્તિ પ્રાપ્ત કરવી.

**(મૌન)**

છેવટે જતાં, ભૌતિક વિચારસરણી, વૈજ્ઞાનિક વિચારસરણીને એક વસ્તુ સહેલાઈથી હાથ લાગે છે અને તે એ કે તેઓ ભાવિને જોઈ શકતા નથી. તેઓ અનેક વસ્તુઓને અગાઉથી જોઈ શકે છે પરંતુ ભૌતિક ઘટનાઓનો વિકાસ તેમની પૂર્વદૃષ્ટિના વ્યાપની બહાર હોય છે. હું ધારું છું એ લોકો આટલી વસ્તુ જ કબૂલ કરી શકે તેમ છે, કે એક અગમ્ય તત્ત્વ છે, એક એવું તત્ત્વ છે જેને પહેલેથી જાણી શકાતું નથી અને તેમની સર્વ પ્રકારની ગણતરીઓ એ બાબતમાં પાછી પડે છે.

જેને તદ્દન અદ્યતન જ્ઞાન હોય એવા કોઈ નમુનારૂપ વૈજ્ઞાનિક સાથે મેં કદી વાત કરી નથી, એટલે મને પૂરતી ખાતરી નથી, મને ખબર નથી કે એ લોકો ક્યાં લગી અણધાર્યા અને અણચિંતવ્યા તત્ત્વની ગણતરીને લક્ષમાં લે છે.

મને એમ લાગે છે કે, શ્રી અરવિંદના આ કથન પાછળ આશય એ છે કે જ્યારે તમે આત્મા સાથે સંપર્કમાં હો છો અને તમારી પાસે આત્મા વિષેનું જ્ઞાન હોય છે, ત્યારે એ જ્ઞાન ભૌતિક જ્ઞાન કરતાં એટલું બધું અદ્‌ભુત હોય છે કે તમને લગભગ એવી વસ્તુ તુચ્છ હોય એમ લાગે છે અને હસવું આવે છે. મને નથી લાગતું કે એમના કથનનો એવો આશય હોય કે જે વસ્તુઓ ભૌતિક વિજ્ઞાન દ્વારા નથી જાણી શકાતી તે તમે આત્મજ્ઞાન દ્વારા શીખી શકો.

આમાં એક મુદ્દો એવો છે : મને ખબર નથી કે ભૌતિક વિજ્ઞાને એ વસ્તુ

પ્રાપ્ત કરી છે કે નહિ કે ભવિષ્ય વિષે ચોક્કસ રીતની ધારણા થઈ શકતી નથી. પણ એ લોકો તો કદાચ એમ કહેતા હશે કે એમ બનવામાં કારણ એ છે કે હજી સુધી એ લોકો તેમનાં યંત્રો અને જ્ઞાન — સાધનોને પરિપૂર્ણ સ્વરૂપવાળાં કરી શક્યા નથી. ઉદાહરણ તરીકે, તેઓ કદાચ એમ માનતા હશે કે જ્યારે મનુષ્ય આ પૃથ્વી ઉપર સૌ પ્રથમ પ્રગટ થયો ત્યારે જો તેમની પાસે અત્યારનાં યંત્રો હોત તો તેઓ પશુમાંની "કોઈ વસ્તુ" ને આધારે ભવિષ્યકથન કરી શકત કે પશુમાં મનુષ્ય રૂપી પરિવર્તન આવનાર છે, (શ્રી માતાજી હસે છે) અથવા મનુષ્યનું પ્રાગટ્ય થનાર છે. હું તેમના અત્યારના અત્યંત આધુનિક દાવાઓ વિષે કશું જાણતી નથી. જો એમ હોય તો તેમને વાતાવરણમાં જે વસ્તુ પહેલાં ન હતી તે આવી પહોંચ્યાનો ખ્યાલ કે માપ મળી આવવું જોઈએ કારણકે એ વસ્તુ છેક ભૌતિક સ્તર ઉપરની છે[1] પરંતુ હું નથી ધારતી કે શ્રી અરવિંદનો આશય એ રીતનો હશે; હું ધારું છું કે તેમનો કહેવાનો આશય એ હતો કે ભૌતિક જગતનાં સત્યો કરતાં આત્માનાં જગતો અને આંતરિક સત્યો એટલા બધાં અદ્ભુત છે કે, આ બધા ભૌતિક "ચમત્કારો" થી તમને હાસ્ય ઉપજે, ખાસ કરીને એ એવું છે.

***બાળક : પરંતુ આપ આ જે ચાવીની વાત કરો છો, જે ચાવી તેમની પાસે નથી, તે સ્પષ્ટ રીતે કહીએ તો આત્મા જ નથી! ભૌતિક તત્ત્વ ઉપર આત્માની શક્તિ, પદાર્થ તત્ત્વનું રૂપાંતર કરવાની, ભૌતિક ચમત્કારો કરવાની શક્તિ પણ. આત્મામાં આ શક્તિ નથી હોતી?***

**શ્રી માતાજી :** એનામાં એવી શક્તિ છે અને એનો એ સતત ઉપયોગ કરે

૧. જ્યારે સાધકે શ્રી માતાજીને પૂછ્યું કે આ "કોઈક વસ્તુ" હકીકતમાં અતિમનસ શક્તિ હતી કે કેમ, ત્યારે તેમણે કહેલું કે; "હું એનું નામ પાડવું પસંદ નહિ કરું કારણકે લોકો એમાંથી એક જાતનો પંથ બનાવી લેશે", આ વસ્તુ જયારે ૧૯૫૬માં સૌ પ્રથમવાર "અતિમનસ આવિર્ભાવ" બની આવ્યો ત્યારે બનેલી. મેં એ વસ્તુ કોઈ પ્રકારનો મતવાદ બની ન જાય તે માટે સારો એવો પ્રયત્ન કર્યો છે. પરંતુ જો હું એમ કહું, 'અમુક દિવસે અમુક ઘટના બનેલી,' તો એ વસ્તુને મોટા અક્ષરો વડે ચિતરી મારવામાં આવશે અને કોઈ, જો બીજી વાત કહેશે તો તેઓ તેને કહેશે કે તું તો નાસ્તિક છેં એટલે મારે એમ કરવું નથી, પરંતુ એ વસ્તુ તો નિર્વિવાદ છે કે વાતાવરણ બદલાઈ ગયું છે, વાતાવરણમાં કોઈ નવીન વસ્તુ આવી ગઈ છે. આપણે એને 'અતિમનસ સત્યનું અવતરણ' કહીએ છીએ, કારણકે આ શબ્દનો કંઈક અર્થ છે, પરંતુ હું એની જાહેરાત કરવા માગતી નથી, કારણ કે હું એ બાબત વર્ણન કરવાની કોઈ શાસ્ત્રસંમત અથવા 'સત્ય' રીત ગણાવવા માગતી નથી. એટલા માટે હું મારા વાક્યને જાણીજોઈને અસ્પષ્ટ રહેવા દઉં છું."

છે, પરંતુ માનવ ચેતના તેના વિષે સભાન નથી. જે મોટો તફાવત છે તે એ છે કે તે સભાન બની રહી છે. પરંતુ તે એક એવી વસ્તુ વિષે સભાન થઈ રહી છે જે હંમેશાં ઉપસ્થિત રહેલી છે, અને જેનો અન્ય લોકો ઇનકાર કરે છે કારણકે તેઓ તેને જોઈ શકતા નથી.

દાખલા તરીકે, મને આ વિષયનો અભ્યાસ કરવાની તક મળેલી છે. મારે માટે, સંજોગો, પાત્રો, સર્વ ઘટનાઓ અને સર્વે સ્વરૂપો, અમુક "નિયમો"ને આધારે ગતિ કરતાં હોય છે, એટલે કે, એ નિયમો બહુ કડક નથી હોતા, પરંતુ એમને હું સમજી શકું છું અને તેથી મને જોઈ શકવાની દૃષ્ટિ પ્રાપ્ત થાય છેઃ આ વસ્તુનું પરિણામ આ આવશે અને પેલી વસ્તુનું પરિણામ અમુક રીતનું આવશે, અને આ વ્યક્તિ આવી છે એટલે એને માટે આ ઘટના બનશે. એ વધુ ને વધુ સ્પષ્ટ હોય છે. આ કારણે, જો જરૂર હોય તો હું ભવિષ્યકથન કરી શકું. પરંતુ એ પ્રદેશમાં આ કાર્યકારણનો નિયમ મારે માટે તદન સ્પષ્ટ હોય છે; પરંતુ, જે લોકો પાસે આવી દૃષ્ટિ નથી અને આત્માની સચેતનતા નથી, તે લોકો માટે, શ્રી અરવિંદ જેમ કહે છે તેમ, સંજોગો અમુક સપાટી ઉપરના નિયમ અનુસાર ખૂલતા જાય છે. એ લોકો આ નિયમોને વસ્તુઓનાં પ્રાકૃતિક પરિણામો સરખા ગણે છે. એ નિયમો એટલા બધા છીછરા હોય છે કે તેમનું જો ઊંડું વિશ્લેષણ કરવામાં આવે તો ટકી ન શકે. પરંતુ એમનામાં આ આંતરિક શક્તિ હોતી નથી, એટલે એની તેમને ચિંતા થતી નથી, એ બધું એમને તદ્દન ખુલ્લું જણાય છે.

મારો આમ કહેવાનો આશય એ છે કે એ લોકોનું સમાધાન થાય તેવું કરવાની આ આંતરિક જ્ઞાનમાં શક્તિ નથી હોતી. એટલે પછી જ્યારે કોઈ અમુક ઘટનાની બાબતમાં હું જોઉં છું ત્યારે મને લાગે છે કે : "આહ, પણ આ તો તદ્દન, બિલકુલ સ્પષ્ટ વસ્તુ છે, મારે માટે, મેં પ્રભુની શક્તિને અહીં કાર્ય કરતી જોયેલી છે, મેં અમુક અમુક વસ્તુ બનતી જોયેલી છે અને એ વસ્તુ અવશ્ય બનવાની જ છે" — મારે માટે એ વસ્તુ તદ્દન સ્પષ્ટ હોય છે, પરંતુ હું જે જાણતી હોઉં છું તે કાંઈ કહેતી નથી, કારણકે એમાંની કોઈ વસ્તુ તેમના અનુભવ સાથે સંબંધ ધરાવતી હોતી નથી; એમને તો એ એક ખોટો બબડાટ અથવા ગપ્પાંબાજી જેવું લાગે. આનો અર્થ એ કે, જ્યારે કોઈ વસ્તુનો તમને અનુભવ ન હોય ત્યારે બીજી વ્યક્તિનો અનુભવ તમારે માટે સમાધાનકારક નથી હોતો, એનાથી તમને સંતોષ થઈ શકતો નથી.

આમાં પદાર્થતત્ત્વ ઉપર કાર્ય કરતી શક્તિનો કોઈ પ્રશ્ન નથી, એ તો સતતપણે કાર્ય કર્યે જાય છે; પરંતુ, જેનું કશું પરિણામ આવતું નથી તેવી અર્થહીન

સંમોહન શક્તિનો જો પ્રયોગ ન કરવામાં આવે, તો એમાં વાત તો સમજ શક્તિને ખોલવાની છે (મસ્તકની ટોચ ઉપરની ઘોંચવાની ક્રિયાનો અભિનય); અને એ વસ્તુ મુશ્કેલ છે.... જે વસ્તુ આપણે અનુભવી નથી હોતી તેનું અસ્તિત્વ નથી.

એમની સમક્ષ જો કોઈ ચમત્કારિક ઘટના બને તો પણ તેમની પાસે એનો ભૌતિક રીતનો કોઈ ખુલાસો હશે; એમને માટે એ ચમત્કાર કોઈ ભૌતિક બળ કે શક્તિથી પર એવી કોઈ શક્તિ કે બળના કાર્યનું પરિણામ નહિ હોય. તેમની પાસે તેમનો ભૌતિક રીતનો ખુલાસો હશે. એમને માટે એ વસ્તુ ખાતરી લાયક નહિ હોય.

જો તમે પણ તમારી અનુભૂતિમાં આ ક્ષેત્રનો સ્પર્શ કર્યો હશે તો જ આ વસ્તુ સમજી શકશો.

અને આપણને આ વસ્તુ સ્પષ્ટપણે દેખાય છે કે જેટલે અંશે કોઈ વસ્તુ જાગ્રત કરવામાં આવી હોય છે તેટલા પ્રમાણમાં જ સમજવાની શક્યતા રહેલી હોય છે. પાયાની, આધારભૂત વસ્તુ એ છે.

***બાળક : ટુંકામાં, કદાચ એમાં "પદાર્થતત્ત્વના રૂપાંતર" નો કોઈ પ્રશ્ન હોવા કરતાં વધુ તો સાચાં કાર્ય વિષે સભાન થવાનો પ્રશ્ન વધુ અંશે રહેલો છે.***

**શ્રી માતાજી :** મારું એ જ કહેવું છે. અમુક હદ સુધી તો આપણને ખબર પણ ન પડે અને રૂપાંતર થઈ ગયું હોય છે. એ લોકો કહે છે કે અમુક વસ્તુમાં ઘણો તફાવત છે : જ્યારે મનુષ્યનું આગમન થયું ત્યારે પશુઓને માટે તે જાણવાનું કોઈ સાધન ન હતું. હું ત્યારે, ઠીક એ જ વાત કહું છું. મનુષ્યે આટલી બધી વસ્તુઓ સિદ્ધ કરી છે, છતાં એની પાસે પેલી વસ્તુ વિષે જાણવાનું કોઈ સાધન નથી, અમુક વસ્તુઓ બને પરંતુ એની જાણ તો, જ્યારે એની અંદરની "કોઈ વસ્તુ" એટલા પ્રમાણમાં વિકાસ પામી હશે કે જ્યારે તે જાણી શકે, ત્યારે જ તેને મોડી મોડી ખબર પડશે.

આપણે ભૌતિક વિજ્ઞાનના વિકાસને છેક છેવટ સુધી ખેંચી લઈ જઈએ, એ બિંદુએ કે જ્યાં આપણને લાગે છે કે લગભગ કોઈ જાતનો તફાવત નથી, દા.ત. જ્યાં તેઓ પદાર્થ તત્ત્વના એકત્વને સિદ્ધ કરે છે, જ્યાં આપણને એમ લાગે છે કે ભૌતિક અને આધ્યાત્મિક અવસ્થા વચ્ચેનો ગાળો લગભગ સમજી ન શકાય તેવો, ખબર ન પડે તેવો રહી જાય છે ત્યારે પણ. ના, એ વસ્તુ એમ નથી. આ પ્રકારની એકતાને અનુભવવાને માટે, વ્યક્તિની પોતાની અંદર પેલી "અન્ય વસ્તુ"ની અનુભૂતિ પહેલેથી હોવી જોઈએ, નહિ તો તેને કશી ખબર ન પડે.

અને એ લોકોએ વસ્તુઓનો ખુલાસો કરવાની ક્ષમતા પ્રાપ્ત કરી છે એટલે જ તેઓ આ બાહ્ય જગતની ઘટનાનો ખુલાસો પણ પોતાની સમક્ષ એવી રીતે કરે છે કે જેમાં આંતરિક ઘટનાઓનો ઇન્કાર આવી જાય, એ લોકો એમ કહે છે, એ બધી વસ્તુઓ પણ, જાણે કે તેઓએ જે વસ્તુઓનો અભ્યાસ કરેલો છે તેનું વિસ્તૃતિકરણ માત્ર છે.

આમાં ફક્ત એટલું જ છે કે, મનુષ્યનું બંધારણ જ એવી રીતે જામેલું છે કે, એવો કોઈ મનુષ્ય ભાગ્યે જ મળી આવે જેને એકાદ આછો આભાસ, પડછાયો, અથવા આ આત્મા, તેના આંતરિક સ્વરૂપ, આ સૂક્ષ્મ સ્વરૂપ સાથે કાંઈક સંબંધ હોવાની લાગણી થવાની શરૂઆત ન થયેલી હોય, અને એથી જ એ લોકોના ઇનકારમાં પણ કાંઈક ક્ષતિ રહી જાય છે. પરંતુ એ વસ્તુને એ લોકો એક પ્રકારની દુર્બળતા ગણે છે, એમનું બળ એમાં જ રહેલું છે.

**(મૌન)**

ખરી રીતે તો જ્યારે આપણને આ અનુભૂતિ થાય, ઊર્ધ્વ શક્તિઓનું જ્ઞાન અને અનુભૂતિ અને તેમની સાથેના એકત્વનું ભાન થાય, ત્યારે જ આપણે આ બધા બાહ્ય જ્ઞાનમાં રહેલા સાપેક્ષત્વને જોઈ શકીએ છીએ; પરંતુ ત્યાં સુધી, ના, ત્યાં સુધી તો એમ નથી થઈ શકતું. આપણે કેવળ અન્ય સત્યોનો ઇનકાર કરતા રહીએ છીએ.

હું ધારું છું કે શ્રી અરવિંદના કથનનો આશય આ જ હતો : કે જ્યારે પેલી બીજી ચેતનાનો વિકાસ થશે ત્યારે વૈજ્ઞાનિક સ્મિત કરશે અને કહેશે, "હા એ તો બધું બરાબર હતું, પરંતુ ......."

સાચું કહું તો, એક વસ્તુ બીજી વસ્તુ પ્રત્યે દોરી જઈ શકે તેમ નથી સિવાય કે એમાં પ્રભુ કૃપા કાર્ય કરે; જો વૈજ્ઞાનિકમાં એક આંતરિક અને નિર્ભેળ સત્યનિષ્ઠા હોય કે જેને લઈને એ વસ્તુ કયા બિંદુએ એની પકડમાંથી છટકી જાય છે એ વાતને એ જોઈ, અનુભવી અને સમજી શકે, તો એ વસ્તુ એને પેલી ચેતનાની બીજી અવસ્થા પ્રત્યે દોરી લઈ જઈ શકે, પરંતુ તેની પ્રક્રિયાઓ દ્વારા નહિ. કોઈક વસ્તુએ વિદાય લેવી પડશે અને નવી પદ્ધતિઓ, નવીન જ્ઞાન — સાધનો, નવાં આંદોલનો, અને આત્માની નવીન અવસ્થાનો સ્વીકાર કરવો પડશે.

**(મૌન)**

આપણે એક જ વસ્તુ કરી શકીએ : તમે જે કાંઈ જાણતા હો તે ગમે તેટલું

સુંદર હોય, તે છતાં, જો તે પેલી બીજી પદ્ધતિઓનો પ્રયોગ કરો તેના પ્રમાણમાં કાંઈ જ નથી.

**(મૌન)**

હમણાં હું જે કાર્ય કરી રહી છું તેનો આખો ઉદ્દેશ્ય એ જ છે : જાણવાનો ઇનકાર. આ વસ્તુનો કઈ રીતે સ્પર્શ કરવો? એ વસ્તુ ઘણા લાંબા સમયથી અસ્તિત્વમાં છે. એ વસ્તુ શ્રી અરવિંદે તેમના એક પત્રમાં કહેલી વાતના અનુસંધાનમાં છે : એમણે એમ કહ્યું છે કે ભારતે પોતાની પદ્ધતિઓ દ્વારા આધ્યાત્મિક જીવન માટે જે કાંઈ કર્યું છે તે યુરોપે તેની સર્વ શંકાઓ અને પ્રશ્નો સાથે જે કાંઈ કર્યું છે તેથી ઘણું વધારે છે. ખરી વસ્તુ એ જ છે. એમાં એક પ્રકારનો ઇન્કાર રહેલો છે, જે કોઈ જ્ઞાન — પદ્ધતિ શુદ્ધ ભૌતિક રીતની ન હોય તેવી કોઈ પણ જ્ઞાન પદ્ધતિનો ઇન્કાર કરવો, અનુભૂતિનો ઇન્કાર કરવો, અનુભૂતિ થાય તો તેમાં રહેલા સત્યોનો ઇન્કાર કરવો. એમને પછી કોણ એની ખાતરી કરાવી શકે?......અને પછી એમાં કાલીની પદ્ધતિ આવે છે, અને બરાબરનો માર મારે છે. પરંતુ મને એમાં લાગે છે કે એને લઈને જે પરિણામ આવે છે તેના કરતાં અનેકગણું નુકસાન થાય છે.

એ એક બીજો મોટો પ્રશ્ન છે.

એમ લાગે છે કે સર્વ પ્રકારનો પ્રતિરોધનો સામનો કરી શકે તેવી પદ્ધતિ તે પ્રેમની પદ્ધતિ છે. પરંતુ એમાં પછી, વિરોધી શક્તિઓએ પ્રેમને એટલો બધો વિકૃત કરી મૂક્યો છે કે ઘણા અત્યંત સત્યનિષ્ઠ લોકો, અંતઃકરણની લાગણીથી સંશોધન કરનારાઓએ પણ પોતાની જાતને એ પ્રકારની પદ્ધતિ સામે પોતાને કઠોર બનાવી લીધા હોય છે, કારણ કે એમાં આ વિકૃતિ રહેલી જ હોય છે. મુશ્કેલી છે તેથી જ એમાં વખત લાગે છે. છતાં......

૨૯ મે, ૧૯૬૫

*

**(૧૧૧) સિદ્ધિઓ સાથેનું જ્ઞાન એક બાળક જેવું છે, કારણકે જ્યારે તેને કંઈક પ્રાપ્ત થાય છે ત્યારે તે તેની જાહેરાતના બૂમ બરાડા પાડતું રસ્તા ઉપર દોડાદોડ કરે છે, પરંતુ પ્રજ્ઞા પોતાની શોધોને વિચારપૂર્ણ અને બલિષ્ઠ મૌનમાં લાંબા સમય સુધી ભંડારી રાખે**

**છે.**

**(૧૧૨) વિજ્ઞાન એવી રીતની વાત કરે છે અને વર્તે છે કે જાણે કે તેણે સર્વ જ્ઞાનને જીતી લીધું હોય. પ્રજ્ઞા, અમાપ સાગરોના કિનારા ઉપર ચિંતન અને ગહન મૌનમાં ચાલતી ચાલતી, પોતાના પગરવના પડઘા સાંભળે છે.**

**શ્રી માતાજી :** મૌન..ઓહ! કોઈક વસ્તુ અમલમાં મૂકવી એ, તેના વિષે વાતો કરવા કરતાં, ઘણું સારું છે.

આ વસ્તુનો અનુભવ મને અહીં ઘણા વખત પહેલાં થયેલો : પોતે જે કાંઈ જાણ્યું હોય તેનો તરત જ ઉપયોગ કરવો અને પ્રચાર કરવો, અને ઊર્ધ્વ જ્ઞાન સાથે સંબંધ બાંધવો કે જેમાં આપણે શક્ય તેટલા નીરવ રહીને એની રૂપાંતરકારી અસરને પામી શકીએ, એ બે વસ્તુઓ વચ્ચેનો તફાવત મને બરાબર જણાઈ ગયેલો. મને આ વસ્તુનો જીવંત અનુભવ થયેલો, જીવંત અનુભૂતિનો અર્ધો દિવસ, પરંતુ મને અત્યારે એ જુની વાત, લાંબા સમયથી બહુ પાછળના સમયની વાત લાગે છે.

**બાળક :** ***મૌનની આ શક્તિ કયા પ્રકારની છે? જ્યારે આપણે ઊર્ધ્વ પ્રત્યે આરોહણ કરીએ છીએ ત્યારે આપણે એક પ્રકારની મહાન નીરવતામાં પ્રવેશ કરીએ છીએ, જાણે કે ઠરી ગયેલી સર્વવ્યાપી નીરવતા; પરંતુ આ નીરવતાની શક્તિ એ શું વસ્તુ છે? એ કંઈ કરે છે?***

**શ્રી માતાજી :** ભૂતકાળમાં, જ્યારે લોકોને જીવનમાંથી નાસી છૂટવું હોય ત્યારે એમ કરતા. એ લોકો સમાધિમાં પ્રવેશતા, તેમના દેહને તદ્દન શાંત રાખતા, અને ભીતરમાં પ્રવેશીને ત્યાં પૂર્ણ સુખને માણતા. અને જે સંન્યાસીઓએ પોતાને જીવતા દટાવી દીધેલા તેમણે એમ જ કરેલું. તેઓએ કહેલું, “હવે, મેં મારું કાર્ય પૂરું કર્યું છે,” એમની વાણી ખૂબ અસરકારક રહેતી “મેં મારું કાર્ય પૂરું કર્યું છે, હું સમાધિ લઉં છું” અને પછી તેઓ પોતાની જાતને જીવતા દટાવી દેતા. તેઓ કોઈ ગુફા કે એવા સ્થળમાં પ્રવેશ કરતા, પછી એ બંધ કરી દેવામાં આવતી, અને પછી એ વાત પૂરી થઈ જતી. અને એમાં એ જ વસ્તુ બનતી : તેઓ સમાધિમાં પ્રવેશતા, અને કુદરતી રીતે, તેમનું શરીર વિઘટન પામતું, અને

એ લોકો શાંતિ પામતા.

**બાળક :** ***પરંતુ શ્રી અરવિંદ કહે છે કે આ નીરવતા તો શક્તિશાળી હોય છે.***

**શ્રી માતાજી :** હા, શક્તિશાળી હોય છે.

**બાળક :** ***તો પછી મારે જાણવું છે કે એને શક્તિશાળી કઈ રીતે ગણાય? કારણ કે આપણને એમ લાગે છે કે આપણે તો એક શાશ્વતી સુધી વસી રહીએ....***

**શ્રી માતાજી** : એક શાશ્વતી નહિ, સમગ્ર શાશ્વતી.

**બાળક :** ***....કોઈ પણ વસ્તુમાં ફેરફાર થયા વિના.***

**શ્રી માતાજી :** ના, એનું કારણ એ કે એ વસ્તુનો હજી આવિર્ભાવ થયો નથી, એ આવિર્ભાવથી પર છે. પરંતુ શ્રી અરવિંદ એને અહીં નીચે ઉતારી લાવવા માગે છે અને એ માટે આપણે અશક્તિ અને ગાંડપણનો દેખાવ, અને બીજુ બધું, સ્વીકારવાને તૈયાર રહેવું જોઈએ, અને પચાસ લાખમાંથી એક વ્યક્તિમાં પણ તેમ કરવાની હિંમત નથી હોતી.

નાસી છૂટવાના લાખો માર્ગ છે. પરંતુ ટકી રહેવાનો એક જ માર્ગ છેઃ એમાં સાચી રીતની હિંમત, સહનશક્તિ; અને અશક્તિ, નિરાધારાવસ્થા, અણસમજુપણું, અને સત્યના દેખીતી રીતના ઇનકારનો દેખાવ કરવાની પણ તૈયારી જોઈએ. પરંતુ જો આપણે એનો સ્વીકાર નહિ કરીએ તો કશી વસ્તુનું રૂપાંતર નહિ થાય. જે લોકોને મહાન, પ્રભાવંત, બલિષ્ઠ, શક્તિશાળી, વગેરે વગેરે રહેવું હોય, તેમને ભલે ત્યાં બેસી રહેવા દો, એ લોકો પૃથ્વીને માટે કંઈ કરી શકનાર નથી.

અને આ અણસમજ એ ઘણી નાની વસ્તુ છે, એ એક નાની વસ્તુ છે કારણ કે ચેતનાશક્તિ એ એક એવી વસ્તુ છે કે એના ઉપર એની કશી અસર થતી નથી, પરંતુ એ એક સંપૂર્ણ અને સર્વવ્યાપી અણસમજુપણું હોય છે! એટલે કે એમાં આપણું અપમાન કરવામાં આવે છે, તિરસ્કાર કરવામા આવે છે, અને એવું બધું; કારણકે, આપણે જે વસ્તુ કરીએ છીએ તે એવી છે; કારણકે, એ

લોકોને મતે, પૃથ્વી ઉપરના સૌ "મહામના લોકોએ," પોતાની દિવ્યતા ગુમાવી દીધી હોય છે, એ લોકો એ રીતે કહે છે, એમ કહે છે કે, "શું તમે દિવ્ય ચેતના ધારણ કરતા હોવાનો દાવો કરો છો, તો પછી........" અને આ વસ્તુ આપણને હરેક વ્યક્તિમાં, સર્વ સંજોગોમાં ભેટી જાય છે. અવારનવાર, કોઈક વ્યક્તિને, એ ક્ષણ માટે એક ઝબકારો જણાય છે, પણ એ વસ્તુ અત્યંત અપવાદરૂપ હોય છે, જ્યારે, "જો એમ હોય તો તમારામાં શી શક્તિ છે તે બતાવો." એ વસ્તુ બધે જ મળે છે.

***બાળક : એમને માટે તો દેખીતી રીતે એવું હશે કે પૃથ્વી ઉપરના પ્રભુએ તો સર્વ શક્તિમાન હોવું જોઈએ.***

**શ્રી માતાજી :** એમ જ. "તમારી શક્તિ બતાવો અને દુનિયાને બદલી નાખો. અને શરૂઆતમાં હું કહું છું તેમ કરો. મારો કહેવાનો આશય એ છે કે, સૌ પ્રથમ અને અગત્યની વસ્તુ હું માગું છું તે એ છે કે, તમારી શું શક્તિ છે તે બતાવો!" એ લોકો એ વાત સતતપણે કર્યે જાય છે.

૨૫ સપ્ટેમ્બર, ૧૯૬૫

*

**(૧૧૩) ધિક્કાર એ ગુપ્ત આકર્ષણનું લક્ષણ છે, આ આકર્ષણ પોતાની જાતમાંથી દૂર નાસી જવાને ઝંખતું હોય છે અને તેના પોતાના અસ્તિત્વનો ઈનકાર કરવાની વાત આવતાં ગુસ્સે થઈ જતું હોય છે. આ પણ પ્રભુની તેણે સરજેલા પ્રાણમાં થઈ રહેલી લીલા છે.**

**(૧૧૪) સ્વાર્થીપણું એ જ એક માત્ર પાપ છે, હલકટપણું એ જ એક માત્ર દુર્ગુણ છે. તિરસ્કાર એ જ એક માત્ર ગુન્હેગારપણું છે. બીજી સર્વ વસ્તુઓનું શુભત્વમાં પરિવર્તન સહેલાઈથી થઈ શકે છે પણ આ ત્રણ વસ્તુઓ દિવ્યતાનો હઠપૂર્વક વિરોધ કરે છે.**

આ એક રીતના આંદોલનને મળતી વસ્તુ છે. જે લોકો ધિક્કાર કરતા હોય

છે તેમનામાંથી આવતું એ આંદોલન છે. એટલે કે એ આંદોલન મૂળમાં તો, કહો કે, પ્રેમના આંદોલનના જેવું જ છે. એના છેક મૂળમાં જઈને જોશો તો ત્યાં પ્રેમના જેવું જ સંવેદન હોય છે. જો કે સપાટી ઉપર એ પ્રેમથી ઊલટું છે, પણ એને પ્રેમના આંદોલનનો જ ટેકો મળતો હોય છે. અને આપણે એમ કહી શકીએ કે આમાં તો તમે જેને ચાહતા હો છો તેના જેટલા ગુલામ હો છો તેટલા જ તમે જેને ધિક્કારતા હો છો તેના ગુલામ હો છો, કદાચ વધારે પણ. એ વસ્તુ તમારો કબજો લઈ લેતી હોય છે, તમારા ઉપર ફરી ફરીને આવતી રહે છે અને તમને તે ગમતી હોય છે. આ એક તમને ગમતું સંવેદન હોય છે, કેમકે એમાં રહેલી ઉગ્રતાની હેઠળ, તમે જેને ચાહતા હો છો તેના તરફ તમને આકર્ષણમાં હોય તેવી ઉષ્મા અનુભવાતી હોય છે તેવી જ ઉષ્મા અનુભવાતી હોય છે. અને લાગે છે કે આમાં એ આંદોલન પ્રગટ થવાની જે ક્રિયા છે, તેમાં જ, એટલે કે માત્ર સપાટી ઉપર જ, આ વિકૃતિ માત્ર દેખાવમાં રહેલી હોય છે.

તમને જેના પર પ્રેમ હોય છે તેનું ભારણ તમારા ઉપર જેટલું રહેતું હોય છે તેના કરતાં તમને જેના તરફ ધિક્કાર હોય છે તેનું ભારણ તમારા ઉપર વધારે હોય છે. અને એ ભારણ આ આંતરિક આંદોલનમાંથી આવતું હોય છે.

આ બધી લાગણીઓમાં (એમને કયું નામ આપીશું?) એક એવા પ્રકારનું આંદોલન રહેતું હોય છે કે તેમના કેન્દ્ર ભાગમાં કોઈ એકસરખી મૂળ વસ્તુ જ રહેલી હોય છે અને તેના પર જાણે કે પડ ચડેલાં હોય છે. એટલે બધી લાગણીઓના છેક કેન્દ્રમાં જે આંદોલન હોય છે તે તો એક જ રીતનું છે અને એ પોતાને પ્રગટ કરવાને માટે જેમ જેમ 'ફૂલતું' જાય છે તેમ તેમ તે વિકૃત થઈ જાય છે. પ્રેમની બાબતમાં તો આ વસ્તુ સાવ દેખાઈ આવે તેવી છે. એના લગભગ મોટા ભાગના દાખલાઓમાં તો તે બાહ્ય રીતે અંદરના આંદોલન કરતાં તદ્દન જુદા જ પ્રકારનું આંદોલન બની જાય છે. કેમકે એ વસ્તુ પોતાના ઉપર જ પાછી આવી પડતી હોય છે. એ કઠણ થઈ જતી હોય છે અને સામાને મેળવવાની અહંકારભરી ક્રિયામાં તે પોતાના પ્રત્યે જ પાછી ખેંચવાને ઇચ્છતી હોય છે. તમે એમ ઇચ્છતા હો છો કે તમને કોઈ પ્રેમ કરે. તમે કહો છો, 'હું પેલી વ્યક્તિને ચાહું છું,' પરંતુ તેની સાથે સાથે આ વસ્તુ પણ રહેલી હોય છે : તમારે જે જોઈતું હોય છે, તમે જે લાગણીમાં ડૂબેલા હો છો તે એ હોય છે કે 'મને કોઈ પ્રેમ કરે એમ હું ઇચ્છું છું'. અને પછી એ વિકૃતિ તે લગભગ ધિક્કારના જેટલી જ મોટી વિકૃતિ હોય છે, એમાં તમને તમે જેને ચાહતા હો છો તેની સાથે બંધનમાં પુરાઈ ન જવાય માટે તેનો નાશ કરી નાખવાની ઇચ્છા થાય છે. તમારા પ્રેમના

પાત્ર તરફથી તમારે જે જોઈતું હોય છે તે તમને મળતું નથી એટલે તમે તેનો નાશ કરવા માગતા હો છો અને એ રીતે તમે મુક્ત થવા માગતા હો છો. બીજા દાખલામાં, તમે જેને ચાહતા હો છો તેને તમે મેળવી શકતા નથી, તેને તમે તમારામાં લઈ શકતા નથી માટે, એક લગભગ આંતરિક ક્રોધમાં આવી જઈને, તમે તમારી જાતને કઠણ બનાવી દેતા હો છો. અને સાચું કહીએ તો (હસતાં) ઊંડા સત્યની દૃષ્ટિએ જોઈએ તો એ બેઉ લાગણીઓમાં બહુ તફાવત નથી. એ તો જ્યારે પેલું મૂળનું કેન્દ્રરૂપ આંદોલન એના શુદ્ધ રૂપમાં રહેતું હોય છે અને એના આરંભના વિશુદ્ધ રૂપમાં પોતાને પ્રગટ કરે છે ત્યારે એક પ્રફુલ્લન બને છે (એને શું નામ આપીશુ?...એ વસ્તુ પોતાનો પ્રકાશ ફેલાવતી રહે છે, એ આંદોલન એક પ્રકાશ રૂપે ફેલાઈ જાય છે, પ્રફુલ્લી ઊઠે છે, હા, તેજોમય રીતે પ્રફુલ્લી ઊઠે છે.), અને ત્યારે એ સાચા સ્વરૂપે ટકી રહે છે. અને બાહ્ય રીતે આ વસ્તુ—સ્વ-અર્પણ, આત્મ-વિસ્મૃતિ, આત્માની ઉદારતા એ રૂપ ધારણ કરે છે. અને એ જ એક માત્ર સાચી વસ્તુ છે. પણ જેને 'પ્રેમ' કહેવામાં આવે છે એ તો સાચા પ્રેમના મૂળ કેન્દ્રરૂપ આંદોલનથી ધિક્કારના જેટલો જ દૂર હોય છે. એમાં એટલું જ કે પ્રેમ પોતે સંકોચાતો હોય છે, અક્કડ થઈ જતો હોય છે, કઠણ થઈ જતો હોય છે, જ્યારે ધિક્કાર તે પ્રહાર કરવા લાગી જાય છે, એટલો જ માત્ર તફાવત છે.

અને આ વસ્તુ વિચારો વડે દેખાતી નથી, એ આંદોલનો દ્વારા દેખાય છે. એ બહુ જ રસિક વસ્તુ છે.

ખરેખર, મેં હમણાં હમણાં આ વસ્તુનો કાંઈ ઓછો અભ્યાસ નથી કર્યો. આ આંદોલનોને મેં જોયાં છે : એનાં બાહ્ય પરિણામો ખેદજનક હોઈ શકે છે, વ્યવહારુ દૃષ્ટિથી જોતાં એ ઘૃણાજનક હોઈ શકે છે, એટલે કે, આ રીતનું આંદોલન નુકસાન કરવાની, વિનાશ કરવાની પ્રેરણાને ઉશ્કેરે છે, પરંતુ વધુ ગહન સત્યની દૃષ્ટિથી જોતાં એ વિનાશ પેલા બીજા વિનાશ કરતાં બહુ મોટો નથી હોતો. એ માત્ર વધારે આક્રમક રીતનું આંદોલન હોય છે, અને એમ છતાં...

જો તમે આ અનુભૂતિમાં તમે વધારે આગળ જશો, વધારે ઊંડે જશો, આ આંદોલન ઉપર તમે જો એકાગ્રતા કરશો, તો તમને જણાશે કે એ સૃષ્ટિસર્જનનું આરંભનું આંદોલત છે અને તેનું રૂપ બદલાઈ ગયું છે, જગતમાં આવેલી બધી વસ્તુઓમાં તે વિકૃત બની ગયું છે. અને એ દર્શન થયા પછી એક રીતની સર્વને આશ્લેષમાં લેતી ઉષ્મા જન્મે છે (એને ચોક્કસ રીતે, 'મધુરતા'નું નામ તો નહિ આપી શકાય, પણ એ એક કડક પ્રકારની મધુરતા છે એમ કહી શકાય), એક સર્વને આશ્લેષતી ઉષ્મા જન્મે છે. અને તેમાં જેટલું સ્મિત ભરેલું હોય છે તેટલી

જ ઉદાસીનતા હોય છે, ઉદાસીનતા કરતાં સ્મિત ઘણું વધારે હોય છે...આમ કહી આ વિકૃતિને હું સાચી ઠેરવવા માગતી નથી, પણ માનવના મને ખાસ કરીને તો માનવની નીતિદૃષ્ટિએ એક રીતની વિકૃતિ અને બીજી રીતની વિકૃતિ વચ્ચે જે પસંદગી કરેલી છે તેની સામે મોટા ભાગે આ એક પ્રત્યાઘાત છે. લોકોએ વિકૃતિઓની એક લાંબી હારમાળાને 'ખરાબ' તરીકેનું નામ આપેલું છે અને વિકૃતિઓની બીજી હારમાળાને નભાવી લીધેલી છે, લગભગ તેની પ્રશંસા કરેલી છે. અને છતાં મૂળની દૃષ્ટિથી જોઈશું તો જણાશે કે આ એક વિકૃતિ તે પેલી બીજી વિકૃતિ કરતાં કાંઈ વધારે મૂલ્યવાળી નથી, એ પસંદગીનો સવાલ છે.

મૂળ વસ્તુ તો એ છે કે આપણે પ્રથમ તો જે કેન્દ્રરૂપ આંદોલન છે તેને જોઈ લેવું જોઈએ અને પછી એમાં જે અનન્ય અને અદ્‌ભુત-તત્ત્વ આવી રહેલું છે તેને સારી રીતે સમજવું જોઈએ. અને એ રીતે પછી એની જે જે, વિકૃતિઓ બની આવેલી છે, પછી તે ભલે ગમે તે રીતની હોય, સદ્‌ગુણ રૂપની વિકૃતિઓ હોય કે દુર્ગુણ રૂપની હોય, તે બધામાંથી આપોઆપ અને સહજ રીતે જ દૂર રહેતા થઈ જવું જોઈએ.

તો આપણે પાછા હંમેશાં એ જ વસ્તુ ઉપર આવીએ છીએ, માત્ર એક જ ઉકેલ છે; વસ્તુઓનું સત્ય મેળવી લો, અને તેને વળગી રહો, આ સૌથી મૂળનું સત્ય, સૌથી મૂળના પ્રેમનું સત્ય મેળવી લો અને તેને વળગી રહો.

૨૫ ડિસેમ્બર, ૧૯૬૫

*

**(૧૧૫) આ વિશ્વ એ એક લાંબા વખત સુધી પુનરાવર્તન પામતું દશાંશ છે, અને બાહ્ય તેનો પૂર્ણાંક છે, સમયનો ગાળો આદિ અને અંતવાળો હોય તેમ ભાસે છે, પરંતુ અપૂર્ણાંક સનાતન છે, એને કદી અંત નથી અને કદી કોઈ સાચી રીતનો આરંભ નથી.**

**(૧૧૬) વસ્તુઓના આદિ-અંત તો આપણી અનુભૂતિના રૂઢિબદ્ધ શબ્દો જ માત્ર છે. તેમના સાચા અસ્તિત્વમાં, આ શબ્દોની કોઈ વાસ્તવિકતા નથી, આદિ કે અંત કશું છે જ નહિ.**

**શ્રી માતાજી :** ગયે અઠવાડિયે જ આ અનુભૂતિનો આવો વિકાસ પ્રાપ્ત

થયેલો.

હકીકત એવી છે કે જે વ્યક્તિને માટે સત્ય છે તે જગતને માટે પણ છે, અને જે જગતને માટે સત્ય છે તે વિશ્વને માટે પણ સત્ય છે એમાં કેવળ સમયનો ગાળો અલગ અલગ હોય છે. એક વ્યક્તિ નાનકડી હોય છે. જગત જરા મોટું હોય છે; વિશ્વ એથી પણ જરા વધુ મોટું હોય છે! જેને આદિ છે તેને અંત પણ હોય છે.

**બાળક : *અને છતાં શ્રી અરવિંદ કહે છે કે આદિ કે અંત જેવું કાંઈ છે જ નહિ.***

આપણે શબ્દો વાપરવા પડે છે પરંતુ તત્ત્વ વસ્તુ પકડાતી નથી, આપણે જેને "શાશ્વત તત્ત્વ", "પરમ", "પ્રભુ" કહીએ છીએ તેને કોઈ આદિ કે અંત નથી, આપણને એમ કહેવાની ફરજ પડે છે કે "તે છે", પરંતુ એ વસ્તુ એવી નથી. કારણ એ તો અનાવિર્ભાવ અને આવિર્ભાવ બંનેથી પર વસ્તુ છે. આપણે આવિર્ભાવમાં રહ્યા એ વસ્તુને સમજી કે જાણી શકીએ તેમ નથી. પરંતુ એ તત્ત્વની કોઈ એવી વસ્તુમાં આવિર્ભાવ થાય છે જેની શરૂઆત અને અંત હોય છે. ફકત "અંત આવવાના" બે માર્ગ છે. એક માર્ગમાં વસ્તુનો નાશ થતો જણાય છે, હતી ન હતી થઈ જતી જણાય છે, જ્યારે બીજો માર્ગ રૂપાંતરનો છે; અને એમ લાગે છે કે જેમ જેમ આવિર્ભાવ વધુને વધુ સંપૂર્ણ થતો જાય છે, તેમ તેમ વિનાશની જરૂરિયાત ઓછી થતી જાય છે અને એક સમય એવો આવે છે કે જ્યારે એ અદૃશ્ય થઈ જાય છે અને એનું સ્થાન એક પ્રગતિશીલ રૂપાંતર લે છે. આ એક તદ્દન બાહ્ય અને મનુષ્યની રીતે કથન કરવાની રીત છે.

શબ્દોની અપર્યાપ્તતાનો મને પૂરેપૂરો ખ્યાલ છે, પરંતુ આપણે પેલી વસ્તુને શબ્દો વડે જ પકડવાની છે.... મનુષ્યના વિચાર અને વાણીની બાબતમાં મુશ્કેલ એ છે કે શબ્દો પોતે જ અમુક રીતની શરૂઆત થયાનો ભાવ ધારણ કરે છે.

**(મૌન)**

મને આ આવિર્ભાવનો અનુભવ થયેલો છે, આપણે કહેવું હોય તો એને એક "ધબકારા" મારતો આવિર્ભાવ, વિસ્તાર અને સંકોચ પામતો, આવિર્ભાવ કહી શકીએ.... અને એક સમય એવો આવે છે જ્યારે એટલી બધી વિશાળતા, એટલી બધી પ્રવાહિતા, મુલાયમતા, રૂપાંતરની ક્ષમતા આવે છે કે જ્યારે એને નવું રૂપ ધારણ કરવા માટે પોતામાં ફરીથી લુપ્ત થઈ જવું પડતું

નથી; અને પછી એક પ્રગતિશીલ રૂપાંતર બની આવે છે. હું એક ગુહ્યવિદ્‌ને જાણતી હતી. તેઓ એમ કહેતા કે આ સાતમું સૃષ્ટિ સર્જન છે, આ અગાઉ છ પ્રલયો* થઈ ગયેલા છે, અને આ સાતમી વારની સૃષ્ટિ છે, પરંતુ આ સૃષ્ટિ લુપ્ત થયા વિના પોતાનું રૂપાંતર કરી શકશે, પરંતુ આની કશી અગત્ય નથી, કારણકે જ્યારે આપણામાં શાશ્વત ચેતના હોય છે ત્યાર પછી વસ્તુસ્થિતિ આમ હોય કે તેમ, તેથી કાંઈ ફરક પડતો નથી. કેવળ આ મર્યાદિત માનવ ચેતનામાં આ પ્રકારની મહત્વાકાંક્ષા કે જરૂરિયાતની લાગણી હોય છે કે એક એવી વસ્તુ પ્રાપ્ત કરવી કે જેને આદિ કે અંત ન હોય. આનું કારણ એ છે કે મનુષ્યમાં, ભીતરમાં કોઈ આવા "શાશ્વતભાવનું સ્મરણ" રહેલું હોય છે કે જેને લઈને, આ શાશ્વત ભાવની સ્મૃતિ, આ વિશ્વ પણ એ શાશ્વતીમાં ભાગ લે એવી અભીપ્સા સેવે છે. પરંતુ જો આ પ્રકારની શાશ્વતીની લાગણી જો સક્રિય અને હાજર હોય છે તો આપણને કોઈ દુઃખ થતું નથી. આપણે એક ફાટેલાં કપડાંને ફેંકી દઈએ છીએ, ભલે પછી આપણને એ ખૂબ ગમતું હોય, ત્યારે આપણે જેમ દુઃખ કરતા નથી તેમ અહીં પણ કશું દુઃખ કરવાપણું હોતું નથી! એમાં એની એ જ વસ્તુ છે. જો કોઈ વિશ્વ લુપ્ત થઈ જાય છે તો એનો અર્થ એ કે એણે એનું કાર્ય પરિપૂર્ણ કર્યું છે, એની શક્યતાઓનો અંત આવ્યો છે અને તેથી કરીને તેનું સ્થાન અન્ય વસ્તુએ લેવું જોઈએ.

મેં એ આખીયે રેખાનું અનુસરણ કરેલું છે. જ્યારે આપણે ચેતના અને વિકાસની બાબતમાં બહુ નાના હોઈએ છીએ ત્યારે આપણને એમ થવું અત્યંત આવશ્યક લાગે છે કે આ પૃથ્વીનો લોપ ન થવો જોઈએ, એ સતતપણે બની રહેવી જોઈએ, એ પોતાનું રૂપાંતર કરતી ભલે રહે, પરંતુ પૃથ્વી તો ચાલુ રહેવી જ જોઈએ. થોડા સમય પછી, જ્યારે તમે જરા વધુ પરિપકવ થાઓ છો ત્યારે તેને ઘણી ઓછી અગત્ય આપો છો, અને જ્યારે તમે આ શાશ્વતીના ભાન સાથે સતતપણે સંસર્ગમાં રહેતા થાઓ છે ત્યારે તો પછી એ કેવળ એક પસંદગીનો સવાલ બની જાય છે; એમાં કોઈ જરૂરિયાત નથી રહેતી, કારણકે એ એક એવી વસ્તુ હોય છે જેની અસર સક્રિય ચેતના ઉપર થતી જ નથી. થોડાક દિવસ પહેલાં, ક્યારે, તે મને યાદ નથી, પણ થોડાક સમય પહેલાં જ, એક આખું સવાર હું આ પ્રકારની ચેતનામાં જીવન ધારણ કરી રહી હતી અને ત્યારે મેં આ સ્વરૂપના વિકાસની રેખામાં આ જે, બહુ ઊંડાણમાં રહેલી લાગતી આ પ્રકારની એક જરૂરિયાતની ભાવના છે કે આ પૃથ્વી ઉપરનું જીવન ચાલુ રહેવું જોઈએ, આ

* વિશ્વનું પોતાના મૂળ સ્વરૂપમાં પર્યવસાન થવું.

પૃથ્વીનું જીવન અનંતપણે ચાલુ રહેવું જોઈએ, એ જરૂરિયાતને આપણે વસ્તુલક્ષી રીતે નિહાળી શકીએ છીએ, એટલે કે, એ કંઈ બહુ ઊંડાણની લાગણી નથી; એમાં જાણે આપણે એક નાટક જોતા હોઈએ અને એવી તુલના કરતા હોઈએ કે તે આમ હોવું જોઈએ કે તેમ હોવું જોઈએ, તેના જેવું છે. એ વસ્તુ દૃષ્ટિબિંદુના પરિવર્તનની દૃષ્ટિએ ઘણી રસપ્રદ લાગે છે.

એમાં એક કલાકાર જેવું હોય છે. એ કલાકાર પોતે અમુક આકૃતિ પ્રગટ કરવા માગે છે. તેને માટે તે એક, બે કે ત્રણ કે વધુ, જેટલા જોઈએ તેટલા પ્રયોગો કરે છે અને છેવટે એક એવી સ્વયંપૂર્ણ વસ્તુ સિદ્ધ કરે છે કે જે, નવા આવિર્ભાવો સાથે સાનુકૂળ થઈ શકે તેટલા પ્રમાણમાં, નવા આવિર્ભાવોની જરૂરિયાતોના પ્રમાણમાં, ગ્રહણશીલ હોય છે અને જેને લઈને એને એ બધું પાછું ફરી દોરવા માટે ભેગું કરી દઈને ફરીથી બહાર લાવવાની જરૂર રહેતી નથી. પરંતુ એમાં આથી વિશેષ કાંઈ નથી હોતું. અને એમાં મેં જેમ કહ્યું તેમ, કેવળ પસંદગીનો સવાલ હોય છે. આખરે તો આવિર્ભાવની રચના તો વસ્તુગત રૂપે થવાના આનંદ માટે કરવામાં આવેલી છે, આનંદ અથવા રસ અથવા, જ્યારે પણ જે વસ્તુએ આકાર ધારણ કર્યો છે તે પૂરતા પ્રમાણમાં મુલાયમ હોય, ગ્રહણશીલ હોય, સ્થિતિસ્થાપક હોય અને વિસ્તૃત હોય, અને એને લઈને જે નવી શક્તિઓ આવિર્ભાવ પામી રહી છે, એના વડે ઘાટ પામવાને માટે ક્ષમતા ધરાવતી હોય, તો પછી નવી વસ્તુ બનાવવા માટે એ વસ્તુને ભાંગી નાખવાની જરૂર નથી રહેતી.

એ રેખા સાથે પેલી કહેવત પણ આવેલી, “જેનું આદિ તેનો અંત” આ વસ્તુ મને એક પ્રકારની ખોટી મનોમય રચના જેવી લાગે છે. પરંતુ અંગત રીતે જોતાં, આ પ્રશ્નને જ્યારે આપણે ઊર્ધ્વમાં ઉંચેથી જોઈએ છીએ, ચોક્કસ રીતે કહીએ તો એક વધુ કેન્દ્રસ્થ બિંદુ ઉપરથી જોઈએ છીએ ત્યારે એ ધીરે ધીરે ઓછો ને ઓછો ઉગ્ર લાગે છે.

એમ લાગે છે કે એ વસ્તુ એવી જ છે.... “તત્ત્વ” નહિ, કારણ કે એ કોઈ તત્ત્વ નથી. એક વ્યક્તિ તેમજ જગત અને વિશ્વોને લાગુ પડતો એક સરખો નિયમ છે.

## (લાંબું મૌન)

આપણે જેવા એ વસ્તુને વ્યકત કરવા જઈએ છીએ (શ્રી માતાજી, ઉલટાવવાની એક ગતિ કરે છે,) ત્યારે સર્વ વસ્તુ વિકૃત થઈ જાય છે.... હું આ ચેતનાના, સર્વમય સાથેના સંબંધની અનુભૂતિનું અવલોકન કરતી હતી; માનવ

સ્વરૂપના, સર્વમય સાથેના સંબંધનું પૃથ્વીના, પૃથ્વીની ચેતનાના, સર્વમય સાથેના સંબંધનું : આવિર્ભૂત વિશ્વની ચેતનાના સર્વમય ચેતના સાથેના સંબંધનું વિશ્વ ઉપર, વિશ્વો ઉપર રહેલી પ્રમુખ ચેતનાના આ સર્વમય સાથેના સંબંધનું; અને આ અનિર્વચનીય ઘટના કે ચેતનાનું દરેક બિંદુ, જે બિંદુ કોઈ સ્થળને રોકતું નથી, દરેક બિંદુ સર્વ અનુભૂતિઓ પ્રાપ્ત કરવાની શક્તિ ધરાવે છે........ એ વસ્તુ વ્યક્ત કરવી અત્યંત મુશ્કેલ છે.

આપણે એમ કહી શકીએ કે મર્યાદાઓને કારણે જ ભેદભાવ ઉપજી આવે છે, સમયનો ભેદ, સ્થળનો ભેદ, કદનો ભેદ. શક્તિનો ભેદ. એમાં કેવળ મર્યાદા જ હોય છે. અને આવિર્ભાવના ગમે તે બિંદુઓની ચેતના બહાર નીકળી જાય છે, ચેતનાના ગમે તે દિશામાનથી બહાર જાય છે, હા, આવિર્ભાવના દિશામાનની કોઈ અગત્ય નથી. આવિર્ભાવના ગમે તે બિંદુથી એ બહાર જાય છે. જો એ મર્યાદાઓની બહાર જાય છે તો ત્યાં ચેતના જ રહે છે.

આ દૃષ્ટિબિંદુથી આપણે કહી શકીએ કે મર્યાદાઓનો સ્વીકાર કરવાથી જ આવિર્ભાવ શક્ય બન્યો છે. મર્યાદાની લાગણીનો સ્વીકાર કરવાની સાથે જ આવિર્ભાવની શક્યતા આવી... આ વસ્તુને વ્યક્ત કરવી અશક્ય છે. હંમેશાં, આપણે જ્યારે બોલવાની શરૂઆત કરીએ છીએ ત્યારે આપણને એવી વસ્તુનો આભાસ થાય છે જે આમ કરે છે (ઉલટાવવાની ક્રિયાનો અભિનય,) એક પ્રકારની ઠોકર વાગે છે, અને પછી બધું પૂરું થઈ જાય છે, મૂળ સત્ત્વ ચાલી ગયું હોય છે. પછી તત્ત્વજ્ઞાનની ભાષા આગળ આવે છે અને કહે છે કે "આપણે એને આ રીતે કહી શકીએ, આ રીતે વ્યક્ત કરી શકીએ ...." શબ્દોમાં કહેતાંઃ દરેક બિંદુમાં અનંતતા અને શાશ્વતતા સમાયેલી છે. આ શબ્દો છે, કેવળ શબ્દો. પરંતુ આ પ્રકારનો અનુભવ થવાની શક્યતા રહેલી છે. એમાં જાણે આપણે અવકાશમાંથી પાછા હઠી જઈએ છીએ...આપણને એમ કહેવામાં મજા પડે કે એક પથ્થર, અરે..ઓહ, પાણી તો ખરું જ, અગ્નિ પણ ચેતનાની શક્તિ ધરાવે છે, આદિ ચેતનાની. જે બધા શબ્દો આવે છે તે મૂર્ખતાપૂર્ણ છે, તાત્ત્વિક, મૂળભૂત, એ બધાનો કશો અર્થ નથી, શાશ્વત અનંત ચેતના આ બધું અર્થહીન છે, એને લઈને મને એક એવી લાગણી થાય છે કે કોઈ કાચથી પારદર્શકતા દૂર કરવા માટે આપણે એના ઉપર ધૂળ નાખતા હોઈએ!... છેવટે, અંતમાં, આ અનુભૂતિને ફરીથી જીવવી જોઈએ, છેલ્લા થોડા દિવસથી એ ફરી ફરીને આવતી હતી, સર્વ વસ્તુઓ, કામકાજ, પ્રવૃત્તિઓ, બધું હોવા છતાં તે સર્વોપરી રૂપે વિરાજતી હતી, કોઈ પણ સૂત્રાત્મકતાનું બંધન, અરે, જે સૂત્રોએ મનુષ્યોને

યુગોથી ગતિમાન કર્યા છે તેમનું બંધન પણ મને બાળક બુદ્ધિભર્યું લાગે છે. અને હવે એમાં કેવળ પસંદગીનો પ્રશ્ન રહે છે : આમ હોવું જોઈએ કે તેમ હોવું જોઈએ કે અન્ય રીતે હોવું જોઈએ, તમે આમ કે તેમ, ગમે તેમ કહી શકો છો, મારાં બાળકો મજા કરો, જો તમને એની મજા આવતી હોય તો.

પરંતુ એક વસ્તુ નક્કી છે કે, આ એક સામાન્ય ઉપયોગ માટેની વાત છે, માનવ મનમાં કર્મ કરવાની વૃત્તિ હોવાને લઈને એને એક વસવાટ માટેના સ્થાનની જરૂર લાગે છે, ઓછાવત્તા પ્રમાણમાં, મોટું, પૂર્ણ સ્થિતિસ્થાપક, પરંતુ એને એક રહેઠાણ જોઈએ છે. કેવળ (હસે છે) એ વસ્તુ છે નહિ! એને લઈને બધી વસ્તુઓ વિકૃત થઈ જાય છે!

અને વિચિત્ર વસ્તુ છે, જે વસ્તુ વિચિત્ર છે તે એ છે કે બાહ્ય રીતે જોતાં આપણે, જીવનના અમુક માર્ગ પ્રમાણે આપોઆપ જીવ્યે જઈએ છીએ, એમાં આપણને કશી જરૂરિયાતનું તત્ત્વ પણ જણાતું નથી, એમાં કોઈ આદતનું જોર પણ હોતું નથી, પરંતુ આપણે અમુક રસ્તો લઈને લગભગ આપોઆપ જીવ્યે જઈએ છીએ, આપણને એવું એક સંવેદન હોય છે, એક પ્રકારની લાગણી અથવા સંવેદન, પણ એ વસ્તુ કોઈ પ્રકારની લાગણી કે સંવેદન હોતી નથી. એ એક સૂક્ષ્મ રીતનો ખ્યાલ હોય છે કે કોઈ એક એટલી મહાન વસ્તુ કે જેની વ્યાખ્યા થઈ શકતી નથી. તેની ઇચ્છાને કારણે આપણે જીવીએ છીએ. હું "ઇચ્છા" ને કારણે કહું છું અથવા એની "પસંદગીને કારણે" કહું છું, પણ ખરી રીતે એ એનો "સંકલ્પ" હોય છે; એ એક એવો પરમ સંકલ્પ હોય છે કે જે માનવ સંકલ્પની માફક કાર્ય કરતો નથી, પણ માનવસંકલ્પનો પણ સંકલ્પ કરે છે. જે એનો સંકલ્પ કરે છે અથવા દર્શન કરે છે અથવા નક્કી કરે છે. અને ત્યાંની દરેક વસ્તુ પ્રભાવંત, સુવર્ણરંગી, અવિરોધ્ય આંદોલનરૂપ હોય છે... અને એ અનિવાર્યપણે સર્વ શક્તિમાન હોય છે. અને એ વસ્તુને લઈને તે નિશ્ચિતતાની પૂર્ણરૂપે સુચારુ પશ્ચાદ્ભૂમિકા પૂરી પાડે છે. આપણે ત્યાંથી ચેતનામાં જરાક નીચે જઈએ તો એની અભિવ્યક્તિ એક વરદાયી આનંદના સ્મિત રૂપે થતી જણાય છે.

***બાળક : આગળ, શ્રી અરવિંદ એવાં જગતોની વાત કરે છે કે જેમનો કોઈ આદિ કે અંત નથી, તેઓ એમ કહે છે કે એમનું સર્જન અને વિનાશ એ તો "બાહ્ય ચેતના સાથેની સંતાકૂકડી છે...."**** 

* સૂત્ર ૧૧૭ "હું આ પહેલાં ન હતો અથવા તું આ પહેલાં ન હતો અથવા આ રાજાઓ આ પહેલાં ન હતા અને હવે પછી આપણે હોઈશું નહિ એ વાત ખોટી છે." માત્ર બ્રહ્મ જ

**શ્રી માતાજી :** મેં જે વસ્તુ હમણાં કહી તે જ વસ્તુ કહેવાની એ એક કલાત્મક પદ્ધતિ છે.

***બાળક :મારે જે પૂછવાનું હતું તે એ કે પેલી "અન્ય બાજુએથી" આ ભૌતિક જગત સ્પષ્ટપણે દેખાવાનું ચાલુ રહે છે કે એ બધું વરાળ થઈને ઊડી જાય છે?***

**શ્રી માતાજી :** છેલ્લા કેટલાક દિવસથી થઈ રહેલો આ એક બીજો અનુભવ છે. એ મારી પાસે તદ્દન નિશ્ચયાત્મક સ્વરૂપે આવેલો, જો કે એને વ્યક્ત કરવાનું કામ મુશ્કેલીભર્યું છે. એમાં એવું હતું કે આ પાર્થિવ જગતની ઉત્પત્તિની બાબતમાં જે "ભૂલ" કહેવામાં આવે છે તે તદ્દન અનિવાર્ય જણાઈ હતી; એટલે કે, વસ્તુઓને ભૌતિક રીતે જાણવાની પદ્ધતિ અથવા માર્ગ, વસ્તુઓ વિષે સભાન થવાની ભૌતિક રીત અને એ સર્વની પ્રાપ્તિ. આ સૃષ્ટિ સર્જનમાં થયેલી "ભૂલ" ને કારણે બની આવી છે અને તેમ ન બન્યું હોત તો આ રીતની ક્ષમતા તેમાં ન હોત. અને એ કોઈ એવી વસ્તુ નથી કે જ્યારે આપણને સત્ય ચેતના પ્રાપ્ત થશે ત્યારે શૂન્યમાં વિલીન થઈ જશે. એ એક એવી વસ્તુ છે કે જેને એક વિશિષ્ટ પ્રકારે ઉમેરવામાં આવી છે, અને એ વસ્તુને એ ક્ષણે (અનુભૂતિમાં) તત્ત્વરૂપ ચેતનામાં જોવામાં આવેલી અને જીવવામાં આવેલી.

એને લઈને, (એ અનુભૂતિને લઈને) આ સૃષ્ટિ સર્જનનું વ્યાજબીપણું જણાઈ આવેલું, કારણકે એ વસ્તુને લઈને જ અમુક પ્રકારનું સંવેદન શક્ય બન્યું છે, આપણે એને વસ્તુલક્ષીત્વમાં "ચોક્કસપણું," નિશ્ચયિતાકારપણું" એવા શબ્દો વડે વર્ણવી શકીએ, અને એ વસ્તુ એના વિના અસ્તિત્વમાં આવી શકી ન હોત, કારણકે જ્યારે આ ચેતના, પૂર્ણ ચેતના, સત્ય ચેતના, તત્ત્વરૂપ ચેતના, પોતે હાજર અને અનન્યરૂપે વિધમાન હતી, ત્યારે એક અમુક રીતના આંદોલન જેવું પેદા થયેલું. એમ કહી શકાય કે, વસ્તુગત ચોકસાઈ અને નિશ્ચિત આકારપણાનું એ આંદોલન હતું, અને એ વસ્તુ આ ભૌતિક આકારવાળા વિશ્વ વિના અસ્તિત્વમાં ન રહી શકત...તમે સમજ્યાને, ત્યાં હંમેશાં આ મહાન "શા માટે ?" "આ વસ્તુ આમ શા માટે છે"? એવું સંવેદન વિદ્યમાન હતું. આ બધું શા માટે છે કે જેને લઈને, અહીં એવી બધી વસ્તુઓ ઊભી થઈ છે કે જેને માનવની ચેતના, દુઃખ,

નહિ, પણ બ્રહ્મમાં રહેલાં પ્રાણીઓ અને વસ્તુઓ પણ સનાતન છે, તેમનું સર્જન અને વિનાશ, એ આપણી બાહ્ય ચેતના સાથેની સંતાકૂકડી છે.

યાતના, નાસીપાસી, વગેરે, અને સામાન્ય ચેતનાની સર્વ ભયંકરતાઓ તરીકે લેખે છે, કેમ? શા માટે એમ? અને એટલે એનો ઉત્તર આ પ્રમાણે હતો : જે સત્ય ચેતના છે તેની અંદર વસ્તુલક્ષીત્વમાં ચોકસાઈ, નિશ્ચિતતા અને સ્પષ્ટતાને લગતું એક સ્પંદન રહેલું છે. એ વસ્તુ એના વિના અસ્તિત્વમાં ન હોત, એને પોતાનો આવિર્ભાવ કરવાની તક પ્રાપ્ત ન થાત. એ વસ્તુ નક્કી છે. આ ઉત્તર છે, "શા માટે" ને માટે એક સર્વ શક્તિશાળી ઉત્તર.

એ તો ખુલ્લું છે, સ્પષ્ટ છે, કે આપણે જેને પ્રગતિ તરીકે અનુભવીએ છીએ, પ્રગતિગામી આવિર્ભાવ તરીકે અનુભવીએ છીએ તે વસ્તુ, માત્ર આપણે ભૌતિક આવિર્ભાવને જે પ્રકારનો જાણીએ છીએ તેનો જ નિયમ નથી, એ તો શાશ્વત આવિર્ભાવનું ખાસ તત્ત્વ છે. આપણે જો પાર્થિવ વિચારોની ભૂમિકા ઉપર ઉતરી આવીએ તો આપણે કહી શકીએ કે પ્રગતિ વિના આવિર્ભાવ શક્ય જ નથી. પરંતુ આપણે જેને પ્રગતિ કહીએ છીએ, આપણી ચેતનાને માટે જે "પ્રગતિ" છે તે ત્યાં ઊર્ધ્વમાં...ગમે તે વસ્તુ હોઈ શકે, અનિવાર્યતા તમને ગમે તે, ત્યાં એક પ્રકારનું અવ્યવહાર્ય તત્ત્વ છે જેને આપણે સમજતા નથી, સ્વરૂપનો અવ્યયીભાવ : એ વસ્તુ એમ છે, કારણકે એ, એમ છે, બસ. પરંતુ આપણી ચેતનાને માટે એ વધુને વધુ સારું અને વધુ સારું છે, અને આ બધા શબ્દો મૂર્ખતાપૂર્ણ છે, એ વસ્તુ વધુને વધુ પૂર્ણ, વધુ સારી અને વધુ સારી રીતે જણાતી દેખાય છે. આવિર્ભાવનું અસલનું તત્ત્વ આ છે.

એક અનુભૂતિ બહુ ઝડપથી આવીને જતી રહેલી, પરંતુ એટલા પ્રમાણમાં સ્પષ્ટ કે હું એને વિષે અત્યંત આડેધડે એમ કહી શકું કે, હું એને અનાવિર્ભૂતની "સુગંધ" કહેવા જતી હતી, જે અનાવિર્ભૂત છે તેને આવિર્ભૂતને લઈને અમુક વિશિષ્ટ પ્રકારની "સુગંધ" પ્રાપ્ત થયેલી છે.

આ બધું કેવળ શબ્દો જ છે, પણ આપણી પાસે જે છે તે એટલું જ છે. કદાચ એક દિવસ એવો આવશે કે જ્યારે આપણી પાસે એવી ભાષા અને શબ્દોનું જ્ઞાન હશે જેને લઈને આપણે આ વસ્તુઓને યોગ્ય રીતે વર્ણવી શકીશું, પરંતુ તેમ છતાં એ એક તરજૂમો જ હશે.

અહીં એક એવો સ્તર છે (વક્ષસ્થળ પ્રત્યે નિર્દેશ) જ્યાં કોઈક વસ્તુ છે જે શબ્દો સાથે, સૂક્ષ્મ આકૃતિઓ સાથે, વાક્યો સાથે રમત રમે છે, આમ (ઊભરાવાનો, આંદોલનબદ્ધતાનો અભિનય), અને એ વસ્તુ સુંદર ચિત્રો બનાવે છે; એનામાં તમને પેલી અસલ વસ્તુ સાથે સંબંધમાં લાવવાની શક્તિ છે, કંઈ નહિ તો, અહીં જેટલી (મસ્તકના અગ્રભાગ પ્રત્યે નિર્દેશ) કે તેથી વધુ પ્રમાણમાં,

મીમાંસકની ભાષા કરતાં પણ વધુ પ્રમાણમાં શક્તિ રહેલી છે, "મીમાંસકની ભાષા" એ એક કહેવાની રીત છે. સૂક્ષ્મ આકૃતિઓ, એટલે કે, કાવ્ય. એમાં એ અનિર્વચનીય આંદોલનને સ્પર્શ કરવા માટેનો લગભગ વધુ સીધો રસ્તો હોય છે. હું શ્રી અરવિંદના કથનની કાવ્યના રૂપમાં અભિવ્યક્તિ જોઉં છું ત્યારે એમાં જે ચારુતા અને સરળતા હોય છે, એક સરળતા અને મધુરત્વ અને એક સોંસરી ઉતરી જાય તેવી આહ્‌લાદકતા હોય છે, જેને લઈને તમે મસ્તકની વસ્તુઓ કરતાં ઘણા વધુ પ્રમાણમાં તદ્‌ભાવપૂર્ણ અને સીધેસીધો સંપર્ક સાધી શકો છો.

***બાળક :** વ્યક્તિ જ્યારે આ શાશ્વત ચેતનામાં હોય ત્યારે એને દેહ હોય કે ન હોય તેથી કશો ફેર પડતો નથી; પરંતુ જ્યારે એ વ્યક્તિ જેને "મૃત" કહેવાય તેવી હોય છે ત્યારે, શું આ ભૌતિક જગતનું દર્શન સ્પષ્ટ અને ચોક્કસ રહે છે કે પછી એ, વ્યક્તિ જ્યારે આ બાજુએ, આ જગતમાં હોય છે ત્યારે તેને અન્ય જગતોની ચેતનાઓ જેવી અસ્પષ્ટ અને અનિશ્ચિત જેવી જણાય છે તેવું બને છે? શ્રી અરવિંદ સંતાકૂકડીની રમતની વાત કરે છે. પરંતુ સંતાકૂકડીની રમત તો ત્યારે જ રસદાયી બને જ્યારે ચેતનાની એક અવસ્થા, સ્વરૂપની અન્ય અવસ્થાઓની ચેતનાને બાદ ન કરતી હોય.*

**શ્રી માતાજી :** ગઈ કાલે કે પરમ દિવસે, આખો દિવસ, સવારથી રાત્રી સુધી, કોઈક વસ્તુ કહેતી હતી કે, "હું છું, હું છું, અથવા મારામાં પૃથ્વી ઉપરના મૃતકોની ચેતના છે." હું એનું શબ્દોમાં રૂપાંતર કરું છું, પરંતુ એમાં એવું ન હતું કે એ વસ્તુ મને કહેવામાં આવતી હોય કે, "પૃથ્વી અને ભૌતિક વસ્તુઓની અપેક્ષાએ, મૃત વ્યક્તિની ચેતના આ પ્રકારની હોય છે... પૃથ્વી ઉપર જીવતી હું એક મૃત વ્યક્તિ છું." ચેતનાની અવસ્થા પ્રમાણે, કારણ કે ચેતનાની અવસ્થા હંમેશાં બદલાતી રહે છે, ચેતનાની અવસ્થા પ્રમાણે એમાં આવું હતું, "પૃથ્વીની અપેક્ષાએ મૃત વ્યક્તિઓ આવી હોય છે " પછી "પછી, પૃથ્વીની ચેતનામાં એક મૃત વ્યક્તિ જેવી રીતે જીવે છે તેવી રીતે હું જીવું છું;" પછી, "હું બરાબર પૃથ્વી ઉપર જીવતા એક મૃત મનુષ્ય જેવો છું..." અને એમ ને એમ આગળ. હું મારું વર્તન, વાણી અને વ્યવહાર રાબેતા મુજબ રાખી રહી, પરંતુ લાંબા સમયથી આવું ચાલે છે. ઘણા લાંબા સમયથી, બે વર્ષ કરતાં વધુ સમયથી, જગતને હું આ રીતે નિહાળી રહી છું (નીચેથી ઉપરની દિશામાં એક ભૂમિકાનો બીજી ભૂમિકા ઉપરનો નિર્દેશ) અને હવે હું આ રીતે નિહાળું છું (નીચેની બાજુનો

નિર્દેશ) આ વસ્તુ મારે કયી રીતે સમજાવવી તે મને ખબર નથી કારણ કે એમાં કઈ રીતનું મનોમયત્વ નથી અને જે સંવેદનો મનોમય નથી હોતાં તેમાં એક પ્રકારનું ધૂંધળાપણું હોય છે, જેની વ્યાખ્યા કરવી મુશ્કેલ હોય છે. પરંતુ શબ્દો અને વિચારો અમુક અંતરે દૂર હતા (મસ્તકની આસપાસનો નિર્દેશ), જાણે કોઈ વસ્તુ નજર રાખતી અને મૂલ્યાંકન કરતી હોય, એટલે કે જે પોતે જોતી હોય તે કહેતી હોય એવી કોઈ વસ્તુ કે જે ચારે તરફ હોય છે, તેમ હતું. અને આજે, બે ત્રણવાર, એ વસ્તુ અત્યંત તીવ્ર રીતે અનુભવાતી હતી. મારો કહેવાનો આશય એ છે કે આ અવસ્થાએ, આખી ચેતનાને છાઈ દીધી હતી એક પ્રકારની છાપ અથવા સંવેદન અથવા લાગણી, પરંતુ એ આમાંનું કાંઈ ન હતું. હું પૃથ્વી ઉપર જીવતો એક મૃત મનુષ્ય છું.

એનો ખુલાસો કઈ રીતે કરવો?

અને માટે જે, ઉદાહરણ તરીકે, દૃષ્ટિની બાબતમાં કોઈ વસ્તુગત સ્પષ્ટતા નથી (શ્રી માતાજી આંખો વડે ન જોતાં હોવાનો અભિનય કરે છે,) હું ચેતના વડે અને ચેતનાની આરપાર જોઉં છું. હું એક અત્યંત જુદી રીતે સાંભળું છું; એમાં એક પ્રકારનો "ભેદભાવ" હોય છે, એ "વિવેકશક્તિ" નથી, એ સંવેદનમાં કશું એવું હોય છે જે પસંદગી કરે છે, કોઈ એવી વસ્તુ હોય છે જે નિર્ણય કરે છે, પરંતુ આપોઆપ નહિ, જે સંભળાય છે અને જે નથી સંભળાતું, જે દેખાય છે અને નથી દેખાતું. દૃષ્ટિની બાબતમાં તો એ વસ્તુ પહેલેથી છે પરંતુ શ્રવણની બાબતમાં એ વસ્તુ વધુ તીવ્ર છે : કેટલીક વસ્તુઓની બાબતમાં મને કેવળ એક સતતપણે આવતો ગુંજારવ સંભળાય છે અને બીજી બાબતમાં વસ્તુઓ સ્ફટિક જેવી સ્પષ્ટ હોય છે; બીજી કેટલીક વસ્તુઓ અસ્પષ્ટ હોય છે, ભાગ્યે જ સાંભળી શકાય તેવી હોય છે. દૃષ્ટિની બાબતમાં પણ એવું જ છે : સર્વ વસ્તુઓ જાણે કે એક પ્રકારના ઝળહળતા ધુમ્મસની પાછળ હોય છે, અત્યંત ઝળહળતું છતાં પણ એ ધુમ્મસ જ હોય છે, એટલે કે, એમાં કોઈ ચોકસાઈ હોતી નથી, અને પછી, અચાનક, કોઈક વસ્તુ તદ્દન ચોક્કસ અને સ્પષ્ટ બને છે, વિગતો સાથેનું એક અસાધારણ રીતે ચોક્કસ પ્રકારનું દર્શન થાય છે. સામાન્ય રીતે, આ દર્શન, વસ્તુઓમાં રહેલી ચેતનાનું હોય છે. એટલે કે સર્વ વસ્તુઓ વધુ ને વધુ પ્રમાણમાં આત્મલક્ષી વધારે અને પરલક્ષી ઓછી ને ઓછી જણાય છે... અને એમાં એવું નથી કે કોઈ સૂક્ષ્મ દૃશ્યો દૃષ્ટિ-શક્તિ ઉપર પોતાનો પ્રભાવ નાખે છે કે કોઈ અવાજો, શ્રવણશક્તિ ઉપર દબાણ લાવે છે; એમાં તો કેવળ ચેતનાની એક પ્રકારની હિલચાલ હોય છે જેને લઈને કેટલીક વસ્તુઓ લક્ષમાં આવે છે જ્યારે

બીજી કેટલીક એક પ્રકારની અસ્પષ્ટ પૃષ્ઠભૂમિકામાં ચાલી જાય છે.

***બાળક : પોતાને જે વસ્તુ જોવી હોય છે તેની ચેતના વડે પસંદગી કરવામાં આવે છે.***

**શ્રી માતાજી :** એમાં કોઈ વસ્તુ વ્યક્તિગત નથી હોતી, કોઈ વસ્તુ અંગત નથી હોતી. જો કે પસંદગી અને નિર્ણયની એક લાગણી હોય છે, પરંતુ એમાં કોઈ વ્યક્તિગત પસંદગી અને નિર્ણય હોતો નથી. તદુપરાંત, આ "વ્યક્તિગત" વસ્તુ એ આ વસ્તુને (શ્રી માતાજી પોતાના હાથને સ્પર્શ કરે છે) વચમાં લાવવાની જરૂર કરતાં કાંઈક વધુ હોય છે. ઉદાહરણ તરીકે, ખાવાની ક્રિયા વધુને વધુ વિચિત્ર લાગે છે... એમાં એવું બને છે કે જાણે કોઈ વ્યક્તિ કોઈ દેહને નિહાળી રહી હોય છે અને એ દેહ પણ કોઈ અત્યંત ચોક્કસ અને નિશ્ચિત વસ્તુ હોય એવું લાગતું નથી, જાણે કે એ એક શંભુમેળો ભેગો થયો હોય એવું લાગે છે, અને એ વસ્તુ કોઈ વસ્તુ બનતી હોય છે તેને નિહાળી રહી હોય છે...! ના, એ સાચે જ એક વિચિત્ર અવસ્થા છે. આજે એ વસ્તુ ઘણી સઘન હતી, એણે આખી ચેતનાને છાઈ દીધી હતી. અને એવી ક્ષણો પણ આવે છે કે જ્યારે આપણને એમ લાગે કે જરા સરખી વસ્તુથી પણ એ સંબંધ કપાઈ જશે (છૂટા પાડવાનો અભિનય, જાણે કે શરીર સાથેની કડી કપાઈ ગઈ હોય) અને ત્યારે હું અત્યંત અવિચલ અને નિસ્પૃહ રહું છું, અને તેથી જ એ ચાલ્યે જાય છે.

આ પ્રકારના અનુભવો પહેલાં હંમેશાં, પરમ તત્ત્વની ઉપસ્થિતિની એક પ્રકારની અત્યંત તાદાત્મ્યપૂર્ણ અને અત્યંત આંતરિક નિકટતા અનુભવાય છે, અને એમાં એ સૂચન હોય છે કે : "તું ગમે તે વસ્તુ માટે તૈયાર છે?" સ્વાભાવિક રીતે જ હું ઉત્તર આપું છું, "ગમે તે વસ્તુ." અને એ ઉપસ્થિતિ એટલી બધી અદ્ભુત રીતે સઘન બની રહે છે કે આખાયે સ્વરૂપમાં એક એવા પ્રકારની તૃષા જાગે છે કે એણે, સતતપણે એવી રીતના જ બની રહેવું જોઈએ. કેવળ તત્ નું અસ્તિત્વ છે, કેવળ તત્ ને અસ્તિત્વમાં રહેવાનું કારણ છે. અને એ સર્વના વચ્ચે આ સૂચન આવે છે; તું ગમે તે વસ્તુ માટે તૈયાર છે?

હું શરીરની વાત કરું છું, અંતરનાં સ્વરૂપોની નહિ, કેવળ શરીરની.

**અને શરીર હંમેશાં હા કહે છે. એ આ કહે છે (સમર્પણનો અભિનય): કોઈ પસંદગી નહિ, કોઈ વસ્તુ ગમતી હોવાની લાગણી નહિ, કોઈ અભીપ્સા પણ નહિ, એક સર્વગ્રાહી, નિઃશેષ સમર્પણ. અને પછી આના જેવી વસ્તુઓ મારી પાસે આવે છે; ગઈ કાલે આખો દિવસ એ આમ ચાલતું હતું : "એક મૃત**

વ્યક્તિ આ પૃથ્વી ઉપર જીવે છે" એની સાથે એ વસ્તુનો ખ્યાલ આવે છે, એ બહુ નિશ્ચિત તો નહિ પરંતુ તદ્દન સ્પષ્ટ ખ્યાલ હોય છે, કે આ પ્રકારના જીવન અને બીજા લોકોના જીવન વચ્ચે કેવો ફેર છે, સૌ લોકોના. એ વસ્તુ હજી તદ્દન સ્પષ્ટ રીતે જુદી તરી આવે તેવી અથવા નિશ્ચિત સ્વરૂપની કે અત્યંત ચોક્કસ નથી હોતી, પણ એ ઘણી સ્પષ્ટ હોય છે. એ અત્યંત સ્પષ્ટ, ખૂબ સમજી શકાય તેવી હોય છે. એ જીવવાની એક જુદી રીત છે.

***બાળક : કોઈને કદાચ એમ માનવાની વૃત્તિ થાય કે ચેતનાની દૃષ્ટિએ જોતાં એ કોઈ લાભ નથી, કારણકે વસ્તુઓ પાછી ઓગળી જાય છે. મને ખબર નથી, એમાં કોઈ લાભ છે?***

**શ્રી માતાજી :** એ કેવળ વચગાળાની અવસ્થા હોઈ શકે. એ એક વચગાળાની અવસ્થા છે.

ચેતનાની દૃષ્ટિએ જોતાં, એમાં એક ભારે ફાયદો રહેલો છે! કારણકે દરેક બંધન, બાહ્ય વસ્તુઓ સાથેની સર્વ આસક્તિઓ, બધું જ ખલાસ થઈ ગયું છે, પૂર્ણ પણે ખરી પડ્યું છે, પૂરેપૂરું ખરી પડ્યું છે : એક સંપૂર્ણ સ્વાતંત્ર્ય. એનો અર્થ એ કે, કેવળ તત્-પરમ સ્વામી, એ જ માલિક છે. આ દૃષ્ટિએ જોતાં એમાં ફાયદો જ છે. એ એક એવો ક્રાંતિકારી સાક્ષાત્કાર છે...આ એક સંપૂર્ણ સ્વતંત્રતા લાગે છે, કોઈ એવી વસ્તુ કે જે, પૃથ્વી ઊપરનું સામાન્ય જીવન ગાળતાં સિદ્ધ કરવી અશક્ય ગણાય.

જ્યારે વ્યક્તિ, દેહ ઉપર લેશમાત્ર આધાર રાખતી નથી હોતી ત્યારે તેને સ્વરૂપના ઉચ્ચતર ભાગોમાં જે પૂર્ણ સ્વાતંત્ર્યનો અનુભવ થાય છે તેને મળતી આવે છે. પરંતુ જે વસ્તુ નોંધપાત્ર છે, આ વસ્તુ ઉપર હું ખાસ આગ્રહ રાખું છું, તે એ કે આ અનુભૂતિઓ શરીરની હોય છે અને એ શરીર હજી પણ અહીં દૃશ્યમાન છે!

એ તો સ્પષ્ટ છે કે, માનવ સ્વરૂપોને જે વસ્તુને લઈને "જીવનમાં વિશ્વાસ" ઉપજે છે તેવું કાંઈ રહ્યું નથી. દેખીતી રીતે, હવે બાહ્ય જગતનો કોઈ આધાર રહ્યો નથી, પરમાત્માના સંકલ્પ સિવાય.... બીજું કાંઈ રહ્યું નથી. આ વસ્તુને સાદા શબ્દોમાં કહેવી હોય તો એમ કહી શકાય કે આ શરીરને એવી લાગણી રહેલી છે કે પરમ પ્રભુ એ જીવે તેમ ઇચ્છે છે માટે તે જીવે છે, નહિ તો તે જીવી શકત નહિ.

***બાળક : હા, પરંતુ મને એમ લાગે છે કે પૂર્ણતાની અવસ્થાએ સર્વ વસ્તુઓને આવરી લેવી જોઈએ, એટલે કે, ભૌતિક અવસ્થાનો વિલય કર્યા સિવાય પરમાવસ્થામાં સ્થિતિ ધારણ થઈ શકવી જોઈએ.***

**શ્રી માતાજી :** પરંતુ એ વસ્તુ એનો વિલય નથી કરતી!

***બાળક : પરંતુ હજી આપ એમ કહો છો કે એ વસ્તુ હજી "બહુ દૂર" છે, એ વસ્તુ "આવરણની પાછળ" છે, એણે એની ચોકસાઈ અને નિશ્ચિતતા ગુમાવી દીધી છે.***

**શ્રી માતાજી :** એ કેવળ એક માનવીય મનની ઉપરછલ્લી રીતે જોવાની રીત છે. મને એવું લેશમાત્ર લાગતું નથી કે મેં કંઈ ગુમાવ્યું હોય, હકીકતમાં તો એથી ઊલટું લાગે છે! મને એમ લાગે છે કે અગાઉ કરતાં એ ઘણી વધુ ઉચ્ચ અવસ્થા છે.

***બાળક : ભૌતિક દૃષ્ટિએ જોતાં પણ?***

**શ્રી માતાજી :** પ્રભુની જે ઇચ્છા થાય છે તે બને છે, એટલું જ; વસ્તુનો આદિ અને અંત ત્યાં આવે છે.

જો તેઓ મને કહે...તેઓ શરીર જે, કાંઈ કરે તેવી ઇચ્છા રાખશે તે પ્રમાણે શરીર કરી શકશે, એ હવે ભૌતિક નિયમો ઉપર આધાર રાખતું નથી.

***બાળક : એમને જે જોવું હોય છે તે જુએ છે, એમને જે સાંભળવું હોય છે તે સાંભળે છે.***

**શ્રી માતાજી :** એમાં કોઈ શંકા નથી.

***બાળક : અને જ્યારે એમને ભૌતિક રીતે જોવું અને સાંભળવું હોય છે ત્યારે તેઓ સારી રીતે જોઈ અને સાંભળી શકે છે.***

**શ્રી માતાજી :** ઓહ! સંપૂર્ણ પણે. એવી ક્ષણો પણ આવે છે જ્યારે દૃષ્ટિ આ અગાઉ કદી ન હતી એવી સ્પષ્ટ થઈ જાય છે. એ વસ્તુ ચલાયમાન છે, આવે છે ને જાય છે. કારણ કે કદાચ એમાં જે વસ્તુ બનનાર છે તેની ખાતરી રહેલી હોય છે. પરંતુ, દાખલા તરીકે, લોકોમાં રહેલ આંતર સત્યને જોવાની દૃષ્ટિ, એ લોકો પોતે શું છે, એમ વિચારે છે અથવા જેવા હોવાનો દંભ કરે છે અથવા જેવા દેખાય છે, એવું નહિ : એ બધું અદૃશ્ય થઈ જાય છે, પરંતુ તેમનામાં રહેલ આંતરિક સત્યનું દર્શન પહેલાં કરતાં અનંતગણું વધુ ચોક્કસ રીતનું થાય છે. દા. ત. હું કોઈનો ફોટો જોઉં છું; તો એમાં હવે કોઈ વસ્તુની "આરપાર" જોવાપણું હોતું નથી : મને એ વ્યક્તિ શું છે, તે સિવાય બીજું કાંઈ દેખાતું નથી. પેલી "આરપાર" વાળી વસ્તુ તો એટલે બધે અંશે ઓછી થઈ જાય છે કે કેટલીકવાર એનું અસ્તિત્વ જ નથી રહેતું.

એ તો સ્વાભાવિક છે કે કોઈ મનુષ્યનો સંકલ્પ આ દેહ ઉપર કાર્ય કરવા માગતો હોય, જો કોઈ મનુષ્ય એમ કહેતો હોય કે, "માતાજીએ આ કરવું જોઈએ અથવા માતાજીએ તેમ કરવું જોઈએ અથવા એમનાથી આ થવું જોઈએ કે તે થવું જોઈએ ..." તો એને તદ્દન નિરાશ થવું પડશે; એ કહેશે કે "તેઓ તો કશા કામનાં નથી રહ્યા, કારણ કે આ શરીર હવે તેમના સંકલ્પ પ્રમાણે નહિ વર્તે...અને માનવ સ્વરૂપો, સતતપણે પોતાના સંકલ્પો એક બીજા ઉપર લાદતાં હોય છે, અથવા તો માનવ સ્વરૂપ પોતે જ સૂચનોનો સ્વીકાર કરીને પોતાનો સંકલ્પ હોય તે રીતે વ્યક્ત કરતાં હોય છે. તેમને એ વાત દેખાતી નથી કે એ વસ્તુ કેવળ બાહ્ય અસત્ય છે.

**(મૌન)**

આ દેહમાં એક એવા પ્રકારની નિશ્ચયાત્મકતા આવી છે કે જો હું કેવળ થોડીક સેકન્ડ માટે પણ, "હું" એટલે આ શરીર, જો પરમતત્ત્વ સાથેનો સંપર્ક ગુમાવી દઉં, તો એનું તરત જ મૃત્યુ થાય. કેવળ પરમ પ્રભુ જ એને જીવતું રાખે છે. પરિસ્થિતિ એવી છે. એટલે, સ્વાભાવિક રીતે, માનવ સ્વરૂપોની અજ્ઞાન અને મૂર્ખ ચેતના માટે આ એક દયાજનક અવસ્થા છે, મારે માટે એ સાચી રીતની અવસ્થા છે! કારણકે તેમનામાં જાણે કે, પ્રેરણાવશ, સ્વાભાવિક રીતે, તદ્દન આવશ્યક રૂપે, પૂર્ણતાની નિશાની એ જીવન શક્તિ, સામાન્ય જીવનની શક્તિ છે. ઠીક, તો એનું હવે લેશ માત્ર અસ્તિત્વ નથી, એ સંપૂર્ણપણે જતી રહેલી છે.

હા, ઘણીવાર, અનેકવાર, શરીર એવો પ્રશ્ન કરે છે, "હું કેમ તારી શક્તિ

અને તારું બળ મારામાં અનુભવતું નથી?" અને ઉત્તરમાં કેવળ એક સ્મિત મળે છે, હું એને શબ્દોમાં મૂકું છું, પરંતુ એ વસ્તુ શબ્દો વિના કહેવામાં આવે છે, ઉત્તર હંમેશાં એવો હોય છે કે, "ધીરજ, ધીરજ રાખ, એમ થઈ શકવા માટે તારે તૈયાર થવું જોઈએ."

૪ અને ૯ માર્ચ, ૧૯૬૬

*

**(૧૧૭) "હું આ પહેલાં ન હતો અથવા તું આ પહેલાં ન હતો અથવા રાજાએ આ પહેલાં ન હતા અને હવે પછી આપણે હોઈશું નહિ એ વાત ખોટી છે." માત્ર બ્રહ્મ જ નહિ પણ બ્રહ્મમાં રહેલાં પ્રાણીઓ અને વસ્તુઓ પણ સનાતન છે. તેમનું સર્જન અને વિનાશ એ આપણી બાહ્ય ચેતના સાથેની સંતાકૂકડી છે.**

**(૧૧૮) એકાંત માટેનો પ્રેમ એ જ્ઞાન પ્રત્યેના વલણની નિશાની છે. પરંતુ જ્ઞાન પોતે તો ત્યારે જ પ્રાપ્ત થાય છે, જ્યારે, આપણને જનસમુદાયમાં, યુદ્ધમાં અને બજારમાં પણ અવિચલ એકાંતાવસ્થાનું દર્શન થાય.**

**(૧૧૯) જ્યારે મહાન કાર્યો કરતાં કરતાં અને રાક્ષસી પરિણામો નિપજાવતી વેળાએ તને એવો અનુભવ થાય કે તું કાંઈ જ કરી રહ્યો નથી, ત્યારે તું સમજજે કે ભગવાને તારી આંખોનાં પોપચાં ઉપરથી તેનું સીલ ખસેડી લીધું છે.**

**(૧૨૦) જ્યારે તું પર્વતના શિખર ઉપર એકલો, શાંત અને મૌનભાવે બેઠો હોય અને તારા દ્વારા થઈ રહેલી ક્રાન્તિઓને નિહાળી શકતો હોય, ત્યારે તું સમજજે કે તને દિવ્ય દર્શન પ્રાપ્ત થયું છે અને મિથ્યા દેખાવોથી તું મુક્ત થયેલો છે.**

**(૧૨૧) અકર્મ માટેનો પ્રેમ એ મૂર્ખાઈ છે, અને અકર્મ પ્રત્યેનો તિરસ્કાર એ પણ એક મૂર્ખાઈ છે. અકર્મ જેવું કાંઈ છે જ નહિ. કોઈ બેદરકાર**

**ક્ષણોમાં આપણી લાત વાગવાથી, રેતી ઉપર અક્રિયપણે પડેલો જે પથ્થર ફેંકાઈ જતો હોય છે તે પૃથ્વીના ગોળાર્ધો ઉપર અસર નીપજાવી રહેલો હોય છે.**

**શ્રી માતાજી :** આ છેલ્લા થોડાક દિવસથી, ગઈ કાલે કે પરમ દિવસે, મને આ જ અનુભવ થઈ રહ્યો હતો. એમ લાગતું હતું કે એક અવિરોધ્ય એવી શક્તિ સર્વ વસ્તુઓને ચલાવી રહી છે : જગત, વસ્તુઓ, લોકો, સર્વ કાંઈને તેને કોઈ પણ વસ્તુને ભૌતિક રીતે ગતિ કરાવવાની જરૂર પડતી નથી, અને આ ભૌતિક હિલચાલ તો કેવળ જ્યારે પાણી બહુ ઝડપથી વહેતું હોય ત્યારે જે ફીણ વળે છે તેના જેવી વસ્તુ હોય છે, સપાટી ઉપરના ફીણ જેવી; પરંતુ એની નીચેની શક્તિ એક સર્વશક્તિમાન ઝરણાની માફક વહેતી જતી હોય છે.

બીજું કાંઈ કહેવાનું નથી.

આપણે હંમેશાં ત્યાં જ પાછા આવીએ છીએ : જાણવું એ સારું છે, બોલવું એ સારું છે, કરવું એ ઘણું સારું છે, પરંતુ બનવું એ વસ્તુમાં જ કોઈ શક્તિ હોય છે.

જુઓ, લોકો ચંચળ બને છે, કારણકે વસ્તુઓ ઝડપથી ગતિ કરતી નથી; માટે જ મને આ દિવ્ય સર્જન થઈ રહ્યાનું, તેની રચના થઈ રહ્યાનું સૂક્ષ્મ દર્શન પ્રાપ્ત થયું હતું. બહાર ગમે તેમ હોય, ગમે તે બાહ્ય રીતની ઉથલપાથલ હોય તે છતાં તેની સપાટી નીચે સર્વ શક્તિવાન, અવિરોધ્ય એવું એ દિવ્ય સર્જન છે.

***બાળક : પરંતુ પોતાની જાતનો આવિર્ભાવ કરવા માટે આ શક્તિના મહાન પ્રવાહને સાધનોની જરૂર રહે છે, ખરું ને?***

**શ્રી માતાજી :** એક મગજ.

***બાળક : પરંતુ બરાબર એટલે જ, કેવળ એક મગજ નહિ. આ શક્તિ, ભૂતકાળની માફક, એક મનોમય કે અતિમનસ રીતે પોતાને વ્યક્ત કરી શકે; શક્તિ દ્વારા પ્રાણમય રીતે વ્યક્ત થઈ શકે, પોતાની જાતને તે માંસપેશીઓ દ્વારા વ્યક્ત કરી શકે; પરંતુ એ વસ્તુ ભૌતિક રીતે, શુદ્ધ રીતે, સીધે સીધી પોતાને કઈ રીતે વ્યક્ત કરી શકે, કારણકે આપ ઘણી વાર "ભૌતિક શક્તિ" ની વાત કરો છો? જે ઊર્ધ્વની ક્રિયા છે અને અહીં જે સાચી ક્રિયા હોય, તે બેની વચ્ચે કયો તફાવત છે?***

**શ્રી માતાજી :** જ્યારે જ્યારે હું શક્તિ વિશે સભાન થયેલી છું, ત્યારે એની અનુભૂતિ એક સરખી હોય છે. ઊર્ધ્વમાંથી આવતો સંકલ્પ એક આંદોલનનું સ્વરૂપ ધારણ કરે છે અને એ કેટલીક પ્રાણમય શક્તિને પણ ધારણ કરે છે. છતાં એ કાર્ય તો સૂક્ષ્મ-ભૌતિક પ્રદેશમાં કરે છે. આપણે આંદોલનની અમુક ગુણવત્તાને અનુભવીએ છીએ પણ તેનું વર્ણન કરવું મુશ્કેલ હોય છે. પરંતુ એને લઈને કોઈક વસ્તુ જામી ગયાની છાપ ઊઠે છે, વિભક્ત થયાની નહિ. કોઈક એવી વસ્તુ કે જે હવા કરતાં વધુ ગાઢ હોય છે, પરંતુ અત્યંત સમરસ, એક સુવર્ણરંગી પ્રકાશવંત, એક જોરદાર આગળ વધારવાની શક્તિ હોય છે, અને તે અમુક સંકલ્પને વ્યક્ત કરે છે, એ સંકલ્પ માનવના સંકલ્પના પ્રકારનો હોતો નથી, એ વિચારના જેવો નહિ પણ એક સૂક્ષ્મ દર્શન જેવો હોય છે; એ એક એવું સૂક્ષ્મ દર્શન હોય છે કે જે પોતાની અભિવ્યક્તિ માટે દબાણ કરે છે, આ વસ્તુ પાર્થિવ જડતત્ત્વની ઘણી નજીકના પ્રદેશમાં બને છે, પરંતુ એ વસ્તુ કેવળ આંતર ચક્ષુઓ સિવાય અન્ય રીતે અદૃષ્ટ સરખી હોય છે. અને એ આંદોલન લોકો, વસ્તુઓ, સંજોગો ઉપર એક પ્રકારનું દબાણ લાવે છે કે જેને લઈને તેઓ પોતાના સૂક્ષ્મ દર્શન પ્રમાણે તેમને ઘડી શકે. એ અવિરોધ્ય છે. જે લોકો એથી ઊલટો વિચાર કરે છે, એથી ઊલટી ઇચ્છા રાખે છે, તેઓ પણ, તે જે ઇચ્છે છે તે પોતાની ઇચ્છા સિવાય આચરે છે; જે વસ્તુઓ પ્રકૃતિગત રીતે એની વિરોધી છે તે પણ અવળી ફેરવી નાખવામાં આવે છે.

રાષ્ટ્રીય ઘટનાઓની બાબતમાં, રાષ્ટ્રો વચ્ચેના પરસ્પરના સંબંધોની બાબતમાં, જગતની પરિસ્થિતિની બાબતમાં એ એવી જ રીતે, સતતપણે, અવિરતપણે, એક પ્રચંડ શક્તિના રૂપે કાર્ય કરે છે. અને એટલે જો આપણે, પ્રભુના સંકલ્પ સાથે એકરૂપ હોઈએ છીએ, અને એમાં કોઈ ખ્યાલ કે વિચારને વચમાં આવવા દેતા નથી તો આપણે જોઈ શકીએ છીએ અને જાણી શકીએ છીએ.*

---

* એ વસ્તુ નોંધવી રસપ્રદ થશે કે આ વાર્તાલાપ પહેલાં, થોડા જ સમય પહેલાં શ્રી માતાજીને આ પ્રશ્ન પૂછવામાં આવેલો : વિયેટનામમાં અમેરિકાની હાજરી અને હસ્તક્ષેપને વ્યાજબી ગણી શકાય? શ્રી માતાજીએ ઉત્તર આપેલો: "તમે કયા દૃષ્ટિબિંદુથી આ પ્રશ્ન પૂછો છો?

"રાજકીય દૃષ્ટિબિંદુથી જોતાં, રાજકારણ તો અસત્યમાં ગળાડૂબ છે અને મારે તેની સાથે કોઈ નિસ્બત નથી.

"નૈતિક દૃષ્ટિબિંદુથી જોતાં, નીતિ એ એક એવી વસ્તુ છે કે લોકો તેનો ઉપયોગ સત્ય વસ્તુથી

દરેક ચેતના અને પદાર્થમાં, તમોગ્રસ્તતાનો જે અવરોધ રહેલો છે તેને પરિણામે આ કાર્ય સીધેસીધું અને પૂર્ણપણે સંવાદમય થવાને બદલે, ગૂંચવણભર્યું, વિરોધપૂર્ણ, અથડામણો અને સંઘર્ષોમાં થઈને થાય છે. દરેક વસ્તુ પોતાની મેળે, કહો કે, "સ્વાભાવિક રીતે," સરળતાપૂર્વક ગોઠવાઈ જવી જોઈએ, ખરેખર તો એ રીતે જ બનવું જોઈએ, તેને બદલે આ જે તમોગ્રસ્તતાનો અવરોધ અને વિરોધ હોવાને લઈને, આખી વસ્તુ એક ગૂંચવાઈ ગયેલી ગતિવાળી, જેમાં વસ્તુઓ એક બીજા સાથે અથડાતી હોય અને જેમાં ગેરવ્યવસ્થા અને વિનાશ હોય, તેવી બની જાય છે. અને આ સર્વની જરૂરિયાત કેવળ અવરોધને કારણે થતી હોય છે, પરંતુ એ વસ્તુઓ અનિવાર્ય નથી. એમનું અસ્તિત્વ જ હોવું જોઈતું ન હતું, સાચું કહેતાં તો એ વસ્તુ હોવી જ જોઈતી ન હતી, કારણકે આ સંકલ્પ, આ શક્તિ, એ પૂર્ણ સંવાદની શક્તિ છે જેમાં દરેક વસ્તુ તેને યોગ્ય સ્થાને છે, અને એ વસ્તુ વ્યવસ્થાને અદ્‌ભુત રીતે ગોઠવી આપે છે. એ એક સંપૂર્ણ પ્રકાશવાન અને પૂર્ણ સુસંયોજન રૂપે આવે છે અને તમારામાં જ્યારે સૂક્ષ્મ દૃષ્ટિ આવે છે ત્યારે તમે તેને જોઈ પણ શકો છો; પરંતુ એ જ્યારે નીચે આવીને પદાર્થ તત્ત્વ ઉપર દબાણ કરે છે ત્યારે દરેક વસ્તુ બદલવા સામે વિરોધ કરવા લાગે છે. માટે ગેરવ્યવસ્થા અને ગૂંચવણો અને વિનાશની જવાબદારી દિવ્ય સંકલ્પ કર્મ ઉપર નાખવી એ મનુષ્યની એક બીજી મૂર્ખતા છે. જે વસ્તુ આપત્તિ આણે છે, તે વસ્તુ અવરોધ છે, દુષ્ટેચ્છાની તો હું વાત જ નથી કરતી. એવું નથી કે આપત્તિ આવે એવો ઈરાદો હતો અથવા તો એનો અંદાજ પહેલેથી આવેલો હતો, એ તો કેવળ અવરોધને લઈને પેદા થયેલ છે.

અને પછી, કૃપાના કાર્યનું સૂક્ષ્મ દર્શન ઉમેરાય છે. એ કૃપાનો જ્યાં પણ સ્વીકાર કરવામાં આવે છે ત્યાં શક્ય તેટલા અંશે પેલાં પરિણામોને મૃદુ બનાવવામાં આવે છે. અને માનવ તત્ત્વમાં, અભીપ્સા, શ્રધ્ધા અને વિશ્વાસ હોય તો તેમનામાં એક પ્રકારની સંવાદ સ્થાપક શક્તિ કેમ હોય છે, તેનો ખુલાસો આ રીતે મળી રહે છે કે તેઓ કૃપાને આવવા દે છે અને તે બાબત અંધ અવરોધનાં પરિણામોને ઠીક-ઠાક કરી દે છે.

આ એક સ્પષ્ટ દર્શન છે, સ્પષ્ટ, સ્પષ્ટ, વિગતોમાં પણ સ્પષ્ટ.

---

પોતાનું રક્ષણ કરવા માટે વાપરે છે.

"આધ્યાત્મિક દૃષ્ટિબિંદુથી જોતાં, કેવળ પ્રભુનો સંકલ્પ જ વ્યાજબી હોય છે અને લોકો એનો જ તેમના કર્મોમાં વિપર્યાસ કરે છે અને વિકૃતિ ઊભી કરે છે."

જો મારી ઇચ્છા હોત તો, મેં જે કાંઈ જોયેલું છે તેને આધારે ભવિષ્ય કથન કરત. પરંતુ એક એવી પરમ કરુણા છે જેને લઈને આ ભવિષ્ય કથનનું કામ અટકાવી દેવામાં આવે છે, કારણકે સત્યના શબ્દમાં અભિવ્યક્ત થવાની શક્તિ હોય છે અને અવરોધના પરિણામ વિષે કોઈ જાતનું કથન કરવું એટલે એ વસ્તુને સઘન આકાર આપવો અને કૃપાના કાર્યને ઓછું કરવું. આટલા માટે જ જ્યારે હું જોઉં છું ત્યારે બોલી શકતી નથી. મારે કાંઈ કહેવું જ ન જોઈએ.

પરંતુ શ્રી અરવિંદના કથનનો આશય ખરેખર એ જ હતો કે આ શક્તિ, આ બળ વડે જ સર્વ કાંઈ થાય છે, દરેક વસ્તુ બને છે. જ્યારે હું એ વસ્તુને જોઉં છું અથવા એની સાથે તદાકાર થયેલી હોઉં છું, ત્યારે મને ભાન થાય છે, સમજણ પડે છે કે કાર્ય કરનારી અને સર્જન કરનારી ખરી વસ્તુ તો તે જ છે. અન્ય સર્વ કાંઈ તો એ જે ક્ષેત્ર અથવા જગત અથવા પદાર્થ અથવા તત્ત્વમાં એ જે કાર્ય કરે છે તેનું પરિણામ હોય છે, અવરોધનું પરિણામ, કાર્યનું પરિણામ નહિ. અને એ તત્‌ની સાથે તદાકાર થવું એટલે કાર્યની સાથે એકરૂપ થવું; જે વસ્તુ નીચેની છે તેની સાથે એકાકાર થવું એટલે અવરોધ સાથે એકતા કરવી.

અને એ વસ્તુ તરફડીયા મારે છે, ઉછાળા મારે છે, ઊંધીચત્તી થાય છે, માગણી કરે છે, વિચાર કરે છે અને યોજનાઓ કરે છે... એટલે એ ધારે છે કે પોતે કાંઈક કરે છે, અને એ વસ્તુ જ અવરોધ હોય છે.

પાછળથી, થોડા સમય પછી, હું તમને તદ્દન નાની વસ્તુઓના દાખલા આપીને બતાવી શકીશ કે પેલી શક્તિ કઈ રીતનું કાર્ય કરે છે, અને કઈ વસ્તુ તેમાં આડે આવે છે, અને તેનાં ભેગી ભળી જાય છે, અથવા આ શક્તિ વડે સક્રિય થાય છે અને તેની ગતિને વિકૃત કરે છે, અને એનું શું પરિણામ, એટલે કે આપણે જે પ્રકારના ભૌતિક દેખાવો જોઈએ છીએ, આવે છે. જગતને માટે કોઈ અગત્યની ન હોય તેવી નાની સરખી વસ્તુ પણ, દરેક વસ્તુ કઈ રીતે બને છે, અને અહીં વિકૃત બની જાય છે, તેનો સ્પષ્ટ રીતનો ખ્યાલ આપે છે.

અને આ વાત દરેક વસ્તુને, સર્વ સમયે, લાગુ પડે છે. અને માટે, જ્યારે આપણે કોષાણુઓનો યોગ કરતા હોઈએ છીએ ત્યારે આપણને આ જ વસ્તુ નજરે ચડે છે; પેલી શક્તિ આવીને કાર્ય કરે છે, અને પછી (શ્રી માતાજી હસે છે) આ શરીર એ કાર્ય વડે શું કરે છે?....

**(મૌન)**

તરત જ પછી કેવી રીતે અને કેમની વાત આવે છે. પરંતુ એ વસ્તુઓ તો

મનોમય પ્રદેશની હોય છે જ્યારે અગત્યની વસ્તુ તો અવરોધને અટકાવવાની છે. અગત્યની વસ્તુ એ છે; અવરોધને અટકાવવો કે જેથી કરીને આ વિશ્વ જેવા હોવું જોઈએ તેવું તે બની શકે : એમાં સંવાદપૂર્ણ, જ્યોતિર્મય, અદ્ભુત શક્તિ અને અજોડ સૌન્દર્યની શક્તિની અભિવ્યક્તિ થવી જોઈએ, પાછળથી, જ્યારે અવરોધ બંધ થઈ ગયો હશે, ત્યારે જો કુતુહલપૂર્વક આપણે એ જાણવા માગીશું કે આમ કેમ બનેલું.....તો એની કોઈ અગત્ય નહિ રહી હોય. પરંતુ હમણાં, આપણને આમ કેમ છે તેનું કારણ જાણવા પ્રયત્ન કરવાથી તેનો ઈલાજ હાથ લાગવાનો નથી, આપણે તો કેવળ સાચું વલણ અખત્યાર કરવાનું છે. અગત્યની વસ્તુ એટલી જ છે.

જો બની શકે તો સર્વાંગીણ સમર્પણ, દરેક કોષાણુમાં સંપૂર્ણ આત્મત્યાગ કરીને અવરોધને બંધ કરવો.

એ કોષાણુઓ કેવળ પ્રભુ વડે, પ્રભુ માટે, પ્રભુમાં અસ્તિત્વ ધારણ કરવામાં અત્યંત ઉત્કટ આનંદ અનુભવે છે.

જ્યારે આ વસ્તુ સર્વ સ્થળે સ્થાપિત થઈ હશે, ત્યારે બધું બરાબર ચાલશે.

૬ જુલાઈ, ૧૯૬૬

*

**(૧૨૨) જો તું તારા અભિપ્રાય વડે મૂર્ખ ન બનવા માગતો હોય, તો પ્રથમ તો તું તારો વિચાર કઈ બાબતમાં સત્ય છે તે જો; પછી તેની વિરોધી અને વિરુદ્ધની બાજુમાં પણ કઈ બાબતમાં સત્ય છે, તેનો અભ્યાસ કર, છેલ્લે, આ ભિન્નતાઓનું કારણ અને ભગવાનની સંવાદિતાની ચાવી શોધી કાઢ.**

**(૧૨૩) અભિપ્રાય સાચો કે જૂઠો હોતો નથી, પણ તે માત્ર જીવન માટે ઉપયોગી કે નિરૂપયોગી હોય છે, કારણકે તે કાળનું સર્જન છે અને સમયના વહેવા સાથે તે તેના પ્રભાવને અને મૂલ્યવત્તાને ગુમાવી દે છે, તું અભિપ્રાયથી ઉપર ઊઠ અને અવિનાશી પ્રજ્ઞાની શોધ કર.**

## (૧૨૪) જીવન દરમ્યાન તું અભિપ્રાયનો ઉપયોગ કર, પરંતુ તારા આત્માને તેના પાશમાં જકડી લેવા ન દઈશ.

**(થોડા મૌન બાદ)**

**શ્રી માતાજી :** અભિપ્રાયો કઈ રીતે મદદકારક થઈ શકે તે શોધી કાઢવા માટે હું પ્રયત્ન કરતી હતી..... શ્રી અરવિંદ કહે છે કે તેઓ "ઉપયોગી" અને "નિરૂપયોગી" હોઈ શકે, કોઈ અભિપ્રાય કઈ રીતે ઉપયોગી બને?

***બાળક : અમુક ક્ષણ માટે, અમુક કામ માટે તેઓ ઉપયોગી થાય.***

**શ્રી માતાજી :** ના, મને એ વસ્તુનો જ અણગમો છે; લોકો તેમના અભિપ્રાય પ્રમાણે કાર્ય કરે છે અને એનું કશું મૂલ્ય હોતું નથી. મને લોકો તરફથી સતતપણે પત્રો મળતા રહે છે અને તેમને અમુક વસ્તુ કરવી કે નથી કરવી હોતી અને તેઓ મને કહે છે "મારો અભિપ્રાય એવો છે કે આ વસ્તુ સાચી છે, પેલી વસ્તુ સાચી નથી," અને હંમેશાં, સોએ નવ્વાણુ કરતાં વધુ પ્રસંગમાં એ વસ્તુ અર્થહીન હોય છે.

આપણને એવું સ્પષ્ટપણે લાગે છે, હકીકતમાં એ વસ્તુ દેખાય છે, કે વિરુદ્ધના અભિપ્રાયમાં પણ એટલું જ મૂલ્ય હોય છે, એમાં કેવળ વલણનો પ્રશ્ન હોય છે, બીજું કાંઈ નહિ. અને કુદરતી રીતે એમાં અહંભાવની પસંદગીઓ સમાઈ જાય છે : તમને અમુક રીતે બનતી વસ્તુ વધુ ગમતી હોય છે અને એટલે તમારો અભિપ્રાય એવો હોય છે.

***બાળક : પરંતુ જ્યાં સુધી વ્યક્તિ ઊર્ધ્વના પ્રકાશને આધારે કામ ન કરતી થાય ત્યાં સુધી એને અભિપ્રાયોનો ઉપયોગ કરવાની જરૂર પડે છે.***

**શ્રી માતાજી :** કોઈ અભિપ્રાય ધારણ કરી રાખવો એના કરતાં થોડી બુદ્ધિમત્તા હોવી એ વધુ સારું છે. સર્વ પ્રકારની શક્યતાઓ, પ્રશ્નનાં સર્વે પાસાંઓની તુલના કરો અને પછી બને તેટલા અહંભાવ વિનાના બનીને જુઓ, દા. ત. કોઈ કર્મની બાબતમાં જુઓ કે કઈ વસ્તુ વડે તે વધુમાં વધુ લોકોને મદદકર્તા થશે કે ઓછામાં ઓછું વિનાશકારી થશે અને વધુમાં વધુ રચનાત્મક બનશે. ગમે તેમ હોય પણ, આધ્યાત્મિક નહિ, પરંતુ કેવળ નિઃસ્વાર્થી અને

ઉપયોગિતાવાદી દૃષ્ટિબિંદુથી જોતાં પણ પોતાના અભિપ્રાય કરતાં ડહાપણનો ઉપયોગ કરવો વધુ સારો છે.

**બાળક :** ***હા, પરંતુ જ્યારે આપણી પાસે પ્રકાશ જ ન હોય ત્યારે પોતાના અભિપ્રાય કે અહંભાવને સંડોવ્યા વિના આરંભ કરવાનો સાચો રસ્તો કયો હોઈ શકે?***

**શ્રી માતાજી :** હું ધારું છું કે પ્રશ્નનાં સર્વે પાસાંઓને લક્ષમાં લેવાં, તમારી ચેતનાની સમક્ષ તે સર્વને શક્ય હોય તેટલા નિર્લેપભાવે રજૂ કરવાં અને જોવું કે એમાં કયું પાસું સર્વોત્તમ છે, જો આ શક્ય હોય તો, અથવા જો એનાં પરિણામ બૂરાં આવે તેમ હોય તો કયી રીતે ઓછામાં ઓછું નુકસાન થાય તે જોવું.

**બાળક :** ***મારે એ પૂછવું હતું કે કોઈની બાબતમાં હસ્તક્ષેપ કરવો તે સારું કે લેશમાત્ર હસ્તક્ષેપ ન કરવો એ જ ઉત્તમ? કઈ વસ્તુ વધુ સારી ગણાય?***

**શ્રી માતાજી :** આહ, એ જ વાત છે. તમારે જો હસ્તક્ષેપ કરવાનાં હોય તો તમે સાચા હોવા જોઈએ; તમને ખાતરી હોવી જોઈએ કે વસ્તુઓ વિશેની તમારી દૃષ્ટિ, બીજી વ્યક્તિ કે લોકોની દૃષ્ટિ કરતાં વધુ સારી, ઇચ્છવાયોગ્ય અને વધુ સાચી છે. અને ત્યારે, હસ્તક્ષેપ ન કરવો એ હંમેશાં ડહાપણભર્યું છે, લોકો કશા તાલમેલ વિના બીજાની બાબતમાં હસ્તક્ષેપ કર્યે જાય છે કારણકે તેમને પોતાનો અભિપ્રાય આપવાની આદત પડી ગઈ હોય છે.

જ્યારે તમારી પાસે સાચી વસ્તુની દૃષ્ટિ હોય ત્યારે પણ હસ્તક્ષેપ કરવાનું કામ જવલ્લે જ ડહાપણભર્યું હોય છે. એ તો જ્યારે કોઈ વ્યક્તિ કોઈ એવી વસ્તુ કરવા માગતી હોય કે જેનું પરિણામ અવશ્ય કોઈ આપત્તિમાં આવે ત્યારે જ એ અનિવાર્ય બને છે અને ત્યારે પણ, એ હસ્તક્ષેપ (હસે છે) હંમેશાં બહુ અસરકારક નથી નીવડતો.

ખરી રીતે, હસ્તક્ષેપ કરવો ત્યારે જ વ્યાજબી ગણાય જ્યારે તમને તમારી સત્ય વિષેની દૃષ્ટિની તદ્દન ખાતરી હોય. એટલું જ નહિ પણ તમારી પાસે પરિણામો વિષેનું એક સ્પષ્ટ દર્શન હોવું જોઈએ. અન્ય વ્યક્તિનાં કાર્યમાં હસ્તક્ષેપ

કરવા માટે તો તમારે એક પયગંબર, પયગંબર થવું જોઈએ, સંપૂર્ણ શુભત્વ અને કરુણાના પયગંબર થવું જોઈએ. એ અન્ય વ્યક્તિના ભાવિમાં તમારા હસ્તક્ષેપનું શું પરિણામ આવશે તેનું સ્પષ્ટ દર્શન હોવું જોઈએ. લોકો હંમેશાં બીજાને સલાહ આપતા રહે છે, "આમ કરો, આમ ન કરશો." હું એ જોઉં છું; તેમને ખબર નથી હોતી કે તેઓ કેટલો બધો ગોટાળો અને ગેરવ્યવસ્થા ઊભી કરે છે, તેઓ કેટલા પ્રમાણમાં ગૂંચવાડા અને ગેરવ્યવસ્થામાં વધારો કરે છે, અને કેટલીકવાર એ લોકો વ્યક્તિની સાહજિક ખીલવણીમાં બાધા નાખે છે.

હું તો એમ ગણું છું કે અભિપ્રાયો હંમેશાં ભયંકર હોય છે અને ઘણી-ખરી વાર તો અર્થહીન હોય છે.

જો તમે બીજા લોકો કરતાં અનંતગણા ડાહ્યા ન હો તો તમારે બીજા લોકોની બાબતમાં માથું ન મારવું, જો કે દરેક વ્યક્તિ પોતાને વધુ ડાહી ગણતી હોય છે! — પરંતુ મારા કહેવાનો ભાવાર્થ એ છે કે તમારું મૂલ્યાંકન એક વસ્તુલક્ષી પ્રકારનું હોવું જોઈએ, તમારા અભિપ્રાય મુજબનું નહિ; અને તમે વધુ આગળ અને વધુ સારી રીતે જોઈ ન શકતા હો, તમે પોતે જ જો સર્વ પ્રકારના આવેગો, કામનાઓ, અંધ પ્રતિકાર્યોથી પર ન હો તો હસ્તક્ષેપ ન કરવો. જો તમે આ સર્વે વસ્તુઓથી ઉપર હો તો જ તમને બીજાના જીવનમાં હસ્તક્ષેપ કરવાનો હક્ક છે, અને તે પણ જો એ તમને તેમ કરવા કહે તો. અને જો તે એમ ન કહેતા હોય તો તો પછી તમે કોઈ એવી વસ્તુમાં માથું મારો છો જેની સાથે તમારે કોઈ નિસ્બત નથી.

(શ્રી માતાજી એક લાંબા ધ્યાનમાં ઉતરી જાય છે અને પછી આગળ બોલે છે).

મને હમણાં એક વિચિત્ર દૃશ્ય દેખાયું! એમાં એક અત્યંત ઊભો પર્વતનો ઢાળ હતો અને કોઈક, એક મનુષ્યના પ્રતીક જેવું, ઉપર ચઢતું હતું. એક સ્વરૂપ... આ વિચિત્ર વાત છે, મેં આ વસ્તુ અનેકવાર જોઈ છે : કપડાં વિનાનાં પણ નગ્ન નહિ તેવાં સ્વરૂપો! મારો કહેવાનો આશય એ છે કે તેમની આસપાસ પ્રકાશનો એક ઝબ્બો હોય છે. પરંતુ એ પ્રકાશ કોઈ રીતે કિરણો ફેંકતો કે એવું કાંઈ નથી હોતું. એ એક પ્રકારના વાતાવરણ જેવું, અથવા તો એક આભામંડળ જેવું, દૃશ્ય બનાવેલ આભામંડળ જેવું હોય છે. અને આ પારદર્શિતા એ સ્વરૂપને છુપાવતી નથી, છતાં એ સ્વરૂપ નગ્ન પણ નથી હોતું... અને પછી આકાશમાંથી, ત્યાં એક વિસ્તૃત ટોચથી નીચે સુધી ફેલાયેલું, એક ચિત્ર સરખું, અત્યંત સ્પષ્ટ, અત્યંત પ્રકાશપૂર્ણ અત્યંત શુદ્ધ આકાશ હતું, ત્યાં અસંખ્ય... સેંકડોની સંખ્યામાં પક્ષીઓ જેવી વસ્તુઓ પેલી આકૃતિ તરફ દોડી આવતી હતી

અને એ તેમને ઈશારો કરી બોલાવતી હતી. એ ચિત્ર મોટા ભાગે ફિક્કા ભૂરા, ધોળા રંગનું હતું; અવારનવાર એમાં કોઈકવાર કોઈ પાંખનો છેડો કે કલગીનું મથાળું જરા વધુ ઘેરા રંગનું દેખાતું હતું, પરંતુ એ તો કેવળ જોગાનુજોગ હતું. અને એ પક્ષીઓ સેંકડોની સંખ્યામાં આવતાં ગયાં એ તેમને અમુક ઈશારો કરીને બોલાવતો ગયો અને પછી તેમને પૃથ્વી પ્રત્યે નીચેની બાજુએ મોકલતો ગયો, એ એક ઊંચા ચઢાણ ઉપર ઊભો હતો — અને તે એમને નીચે ખીણમાં મોકલતો હતો. અને ત્યાં તેઓ (શ્રી માતાજી હસે છે)અભિપ્રાયો બની ગયા! તે બધા અભિપ્રાય બની ગયાં! એ બધાં ઘેરા રંગનાં, (આછાં રંગનાં) ભૂખરા રંગનાં, ભૂરા રંગનાં હતાં .....

એ બધાં પૃથ્વી ઉપર ઊડી આવતાં પક્ષીઓ જેવાં હતાં, એમ. પરંતુ એ એક દૃશ્ય હતું — અને છતાં એ કોઈ ચિત્ર ન હતું, કારણ કે એ ગતિશીલ હતું અને એ બહુ મજા પડે તેવું હતું.

અને એણે કહ્યુંઃ "જુઓ, આવી રીતે અભિપ્રાયોની રચના થાય છે" ..તેઓ આકાશમાંથી, વિસ્તૃત આકાશમાંથી આવતા હતા — વિસ્તૃત, પ્રકાશવંત, અને સ્વચ્છ, નહિ ભૂરું કે નહિ સફેદ કે નહિ લાલ કે નહિ... એ પ્રકાશવંત, કેવળ પ્રકાશવંત હતું, અને આ આકાશમાંથી એ વસ્તુઓ ...મેં કહ્યું કે તેમની સંખ્યા સેંકડોની હતી, પણ તેઓ તો હજારોની સંખ્યામાં આવતા હતા, અને એ ત્યાં રહ્યો રહ્યો તેમને આવકારીને તેના હાથના ચાળા વડે તેમને પૃથ્વી ઉપર નીચે મોકલતો હતો, અને...ત્યાં તેઓ અભિપ્રાયો બની જતા હતા! મને લાગે છે કે મેં હસવા માંડ્યું હશે, એની મને ખૂબ ગમ્મત પડેલી.

એ વિચિત્ર વસ્તુ છે.

એ બધાં નીચે નીચે ચાલ્યાં જતાં હતાં — આપણાથી તળેટી દેખાય તેમ ન હતું — તે બધાં નીચે જતાં હતાં.

એટલે કદાચ એમ હશે કે અભિપ્રાયો પ્રકાશના આકાશમાંથી આવતા હશે! (શ્રી માતાજી હસે છે.)

સાચું કહેતાં, શબ્દો કરતાં દૃશ્યો વડે વધુ વસ્તુઓ વ્યક્ત થાય છે.

૧૪ સપ્ટેમ્બર ૧૯૬૬

*

# જ્ઞાન

## *વિવરણોનો ચોથો ગાળો (૧૯૬૯-૭૦)*

**(૧૨૫) દરેક કાયદાનો, પછી તે ગમે તેટલો વ્યાપક હોય કે ત્રાસદાયક હોય, પણ તેને ક્યાંક એક વિરોધી કાયદાનો ભેટો થઈ જાય છે, જેને લીધે તે નિયંત્રિત થાય છે, પરિવર્તન પામે છે, નાબૂદ થાય છે, અથવા તેમાંથી કોઈક છટકબારી પ્રગટ થાય છે.**

**(૧૨૬) પ્રકૃતિનો અચૂક કાયદો એ એવી કોઈ નિશ્ચિત પ્રક્રિયા છે જેને પ્રકૃતિના સ્વામીએ ઘડી છે અને જેનો તે સતત ઉપયોગ કરે છે; આત્માએ તેને ઘડ્યો હતો અને આત્મા તેની ઉપરવટ જઈ શકે છે; પણ પ્રથમ તો આપણે આપણા કેદખાનાનાં બારણાં ખોલી નાખવાં જોઈએ અને પ્રકૃતિ કરતાં વધુ પ્રમાણમાં આત્મામાં જીવન જીવતાં શીખવું જોઈએ.**

**શ્રી માતાજી :** પ્રકૃતિનો એવો કોઈ કાયદો નથી કે જેની ઉપરવટ ન જવાય અથવા જેનું પરિવર્તન ન થઈ શકે. ફક્ત આપણામાં એવી શ્રદ્ધા હોવી જોઈએ કે આ સર્વ કાંઈ ઉપર પ્રભુનું રાજ્ય ચાલે છે, આપણે એ પ્રભુની સાથે સીધા સંપર્કમાં આવી શકીએ છીએ. વળી આપણને આપણી જરી પુરાણી આદતોના કેદખાનામાંથી નાસી છૂટતાં આવડવું જોઈએ અને આપણી જાતને પ્રભુના સંકલ્પને કશું સાચું સંતાડી રાખ્યા સિવાય સમર્પિત કરવી જોઈએ.

સાચું કહું તો કોઈ વસ્તુ સ્થાયી નથી, સર્વ કાંઈ અવિરતપણે પરિવર્તનશીલ છે. અને આ ઊર્ધ્વ જ્ઞાની રૂપાંતર, આ અચિત્ એ અને ક્ષણભંગુર સૃષ્ટિને, સૃષ્ટિને, ક્રમે ક્રમે કરીને પ્રભુની સર્વ શક્તિમાન અને શાશ્વત ચેતના પ્રત્યે દોરી જશે.

૩ ઑગસ્ટ, ૧૯૬૩

*

**(૧૨૭) કાયદો એ એક પ્રક્રિયા અથવા સૂત્ર છે; પણ આપણો આત્મા એ પ્રક્રિયાનો ઉપયોગ કરી શકે છે અને બધાં જ સૂત્રોથી પર થઈ શકે છે.**

**શ્રી માતાજી :** જ્યાં સુધી આપણી આ પ્રકૃતિ ચૈત્ય સ્વરૂપ (આત્મા) ના પ્રભાવ હેઠળ નથી હોતી ત્યાં સુધી જ પ્રકૃતિના નિયમો આપણે માટે અનુલ્લંઘનીય હોય છે; કારણકે ચૈત્ય સ્વરૂપ પાસે એવી દિવ્ય શક્તિ હોય છે, જે પોતાના હેતુઓ માટે સર્વ પ્રકારની પ્રક્રિયાઓ, અને સૂત્રોને ઉપયોગમાં લઈ શકે છે અને ઇચ્છા પ્રમાણે બદલી પણ શકે છે.

૫ ઑગસ્ટ, ૧૯૬૪

*

**(૧૨૮) પશ્ચિમનું એક સૂત્ર એ છે કે પ્રકૃતિ અનુસાર જીવો; પણ કઈ પ્રકૃતિ અનુસાર? શરીરની પ્રકૃતિ અનુસાર કે શરીરથી પર રહેલી પ્રકૃતિ અનુસાર, આનો આપણે પ્રથમ નિર્ણય કરવો જોઈએ.**

**(૧૨૯) હે અમૃતના પુત્ર, તું પ્રકૃતિ અનુસાર નહિ, પણ પ્રભુ અનુસાર જીવન જીવ, અને પ્રકૃતિને પણ તારામાં રહેલા દેવત્વ અનુસાર જીવન ગાળવાની ફરજ પાડ.**

***બાળક : "શરીરથી પર રહેલી પ્રકૃતિ" શબ્દોથી શ્રી અરવિંદ અહીં શું કહેવા માગે છે?***

**શ્રી માતાજી :** શરીરથી પર જનાર પ્રકૃતિ એટલે જે પ્રકૃતિ દેહના વિલય પછી પણ જીવ્યે જાય છે તે; એ વસ્તુ ચૈતસિક પ્રકૃતિ છે જે અમર છે અને તાત્ત્વિક રૂપે દિવ્ય છે. ચૈત્ય સ્વરૂપે તેના કેન્દ્રમાં રહેલ પ્રભુ વિશે સભાન બનવું જોઈએ અને તેની સાથે સભાનપણે જોડાવું જોઈએ.

૭ ઑગસ્ટ, ૧૯૬૯

*

**(૧૩૦) નિયતિ એટલે સ્થળ કાળથી પર રહેલા પ્રભુનું સ્થળ અને કાળમાં જે કાંઈ બનવાનું હોય છે તેનું પૂર્વજ્ઞાન. ભગવાને જે જોયું હોય છે તેને શક્તિ અને આવશ્યકતા, બળોના સંઘર્ષ દ્વારા સિદ્ધ કરે છે.**

***બાળક : જો સર્વ વસ્તુઓ પૂર્વદૃષ્ટ હોય તો પછી માનવ અભીપ્સા અને પ્રયત્નને શું ભાગ ભજવવાનો હોય છે?***

**શ્રી માતાજી :** (ભૌતિક, પ્રાણમય અને મનોમય) દરેક ભૂમિકામાં સર્વ વસ્તુઓ પૂર્વદૃષ્ટ હોય છે; પરંતુ ઊર્ધ્વ ભૂમિકાઓ (અતિમનસ અને તેને પેલે પારની) ઘટનાઓ, એક અન્ય પ્રકારની નિયતિ દાખલ કરે છે અને વસ્તુઓના પ્રવાહને બદલી નાખે છે. અભીપ્સા વડે આ વસ્તુ સિદ્ધ થઈ શકે છે. જ્યાં સુધી મનુષ્ય પ્રયત્નને લાગેવળગે છે ત્યાં સુધી, એ પણ પૂર્વનિર્મિત વસ્તુઓમાંનો એક હોય છે અને એનો ભાગ પણ શક્તિઓની સમગ્ર લીલામાં પૂર્વદૃષ્ટ હોય છે.

૯ ઑગસ્ટ, ૧૯૬૯

*

**(૧૩૧) ભગવાને સંકલ્પ કરેલો છે અને દરેક વસ્તુને પૂર્વજ્ઞાનથી જોએલી છે તેથી તારે કાંઈ નિષ્ક્રિય બેસી રહેવાનું નથી અને તેમની નિયતિની તાબેદારી ઉઠાવવાની નથી; કારણકે તારું કર્મ પણ તેમનાં મુખ્ય કાર્યસાધક બળોમાંનું જ એક બળ છે. માટે ઊઠ, ઊભો થા અને અહંતાપૂર્વક નહિ, પણ પ્રભુએ પૂર્વ નિયત કરેલી ઘટનાનાં દેખીતા કારણરૂપે અને સંયોગોના કારણરૂપે કાર્ય કર.**

**(૧૩૨) જ્યારે હું કશું જાણતો ન હતો ત્યારે હું પોતે પાપી, ગુનેગાર અને અશુદ્ધ હોવા છતાં પાપીને, ગુનેગારને અને અશુદ્ધ જીવોને ધિક્કારતો હતો, પણ જ્યારે શુદ્ધ બન્યો અને મારી આંખો પરથી અજ્ઞાનનું આવરણ ખસી ગયું ત્યારે મારી અંતરની સચ્ચાઈથી મેં ચોરને તથા ખૂનીને પ્રણામ કર્યા અને વેશ્યાના પગનું પૂજન**

**કર્યું, કારણ કે હું જોઈ શક્યો કે આ આત્માઓએ પાપના ભીષણ ભારને સ્વીકારી લીધો છે, અને આપણા બધાની ખાતૂર તેમણે વિશ્વસાગરનાં મંથનમાંથી પ્રગટેલા હળાહળ વિષનો મોટો ભાગ પી લીધો છે.**

**શ્રી માતાજી :** જે વ્યક્તિએ એવો પૂર્ણ સાક્ષાત્કાર કર્યો હોય છે કે આ જગત એ આવિર્ભાવ પામી રહેલા એકમાત્ર પ્રભુ છે, ત્યારે આવશ્યકપણે મનુષ્યનાં સર્વ નીતિવિષયક ખ્યાલો અદૃશ્ય થઈ જાય છે અને તેમનું સ્થાન એક સમગ્રતાની દૃષ્ટિ લે છે જેમાં બધાં જ મૂલ્યો બદલાઈ જાય છે. ઓહ, કેટલાં બધાં બદલાઈ જાય છે!

૧૪ ઑગસ્ટ, ૧૯૬૯

*

**(૧૩૩) દેવો કરતાં અસુરો વધુ બળવાન હોય છે કારણકે તેમણે પ્રભુનો સામનો કરીને તેમના કોપ તથા શત્રુતાના ભારને ઝીલવાનું પસંદ કર્યું છે. દેવો તો પ્રભુના પ્રેમના તથા કરુણામય આનંદના ભારને જ ઝીલવા શક્તિમાન હતા.**

**શ્રી માતાજી :** શ્રી અરવિંદ શું કહેવા માગે છે તે યોગ્ય રીતે સમજવા માટે આપણે તેમની વિચારવાની રીતમાં રહેલી અદ્‌ભુત પ્રકારની રમૂજની ભાવનાને સમજવી જોઈએ.

૧૬ ઑગસ્ટ, ૧૯૬૯

*

***બાળક : એટલે દેવો કાયર છે! તો પછી તેમની મહત્તા અને પ્રભાવ શેમાં છે? આપણે શા માટે નિમ્નતર સ્વરૂપોને ભજીએ છીએ? અને રાક્ષસો તો પ્રભુના અત્યંત પ્રેમાસ્પદ બાળકો હોવા જોઈએ?***

**શ્રીમાતાજી :** શ્રી અરવિંદ અહીં જે લખે છે તે તમોગ્રસ્ત મગજોને જાગ્રત કરવા માટેનો વિરોધાભાસ છે. આપણે આ બધાં સૂત્રોની પાછળ રહેલો કટાક્ષ સમજી લેવો જોઈએ અને સૌથી વધુ તો તેઓ શબ્દોની પાછળ જે હેતુ મૂકે છે

તેને જાણવો જોઈએ. તદુપરાંત, કાયર હોય કે ન હોય, મને તો મોટા કે નાના કોઈ દેવની ભક્તિ કરવાની જરૂર જણાતી નથી. આપણી ભક્તિ તો કેવળ પરમ પ્રભુ પ્રત્યે, જેઓ સર્વ વસ્તુઓ અને સ્વરૂપોમાં રહેલા છે તેમની પ્રત્યે હોવી જોઈએ.

૬ નવેમ્બર, ૧૯૬૧

*

**(૧૩૪) આખરી આનંદ માટે વેદના કેટલી બધી જરૂરી છે. સંપૂર્ણ સફળતા માટે નિષ્ફળતા કેટલી બધી જરૂરી છે અને આખરી આવેગ માટે અવરોધો કેટલા બધા જરૂરી છે, તે જોવા જ્યારે તું શક્તિશાળી બનશે ત્યારે જ તને ભગવાનનાં કાર્યોની થોડી ઘણી ઝાંખી થશે.**

**(૧૩૫) બધા રોગો આરોગ્યના કોઈ નવીન આનંદને પ્રાપ્ત કરવાનું સાધન છે. બધાં પાપ અને વેદનાઓ વડે પ્રકૃતિ કોઈ વધારે ઉત્કટ આનંદ અને કલ્યાણ તરફ વળાંક લે છે, મૃત્યુ વિશાળતમ અમરતાનાં દ્વાર ખોલી આપે છે. આ શા માટે અને કેવી રીતે બને છે તે પ્રભુનું એક રહસ્ય છે કે જેને અહંતા વિનાનો વિશુદ્ધ આત્મા જ સમજી શકે છે.**

**(૧૩૬) તારું મન અથવા શરીર વેદના કેમ અનુભવે છે? કારણ કે પડદા પાછળ રહેલો તારો આત્મા તો વેદનાની આકાંક્ષા સેવે છે, તે વેદનામાં આનંદ લે છે, પણ જો તું સંકલ્પ કરે અને તેને આગ્રહપૂર્વક વળગી રહે, તો તારાં નિમ્નતર કરણો ઉપર તારા આત્માના શુદ્ધ આનંદના નિયમને લાદી શકે.**

**શ્રી માતાજી :** કેવળ આપણે આ અનુભૂતિ માટે પ્રયત્ન કરવાનો છે અને ખંતપૂર્વક પ્રયત્ન કર્યો જવાનો છે, ત્યાર પછી આપણને ખબર પડશે કે જે અહીં કહેવામાં આવ્યું છે તે તદ્દન સાચું છે.

૧૯ ઑગસ્ટ, ૧૯૬૯

*

**(૧૩૭) અમુક પ્રકારના સંપર્કથી વેદના અને અમુકથી આનંદ જ સર્જાવો જોઈએ એવો કોઈ અફર નિયમ નથી. તારાં કરણો ઉપર બહારથી બ્રહ્મનો જે આવેગ અને દબાણ આવે છે તેનો તારો આત્મા જે પ્રકારે સ્વીકાર કરે છે તે પ્રકાર, વેદના અથવા આનંદના પ્રતિકાર્યને નક્કી કરે છે.**

**શ્રી માતાજી :** એ તો દેખીતું છે કે એક જ ઘટના અથવા એક જ પ્રકારનો સંપર્ક એક વ્યક્તિમાં સુખ અને બીજીમાં દુ:ખ ઉપજાવે છે એનો આધાર તેમના આંતરિક વલણ ઉપર હોય છે.

અને આ અવલોકન આપણને એક મહાન સિદ્ધિ પ્રત્યે દોરી જાય છે; કારણ કે આપણે એકવાર કેવળ સમજી નહિ પણ અનુભવી પણ લઈએ કે સર્વ વસ્તુઓનું મૂળ પરમ પરમાત્મા છે અને જો આપણે તેમના સતત સપર્કમાં રહીએ છીએ તો સર્વ કાંઈ તેમની કૃપાનું કાર્ય બની જાય છે અને શાંત અને જ્યોતિપૂર્ણ આનંદમાં પલટાઈ જાય છે.

૨૧ ઑગસ્ટ, ૧૯૬૯

*

**(૧૩૮) તારામાં રહેલી આત્મશક્તિ અને બહારની વિશ્વાત્મા શક્તિનું જ્યારે મિલન થાય છે ત્યારે તારી માનસ અનુભૂતિનાં તથા દૈહિક અનુભૂતિનાં મૂલ્યોમાં, મિલનની માત્રાઓનો સંવાદ સ્થાપી શકાતો નથી; તેથી તને વેદનાનો, શોકનો, અસુખનો અનુભવ થાય છે. જો તું, તારામાં રહેલી શક્તિ મારફત વિશ્વ-શક્તિએ પૂછેલા પ્રશ્નોનો યોગ્ય ઉત્તર આપતાં શીખી લે તો વેદના સુખદાયક બની જશે, તે નિર્ભેળ આનંદમાં પલટાઈ જશે. સત્ય સંબંધ એ આનંદમયતાની શરત છે; ઋતમ્* એ આનંદની+ ચાવી છે.**

---

* સત્ય : જ્ઞાન અને કર્મનું સત્ય

+ અસ્તિત્વનો આનંદ.

**શ્રી માતાજી :** માનવ સ્વરૂપોને એવી ટેવ હોય છે કે તેઓ અન્ય લોકો સાથેના સંબંધોનો આધાર ભૌતિક, પ્રાણમય અને મનોમય સંપર્કો ઉપર રાખે છે. આથી જ એમનામાં લગભગ હંમેશાં વિસંવાદ અને દુઃખ હોય છે. એને બદલે જો એ લોકો એમના સંબંધોનો પાયો ચૈતસિક સંપર્કો (આત્મા અને આત્મા વચ્ચેના) ઉપર રાખે, તો તેમને જણાશે કે બહારના ખળભળાટભર્યા દેખાવોની પાછળ એક ગહન અને શાશ્વત સંવાદિતા રહેલી છે જે જીવનની સર્વ પ્રવૃત્તિઓમાં પોતાને વ્યક્ત કરી શકે તેમ છે અને ગેરવ્યવસ્થા અને દુઃખને સ્થાને શાંતિ અને આનંદને સ્થાપી શકે છે.

૨૮ ઑગસ્ટ, ૧૯૬૯

*

**(૧૩૯) અતિમાનવ કોણ છે? જે ભૌતિકતાનો સ્વીકાર કરનાર ખંડિત મનવાળા માનવ, એકમથી પર જઈ શકે; અને જે વિરાટ બનેલા, દિવ્ય રૂપાંતર પામેલા પોતાના સ્વરૂપમાં, દિવ્ય શક્તિનો, દિવ્ય પ્રેમનો, દિવ્ય આનંદનો અને દિવ્ય જ્ઞાનનો સ્વામી બની ગયો હોય.**

**શ્રી માતાજીઃ** અત્યારે હવે અતિમાનવની રચના થઈ રહી છે અને આ પ્રક્રિયા પૂર્ણ રીતે થઈ શકે તે માટે આ પૃથ્વી ઉપર હાલમાં જ એક નૂતન ચેતનાનો આવિર્ભાવ થયો છે.

પરંતુ કોઈ માનવ-સ્વરૂપ હજી આ પ્રકારની ચરિતાર્થતાને પહોંચ્યું હોય તે શક્ય નથી, ખાસ કરીને એની સાથે શરીરનું રૂપાંતર થયેલું હોવું જોઈએ, અને એ વસ્તુ હજી સિદ્ધ થઈ નથી.

૩૦ ઑગસ્ટ, ૧૯૬૯

*

**(૧૪૦) જો તું મર્યાદિત માનવીય અહંતાને વળગી રહેશે અને તારી જાતને અતિમાનવ માની લેશે તો એમ સમજજે કે તારું અભિમાન તને મૂર્ખ બનાવી રહ્યું છે; તું તારી પોતાની શક્તિનું રમકડું બની રહ્યો**

**છે, તારી ભ્રમણાનું તું કરણ બની રહ્યો છે.**

**શ્રી માતાજી :** આનો ગર્ભિતાર્થ એ છે કે જે સૌ મહત્ત્વાકાંક્ષી લોકો પોતાની જાતને અતિમાનવ તરીકે જાહેર કરે છે તેઓ કેવળ ધૂતારા અથવા તો અભિમાનથી ભરેલા મનુષ્યો છે, જેઓ પોતાની જાતને છેતરે છે અને બીજાઓને છેતરવા પ્રયત્ન કરે છે.

૩૦ ઑગસ્ટ, ૧૯૬૯

*

**(૧૪૧) નિત્શેએ અતિમાનવનું દર્શન ઊંટ જાતિમાંથી પસાર થઈને આવેલા સિંહ-આત્મામાં કર્યું હતું. પણ અતિમાનવની સાચી નિશાની એ છે કે તે સિંહ-આત્મા, સમૃદ્ધિની કામધેનુ ઉપર ઊભેલા ઊંટ પર સવારી કરે છે. જો તું સમગ્ર માનવજાતિનો ગુલામ નહિ બની શકે, તો તું તેનો સ્વામી બનવા માટે લાયક નથી. જો તું વસિષ્ઠની સમગ્ર માનવ જાતિની કામનાઓને પરિપૂર્ણ કરતી કામધેનુ નહિ બની શકે તો પછી તારી સિંહ સરખી અતિમાનવતાથી શું ફાયદો છે?**

**શ્રી માતાજી :** માનવજાતિના ગુલામ બનવાનો અર્થ, માનવજાતિની સેવા કરવા તૈયાર રહેવું એવો થાય છે; અને પોતાની જાતને કામધેનુ બનાવવી એટલે માનવ જાતિના પોતાના અજ્ઞાન અને દુર્બળતામાંથી બહાર નીકળવા માટે જે શક્તિ, જ્યોતિ અને બળની જરૂરિયાત છે તેમને ભરપૂર પ્રમાણમાં વહેતાં મૂકવાં. જો આમ ન હોય તો પછી, અતિમાનવ સ્વરૂપ એ આ પૃથ્વીને સહાય કરનાર નહિ પણ ભારરૂપ વસ્તુ બની રહે.

૩૧ ઑગસ્ટ, ૧૯૬૯

*

**(૧૪૨) નિર્ભયતામાં અને અધીશ્વરતામાં તું ઈશ્વર પ્રત્યે સિંહ સમાન બન; ધીરજમાં અને સેવામાં તું ઊંટ સમાન બન; શાંતિમાં,**

**ક્ષમાશીલતામાં અને માતા સમાન કલ્યાણકારિતામાં તું કામધેનુ જેવો બન, ભગવાનના બધા જ આનંદોનો તું સિંહની જેમ ઉપભોગ કર, અને સમૃદ્ધ આનંદના તે અનંત ક્ષેત્રોમાં મુક્ત રીતે હરવા ફરવા માટે સમગ્ર માનવજાતિને આમંત્રી લાવ.**

**શ્રી માતાજી :** સ્વરૂપ જ્યાં સુધી દિવ્ય ન બની જાય ત્યાં સુધી આ બધા ગુણોની જરૂર હોય છે; આનાથી એ વસ્તુ યાદ કરાવવામાં આવે છે કે માનવજાતિના ઊર્ધ્વ પ્રત્યે આરોહણ વિના રૂપાંતરનું કાર્ય સંપૂર્ણ નહિ થાય.

૧ સપ્ટેમ્બર, ૧૯૬૯

*

**(૧૪૩) જો કલાની સાધના માત્ર પ્રકૃતિનું અનુસરણ કરવામાં જ હોય તો બધાં જ ચિત્ર-પ્રદર્શનોને આગ ચાંપી દો અને તેની જગ્યાએ માત્ર ફોટોગ્રાફીના સ્ટુડિયો જ ઊભા કરી દો. પ્રકૃતિ જે વસ્તુને ગૂઢ રાખે છે તેને કલા પ્રગટ કરે છે. તેથી જ તો એક નાના સરખા ચિત્રની કિંમત કરોડપતિઓનાં બધાં જ રત્નો અને રાજાઓના ખજાનાઓ કરતાં અધિક હોય છે.**

**(૧૪૪) જો તમે માત્ર દૃશ્ય પ્રકૃતિનું જ અનુકરણ કરશો, તો તમે કાં તો મૃત દેહનું, નિષ્પ્રાણ રેખાંકનનું અથવા કોઈ બેહૂદી વસ્તુનું સર્જન કરશો. પરંતુ સત્ય તો દૃષ્ટિગોચર અને ઈન્દ્રિયગમ્ય પદાર્થની ભીતરમાં અને તેને પેલે પાર રહેલી જીવંત ચેતનામાં વસે છે.**

***બાળક : એમ કહેવાય છે કે ફોટોગ્રાફી એ આધુનિક કલાનું એક માધ્યમ છે. આપનો એ બાબતમાં શું અભિપ્રાય છે?***

**શ્રી માતાજી :** એનો આધાર, ફોટોગ્રાફીને કઈ રીતે ઉપયોગમાં લેવામાં આવે છે તેના ઉપર રહે છે. એનો કુદરતી હેતુ અને સામાન્ય ઉપયોગ તે દસ્તાવેજી પ્રકારનાં છે; એ જેટલા અંશે વધુ સુનિશ્ચિત અને ચોક્કસ હોય છે તેટલા પ્રમાણમાં વધુ ઉપયોગી બને છે. પરંતુ એ વસ્તુનો ઇન્કાર થઈ શકે તેમ

નથી કે એવા પણ કલાકારો છે જેઓ ફોટોગ્રાફીનો ઉપયોગ અભિવ્યક્તિના એક સાધન તરીકે કરે છે. પરંતુ એવો પ્રસંગે, તેઓ જે કાંઈ કરે છે તે કાંઈ પ્રકૃતિની આબેહૂબ નકલ નથી હોતી. એમાં તો આકૃતિ અને રંગોની એક એવી યોજના હોય છે જેને લઈને, ભૌતિક દેખાવો વડે જે કોઈ અન્ય વસ્તુને સંતાડી રાખે છે, તેને એ પ્રગટ કરે છે.

૪ સપ્ટેમ્બર, ૧૯૬૯

*

**(૧૪૫) હે કવિ, હે કલાકાર, શું તું એમ માને છે કે, જો તું પ્રકૃતિની સામે દર્પણ ધરીશ તો એ તારા કલા સર્જનમાં રાચશે; અરે ! એ તો તે સર્જન તરફથી પોતાનું મુખ ફેરવી લેશે. કારણ કે તું એને ત્યાં કેમ પકડી રાખી રહ્યો છે? શું તું તેને તેનું સ્વરૂપ બતાવી રહ્યો છે? ના, તું તો કેવળ એક નિષ્પ્રાણ રેખાંકન, પડછાયા, અને પ્રતિબિંબ રૂપ ઠઠ્ઠાચિત્ર બતાવી રહ્યો છે. તારે તો પ્રકૃતિના નિગૂઢ આત્માને પકડવાનો છે; તારે તો બાહ્ય પ્રતીકમાં રહેલા સનાતન સત્યની ખોજ કરવાની છે; અને તું જેને શોધી રહ્યો છે તેને માટે કે તારે માટે કોઈ પ્રકારનું દર્પણ ખપમાં લાગવાનું નથી.**

***બાળક : શ્રી અરવિંદ અહીં કયા "શાશ્વત પ્રતીકની* વાત કરે છે?***

**શ્રી માતાજી :** શાશ્વત પ્રતીક એ પ્રકૃતિનો નિગૂઢ આત્મા છે અને આ આત્માના સત્યને જ, કવિઓએ અને કલાકારોએ શોધવું અને વ્યક્ત કરવું જોઈએ.

૭ સપ્ટેમ્બર, ૧૯૬૯

*

* આ શબ્દ ફ્રેંચમાંથી અંગ્રેજીમાં ભાષાંતર કરતી વેળાએ external symbol (બાહ્ય પ્રતીક) ને બદલે eternal symbol (શાશ્વત પ્રતીક) એવો વંચાતો હતો. માટે તેમ રાખ્યો છે.

**(૧૪૬) મને લાગે છે કે ગ્રીક લોકો કરતાં શેક્સપિયર વધારે મહાન અને સુસંગત રીતનો વિશ્વવાદી હતો. લેન્સેલૉટ લોબો અને તેના કૂતરાથી માંડી લિયર અને હૅમ્લેટ સુધીનાં તેનાં બધાં જ સર્જિતપાત્રો, વૈશ્વિક પ્રકારનાં છે.**

**(૧૪૭) ગ્રીક લોકો સૂક્ષ્મતર વ્યક્તિગત લક્ષણોને બાકી રાખીને વૈશ્વિકતાની ખોજ કરતા. શેક્સપિયર પાત્રોની વ્યક્તિગત વિરલ વિગતોને વૈશ્વિક બનાવીને વૈશ્વિકતાની ખોજ કરતો હતો. અનંતને આપણાથી ગૂઢ રાખવામાં જેનો ઉપયોગ કરે છે, તેનો ઉપયોગ, શેક્સપિયર મનુષ્યમાં રહેલા અનંતગુણ સ્વરૂપને માનવજાતિનાં ચક્ષુઓ સમક્ષ પ્રગટ કરવામાં કરતા.**

**(૧૪૮) પ્રગતિ સામે દર્પણ કરવાનું પ્રતીક શેક્સપિયરે શોધી કાઢ્યું હતું; અને છતાં તે એક જ એવો કવિ હતો કે જે માત્ર નકલ, ફોટોગ્રાફ અથવા પ્રતિબિંબનું જ સર્જન કરવાની હદ સુધી નીચે ઊતરી પડ્યો ન હતો. જે વાચક ફૉલ્સ્ટાફમાં, મૅકબેથમાં, લિયરમાં અથવા હૅમ્લેટમાં કેવળ પ્રકૃતિનાં અનુકરણ જ જુએ છે તેનામાં કાં તો આત્માનાં અંતરચક્ષુ નથી અથવા તો તે એક રૂઢ થયેલા નિયમના સંમોહનમાં આવેલ છે.**

**(૧૪૯) ભૌતિક પ્રકૃતિમાં તમે ફૉલ્સ્ટાફને, મૅકબેથને અથવા લિયરને ક્યાં જોઈ શકશો? ભૌતિક પ્રકૃતિમાં તે પાત્રોના પડછાયા અને સૂચનો તો છે, પરંતુ તે પાત્રો પોતે તો પ્રકૃતિ ઉપર ટાવરની જેમ ઊભેલાં છે.**

**(૧૫૦) બે પ્રકારના માણસો માટે આપણે આશા સેવી શકીએ — એક તો જેણે ભગવાનનો સ્પર્શ પ્રાપ્ત કર્યો હોય અને જે તેનાથી આકર્ષાયો હોય તે અને બીજો શંકાશીલ શોધક અને આત્મવિશ્વાસવાળો નાસ્તિક. પરંતુ બધા ધર્મોને રૂઢિઓ અને નિયમોમાં બાંધનાર લોકો અને સ્વતંત્ર વિચાર વિશે પોપટની જેમ વાતો કરનાર લોકો, જાતે જ મરેલા છે અને તેઓ જે મૃત્યુને અનુસરે છે તેને જ જીવન**

**કહે છે.**

***બાળક : જે લોકો ધર્મોને "વિધિવત્ રૂપ આપનારા" હોય છે તેઓ શું સામાન્ય લોકોને પ્રભુની એક પ્રતિકૃતિ પૂરી પાડીને મદદ કરતા નથી? આપને એમ નથી લાગતું કે ધર્મ વડે સામાન્ય લોકોને સહાય મળે છે?***

**શ્રી માતાજી :** જે કાંઈ બને છે તે પરમ પ્રભુના સંકલ્પ અનુસાર, સમગ્ર સૃષ્ટિને પરમ તત્ત્વના જ્ઞાન પ્રત્યે દોરી જવા માટે બને છે.

પરંતુ આ કાર્યનો મોટામાં મોટો ભાગ વિરોધાભાસ અને ઈન્કાર દ્વારા વધુ કાર્ય કરે છે. ધર્મો આવી રીતે તેમના કહેવાતા માનનારાઓ કે જેઓમાં કશી શ્રદ્ધા હોતી નથી અને અનુભવ તો એથી પણ ઓછો હોય છે તેમને માટે કાર્ય કરે છે.

૧૪ સપ્ટેમ્બર, ૧૯૬૯

*

**(૧૫૧) એક માણસ એક વૈજ્ઞાનિક પાસે ગયો અને તેને કંઈક શીખવવા વિનંતિ કરી. વૈજ્ઞાનિકે તેને સૂક્ષ્મદર્શક યંત્રના તથા દૂરદર્શક યંત્રના આવિષ્કારો બતાવ્યા. પેલો માણસ હસીને બોલ્યો, "આમાં તો તમે જ કાચને માધ્યમ તરીકે વાપરો છો તેણે, દેખીતી રીતે, આંખ ઉપર લાદેલી ભ્રમણાઓ જ છે, જ્યાં સુધી તમે મને ખુલ્લી આંખે આ બધાં આશ્ચર્યો ન બતાવો ત્યાં સુધી હું આ ન માનું." પછી પેલા વૈજ્ઞાનિકે ઘણી સુસંગત હકીકતો તથા પ્રયોગો વડે પોતાના જ્ઞાનની વિશ્વસનીયતા સાબિત કરી. પણ પેલો માણસ ફરી હસીને બોલ્યો, "તમે જેને સાબિતીઓ કહો છો તેમને હું જોગાનુજોગ બનતી ઘટનાઓ કહું છું, અને જોગાનુજોગ બનતી ઘટનાઓની સંખ્યાઓ કાંઈ સાબિતીનું સ્થાન ન લઈ શકે. તમે કરેલા પ્રયોગો, સ્પષ્ટ જણાય છે કે, અસાધારણ પરિસ્થિતિઓમાં કરવામાં આવ્યા છે અને તે બધા તો પ્રકૃતિનું એક ગાંડપણ છે." જ્યારે તે માણસની આગળ ગણિત-શાસ્ત્રનાં પરિણામો રજૂ કરવામાં આવ્યાં ત્યારે તે માણસ ગુસ્સે થઈને બોલી ઊઠ્યો, "આ બધું તો દંભ, છળકપટ,**

**વહેમ, અને કચરાપટ્ટી છે, તમે મને એવું મનાવી શકશો કે આ બધી અસંભવિત, રહસ્યમય સંખ્યાઓમાં કોઈ વાસ્તવિક શક્તિ અને અર્થ રહેલાં છે?" પછી તે વૈજ્ઞાનિકે એ માણસને સુધારી ન શકાય તેવો મૂર્ખ મનુષ્ય, ગણીને બહાર કાઢી મૂકયો; કારણ કે તે પોતાના જ વિજ્ઞાનની અસ્વીકૃતિઓની અને નિષેધાત્મક તર્કોની પદ્ધતિઓનો સ્વીકાર કરવાને તૈયાર ન હતો. જો આપણે નિષ્પક્ષ, ખુલ્લા મનની શોધને સ્વીકાર કરતા ન હોઈએ તો આપણી અસ્વીકૃતિ ઉપર ઢાંકપિછોડો કરવા માટે આપણને ખૂબ ભારે ભરખમ શબ્દો મળી રહેશે અથવા તો કોઈ પણ પ્રકારની તપાસને રૂંધી નાખે તેવા પ્રયોગો અને કસોટીઓ જડી રહેશે.**

**શ્રી માતાજી :** વૈજ્ઞાનિકો કે જેઓ મોટે ભાગે જડવાદીઓ હોય છે તેઓ ગુહ્યવિદ્યા અને આધ્યાત્મિક જ્ઞાનનો અસ્વીકાર કરવા માટે જે પદ્ધતિઓ વાપરે છે તે પેલા અજ્ઞાન મૂર્ખ લોકો વિજ્ઞાનનો અસ્વીકાર કરવા માટે વાપરે છે તેના જેવી જ હોય છે.

આ વસ્તુ એક શુભ સંકલ્પવાળા મનુષ્યને બતાવી આપે છે કે જ્ઞાનનો અસ્વીકાર કરવો એ કેવળ ઠગબાજી છે.

૧૭ સપ્ટેમ્બર, ૧૯૬૯

*

**(૧૫૨) જ્યારે આપણા મન ભૌતિકતામાં જ રચ્યાં પચ્યાં હોય છે ત્યારે આપણે માત્ર પદાર્થતત્ત્વને જ એક સાચી વાસ્તવિકતા માની લઈએ છીએ. જ્યારે આપણે અભૌતિક ચેતનામાં પ્રવેશ કરીએ છીએ ત્યારે આપણને પદાર્થતત્ત્વ એક આવરણ જ દેખાય છે, અને આપણને ચેતનાનાં અસ્તિત્વમાં જ વાસ્તવિકતાનો સ્પર્શ અનુભવાય છે. એ બેમાંથી સત્ય શું છે? ના, એ તો માત્ર પ્રભુ જ જાણે છે. પરંતુ જેણે તે બન્ને અવસ્થાઓનો અનુભવ કર્યો છે તે સહેલાઈથી કહી શકે એમ છે કે કઈ અવસ્થા જ્ઞાનની બાબતમાં વધારે ફળપ્રદ છે, વધારે બળવાન છે, વધારે**

**આનંદપૂર્ણ છે.**

**(૧૫૩) હું એમ માનું છું કે પાર્થિવ ચેતના કરતાં અપાર્થિવ ચેતના વધારે સત્યમય છે. કારણકે પાર્થિવ ચેતનામાં જે વસ્તુ મારે માટે ગૂઢ હોય છે તેનો મને અપાર્થિવ ચેતનામાં અનુભવ થાય છે, અને મન જેનું પદાર્થમાં જ્ઞાન પ્રાપ્ત કરે છે તેના ઉપર હું શાસન પણ કરી શકું છું.**

***બાળક : આપણે કઈ રીતે હમેશાં એક અપાર્થિવ ચેતનામાં રહી શકીએ?***

**શ્રી માતાજીઃ** આપણે રહી શકીએ નહિ અને એ સારું પણ નથી.

શ્રી અરવિંદે અહીં પેલી બંને ચેતનાઓ (પાર્થિવ અને અપાર્થિવ) કરતાં પણ ઊર્ધ્વમાં રહેલી ચેતનાનો ઉલ્લેખ કર્યો નથી, એટલે કે, જેનામાં સર્વ ચેતનાઓ સમાઈ જાય છે અને જેને લઈને સ્વરૂપની સર્વ ભૂમિકાઓ ઉપરની સર્વ વસ્તુઓ જે જાણી શકે તેમ હોય છે તેવી અતિમાનસ ચેતનાનો. આપણે એ ચેતના માટે અભીપ્સા કરવી જોઈએ કારણકે એ ચેતના જ આપણને સંપૂર્ણ સત્યનું જ્ઞાન આપી શકે છે.

૧૮ સપ્ટેમ્બર, ૧૯૬૯

*

**(૧૫૪) સ્વર્ગ અને નર્ક માત્ર આત્માની ચેતનામાં રહેલા છે. પણ અરે! પૃથ્વી, તેના સમુદ્રો, ક્ષેત્રો, રણો, પર્વતો અને નદીઓ પણ તે જ રીતે આત્માની ચેતનામાં રહેલાં છે. સમગ્ર વિશ્વ માત્ર આત્માના દર્શન માટેની ગોઠવણ છે, બીજું કાંઈ નહિ.**

**(૧૫૫) આ વિશ્વમાં માત્ર એક જ આત્મા અને એક જ અસ્તિત્વ છે. તેથી આપણે બધા માત્ર એક જ વિષયગત વિશ્વને જોઈએ છીએ. પણ એક આત્મ અસ્તિત્વમાં, મનની તથા અહંતાની અનેક ગ્રંથિઓ હોય છે, તેથી આપણે બધા એક જ વિષયને ભિન્ન ભિન્ન પ્રકાશ અને છાયાઓમાં જોઈએ છીએ.**

**(૧૫૬) આદર્શવાદી આ ભૂલ કરે છે; વિશ્વની રચના મન વડે નથી થઈ પણ જેણે એ મનની રચના કરી છે તેણે આ વિશ્વની રચના કરી છે. મન માત્ર ખોટી રીતે જુએ છે, કારણકે સર્જનને તે આંશિક રીતે, વિગતોનું પૃથક્કરણ કરીને જુએ છે.**

***બાળક : દૃષ્ટિ-સૃષ્ટિવાદ આપણા અહીંના જીવનને કઈ રીતે સહાયક બની શકે?***

**શ્રી માતાજી :** શ્રી અરવિંદ અહીં તત્ત્વજ્ઞાનની એક એવી શાખાની વાત કરે છે જેમાં એમ માનવામાં આવે છે કે આ સૃષ્ટિનું સર્જન વિચાર વડે થયેલું છે. કુદરતી રીતે, એ ખોટી વાત છે.

આ દૃષ્ટિસૃષ્ટિવાદીઓ, જેઓ પદાર્થતત્ત્વના ગુલામ બનવાનો ઇનકાર કરે છે તેઓ તેમની મીમાંસાનો પ્રચાર કરે તેના કરતાં તેમના જ તત્ત્વજ્ઞાન અનુસાર, લોકોને ભૌતિક કામનાઓના દાસ બનતા બંધ કરી શકે તો વધુ સારું.

૨૨ સપ્ટેમ્બર, ૧૯૬૯

*

**(૧૫૭) રામકૃષ્ણે આમ કહ્યું હતું અને વિવેકાનંદે આમ કહ્યું હતું, એ બધું ઠીક છે, પણ પ્રભુના અવતારે જેનું ઉચ્ચારણ કર્યું નથી અને પયગંબરે પોતાના ઉપદેશમાં જેનો સમાવેશ નથી કર્યો તે સત્યોનું એક જ્ઞાન પ્રાપ્ત કરવા દો. માનવના વિચારે જેનો ખ્યાલ બાંધ્યો છે અને માનવની જીભે જેનું ઉચ્ચારણ કરેલું છે તેના કરતા વધારે વસ્તુઓ ભગવાનમાં સદા વિદ્યમાન રહેવાની જ.**

**(૧૫૮) રામકૃષ્ણ કોણ હતા? માનવમાં પ્રગટ થયેલા પ્રભુ; પરંતુ તેની પાછળ પ્રભુ પોતાની અનંત અવ્યક્તિતામાં તથા વૈશ્વિક વ્યક્તિતામાં વિરાજમાન છે. અને વિવેકાનંદ કોણ હતા? શિવનાં ચક્ષુમાંથી એક પ્રકાશવંત દૃષ્ટિપાત. પરંતુ તેમની ભીતરમાં, જેમાંથી તે આવ્યા હતા તે, દિવ્ય દૃષ્ટિ છે, શિવ પોતે છે અને બ્રહ્મા, વિષ્ણુ અને સર્વ વસ્તુઓને અતિક્રમી જતો ૐ છે.**

***બાળક : એકવાર અતિમાનસ ચેતના આ પૃથ્વી ઉપર દૃઢપણે સ્થપાઈ જાય તે પછી પૃથ્વી ઉપર અવતારોને જન્મ લેવાની જરૂર રહેશે ખરી?***

**શ્રી માતાજી :** જ્યારે આ પૃથ્વી ઉપરનાં સજીવ સ્વરૂપોમાં અતિમનસ પ્રગટ થશે ત્યારે આ પ્રશ્નનો ઉત્તર આપવો સરળ હશે.

મેં હંમેશાં એમ સાંભળ્યું છે કે શ્રી અરવિંદ એ "છેલ્લા અવતાર" હતા; પરંતુ કદાચ મનુષ્ય દેહમાંના એ છેલ્લા અવતાર હશે, પછી શું થશે તે હું જાણતી નથી.....

૨૩ સપ્ટેમ્બર, ૧૯૬૯

*

**(૧૫૯) માનવમાં રહેલા ભગવાનરૂપે કૃષ્ણને જેણે જાણ્યા નથી, તેને ભગવાનનું સંપૂર્ણ જ્ઞાન નથી. જે માત્ર કૃષ્ણને જ જાણે છે તે કૃષ્ણને પણ જાણતો નથી. છતાં આની વિરુદ્ધનું સત્ય પણ સાચું છે કે જો તને એક નાનકડા, ફિક્કા, કદરૂપા, સુંગધરહિત ફૂલમાં સમગ્ર પ્રભુનાં દર્શન થઈ શકે, તો તે તેને ભગવાનની પરાત્પર વાસ્તવિકતાનો ભાગ લાગશે.**

***બાળક : જેણે એક વખત શ્રી અરવિંદનો યોગમાર્ગ સ્વીકાર્યો હોય તેણે બીજા દેવો અને દેવીઓની ભક્તિ કરવાનું બંધ ન કરી દેવું જોઈએ?***

**શ્રી માતાજી :** જે વ્યક્તિ શ્રી અરવિંદે બતાવેલા યોગમાર્ગનું સાચી રીતનું અનુસરણ કરતી હશે, તે તો જેવી આ માર્ગની અનુભૂતિઓ પ્રાપ્ત કરવાની શરૂઆત કરશે, કે તરત જ તેને માટે, તેની ચેતનાને, કોઈ દેવ કે દેવી એ સૌના સમુદાયની અંદર જ મર્યાદિત કરી દેવી એ કામ મુશ્કેલીભર્યું છે, એમ અનુભવશે.

૨૬ સપ્ટેમ્બર, ૧૯૬૯

*

**(૧૬૦) શૂન્ય તત્ત્વચિંતનની વંધ્ય પાશ જાળને તથા અફલદ્રુપ બૌદ્ધિક-સૂકી ધૂળને દૂર ફગાવી દે. માત્ર તે જ જ્ઞાન પ્રાપ્ત કરવા જેવું**

**છે કે જેનો ઉપયોગ જીવંત આનંદની પ્રાપ્તિ માટે થઈ શકે અને જે સ્વભાવમાં, ક્રિયામાં, સર્જનમાં અને અસ્તિત્વમાં અમલી બનાવી શકાય.**

**(૧૬૧) તને જે જ્ઞાન મળ્યું છે તે પ્રમાણે જીવી જા. અને તેના જેવો જ બની રહે. તો જ તારું જ્ઞાન તારામાં રહેલા જીવંત પરમાત્મારૂપ બની જશે.**

***બાળક : આપણા માર્ગમાં "બૌદ્ધિક સંસ્કારિતા" આપણને કેટલી હદ સુધી સહાય કરી શકે?***

**શ્રી માતાજી :** જો બૌદ્ધિક સંસ્કારને છેક છેવટની મર્યાદા સુધી ખેંચી જવામાં આવે તો એ મનને એવા અસંતોષકારક સ્વીકાર પ્રત્યે દોરી લઈ જાય છે કે સત્યને જાણવાની ક્ષમતા તેનામાં નથી અને, જે લોકોમાં સાચા અંતરની અભીપ્સા હોય છે, તેમને શાંત થઈ જવા અને, નીરવતામાં ઊર્ધ્વ પ્રદેશો પ્રત્યે ખુલ્લા થવા પ્રત્યે દોરી જાય છે અને ત્યાંથી તેમને જ્ઞાન પ્રાપ્ત થાય છે.

૨૭ સપ્ટેમ્બર, ૧૯૬૯

*

**(૧૬૨) ઉત્ક્રાંતિનો અંત આવી ગયો નથી; તર્ક એ કોઈ આખરી શબ્દ નથી, તેમ તર્કયુક્ત બુદ્ધિ એ પ્રકૃતિનું કોઈ શ્રેષ્ઠ સર્જન નથી. માનવ જેમ પશુમાંથી ઉત્ક્રાન્ત થયો છે, તેમજ માનવમાંથી અતિમાનવ પ્રગટી રહે છે.**

**શ્રી માતાજી :** શ્રી અરવિંદે "પ્રગટી" ક્રિયાપદ, કયા કાળમાં વાપર્યું છે — વર્તમાનકાળ કે ભવિષ્યકાળમાં તે જાણવા માટે મારે અંગ્રેજી પાઠ જોવો જોઈશે.

જો એ ભવિષ્યકાળમાં હોય તો એ એક વચન છે તે આપણે સૌ જાણીએ છીએ અને તેની સિદ્ધિને માટે કાર્ય કરીએ છીએ. જો એ વર્તમાનકાળમાં હોય તો મારે કંઈ ઉમેરવાનું નથી. ૨૯ સપ્ટેમ્બર, ૧૯૬૯

*

**(૧૬૩) કાયદાનું કડક રીતે પાલન કરવાની શક્તિ સ્વતંત્રતાનો પાયો છે; તેથી ઘણી ખરી સાધના-પદ્ધતિઓમાં સાધક દિવ્ય અસ્તિત્વની પરિપૂર્ણ સ્વતંત્રતામાં આરોહણ કરે તે પહેલાં તેને તપ કરવું પડે છે, અને પોતાનાં નિમ્નતર અંગ-ઉપાંગોમાં નિયમનને સંપૂર્ણ રીતે પામવું પડે છે. જે સાધના પ્રણાલિઓનો પ્રારંભ સ્વતંત્રતાથી જ થાય છે, તે એવા બળવાન સાધકો માટે છે, કે જેઓ સ્વાભાવિક રીતે જ મુક્ત છે, અથવા તો જેમણે પોતાના પૂર્વજન્મોમાં પોતાની મુક્તિનો પાયો નાંખી દીધો હોય છે.**

**(૧૬૪) જેમનામાં પોતે સ્વીકારેલા નિયમનું પરિપૂર્ણ, સ્વતંત્ર, બુદ્ધિપૂર્વકનું પાલન કરવાની શક્તિ ઓછી છે, તેમણે બીજાઓના સંકલ્પને વશ વર્તવું જોઈએ. કેટલાક દેશો પરાધીન છે એનું આ એક મુખ્ય કારણ છે. તેમના શાસકના પગ તળે તેમની વિક્ષેપકારક અહંતા ચગદાઈ જાય છે ત્યાર પછી જ તેમને સ્વતંત્રતા આવે છે અથવા તો, જો તેઓમાં શક્તિ હોય છે તો પોતાની જાતે જ સ્વતંત્રતા દ્વારા સ્વતંત્રતા પ્રાપ્ત કરવાની તક મેળવી લે છે.**

***બાળક : શ્રી અરવિંદ અહીં "જે સ્વતંત્રતાથી શરૂ થતા" નિયમોની વાત કરે છે તે કયા છે?***

**શ્રી માતાજી :** હું ધારું છું કે શ્રી અરવિંદ અહીં જે નિયમોનો ઉલ્લેખ કરે છે તે જે સમયમાં અનેક પ્રકારના ગુરૂકુળોની જે અગત્યતા અને સત્તા હતી તેઓમાં જે શિક્ષા પદ્ધતિઓને અનુસરવામાં આવતી હતી તેમની વાત કરે છે.

આપણો જમાનો અત્યંત જડવાદી બની ગયો છે અને હવે તેવાં ગુરૂકુળોને એટલી બધી અગત્ય કે સત્તા આપતો નથી.

૩૦ સપ્ટેમ્બર, ૧૯૬૯

*

**(૧૬૫) આપણી અપરિપકવ દશામાં, સ્વતંત્રતા એટલે બીજાઓએ લાદેલા નિયમનું પાલન નહિ પણ આપણે પોતે જ આપણા પર લાદેલા**

**નિયમનું પાલન. પરિપૂર્ણ સ્વતંત્રતા તો આપણે ભગવાનમાં જ અને આત્માની સત્તા વડે જ ભોગવી શકીએ.**

**શ્રી માતાજી :** પ્રભુ સાથે સતતપણે તદાકાર રહેવું અને તેઓ જે ઇચ્છતા હોય તે જ કરવું એ સાચું સ્વાતંત્ર્ય છે.

પરંતુ એમ થઈ શકે તે પહેલાં પણ, આપણે અન્ય લોકોના નિયમો અથવા નૈતિક અને સામાજિક રીતરિવાજોને અનુસરવાને બદલે આપણી જાત પૂરતું કર્મ અને વ્યવહારનો એક ઊર્ધ્વતર નિયમ બાંધી લઈને તેનું જ ચિવટપૂર્વક પાલન કરવું જોઈએ.

૧ ઑક્ટોબર, ૧૯૬૯

***બાળકે : જ્યારે આપણે અમુક સમૂહમાં રહેતા હોઈએ ત્યારે ઘણીવાર બીજા લોકોએ નક્કી કરેલા નિયમોનું પાલન કરવું તે આપણે પોતે ઇચ્છતા હોઈએ તેવી શિસ્તના પાલન કરતાં વધુ જરૂરી નથી હોતું?***

**શ્રી માતાજી :** એ તો દેખીતું છે કે જ્યારે તમે કોઈ એક સમૂહમાં રહેવાનું પસંદ કર્યું હોય, સ્વીકાર્યું હોય ત્યારે તમારે એ સમૂહના નિયમોનું પાલન કરવું જોઈએ, નહિ તો પછી તમે એક અવ્યવસ્થા અને ગૂંચવણ ઊભી કરનાર તત્ત્વ બની રહો છો.

પરંતુ જે શિસ્તને આપણે સ્વેચ્છાએ સ્વીકારી હોય છે તે આપણા આંતરિક વિકાસ અને ઊર્ધ્વતર ચેતનાની ખીલવણી માટે બાધક બનતી નથી.

૩ ઑક્ટોબર, ૧૯૬૯

*

**(૧૬૬) આપણામાં એવું આદર્શમય જીવન અને જ્ઞાન નથી કે આત્માને સાહજિક રીતે અને ભૂલ સિવાય આત્મસિદ્ધિ પ્રત્યે દોરી જાય, અને તેથી જ આપણા ઉપર પાપ પુણ્યનો વિવિધ નિયમ લાદવામાં આવ્યો છે જ્યારે પ્રભુરૂપી સૂર્ય આપણા આત્મા ઉપર, સત્ય અને પ્રેમ સ્વરૂપે, તેના ખુલ્લે-ખુલ્લા તેજ સાથે ભવ્યતાપૂર્વક પ્રકાશે છે ત્યારે આપણા માટે પાપ પૂણ્યનો નિયમ બંધનકર્તા નથી**

**બનતો. ત્યારે મોઝિઝનું સ્થાન ઈશુ ખ્રિસ્ત લે છે, અને શાસ્ત્રનું સ્થાન વેદ લે છે.***

***બાળક : આ પાપ અને પુણ્યના ખ્યાલને લઈને માનવજાતિને કોઈ લાભ થયો હોય એમ આપને લાગે છે?***

**શ્રી માતાજી :** શ્રી અરવિન્દનું કહેવું એમ છે કે હજારો વર્ષ પૂર્વે જ્યારે પાપ અને પૂણ્યનો નિયમ માનવજાતિને માટે સ્થાપવામાં આવેલો ત્યારે એ તેની પ્રગતિ માટે જરૂરી હતો. પરંતુ આજે એનો કોઈ અર્થ કે ઉપયોગિતા રહ્યા નથી અને એની કોઈ દરકાર કરવી નહિ.

એ વસ્તુ એક ભૂતકાળને લગતી છે જેને હવે કોઈ સમર્થન પ્રાપ્ત નથી.

પરંતુ આ વસ્તુ શક્ય બની શકે તે માટે તેમનું સ્થાન એક વધુ જ્યોતિદાયક અને સત્યમય નિયમે લેવું જોઈએ, અવ્યવસ્થા અને ભ્રષ્ટાચારે નહિ.

૪ ઑક્ટોબર, ૧૯૬૯

***બાળક : અને આ વધુ જ્યોતિર્મય નિયમ કયો છે?***

**શ્રી માતાજી :** દિવ્ય વ્યવસ્થાનું સંપૂર્ણ અને સ્વયંભૂ અનુસરણ જ સર્વ નિયમોનું સ્થાન લઈ શકે છે.

૨૬ સપ્ટેમ્બર ૧૯૬૯

***બાળક : અત્યારની નવી પેઢી જેમ કરે છે તેમ બધા જ નૈતિક અને સામાજિક રીતરિવાજોનું ઉલ્લંઘન કરવું એ સારું ગણાય? એ વસ્તુઓનું કશું મૂલ્ય નથી?***

**શ્રી માતાજી :** એક સમયે જે વસ્તુનું જે મૂલ્ય હોય છે તે અન્ય સમયે નથી હોતું કારણકે, માનવ ચેતના હંમેશાં પ્રગતિ કરતી જાય છે. પરંતુ જ્યારે તમે જે કોઈ નિયમનું પાલન કરતા હો તેને છોડી દો ત્યારે તમારે અત્યંત કાળજી લેવી જોઈએ કે તમે એક વધુ ઊર્ધ્વના અને વધુ સત્ય નિયમનું અનુસરણ કરતા થાઓ કે જે તમને ભાવિની સિદ્ધિ પ્રત્યે પ્રગતિ કરાવે.

* શાસ્ત્ર : ધર્મગ્રંથો; વેદ જ્ઞાન.

જ્યાં સુધી તમારામાં કોઈ વધુ ઉચ્ચ અને ઉત્તમ નિયમનું જ્ઞાન ન આવે ત્યાં સુધી જે ચાલુ નિયમ હોય તેનો ત્યાગ કરવાનો તમને કોઈ અધિકાર નથી. તા. ક. મેં ગઈ કાલે લખ્યું હતું તે ફરીથી વાંચી જાઓ, મેં આ વસ્તુ તો તમને સમજાવેલી જ છે.

૫ ઑક્ટોબર, ૧૯૬૯

***બાળક : અમે આ ઊર્ધ્વના નિયમનું અનુસરણ કઈ રીતે કરી શકીએ?****

**શ્રી માતાજી :** દરેક ક્ષણે, પ્રભુ જે ઇચ્છતા હોય તે મુજબ કરો.

૨૬ સપ્ટેમ્બર, ૧૯૭૦

*

**(૧૬૭) આપણે જ્યારે અવિદ્યાના પાશમાં જકડાયેલા હોઈએ છીએ, ત્યારે પણ આપણામાં રહેલા ભગવાન આપણને હંમેશાં સાચી રીતે દોરી રહ્યા હોય છે, પણ ત્યારે, જો કે ધ્યેય તો નિશ્ચિત જ હોય છે છતાં આપણને તેની પ્રાપ્તિ થાય તે પહેલાં, વર્તુલોમાં અને આડરસ્તે આપણે પરિભ્રમણ કરવું પડે છે.**

**શ્રી માતાજી :** પ્રભુએ જે લક્ષ્યનું ભવિષ્યદર્શન કર્યું હોય છે તે હંમેશાં સિદ્ધ થઈને રહે છે. પરંતુ જે લોકોની ચેતના પ્રભુની ચેતના સાથે તદ્રુપ થયેલી હોય છે તેઓ એની પ્રાપ્તિ સીધે-સીધી અને સભાનપણે કરે છે. મોટા ભાગના બીજા જે લોકો તેમના કેવળ બાહ્ય સ્વરૂપ વિષે જ સભાન હોય છે, તેઓ આ લક્ષ્યની પ્રાપ્તિ વાંકેચૂકે રસ્તે થઈને કરે છે અને ઘણીવાર તો એ લોકો વિરુદ્ધની દિશામાં જતા હોય એવું લાગે છે.

૬ ઑક્ટોબર, ૧૯૬૯

*

* આ પ્રશ્ન જ્યારે આ ટિપ્પણીઓ ૧૯૭૦માં પ્રથમવાર પ્રસિદ્ધ કરવામાં આવી ત્યારે પૂછવામાં આવેલો.

**(૧૬૮) ક્રોસ એ યોગમાં આત્માનું તથા પ્રકૃતિનું બળવાન અને પરિપૂર્ણ મિલનનું ચિહ્‌ન છે. પણ આપણું અવિદ્યાની વિશુદ્ધિઓમાં પતન થયેલું હોવાને કારણે, તે ક્રોસ સહનશક્તિ અને વિશુદ્ધિકરણનું પ્રતીક બની ગયો છે.**

**(૧૬૯) ઈશુ ખ્રિસ્ત જગતમાં વિશુદ્ધિકરણ માટે આવ્યા હતા, તેને પરિપૂર્ણ બનાવવા માટે નહિ. પોતાના જીવનકાર્યની નિષ્ફળતાનું અને જે જગતે પોતાનો અસ્વીકાર કર્યો હતો તે જગતમાં તેમણે ભગવાનની તરવાર સાથે ફરી પાછા આવવું પડશે તેનું જ્ઞાન તેમને પહેલેથી જ હતું.**

***બાળક : આ સૂત્રમાં નપ્રભુની તરવારસ્ર કયા અર્થમાં લખાયેલ છે?***

**શ્રી માતાજી :** પ્રભુની તરવાર એટલે એવી શક્તિ જેનો કોઈ પ્રતિરોધ કરી શકે નહિ.

૭ ઑક્ટોબર, ૧૯૬૯

*

**(૧૭૦) મહમ્મદનું જીવનકાર્ય જરૂરી હતું, નહિ તો વિશુદ્ધિકરણના આપણા પ્રયત્નો વિષે અતિશયોક્તિ કરીને આપણે એમ માનીને અટકી જાત કે પૃથ્વી તો સાધુ સંન્યાસી માટે જ છે, અને નગર તો માત્ર રણના શણગારરૂપે જ છે.**

**(૧૭૧) આ બધું હોવા છતાં છેવટે પ્રેમ અને શક્તિ એકઠાં મળીને જગતને બચાવી શકે તેમ છે, પણ એકલો પ્રેમ કે એકલી શક્તિ નહિ. તેથી ઈશુ ખ્રિસ્તને પુનરાગમનની અને ઈસ્લામની પ્રતીક્ષા કરવી પડી, જે ઈસ્લામી અક્રિય અને સ્થિતિચૂસ્ત નથી, તે ઈસ્લામના કાયદાઓ મારફતે મેહદીની આશા રાખી શકે છે.**

**શ્રી માતાજી :** ક્રાઇસ્ટે જે કેવળ પ્રેમનો ઉપદેશ આપેલો એને લઈને એનું રૂપાંતર થઈ શક્યું નહિ. મહમ્મદે કેવળ બળપ્રયોગનો ઉપદેશ આપેલો, તેથી

પણ મનુષ્યમાં લેશમાત્ર રૂપાંતર ન થયું.

આટલા માટે જ, જે ચેતના માનવજાતિનું રૂપાંતર કરવા માટે સક્રિય બનેલી છે તે બળ અને પ્રેમને એકત્ર કરે છે, અને જે સ્વરૂપ આ પૃથ્વી ઉપર આ રૂપાંતર સિદ્ધ કરવા માટે આવશે તે દિવ્ય પ્રેમની શક્તિ સાથે લઈને આવશે.

૧૦ ઑક્ટોબર, ૧૯૬૯

*

**(૧૭૨) નિયમન, જગતને બચાવી શકે તેમ નથી, તેથી જ મોઝિઝનાં અનુશાસનો માનવજાતિ માટે મરી પરવાર્યાં છે. અને બ્રાહ્મણનું શાસ્ત્ર દૂષિત બનીને મૃતવત્ પડ્યું છે. સ્વતંત્રતામાં નિર્મુક્ત થયેલો કાયદો માનવને મુક્તિ અપાવી શકે તેમ છે. પંડિત નહિ પણ યોગી, સંન્યાસ નહિ, પણ કામનાનો, અવિદ્યાનો, તથા અહંતાનો આંતરિક ત્યાગ જ માનવને મુક્તિ અપાવી શકે તેમ છે.**

**શ્રી માતાજી :** આ વસ્તુ એટલી બધી સ્પષ્ટ છે કે એનો કોઈ વિરોધ કરી શકે તેમ નથી અને આપણે પણ બરાબર એ જ વસ્તુ કરવા પ્રયાસ કરી રહ્યા છીએ. પરંતુ માનવપ્રકૃતિ બળવાખોર છે અને સ્વતંત્રતાની પ્રાપ્તિ માટે પોતાની કામનાઓ; અજ્ઞાન અને અહંતાની કિંમત ચૂકવવી એને ભારે લાગે છે.

મોટા ભાગના લોકો સ્વતંત્રતા કરતાં કામના, અજ્ઞાન અને અહંતાની ગુલામી કરવી વધુ પસંદ કરે છે.

૧૩ ઑક્ટોબર, ૧૯૬૯

*

**(૧૭૩) એકવાર ઊર્મિવશ બનીને વિવેકાનંદે પણ આ તર્કાભાસને કબૂલ્યો હતો કે બહુ જ અનીતિમય બની શકે તેવા વ્યક્તિસ્વરૂપધારી પ્રભુને ચલાવી લઈ શકાય નહિ અને તેથી બધા સારા માણસોની એ ફરજ થઈ પડે છે કે તેનો પ્રતિકાર કરવો. પણ જો સર્વશક્તિધારી, નીતિથી પર પ્રજ્ઞા અને સકલ્પ જો જગતનું**

**શાસન કરશે તો એ પ્રભુનો પ્રતીકાર કરવો ચોક્કસ અશક્ય બની જશે. આપણો પ્રતીકાર જ તેના હેતુઓને સિદ્ધ કરશે અને તેની જ પ્રેરણાના ફળરૂપ બની જશે. પછી તેનો તિરસ્કાર અને અસ્વીકાર કરવા કરતાં, તેનું અધ્યયન કરી તેને સમજવો, તેનું જ્ઞાન મેળવવું, એ વધારે સારું ન ગણાય?**

**(૧૭૪) જો આપણે પ્રભુનું જ્ઞાન મેળવવું હોય, તો આપણે આપણાં અહંતાપૂર્ણ, અજ્ઞાનમય માનવ ધોરણોનો ત્યાગ કરવો પડશે, અથવા તો તેમને વધુ ઉમદા અને વિશ્વવ્યાપી બનાવવા પડશે.**

**શ્રી માતાજી :** ખાસ કરીને જ્યારથી માનવ જાતિનું આગમન થયું છે ત્યારથી આ વિશ્વ વિષેની માનવીની સમજ ભયંકર રીતની અનૈતિક, દુઃખપૂર્ણ અને વિરૂપ પ્રકારની રહી છે. એટલે માનવની ચેતના માટે આ જગત કોઈ વ્યક્તિરૂપ પ્રભુએ બનાવ્યું હોય તેમ માનવું કઠણ હોય છે, કારણકે માણસને તો એમ જ લાગે છે કે આ જગત કોઈ સર્વશક્તિમાન દૈત્યનું કાર્ય છે.

પરંતુ શ્રી અરવિંદ ઉમેરે છે કે એનો તિરસ્કાર કરવા કરતાં સમજવા પ્રયત્ન કરવો એ વધુ સારું છે.

અને એ તો નક્કી છે કે આ રીતે સમજવાનો સારામાં સારો રસ્તો એ છે કે આપણે એ પરમ ચેતના સાથે તાદાત્મ્ય કરીને એ જે રીતે જોતી હોય તે રીતે જોવું અને એ જે રીતે સમજતી હોય તે રીતે સમજવું. ખરું ડહાપણ તો બેશક આ જ છે.

અને પરમ પ્રભુ સાથે તાદાત્મ્ય સાધવા માટે યોગ કરવો એ સાચો રસ્તો છે.

૧૫ ઑક્ટોબર, ૧૯૬૯

*

**(૧૭૫) સારો માણસ મરી જાય છે અથવા નિષ્ફળ નીવડે છે, અને પાપી માણસ જીવે છે અને સફળતા પ્રાપ્ત કરે છે, વિજયને વરે છે. તેથી શું ભગવાન અનિષ્ટ–પાપમય છે? આ પરિણામમાં મને**

**કોઈ તાર્કિકતા દેખાતી નથી. પ્રથમ તો મને એવી ખાતરી થવી જોઈએ કે મૃત્યુ અને નિષ્ફળતા એ અનિષ્ટ વસ્તુઓ છે. કેટલીક વાર મને એમ લાગે છે કે જ્યારે એ વસ્તુ જીવનમાં આવે છે ત્યારે તે ક્ષણપૂરતું તેઓ જ આપણે માટે પરમ કલ્યાણકારી વસ્તુઓ હોય છે. પણ આપણાં હૃદય અને આપણા નાડીતંત્રો આપણને મૂર્ખ બનાવે છે. તે એવી દલીલ કરતાં હોય છે કે જે તેમને જોઈતું કે ગમતું ન હોય તે ચોક્કસ અનિષ્ટ જ હોય!**

***બાળક : પરંતુ જે લોકો નસીબના બળીયા હોય છે અને જે કાંઈ કરતા હોય છે તેમાં નિષ્ફળ જ જતા હોય છે તેમનું શું?***

**શ્રી માતાજી :** પહેલી વાત એ કે, પ્રથમ અને આખરી વાર તમારે જાણી લેવું કે દુર્ભાગ્ય કે સદ્ભાગ્ય જેવી વસ્તુઓનું અસ્તિત્વ નથી.

આપણને આપણા અજ્ઞાનને કારણે જે વસ્તુ સદ્ભાગ્ય લાગે છે તે કેવળ એવાં કારણોનું પરિણામ હોય છે, જેમના વિશે આપણે કશું જાણતા નથી હોતા.

એ વસ્તુ તો નક્કી છે કે જે કોઈ કામનાપૂર્ણ હોય છે અને જ્યારે એની કામનાઓ સંતુષ્ટ નથી થતી, ત્યારે એ વસ્તુ બતાવી આપે છે કે પ્રભુની કૃપા એની સાથે છે અને એને અનુભવ દ્વારા ત્વરિત પ્રગતિ કરાવવા માટે એ વસ્તુ શીખવવા માગે છે કે શાંતિ અને જ્યોતિપૂર્ણ સુખ પ્રાપ્ત કરવા માટે પ્રભુના સંકલ્પ પ્રત્યે સ્વેચ્છાપૂર્ણ અને સ્વયંભુ આત્મસમર્પણ એ કોઈ કામનાને સંતોષવા કરતાં વધુ ખાતરીભર્યો માર્ગ છે.

૧૭ ઑક્ટોબર, ૧૯૬૯

*

**(૧૭૬) જ્યારે હું મારા ભૂતકાળના જીવન પર નજર કરું છું, ત્યારે મને જણાય છે કે જો હું નિષ્ફળતા અને કષ્ટ પામ્યો ન હોત તો હું મારા જીવનના પરમ આશીર્વાદોથી વંચિત રહ્યો હોત. છતાં જ્યારે નિષ્ફળતા અને કષ્ટો મારા પર આવી પડ્યાં ત્યારે હું વિપત્તિના ભાનથી અત્યંત મૂંઝાઈ ગયો કારણ કે આપણી ખૂબ જ નજીકની વસ્તુ સિવાય કાંઈ જોઈ શકતા નથી અને તેથી આપણે આવા**

**બૂમ બરાડા અને ઉકળાટ પ્રગટ કરીએ છીએ. હે મૂર્ખ હૃદયો, શાંત બનો! અહંતાનો વધ કરો, વિશાળતાપૂર્વક અને વિશ્વવ્યાપી દૃષ્ટિ રાખતાં અને અનુભવતાં શીખો.**

**(૧૭૭) પરિપૂર્ણ વૈશ્વિક દર્શન અને વૈશ્વિક ભાવના સર્વ ભૂલોનો અને વેદનાઓનો એકમાત્ર ઈલાજ છે, પણ મોટા ભાગના માણસો તો માત્ર અહંતાની હદ વિસ્તારવાનો જ વિચાર કરતા હોય છે.**

**બાળક : *"વૈજ્ઞાનિક દર્શન અને વૈશ્વિક ભાવના" શું છે અને તેઓ કઈ રીતે પ્રાપ્ત થઈ શકે?***

**શ્રી માતાજી :** આનો અર્થ કેવળ એટલો જ છે કે આપણી પાસે આખી પૃથ્વીને સમગ્રપણે એક જ સમયે જોવાની દૃષ્ટિ હોવી જોઈએ અને આ રીતની દૃષ્ટિને પરિણામે જે લાગણી પેદા થાય તે એની ભાવના છે. આ સમગ્રતામાં સર્વ વસ્તુઓ એક જ સમયે, પ્રકાશ અને અંધકાર, દુઃખ અને સુખ, પીડા અને મોજમજા, એ બધું એક સાથે હોય છે, એ સર્વ મળીને આપણી અંદર પ્રભુ પ્રત્યે એક ભક્તિભાવનો સ્પંદ ઊભો કરે છે, જેમ બધા જ નાદો એકઠા મળે છે ત્યારે એમાંથી પ્રભુનું એક પરમ આવાહન કરનાર નાદ : **ઓમ્** ઊભો થાય છે તેમ.

૧૮ ઑક્ટોબર, ૧૯૬૯

*

**(૧૭૮) માણસો કહે છે અને વિચારે છે કે "મારા દેશ માટે," "માનવજાતિ માટે", "જગત માટે", પણ ખરી રીતે તો તેઓનો આશય એમ જ હોય છે કે, "મારા દેશમાં રહેલા મારા માટે!", "માનવજાતિમાં દેખાતા મારા માટે!", "જગતમાં કલ્પાયેલા મારે માટે!" આ વસ્તુ એક વિસ્તૃતીકરણ હોઈ શકે, પણ એ મુક્તિ નથી. સ્વચ્છંદે ઘૂમવું અને એક મોટા વિશાળ કેદખાનામાં હોવું તે કોઈ સ્વતંત્ર અવસ્થા ન કહેવાય.**

**શ્રી માતાજી :** જો સ્વતંત્ર થવું હોય તો વ્યક્તિએ કેદખાનાની બહાર આવવું જોઈએ. આ કેદખાનું એટલે અહંભાવ, એક અલગ વ્યક્તિતાની ભાવના–સ્વતંત્ર થવા માટે વ્યક્તિએ સભાનપણે અને સંપૂર્ણતયા પરમ પ્રભુ સાથે તાદાત્મ્ય કરવું જોઈએ અને આ તાદાત્મ્ય દ્વારા અહંતાની મર્યાદાઓને ભાંગી નાખી, પોતાની જાતને વિશ્વમય કરી, અહંભાવનું અસ્તિત્વ માત્ર લુપ્ત કરી દેવું જોઈએ, અને તેમ છતાં પણ ચેતનાનું વ્યક્તિસ્વરૂપ જળવાઈ રહે છે.

૧૯ ઑક્ટોબર, ૧૯૬૯

*

**(૧૭૯) તારા પડોશીમાં રહેલા ભગવાન માટે, તારામાં રહેલા ભગવાન માટે, તારા દેશમાં રહેલા ભગવાન માટે, શત્રુના દેશમાં રહેલા પ્રભુ માટે, માનવજાતિમાં રહેલા પ્રભુ માટે, વૃક્ષમાં, પથ્થરમાં, પશુમાં રહેલા પ્રભુ માટે, જગતમાં અને જગતની બહાર રહેલા પ્રભુ માટે તું જીવન ધારણ કર. એ કરીશ તો જ તું નિર્મુક્તિના સીધા માર્ગે ગતિ કરી રહ્યો છે એમ સમજજે.**

**શ્રી માતાજી :** આમાં કંઈ ઉમેરવાનું નથી. આ વસ્તુ સાચી છે. તદ્દન સ્પષ્ટ રીતે સાચી છે અને એની ખાતરી મેળવવા માટે તમારે એની અનુભૂતિ પ્રાપ્ત કરવી જોઈએ, કારણકે કેવળ અનુભૂતિ દ્વારા જ સાચી ખાતરી પ્રાપ્ત થાય છે.

૨૧ ઑક્ટોબર, ૧૯૬૯

*

**(૧૮૦) સનાતનતાઓ નાનકડી તેમ જ વધારે વિશાળ હોય છે, કારણકે સનાતનતા એ આત્માનો સમય છે ; તે કાળમાં પણ વિદ્યમાન હોઈ શકે, તેમ જ કાલાતીત પણ હોઈ શકે. શાસ્ત્રોમાં શાશ્વતીઃ સમાઃ શબ્દો આવે છે તેનો અર્થ છે લાંબા સ્થળ કાળ સુધી, અથવા લગભગ અમાપ એવા યુગ સુધી. માત્ર પરાત્પર પ્રભુમાં જ પરાત્પર સનાતનતા છે. છતાં જ્યારે સાધક અંદર ડૂબકી મારે**

 

**છે, ત્યારે તેને અનુભૂતિ થાય છે કે બધી જ વસ્તુઓ વાસ્તવિક રીતે સનાતન છે, તેમનો કોઈ અંત નથી, તેમનો કદી આદિ હતો જ નહિ.**

***બાળક : શાશ્વતીનો અનુભવ કઈ રીતે પ્રાપ્ત થઈ શકે?***

**શ્રી માતાજી :** શાશ્વતસ્વરૂપ પ્રભુ સાથે તાદાત્મ્ય કરવાથી.

૨૩ ઑક્ટોબર, ૧૯૬૯

*

**(૧૮૧) બનવા જોગ છે કે તું કોઈકવાર બીજાને મૂર્ખ કહેતો હોઈશ; પણ એ વાત ન ભૂલતો કે સમગ્ર માનવજાતિમાં તું સૌથી મોટો મૂર્ખ છે.**

**(૧૮૨) પ્રભુ યોગ્ય સમયે જ મૂર્ખનો ભાગ ભજવવાનું પસંદ કરે છે. માણસ યોગ્ય સમયે તેમજ અયોગ્ય સમયે, ટાણેકટાણે, મૂર્ખનો ભાગ ભજવે છે. ફેર માત્ર એટલો છે.**

***બાળક : છેલ્લાં કેટલાંક વર્ષોથી લગભગ આપણાં બધાં જ નાનાં મોટાં બાળકોને તેમની રોજે રોજની વાતચીતમાં અસભ્ય શબ્દો વાપરવાની ટેવ પડેલી છે. દા. ત. તેઓ દરેક વાક્યમાં, વિરામચિહ્નોની જેમ, 'બુધ્ધુ', 'મૂર્ખ', વગેરે... અને એવા બીજા ભારતીય શબ્દોનો ઉપયોગ, કોઈ જાતના બદઈરાદા વિના કરે છે. એમને આ જે કુટેવ પડી છે તે કઈ રીતે છોડાવવી?***

**શ્રી માતાજી :** આનો ઇલાજ કેવળ એટલો જ છે કે તમે બોલો ત્યારે વિચાર કરીને બોલો અને જે કાંઈ શબ્દોનો ઉચ્ચાર કરો તે તમારા વિચારને વ્યક્ત કરવા માટે તદ્દન અનિવાર્ય હોય તેટલા જ શબ્દો વાપરો.

જેટલું ઓછું બોલો તેટલું સારું, અને જ્યારે કોઈને કાંઈ કહેવું અનિવાર્ય હોય ત્યારે જેટલા શબ્દો વાપરવા અનિવાર્ય હોય તેટલાનો જ ઉપયોગ કરવો, વધુ નહિ.

૨૪ ઑક્ટોબર, ૧૯૬૯

*

**(૧૮૩) બૌદ્ધ લાકોની માન્યતા એવી છે કે એક કીડીને ડૂબતાં બચાવવી તે એક સામ્રાજ્ય સ્થાપવા કરતાં વધારે મહાન કાર્ય છે, આ વિચારમાં સત્ય છે, પણ તે એવું સત્ય છે કે જેની અતિશયોક્તિ સહેલાઈથી થઈ શકે.**

**(૧૮૪) એક સદ્‌ગુણને, કરુણા જેવા સદ્‌ગુણને પણ બીજા સદ્‌ગુણ કરતાં અધિક માનવો, તે પ્રજ્ઞાની આંખોને પોતાના હાથ વડે ઢાંકી દેવા બરાબર છે. પ્રભુ હંમેશાં સંવાદિતા પ્રત્યે ગતિ કરે છે.**

**શ્રી માતાજી :** કોઈ પણ પ્રકારની અતિશયોક્તિ કે પછી એકાંતિકતા, જે વ્યક્તિ પૂર્ણતા ઇચ્છતી હોય તેને માટે સમતુલાનો અભાવ, સામંજસ્યનો ભંગ અને એક ભૂલ રૂપ હોય છે. પરમ સંવાદિતામાં જ પૂર્ણતા વસે છે.

૨૮ ઑક્ટોબર, ૧૯૬૯

*

**(૧૮૫) જ્યાં સુધી તારો જીવ ભેદોમાં રાચે છે, ત્યાં સુધી પીડા પામતાં પ્રાણીઓ માટે તું ભલે દયા રાખ. પણ માનવજાતિ તારી પાસેથી વધારે ઉદાત્ત વસ્તુની અપેક્ષા રાખે છે. તે તારી પાસેથી પ્રેમની, સમજણની, બંધુત્વની, સમાન કક્ષાનો માણસ ભાઈચારાની ભાવનાથી કરે તેવી મદદની માગણી કરી રહી છે.**

**(૧૮૬) જગતના કલ્યાણમાં જે અનિષ્ટનો ફાળો છે અને સદ્‌ગુણો દ્વારા કેટલીક વાર જે નુકસાન પહોંચાડવામાં આવે છે તે, કલ્યાણમાં રાચતા જીવ માટે કષ્ટપ્રદ છે, છતાં પણ તું કષ્ટ ન પામ, ગૂંચવાડામાં ન પડ, પણ અધ્યયન કરીને, પ્રભુ માનવજાતિ સાથે જે પદ્ધતિઓ વડે કામ લે છે તેમને શાંતિપૂર્વક સમજવા પ્રયત્ન કર.**

**શ્રી માતાજી :** શ્રી અરવિંદ અહીં એ વસ્તુ કહે છે કે ચેતનાની એક એવી

ઊર્ધ્વ અવસ્થા છે જ્યાં શુભ અને અશુભના સર્વ ખ્યાલો મૂલ્ય વિનાના બની જાય છે.*

અને તેઓ આપણને સલાહ આપે છે કે, આ પૃથ્વી ઉપર જે રીતે વસ્તુઓ બની રહી છે, તેનાથી કોઈ રીતે વિચલિત થયા વિના, પ્રભુ સાથેના તાદાત્મ્યમાં ચેતનાનું ઊર્ધ્વમાં આરોહણ કરાવવું; કારણકે ત્યારે જ આપણે વસ્તુસ્થિતિ આમ કેમ છે તે સમજી શકીએ છીએ.

૨૯ ઑક્ટોબર, ૧૯૬૯

*

**(૧૮૭) પ્રભુની નિયતિમાં પાપ નથી, માત્ર કલ્યાણ જ છે અથવા તો કલ્યાણ માટેની તૈયારી છે.**

**(૧૮૮) તારો આત્મા સંઘર્ષ દ્વારા પ્રગતિ કરે તે માટે પૂણ્ય અને પાપ બનાવવામાં આવ્યાં હતાં. પરંતુ તેમનાં પરિણામ પ્રભુને હાથ છે. એ પ્રભુ પૂણ્યપાપથી અને સદ્‌ગુણ – દુર્ગુણથી પર રહીને પોતાનો હેતુ સિદ્ધ કરે છે.**

**શ્રી માતાજી :** ઉત્ક્રાન્તિ અને પ્રગતિ કરવા માટે મનુષ્યે તેના મન વડે પાપ અને પૂણ્યની શોધ કરેલી છે, પરંતુ ભાગવત ચેતના માટે પાપ અને પૂણ્યનું અસ્તિત્વ નથી.

આખું વિશ્વ એક ધીમી ગતિએ ઊર્ધ્વ પ્રત્યે આરોહણ કરી રહ્યું છે અને એ હેતુ પરમ તત્ત્વનો આવિર્ભાવ કરવાનો છે.

૩૦ ઑક્ટોબર, ૧૯૬૯

*

* શ્રી માતાજીએ આ વાક્ય મૂળમાં અંગ્રેજીમાં લખેલું.

**(૧૮૯) ભીતરમાં જીવન જીવ; બાહ્ય ઘટનાઓથી વિચલિત ન થઈશ.**

**(૧૯૦) દાનની ઉદારતાનો દેખાવ કરવા માટે, તું તારાં દાનોને સર્વત્ર ગમે તેમ ફેંકી ન દઈશ. સમજવા પ્રયત્ન કર અને જ્યાં તું મદદ આપે છે ત્યાં પ્રેમ અને સમભાવ રાખ. તારા આત્માનો અંદરથી વિકાસ કર.**

**(૧૯૧) જ્યારે ગરીબ લોકો તારી પાસે હોય ત્યારે તેમને મદદ કર, પણ સાથે સાથે અભ્યાસ કરીને એવો પ્રયત્ન કર કે જેથી કોઈ મનુષ્ય ગરીબ ન રહે, અને તારે કોઈ ગરીબને મદદ કરવાની જરૂર ન રહે.**

**શ્રી માતાજી :** આપણે પ્રભુ પ્રત્યેની એક સતત અભીપ્સામાં અંતરમાં જીવન ધારણ કરવું જોઈએ કે જેથી આપણે જીવન પ્રત્યે સ્મિત કરીને જોઈ શકીએ અને બાહ્ય પરિસ્થિતિ ગમે તેવી હોય તે છતાં શાંત બન્યા રહીએ.

ગરીબોની બાબતમાં, શ્રી અરવિંદનું કહેવું એમ છે કે તેમને સહાય કરવી એ સારી વાત છે પરંતુ તે એ શરતે કે એમાં કોઈ દાનભાવનાનું પ્રદર્શન ન હોય. આમ છતાં પણ, પૃથ્વી ઉપર કોઈ ગરીબ જ ન રહે એવી રીતે ગરીબાઈનો ઇલાજ ખોળવો એ વધુ ઉમદા વસ્તુ છે.

૩૧ ઑક્ટોબર, ૧૯૬૯

*

**(૧૯૨) પ્રાચીન ભારતનો સામાજિક આદર્શ એ હતો કે બ્રાહ્મણે મરજિયાત રીતે સાદું જીવન સ્વીકારવું, વિશુદ્ધિ જાળવવી, વિદ્યાભ્યાસ કરવો, સમાજના લોકોને વિનામૂલ્યે જ્ઞાન દાન આપવું; ક્ષત્રિયે યુદ્ધ કરવું, રાજ્યનું શાસન કરવું, નિર્બળ લોકોને રક્ષણ આપવું, અને યુદ્ધમાં પ્રાણનું વિસર્જન કરવું; વૈશ્યે વેપાર કરી લાભ મેળવવો, મેળવેલા ધનને સમાજના કલ્યાણ**

**માટે દાનમાં આપવું; શુદ્રે ત્રણેય વર્ણોની સેવા કરવી, ભૌતિક વસ્તુઓને પ્રાપ્ત કરવી, સેવા કરવાના બદલામાં સમાજ તેને બ્રાહ્મણ જેવા ત્યાગમાંથી, ક્ષત્રિયો જેવા રક્તપાતમાંથી અને વૈશ્ય જેવા દ્રવ્યદાન, જેવા કરવેરામાંથી મુક્ત રાખતો.**

**શ્રી માતાજી :** શરૂઆતમાં, આશરે છ હજાર વર્ષ પહેલાં આ વસ્તુ તદ્દન ખરી હતી. દરેક વ્યક્તિનું **તેની પ્રકૃતિ પ્રમાણે વર્ગીકરણ** કરવામાં આવતું. પાછળથી એ વસ્તુએ રૂઢિ અને વધુને વધુ પ્રમાણમાં મનસ્વી સામાજિક સગવડ (જન્મ પ્રમાણે) રૂપ ધારણ કર્યું. એમાં પછી વ્યક્તિની સાચી પ્રકૃતિ પ્રત્યે બિલકુલ દુર્લક્ષ કરવામાં આવતું. એ વસ્તુ એક ખોટો ખ્યાલ બની ગઈ અને એણે અદૃશ્ય થઈ જવું પડ્યું.

પરંતુ મનુષ્ય જેમ જેમ પ્રગતિ કરતો જાય છે તેમ તેમ, ધીરે ધીરે, મનુષ્યની પ્રવૃત્તિઓનું એ જ પ્રકારનું, વધુને વધુ સરખા સ્વરૂપનું, પરંતુ ઓછા રૂઢ પ્રકારનું અને વધુ સાચી રીતનું વર્ગીકરણ થઈ રહ્યું છે. (વ્યક્તિની પોતાની પ્રકૃતિ અને તેની ક્ષમતા ઉપર આધાર રાખનાર વ્યવસ્થા આવી રહી છે.

૭ નવેમ્બર, ૧૯૬૯

*

**(૧૯૩) ગરીબાઈનું અસ્તિત્વ એ આપણા અન્યાયી અને અયોગ્ય રીતે સંગઠિત સમાજની સાબિતી છે. આપણાં જાહેર દાન એ લૂંટારાનો અંતરાત્મા મોડો મોડો પણ કંઈક જાગ્યો છે તેની પ્રથમ કબૂલાત છે.**

**(૧૯૪) આપણા પ્રાચીન મહાકાવ્યના કવિ વાલ્મીકિ એમ કહે છે કે સર્વજનીન કેળવણી, નીતિમત્તા અને આધ્યાત્મિકતા જ માત્ર ન્યાયી અને જ્ઞાનયુક્ત સમાજનાં ચિહ્નો નથી; પણ ન્યાયી અને જ્ઞાનયુક્ત સમાજમાં કોઈને પણ ખરાબ ખોરાક ખાવો પડે તેવું ન હોવું જોઈએ, દરેકને પહેરવા માટે વસ્ત્ર અને અંગલેપ સુલભ હોવાં જોઈએ; કોઈ પણ મનુષ્ય વિલાસભોગનો ક્ષુદ્ર ગુલામ ન હોવો જોઈએ.**

**(૧૯૫) અમુક વર્ગ કે વ્યક્તિ, ગરીબાઈનો સ્વીકાર કરે તે ઉદાત્ત અને ઉપકારક છે; પણ વિકૃત સમજ વડે તેને સંગઠિત કરીને એક સર્વ-સામાન્ય અથવા તો રાષ્ટ્રીય આદર્શ તરીકે સ્થાપવામાં આવે તે તો ખતરનાક છે, તેથી તો રાષ્ટ્રની સમૃદ્ધિ અને વિસ્તાર — વિકાસ અટકી જાય છે અને દેશ ભિખારીઓનો દેશ બની જાય છે.**

**(૧૯૬) જેમ કુદરતી શરીર માટે રોગ એ કઈ જરૂરની વસ્તુ નથી, તેમ સામાજિક જીવન માટે ગરીબાઈ પણ કોઈ જરૂરની વસ્તુ નથી. જીવનની ખોટી ટેવો અને આપણા સાચા સંગઠનનું અજ્ઞાન, રોગ તથા ગરીબાઈનું પાપમય કારણ છે. એ પ્રકારની ગેરવ્યવસ્થા દૂર કરી શકાય તેમ છે.**

**બાળક :** ***કોઈ એવો દિવસ પણ આવશે કે જ્યારે ગરીબ લોકોનું અસ્તિત્વ નહિ હોય અને જગતમાં કોઈ દુઃખ રહ્યું નહિ હોય?***

**શ્રી માતાજી :** જે લોકો શ્રી અરવિંદના ઉપદેશને સમજે છે અને તેમાં શ્રદ્ધા ધરાવે છે, તેમને માટે તો એ વસ્તુ તદ્દન નિશ્ચિત છે.

આ વસ્તુ બની આવે તે હેતુથી એક એવા સ્થળનું નિર્માણ કરવાનું નિરધારેલું અને માટે જ આપણે ઑરોવિલની સ્થાપના કરવા માગીએ છીએ.

પરંતુ આ વસ્તુ સિદ્ધ કરવી શક્ય બને તેટલા માટે, આપણે દરેકે પોતાની જાતનું રૂપાંતર કરવા પ્રયત્ન કરવો જોઈએ, કારણકે મનુષ્યોનાં ઘણાંખરાં દુઃખો તો એમની ભૌતિક અને માનસિક ભૂલોનાં પરિણામ હોય છે.

૮ નવેમ્બર, ૧૯૬૯

**બાળક :** ***જ્યાં સુધી ઑરોવિલમાં વસવા આવનાર લોકો એના એ જ જગતમાંના હશે, એની એ જ દુર્બળતાઓ અને ક્ષતિઓ સાથે જન્મેલા હશે ત્યાં સુધી ત્યાં દુઃખનો અભાવ થઈ જશે એવું આપ શી રીતે માની શકો છો?***

**શ્રી માતાજી :** મેં એવું કદી વિચાર્યું નથી કે હવે પછી ઓરોવિલમાં કોઈ દુઃખ હશે જ નહિ, કારણકે મનુષ્યો જેવા છે તેમાં તો તેઓ એક બાજુએ દુઃખને

ગાળો ભાંડતા હોય છે પરંતુ બીજી બાજુએથી તેને પ્રેમ કરીને બોલાવતા હોય છે.

પરંતુ આપણે તેમને સાચી રીતે શાંતિની ચાહના કરતાં અને સમતાને આચરણમાં મૂકવા શીખવવા પ્રયત્ન કરીશું.

હું જે વાત કરતી હતી તે અનિચ્છાપૂર્વકની ગરીબાઈ અને ભિક્ષા વૃત્તિની.

ઑરોવિલમાં, જીવનનું ઘડતર એવી રીતે કરવામાં આવશે કે આ વસ્તુનું અસ્તિત્વ ન રહે અને જો ત્યાં બહારથી ભિક્ષુકો આવશે તો પણ કાં તો તેમણે જતા રહેવું પડશે કે પછી તેમને આશ્રય આપીને કામ કરવામાં રહેલા આનંદનું શિક્ષણ આપવામાં આવશે.

૯ નવેમ્બર, ૧૯૬૯

***બાળકઃ આશ્રમ અને ઑરોવિલના આદર્શોની વચ્ચે પાયાનો કયો તફાવત છે?***

**શ્રી માતાજી :** એમાં ભવિષ્ય અને પ્રભુની સેવા પ્રત્યેની વૃત્તિમાં કોઈ જાતનો પાયાનો તફાવત નથી.

પરંતુ આશ્રમમાંના લોકોએ યોગ માટે પોતાનું જીવન અર્પણ કરી દીધું છે એમ ધારવામાં આવે છે (સિવાય કે, વિદ્યાર્થીઓ, કે જેઓ અહીં કેવળ અભ્યાસ માટે આવેલા છે અને જેમણે પોતાના જીવન અંગે પસંદગી કરી હોવાની અપેક્ષા રાખવામાં આવતી નથી).

જ્યારે ઑરોવિલમાં તો માનવજાતિની પ્રગતિ માટે એક સામૂહિક પ્રયત્ન કરવાની શુભેચ્છા માત્ર જ તેમને પ્રવેશ આપવા માટે પૂરતી છે.

૧૦ નવેમ્બર, ૧૯૬૯

*

**(૧૯૭) માનવજાતિ માટે, સ્પાર્ટા નહિ પણ એથેન્સ એ પ્રગતિશીલ પ્રતીક છે. અઢળક સમૃદ્ધિ અને તેનો વિશાળ ઉપયોગ કરવાના આદર્શવાળો પ્રાચીન ભારત દેશ બધા દેશો કરતાં સૌથી મહાન હતો. આધુનિક ભારતનું વલણ રાષ્ટ્રીય સંન્યસ્તવાદ તરફ છે, તેથી તેનું જીવન તદ્દન દરિદ્ર બની ગયું છે, તે નબળાઈ અને પતનના ખાડામાં ઉતરી ગયું છે.**

**(૧૯૮) એવો ખ્યાલ ન રાખતો કે જ્યારે તું ભૌતિક ગરીબાઈને હટાવી દઈશ, ત્યારે માણસો સુખી અને સંતુષ્ટ બની જશે, અથવા સમાજમાં અનિષ્ટો, મુશ્કેલીઓ અને સમસ્યાઓ નહિ રહે. ગરીબાઈ દૂર કરવી તે તો માત્ર પ્રાથમિક, નિમ્ન કોટિની જરૂરિયાત છે. જ્યાં સુધી આંતરિક આત્માનું સંગઠન ખામી ભરેલું રહેશે, ત્યાં સુધી હંમેશાં બાહ્ય અસંતોષ, ગેરવ્યવસ્થા અને રાજદ્રોહ રહેવાનાં.**

**શ્રી માતાજી :** આ વસ્તુ અત્યંત સ્પષ્ટ છે અને લોકોને એ જ વાત આપણે સમજાવવા પ્રયત્ન કરીએ છીએ. એક સલામત અને શાંત જીવન, મનુષ્યને સુખી બનાવવા માટે પૂરતાં નથી. અંતરના વિકાસ અને પ્રભુ સાથે સભાન સંપર્ક વડે જે શાંતિ આવે છે તેની ખાસ જરૂર છે.

૧૩ નવેમ્બર, ૧૯૬૯

*

**(૧૯૯) આત્મામાં કોઈ ન્યૂનતા રહી હશે, તો રોગ ફરી પાછો દેહમાં દેખા દેશે, કારણકે મનનાં પાપો શરીરનાં પાપોનું ગુપ્ત કારણ હોય છે. એવી જ રીતે, જ્યાં સુધી પ્રજાનું માનસ અહંતાના કાબૂ હેઠળ હશે, ત્યાં સુધી સમાજમાં માણસો ઉપર ગરીબાઈ અને તકલીફો હમેશાં ફરી ફરીને આક્રમણ કરશે.**

**(૨૦૦) માણસને અહંતામાંથી બચાવી લેવા માટે, ધર્મ અને તત્ત્વજ્ઞાન બહુ ઉપયોગી છે. તે સિદ્ધ થયા પછી, ભીતરમાં રહેલું સ્વર્ગનું રાજ્ય સાહજિક રીતે જ બહારના દિવ્ય નગરમાં પ્રતિબિંબિત થશે.**

**શ્રી માતાજી :** શ્રી અરવિંદે ધર્મ અને તત્ત્વજ્ઞાન એ શબ્દોનો ઉપયોગ એટલા માટે કર્યો છે કે તેથી સૌ કોઈ સમજી શકે પરંતુ તેઓ બરાબર જાણતા હતા કે માનવ અહંતાનો ઉપાય તો ધર્મ અને તત્ત્વજ્ઞાનને પેલે પાર, જ્યાં ભૌતિક ચેતના એક સાચા આધ્યાત્મિક જીવનનો સ્વીકાર કરીને જીવે છે ત્યાં રહેલો છે, એ રીતે

જ મનુષ્ય તેની અહંતામાંથી એક સપાટે અને કાયમ માટે સાચા અર્થમાં મુક્ત થઈ જાય છે.

૧૫ નવેમ્બર, ૧૯૬૯

*

**(૨૦૧) મધ્યયુગના ખ્રિસ્તી ધર્મે માનવજાતિને કહ્યું હતું કે હે માનવ, તારા પાર્થિવ જીવનમાં તું પાપમય છે, પ્રભુ પાસે તું એક ક્ષુદ્ર જંતુ સમાન છે; માટે તું અહંતાનો ત્યાગ કર, ભાવિ રાજ્ય માટે જીવન ધારણ કર, અને પ્રભુને તથા તેના પાદરીને તાબે થા, તેનું શાસન માથે ચડાવ. આનાં પરિણામ માનવજાતિ માટે બહુ સારાં આવ્યાં એમ તો ન કહેવાય. આધુનિક જ્ઞાન માનવજાતિને કહે છે કે તું એક ક્ષણજીવી પ્રાણી છે. પ્રકૃતિ પાસે તું એક કીડી કરતાં, એક જંતુ કરતાં વધુ કાંઈ નથી, વિશ્વમાં તું એક બિંદુ સરખો છે. માટે તું રાજ્ય માટે જીવ, તાલીમ પામેલા શાસનકર્તાને અને નિષ્ણાત વૈજ્ઞાનિકને એક કીડીની જેમ તાબે થા. આ જીવન સિદ્ધાંત અગાઉ કહેલા જીવન સિદ્ધાંત કરતાં વધુ સફળ બનશે ખરો?**

**(૨૦૨) વેદાંત કહે છે 'હે મનુષ્ય, તું પ્રભુ સાથે પ્રકૃતિ અને પદાર્થમાં એકરૂપ છે, તારામાં તથા બીજા પ્રાણીઓમાં એક જ આત્મા રહેલો છે. માટે જાગૃત થા, તારી સંપૂર્ણ દિવ્યતા પ્રત્યે પ્રગતિ કર, તારામાં તથા બીજાઓમાં રહેલા ભગવાન માટે જીવ, પહેલાં થોડાક માનવીઓને જ ઉપદેશાયેલો આ સિદ્ધાંત હવે મુક્તિ માટે સમગ્ર માનવજાતિને આપવાની જરૂર છે.'**

**શ્રી માતાજી :** મારે આમાં કંઈ ઉમેરવાનું નથી. શ્રી અરવિંદે સ્પષ્ટ રીતે અને કુશળતાપૂર્વક, પ્રથમ અશુભ અને પછી તેનો ઇલાજ બતાવ્યા છે. આપણે તો તેઓએ જે કાંઈ કહ્યું છે તેનો અમલ જ કરવાનો છે.

૧૬ નવેમ્બર, ૧૯૬૯

*

**(૨૦૩) જ્યારે માનવજાતિ પ્રકૃતિ સમક્ષ પોતાની અગત્યની, સ્વતંત્રતાની અને વૈશ્વિકતાની બળપૂર્વક રજૂઆત કરે છે, ત્યારે તે વધારેમાં વધારે પ્રગતિ સાધે છે.**

**(૨૦૪) પશુ-માનવ એ એક અસ્પષ્ટ આરંભબિંદુ છે; અત્યારનો પ્રાકૃત માનવ, વિવિધતાવાળો, ગૂંચવાયેલો અને એક વચગાળાના રસ્તા જેવો છે; પરંતુ અતિમાનવ એજ આપણી માનવયાત્રાનું જ્યોતિર્મય અને સર્વોપરી લક્ષ્ય છે.**

**શ્રી માતાજી :** જ્યારે મનુષ્ય પોતે પ્રકૃતિથી બંધાયેલો નથી અને તેના નિયમોથી મર્યાદિત નથી એમ અનુભવે છે ત્યારે જ એને પોતામાં પૂર્ણ પ્રગતિ માટેની શક્તિ પ્રાપ્ત થાય છે.

પ્રકૃતિ એ પ્રભુનો એક મર્યાદિત આવિર્ભાવ છે, જ્યારે મનુષ્યનું સર્જન એટલા માટે કરવામાં આવ્યું હતું કે તે પ્રભુની એક સભાન અભિવ્યક્તિ બને, અને એમાં પછી શક્તિ અને પ્રકાશની જે સર્વ શક્યતાઓ રહેલી છે તે બધું જ આવી જાય છે.

૧૮ નવેમ્બર, ૧૯૬૯

*

**(૨૦૫) જ્યારે તું દરેક વિચારમાં, કર્મમાં, કલામાં, સાહિત્યમાં તેમજ જીવનમાં, ઘરમાં તેમજ સરકારમાં તથા સમાજમાં ધનના ઉપાર્જનમાં, ધનના સ્વામિત્વમાં અને ધનને ખર્ચવામાં એક અપર પરમાત્માને તેના જ નિમ્નતર મર્ત્ય અસ્તિત્વમાં પ્રગટ કરવાની શક્તિ પ્રાપ્ત કરીશ, ત્યારે તારા જીવન તથા કર્મ ઉપર સનાતન કામ માટે સિદ્ધિનો મુગટ ઝળહળી રહેશે.**

**શ્રી માતાજી :** બેશક, મનુષ્ય જ્યારે તેના સ્વરૂપની ટોચ ઉપર પહોંચે ત્યારનું આ વર્ણન છે. પરંતુ અતિમાનવત્વ માટે તો એ પ્રથમનું સોપાન જ હશે.

૨૪ નવેમ્બર, ૧૯૬૯

*

# કર્મ

***વિવરણોના સમયનો ચોથો ગાળો (૧૯૬૯-૭૦)***

***આત્મવિકાસ અને આધ્યાત્મિક અભીપ્સા દ્વારા વ્યક્તિ પોતાનાં કર્મો ઉપર પ્રભુત્વ પ્રાપ્ત કરી શકે છે.***

૨૫ નવેમ્બર, ૧૯૬૯

શીખવું એ સારું છે, બનવું એ વધુ સારું છે.

૨૫ નવેમ્બર, ૧૯૬૯

(૨૦૬) **પ્રભુ માનવીને દોરે છે, જ્યારે માનવી પોતાને ગેરરસ્તે દોરે છે. નીચેની માનવતાનાં સ્ખલનો ઉપર ઊર્ધ્વ પ્રકૃતિ નજર રાખે છે. આ ગૂંચવાડામાંથી અને વિરોધી ભાવોમાંથી આપણે એવાં આત્મ ઐક્યમાં સરકી જવાનું છે કે જ્યાંથી જ માત્ર સ્પષ્ટ જ્ઞાન અને દોષરહિત કર્મકરવાં શક્ય બને છે.**

**શ્રી માતાજી :** જીવનમાં સલામતી માટે, ભૂતકાળની ભૂલોનાં પરિણામોમાંથી છૂટકારો પ્રાપ્ત કરવા માટેનો એકમાત્ર ઉપાય એ છે. પોતાના અંતરનો એવો વિકાસ કરવો કે જે આપણને આપણો એકમાત્ર અસરકારક માર્ગ બની શકે, આપણા અને સર્વ સ્વરૂપોના સત્યરૂપ દિવ્ય પરમાત્માની ઉપસ્થિતિ પ્રત્યે સભાન તાદાત્મ્ય સિદ્ધ કરવા પ્રત્યે દોરી જાય.

૨૫ નવેમ્બર, ૧૯૬૯

*

(૨૦૭) **પ્રાણીઓ પ્રત્યે તને દયા છે એ સારી વાત છે, પણ જો તું તારી દયાવૃત્તિનો ગુલામ હોય તો એ સારી વાત નથી. પ્રભુ સિવાય કોઈની કે અત્યંત દેદિપ્યમાન દેવદૂતોની પણ, ગુલામી સ્વીકારીશ નહિ.**

**શ્રી માતાજી :** જે લોકો સત્ય અનુસાર જીવન ગાળવા ઇચ્છતા હોય તેમને

માટે એક જ માર્ગ છે અને તે એ કે પ્રભુની ઉપસ્થિતિ વિષે સભાન બનવું અને તેમના જ સંકલ્પ પ્રમાણે સર્વથા જીવવું.

કષ્ટ અને પીડામાંથી મુક્તિ પ્રાપ્ત કરવા માટે આ જ માત્ર ઉપાય છે; શાંતિ, જ્યોતિ અને આનંદ માટે પણ આ જ માર્ગ છે.

૨૬ નવેમ્બર, ૧૯૬૯

*

**(૨૦૮) પ્રભુએ માનવજાતિ સમક્ષ આનંદાવધિને લક્ષ્ય તરીકે મૂક્યો છે. પ્રથમ તું તારે માટે પરમ કલ્યાણ પ્રાપ્ત કર, કે જેથી તું સમગ્રપણે તેનું તારા માનવબંધુઓમાં વિતરણ કરી શકે.**

**(૨૦૯) મનુષ્ય જો માત્ર પોતાને એકલાને માટે પ્રપ્તિ કરે તો એ કશા કામની નથી, ભલે પછી એ તેમને સ્વર્ગ અને પૂણ્યકર્મ કહેતો હોય.**

**શ્રી માતાજી :** આનંદાવધિ પ્રાપ્ત કરવાનો મનુષ્યનો અધિકાર છે કારણકે એ માટે તો એનું સર્જન થયેલું હતું. પરંતુ કોઈ પણ પ્રકારની અહંકેન્દ્રિત ક્રિયા એ આ આનંદાવધિથી તદ્દન વિરુદ્ધની વસ્તુ છે; એટલે જો તમે તેને કેવળ તમારા માટે જ પ્રાપ્ત કરવા જશો તો એ તમારા પ્રત્યે આકર્ષાઈ આવવાને બદલે દૂર ભાગશે. પોતાની જાતને ભૂલી જવાથી, આત્માર્પણ કરવાથી, કશો બદલો માગવાથી દૂર રહેવાની, અને એમ કહો કે આ આનંદાવધિ સૌ ઉપર પોતાનો પ્રકાશ પાથરે તે માટે તેની સાથે મળી જવાથી જ તને અવિચલ અંતરની શાંતિ અને આનંદ પ્રાપ્ત થશે.

૨૯ નવેમ્બર, ૧૯૬૯

***બાળક : "આત્મવિસ્મૃતિ" અને "આત્માર્પણ" વચ્ચે શું તફાવત છે?***

**શ્રી માતાજી :** જયારે અહંતાનો સર્વથા અભાવ હોય ત્યારે તેને પરિણામે બની આવતી એક સક્રિય અવસ્થા જ આત્મવિસ્મૃતિ હોઈ શકે. આત્માર્પણને જ્યારે પ્રભુ પ્રત્યે વાળવામાં આવે છે ત્યારે જ એનું સંપૂર્ણ મૂલ્ય પ્રાપ્ત થાય છે. એ એક સક્રિય ગતિ હોય છે જેમાં પ્રેમ તેના શુદ્ધમાં શુદ્ધ અને ઉચ્ચતમ સ્વરૂપે પ્રગટ થાય છે.

પ્રભુને પોતાનું સંપૂર્ણ સમર્પણ એ અસ્તિત્વનો સાચો હેતુ છે.

૩૦ નવેમ્બર, ૧૯૬૯

*

**(૨૧૦) મારા અજ્ઞાનમાં હું એમ માનતો હતો કે ક્રોધ ઉદાત્ત હોઈ શકે અને વૈરવૃત્તિ ભવ્ય હોઈ શકે. પણ હવે હું જ્યારે એકિલિઝને તેના મહાકાવ્યમય પ્રકોપમાં જોઉં છું, ત્યારે મને તે એક સુંદર પ્રકોપમાં ક્ષોભ પામેલા સુંદર નાના બાળક જેવો દેખાય છે, અને મને તે દૃશ્યમાં ખુશી ઉપજે છે, મજા પડે છે.**

**(૨૧૧) પ્રકોપથી પર બનેલી શક્તિ ઉદાત્ત છે. વિનાશ ભવ્ય છે, પણ જ્યારે તે વૈરવૃત્તિમાંથી પ્રગટે છે ત્યારે તે હલકી કોટિનો બની જાય છે. આ વસ્તુઓનો ત્યાગ કર, કારણકે તે નિમ્નતર માનવતાની વસ્તુઓ છે.**

**શ્રી માતાજી :** ક્રોધ અને વૈરવૃત્તિ એ નિમ્ન કોટિની માનવજાતિની, ભૂતકાળની વસ્તુ છે, ભવિષ્યની નહિ.

૧ ડિસેમ્બર, ૧૯૬૯

*

**(૨૧૨) કવિઓ મૃત્યુ વિષે અને બાહ્ય સંકટો વિષે અતિશયોક્તિ કરે છે. પણ આત્માની નિષ્ફળતાઓ જ સાચી કરુણ કથાઓ છે, અને મનુષ્યનું દેવત્વ પ્રત્યે વિજયી આરોહણ એ જ એક મહાકાવ્ય છે.**

**શ્રી માતાજી :** પોતાના આત્માની શોધ કરીને તેના નિયમ અનુસાર જીવવામાં નિષ્ફળ જવું એ જ સાચી કરુણતા છે પરંતુ લોકોને સામાન્ય રીતે એમાં કોઈ આપત્તિ લાગતી નથી.

સાચું કહીએ તો, જે વસ્તુ ખરે જ કરુણ છે તે એ છે કે મનુષ્ય પોતાના આત્મ, ચૈત્યસ્વરૂપ વિષે સભાન બનતો નથી અને પોતાના જીવનમાં સર્વથા એના વડે દોરાતો નથી.

એટલે સાચી નિષ્ફળતા એ છે કે મનુષ્ય પોતાના મૃત્યુ પહેલાં પોતાના આત્માની શોધ કરવામાં અને તેના નિયમ અનુસાર જીવવામાં નિષ્ફળ જાય.

અને પ્રભુને પોતાના સ્વરૂપમાંથી શોધી કાઢવા અને તેમના નિયમ અનુસાર જીવવું એ એક સાચું મહાકાવ્ય છે, સાચી ભવ્યતા છે.

૩ ડિસેમ્બર, ૧૯૬૯

*

**(૨૧૩) હૃદયની અને શરીરની કરુણ કથાઓ તો બાળકો તેમનાં નાનાં નાનાં દુઃખો માટે અને તૂટેલાં રમકડાં માટે રુદન કરે તેના જેવી હોય છે, તારી અંદર તું ભલે હસ, પણ બાળકોને આશ્વાસન આપ, તારાથી બની શકે તો તેમની રમતમાં ભાગ લે.**

**શ્રી માતાજી :** પ્રભુની ચેતના સર્વવ્યાપી ઉત્ક્રાન્તિ પ્રત્યે ગતિ કરતી હોય છે, ત્યારે જે ઘટનાઓ બને છે તેમને કરુણતાઓ માનવી એ માનવ ચેતનાની સંકુચિત અવસ્થા સૂચવે છે, પરંતુ આપણે એમ બનતું જોતા હોઈએ ત્યારે પણ આપણે જે લોકો અજ્ઞાનની પીડાઓમાં જીવતા હોય તેમના પ્રત્યે સમભાવ રાખી શકીએ અને રાખવો જોઈએ પણ ખરો.

૪ ડિસેમ્બર, ૧૯૬૯

*

**(૨૧૪) "પ્રતિભાશાળી મનુષ્યોમાં કશુંક અસાધારણ અને વિચિત્ર હોય છે." અને કેમ ન હોય? કારણકે પ્રતિભાવાન વ્યક્તિ પોતે જ એક અસાધારણ અને મનુષ્યના સામાન્ય કેન્દ્રથી બહારનો જન્મ હોય છે.**

**(૨૧૫) પ્રતિભાશાળી મનુષ્ય એટલે પ્રકૃતિનો તેના માનવ ઘાટમાં કેદ પૂરાયેલો દેવનો ઉદ્ધાર કરવા માટેનો પ્રથમ પ્રયત્ન : આ પ્રક્રિયામાં એ ઘાટને સહન કરવું પડે જ. આશ્ચર્યની વાત તો એ છે**

**કે એ પ્રક્રિયામાં પડતી ચિરાડો બહુ જ થોડી અને બિનઅગત્યની હોય છે.**

**શ્રી માતાજી :** એક વાર મનુષ્ય પ્રભુ વિષે સભાન બને અને તેની સાથે એકતા કરે પછી તે સામાન્ય કક્ષાઓ માટે અસાધારણ વસ્તુ બની રહે છે, કારણકે એનામાં પછી સામાન્ય માનવ પ્રકૃતિના ઘટક તત્ત્વરૂપ નિર્બળતાઓ હોતી નથી.

પરંતુ એ એનું સદ્‌ભાગ્ય હોય છે કે એને જે અંતરમાં સાક્ષાત્કાર થયો હોય છે તેને લઈને જ એ બડાશ મારવાની માનવીય આદત ખોઈ બેસે છે અને પરિણામે તે બીજા લોકોની અશુભ ભાવનાને નિવારી શકે છે.

૫ ડિસેમ્બર, ૧૯૬૯

*

**(૨૧૬) પ્રકૃતિ કેટલીકવાર પોતાના જ પ્રતિરોધ પ્રત્યે છંછેડાઈ ઊઠે છે, એટલે પછી એ પ્રેરણાને મુક્ત કરવા માટે મસ્તિષ્કને હાનિ પહોંચાડે છે, કારણકે તે પ્રયત્નમાં, સામાન્ય ભૌતિક મસ્તિષ્કની સમતુલા જ તેની મુખ્ય પ્રતિરોધી હોય છે. એવા લોકોના ગાંડપણની ઉપેક્ષા કર અને તેમની પ્રેરણામાંથી લાભ ઉઠાવ.**

**શ્રી માતાજી :** દરેક વસ્તુ પ્રત્યે સંપૂર્ણ વિશ્વાસ સાથે શાંત સ્મિતપૂર્વક નિહાળવું એ સાચે જ બુદ્ધિમત્તાની નિશાની છે કારણકે મનુષ્ય તેની અત્યારની ચેતનાની અવસ્થામાં પરમ પ્રભુનાં લક્ષ્યોને ભાગ્યે જ સમજી શકે તેમ છે.

૭ ડિસેમ્બર, ૧૯૬૯

*

**(૨૧૭) જ્યારે કાલી તેની ભીષણ શક્તિ સાથે, અને પ્રોજ્જવલ દિવ્યતા સાથે મનુષ્યના શરીર-તંત્રમાં ધસારો કરે, ત્યારે તેને ધારણ કરી શકવાનું સામર્થ્ય કોનામાં છે? કેવળ એવો મનુષ્ય જ કે જેને કૃષ્ણે પહેલેથી જ પોતાને સ્વાધીન કરી લીધો હોય.**

**શ્રી માતાજી :** કેવળ સભાન દિવ્ય ઉપસ્થિતિ જ સર્વ પ્રકારના આઘાતો ઉપર પ્રભુત્વ મેળવવાનું અને વિજયી બનવાનું સામર્થ્ય ધરાવે છે, એ વસ્તુ આ અત્યંત મધુર અને સ્પષ્ટ રીતે વ્યક્ત કરવામાં આવી છે.

૮ ડિસેમ્બર, ૧૯૬૯

*

**(૨૧૮) જુલમગારનો તિરસ્કાર ન કર. કારણકે જો તે બળવાન હશે; તો તારો તિરસ્કાર તેના પ્રતીકારની શક્તિને વધારી મૂકશે; જો તે નબળો હશે તો તારો તિરસ્કાર નિરર્થક બની રહેશે.**

**(૨૧૯) તિરસ્કાર એ શક્તિની તલવાર છે, પણ તે બેધારી તલવાર છે. પ્રાચીન જાદુગરોની ક્રિયા પેઠે, જો તે પોતાના શિકાર ઉપર સફળ ન થાય, તો તે મોકલનાર પર પાછી આવીને તેને ભરખી જાય છે.**

**(૨૨૦) જ્યારે તું તારા શત્રુ ઉપર પ્રહાર કરે ત્યારે પણ તેનામાં રહેલા ભગવાન સાથે પ્રેમ કર. તેથી તમે બંને નરકમાંથી બચી જશો.**

**(૨૨૧) લોકો શત્રુઓ વિષે વાત કરે છે, પણ શત્રુઓ છે ક્યાં? હું તો વિશ્વરૂપી આ મહાન અખાડામાં એક યા તો બીજા પક્ષના મલ્લોને, કુસ્તીબાજોને જ જોઉં છું.**

**શ્રી માતાજી :** માનવજાતિમાં પોતાની એકતાનું ભાન જાગૃત કરવા માટે આ સર્વ લખાયેલું છે. જ્યારે વ્યક્તિ આ એકતા વિષે સભાન બને છે અને સર્વ સ્વરૂપોમાં પ્રભુનાં દર્શન કરે છે ત્યારે અહીં જે પ્રકારની દૃષ્ટિ રાખવાનો શ્રી અરવિંદ ઉપદેશ આપ્યો છે તે અનુભવવો સરળ બને છે.

૯ ડિસેમ્બર, ૧૯૬૯

*

**(૨૨૨) સંત અને દેવદૂત જ માત્ર દેવરૂપ નથી હોતા, રાક્ષસ અને અસુરની પણ પ્રશંસા કર.**

**(૨૨૩) પ્રાચીન શાસ્ત્રોમાં અસુરોને દેવોના મોટા ભાઈઓ કહ્યા છે. હજી પણ તેઓ તેવા જ છે; જો કોઈ દેવમાં અસુર ગૂઢરૂપે ન રહ્યો હોય તો તે સંપૂર્ણપણે દિવ્ય ન હોઈ શકે.**

**(૨૨૪) જો હુ રામ ન બની શકું, તો મારે રાવણ બનવું રહ્યું, કારણકે તે વિષ્ણુની કાચી વિકૃત બાજુ છે.***

**શ્રી માતાજી :** આનો અર્થ એ છે કે, શક્તિ વિનાની મધુરતા અને બળ વિનાની ભલમનસાઈ, એ અપૂર્ણ વસ્તુઓ છે અને પ્રભુની પૂર્ણ રીતની અભિવ્યક્તિ કરી શકતાં નથી.

શ્રી અરવિંદે જે પ્રકારનું રૂપક વાપરેલું છે તેને અનુસરીને હું એમ પણ કહી શકું કે રૂપાંતર પામેલા અસુરની દાનવૃત્તિ અને ઉદારતા કોઈ નિષ્કલંક દેવદૂતના કરતાં અનંતગણી વધુ અસરકારક હોય છે.

૧૧ ડિસેમ્બર, ૧૯૬૯

*

**(૨૨૫) ભોગ આપ,ભોગ આપ, હંમેશાં ભોગ આપ, પણ તે પ્રભુ તથા માનવ-જાતિ માટે; માત્ર ભોગ આપવાને ખાતર જ ભોગ ન આપીશ.**

**(૨૨૬) સ્વાર્થીપણું આત્માને હણે છે; તેનો નાશ કર. પણ કાળજી રાખજે કે તારી દાનવૃત્તિ બીજાઓના આત્માને ન હણે.**

**(૨૨૭) મોટે ભાગે તો દાનવૃત્તિ એ સ્વાર્થીપણાનું જ એક ઉમદા સ્વરૂપ હોય છે.**

---

* રામ એ વિષ્ણુના અવતાર હતા; રાવણ એક રાક્ષસ હતો અને રામનો ભયંકર શત્રુ હતો.

***બાળક : દાનવૃત્તિ બીજાઓના આત્માને કઈ રીતે હણે?***

**શ્રી માતાજી :** જો અન્ય લોકોને ભૌતિક પ્રકારની સહાય (દાન) આપવાની સાથે સાથે, તમે જો તેમના ઉપર તમારું પોતાનું દૃષ્ટિબિંદુ પણ ઠોકી બેસાડવા માગતા હશો, તો તમે તેમના આત્માને મારી નાખશો, કારણકે, નીતિ વિષયક અને સામાજિક નિયમો, જે આંતરિક નિયમને વ્યક્તિએ પોતાના આત્મામાંથી ઝીલવાનો છે, તેનું સ્થાન ન લઈ શકે.

૧૩ ડિસેમ્બર, ૧૯૬૯

*

**(૨૨૮) પ્રભુ જ્યારે આજ્ઞા કરે ત્યારે પણ જે હણતો નથી, તે આ જગતમાં ભીષણ અંધાધૂંધી પેદા કરે છે.**

**(૨૨૯) બને ત્યાં સુધી માનવ જીવન પ્રત્યે માનની વૃત્તિ રાખ; પણ માનવજાતિના જીવન પ્રત્યે તું વધારે માનની વૃત્તિ રાખજે.**

**(૨૩૦) મનુષ્યો અદમ્ય પ્રકોપ, તિરસ્કાર અથવા તો વેરવૃત્તિથી હિંસા કરે છે. તેમને તેનું ફળ અત્યારે કે ભવિષ્યમાં ભોગવવું જ પડશે. અથવા તો તેઓ જો સ્વાર્થ સાધવા માટે ઠંડે કલેજે હિંસા કરતા હશે તો પ્રભુ તેમને માફ નહિ કરે. જો મનુષ્યોને હિંસા કરવી જ પડે, તો પ્રથમ તેમના આત્માને ખાતરી થઈ જવી જોઈએ કે મૃત્યુ એક વાસ્તવિકતા છે, અને વધુમાં તેને મરનારમાં, પ્રહારમાં અને મારનારમાં પ્રભુનાં દર્શન થયાં હોવાં જોઈએ.**

***બાળક : પ્રભુ કયા સંજોગોમાં હિંસા કરવાનો આદેશ આપે છે?***

**શ્રી માતાજી :** આ એક એવો પ્રશ્ન છે જેનો હું ઉત્તર આપી શકતી નથી, કારણ કે પ્રભુએ મને કદીપણ હિંસા કરવાનું કહ્યું નથી.

૧૪ ડિસેમ્બર, ૧૯૬૯

*

**(૨૩૧) હિંમત અને પ્રેમ આ બે જ અનિવાર્ય સદ્‌ગુણો છે. બીજા બધા સદ્‌ગુણો ઢંકાઈ ગયા હશે, તો પણ આ બે સદ્‌ગુણો જો જાગૃત હશે તો આત્માને બચાવશે.**

**(૨૩૨) ક્ષુદ્રતા અને સ્વાર્થીપણું આ બે જ માત્ર એવાં પાપ છે કે જેમને માફ કરવાનું મને મુશ્કેલ લાગે છે, અને છતાં તે બે જ સર્વવ્યાપી હોય તેમ લાગે છે, માટે જો બીજાઓમાં તે બે હોય, તો તેમનો તિરસ્કાર ન કરવો જોઈએ, પણ આપણામાંથી તેમને નાબૂદ કરવાં જોઈએ.**

**(૨૩૩) ઉદાત્તતા અને ઉદારતા એ આત્માનું સ્વર્ગીય આકાશ છે; તે બે સદ્‌ગુણો વિનાનો મનુષ્ય ભોંયરામાંના ક્ષુદ્ર જંતુ જેવો છે.**

**(૨૩૪) તારા સદ્‌ગુણો એવા ન હોવા જોઈએ કે માણસો તેમનાં વખાણ કરે અથવા તેમનો સારો બદલો આપે, પણ તે એવા હોવા જોઈએ કે જે તારા સ્વભાવમાં રહેલા ભગવાનની અપેક્ષા મુજબ તારામાં પરિપૂર્ણતા લાવે.**

***બાળક : આપ આ શબ્દોની વ્યાખ્યાઓ આપશો?***

*૧. હિંમત અને પ્રેમ.*

*૨. ક્ષુદ્રતા અને સ્વાર્થીપણું.*

*૩. ઉદાત્તતા અને ઉદારતા.*

**શ્રી માતાજી :**

૧. હિંમત એટલે કોઈપણ રૂપમાં ભયનો અભાવ.

૨. પ્રેમ એટલે બદલાની આશા વિનાનું આત્માર્પણ.

૩. ક્ષુદ્રતા એ એક દુર્બળતા છે જે ગણતરી કરીને બીજાઓની પાસેથી એવા સદ્‌ગુણોની અપેક્ષા રાખે છે, જે પોતામાં હોતા નથી.

૪. સ્વાર્થીપણું એટલે પોતાની જાતને વિશ્વના કેન્દ્રસ્થાને મૂકવી અને દરેક વસ્તુ પોતાના આગવા સંતોષ માટે ઈચ્છવી.

૫. ઉદાત્તતા એટલે સૌ વ્યક્તિગત ગણતરીનો અભાવ.

૬. ઉદારતા એટલે બીજાઓના સંતોષમાં પોતાના સંતોષની શોધ.

૧૫ ડિસેમ્બર, ૧૯૬૯

*

**(૨૩૫) પરોપકાર, ફરજ, કુટુંબ, દેશ, માનવજાતિ, જ્યારે આત્માનાં કરણોનથીહોતાંત્યારેતેઆત્માનાંકેદખાનાંબનીજાયછે.**

**(૨૩૬) આપણો દેશ માતાના રૂપમાં ભગવાન છે, જો તું પ્રેમપૂર્વક અને કોમળતાપૂર્વક તેના દોષ દૂર ન કરી શકતો હોય તો તું તેની નિંદા કરતો નહિ.**

**(૨૩૭) માણસો પોતાના સ્વાર્થ માટે પોતાના દેશનો દ્રોહ કરે છે અને છતાં તેઓ એમ માનતા હોય છે કે માતૃહત્યા પ્રત્યે ઘૃણાપૂર્વક દૂર નાસી જવાનો તેમને અધિકાર છે.**

***બાળક : "દાનવૃત્તિ, ફરજ, કુટુંબ, દેશ, માનવતા" એ બધાં આત્માનાં સાચાં કરણો કઈ રીતે બની શકે?***

**શ્રી માતાજી :** આત્માનો માલિક પ્રભુ છે અને માટે કેવળ તેની જ આજ્ઞાને આધિન થવાની અને તેની સેવા કરવાની તેની ફરજ છે, જો પ્રભુ તેને કુટુંબ, દેશ અથવા માનવજાતિ માટે કાર્ય કરવાનો આદેશ આપે તો એ બરાબર છે અને એ વસ્તુ બંધનમાં બંધાયા સિવાય કરી શકાય છે.

જો આમ કરવાનો આદેશ પ્રભુ તરફથી આવેલો ન હોય, તો આ સૌ વસ્તુઓની સેવા કરવી એટલે કેવળ સામાજિક અને નૈતિક ધારાધોરણોનું પાલન કરવું એટલું જ થાય.

૧૭ ડિસેમ્બર, ૧૯૬૯

*

**(૨૩૮) ભૂતકાળનાં બીબાંઓને ભાંગી નાખ, પરંતુ તેમની પ્રતિભા અને આત્માને સલામત રાખજે; નહિ તો પછી, તારે માટે કોઈ ભાવિ નથી.**

**(૨૩૯) ક્રાંતિઓ ભૂતકાળના ટુકડા કરી નાખે છે અને તેને ઉકળતા ચરુમાં ફેંકી દે છે; પણ જે વસ્તુ બહાર આવે છે તે કેવળ નવા મુખવાળો જૂનો યુગ જ હોય છે.**

**(૨૪૦) જગતમાં માત્ર અડધો ડઝન સફળ ક્રાંતિઓ થઈ છે, અને તેમાંથી ઘણીખરી નિષ્ફળતા સમાન જ હતી. છતાં મહાન અને ઉદાત્ત નિષ્ફળતાઓ દ્વારા જ માનવજાતિ પ્રગતિ સાધે છે.**

**બાળક :** ***શ્રી અરવિંદ કઈ વસ્તુને 'ઉદાત્ત અને મહાન નિષ્ફળતાઓ' કહે છે?***

**શ્રી માતાજી :** ઘટનાઓની મહાનતા અને ઉદાત્તતાનો આધાર ભૌતિક સફળતા ઉપર નથી હોતો, પરંતુ તેમને લઈને જે લાગણીઓની પ્રેરણાઓ મળે છે અને લોકોએ જે ધ્યેયની પાછળ કામ કર્યું હોય છે તેમના ઉપર રહે છે.

કોઈ વસ્તુમાં સફળતા મળે એ કાંઈ મહાનતાની નિશાની નથી, પરંતુ એ અંગેના કાર્ય પાછળ રહેલો હેતુ અને જે લાગણીઓએ એમની પ્રેરણા આપી હોય છે તેના ઉપર જ મહત્તાનો આધાર રહે છે.

૧૮ ડિસેમ્બર, ૧૯૬૯

*

**(૨૪૧) નાસ્તિકતા એ ધર્મપંથો સામેનો તથા પરંપરાગત માન્યતાઓની સંકુચિતતા સામેનો અનિવાર્ય વિરોધ છે. આ દૂષિત, પૂંઠાનાં બનાવેલાં મકાનોને તોડીફોડી નાખવા માટે, પ્રભુ નાસ્તિકતાનો પથ્થર તરીકે ઉપયોગ કરે છે.**

**(૨૪૨) તિરસ્કાર અને મૂર્ખાઈને ઠાંસી ઠાંસીને સુંદર પેકેટમાં ભરીને તેના ઉપર પધર્મથનું લેબલ લગાડવામાં માણસો કેટલા બધા સફળ બન્યા છે.**

**બાળક :** ***વધુ સારું શું? ધર્મ કે નાસ્તિકતા?***

**શ્રી માતાજી :** જ્યાં લગી ધર્મોનું અસ્તિત્વ હશે ત્યાં સુધી તેની સામે સમતુલા જાળવવા માટે નાસ્તિકતા અનિવાર્ય હશે. સત્ય માટેની ખરા હૃદયની અને નિઃસ્વાર્થી શોધને માટે અને આ શોધના હેતુ પ્રત્યે સંપૂર્ણ આત્માર્પણને માર્ગ કરી આપવા માટે એ બંનેએ ખસી જવું જોઈએ.

૨૧ ડિસેમ્બર, ૧૯૬૯

*

**(૨૪૩) પ્રભુ જ્યારે ભયંકર પ્રલોભન આગળ ધરે છે, ત્યારે તે ઉત્તમ દોરવણી આપતા હોય છે. જ્યારે તે ક્રૂરતાપૂર્વક શિક્ષા કરતા હોય છે, ત્યારે તે સંપૂર્ણપણે ચાહતા હોય છે. જ્યારે તે ઉગ્રતાપૂર્વક વિરોધ કરતા હોય છે, ત્યારે તે સંપૂર્ણ રીતે સહાય કરતા હોય છે.**

**(૨૪૪) જો પ્રભુએ માણસોને પ્રલોભન આપવાના કામનો બોજો પોતાને માથે લીધો ન હોત, તો જગત બહુ જલદી નરકમાં સબડતું હોત.**

**(૨૪૫) આંતરપ્રલોભનની મથામણને સહન કરો, જેને પરિણામે તે સંઘર્ષ દ્વારા તમારાં અધોમુખી વલણો નાબૂદ થઈ જશે.**

**(૨૪૬) જો વિશુદ્ધિકરણનું કાર્ય તમે પ્રભુને સોંપશો, તો તે તમારી અંદરના વ્યક્તિગત અશુભને ઓગાળી નાખશે, પરંતુ જો તમે તમારી જાતને પોતે જ દોરવણી આપવાનો દુરાગ્રહ સેવશો તો તમે અનેક બાહ્ય અશુભોમાં અને વેદનામાં આવી પડશો.**

**(૨૪૭) લોકો જેને અનિષ્ટ કહે છે તે સર્વને તું અનિષ્ટ ન કહીશ, પણ પ્રભુ જેનો અસ્વીકાર કરતા હોય તેનો જ તું ત્યાગ કરજે. લોકો જેને સારું કહે છે, તે બધાને તું સારું ન કહીશ; પરંતુ પ્રભુએ જેનો સ્વીકાર કર્યો છે, તેનો જ માત્ર તું સ્વીકાર કરજે.**

***બાળક : જો વ્યક્તિએ પોતાની જાતનું પ્રભુને પૂર્ણપણે સમર્પણ કર્યું હોય તો પછી પોતાની સંકલ્પશક્તિ, પોતાની પરીક્ષણ-શક્તિ, વગેરેને ખીલવવાની જરૂર હોય છે ખરી? શું આ વસ્તુઓ અર્થહીન નહિ બની જાય?***

**શ્રી માતાજી :** જે લોકો સામાન્ય ચેતનામાં અને મિથ્યાભાસોમાં વસતા હોય છે તેમને માટે વ્યક્તિગત સંકલ્પ અને વ્યક્તિગત પસંદગી એ આવશ્યક ગુણો છે.

પ્રભુને એ વસ્તુઓને સાચી રીતે અર્પણ કરવી એનો અર્થ તો એ જ કે તેમનું સમર્પણ કરવું. પરંતુ કમભાગ્યે, ઘણા લોકો એવા ભ્રમમાં જીવે છે કે તેમણે પોતાની જાતનું સંપૂર્ણપણે સમર્પણ કર્યું છે, અને છતાં તેઓ પોતાની અંદર એક અત્યંત સક્રિય 'અહંકાર' ને સાચવી રાખી રહ્યા હોય છે, જેને લઈને પ્રભુના સંકલ્પને તેઓ સ્પષ્ટપણે સમજી શકતા નથી. જો આ લોકો તેમનો અંગત સંકલ્પ અને વિવેકબુદ્ધિ મૂકી દે છે તો પછી તેઓ અસમંજસ્ય અને અસ્તવ્યસ્ત વર્તનવાળા બની જાય છે.

તમે તમારી જાતને છેતરી ન બેસો એની ખાતરી કરી લેવા માટે સૌ પ્રથમ તો તમારે એક સંપૂર્ણ સત્યનિષ્ઠા પ્રાપ્ત કરી લેવી જોઈએ અને તમને એ વસ્તુનો સ્પષ્ટ પુરાવો મળ્યો હોવો જોઈએ કે કેવળ પ્રભુનો સંકલ્પ જ તમને હલાવીચલાવી અને દોરી રહ્યો છે.

૨૨ ડિસેમ્બર, ૧૯૬૯

*

**(૨૪૮) જગતમાં મનુષ્ય પાસે બે દીવા હોય છે, ફરજ અને સિદ્ધાંત. પરંતુ જેણે પ્રભુને પ્રાપ્ત કર્યા છે તે, એ બંનેને પેલે પાર ગયો હોય છે. અને તેમને બદલે તેણે પ્રભુના સંકલ્પને સ્થાન આપ્યું હોય છે. હે દિવ્ય કરણ, એમ કરવાથી જો લોકો તને ગાળો ભાંડે,**

**તો તું દરકાર ન કરીશ; પણ પોષણ આપતા સૂર્યની પેઠે તથા વિનાશ કરતા પવનની જેમ તું તારે માર્ગે ચાલ્યો જજે.**

**(૨૪૯) પ્રભુએ તને પોતાનો બનાવ્યો છે, તે મનુષ્યોની પ્રશંસા પ્રાપ્ત કરવા માટે નહિ, પણ નિર્ભયતાપૂર્વક પ્રભુની આજ્ઞા પ્રમાણે કાર્ય કરવા માટે.**

**(૨૫૦) જગતને પ્રભુની નાટકશાળા માન. તું નટની વેશભૂષા સજી લે, અને તેને તારી મારફત નાટક ભજવવા દે. જો લોકો તારી પ્રશંસા કરે અથવા તારો તિરસ્કાર કરે તો એમ જાણજે કે તેઓ પણ પ્રભુના જ છૂપાં સ્વરૂપો છે; માત્ર તેમની અંદરના પ્રભુને જ તારો વિવેચક અને પ્રેક્ષકવર્ગ માનજે.**

**શ્રી માતાજી :** સૌ પ્રથમની જરૂરની વસ્તુ છે પ્રભુના સંકલ્પ વિષે સભાન થવાની અને એમ થઈ શકે તે માટે આપણામાં કશી કામનાઓ કે વ્યક્તિગત સંકલ્પ ન હોવા જોઈએ.

આ વસ્તુ સિદ્ધ કરવાનો સારામાં સારો રસ્તો આપણી સમગ્ર અભીપ્સાને ભાગવત પૂર્ણતા પ્રત્યે વાળવાનો છે, આપણી જાતને કશા સંકોચ વિના તેને સોંપી દેવાની છે અને સર્વ પ્રકારની સંતુષ્ટિ માટે કેવળ પ્રભુ ઉપર જ આધાર રાખવાનો છે.

બીજું સર્વ કાંઈ એના પરિણામરૂપે આવી પહોંચશે.

૨૩ ડિસેમ્બર, ૧૯૬૯

*

**(૨૫૧) જો કૃષ્ણ એકલો જ તારા પક્ષમાં હોય, અને હથિયાર સજ્જ સંગઠિત દુનિયાની સેનાઓ તેમનાં સૂત્રો તથા શસ્ત્રો સાથે વિરોધી પક્ષમાં હોય, તો પણ તારા દિવ્ય એકાંતને જ પસંદ કરજે. દુનિયા તને પગ તળે છુંદી નાખે અને તેના શસ્ત્રો તારા ટુકડા કરી નાખે, તેની અશ્વસેના તારાં અંગોને છુંદી કચડીને રસ્તાની બાજુ પરનાં કાદવમાં ફંગોળી દે, તો પણ તું દરકાર**

**કરતો નહિ, કારણકે મન હંમેશાં એક વિચાર કેન્દ્ર છે અને શરીર એ એક શબ માત્ર છે. તેના કોષોમાંથી મુક્ત બનેલો આત્મા વિશાળતાપૂર્વક વિહરે છે અને વિજયને વરે છે.**

**શ્રી માતાજી :** આ વસ્તુ આપણને એ જાણવા માટે છે કે ગમે તે પરિસ્થિતિ હોય તે છતાં, આખા જગતનો વિરોધ હોય તે છતાં પણ, આપણે પ્રભુ સાથે તાદાત્મ્ય સિદ્ધ કરવાની પસંદગી કરવાની છે, કારણ કે જગતનું જે દેખાતું બળ છે તે કેવળ માનસિક અને ભૌતિક સ્તર ઉપરનું છે, જ્યારે પ્રભુ પાસે સત્યની શાશ્વત શક્તિ છે.

૨૬ ડિસેમ્બર, ૧૯૬૯

*

**(૨૫૨) જો તને એમ લાગતું હોય કે અંતે તારો પરાજય જ થવાનો છે, તો તું વધારે બળવાન હોય તે છતાં યુદ્ધ કરવા જઈશ નહિ, કારણકે કોઈ મનુષ્ય ભવિતવ્યતાને ખરીદી શકતો નથી, અને શક્તિ તેના સ્વામીઓ સાથે બંધાયેલી નથી. પણ, પરાજય એ કોઈ પૂર્ણવિરામ પણ નથી, એ તો એક દ્વાર માત્ર છે. પ્રારંભ માત્ર છે.**

**(૨૫૩) તું કહે છે કે મારો પરાજય થયો છે. સાચી રીતે કહે તો એમ કહે કે પોતાના હેતુને સિદ્ધ કરવા માટે ભગવાન વર્તુલાકારમાં ભ્રમણ કરી રહ્યા છે.**

**(૨૫૪) જ્યારે દુનિયા તને યારી આપતી નથી, ત્યારે તું ભગવાન પ્રત્યે તેમને પકડવા માટે વળે છે. જો જગત તારા કરતાં વધારે બળવાન હોય, તો શું તું એમ ધારે છે કે પ્રભુ, જગત કરતાં વધારે નિર્બળ છે? સાચો રસ્તો એ છે કે પ્રભુની આજ્ઞા જાણવા માટે, અને તેને પરિપૂર્ણ કરવા માટે જરૂરી બળ માટે તું ભગવાન તરફ વળ.**

***બાળક : પ્રભુને પોતાના "હેતુની આસપાસ કેમ વર્તુળાકારમાં ભ્રમણ"***

***કરવું પડે છે? તેઓ ધારે તો એને તરત જ સિદ્ધ કરી શકે છે, અને અન્ય સૌનું કામ વધુ સરળ અને વધુ અસરકારક બનાવી શકે છે.***

**શ્રી માતાજી :** એ તો નક્કી છે કે શ્રી અરવિંદ એમ કહેતા નથી કે પ્રભુને ગોળ ગોળ ફરવાની **આવશ્યકતા** રહે છે, કારણકે તેઓ તો સર્વશક્તિમાન છે; પરંતુ એમની શક્તિ, મનુષ્યો જે રીતે ધારે છે તે રીતે મનસ્વી રીતની નથી.

આ વસ્તુ વિષે કાંઈ પણ સમજવું હોય તો આપણે એ વસ્તુ જાણવી અને અનુભવવી જોઈએ કે આખાયે વિશ્વમાં **કોઈ વસ્તુ એવી નથી** કે જે પ્રભુના સર્વશક્તિમાન અને સર્વવ્યાપી સંકલ્પની અભિવ્યક્તિ ન હોય; અને એમની સાથે સભાનપણે તાદાત્મ્ય સાધવાથી જ આપણે આ વસ્તુ સમજી શકીએ છીએ, પણ તે વસ્તુ મન વડે નથી થતી, પરંતુ ચેતના અને સૂક્ષ્મ દર્શનની એક અનુભૂતિ વડે એ શક્ય બને છે.

સામાન્ય ચેતનામાં રહીને તો, મનુષ્ય પાસે વિશાળમાં વિશાળ બુદ્ધિ હશે તો પણ તે આખી સૃષ્ટિના એક કણ સરખા ભાગને ગ્રહણ કરી શકશે અને એટલે એને સમજવાની કે એની તુલના કરવાની વાત તો દૂર જ રહી જાય છે.

અને આપણે જો જગતનું રૂપાંતર જલદીથી બની આવે તેમ કરવું હોય તો આપણે જે પ્રભુ પાસે તેનું જ્ઞાન છે તેમને કશા પણ સંકોચ કે ગણતરી વિના આત્મસમર્પણ કરી દેવું એ જ ઉત્તમ કાર્ય છે.

૨૮ ડિસેમ્બર, ૧૯૬૯

*

**(૨૫૫) જ્યાં સુધી કોઈ સારા હેતુને સિદ્ધ કરવા માટે, તેના પક્ષમાં એક પણ અવિચલ શ્રદ્ધાવાળો આત્મા હોય છે, ત્યાં સુધી તે હેતુ નિષ્ફળ જતો નથી.**

**(૨૫૬) તું બબડે છે કે તર્કબુદ્ધિ મને એ પ્રકારની શ્રદ્ધા માટે કોઈ આધાર આપતી નથી. હે મૂર્ખ, જો તે એવો આધાર આપતી હોય તો પછી શ્રદ્ધાની જરૂર જ ક્યાં રહી? તારી પાસે શ્રદ્ધાની માગણી શા માટે કરવામાં આવે છે?**

**(૨૫૭) હૃદયમાંની શ્રદ્ધા અસ્પષ્ટ હોય છે, ઘણીવાર તે ગૂઢ જ્ઞાનનું વિકૃત પ્રતિબિંબ હોય છે. ઘણીવાર આસ્તિક મનુષ્યને શંકા ખૂબ સતાવે છે, તદ્દન નાસ્તિક કરતાં પણ વધારે. છતાં તે પ્રયત્નશીલ રહે છે, કારણકે તેની અવચેતનામાં એવું કશુંક શ્રદ્ધાયુક્ત જ્ઞાન પડેલું હોય છે જે તેની અંધશ્રદ્ધા અને ધૂંધળા પ્રકાશ જેવી શંકાઓને, બંનેને નભાવી લે છે, અને તે જ્ઞાનના આવિષ્કાર પ્રત્યે તેને ધકેલે છે.**

**બાળક : *કશો પ્રશ્ન ન કરે કે તર્ક ન કરે એવી "અંધશ્રદ્ધા" હોવી તે સારું કહેવાય?***

**શ્રી માતાજી :** લોકો સામાન્ય રીતે જેને અંધશ્રદ્ધા કહે છે તે હકીકતમાં, જે લોકોની બુદ્ધિ સત્ય જ્ઞાનને ગ્રહણ કરે તેવી નથી. તેમને કેટલીક વાર જે વસ્તુ પ્રભુ કૃપા વડે પ્રાપ્ત થાય છે તે હોય છે. એટલે અંધશ્રદ્ધા એ કોઈ સન્માનનીય જેવી વસ્તુ હોઈ શકે, જો કે એ તો સ્પષ્ટ છે કે જેનામાં સત્ય જ્ઞાન હોય તે વધુ સારી અવસ્થામાં હોય છે.

૨૯ ડિસેમ્બર ૧૯૬૯

**બાળક : *શ્રદ્ધા કઈ ભૂમિકાની વસ્તુ છે, મનોમય કે ચૈતસિક?***

**શ્રી માતાજી :** શ્રદ્ધા એ કેવળ ચૈતસિક ઘટના છે.

૩૦ ડિસેમ્બર, ૧૯૬૯

*

**(૨૫૮) જગત એમ માને છે કે તે બુદ્ધિના પ્રકાશ વડે ગતિ કરી રહ્યું છે; પરંતુ ખરી રીતે તો તેની શ્રદ્ધા અને સાહજિક વૃત્તિઓ જ તેને પ્રેરી રહી હોય છે.**

**(૨૫૯) તર્કબુદ્ધિ શ્રદ્ધા સાથે સુસંગત બની જાય છે, અથવા સાહજિક વૃત્તિઓને યોગ્ય ઠરાવતી દાખલો શોધી કાઢે છે. પણ તર્કબુદ્ધિને અવચેતનામાંથી સ્ફૂરણા મળે છે, એને એટલે લોકો એમ માને છે કે તેઓ બુદ્ધિયુક્ત રીતે વ્યવહાર કરે છે.**

**(૨૬૦) બુદ્ધિનું કાર્ય છે માત્ર ઇન્દ્રિયજન્ય સમજને ગોઠવી આપવાનું અને તેની વિવેચના કરવાનું, તેના પોતામાં સ્પષ્ટ નિર્ણય લેવાનું કે કાર્ય માટે આદેશ આપવાનું કોઈ સાધન નથી. જ્યારે તે નિર્ણયને કે કાર્યને ઉત્પન્ન કરવાનો ડોળ કરે છે ત્યારે તેના અંચળા હેઠળ બીજી શક્તિઓ કાર્ય કરી રહી હોય છે.**

**(૨૬૧) જ્યાં સુધી તારામાં ડહાપણ આવે ત્યાં સુધીનું શ્રદ્ધાના તથા સાહજિક વૃત્તિઓના પ્રભુ નિર્ણીત હેતુઓ માટે તર્કબુદ્ધિનો ઉપયોગ કર. તારી શક્તિઓમાં તારે પરસ્પર અથડામણ શા માટે કરવી જોઈએ?**

***બાળક : આધ્યાત્મિક જીવનમાં અને સામાન્ય જીવનમાં, બુદ્ધિ, શ્રદ્ધા અને સહજ પ્રેરણાનાં ઉચ્ચતમ લક્ષ્ય કયાં હોય છે?***

**શ્રી માતાજી :** સૌ કોઈને તેની પ્રકૃતિ પ્રમાણે અને તે પોતે સામાન્ય જીવનમાં પ્રાપ્ત કરવા માગતું હોય છે તે પ્રમાણેના આગવાં ધ્યેય હોય છે.

આધ્યાત્મિક જીવનની બાબતમાં તો માત્ર એ જ ધ્યેય હોય છે. પ્રભુને જાણવા અને તેમની સાથે એકરૂપ થવું, દરેક શક્ય સાધન અને શ્રદ્ધાનો એ માટે ઉપયોગ કરવો. અને શરૂઆત કરનાર માટે આ વસ્તુ જરૂર એક અત્યંત શક્તિશાળી ધ્યેય હોય છે.

૩૧ ડિસેમ્બર, ૧૯૬૯

*

**(૨૬૨) હમેશાં અવલોકન કરતો રહે અને તારા વધુને વધુ વિકાસ પામતા જતા અવલોકનના પ્રકાશને આધારે કાર્ય કર. પરંતુ યાદ રાખજે કે તે અવલોકનો કેવળ તર્કબદ્ધિનાં ન હોવાં જોઈએ. જ્યારે બુદ્ધિ પ્રભુને સમજી શકતી નથી, ત્યારે પ્રભુ હૃદયને પોતાનો આદેશ સંભળાવે છે.**

**(૨૬૩) જો તારું હૃદય તને એમ કહે કે આ રીતે, આ સાધનો વડે, આ અમુક સમયે, અમુક વસ્તુ બનશે તો તું એ વાતને માનીશ નહિ. પરંતુ જો તારું હૃદય તને પ્રભુના આદેશની વિશુદ્ધિ તથા વિશાળતા આપે તો તેમને સ્વીકારી લેજે.**

**(૨૬૪) જ્યારે તને આદેશ મળી જાય ત્યારે માત્ર તેને ચરિતાર્થ કરવાની જ દરકાર રાખજે, બાકીનું સર્વ કાંઈ પ્રભુના સંકલ્પ અને યોજના ઉપર આધાર રાખતું હોય છે — જેને લોકો અકસ્માત, નસીબ અથવા સદ્ભાગ્ય કહે છે.**

**શ્રી માતાજી :** જ્યારે મન નીરવ થઈ ગયું હોય ત્યારે જ પ્રભુનો આદેશ સાંભળવો શક્ય બને એ દેખીતું છે. સાચા જ્ઞાનનો માર્ગ શબ્દો અને વિચારોથી ઉપર હોય છે.

જ્યારે આ ઘટના બને છે ત્યારે એ વસ્તુ અત્યંત સ્પષ્ટપણે જણાઈ આવે છે, કારણ કે આપણે પ્રથમ તો પ્રભુના આદેશને સાંભળીએ છીએ અને તેને વર્ણવનાર શબ્દો તો પછીથી આવે છે.

૧ જાન્યુઆરી, ૧૯૭૦

*

**(૨૬૫) જો તારું લક્ષ્ય મહાન હોય અને સાધનો ઓછાં હોય તો પણ કર્મ કર્યે જજે, કારણ કે કર્મ દ્વારા જ એ વસ્તુઓ તને વધારે પ્રમાણમાં પ્રાપ્ત થશે.**

**(૨૬૬) સમયની અને સફળતાની દરકાર ન રાખીશ. તું તારો ભાગ ભજવજે, ભલે પછી તને નિષ્ફળતા મળે કે સફળતા.**

**(૨૬૭) આદેશ ત્રણ સ્વરૂપોમાં આવી શકે છે — તારા સ્વભાવમાં સંકલ્પ અને શ્રદ્ધા; તારો આદર્શ કે જેને તારાં હૃદય અને બુદ્ધિ અનુમોદન આપતાં હોય; અને પ્રભુનો અથવા તેના દૂતોનો શબ્દ.**

**(૨૬૮) એવો સમય પણ આવે છે કે જ્યારે કાર્ય કરવું તે ડહાપણભરેલું કે શક્ય હોતું નથી. એવે સમયે કોઈ સ્થૂલ એકાંતમાં તપસ્યા કરવા ચાલ્યો જજે, અથવા તારા આત્માની એકાંત ગુહામાં તપસ્યા* કરવા માટે ચાલ્યો જજે, અને ત્યાં જે કોઈ દિવ્ય શબ્દ અથવા આવિષ્કાર પ્રાપ્ત થાય તેની પ્રતીક્ષા કરજે.**

**(૨૬૯) સર્વ પ્રકારના અવાજો પ્રત્યે કૂદી પડીને તેમને સ્વીકારી ન લેતો, કારણકે તને છેતરવા માટે અસત્યભાષી સત્ત્વો તૈયાર ખડાં હોય છે; પણ તારું હૃદય વિશુદ્ધ બનવા દેજે અને પછી શ્રવણ કરજે.**

**શ્રી માતાજી :** એ વસ્તુ સાચે જ અગત્યની છે કે આપણે જે કોઈ અવાજ સાંભળીએ તે દરેકને પ્રભુ તરફથી આવતો માની ન બેસીએ, કારણકે એમાં આપણે કોઈ ઠગાઈ કરનારનો આદેશ સ્વીકારીને પાલન કરવા બેસી જઈએ તેમ બની શકે છે. આમાં છેતરાઈ ન જવાય તે માટે ખાતરી મળે તે માટે આપણામાં વ્યક્તિગત કામનાનો સદંતર અભાવ હોવો જોઈએ, પ્રભુની સેવા કરવાની કામનાનો પણ અભાવ હોવો જોઈએ, સંપૂર્ણ શાંતિમાં ડૂબી રહેવાની ઇચ્છા પણ ન હોવી જોઈએ. ત્યારે જ આપણે આપણી વિવેક બુદ્ધિ ઉપર વિશ્વાસ રાખી શકીએ છીએ.

૩ જાન્યુઆરી, ૧૯૭૦

*

**(૨૭૦) કેટલીક વાર એવો સમય હોય છે જ્યારે ભગવાન કડકપણે ભૂતકાળનો પક્ષ કરતા હોય છે. ત્યારે પછી જે વસ્તુઓ બની ગઈ હોય છે અને બનતી હોય છે તે જાણે કે એક રાજ્યાસન ઉપર બેસી જઈને "અમે તો રહેવાનાં જ" નો સ્વાંગ રચે છે. એવે સમયે તું ખંતપૂર્વક મંડ્યો રહેજે–પછી ભલે એમ જણાય કે સર્વના સ્વામી પ્રભુ સાથે તું યુદ્ધ કરી રહ્યો છે, કારણકે આ તો એની સૌથી વધુ તીવ્ર કસોટી હોય છે.**

* ત્યાગ, આધ્યાત્મિક શિક્ષણનું પાલન.

**(૨૭૧) જ્યારે કોઈ સારો હેતુ નિષ્ફળ જાય અને કોઈ આશા બાકી ન રહે ત્યારે એમ ન માની લેતો કે હવે બધું ગુમાવી બેઠો છે, અને હવે કશી આશા નથી; જ્યારે આત્મા પોતાનો પ્રયત્ન ત્યજી દે છે ત્યારે જ બધાનો અંત આવે છે.**

**શ્રી માતાજી :** આપણે દેખાવોથી છેતરાઈએ નહિ અને કોઈ પરિણામ ન દેખાવા છતાં આપણા પ્રયત્નો ખંતપૂર્વક ચાલુ રાખીએ તે માટે આપણને ઉત્તેજન આપવા માટે આ લખાયેલું છે.

આપણા જીવનમાં આપણે કરવા જેવી જે સાચી વસ્તુ આપણને દર્શાવવામાં આવી હોય તે કરવી જોઈએ; ભલે પછી બીજાઓ મશ્કરી કે ટીકા કરે; કારણકે લોકોના અભિપ્રાયની કશી કિંમત નથી હોતી, કેવળ પ્રભુનો સંકલ્પ જ સાચો હોય છે અને એ જ વિજયી બનનાર છે.

૪ જાન્યુઆરી, ૧૯૭૦

*

**(૨૭૨) જેને મહાન આધ્યાત્મિક ભૂમિકાઓ ઉપર વિજય મેળવવો છે તેણે અનંત કસોટીઓ અને પરીક્ષાઓમાંથી પસાર થવાનું હોય છે. પરંતુ મોટા ભાગના સાધકો તો પરીક્ષકોને લાંચ આપવા માટે જ આતુર હોય છે.**

**(૨૭૩) તારા હાથ છૂટા હોય ત્યાં સુધી તારા હાથ વડે, તારા અવાજ વડે, તારી બુદ્ધિ વડે, અને સર્વ પ્રકારનાં હથિયારો વડે યુદ્ધ કર. તારા શત્રુના કારાગૃહમાં તને બેડીઓથી જકડી લેવામાં આવ્યો છે? તારા મોઢામાં ડૂચો મારવામાં આવ્યો છે? તો તું તારા શાંત, બધાને ઘેરી વળવાની તાકાતવાળા તારા આત્મા અને તારી વિશાળતાપૂર્વક ઘૂમી વળતી સંકલ્પ શક્તિ વડે યુદ્ધ કરજે. અને જ્યારે તું મરણ પામે ત્યારે તારામાં ચાલી ગયેલી છતાં આખા વિશ્વમાં વ્યાપી રહેલી ભગવાનની શક્તિ વડે તું યુદ્ધ કરજે.**

**શ્રી માતાજી :** સત્યની પ્રાપ્તિ એ એક મુશ્કેલ અને જહેમતપૂર્ણ વિજય

છે. આ વિજયની પ્રાપ્તિ માટે મનુષ્યે એક સાચા યોદ્ધા બનવાનું રહે છે. એવો યોદ્ધો કે જે કશાથી બીતો ન હોય, દુશ્મનો કે મૃત્યુ કે આખા જગતના વિરોધથી ડરતો ન હોય, દેહ હોય કે ન હોય, તો પણ તેનો સંઘર્ષ ચાલુ રહે છે અને અંતે વિજય પ્રાપ્ત થાય છે.

૬ જાન્યુઆરી, ૧૯૭૦

*

**(૨૭૪) તું શું એમ માને છે કે ગુફામાં અથવા પર્વતના શિખર ઉપર બેઠેલો ત્યાગી કેવળ પથ્થર જેવો જડ છે અને કાંઈ જ કરતો નથી? તને શી ખબર? તે પોતાના સંકલ્પની બળવાન પ્રવાહો વડે જગતને ભરી દેતો હશે, અને પોતાના આત્માની અવસ્થાના દબાણ વડે તે જગતમાં પરિવર્તન કરી રહ્યો હશે.**

**(૨૭૫) જીવનમુક્ત પુરુષ પોતાના આત્મામાં, પર્વતનાં શિખરો ઉપર બેસીને જે જુએ છે, તેની ઘોષણા કરવા અને તેને સિદ્ધ કરવા માટે સ્થૂલ જગતમાં વીર પુરુષો અને પયગંબરો પેદા થાય છે.**

**(૨૭૬) થિયોસૉફિસ્ટો તેમના સંજોગોની બાબતમાં ખોટા છે, પણ તાત્ત્વિક રીતે સાચા છે. ફ્રેન્ચ ક્રાન્તિની ઘટના બનવાનું કારણ એ હતું કે ભારતમાં હિમાલયના બરફ ઉપર બેઠેલા એક આત્માએ પ્રભુના સંકલ્પનું “સ્વતંત્રતા—ભ્રાતૃભાવ—સમાનતા”નું સ્વપ્ન સેવ્યું હતું.**

**શ્રી માતાજી :** આ બતાવી આપે છે કે ભૌતિક બળો કરતાં આત્માની શક્તિ ઘણી મહાન છે. સિદ્ધિને માટે બંનેની જરૂર છે.

૭ જાન્યુઆરી, ૧૯૭૦

*

**(૨૭૭) દરેક વાણી અને કર્મ સનાતન મૌનમાંથી તૈયાર થઈને પ્રગટે છે.**

**(૨૭૮) સાગરનાં ઊંડાણોમાં કોઈ વિક્ષુબ્ધતા નથી, પણ સપાટી ઉપર તેથી આનંદમય ગર્જનાનો અને કિનારા તરફની દોટનો અવાજ સંભળાય છે. જીવનમુક્ત જ્યારે ભીષણ કર્મ કરે છે ત્યારે તેની તેવી જ સ્થિતિ હોય છે. આત્મા કર્મ કરતો નથી; તે પોતામાંથી ભીષણ કર્મનો ઉચ્છવાસ કાઢી રહ્યો હોય છે.**

**શ્રી માતાજી :** અહીં આપણને એ વસ્તુ ફરીથી કહેવામાં આવી છે કે જે વસ્તુ કાર્યને ઉત્પન્ન કરે છે, જે ચેતના અને શક્તિ કાર્યમાં પ્રગટ થાય છે; તે, તેમને ભૌતિક સ્વરૂપમાં કરનાર વ્યક્તિઓ, કે જે તેમના અજ્ઞાનને કારણે પોતે જ કર્મને ઉત્પન્ન કરનાર છે તેમ માનતી હોય છે, તેમના કરતાં તદ્દન અલગ હોય છે.

૮ જાન્યુઆરી, ૧૯૭૦

*

**(૨૭૯) ભગવાનના હે વીર યોદ્ધા, તારે માટે શોક, શરમ અથવા વેદના ક્યાંથી હોય? કારણકે તારું જીવન એક યશોગાથા છે, તારાં કાર્યો એક સમર્પણ છે, વિજય તારું માન છે, પરાજય તારો વિજય છે.**

**શ્રી માતાજી :** જે વ્યક્તિએ પ્રભુને પોતાનું સર્વસ્વ સમર્પણ કર્યું હોય છે તેને માટે શરમ કે વેદના જેવું કાંઈ હોતું નથી, કારણકે પ્રભુ હંમેશાં તેની સાથે હોય છે અને પ્રભુની ઉપસ્થિતિને કારણે સર્વ વસ્તુઓ મહિમાવંત બની જાય છે.

૯ જાન્યુઆરી, ૧૯૭૦

*

**(૨૮૦) તારા નિમ્નતર ભાગોમાં હજી પણ પાપનો અને શોકનો આવેગ અનુભવાય છે? પણ ભલે તે ભાગો જોઈ શકે કે ન જોઈ શકે, તારો**

**આત્મા તેમનાથી ઊર્ધ્વમાં સમ્રાટની જેમ, શાંત, મુક્ત, અને વિજયી બનીને બિરાજે છે. શ્રદ્ધા રાખ કે અંત આવતાં પહેલાં મા ભગવતી પોતાનું કાર્ય સિદ્ધ કરી લેશે અને તારા અસ્તિત્વની માટીને પણ આનંદમય અને વિશુદ્ધ બનાવી દેશે.**

**(૨૮૧) જો તારા હૃદયને અંદરથી કષ્ટ થતું હોય, જો લાંબા ગાળાઓ સુધી તું પ્રગતિ ન કરતો હોય, જો તારું બળ મૂર્ચ્છા પામતું હોય અને પશ્ચાત્તાપ અનુભવતું હોય, તો પણ તું હંમેશાં આપણા પ્રેમી અને સ્વામીની શાશ્વત વાણીને યાદ રાખજે, "હું તને સર્વ પાપોમાંથી તથા અનિષ્ટોમાંથી મુક્ત કરીશ, શોક ન કર."**

**શ્રી માતાજી :** અહીં આત્મા શબ્દથી, આપણા સર્વની અંદર રહેલ પ્રભુની ઉપસ્થિતિ વિશે શ્રી અરવિંદ કહે છે કે આ શાશ્વત ઉપસ્થિતિની નિશ્ચયાત્મકતા જ આપણને ખાતરી કરી આપશે કે અંતે તો વિજય નિશ્ચિત છે અને એ રીતે આપણને શોકમુક્ત કરશે.

૧૦ જાન્યુઆરી, ૧૯૭૦

*

**(૨૮૨) પવિત્રતા તો તારા આત્મામાં છે; પરંતુ કર્મોમાં તેમની પવિત્રતા કે અપવિત્રતા ક્યાં છે?**

**શ્રી માતાજી :** શ્રી અરવિંદ પવિત્રતા શબ્દને સામાન્ય નૈતિક અર્થમાં વાપરતા નથી. એમને માટે "પવિત્રતા"નો અર્થ "સર્વાંશે પ્રભુના પ્રભાવ હેઠળ". કેવળ પ્રભુને જ વ્યક્ત કરનાર એવો થાય છે.

અત્યારે, પૃથ્વી ઉપરનુ કોઈ કર્મ આ પ્રકારનું થઈ શકતું નથી.

૧૨ જાન્યુઆરી, ૧૯૭૦

*

**(૨૮૩) હે મૃત્યુ, હે મુખ ઉપર આવરણ ધારણ કરનાર અમારા મિત્ર, અને અમને તક પૂરી પાડનાર સુહૃદ, જ્યારે તું દરવાજો ખોલી આવવાનું હોય ત્યારે અમને અગાઉથી ખબર આપવામાં સંકોચ ન રાખીશ, કારણકે બીજાઓની જેમ, તે દરવાજાના લોખંડના સળિયાનો ખટખટ અવાજ સાંભળી ડરી જનારામાંના અમે નથી.**

**(૨૮૪) મૃત્યુ કેટલીક વખત અવિનયી સેવક હોય છે; પણ તે આ પાર્થિવ વસ્ત્રને બદલાવીને વધારે પ્રકાશમય પોષાક પહેરાવે છે અને તેથી તેનો અવિનય અને ઉદ્ધતાઈ ક્ષમા કરવા યોગ્ય છે.**

**(૨૮૫) હે અમર આત્મા, તને કોણ મારી શકવાનું છે? હે સદા આનંદરૂપ પ્રભુ, તને કોણ રિબાવી શકે તેમ છે?**

**બાળક :** ***શરૂઆતથી જ મૃત્યુને શોક સાથે સાંકળવાનું કેમ ચાલ્યું આવે છે?***

**શ્રી માતાજી :** શોકનું કારણ મનુષ્યનું અજ્ઞાન અને અહંભાવ છે. પરંતુ શોકે ઉત્ક્રાન્તિમાં ભજવવાનો ભાગ પૂરો થઈ ગયો છે.

૧૩ જાન્યુઆરી, ૧૯૭૦

**બાળક :** ***માનવ ઉત્ક્રાન્તિમાં શોકે શું ભાગ ભજવ્યો છે?***

**શ્રી માતાજી :** શોક, ઇચ્છા, દુઃખ મહત્ત્વાકાંક્ષા અને લાગણીઓ અને સંવેદનોમાંની આવી સરખી બધી પ્રતિક્રિયાઓએ અચિત્તમાંથી ચેતનાનો ઉદ્ભવ થવામાં તેમજ પ્રગતિ માટેની ઝંખના તરફ ચેતનાને જાગ્રત કરવા ભાગ આપ્યો છે.

૧૪ જાન્યુઆરી, ૧૯૭૦

*

**(૨૮૬) જ્યારે તારાં અંગ-ઉપાંગો શોક અને નબળાઈની સાથે પ્રેમમાં પડી ખુશી અનુભવે, ત્યારે આમ વિચાર કરજે કે હું બાર્કસ, એરિસ અને એપોલો છું : હું વિશુદ્ધ અને અજેય અગ્નિ છું; હું સદા બળિષ્ઠ રીતે જાજ્વલ્યમાન સૂર્ય છું.**

**(૨૮૭) ડાયનોશિયન અવાજ તથા આનંદથી તું તારી અંદર સંકોચ પામીશ પણ તે મોજાં ઉપર તું ઘાસના તણખલા પેઠે તણાઈ ન જાય તે સાચવજે.**

**(૨૮૮) તારામાં આવતા સર્વ દેવોને તારે શાંતિપૂર્વક સમાવી લેતાં શીખવાનું છે; તેમના આગમનના સંવેદથી લથડી ન પડીશ અથવા તેમના ભાર નીચે કચરાઈ ન જઈશ.**

**શ્રી માતાજી :** આ વસ્તુ મનુષ્યને એ શીખવવા માટે છે કે જુદા જુદા ધર્મોના દેવોથી દબાઈ જવાનું નથી કે બીવાનું નથી; કારણકે મનુષ્ય સ્વરૂપમાં, મનુષ્ય પોતાની અંદર પરમ પ્રભુ સાથે એકત્વ સાધવાની અને તેના વિષે સભાન થવાની શક્યતા ધારણ કરે છે.

૧૫ જાન્યુઆરી, ૧૯૭૦

*

**(૨૮૯) મનુષ્યો બળ અને આનંદથી કંટાળી ગયા અને તેમણે વિષાદ તથા નિર્બળતાને સદ્ગુણ ગણાવ્યો, જ્ઞાનથી કંટાળી ગયા અને અજ્ઞાન અવસ્થાને પવિત્રતા ગણાવી, પ્રેમથી કંટાળી ગયા અને હૃદયની કઠોરતાને બુદ્ધિમત્તા અને ડહાપણ ગણાવ્યાં.**

**(૨૯૦) ક્ષમાના અનેક પ્રકારો છે. તમાચો મારનાર તરફ પોતાનો ગાલ ધરનાર બાયલા પુરુષને મેં જોયો. વધારે બળવાન અને સ્વછંદી ગુંડાનો માર ખાતા એક દુર્બળ શરીરવાળાને તેની સામે શાંતિપૂર્વક અને અર્થપૂર્ણ રીતે જોતાં મેં જોયો. પોતાને પથ્થરો મારતા લોકો તરફ પ્રેમપૂર્વક હાસ્ય વેરતા ભગવાનના અવતારને**

**મેં જોયો. પહેલો પુરુષ હાસ્યાસ્પદ છે, બીજો ભયંકર છે, ત્રીજો દિવ્ય અને પાવનકારી છે.**

**શ્રી માતાજી :** શ્રી અરવિંદ કહે છે કે સર્વ સંજોગોમાં પ્રેમ વેરવો એ પ્રભુતાની નિશાની છે કારણકે પ્રભુને તો તેના ઉપર પ્રહાર કરનાર તેમ જ તેની ભક્તિ કરનાર બંને ઉપર એક સરખો પ્રેમ છે. માનવજાતિ માટે આ કેવો પદાર્થ પાઠ છે!

૧૭ જાન્યુઆરી, ૧૯૭૦

*

**(૨૯૧) તને પોતાને હાનિ પહોંચાડનારને માફી આપવી એ ઉમદા વસ્તુ છે, પણ બીજાઓ પ્રત્યે જે અન્યાયો કરવામાં આવ્યા હોય, તે બાબતની માફી આપવી તે એટલું ઉમદા નથી; છતાં ભલે, તે બાબતે પણ માફી આપ! પરંતુ જ્યારે જરૂરી હોય ત્યારે શાંતિપૂર્વક બદલો લે.**

**(૨૯૨) જ્યારે એશિયાવાસીઓ ખૂનામરકી કરે છે ત્યારે તેને અત્યાચાર કહેવામાં આવે છે, જ્યારે યુરોપિયન લોકો ખૂના-મરકી કરે છે ત્યારે તેને લશ્કરી પગલું કહેવામાં આવે છે. આ ભેદનું ઝીણવટપૂર્વક નિરીક્ષણ કર, અને દુનિયા કોને સદ્ગુણો કહે છે તેના ઉપર ચિંતન કર.**

**શ્રી માતાજી :** આ સર્વ વસ્તુઓ આપણને મનુષ્યના સ્વાર્થ અને અહંતાના પ્રતિકાર્યના પાયા ઉપર રચાયેલ ન્યાયબુદ્ધિમાં રહેલ ગહન મૂર્ખતાનું ભાન કરાવે છે.

જ્યાં સુધી મનુષ્યો તેમની અત્યારની અજ્ઞાન અવસ્થામાં રહેશે ત્યાં સુધી, સત્યની આગળ તેમનાં તારણો અને અભિપ્રાયો વજુદ વિનાના જ રહેવાના અને તેમની ગણતરી એ રીતે કરવાની રહેશે.

૨૦ જાન્યુઆરી, ૧૯૭૦

*

**(૨૯૩) ખૂબ જ પૂણ્ય પ્રકોપવાળા મનુષ્યોનું નિરીક્ષણ કર. થોડા જ સમયમાં તને સમજાશે કે જે ગુનાની તેઓ ઉગ્રતાપૂર્વક નિંદા કરતા હતા, તેને જ તેઓ આચરતા હશે અથવા તે પગુનો નથીથ એમ ગણાવતા હશે.**

**(૨૯૪) "માણસોમાં સાચો દંભ બહુ થોડો હોય છે". સાચી વાત. પણ તેમનામાં મોટા પ્રમાણમાં પ્રપંચ અને છળકપટ છે, અને તેથી પણ વધારે પ્રમાણમાં આત્મવંચના છે. આત્મવંચના ત્રણ પ્રકારની હોય છે—સચેતન, અવચેતન અને અર્ધચેતન, પણ આ ત્રણમાંથી ત્રીજી સૌથી વધુ ખતરનાક છે.**

**બાળક : *મને એમ લાગે છે કે સભાન આત્મવંચના એ સૌથી ખરાબ છે, ખરું?***

**શ્રી માતાજી :** સભાન આત્મવંચના બહુ ઓછી જોવામાં આવે છે કારણકે એનો અર્થ એ કે એમાં ચેતનાનો ઘણો વિકાસ જામેલો હોવા સાથે છેતરવાની એક વિકૃત વૃત્તિ રહેલી હોય છે અને એ વસ્તુ અત્યંત ભયંકર પ્રકારના અસત્ય પ્રત્યે દોરી જાય છે; પરંતુ કદાચ એનો ઇલાજ કરવો સૌથી સહેલો હોય છે, કારણકે ચેતના તો જાગ્રત હોય છે જ અને તેને ફક્ત તેની ભૂલ બતાવીને તેને સુધારવાનો નિર્ણય લેવરાવાનો હોય છે કે જેથી એનામાં એમ કરવાની શક્તિ આવી રહે.

બીજાઓએ તો પોતે શું કરી રહ્યા છે તે વિશે સભાન થવાનું રહે છે અને એમાં સામાન્ય રીતે ઘણો લાંબો સમય લાગે છે.

૨૧ જાન્યુઆરી, ૧૯૭૦

*

**(૨૯૫) માણસો સદ્‌ગુણોનો દેખાવ કરે તેથી છેતરાઈશ નહિ અને તેમના ખુલ્લે ખુલ્લા અથવા ગુપ્ત દોષોને લીધે તેમના પ્રત્યે અણગમો પણ રાખીશ નહિ. માનવજાતિના લાંબા સમય સુધી ચાલતા પરિવર્તન ગાળામાં આવી વસ્તુઓ એ જરૂરી દાવપેચ છે.**

**(૨૯૬) જગતની વક્રતાથી આઘાત પામી પરાઙ્મુખ ન થઈ જઈશ. જગત તો એક નિયત સમયે પોતાની કાંચળી ઉતારતા અને પરિપૂર્ણતા પ્રત્યે વાંકીચૂંકી ગતિ કરી રહેલા ઘાયલ ઝેરી સાપ જેવું છે. થોભી જા, આ તો એક દેવતાઈ દાવ છે; અને આ પ્રકારની અધમતામાંથી જ પ્રભુ જાજ્વલ્યમાન અને વિજયી બનીને બહાર આવશે.**

**શ્રી માતાજી :** શ્રી અરવિંદ આપણને કહે છે કે મનુષ્ય એ એક વચગાળાનું સર્જન છે અને આખા જગતની વેદનાઓમાંથી એક એવું જ્યોતિર્મય સ્વરૂપ પ્રગટ થનાર છે જે પ્રભુની અભિવ્યક્તિ કરવાને શક્તિમાન હશે.

આમ, અત્યારે જેવું છે તેવા જગતથી જેમને સંતોષ ન હોય તેઓ જાણી શકશે કે તેમની અભીપ્સા વ્યર્થ જાગ્રત થતી નથી અને જગત પરિવર્તન પામી રહ્યું છે.

જો આત્માર્પણ અને પ્રયત્નનો અભીપ્સા સાથે મેળ કરવામાં આવે તો વસ્તુઓ વધુ ઝડપી ગતિ પકડે.

૨૨ જાન્યુઆરી, ૧૯૭૦

*

**(૨૯૭) તું નકાબપોશ (Mask) થી ગભરાઈને પાછો શા માટે પડે છે? તેના વિકૃત, બેહૂદા, જુગુપ્સાકારક ભીષણ દેખાવ પાછળ રહીને, કૃષ્ણ તારા મૂર્ખાઈભરેલા ગુસ્સાને, વધારે મૂર્ખાઈભરેલા તારા તિરસ્કારને અથવા ઘૃણાને અને સૌથી વધારે તો મૂર્ખાઈભરેલા તારા ભયને હસી રહ્યા છે.**

**(૨૯૮) જ્યારે તું તારી જાતને બીજાનો તિરસ્કાર કરતી જુએ ત્યારે તું તારા પોતાના હૃદય તરફ નજર નાખજે અને તારી મૂર્ખાઈ પ્રત્યે હસજે.**

*બાળક : આપણે વસ્તુઓને વિકૃત અને બેહૂદી જોઈએ છીએ તે કેવળ આપણો મનોમય ખ્યાલ જ હોય છે કે વસ્તુઓ ખરેખર આપણને દેખાય છે તેવી જ હોય છે. એ જ વસ્તુ સૌન્દર્યને લાગુ પડે છે, નહિ?*

**શ્રી માતાજી :** એ તો નક્કી છે કે પાર્થિવ જગતની અત્યારની અવસ્થામાં દેખાવો બહુ છેતરામણા હોય છે. સ્થૂલ સૌન્દર્ય એ હંમેશાં સુન્દર આત્માની નિશાની નથી હોતું, અને કોઈ બેડોળ અથવા બેહૂદા દેહની પાછળ કોઈ મેધાવી કે તેજસ્વી આત્મા છૂપાયેલો હોઈ શકે છે.

પરંતુ જેનામાં વધુ આંતરિક સંવેદનશીલતા હોય છે તેને માટે દેખાવો છેતરામણા નથી હોતા અને એક સુંદર ચહેરા પાછળ છૂપાયેલી કુરૂપતા અને કુરૂપ ચહેરા પાછળ છૂપાયેલ સૌન્દર્યને તે ઓળખી શકે છે.

એવા પણ દાખલા હવે વધુને વધુ પ્રમાણમાં બનતા જાય છે જ્યાં બાહ્ય દેખાવ વડે આંતરિક સત્ય પ્રગટ થાય છે અને સૌ કોઈ તેને જોઈ શકે છે.

૨૩ જાન્યુઆરી, ૧૯૭૦

*

**(૨૯૯) વ્યર્થ દલીલોથી દૂર રહે, પણ મુક્તપણે વિચારોની આપ-લે કર. જો તારે ચર્ચા કરવી જ પડે, તો તારા પ્રતિપક્ષી પાસેથી કંઈક શીખજે, કારણ કે જો તું માત્ર કાન વડે તથા તર્કયુક્ત મન વડે ન સાંભળતાં આત્માના પ્રકાશ વડે સાંભળે, તો તું મૂર્ખ પાસેથી પણ બહુ જ્ઞાન મેળવી શકીશ.**

**(૩૦૦) બધીવસ્તુઓનેમધુમયબનાવ,દિવ્યજીવનનોએકાયદોછે.**

**(૩૦૧) ખાનગી વ્યક્તિગત કજિયાથી હંમેશાં દૂર રહેજે; પણ જાહેર યુદ્ધમાં ઝંપલાવતાં સંકોચ ન પામતો, અને તેમાં પણ તારા શત્રુના બળની કદર* કરજે.**

**(૩૦૨) જ્યારે તને નાખુશ કરે તેવો અભિપ્રાય તું સાંભળે ત્યારે તેનું અધ્યયન કરીને, તેમાં રહેલા સત્યને શોધી કાઢજે.**

**શ્રી માતાજી :** જો તમારી અંદર સત્યને અનુસરીને જીવવાની ખરા અંતરની

* અહીં મૂળના શબ્દો અનુસાર "બળને પ્રાપ્ત" અર્થ થતાં, તે શબ્દોને બદલે જે વૈકલ્પિક શબ્દ સૂચવાયેલા છે તે વાપર્યા છે.

ઇચ્છા હોય તો તમારે જાણી લેવું જોઈએ કે તમે દરેક વસ્તુમાંથી કંઈ ને કંઈ શીખી શકો છો અને તમારે માટે પ્રગતિ કરવાની તક હર પળે પ્રાપ્ત હોય છે. કોઈ અત્યંત મૂર્ખતાપૂર્ણ ઘટનામાં પણ જો તમને જોતાં આવડતું હોય તો ઘણીવાર કોઈ મહાન જ્યોતિનો આવિષ્કાર જોવા મળે છે.

૨૪ જાન્યુઆરી ,૧૯૭૦

*

**(૩૦૩) મધ્ય યુગના ત્યાગીઓ, નારીનો તિરસ્કાર કરતા હતા, અને ભગવાન સ્ત્રીઓને ત્યાગીઓના પ્રલોભન માટે જ બનાવે છે એમ માનતા હતા. ભગવાન માટે તેમજ નારીઓ માટે વધુ ઉદારતાપૂર્વક વિચાર કરવાની છૂટ હોવાની જરૂર જણાય છે.**

**(૩૦૪) જો કોઈ નારીએ તને લલચાવ્યો હોય, તો તેમાં વાંક કોનો છે, નારીનો કે તારો? મૂર્ખ ન બનતો, આત્મવંચના ન કરતો.**

**(૩૦૫) નારીના પાશથી દૂર રહેવાના બે માર્ગ છે : એક છે બધી નારીઓથી દૂર રહેવું, બીજો છે, પ્રાણી માત્ર સાથે પ્રેમ કરવો.**

***બાળક : સામાન્ય જીવનમાં આધુનિક નારીનો શો આદર્શ હોવો જોઈએ?***

**શ્રી માતાજી :** સામાન્ય જીવનમાં, સ્ત્રીઓને જે ખ્યાલો રાખવા હોય તે સર્વ રાખી શકે છે, એની કશી અગત્ય નથી.*

આધ્યાત્મિક દૃષ્ટિએ જોતાં, પ્રભુને પ્રાપ્ત કરવાની ક્ષમતા સ્ત્રીઓ અને પુરુષોમાં સરખા પ્રમાણમાં હોય છે. દરેકે પોત પોતાની રીતે અને પોત પોતાની શક્યતાઓ અનુસાર એ વસ્તુ કરવી જોઈએ.

૨૫ જાન્યુઆરી, ૧૯૭૦

*

* પાછળથી શ્રી માતાજીએ ઉમેરેલું, "સામાન્ય જીવનમાં સ્ત્રીઓ માટે સારું સ્વાસ્થ્ય અને સંવાદિતા, એ આદર્શ હોવા જોઈએ."

**(૩૦૬) ત્યાગ, બેશક આરામદાયક છે : ગુફા શાંતિપૂર્ણ છે, પર્વતનાં શિખરો અદ્‌ભુત રીતે આનંદદાયક છે; છતાં પ્રભુએ તારે માટે જે આશય રાખેલો છે તે પ્રમાણે તું જગતમાં કર્મ કર.**

**શ્રી માતાજી :** શ્રી અરવિંદ અહી આપણને સમજાવે છે કે કોઈ વ્યક્તિ પોતાની પસંદગી પ્રમાણે ત્યાગી બની શકે છે, એમાં કોઈ વૈરાગ્યનું કારણ ન પણ હોય; એટલે તેઓ આપણને સમજાવે છે કે વ્યક્તિગત પસંદગી ભલે ગમે તેટલી સાધુતાવાળી લાગતી હોય, તે છતાં પ્રભુના સેવક બનીને તેમના જ સંકલ્પ અનુસાર કાર્ય કરવું એ વધુ ઉચ્ચ અવસ્થા છે.

૨૬ જાન્યુઆરી, ૧૯૭૦

*

**(૩૦૭) શંકરાચાર્ય પ્રત્યે ભગવાન ત્રણ વાર હસ્યા હતા. એક વાર તો જ્યારે તે પોતાની માતાના શબને અગ્નિદાહ કરવા પાછા ઘેર ગયા હતા ત્યારે; બીજીવાર જ્યારે તેમણે ઈશોપનિષદ ઉપર ભાષ્ય રચ્યું ત્યારે, અને ત્રીજીવાર જ્યારે અકર્મનો ઉપદેશ કરવા માટે તે ભારતમાં ઝંઝાવાતની પેઠે ઘૂમી વળ્યા હતા ત્યારે.**

**શ્રી માતાજી :** જ્યારે આ બુદ્ધિમાન મનુષ્યે રીતરિવાજોનું પાલન કર્યું, લાંબા ભાષ્ય લખ્યાં અને અકર્મનો ઉપદેશ દેવા માટે ખૂબ કર્મ કર્યું ત્યારે પ્રભુ હસ્યા હતા.

૨૭ જાન્યુઆરી, ૧૯૭૦

*

**(૩૦૮) માણસો માત્ર સફળતા મેળવવા માટે જ પ્રયત્ન કરે છે. જો તેઓ સદ્‌ભાગ્યે નિષ્ફળ જાય છે, તો તેનું કારણ એ છે કે પ્રકૃતિની પ્રજ્ઞા અને શક્તિ તેમની બૌદ્ધિક ચતુરાઈને પછડાટ ખવડાવે છે. ક્યારે અને કેવી રીતે ડહાપણપૂર્વક ભૂલ કરવી અને અસરકારક**

**રીતે નિષ્ફળ જવું, તે માત્ર ભગવાન જ જાણે છે.**

**(૩૦૯) જે માણસ કદી નિષ્ફળ ગયો નથી અને જેણે કષ્ટ સહન કર્યાં નથી, તેના પર વિશ્વાસ ન કરતો, તેનાં સદ્ભાગ્યોનું અનુસરણ ન કરતો, તેના ધ્વજ નીચે યુદ્ધ ન કરતો.**

**(૩૧૦) બે જણ મહાન બનવા માટે તથા સ્વતંત્રતા માટે અયોગ્ય છે — એક તો જે કદી બીજાનો ગુલામ બન્યો નથી તેવો માણસ, અને પરદેશીઓની ધૂંસરી નીચે કદી પણ ન આવેલો દેશ.**

**શ્રી માતાજી :** કેટલાક જરૂરી ગુણોનો વિકાસ વેદના અને મુશ્કેલીઓ દ્વારા જ થાય છે. અજ્ઞાની લોકો તેમનાથી દૂર ભાગે છે, પરંતુ પરમ પ્રભુએ જેમને પોતાના પ્રતિનિધિ તરીકે પસંદ કર્યા હોય છે તેમના ઉપર તેમનો ઝડપી વિકાસ સિદ્ધ કરવા માટે તેઓ તે વસ્તુઓ લાદે છે, કારણકે પરમ પ્રજ્ઞા સ્વરૂપ તો પ્રભુ જ છે.

૨૮ જાન્યુઆરી, ૧૯૭૦

*

**(૩૧૧) તારો આદર્શ ક્યારે અને કેવી રીતે સિદ્ધ થશે, એ બે બાબતો પહેલેથી નક્કી કરી લે. તું કાર્ય કર અને સમયની તથા રીતની વાત સર્વજ્ઞ પ્રભુ ઉપર છોડી દે.**

**(૩૧૨) તારા આદર્શને ઝડપથી અને તારા જીવનકાળ દરમિયાન જ સિદ્ધ કરવાનો હોય તે રીતે કાર્ય કર. હજારો વર્ષોની મહેનત સિવાય તે આદર્શ સિદ્ધ થવાનો નથી એમ માનીને ખંતપૂર્વક મંડ્યો રહે. જે 'પાંચ યુગો પછી પણ સિદ્ધ થઈ શકે એમ નથી' એમ તને લાગતું હોય, તે આવતી કાલે પરોઢમાં સિદ્ધ થઈ જાય, અને જેને પ્રાપ્ત કરવાની તું આશા સેવે છે અને 'અત્યારે જ મળશે,' એમ તીવ્ર કામના કરે છે, તે તને તારા સો જન્મો પછી મળે તેવું તારા માટે નિર્માણ થયેલું હોઈ શકે.**

**શ્રી માતાજી :** રૂપાંતર પ્રત્યે આપણું વલણ આ પ્રકારનું જ હોવું જોઈએઃ આપણામાં એટલી શક્તિ અને ઉત્સાહ હોવો જોઈએ કે જાણે આપણે એ વસ્તુને આપણા હાલના જન્મમાં જ સિદ્ધ કરવાના હોઈએ, આપણામાં એટલી બધી ધીરજ અને સહનશક્તિ હોવી જોઈએ કે જાણે એ વસ્તુ સિદ્ધ કરવા માટે આપણને સૈકાઓની જરૂર હોય. ૨૯ જાન્યુઆરી, ૧૯૭૦

*

**(૩૧૩) આપણામાંના દરેક જણે પૃથ્વી ઉપર લાખો જન્મ લેવાના છે. તો પછી આ ઉતાવળ, ઘોંઘાટ અને અધીરાઈ શા માટે?**

**(૩૧૪) ઝડપથી પગલાં ભર, કારણ કે ધ્યેય દૂર છે. વચ્ચે નકામો વિસામો ખાવા ન બેસતો, કારણ કે યાત્રામાર્ગને છેડે તારા સ્વામી, પ્રભુ, તારી રાહ જોઈ રહ્યા છે.**

**શ્રી માતાજી :** અહીં પણ હંમેશાની જેમ, શ્રી અરવિંદ પ્રશ્નની દરેક બાજુ ને જુએ છે અને ઉધમાત કરનારા લોકોને શાંતિ અને ધીરજનો પાઠ આપે છે તો આળસુને જાગ્રત કરીને શક્તિશાળી બનવાનું કહે છે. બે વિરોધી ભાવોના એક્ત્વમાં જ સાચું ડહાપણ અને સંયમપૂર્ણ અસરકારકતા રહેલાં હોય છે.

૩૦ જાન્યુઆરી, ૧૯૭૦

*

**(૩૧૫) આદર્શને નિંદનાર અને તેનો ઈન્કાર કરનાર બાલિશ અને અધીરાઈવાળા બૂમબરાડાથી હું કંટાળી ગયો છું કારણ કે સોનાના પર્વતોની ટોચ ઉપર, આપણા એક નાનકડા દિવસમાં અથવા થોડીક ક્ષણજીવી સદીઓમાં પહોંચી શકાય નહિ.**

**(૩૧૬) તારા નિષ્ફળ આત્માને ધ્યેય ઉપર એકાગ્ર કર અને તારામાં રહેલી દિવ્ય તાકાત વડે તે પ્રાપ્ત કરવાનો આગ્રહ રાખ; તેમ કરવાથી ધ્યેય પોતે જ સાધનો પેદા કરી લેશે; અરે ધ્યેય પોતે જ**

**સાધનરૂપ બની જશે. કારણ કે, બ્રહ્મ એ ધ્યેય છે અને તે સ્વયં સિદ્ધ છે. ધ્યેયને બ્રહ્મ રૂપે જો, તેને સદા તારા આત્મામાં સિદ્ધ થયેલું નિહાળ.**

**શ્રી માતાજી :** આપણી શાશ્વત યાત્રાનો અંત આપણા આત્મામાં જ છે અને આપણી વ્યક્તિગત અક્ષમતા જ આપણને એના વિષે તત્કાલ સભાન થવા દેતી નથી.

પરમ પ્રભુ (બ્રહ્મ) ને સંપૂર્ણ અને બિનશરતી સમર્પણ એજ આ અક્ષમતાને દૂર કરવાનો એક માત્ર અને અદ્‌ભુત માર્ગ છે.

૧ ફેબ્રુઆરી, ૧૯૭૦

*

**(૩૧૭) બુદ્ધિ વડે યોજનાઓ ન ઘડ, પણ તારી દિવ્ય દૃષ્ટિને તારે માટેની યોજનાઓની ગોઠવણ કરવા દે. જ્યારે કરવાના કાર્યરૂપે તેનાં સાધનો તારી પાસે આવે, ત્યારે તેમને તું તારું ધ્યેય બનાવ. ધ્યેય તો જગતમાં છે જ, પોતાને સિદ્ધ કરી રહ્યું છે, અને તારા આત્મામાં તો તે ક્યારનું યે સિદ્ધ થયેલું છે.**

**(૩૧૮) મનુષ્યો ઘટનાઓને સિદ્ધ નહિ થયેલી અને પ્રયત્ન કરી સિદ્ધ કરવાની છે એમ માને છે. આ દૃષ્ટિ ખોટી છે. ઘટનાઓને સિદ્ધ કરવામાં આવતી નથી. તેઓ ક્રમે ક્રમે વિકાસ પામે છે, પ્રગટ થાય છે. ઘટના બ્રહ્મ છે, તે શાશ્વત કાળથી સિદ્ધ થયેલી છે. અત્યારે તે પ્રગટ થાય છે.**

**શ્રી માતાજી :** આપણે આ વસ્તુ આ રીતે કહી શકીએ : દરેક વસ્તુ શાશ્વતકાળથી અસ્તિત્વમાં છે અને એમના વિશે આપણે જેને ભૌતિક જગત કહીએ છીએ તેમાં ક્રમે ક્રમે કરીને સભાન બનીએ છીએ.

આ રીતે જોવાની અને બોલવાની રીત એ સામાન્ય માનવ ચેતનાને સંપૂર્ણપણે ઊલટાવી નાખવાની બાબત છે.

૨ ફેબ્રુઆરી, ૧૯૭૦

*

**(૩૧૯) જેવી રીતે તારાનો વિનાશ થયા પછી તેનો પ્રકાશ સેંકડો વર્ષ પછી પૃથ્વીને પહોંચે છે તેવી રીતે જ, પ્રારંભકાળમાં બ્રહ્મમાં સિદ્ધ થયેલી ઘટના અત્યારે આપણી ભૌતિક અનુભૂતિમાં પ્રગટ થાય છે.**

**શ્રી માતાજી :** હા, પરંતુ બ્રહ્મનો સંકલ્પ કે આપણે આ ઘટનામાં ભાગ લેવો તે ઘટના પણ તે દૂરની અગાઉની ક્ષણના સમયની છે અને તેમનો સંબંધ એવો જ રહે છે. એટલે મહત્ત્વની વસ્તુ એ છે કે આપણે વ્યક્તિગત ઊર્મિને આધારે કાર્ય ન કરવું, પરંતુ બ્રહ્મમાંથી આવેલા આદેશ મુજબ કાર્ય કરવું.

૪ ફેબ્રુઆરી, ૧૯૭૦

*

**(૩૨૦) શાસન પદ્ધતિઓ, સમાજો, રાજાઓ, પોલીસ, ન્યાયાધીશો, સંસ્થાઓ, દેવળો, કાયદાઓ, રૂઢિરિવાજો, સૈન્યો આ સૌ થોડીક સદીઓના સમૂહો માટે આપણા ઉપર લદાયેલી કામચલાઉ જરૂરિયાતો છે. કારણ કે પ્રભુએ તેમનું મુખ આપણી સામેથી સંતાડી રાખ્યું છે. જ્યારે તેમનું મુખ તેના સૌન્દર્ય તથા સત્ય સાથે ફરીથી આપણને દેખાશે, ત્યારે તેના પ્રકાશમાં એ બધાં અદૃશ્ય થઈ જશે.**

**(૩૨૧) આદિમાં તેમ જ અંતમાં અરાજક રાજ્ય માણસની દિવ્ય સ્થિતિ છે. પરંતુ વચગાળાના સમયમાં તે પ્રકારની સ્થિતિ આપણને સીધી શયતાન પ્રત્યે અને નરક પ્રત્યે દોરી જશે.**

**શ્રી માતાજી :** અરાજક રાજ્ય એટલે દરેક વ્યક્તિ દ્વારા આત્મ-શાસન અને એવી સરકાર તો ત્યારે જ પૂર્ણ શાસન પદ્ધતિ બની શકે જ્યારે આપણે સૌ આપણા અંતરમાં રહેલા પ્રભુ પ્રત્યે સભાન બની શકીએ અને તેને અને કેવળ તેને જ આજ્ઞાધીન બનીએ.

૫ ફેબ્રુઆરી, ૧૯૭૦

*

**(૩૨૨) જેમ ભ્રાતૃભાવની ભાવના અદેખાઈ અને પરસ્પર ખૂના-મરકી કરતાં અધિક શ્રેષ્ઠ છે, તેમ વ્યક્તિવાદના સિદ્ધાંત કરતાં સામ્યવાદનો સિદ્ધાંત તાત્ત્વિક રીતે અધિક શ્રેષ્ઠ છે; પણ યુરોપમાં શોધી કઢાયેલી સમાજવાદની બધી વ્યવહારુ યોજનાઓ એક પ્રકારની ધૂંસરી છે, જુલ્મ છે, કેદખાનું છે.**

**(૩૨૩) જો સામ્યવાદ સફળતાપૂર્વક પૃથ્વી ઉપર ફરીથી સ્થાપિત થવાનો હોય, તો તેના પાયામાં આત્માનો ભ્રાતૃભાવ અને અહંતાનો વિલય હોવાં જોઈશે. બળજબરીથી લદાયેલું સાહચર્ય અને યાંત્રિક બિરાદરી અંતમાં વિશ્વવ્યાપી ફારસ બની જશે.**

**(૩૨૪) સાક્ષાત્ સિદ્ધ કરવામાં આવેલું વેદાંત જ સામ્યવાદી સમાજનો વ્યવહારુ પાયો છે. ખ્રિસ્ત ધર્મે, ઇસ્લામે અને પૌરાણિક હિંદુ ધર્મે જેનાં સ્વપ્ન સેવ્યા હતાં, તે સંતોનું તે સામ્રાજ્ય છે.**

**શ્રી માતાજી :** જેમ શ્રી અરવિંદ આપણને અહીં સરસ રીતે સમજાવે છે તેમ, વ્યક્તિવાદ એ એક સ્વનિર્ણિત ઈર્ષા છે, દરેક વ્યક્તિનું કેવળ પોતાને માટે રાજ્ય હોય એવું છે.

પરંતુ સાચો ઈલાજ તો એ છે કે પૃથ્વી ઉપર પરમ પ્રભુનું એકછત્રી અને વિશ્વવ્યાપી સામ્રાજ્ય સ્થપાય, સૌમાં તેમની હાજરી અને ચેતના અનુભવાય, અને તે હકીકત સિદ્ધ બને તે પહેલાં, વચગાળામાં એક એવી સરકાર સ્થપાવી જોઈએ જે પ્રભુ વિશે સભાન હોય અને સર્વથા પ્રભુના સંકલ્પને સમર્પિત થયેલી હોય.

૭ ફેબ્રુઆરી, ૧૯૭૦

*

**(૩૨૫) "સ્વતંત્રતા, સમાનતા, બંધુતા" એ ફ્રેન્ચ ક્રાંતિનાં સૂત્રો હતાં, પણ હકીકતમાં તો, સ્વતંત્રતાનું જ આચરણ થયું છે સમાનતાના સહેજ મિશ્રણ સાથે, અને ભ્રાતૃભાવની બાબતમાં તો કેઇન અને બરાબસના ભ્રાતૃભાવનું જ મંડાણ થયું છે, જે કેટલીક વાર તે**

**પોતાને ટ્રસ્ટ અથવા સહકારી મંડળી કહે છે, અને કેટલીક વાર તે તેને યુરોપનું સમવાયતંત્ર કહે છે.**

**(૩૨૬) યુરોપની આગળ વધેલી વિચારધારા પોકારે છે કે "સ્વતંત્રતા નિષ્ફળ ગઈ છે, એટલે હવે આપણે સ્વતંત્રતાને તથા સમાનતાને ભેગાં કરીને અખતરો કરવો જોઈએ, અથવા તો એ બેને એકઠાં કરવાં અઘરાં હોવાથી, આપણે સ્વતંત્રતાને સ્થાને સમાનતાનો પ્રયોગ કરીએ. ભ્રાતૃભાવ તો અશક્ય છે એટલે આપણે તેને સ્થાને ઔદ્યોગિક સહકારી મંડળી બનાવીએ," પણ મને લાગે છે કે આ વખતે પણ પ્રભુને છેતરી શકાશે નહિ.**

**શ્રી માતાજી :** હજી સુધી સ્વતંત્રતા, સમાનતા અને ભ્રાતૃભાવ એ કેવળ જોરશોરથી બોલાતા શબ્દો જ રહ્યા છે. તેમનો કદી પણ અમલ થયો નથી, અને જ્યાં સુધી મનુષ્ય જેવો છે તેવો રહેશે, તે પરમ તત્ત્વ અને પરમ પ્રભુ દ્વારા દોરાતો નહિ હોય પણ તેની કામનાઓ અને અહંતાના રાજ્યમાં હશે ત્યાં સુધી એમનો અમલ થઈ શકે તેમ પણ નથી.

૮ ફેબ્રુઆરી, ૧૯૭૦

*

**(૩૨૭) ભારતમાં સામાજિક જીવનના ત્રણ કિલ્લા હતા. ગ્રામ સમાજ, સંયુક્ત કુટુંબ અને સંન્યાસીઓની સંસ્થા, સામાજીક જીવનના અહંતા-પ્રધાન ખ્યાલો જેમ જેમ આગળ વધે છે, તેમ તેમ તે ત્રણેય તૂટી ગયા છે અથવા તૂટતા જાય છે. પણ આખરે આ અપૂર્ણ રચનાઓને તોડીને વિશાળતર અને દિવ્યતર સામ્યવાદને માર્ગે આપણે આગળ નથી વધી રહ્યા?**

**(૩૨૮) અત્યારે જેને તે પોતાની જાત કહે છે તે સઘળાનું પ્રભુને સમર્પણ કર્યા સિવાય વ્યક્તિ પૂર્ણ બની શકતી નથી. તે જ રીતે, જ્યાં સુધી માનવજાતિ પોતાના સર્વસ્વનુ પ્રભુને સમર્પણ નહિ કરે, ત્યાં સુધી પરિપૂર્ણ સમાજ અસ્તિત્વમાં આવવાનો નથી.**

**શ્રી માતાજી :** શ્રી અરવિંદ અહીં સ્પષ્ટ અને નિર્ણાયક રીતે, મેં જે વસ્તુ આ અગાઉ વ્યક્ત કરવા પ્રયત્ન કર્યો હતો, તે કહે છે : જ્યાં સુધી પરમ પ્રભુની રાજ્યસત્તાને સર્વ સ્થળે અને સૌ વસ્તુઓમાં સ્વીકાર અને માન્યતા પ્રાપ્ત નહિ થાય ત્યાં સુધી કોઈ રીતની પૂર્ણતા પ્રાપ્ત નહિ થાય.

*

સ્વાતંત્ર્યનો આવિર્ભાવ ત્યારે જ બને, જ્યારે સૌ મનુષ્યો પરમ પ્રભુના સ્વાતંત્ર્યને જાણે.

જ્યારે સૌ લોકો પરમ પ્રભુની ઉપસ્થિતિ વિષે સભાન બને ત્યારે જ સમાનતા સ્થપાઈ શકે.

જ્યારે લોકો એ વસ્તુ અનુભવે કે તેઓ પરમ પ્રભુમાંથી એક સરખા જન્મેલા છે અને તેની એકતા સાથે એકરૂપ છે ત્યારે જ ભ્રાતૃભાવનો આવિર્ભાવ થઈ શકશે.

૯ ફેબ્રુઆરી, ૧૯૭૦

*

**(૩૨૯) પ્રભુની નજરે કશું જ નજીવું નથી, તારી નજરે પણ કશું નજીવું ન દેખાય તે જોજે. પ્રભુ એક સામ્રાજ્યની રચના પાછળ જેટલી દિવ્ય શક્તિનો પરિશ્રમ કરે છે, તેટલો જ એક છીપલાની રચના પાછળ કરે છે. તું પણ એક વિલાસી અને અસમર્થ રાજા બને તેના કરતાં એક સારો મોચી બને, તે તારે માટે એક વધુ મહાન કાર્ય છે.**

**(૩૩૦) અપૂર્ણ શક્તિ અને કાર્યની ઓછી અસરકારકતા જો તારે માટે નિર્માણ થયેલી હોય, તો તે કૃત્રિમ કુશળતા અને ઉછીની લીધેલી બનાવટી પૂર્ણતા કરતાં વધારે સારી છે.**

**(૩૩૧) કાર્યનો હેતુ પરિણામમાં નહિ, બનવામાં, જોવામાં અને કાર્ય કરવામાં, પ્રભુના સનાતન આનંદને અનુભવવામાં છે.**

**શ્રી માતાજી :** એ સ્પષ્ટ છે કે કોઈ પણ કાર્યની મહત્તાનો આધાર તેના વ્યાપ ઉપર નથી, અને તેની પૂર્ણતાનો આધાર સંજોગો અથવા બાહ્ય પરિસ્થિતિઓ ઉપર નથી પણ એ સર્વનો આધાર સમર્પણની જે સત્યનિષ્ઠા દ્વારા એ કરવામાં આવે છે તેના ઉપર રહે છે.

પ્રભુ તમારી પાસે જે કરાવવા ઇચ્છતા હોય તે સમગ્ર સ્વરૂપના આત્માર્પણ સાથે કરવું. કેવળ આ વસ્તુ જ મહત્ત્વની છે; કર્મના વ્યાપની બાહ્ય મહત્તાની કશી અગત્ય નથી.

૧૦ ફેબ્રુઆરી, ૧૯૭૦

*

**(૩૩૨) ભગવાનનું જગત, નાનકડા એકમને સિદ્ધ કરીને ક્રમે ક્રમે તેનાથી વધુ મોટા એકમને સિદ્ધ કરવાનો પ્રયત્ન કરે છે. જો તારે આખા જગતને એક રાષ્ટ્ર બનાવવું હોય તો પ્રથમ તો નિર્મુક્ત રાષ્ટ્રીયતાનો દૃઢતાપૂર્વક સ્વીકાર કર.**

**(૩૩૩) સર્વ સાધારણ લોહીથી, સર્વ સાધારણ એક ભાષાથી, સર્વ સાધારણ એક ધર્મથી કોઈ રાષ્ટ્રનું નિર્માણ થતું નથી. એ બધાં એક અગત્યની સહાય અને સગવડ પૂરી પાડે છે. કૌટુંબિક ગ્રંથિઓથી નહિ જોડાયેલા માનવ-સમાજો જ્યારે તેમના બાપ-દાદાઓના સર્વ-સાધારણ વારસાનું રક્ષણ કરવાની અથવા તેમની ભાવિ પેઢીઓને સર્વસાધારણ ભાવિ નિશ્ચિત કરી આપવાની એક ભાવનાથી અને એક અભીપ્સાથી સંગઠિત થાય છે, ત્યારે એક રાષ્ટ્ર અસ્તિત્વમાં આવી ગયું જ એમ સમજવું.**

**(૩૩૪) રાષ્ટ્રીયતાની ભાવના એ કૌટુંબિક ભાવનાથી પર જતા, પ્રગતિશીલ પ્રભુનું એક આગળનું પગલું છે. એટલે જૂથબંધી તથા જ્ઞાતિ પ્રત્યેની આસક્તિ ઢીલી પડવી જોઈએ, નાશ પામવી જોઈએ; ત્યાર પછી જ રાષ્ટ્ર જન્મી શકશે.**

**શ્રી માતાજી :** શ્રી અરવિંદ આ રીતે આપણી સમક્ષ એક એવા રાજકીય રહસ્યને ખુલ્લું કરે છે જેને સિદ્ધ કરવાથી આપણે સૌ રાષ્ટ્રોની અને છેવટે

માનવ એકતાની પ્રત્યે ગતિ કરી શકીએ છીએ.

૧૧ ફેબ્રુઆરી, ૧૯૭૦

*

**(૩૩૫) વ્યક્તિગત એકતામાંથી સામૂહિક એકતા પ્રત્યે વિષ્ણુ જે ત્રણ પગલાં ભરે છે, તે છે — કુટુંબ, રાષ્ટ્રીયતા અને માનવ જાતિની એકતા. પ્રથમ પગલું પરિપૂર્ણ થયું છે, બીજા પગલાંની પરિપૂર્ણતા માટે આપણે હજી પ્રયત્ન કરી રહ્યા છીએ, ત્રીજું પગલું હજી આપણે શોધી રહ્યા છીએ અને તેના પ્રારંભકાર્યનો પ્રયત્ન શરૂ થઈ ચૂકયો છે.**

**(૩૩૬) માનવજાતિની અત્યારની નીતિમયતામાં, દૃઢ અને સ્થાયી માનવ એકતા શક્ય નથી. પરંતુ, બળવાન અભીપ્સા વડે અને અથાક પ્રયત્ન વડે આપણે કામચલાઉ માનવ એકતાની નજીક ન પહોંચી શકીએ, તેવું કોઈ કારણ જણાતું નથી. સતત અભિગમો વડે, આંશિક સાક્ષાત્કારો વડે અને કામચલાઉ સફળતાઓ વડે, પ્રકૃતિ આગળ ધપ્યે જાય છે.**

**શ્રી માતાજી :** જેમ શ્રી અરવિંદે ભાવિ ભાખેલું તેમ, વસ્તુઓ ઝડપથી ગતિ કરી રહી છે, અને શ્રી અરવિંદે જ્યારથી સૂક્ષ્મ પાર્થિવ તત્ત્વમાં કાર્ય શરૂ કર્યું ત્યારથી માનવજાતિની પરિસ્થિતિ ઘણી બદલાઈ ગઈ છે : માનવ એકતાના આદર્શમાં ઘણી પ્રગતિ થઈ છે અને તેને વધુ વિશાળ રીતે સમજવામાં આવી રહ્યો છે.

૧૩ ફેબ્રુઆરી, ૧૯૭૦

*

**(૩૩૭) અનુકરણ એ કેટલીકવાર એક સારી જાતની તાલીમ માટેની નૌકા બની શકે છે; પણ તે કપ્તાનના ધ્વજને કદીયે ફરકાવી શકશે નહિ.**

**(૩૩૮) સફળ અનુકરણ કરનારાઓના ટોળામાંના એક હોવા કરતાં તો તું ગળે ફાંસો ખાઈ મરી જવાનું વધુ પસંદ કરજે.**

**શ્રી માતાજી :** આ વસ્તુ કલાકારો અને લેખકોને લાગુ પડે છે, લગભગ એ બધા જ નકલખોરો હોય છે. અને છતાં જે લોકોને કોઈ નવી વસ્તુ કહેવાની કે બતાવવાની હોય, તેવાં સર્જકોએ જ સર્જન કરવું જોઈએ.

૧૩ ફેબ્રુઆરી, ૧૯૭૦

*

**(૩૩૯) જગતનાં કાર્યોની પ્રણાલી બહુ ગૂંચવાડાભરેલી છે. જ્યારે અવતાર રૂપ રામે વાલિને* હણ્યો, અથવા પોતાના રાષ્ટ્રને મુક્ત કરવા માટે ભગવાનરૂપ કૃષ્ણે પોતાના જુલ્મગાર મામા કંસને હણ્યો, ત્યારે કોણ કહી શકશે કે તેમણે સારું કામ કર્યું કે ખરાબ? પણ આપણને તો લાગે છે કે તેમણે દિવ્ય કર્મ કર્યું હતું.**

**શ્રી માતાજી :** માનવજાતિની જે શુભ અને અશુભ વિષેની માન્યતાઓ છે તે કેવળ માનવીય દૃષ્ટિકોણવાળી છે અને પ્રભુની દૃષ્ટિએ તેમની કોઈ કિંમત નથી, એ વસ્તુ કહેવાનો આ સૌથી ઉત્તમ કલાત્મક પ્રકાર છે.

૧૬ ફેબ્રુઆરી, ૧૯૭૦

*

**(૩૪૦) પ્રતિકાર્ય તેના પોતાનામાં રહેલા બળને વધારીને અને વિશુદ્ધ કરીને, પ્રગતિને ઝડપી અને પરિપૂર્ણ બનાવે છે. જ્યારે પોતાની નૌકા ઝંઝાવાતમાં સપડાઈ ગઈ હોય, ત્યારે બંદરે પહોંચવાની આશા છોડી બેઠેલા નિર્બળ લોકો એ વાત સમજી શકતા નથી. પણ વર્ષા અને સાગરના મોજાંથી ઢંકાઈ ગયેલી નૌકા ત્વરાપૂર્વક પ્રભુએ નિર્માણ કરેલા બંદરે પહોંચે જ છે.**

---

* વાનરોનો રાજા.

**શ્રી માતાજી :** આ વસ્તુ આપણને એ શીખવે છે કે કદીપણ નિરાશ ન થવું, કારણ કે, જે લોકોનું હૃદય શુદ્ધ હોય છે અને જેમની શ્રદ્ધા અચલ હોય છે તેમને માટે બહારથી જણાતી ખરાબમાં ખરાબ હાર એ વિજય માટેનો છૂપો માર્ગ બની રહે છે.

૧૭ ફેબ્રુઆરી, ૧૯૭૦

*

**(૩૪૧) લોકશાહી એ આપખુદ સત્તાધીશના પાદરીના અને અમીર ઉમરાવોના જોડાણ વડે કરાતા અત્યાચાર પ્રત્યે માત્ર આત્માનો વિરોધ હતો. અનેક સ્થાપિત હિતોવાળી લોકશાહીના આપખુદ વર્તન સામેનો વિરોધ સમાજવાદ રૂપે પ્રગટ્યો. સરકારી તંત્રના વહીવટદારોવાળા સમાજના જુલ્મ સામે માનવ આત્મા જે બળવો પોકારશે, તેને આપણે અરાજક તંત્રરૂપે ઓળખીશું. યુરોપની પ્રગતિમાં એક ભ્રમણામાંથી બીજી ભ્રમણા પ્રત્યે અને એક નિષ્ફળતામાંથી બીજી નિષ્ફળતા પ્રત્યેની ખળભળાટભરી આતુર દોટનાં આપણને દર્શન થાય છે.**

**(૩૪૨) યુરોપમાં લોકશાહી એટલે કેબિનેટ પ્રધાનનું, દૂષિત બનેલા ડેપ્યુટીનું અથવા સ્વાર્થસાધુ મૂડીવાદીનું શાસન. કેટલીકવાર તે નિશ્ચયહીન જનતાની સર્વોપરીતાનો બુરખો પહેરી લે છે. યુરોપમાં સમાજવાદ વહીવટી તંત્રના અમલદારોનું તથા પોલિસોનું શાસન બને તે સંભવિત છે, પછી ભલે તે શાસક વિનાના શૂન્યાત્મક સર્વોપરી રાજ્યનો અંચળો ઓઢે, એ બેમાંથી કઈ પ્રણાલી વધારે સારી તેનો નિર્ણય કરવા જવું તે પડછાયા પાછળ ભાગવા જેવું છે અને એ બેમાંથી કઈ પ્રણાલી વધુ ખરાબ છે તે શોધવું પણ મુશ્કેલ કાર્ય છે.**

**(૩૪૩) લોકશાહીનો ફાયદો એ છે કે એક આપખુદ સત્તાધીશના અથવા થોડાક જુલ્મગારોની ટોળકીના સ્વેચ્છાચારી વર્તનથી વ્યક્તિના જીવનનું, વ્યક્તિની સ્વતંત્રતાનું અને તેની માલમિલકતનું**

**રક્ષણ થઈ શકે છે. લોકશાહીનો ગેરફાયદો એ છે કે તેનાથી માનવજાતિમાં રહેલી મહત્તા ક્ષીણ થતી જાય છે.**

**શ્રી માતાજી :** માનવ જાતિની સર્વ પ્રકારની શાસન પદ્ધતિઓમાં કાં તો અસત્ય અથવા અર્થહીનતા હોય છે. આપણે એવી આશા રાખીએ કે એક એવો દિવસ પણ આવશે કે જ્યારે પૃથ્વી ઉપર જો પરમાત્મા સત્ય તત્ત્વનો આવિષ્કાર કરશે તો એ સત્ય દ્વારા રાજ્યશાસન ચાલશે.

૧૮ ફેબ્રુઆરી, ૧૯૭૦

*

**(૩૪૪) ભૂલો કરતી આ માનવજાતિ હંમેશાં સરકારી તંત્રના તથા સમાજના યંત્ર વડે પોતાની પરિસ્થિતિને પરિપૂર્ણ કરવાનાં સ્વપ્નો સેવે છે. પણ બાહ્ય પરિસ્થિતિ પરિપૂર્ણ ત્યારે જ બની શકે છે, કે જ્યારે અંદરનો આત્મા પરિપૂર્ણ બને. અંદર તું જે છે તેનો ઉપયોગ તું બહાર કરી શકીશ. તારા અસ્તિત્વના નિયમમાંથી કોઈ યંત્ર તને બચાવી શકશે નહિ.**

**(૩૪૫) જ્યાં સુધી તું વાસ્તવિકતાના આભાસ અથવા ચિહ્નને પૂજી રહ્યો છે ત્યાં સુધી વાસ્તવિકતાના ઉપર જુલ્મ કરવાની અથવા તેના પ્રત્યે દુર્લક્ષ્ય કરવાની માનવસુલભ નિર્બળતા પ્રત્યે સાવધ રહેજે. અનિષ્ટને માનવની સ્ખલનશીલતા તક આપે છે, માનવની દુષ્ટતા નહિ.**

**શ્રી માતાજી :** આપણે જેવા સ્વરૂપને ધારણ કરીએ છીએ તેમાં પ્રગટ થતાં પરિણામોમાંથી કોઈ નિયમ કે શાસનપદ્ધતિ આપણને બચાવી શકે તેમ નથી.

તું દિવ્ય સત્યને સંપૂર્ણપણે આધીન બની રહે અને પછી એ સત્ય જ તને માનવના નિયમો અને શાસનથી અલગપણે દોરતું રહેશે.

૧૯ ફેબ્રુઆરી, ૧૯૭૦

*

**(૩૪૬) સંન્યાસીના વેશને માન આપજે, પણ એને પહેરનાર પર નજર રાખજે કે રખેને દંભ તીર્થસ્થાનોમાં ઘૂસી ન જાય અને અંદરની સાધુતા કેવળ એક દંતકથા ન બની જાય.**

**(૩૪૭) કાર્ય કૌશલ્ય અથવા સમૃદ્ધિ મેળવવા માટે અનેક લોકો પ્રયત્ન કરે છે, થોડાક લોકો ગરીબાઈને પોતાની વધુની જેમ આલિંગન આપે છે, પરંતુ તું તો કેવળ પ્રભુને જ પ્રાપ્ત કરવા અને ભેટવાનો પ્રયત્ન કરજે. તારે માટે રાજમહેલ યોગ્ય છે કે ભિક્ષુકનું પાત્ર — એ વસ્તુ પ્રભુને નિર્ણિત કરવા દેજે.**

**(૩૪૮) પાપ એ એક બંધનમાં નાખતી આદત અને પૂણ્ય એ કેવળ મનુષ્યોનો અભિપ્રાય નથી તો બીજું શું છે? પ્રભુનાં દર્શન કર, અને તેમના સંકલ્પ અનુસાર કાર્ય કર, તારે માટે તે જે માર્ગ નક્કી કરે તે માર્ગે આગળ વધ.**

**શ્રી માતાજી :** આ સંપૂર્ણ રીતનું કથન છે. પ્રભુ તમારે માટે જે કાંઈ ઇચ્છતા હોય તેવા થવા માગવું અને તેવા થવું, એ જ સાચું સંતપણું છે; પ્રભુ તમારી પાસેથી કઈ વસ્તુની અપેક્ષા રાખે છે અને તમારે માટે શું ઇચ્છે છે તે જાણવા માટેનો સાચા ડહાપણ ભરેલો માર્ગ તેમની સાથે તાદાત્મ્ય સાધવું એ છે.

૨૦ ફેબ્રુઆરી, ૧૯૭૦

*

**(૩૪૯) જગતના સંઘર્ષોમાં, સમૃદ્ધિશાળી લોકો પાસે સમૃદ્ધિ છે એટલા માટે તેમના પક્ષમાં ન જોડાતો, ગરીબ લોકોની ગરીબાઈ માટે તેમનો પક્ષ ન લેતો, સત્તા અને ગૌરવ માટે રાજાના પક્ષમાં ન જતો, આશા અને ઉભરાને લઈને જનતાનો પક્ષ ન લેતો; પણ હમેશાં પ્રભુનાં પક્ષમાં રહેજે, સિવાય કે, ખરેખર જો પ્રભુ તને તેમની સામે યુદ્ધ કરવાનો આદેશ આપે. જો એમ બને તો, ખરા હૃદયથી, પૂરા જોરથી અને આનંદપૂર્વક તેમની સામે યુદ્ધે ચડજે.**

**(૩૫૦) પ્રભુએ મારે માટે કયો સંકલ્પ કર્યો છે, તે મને કેવી રીતે ખબર પડે? મારે મારામાંથી અહંતાને ફગાવી દેવી પડશે, તેના દરેક ગુપ્ત સ્થાનમાંથી તેને હાંકી કાઢવી પડશે, અને મારા વિશુદ્ધ અનાવૃત આત્માને પ્રભુનાં અનંત કાર્યોમાં સ્નાન કરાવવું પડશે.**

**(૩૫૧) માત્ર નગ્ન અને લજજારહિત આત્મા જ વિશુદ્ધ અને નિર્દોષ હોઈ શકે છે. —જેમ માનવજાતિના શરૂઆતના ઉદ્યાનમાં આદમ હતો તેમ.**

**બાળક :** ***"નગ્ન અને લજ્જારહિત આત્મા" નો શું અર્થ થાય? શું આત્મા હંમેશાં શુદ્ધ નથી હોતો?***

**શ્રી માતાજી :** હા, શ્રી અરવિંદ એ જ કહે છે. આત્મા કોઈ આવરણ ધારણ કરતો નથી, પોતે જેવો છે તેવો દર્શન દે છે અને મનુષ્યોની તુલનાઓ વિષે કોઈ દરકાર કરતો નથી, કારણકે પ્રભુને વાસ કરવાના સ્થાનરૂપ એ એક વફાદાર સેવક છે.

૨૩ ફેબ્રુઆરી, ૧૯૭૦

*

**(૩૫૨) તારી સમૃદ્ધિનું ગુમાન ન હોય; તારી ગરીબાઈ તથા આત્મસંયમ માટે લોકો તારાં જે વખાણ કરે તેની પાછળ ન પડ. એ બંને અહંકારના જાડા-પાતળા આહાર છે.**

**(૩૫૩) પરોપકારિતા એ માનવ માટે સારી વસ્તુ છે; પરંતુ તે જ્યારે પરમ આત્મવિલાસનું રૂપ ધારણ કરે છે અથવા તો બીજાઓનાં સ્વાર્થીપણાને પંપાળી જીવે છે, ત્યારે એની ગુણવત્તા ઘટી જાય છે.**

**(૩૫૪) પરોપકારિતા વડે તું તારા આત્માને બચાવી લઈ શકશે, પરંતુ ધ્યાન રાખજે કે તું તારા આત્માનો બચાવ કરવા જતાં, તારા ભાઈને તો નરકમાં ધકેલી દેતો નથી ને?**

**(૩૫૫) આત્મસંયમ એ વિશુદ્ધિકરણ માટે બળવાન સાધન છે, તે પોતે નથી ધ્યેય કે નથી જીવનનો આખરી નિયમ. તારો આશય તો જગતમાં રહેલા પ્રભુને સંતુષ્ટ કરવાનો હોવો જોઈએ, નહિ કે તારી જાતનું દમન કરવાનો.**

**(૩૫૬) પાપ અને દુર્ગુણથી ઉત્પન્ન થતા અનિષ્ટને પારખી પાડવું તે સહેલું છે, પણ કેળવાયેલી નજર પોતાને પુણ્યશાળી માનતા અને પોતાના ઉપર જ પ્રશંસાયુક્ત દૃષ્ટિ રાખતા સદ્‌ગુણ દ્વારા પેદા થતા અનિષ્ટને પણ પકડી પાડે છે.**

**શ્રી માતાજી :** ક્રમે ક્રમે કરીને, દરેક દૃષ્ટિકોણથી જોતાં સત્ય, કયી રીતે સર્વ વિસંવાદીતાઓ, અને વિરોધીભાવોની અને ભેદભાવોની ઉપર એક જ્યોતિર્મય અને સર્વગ્રાહી એકતારૂપ છે, તે વસ્તુ આપણને શ્રી અરવિંદ બતાવી આપે છે.

૨૫ ફેબ્રુઆરી, ૧૯૭૦

*

**(૩૫૭) પ્રથમ, બ્રાહ્મણે શાસ્ત્ર અને વિધિ દ્વારા શાસન ચલાવ્યું. પછી ક્ષત્રિયે તલવાર અને બખ્તર વડે રાજ્ય કર્યું. હવે વૈશ્ય યંત્ર તથા ધન વડે શાસન કરે છે અને મુક્ત બનેલો દાસ, શુદ્ર, હવે મજુરોના સંગઠનો રચીને પોતાના શાસનનો સિદ્ધાંત આગળ ધપાવી રહયો છે. પરંતુ માનવ જાતિનો સાચો શાસક નથી બ્રાહ્મણ, નથી ક્ષત્રિયરાજા , વેપારી કે મજુર. અગાઉની આપખુદ સત્તાઓની જેમ, ઓજાર, યંત્રો અને મજૂરીના ગણવેશની આપખુદી પણ નિષ્ફળ જશે. એ તો કેવળ જયારે અહંતા મૃત્યુ પામે છે અને મનુષ્યમાં રહેલો પ્રભુ પોતાની માનવ – વૈશ્વિકતા વડે રાજ્ય કરે છે ત્યારે જ આ પૃથ્વી સુખી અને સંતોષપૂર્ણ પ્રાણીઓની પ્રજાઓને ધારણ કરી શકે છે.**

**શ્રી માતાજી :** કંઈ કહેવાનું નથી બધું જ સ્પષ્ટપણે સમજાવેલું છે. કેવળ

પ્રભુની સરકાર એ જ સાચી સરકાર હોઈ શકે છે.

૨૬ ફેબ્રુઆરી, ૧૯૭૦

*

**(૩૫૮) મનુષ્યો વિલાસની પાછળ દોટ મૂકે છે અને તે સળગતી વધૂને પોતાના પીડા પામતા વક્ષઃસ્થળ સાથે, જ્વરગ્રસ્ત હોય તેમ ચાંપે છે. તે દરમ્યાન, દિવ્ય અને નિર્દોષ આનંદ તેમની પાછળ ઊભો રહી, પોતે નજરે પડે, લોકો તેની માંગ કરે અને તેનો સ્વીકાર કરે તેની રાહ જુએ છે.**

**(૩૫૯) માણસો ક્ષુદ્ર સફળતાઓ અને ક્ષુલ્લક સ્વામિત્વો પાછળ દોટ મૂકે છે અને અંતે તેઓ થાકી જઈને, નબળા બનીને, પાછા પડે છે. તે દરમ્યાન, વિશ્વમાં રહેલી પ્રભુની અનંત શક્તિ, તેઓ તેને પ્રાપ્ત કરે તે માટે તેમની નિરર્થક રાહ જુએ છે.**

**(૩૬૦) મનુષ્યો જ્ઞાનની નાનકડી વિગતને ખોદી કાઢે છે, અને તેમને સુનિશ્ચિત ક્ષણજીવી વિચાર—પદ્ધતિઓના સમૂહોમાં ગોઠવે છે. તે દરમ્યાન અનંત પ્રજ્ઞા, તેમનાં મસ્તક ઉપર રહી હાસ્ય કરે છે અને પોતાની પ્રકાશપૂર્ણ કીર્તિશાળી ધજાઓ ફરકાવે છે.**

**(૩૬૧) શુદ્ધ અને સબડતી અહંતાની આસપાસ સંગઠિત કરાયેલા, સંસ્કારોના બનેલા, બધ્ધ, નાનકડા અસ્તિત્વને સંતોષ આપવા માટે તથા તેની જરૂરિયાતો પૂરી કરવા માટે, મનુષ્યો અથાગ પરિશ્રમ કરે છે. તે દરમ્યાન તેઓ દેશકાળની પર એવા આત્માનો, તેના આનંદપૂર્ણ સુંદર આવિર્ભાવો સાથે ઇનકાર કરે છે.**

**શ્રી માતાજી :** પૃથ્વી ઉપર અતિમાનસ ચેતનાનું રાજ્ય સ્થપાય એટલા માટે પરિસ્થિતિમાં પરિવર્તન થવું જોઈએ, પરંતુ એક વર્ષ* ઉપરાંતથી અતિમાનસ

* શ્રી માતાજી આ વસ્તુનો "નૂતન ચેતના" (અથવા અતિમાનવ ચેતના) જેનો આવિર્ભાવ ૧ જાન્યુઆરી ૧૯૬૯ના દિવસે થયેલો તેના સંદર્ભમાં આ કહે છે.

ચેતના કાર્ય કરી રહી છે, પરંતુ અહીંની દુઃખદ પરિસ્થિતિમાં કોઈ ફેર પડ્યો છે?

૨૮ ફેબ્રુઆરી, ૧૯૭૦

***બાળક : પરંતુ જ્યારે હવે પૃથ્વી ઉપર અતિમાનસ ચેતના કાર્ય કરી રહી છે ત્યારે પરિસ્થિતિ ગમે તેવી હોય તે છતાં પણ આ દુઃખદ અવસ્થામાં પરિવર્તન નહિ આવે?***

**શ્રી માતાજી :** સ્વાભાવિક રીતે, પ્રથમ અસર તો એ થશે કે ચેતનામાં પરિવર્તન આવશે. શરૂઆતમાં જે લોકો અત્યંત ગ્રહણશીલ હશે તેમનામાં અને ત્યાર બાદ વધુ સંખ્યામાં.

ત્યાર બાદ સામૂહિક જીવનની સર્વસામાન્ય પરિસ્થિતિમાં પરિવર્તન આવશે, કદાચ એમ બને કે વ્યક્તિગત પ્રતિકાર્યોમાં પરિવર્તન આવી ગયા પછી, લાંબા સમય પછી એમ બને. આનું સૌ પહેલું જોઈ શકાય તેવું પરિણામ એ આવશે કે વ્યાપક પ્રમાણમાં અંધાધૂંધી ફેલાશે, કારણકે જુના સિદ્ધાંતોએ તેમની પકડ ગુમાવી દીધી હોય છે અને (કેવળ બહુ થોડા સિવાય) સામાન્ય લોકો દિવ્ય આદેશનું પાલન કરવા તૈયાર નથી, કારણ કે તેઓ તેને જોઈ શકતા નથી.

૧ માર્ચ, ૧૯૭૦

*

**(૩૬૨) હે ભારતના આત્મા, કલિયુગના અંધકારગ્રસ્ત પંડિતોને* લઈને તું તારી જાતને રસોડામાં અને મંદિરમાં સંતાડી ન રાખ! નિષ્પ્રાણ વિધિઓ વડે, નકામા બની ગયેલા વિધિ-નિષેધો વડે અને દક્ષિણામાં+ મળેલા આશીર્વાદ રહિત દ્રવ્ય વડે, તારી જાતને ઢાંકી ન રાખ; પણ તારા આત્મામાં ખોજ કર, ભગવાનને પૂછ, અને સનાતન વેદની મદદ વડે તારા સાચા બ્રાહ્મણત્વને તથા સાચા ક્ષત્રિયત્વને ફરી પ્રાપ્ત કર, વેદયજ્ઞના ગૂઢ રહસ્યને ફરી સ્થાપિત કર, પ્રાચીન બળવત્તર વેદાંતની પરિપૂર્ણતા પ્રત્યે પાછો વળ.**

---

* શાસ્ત્રીઓ અને ધર્મગ્રંથોના ભાષ્યકારો.

+ બ્રાહ્મણ ગોરને યજમાન તરફથી અપાતું દાન.

**શ્રી માતાજી :** આ વસ્તુઓ આપણને પેલી બધી કહેવાતી ધાર્મિક વિધિઓ અને નિષેધોની રૂઢીઓમાંથી મુક્ત કરવા માટે છે. આપણે સાચી પ્રજ્ઞાની પુનઃ પ્રાપ્તિ કરવી જોઈએ અને કઈ રીતે જીવન ગાળવું અને સત્ય માટે તે અંગેનાં માર્ગદર્શન સીધેસીધાં પ્રભુ પાસેથી પ્રાપ્ત કરવાં જોઈએ. ૨ માર્ચ, ૧૯૭૦

*

**(૩૬૩) ત્યાગને પાર્થિવ પદાર્થોનો ત્યાગ કરવામાં અથવા કેટલીક કામનાઓનો ત્યાગ કરવામાં સીમિત ન કર, પણ તારા દરેક વિચારનું, દરેક કર્મનું, દરેક ઉપભોગનું, તારામાં રહેલા પ્રભુને સમર્પણ કર. તારાં પગલાંને તારા પ્રભુમાં ગતિ કરવા દે, તારી નિદ્રાવસ્થા અને જાગૃત દશાને કૃષ્ણ માટે કરાયેલો યજ્ઞ બનવા દે.**

**(૩૬૪) કર્મકાંડના પંડિતો કહે છે કે આ વસ્તુ મારા શાસ્ત્ર અનુસાર નથી, મારા વિજ્ઞાનની અનુસાર નથી. હે મૂર્ખ, શું ભગવાન માત્ર પોથી જ છે, કે જેથી તેમાં ન લખાયેલી કોઈ પણ વસ્તુ સાચી અને કલ્યાણકારી ન હોઈ શકે?**

**(૩૬૫) ત્યારે હું કયા ધોરણ પ્રમાણે આચરણ કરીશ? ભગવાનના આદેશ પ્રમાણે, કે જે મને કહે છે, "હે મારા સેવક, આ મારો સંકલ્પ છે" કે પછી મરી ગયેલા માણસોએ લખેલા નિયમો અનુસારનો સંકલ્પ છે? ના, ના, જો મારે કોઈનો ડર રાખી, તેમની આજ્ઞાનું પાલન કરવાનું હોય તો હું માત્ર પ્રભુનો ડર રાખીશ અને તેમની આજ્ઞાનું પાલન કરીશ — પોથી પાનાનું નહિ અથવા પંડિતની કુપિત દૃષ્ટિ અનુસારનું પણ નહિ.**

**(૩૬૬) તું છેતરાઈ જાય તો એમ કહીશ કે તને દોરવણી આપતો અવાજ પ્રભુનો અવાજ નહિ હોય? પણું હું જાણું છું કે અજ્ઞાનપૂર્વક પણ પ્રભુમાં વિશ્વાસ રાખનાર મનુષ્યોનો પ્રભુ કદી ત્યાગ કરતા નથી. તે જ્યારે તદ્દન છેતરામણી કરતા દેખાય છે, ત્યારે**

**પણ તે ડહાપણપૂર્વક દોરવણી આપતા હોય છે. નિષ્પ્રાણ વિધિનિયમોમાં વિશ્વાસ રાખીને બચવા કરતાં હું જીવંત પ્રભુની જાળમાં ફસાવાનું વધારે પસંદ કરું છું.**

**(૩૬૭) તારી પોતાની ઈચ્છા અને કામનાપૂર્વક આચરણ કરવા કરતાં, તું શાસ્ત્ર અનુસાર કર્મ કરજે. તેમ કરવાથી તું વધારે બળવાન બનીશ, તારામાં રહેલા હિંસક પશુ પર કાબૂ રાખવા શક્તિમાન બનીશ. પરંતુ જો તું શાસ્ત્રને બદલે પ્રભુને અનુસરીશ તો તું તેના ઉચ્ચતમ ધામને પામીશ, કે જે સર્વ નિયમો અને મર્યાદાઓની પર છે.**

**(૩૬૮) નિયમો (સ્વચ્છંદ વૃત્તિઓથી) બંધાયેલા લોકો માટે અને અંધ દૃષ્ટિવાળાઓ માટે છે. જો તેઓ નિયમ પ્રમાણે ન ચાલે, તો તેઓ ઠેસ વાગતાં ગબડી પડે. પરંતુ જેણે કૃષ્ણના જીવંત પ્રકાશનાં દર્શન કર્યાં છે અથવા જે કૃષ્ણમાં નિર્મુક્ત બન્યો છે, તેવા તારે તો, તારા સખા (શ્રીકૃષ્ણ) નો હાથ પકડીને જ ચાલવું જોઈએ, સનાતન વેદના દીપની મદદથી ચાલવુ જોઈએ.**

**(૩૬૯) વેદાંત એ આ અવિદ્યાના બંધનની રાત્રિમાંથી તથા અહંતામાંથી તને બહાર દોરી જવા માટેનો, ભગવાનનો દીપ છે, પણ જ્યારે તારા આત્મામાં વેદનો પ્રકાશ ઉદય પામે ત્યારે તો તારે તે દિવ્ય દીપની પણ જરૂર રહેતી નથી; કારણ કે હવે તું સનાતન સૂર્ય-પ્રકાશમાં સ્વતંત્ર રીતે અને નિશ્ચયપૂર્વક ચાલી શકવા સમર્થ બન્યો છે.**

**શ્રી માતાજી :** હંમેશા પરમ પ્રભુનો આદેશ સાંભળવા યત્નશીલ રહો, અને જો તમારામાં સંપૂર્ણ સત્યનિષ્ઠા હશે, તો એ પ્રભુ, તમે તેમનો આદેશ ખાતરીપૂર્વક સાંભળી અને પારખી શકો તે માટેનો માર્ગ કાઢી આપશે.

જે કોઈ લોકો પરમ સત્યને માટે જીવવા માગે છે તે સૌને માટે આવી ખાતરી આપવામાં આવી છે.

૩ માર્ચ, ૧૯૭૦

*

**(૩૭૦) માત્ર જાણવાથી શો ફાયદો? હું તને કહું છું કે કામ કર અને જ્ઞાન પ્રમાણેનો બની રહે, કારણ કે પ્રભુએ એટલા માટે તો તને આ માનવદેહમાં મોકલેલો છે.**

**(૩૭૧) કેવળ બની રહેવાનો શો ફાયદો? હું તને કહું છું કે બન્યો હોઉં તે પ્રમાણે આચરણ કરનારો થા, કારણ કે એટલા માટે તો આ પાર્થિવ તત્ત્વના જગતમાં તને સ્થાપિત કરવામાં આવ્યો છે.**

**(૩૭૨) પ્રભુને પ્રાપ્ત કરવાના ત્રણ માર્ગોમાંનો એક માર્ગ, કર્મયોગ, એક રીતે જોતાં સૌથી વધારે કઠિન છે. પરંતુ કંઈ નહિ તો આ ભૌતિક જગતમાં તો એ જ સૌથી વધારે સરળ, વિશાળ, અને આનંદદાયક માર્ગ નથી? કારણ કે એમાં આપણે પ્રત્યેક ક્ષણે કર્મ કરતા પ્રભુ સાથે અફળાઈએ છીએ અને તેમના હજારો દિવ્ય સ્પર્શો પામીને તેમના સ્વરૂપમાં વૃદ્ધિ પામીએ છીએ.**

**(૩૭૩) કર્મ માર્ગનું એક રહસ્ય એ છે કે તેમાં પ્રભુ સાથે કરેલી શત્રુતા પણ મુક્તિનું સાધન બની જાય છે. કેટલીકવાર પ્રભુ આપણી સાથે ભીષણ, અજેય, હરિફાઈ ન કરી શકાય તેવા બનીને કુસ્તી કરે છે, અને તે રીતે તે બહુ ઝડપથી આપણને તેમના તરફ ખેંચીને, તેમની સાથે જોડી દે છે.**

**શ્રી માતાજી :** ટુંકામાં, પ્રભુકૃપા એવી અદ્‌ભુત છે કે તમે ગમે તે કરતા હો તે છતાં તે તમને તમારા દિવ્ય લક્ષ્ય પ્રત્યે ત્વરિત ગતિએ દોરી જાય છે.

૫ માર્ચ,૧૯૭૦

*

**(૩૭૪) મારે મૃત્યુને સ્વીકારવું કે પાછા વળીને તેની સાથે કુસ્તી કરીને વિજય પ્રાપ્ત કરવો! આ વસ્તુનો નિર્ણય મારી અંદર વસતા પ્રભુની પસંદગી અનુસાર કરીશ, કારણ કે હું જીવું કે મરું, પણ મારું અસ્તિત્વ તો રહેવાનું જ છે.**

**(૩૭૫) તો પછી તું જેને મૃત્યુ કહે છે તે શું છે? પ્રભુ શું મરી જઈ શકે છે? હે મૃત્યુથી ડરતા માનવી, જીવન, મૃત્યુનું મ્હોરું પહેરીને, ભયનો બુરખો ધારણ કરીને, તારી સાથે ખેલ કરવાને આવેલું છે.**

**(૩૭૬) શારીરિક અમરતા પ્રાપ્ત કરવાનો ઉપાય પણ છે. આપણે પસંદ કરીએ તો જ મૃત્યુ આવે, પ્રકૃતિએ આપણા પર લાદેલી તે ફરજિયાત વસ્તુ ન બને, પરંતુ સો વર્ષ સુધી એકનું એક પહેરણ પહેરવું કોને ગમે? લાંબી શાશ્વતી સુધી એક સંકુચિત અને અપરિવર્તનશીલ મકાનમાં રહેવું કોને ગમે?**

***બાળક : જો કોઈ વ્યક્તિને એમ લાગે કે તેનું આ જીવનનું કાર્ય પૂરું થયું છે અને હવે તેને બીજું કાંઈ કરવાનું બાકી નથી, તો પછી એક ધ્યેયહીન અસ્તિત્વને લંબાવ્યે જવા કરતાં એને માટે મરી જઈને ફરીથી જન્મ લેવો એ વધુ સારું ન કહેવાય?***

**શ્રી માતાજી :** જ્યારે અસંતુષ્ટ અહંકારને એમ લાગે છે કે પોતે ઇચ્છે તે પ્રમાણે વસ્તુઓ બની રહી નથી ત્યારે તે આવું પૂછે છે.

પરંતુ જે પ્રભુનો છે અને સત્યને અર્થે જીવવા ચાહે છે તે જાણે છે કે જ્યાં સુધી આ પૃથ્વી ઉપર તેની ઉપયોગીતા હશે ત્યાં સુધી પ્રભુ તેને જીવતો રાખશે અને જ્યારે તેણે અહીં કંઈ કરવાનું નહિ હોય ત્યારે તેને ઉપાડી લેશે. એટલે આ પ્રશ્ન જ ઊભો થઈ શકતો નથી, કારણ કે પ્રભુની પરમ પ્રજ્ઞા ઉપરના અવિચલ વિશ્વાસ સાથે એ શાંતિપૂર્વક જીવી રહેશે.

૬ માર્ચ, ૧૯૭૦

***બાળક : આપે ગઈ કાલે લખેલું .... "જે પ્રભુનો છે....." તો શું એમ નથી કે વ્યક્તિ ગમે તે હોય, તે દરેક પ્રભુની જ છે?***

**શ્રી માતાજી :** જ્યારે હું એમ કહું છું કે "જે પ્રભુનો છે" ત્યારે એનો અર્થ એ થાય છે કે એ સ્વરૂપે પોતાના અહંભાવનો નાશ કરી નાખ્યો છે, એ સતતપણે પ્રભુ વિષે સભાન હોય છે, જેને હવે પછી કોઈ વ્યક્તિગત સંકલ્પ હોતો નથી, જે કેવળ પ્રભુના દિવ્ય આદેશ અનુસાર જ વર્તે છે અને પ્રભુ જે ઇચ્છતા હોય તે

કરવા સિવાય જેની પાસે બીજું કોઈ લક્ષ્ય નથી હોતું.

હું નથી ધારતી કે આવી અવસ્થા ઘણા લોકોની હોય. પરંતુ જે લોકો પ્રભુના છે તેઓ પોતાનું જીવન ઉપયોગી છે કે નહિ તેની ચિંતા નહિ કરે, કારણકે તેઓ પ્રભુ માટે અને પ્રભુ વડે જ જીવી રહ્યા હોય છે અને તેમના વ્યક્તિગત જીવન જેવું કાંઈ હોતું નથી. ૭ માર્ચ,૧૯૭૦

*

**(૩૭૭) ભય અને ચિંતા એ સંકલ્પના ઊંધાં, વિકૃત બનેલાં સ્વરૂપો છે, જેનાથી તું ડરે છે અને જે ઉપર ઊંડો વિચાર કરે છે. વારંવાર તારા મનમાં જેને તું વાગોળ્યા કરે છે, તેને તું પ્રગટ થવામાં સહાય કરી રહ્યો છે. કારણકે જાગ્રત અવસ્થાની સપાટી ઉપરનો તારો સંકલ્પ તે વસ્તુ પ્રત્યે અણગમો સેવતો હોય, પણ તારું અવચેતન મન તેની ઈચ્છા કરી રહ્યું હોય તેમ બની શકે છે. તારી જાગ્રત શક્તિ અને બુદ્ધિ કરતાં તારું અવચેતન મન વધારે બળવાન, વિશાળતર અને કાર્ય સિદ્ધ કરવામાં વધારે સાધનસંપન્ન હોય છે. પરંતુ આત્મા તો એ બંનેના સંયુક્ત સ્વરૂપ કરતાં પણ વધુ બળવાન છે. ભય અને આશામાંથી બચવા માટે, આત્માની ભવ્ય શાંતિમાં અને નિશ્ચિન્ત પ્રભુતામાં શરણ લે.**

**(૩૭૮) પ્રભુએ આત્મજ્ઞાન વડે અનંત વિશ્વનું સર્જન કર્યું છે. એ આત્મજ્ઞાન જ પોતાને સિદ્ધ કરતી ચિત્‌શક્તિ રૂપે બનીને કાર્ય કરે છે. પોતાની અનંતતાને સાન્ત કરવા માટે પ્રભુએ અજ્ઞાનનો ઉપયોગ કર્યો પણ તેમણે જેનું સર્જન કર્યું તેનો નાશ કરવા માટે તે ભયનો, થાકનો, કંટાળાનો, નિરાશાનો, પોતામાં અવિશ્વાસનો, અને નિર્બળતા પ્રત્યે સંમતિનો, સાધનો તરીકે ઉપયોગ કરે છે. જ્યારે આ બધી વસ્તુઓ તારામાં રહેલા પાપ ઉપર, હાનિકારક તત્ત્વ ઉપર, અનિયમિત વસ્તુ ઉપર વાળવામાં આવે છે, ત્યારે બધું ઠીકઠાક થઈ જાય છે, પણ જ્યારે તે બધાં તારા જીવનના તથા શક્તિના સ્રોતો ઉપર આક્રમણ કરે ત્યારે તેમને પકડીને બહાર ફેંકી દેજે. નહિ તો તું નાશ પામીશ.**

**શ્રી માતાજી :** જ્યારે આ વિનાશક શક્તિઓ આપણા ઉપર હુમલો કરે ત્યારે એ વસ્તુ સાબિત થાય છે કે આપણે અહંકારમાંથી મુક્ત થવાની અણી ઉપર છીએ, અને આપણા સ્વરૂપના કેન્દ્રભાગમાં રહેલી દિવ્ય ઉપસ્થિતિમાં મળી જવા માટે; પૂર્ણ જ્યોતિ, શાંતિ અને આનંદમાં; અને છેવટે અહંકારે લાદેલાં બંધનોમાંથી મુક્ત થવાની તૈયારીમાં છીએ. અહંકાર જ આપણા જીવનના સર્વ સંસ્પર્શોને દુઃખદાયી બનાવે છે, અહંકાર જ આપણને આપણી અંદર રહેલી પ્રભુની હાજરી વિશે સભાન બનતાં અને તેમનાં શાંત, સુદૃઢ અને આનંદપૂર્ણ કરણો બનતાં રોકે છે.

ચાલો આપણે આ અહંકારનું તેની સર્વ કામનાઓ સાથે પ્રભુને સમર્પણ કરી દઈએ, અને પછી ખાતરીપૂર્વક જે મુક્તિ જરૂર આવવાની છે તેને માટે વાટ જોઈએ.

૯ માર્ચ, ૧૯૭૦

*

**(૩૭૯) પોતાની શક્તિઓ અને ઉપભોગોનો નાશ કરવા માટે માનવજાતિએ બળવાન શસ્ત્રો વાપર્યાં છે — ખોટી વિલાસિતા અને ખોટો ત્યાગ.**

**(૩૮૦) આપણે એક ભૂલ હમેશાં કરતા આવ્યા છીએ અને કરી રહ્યા છીએ. વિલાસિતાનાં અનિષ્ટોમાંથી બચવા માટે આપણે ઉપાય તરીકે ત્યાગ પ્રત્યે દોડી જઈએ છીએ, અને ત્યાગનાં અનિષ્ટોમાંથી બચવા માટે આપણે વિલાસિતા પ્રત્યે દોટ મૂકીએ છીએ. આ બે ખોટાં વિરોધી બિંદુઓ વચ્ચે આપણે ઝોલા ખાઈએ છીએ.**

**(૩૮૧) રમતગમતોમાં આપણે બહુ શિથિલ રીતે રમવું અથવા જીવન અને કાર્યોમાં બહુ ભારેખમ અને ગંભીર બનવું, તે આપણે માટે હિતાવહ નથી. આપણે તે બંનેમાં રમતિયાળ નિર્મુક્તિ અને ગંભીર વ્યવસ્થા શોધી રહ્યા છીએ.**

**શ્રી માતાજી :** કોઈ પણ દિશામાં અતિરેક કરવો હાનિકારક બને છે; અને કેવળ શાંતિ, સમતુલા અને સંવાદપૂર્ણતામાં જ સત્યની શોધ કરી શકાય છે અને તેમાં જીવન ધારણ કરી શકાય છે.

૧૦ માર્ચ, ૧૯૭૦

*

**(૩૮૨) લગભગ ચાલીસ વર્ષ સુધી હું સતત નાનામોટા વ્યાધિઓથી પીડાયેલો રહેતો. સારી દેખાતી તબિયત છતાં, મારો બાંધો નબળો હતો, અને તેને સુધારવો એ વાતને હું મારી પ્રકૃતિએ લાદેલો એક બોજો સમજતો હતો. જ્યારે મેં દવાઓ છોડી દીધી, ત્યારે તે રોગો, નિરાશ બનેલા પરોપજીવી કુટુંબીઓની પેઠે; મારી વિદાય લેવા લાગ્યા. પછી જ મને સમજાયું કે મારામાં રહેલી કુદરતી આરોગ્ય શક્તિ કેટલી બળવાન છે, કે જે આપણને પ્રભુએ આપણા શારીરિક જીવનના દિવ્ય આધાર રૂપે આપેલી છે.**

**શ્રી માતાજી :** જીવનના સર્વ સંજોગોની વ્યવસ્થા એવી રીતની કરવામાં આવેલી છે કે જેથી આપણને શિક્ષણ મળે કે, મનને પેલે પાર રહેલી પ્રભુની કૃપામાં વિશ્વાસ રાખવાથી આપણને સર્વ કસોટીઓ પસાર કરવા માટે, સર્વ નિર્બળતાઓને જીતવા માટે અને જે દિવ્ય ચેતના આપણને કેવળ શાંતિ જ નહિ પણ આનંદ અને શારીરિક સમતુલા અને સ્વાસ્થ્ય આપે છે, તેને પ્રાપ્ત કરવાનું બળ મળી રહે છે.

૧૧ માર્ચ, ૧૯૭૦

*

**(૩૮૩) આધુનિક માનવજાતિ માટે યંત્રસામગ્રી જરૂરી છે, કારણકે આપણામાં સુધારી ન શકાય તેવું જંગલીપણું રહેલું છે. જો આપણે આપણી જાતને સગવડો અને સાધનસામગ્રીના ગૂંચવાડામાં નાખી દે તેવા સમૂહોમાં કેદ કરી રાખવી હોય, તો**

**આપણે અનિવાર્યપણે કલા અને તેની પદ્ધતિઓ વિના ચલાવી લેવું પડશે; કારણકે સાદાઈ અને સ્વતંત્રતાને દેશવટો દેવાથી સૌન્દર્ય ચાલ્યું જાય છે. આપણા પૂર્વજોનો વિલાસ સમૃદ્ધિશાળી અને ભવ્ય પણ હતો, પણ તે કદી બોજારૂપ ન હતો, તેમાં સાધનસામગ્રીનો ઠઠારો ન હતો.**

**(૩૮૪) યુરોપીય જીવનની જંગલી સગવડને તથા સાધનસામગ્રીના ભારને હું "સંસ્કૃતિ" નામ આપી શકતો નથી. જે લોકો પોતાના આત્મામાં નિર્મુક્ત નથી અને તેમના નક્કી કરેલા કાર્યક્રમોમાં ઉમદાપણું અને લયબદ્ધતા સાચવી શકતા નથી તે લોકો સંસ્કારી ન કહેવાય.**

**(૩૮૫) આધુનિક સમયમાં અને યુરોપિયન અસર હેઠળ કલા, જીવનની એક નિરર્થક અતિશયતા બની ગઈ છે; તે એક બિનજરૂરી દાસી બની ગઈ છે; ખરી રીતે તો કલા જીવનની મુખ્ય સરભરા કરનાર, અનિવાર્ય વ્યવસ્થાપક હોવી જોઈએ.**

**શ્રી માતાજી :** જ્યાં સુધી મન પોતે ઉદ્દંડ ખાતરીપૂર્વક એમ માનીને જીવનની દોરવણી કરે છે તે બધું જ જાણે છે એટલે સુધી કે પ્રભુનું રાજ્ય કઈ રીતે સ્થપાય?

**૧૨ માર્ચ, ૧૯૭૦**

*

# રોગ અને તબીબી વિજ્ઞાન

***રોગ મટાડવો એ સારું છે, પરંતુ માંદા ન પડવું એ વધુ સારું.***

— શ્રી માતાજી

**(૩૮૬) રોગને બિનજરૂરી રીતે લંબાવવામાં આવે છે અને તે અનિવાર્ય હોય તે કરતાં વધારે વાર મૃત્યુમાં અંત પામે છે, કારણકે દરદીનું મન તેના પોતાના શરીરના રોગને ટેકો આપતું હોય છે અને તેમાં લીન રહેતું હોય છે.**

**શ્રી માતાજીઃ** કેટલું બધું સાવ સાચું છે!

**(૩૮૭) વૈદકીય શાસ્ત્ર માનવજાતિને માટે આશીર્વાદ રૂપ બન્યું છે તે કરતાં વધારે તો શાપરૂપ થયેલું છે. એ શાસ્ત્રે રોગચાળાની શક્તિને તોડી નાખી છે અને એક અદ્‌ભુત શસ્ત્રક્રિયા ખુલ્લી કરી આપી છે, પણ, તેણે તો, વધુમાં, માણસની કુદરતી તંદુરસ્તીને નબળી કરી નાખી છે અને વ્યક્તિને થતા રોગોને ખૂબ વધારી મૂક્યા છે, એણે મન અને શરીરમાં ભય અને પરાધીનતા રોપી આપ્યાં છે; એણે આપણા આરોગ્યને કુદરતી સામર્થ્ય ઉપર નહિ પણ ખનીજ અને વનસ્પતિનાં રાજ્યોમાંથી બનાવેલી એક દુર્બળ અને અણગમતી બગલઘોડી ઉપર મદાર બાંધવાનું શીખવ્યું છે.**

**(૩૮૮) ડૉક્ટર રોગ ઉપર એક દવા તાકે છે, કેટલીકવાર એ નિશાન પાડી લે છે, કેટલીકવાર ચૂકી જાય છે. ચૂકાઈ ગયેલાં નિશાનોની નોંધ કરવામાં આવતી નથી, સફળ નિશાનોને સાચવી રાખવામાં આવે છે, તેમની ગણતરી કરવામાં આવે છે અને તેમને એક શાસ્ત્રરૂપે ગોઠવવામાં આવે છે.**

**શ્રી માતાજી :** એ અદ્‌ભુત છે!

*

**(૩૮૯) જંગલી માણસને ભૂવામાં શ્રદ્ધા છે તે માટે આપણે તેના તરફ હસીએ છીએ; પણ સુધરેલા લોકો ડોક્ટરોમાં શ્રદ્ધા રાખે છે તે કેવી રીતે ઓછા વહેમી છે? જંગલી માણસ જુએ છે કે જ્યારે અમુક મંત્ર જપવામાં આવે છે ત્યારે તે અમુક રોગોમાંથી ઘણીવાર સાજો થઈ જાય છે; એને શ્રદ્ધા બેસે છે. સુધરેલા દર્દી જુએ છે કે એ જ્યારે અમુક પ્રિસ્ક્રિપ્શન પ્રમાણે દવા લે છે ત્યારે તે ઘણીવાર અમુક રોગમાંથી સારો થઈ જાય છે; એને શ્રદ્ધા બેસે છે. તો તફાવત ક્યાં રહ્યો?**

**શ્રી માતાજી :** આપણે ઉપસંહાર રૂપે એમ કહી શકીએ છીએ કે દરદીને જે શ્રદ્ધા હોય છે તે ઉપચારને તેની રોગ નિવારક શક્તિ આપે છે.

કદાચ લોકોને જો પ્રભુકૃપાની રોગનિવારક શક્તિમાં સંપૂર્ણ શ્રદ્ધા રહેતી હોત તો તેઓ કેટલાયે રોગોમાંથી બચી જઈ શકત.

૧૩ માર્ચ, ૧૯૭૦

*

**(૩૯૦) ઉત્તર ભારતનો ભરવાડ, એને તાવનો હુમલો થાય છે ત્યારે, નદીના ઠંડાગાર પ્રવાહમાં એક કે વધુ કલાક બેસે છે અને મુક્ત અને તંદુરસ્ત બની ઉભો થાય છે. ભણેલો માણસ જો એ જ વસ્તુ કરે તો તે મરી જશે, તેનું કારણ એ નથી કે ઉપચાર પોતે જ એવો છે કે તે એક માણસને મારી નાખે છે અને બીજાને સારો કરે છે, પણ તેનું કારણ એ છે કે મને આપણાં શરીરને એવું તો ઠસાવી દીધું છે કે તે પ્રાણઘાતક ટેવોમાં જઈ પડ્યાં છે.**

**(૩૯૧) રોગ જેટલો દવાથી મટે છે તેના કરતાં વિશેષ તો દરદીને ડૉક્ટરમાં અને દવામાં જે શ્રદ્ધા હોય છે તેનાથી વધુ મટતો હોય**

**છે. આ બંને વસ્તુઓ માણસમાં તેની પોતાની આત્મશક્તિમાં રહેલી કુદરતી શ્રદ્ધાને બદલે કઢંગી રીતે ગોઠવાઈ ગયેલી છે અને તેમણે પોતે જ એ આત્મશક્તિનો નાશ કરેલો છે.**

**(૩૯૨) માનવજાતિના સૌથી વધુ આરોગ્યપૂર્ણ યુગો તે હતા કે જ્યારે સ્થૂલ ઉપચારો ઓછામાં ઓછા હતા.**

**(૩૯૩) પૃથ્વી ઉપર ટકી રહેલી વધુમાં વધુ હૃષ્ટપુષ્ટ અને તંદુરસ્ત જાતિ તે આફ્રિકાના જંગલી લોકો હતા; પણ તેમની શારીરિક ચેતનાને સુધારેલા લોકોનાં માનસિક સ્ખલનોનો ચેપ લાગી જાય તે પછી તે એવી સ્થિતિમાં ક્યાં સુધી રહી શકે તેમ છે?**

**શ્રી માતાજી :** શ્રી અરવિંદના શબ્દો હંમેશની માફક પયગંબરી રૂપના છે, કારણકે માનવજાત જ્યારે તેનાં માનસિક સ્ખલનોમાંથી સાજી થશે ત્યારે જ તે અતિમાનસ ચેતનાને આવિર્ભાવ આપી શકશે અને મને આવીને તેનું જે કુદરતી, આરોગ્ય લૂંટી લીધું છે તે તેને પાછું મળશે.

૧૪ માર્ચ, ૧૯૭૦

*

**(૩૯૪) રોગોને મટાડવા તેમજ અટકાવવા માટે આપણે આપણી અંદરની દિવ્ય તંદુરસ્તીનો ઉપયોગ કરવો જોઈએ, પરંતુ તેને બદલે ગેલન અને હિપ્પોક્રેટિસ અને તેમની ટોળીએ આપણને આપણા શારીરિક ધર્મશાસ્ત્ર તરીકે દવાઓનો એક શસ્ત્ર ભંડાર અને લેટિન ભાષાનું એક જંગલી અગડં-બગડં આપેલું છે.**

**(૩૯૫) વૈદ્યકીય શાસ્ત્રની ભાવના સારી છે અને તેનો ઉપચાર કરનારા ઘણીવાર ઉદારભાવવાળા, તથા કંઈ ઓછો આત્મભોગ આપનારા નહિ એવા છે; પરંતુ અજ્ઞાન લોકોની શુભ-ભાવનાએ તેમને હાનિકારક બનતાં ક્યારે અટકાવ્યા છે?**

**(૩૯૬) જો બધા જ ઉપચારો સાચેસાચ અને તેમની પોતાની રીતે અસરકારક હોત અને બધા જ વૈદ્યકીય સિદ્ધાંતો સંપૂર્ણ હોત, તો પણ તેમાંથી આપણે આપણી કુદરતી તંદુરસ્તી અને પ્રાણશક્તિ ગુમાવી દીધી છે તે માટેનું આશ્વાસન આપણને કેવી રીતે મળત? ઉપાસ-વૃક્ષ* તેના બધા ભાગોમાં નક્કર હોય છે પણ છતાં તે ઉપાસવૃક્ષ જ રહે છે.**

**(૩૯૭) આપણી અંદર રહેલો આત્મા એ જ એક માત્ર સર્વ રીતે હોશિયાર એવો ડૉક્ટર છે અને શરીર તેને આધીન થઈને રહે એ જ એક સાચો મહા-ઉપચાર છે.**

**(૩૯૮) ભીતરમાં રહેલા પ્રભુ અનંત છે અને પોતાને સાકાર કરતી સંકલ્પ-શક્તિ રૂપે છે. મૃત્યુના ભયની કશી અસર અનુભવ્યા વિના તું તારાં સર્વ દર્દોને તેનાં હાથમાં એક પ્રયોગ રૂપે નહિ, પણ એક સ્વસ્થ અને સંપૂર્ણ શ્રદ્ધા રૂપ શું સોંપી શકે નહિ? તું જોશે કે છેવટે જતાં પ્રભુ એક કરોડ ડૉક્ટરોના ચાતુર્ય કરતાં વધારે મોટા છે.**

**(૩૯૯) વીસ હજાર ચેતવણીઓમાંથી તંદુરસ્તીની રક્ષા એ ડૉક્ટરનું ધર્મશાસ્ત્ર છે; પણ એ કાંઈ શરીરને માટે પ્રભુનો દૂત નથી, તેમ પ્રકૃતિ પણ નથી.**

**શ્રી માતાજી :** મનના સામ્રાજ્યે માનવ જાતિને ડૉક્ટરો અને તેમના ઉપચારોની ગુલામ બનાવી દીધી છે. અને પરિણામ એ આવ્યું છે કે રોગો સંખ્યામાં અને ગંભીરતામાં વધતા જાય છે.

માણસોને માટે એકમાત્ર સાચી મુક્તિ એ છે કે તેમણે પ્રભુના પ્રભાવ પ્રત્યે ખુલ્લા બનીને મનના આધિપત્યમાંથી બહાર નીકળી જવું જોઈએ, અને એ વાત તેઓ એક પૂર્ણ સમર્પણ દ્વારા પ્રાપ્ત કરી શકે છે.

**૧૫ માર્ચ, ૧૯૭૦**

*

---

* ઈન્ડોનેશિયાના આ વૃક્ષોનો રસ બાણોને ઝેરી બનાવવા માટે વાપરવામાં આવતો હતો.

**(૪૦૦) માણસ એકવાર કુદરતી રીતે તંદુરસ્ત હતો અને તેને રજા આપવામાં આવે તો તે આદિ અવસ્થામાં પાછો પહોંચી શકે તેમ છે; પરંતુ વૈદ્યકીય શાસ્ત્ર દવાઓનો એક અગણિત ખડકલો લઈને આપણા શરીરની પૂંઠે લાગેલું છે અને આપણી કલ્પના ઉપર જીવાણુઓનાં ખાઉધરાં ટોળાં વડે હુમલા કરતું રહે છે.**

**(૪૦૧) જીવાણુઓનાં કાલ્પનિક ઘેરા સામે મારી જાતનું રક્ષણ કરવા મારી જિંદગી વાપરી નાખવા કરતાં હું મરી જવાનું અને એ પ્રકરણ પૂરું કરી નાખવાનું વધારે પસંદ કરું. આ વસ્તુ જો જંગલી હોય, સમજણ વિનાની હોય તો હું મારા એ પ્રગાઢ અંધકારને આનંદપૂર્વક ભેટીશ.**

**(૪૦૨) સર્જન રોગ મટાડવાનું કામ કાપકૂપ કરીને, અપંગ કરીને કરે છે. એ કરતાં કુદરતના સીધા સર્વ શક્તિમાન ઉપચારો શોધવાનો પ્રયત્ન શા માટે ન કરવો જોઈએ?**

**(૪૦૩) દવાને બદલે સ્વ-ઉપચાર કામ કરતો થાય તેમાં લાંબો સમય લાગશે, કારણ કે વૈદ્યકીય શાસ્ત્રે આપણાં મનને અને શરીરોને ભય, આત્મ-અવિશ્વાસ અને દવાઓ ઉપર અકુદરતી રીતનો સ્થૂલ આધાર લેવાનું શીખવી દીધું છે અને એ બધાંને આપણો બીજો સ્વભાવ બનાવી દીધો છે.**

**શ્રી માતાજી :** દવાઓની જરૂરમાં મનમાં રહેલી શ્રદ્ધાએ જે નુકસાન પહોંચાડ્યું છે તેની સામે આપણે કોઈ બાહ્ય સાધન દ્વારા કામ કરી શકવાના નથી. એ તો આપણે મનના કેદખાનામાંથી બહાર નીકળી જઈએ અને સભાન રીતે આત્માના પ્રકાશમાં વેગથી પહોંચી જઈએ એ રીતે જ આપણે, પ્રભુ સાથે એકતા સાધીને, આપણે ગુમાવી દીધેલી સ્વસ્થતા અને આરોગ્ય પ્રભુ પાછા આપણને મેળવી આપે તેમ કરવામાં તેમને મદદ કરી શકીશું.

અતિમાનસ રૂપાંતર એ જ એકમાત્ર સાચો ઉપચાર છે.

૧૭ માર્ચ, ૧૯૭૦

*

**(૪૦૪) આપણાં શરીરોએ દવાઓ વિના સારા નહિ થવાની કળા શીખી લીધી છે માટે જ આપણાં શરીર માટે દવાની જરૂર છે. આમ છતાં, આપણે ઘણીવાર જોઈએ છીએ કે જે ક્ષણે ડૉક્ટરો જીવન વિષે નિરાશ થઈને હાથ ધોઈ નાખે છે તે જ ક્ષણને કુદરત સારા થવા માટેની ક્ષણ તરીકે પસંદ કરે છે.**

**(૪૦૫) આપણામાં રહેલી રોગ નિવારક શક્તિ વિષે અવિશ્વાસ એ આપણું સ્વર્ગમાંથી શારીરિક પતન હતું. વૈદ્યકીય શાસ્ત્ર અને ખરાબ આનુવંશિકતા એ બે પ્રભુના દેવદૂતો છે અને આપણે સ્વર્ગમાં પાછા ફરીએ અને તેમાં દાખલ થઈએ તેમ કરતાં આપણને અટકાવવા માટે ત્યાં દરવાન તરીકે ઉભેલા છે.**

**(૪૦૬) વૈદ્યકીય શાસ્ત્ર એ શરીરને માટે એક મોટી રાજસત્તા જેવું છે, એ પોતાના રક્ષણ દ્વારા નાનકડા રાજ્યને દુર્બલ બનાવી દે છે અથવા તો એ શાસ્ત્ર એક ઉદાર લૂંટારા જેવું છે કે જે પોતાના શિકારને ભોંય ભેગો કરી દે છે અને તેના આખા શરીરને ઘા કરી વીંધી નાખે છે કે પછી એ શિકાર એ ભાંગી ગયેલા શરીરને સાજું કરવાના તથા તેની સેવા કરવાના કામમાં પોતાનું જીવન અર્પણ કરી શકે.**

**(૪૦૭) દવાઓ શરીરને જ્યારે માત્ર તકલીફ આપતી નથી અથવા તો તેમાં ઝેર ભરી દેતી નથી ત્યારે જ માત્ર નહિ, પણ રોગના ઉપરનો જે સ્થૂલ હુમલો હોય છે તેને આત્માની શક્તિનો ટેકો હોય છે ત્યારે જ તે શરીરને સારું કરે છે, જો એ શક્તિને મુક્ત રીતે કામ કરતી કરી શકાય, તો દવાઓ એકદમ બિનજરૂરી બની જાય છે.**

**શ્રી માતાજી :** આપણે જે ઓથારમાં જીવી રહ્યા છીએ તેનું એક અસરકારક વર્ણન શ્રી અરવિંદ આપણને આપી રહ્યા છે તે એટલા માટે કે તેઓ આપણામાં સાચી ચેતનાને મુક્ત કરવા માટેની એક અણથક અભીપ્સા જગાડવા માગે છે તથા પ્રભુની સર્વશક્તિમત્તામાં આપણને અનન્ય શ્રદ્ધા આપવા માગે છે.

૧૮ માર્ચ, ૧૯૭૦

*

# ભક્તિ

## *(વિવરણોનો ચોથો ગાળો (૧૯૬૯-૭૦)*

***ભક્તિ એ મુક્તિનાં દ્વારો ખોલી આપતી ચાવી છે.***

શ્રી માતાજી

**(૪૦૮) હું ભક્ત નથી, કેમકે પ્રભુને ખાતર મેં જગતનો ત્યાગ કરેલો નથી. એણે મારી પાસેથી જે વસ્તુ બળાત્કારે લઈ લીધી છે અને મારી ઈચ્છા વિરુદ્ધ મને પાછી આપી છે તેનો ત્યાગ હું કઈ રીતે કરી શકું છું? આ વસ્તુઓ મારા માટે બહુ જ અઘરી છે.**

**(૪૦૯) હું ભક્ત નથી, જ્ઞાની નથી, પ્રભુને ખાતર કામ કરનાર માણસ નથી. તો હું શું છું? મારા સ્વામીના હાથમાં એક હથિયાર છું, દૈવી ગોવાળિયો જેને વગાડી રહ્યો છે એવી એક વાંસળી છું, પ્રભુના ઉચ્છવાસથી ધ્રૂજતું એક પાંદડું છું.**

**(૪૧૦) ભક્તિ જ્યાં લગી કર્મ અને જ્ઞાન બનતી નથી ત્યાં લગી તે પરિપૂર્ણ બનતી નથી. તું જો પ્રભુની પાછળ પડ્યો હોય અને તેને પકડી પાડી શકતો હોય તો તેની વાસ્તવિકતા તને મળી ન જાય ત્યાં સુધી તેને જવા દઈશ નહિ. તેની વાસ્તવિકતા તારી પકડમાં આવી ગઈ હોય તો તેની સંપૂર્ણતા પણ તને મળે તે માટે આગ્રહ રાખજે. આમાંની પહેલી તને દિવ્ય જ્ઞાન આપશે, બીજી તને દિવ્ય કર્મો તથા વિશ્વની અંદર એક મુક્ત અને સંપૂર્ણ આનંદ આપશે.**

**(૪૧૧) બીજા લોકો તેમના પ્રભુ માટેના પ્રેમની બડાઈ મારે છે. મારી બડાઈ એ છે કે મેં પ્રભુને પ્રેમ કર્યો ન હતો, એણે મને પ્રેમ કર્યો હતો અને મને શોધી કાઢ્યો હતો અને હું તેમનો બની રહું તેમ કરવાની મને ફરજ પાડી હતી.**

**(૪૧૨) પ્રભુ એક સ્ત્રી છે એમ મને જાણવા મળ્યું, તે પછી મને પ્રેમ વિષે દૂર દૂરથી કાંઈક જાણવા મળ્યું; પરંતુ હું જ્યારે સ્ત્રી બન્યો અને મારા નાથ તથા પ્રિયતમની મેં સેવા કરી ત્યારે જ મને પ્રેમ પૂરેપૂરો જાણવા મળ્યો.**

**શ્રી માતાજી :** શ્રી અરવિન્દમાં વિનોદની એક અપૂર્વ પ્રતિભા હતી અને આપણે તે માટે અહોભાવ અનુભવીએ અને મૂંગા રહીએ એટલું જ માત્ર કરવાનું છે.

૨૦ માર્ચ, ૧૯૭૦

***બાળક : 'એણે મારી પાસેથી જે વસ્તુ બળાત્કારે લઈ લીધી છે અને મારી ઈચ્છા વિરુદ્ધ મને પાછી આપી છે' આમાં શ્રી અરવિન્દ શું કહેવા માગે છે?***

***અને વળી તેઓ એમ કહે છે કે, 'પ્રભુ એક સ્ત્રી છે એમ મને જાણવા મળ્યું તે પછી...' એમાં પણ એમને શું કહેવું છે?***

**શ્રી માતાજી :** આનો જવાબ હું આપી શકું તેમ નથી કારણકે એ જ્યારે શરીરમાં હતા ત્યારે એમણે મને આ વિષય ઉપર કશું કહ્યું ન હતું. એમણે આ ક્યારે લખ્યું એની ચોક્કસ તારીખ જાણનાર કોઈ હોય તો તે એક સૂચનરૂપ બની શકે છે. કદાચ તે તમને કહી શકે કે આ ક્યારે લખાયું હતું, અથવા શ્રી અરવિંદે તેમને કંઈ કહ્યું હતું કે કેમ.*

**(૪૧૩) પ્રભુ સાથે આડો વ્યવહાર કરવો એ એક એવો સંપૂર્ણ અનુભવ છે કે જેને અર્થે આ જગતનું સર્જન થયેલું છે.**

***બાળક : આ સૂત્ર હું સમજી શક્યો નથી.***

---

* શ્રી માતાજીને આપવામાં આવેલી માહિતી પ્રમાણે આ સૂત્રો શ્રી અરવિંદ પોંડીચેરીમાં આવ્યા પછી તરતમાં જ લખાયાં હતાં. એ વખતે શ્રી અરવિંદ પોતાના પત્રોની નીચે 'કાલી' તરીકે સહી કરતા હતા, તેઓ કૃષ્ણ અને કાલીને એકરૂપ ગણતા હતા (રામકૃષ્ણ, અમુક વખતે, કૃષ્ણની ભક્તિ કરવા માટે, પોતે સ્ત્રી છે એમ અનુભવતા હતા એની માફક). કદાચ આ અનુભૂતિને શ્રી અરવિંદ પોતાની વિનોદમય રીતે અહીં વર્ણવે છે.

**શ્રી માતાજી :** પોતાની અદ્‌ભુત વિનોદવૃત્તિ વાપરીને શ્રી અરવિંદ માનવની નીતિભાવનાની આ અત્યંત સંપૂર્ણ રીતે મજાક ઉડાવી છે. આ વાક્ય પોતે જ એક સંપૂર્ણ કટાક્ષ છે.

૨૧ માર્ચ, ૧૯૭૦

*

**(૪૧૪) પ્રભુથી ડર પામવો એ તેની પાસેથી પોતાની જાતને દૂર કરી લેવા જેવું છે, પરંતુ રમતની અંદર પ્રભુથી ડર પામવો એથી નર્યા આનંદમાં એક તીવ્રતા ઉમેરાય છે.**

**(૪૧૫) યહૂદીએ પ્રભુથી ડર પામતો મનુષ્ય બનાવ્યો; ભારતે પ્રભુને જાણનાર અને પ્રભુને પ્રેમ કરનાર મનુષ્ય બનાવ્યો.**

**(૪૧૬) પ્રભુનો સેવક જુડિયામાં જન્મ્યો હતો, પણ તે આરબોની અંદર પુખ્ત વયનો બન્યો. ભારતનો આનંદ સેવક-પ્રેમીમાં રહેલો છે.**

**(૪૧૭) પૂર્ણ પ્રેમ ભયને દૂર ફેંકી દે છે, પણ છતાં તું એ દેશવટાની કોઈ કોમળ છાયા અને સ્મૃતિને જાળવી રાખજે અને એ વસ્તુ પૂર્ણતાને વધુ પૂર્ણ બનાવશે.**

**(૪૧૮) તારા આત્માએ જે પ્રભુની યોજનાઓનો વિરોધ કરીને તેની સામે જીવલેણ યુધ્ધમાં ઉતરીને તેના શત્રુ બનવાનો આનંદ મેળવ્યો નથી તો એ આત્માએ પ્રભુના પૂર્ણ આનંદનો સ્વાદ ચાખ્યો નથી.**

**(૪૧૯) તું જો પ્રભુને તારા ઉપર પ્રેમ ન કરાવી શકે, તો તે તારી સાથે લડે એમ કર. એ જો તને પ્રેમીનું આલિંગન નહિ આપે તો, તને કુસ્તી કરનાર મલ્લનું આલિંગન આપે તેમ કરવાની તેને ફરજ પાડ.**

**(૪૨૦) મારો આત્મા એ પ્રભુએ લડાઈમાં કેદ પકડેલો કેદી છે; એ યુદ્ધથી તે દૂર નીકળી આવ્યો છે, તો પણ તે એ યુદ્ધને આનંદપૂર્વક અને ભય તથા આશ્ચર્યપૂર્વક હજી પણ યાદ કરતો રહે છે.**

***બાળક : 'એના શત્રુ બનવાનો આનંદ' એમાં શ્રી અરવિંદ શું કહેવા માગે છે?***

**શ્રી માતાજી :** અહીં પણ મારે કહેવું પડે છે કે આ હું ચોક્કસ રીતે જાણતી નથી, કારણ કે એમણે મને કદી કશું કહ્યું ન હતું.

પણ હું તમને મારો પોતાનો અનુભવ કહી શકું છું. હું લગભગ ૨૫ વર્ષની થઈ ત્યાં સુધી, માત્ર ધર્મોના ભગવાનને જાણતી હતી, માણસોએ જે રીતે ભગવાનને બનાવેલા છે તેવા, અને એવો ભગવાન મારે કોઈપણ ભોગે જોઈતો ન હતો. મેં એના અસ્તિત્વનો ઇનકાર કરી દીધેલો પરંતુ એવા નિશ્ચિત ભાવથી કે આવો પ્રભુ જો અસ્તિત્વમાં હશે તો હું તેનો તિરસ્કાર કરું છું.

હું લગભગ ૨૫ વર્ષની હતી ત્યારે મને આંતરિક પ્રભુની ભાળ મળી આવી હતી અને એ જ વખતે મને એ જાણવા મળ્યું કે પશ્ચિમના મોટા ભાગના ધર્મોએ જે પ્રભુનું વર્ણન આપ્યું છે તે તો પ્રભુનો મહાવિરોધી અસુર જ છે.

હું જ્યારે, ૧૯૧૪માં, ભારત આવી, અને શ્રી અરવિંદના ઉપદેશનું મને જ્ઞાન થયું ત્યારે બધું જ અતિ સ્પષ્ટ થઈ ગયું.

૨૪ માર્ચ, ૧૯૭૦

*

**(૪૨૧) પૃથ્વી ઉપર સૌથી વધુ તિરસ્કાર મને વેદના પ્રત્યે થતો હતો, પણ જ્યારે પ્રભુએ મને પ્રહાર કર્યા અને વેદનામાં રિબાવ્યો, ત્યારે મને એ વસ્તુ પ્રગટ બની કે વેદના એ એક નિરતિશય આનંદનું જ એક વિકૃત અને વિમાર્ગી રૂપ છે.**

**(૪૨૨) પ્રભુ આપણને જે વેદના આપે છે તેમાં ચાર અવસ્થાઓ છે : એ માત્ર જ્યારે વેદના હોય છે; એ જ્યારે આનંદ આપનારી વેદના હોય છે; એ જ્યારે આનંદરૂપ વેદના હોય છે, અને એ જ્યારે**

**આનંદનું નર્યું ભીષણ રૂપ હોય છે.**

**(૪૨૩) માણસ જ્યારે પરમાનંદના એ સ્તરોની અંદર ઉપર ચડે છે કે જ્યાં વેદના અદૃશ્ય થઈ જાય છે ત્યારે પણ, એ વેદના અસહ્ય તીવ્ર આનંદના વેશમાં ટકી રહેતી હોય છે.**

**(૪૨૪) હું જ્યારે આનંદનાં ઊંચે ને ઊંચે જતાં શિખરો ઉપર ચડતો હતો, ત્યારે મેં પોતાને પ્રશ્ન કર્યો કે પરમાનંદની આ વૃદ્ધિને કોઈ સીમા હશે કે નહિ અને મને પ્રભુનાં આલિંગનોનો લગભગ ડર લાગવા માંડ્યો.**

***બાળક : અહીં શ્રી અરવિંદ 'વેદનાની ચાર અવસ્થાઓ' ની વાત કરે છે તે આપ સમજાવો એમ મારી ખૂબ જ ઈચ્છા છે.***

**શ્રી માતાજી :** શ્રી અરવિંદ જો નૈતિક વેદનાની વાત કરતા હોય, એ વેદના પછી ગમે તે હોય, તો હું અનુભવમાંથી કહી શકું છું કે તેઓ જે ચાર અવસ્થાઓની વાત કરે છે તે ચેતનાની ચાર અવસ્થાઓ પ્રમાણેની છે, અવસ્થાઓ આંતરિક વિકાસમાંથી તથા વ્યક્તિની ચેતના, દિવ્ય ચેતના સાથે જે કશાની એકતા અનુભવતી હોય છે તેમાંથી ઉત્પન્ન થતી હોય છે. એકતા સંપૂર્ણ બની જાય છે ત્યારે, 'આનંદના એક ભીષણ રૂપ' સિવાય બીજું કશું જ અસ્તિત્વમાં રહેતું નથી.

આ વસ્તુ એ જો શરીરને જે સ્થૂલ વેદના અનુભવાય છે તે હોય તો તે અનુભૂતિ આવી સ્પષ્ટ રીતે કહેલી ગતિ પ્રમાણે થતી નથી; વિશેષ કરીને તો એમ બનતું હોય છે કે પ્રભુ સાથેની એકતાને લીધે સામાન્ય રીતે વેદના અદૃશ્ય થઈ જતી હોય છે. ૨૫ માર્ચ, ૧૯૭૦

*

**(૪૨૫) પ્રભુ પ્રત્યેના પ્રેમ પછીનો બીજો સૌથી વધુ મહાન આનંદ છે, મનુષ્યોમાં રહેલા પ્રભુ પ્રત્યેનો પ્રેમ; ત્યાં પણ, આપણને બહુરૂપતાનો આનંદ મળે છે.**

**(૪૨૬) શરીરને માટે એક વ્યક્તિ સાથેનું લગ્ન એ સર્વોત્તમ વસ્તુ હોઈ શકે છે, પરંતુ જે આત્મા મનુષ્યોમાં રહેલા પ્રભુને ચાહે છે તે હંમેશાં એક અસીમ અને આનંદમય બહુપત્નીક રૂપનો હોય છે; છતાં બધોય વખત — એ જ તો રહસ્યની વાત છે — તે માત્ર એક જ સ્વરૂપની સાથે પ્રેમમાં હોય છે.**

**(૪૨૭) આખું એ જગત મારું અંતઃપુર છે અને એમાં રહેલી પ્રત્યેક જીવતી વ્યક્તિ અથવા નિર્જીવ પદાર્થ એ મારા મહા આનંદનું સાધન છે.**

**શ્રી માતાજી :** જેને પ્રભુ તરફના પ્રેમનો અનુભવ થઈ ગયો છે તે એ પછી પ્રભુ સિવાય બીજા કોઈના ઉપર પ્રેમ કરી શકતો નથી, અને જે લોકો તરફ તેને સ્નેહ હોય છે તે સર્વમાં પ્રભુને જ તે પ્રેમ કરતો હોય છે; વળી, પ્રેમ કરવાની આ સારામાં સારી રીત છે, કારણ કે આ રીતે આપણે બીજા લોકોને તેમનામાં પોતાનો આવિર્ભાવ કરેલા પ્રભુ વિશે સભાન બનવામાં ખૂબ સમર્થ રીતે મદદ કરીએ છીએ.

૨૭ માર્ચ, ૧૯૭૦

*

**(૪૨૮) થોડા વખત સુધી મને કશી ખબર પડી ન હતી કે હું સૌથી વધુ પ્રેમ કૃષ્ણને કરું છું કે કાલીને, હું જ્યારે કાલીને પ્રેમ કરતો હતો ત્યારે હું મારી પોતાની જાત સાથે પ્રેમ કરતો હતો, પણ મેં જ્યારે કૃષ્ણને પ્રેમ કર્યો, ત્યારે મેં અન્યની સાથે પ્રેમ કર્યો અને છતાં હું મારી પોતાની જાત સાથે જ પ્રેમમાં હતો. એટલે હું કાલી કરતાં પણ કૃષ્ણને વધુ સારી રીતે પ્રેમ કરતો થયો.**

**શ્રી માતાજી :** શ્રી અરવિંદ હંમેશાં પોતાની રીતે બધું કહેતા; એ હંમેશાં મૌલિક હતા અને હંમેશાં અણધાર્યું કહેતા હતા.

૨૯ માર્ચ, ૧૯૭૦

*

**(૪૨૯) કુદરતનાં વખાણ કરવાનો અથવા તો તેની એક શક્તિ તરીકે, એક હાજરી અને દેવી તરીકે પૂજા કરવાનો શો અર્થ છે? અથવા તો એની રસદૃષ્ટિએ કે કલાત્મક રીતે કદર કરવાનો શો અર્થ છે? ગુપ્ત વસ્તુ તો એ છે કે આપણે જેવી રીતે સ્ત્રીનો શરીર દ્વારા આનંદ માણીએ છીએ તેવી રીતે આત્મા દ્વારા પ્રકૃતિનો આનંદ અનુભવવાનો છે.**

**(૪૩૦) આપણને જ્યારે હૃદયમાં દર્શન મળી આવે છે ત્યારે પછી, દરેક વસ્તુ, પ્રકૃતિ અને વિચાર અને કર્મ, વિચારો અને પ્રવૃત્તિઓ અને રસો અને વસ્તુઓ પ્રિયતમ રૂપ બની રહે છે અને પરમાનંદનું મૂળ બને છે.**

**શ્રી માતાજી :** કાંઈ કહેવાનું નથી.

૩૦ માર્ચ, ૧૯૭૦

*

**(૪૩૧) જે તત્ત્વજ્ઞાનીઓ જગતને માયા તરીકે તજી દે છે, તે ઘણા જ્ઞાની અને તપસ્વી અને પવિત્ર છે, પણ કોઈકવાર મને આવો વિચાર આવ્યા વિના રહેતો નથી કે એ લોકો થોડા મૂર્ખ પણ છે અને પ્રભુ તેમને આટલી સહેલાઈથી છેતરી જાય તેમ થવા દે છે.**

**(૪૩૨) મારી પોતાની વાત કહું તો, હું ધારું છું કે મને પ્રભુ પાસે એમ માનવાનો હક્ક છે કે તે જગતની અંદર રહીને તેમ જ તેનાથી બહાર રહીને પણ પોતાની જાતનું અર્પણ કરી દે. પ્રભુ જો આ ફરજમાંથી છટકી જવા માગતા હોય તો પછી તેમણે આ જગત બનાવ્યું જ શા માટે?**

**(૪૩૩) માયાવાદી એમ કહે છે કે મારો વ્યક્તિરૂપ પ્રભુ એ તો એક સ્વપ્ન છે અને તે અ-વ્યક્તિરૂપ સ્વરૂપનું સ્વપ્ન સેવવાનું વધુ પસંદ કરે છે; બુદ્ધધર્મવાદી મારા વ્યક્તિરૂપ પ્રભુને એક કલ્પના તરીકે**

**બાજુએ મૂકી દે છે અને નિર્વાણ તથા શૂન્યતાના આનંદનું સ્વપ્ન સેવવાનું વધુ પસંદ કરે છે. આવી રીતે બધા જ સ્વપ્ન સેવીઓ, એકબીજાના દર્શન તિરસ્કાર કરવા મંડી પડેલા છે અને પોતાનું દર્શન તે સર્વોત્તમ ઈલાજ છે એમ જાહેર કરી રહ્યા છે. જે વસ્તુમાં આત્માને સૌથી વધુ આનંદ મળે છે, એ જ વસ્તુ વિચાર માટેની અંતિમ આવશ્યકતા છે.**

**(૪૩૪) માયાવાદી વ્યક્તિતાથી પર એક અનિર્વચનીય એવા અસ્તિત્વને નિહાળે છે, તેની પાછળ પાછળ ગયો અને એ અસ્તિત્વથી પર મારા કૃષ્ણને એક અનિર્વચનીય વ્યક્તિ સ્વરૂપમાં મેં જોયા.**

**શ્રી માતાજી :** હંમેશની માફક શ્રી અરવિંદ આવી અદ્ભુત રીતે આપણને માણસનાં વિધાનોમાં રહેલી અર્થહીનતા બતાવી આપે છે, એ વિધાનોમાં દરેક જણ પોતાને જે વસ્તુ જડેલી નથી હોતી અથવા તો તેનો અંગત અનુભવ થયેલો હોતો નથી તેનો ઘમંડપૂર્વક ઇનકાર કરતો રહે છે.

બધા જ સિદ્ધાંતોનો, અત્યંત વિરોધી હોય તેવા સિદ્ધાંતોનો પણ સ્વીકાર કરવાની શક્તિ મળી આવે ત્યાંથી જ્ઞાનનો આરંભ થાય છે.

૧ એપ્રિલ, ૧૯૭૦

*

**(૪૩૫) હું કૃષ્ણને પ્રથમવાર મળ્યો, ત્યારે એની સાથે મેં એક મિત્ર તરીકેનો અને ગોઠિયા તરીકેનો પ્રેમ કર્યો હતો અને પછીથી એણે મને છેતરી લીધો; એ પછી હું ક્રોધે ભરાયો અને તેને હું માફ ન કરી શક્યો. પછીથી મને તેના ઉપર એક પ્રેમી તરીકેનો પ્રેમ થયો અને છતાંયે એણે મને છેતર્યો; હું વળી પાછો ફરીથી અને ઘણો ઘણો ક્રોધે ભરાયો, પણ આ વખતે મારે માફી આપવી પડી.**

**(૪૩૬) અપરાધ કર્યા પછી, એણે મને તેને માફ કરવાની ફરજ પાડી પણ તે બદલો વાળીને નહિ પણ બીજા ગુનાઓ કરીને.**

**(૪૩૭) જ્યાં સુધી પ્રભુએ મારી સામેના અપરાધોનો બદલો વાળવાનો પ્રયત્ન કર્યો ત્યાં સુધી અમે વખતો વખત લડતા રહેલા. પણ જ્યારે પ્રભુને પોતાની ભૂલ જણાઈ આવી ત્યારે, ઝગડા બંધ થઈ ગયા, કારણકે મારે એને પૂરેપૂરા તાબે થઈ જવું પડ્યું હતું.**

**(૪૩૮) હું જ્યારે જગતમાં કૃષ્ણ અને મારા પોતાના સિવાય બીજા માણસોને જોતો હતો, ત્યારે પ્રભુનાં મારી સાથેનાં કરતૂતોને હું ગુપ્ત રાખતો હતો; પણ જ્યારથી હું એને તથા મારી જાતને સર્વ ઠેકાણે જોતો થયો છું ત્યારથી હું બેશરમ અને બોલકણો થઈ ગયો છું.**

**શ્રી માતાજી :** શ્રી અરવિંદ પાસે પોતાનાં લખાણોમાં અત્યંત અસાધારણ અનુભૂતિઓને અત્યંત સાદા શબ્દોમાં રજૂ કરવાની સરસ કળા હતી, અને આ રીતે તેઓ એવી છાપ ઉત્પન્ન કરે છે કે તેમની અનુભૂતિઓ સાદી અને દેખાઈ આવે તેવી છે.

૨ એપ્રિલ, ૧૯૭૦

*

**(૪૩૯) મારા પ્રેમી પાસે જે કાંઈ છે, તે મારું છે. એણે મને જે આભૂષણો આપ્યાં છે તે પહેરીને ઠાઠમાઠ કરું છું તો તે માટે તમે મને શા માટે ગાળો આપો છો?**

**(૪૪૦) મારા પ્રેમીએ પોતાના મસ્તક પરથી અને ગળામાંથી પોતાનો મુગટ અને રાજમાળા ઉતારી લીધાં અને તે મને પહેરાવ્યાં; પણ સંત લોકોના અને પયગંબરોના શિષ્યોએ મને ગાળો દીધી અને કહ્યું કે 'એ સિદ્ધિઓ મેળવવા નીકળ્યો છે'.**

**(૪૪૧) મેં જગતમાં મારા પ્રેમીની આજ્ઞા પ્રમાણે અને મને ઉઠાવી જનારની ઇચ્છા પ્રમાણે કામ કર્યું; પણ લોકો તો બોલી ઉઠ્યા ‘જુવાનિયાઓને બગાડનારો આ કોણ છે, નીતિનો નાશ કરનાર આ કોણ છે?’**

**(૪૪૨) હે સંત પુરુષો, તમારી પ્રશંસાની મેં જો પરવા રાખી હોત, હે પયગંબરો, મેં જો મારી કીર્તિને વહાલી ગણી હોત, તો મારા પ્રેમીએ મને પોતાની છાતીએ કદી લીધો ન હોત અને પોતાના ગુપ્ત ઓરડાઓની સ્વતંત્રતા મને ન આપી હોત.**

**(૪૪૩) મારા પ્રેમીના તીવ્ર આનંદથી હું મત્ત થઈ ગયો અને જગતના રાજમાર્ગો ઉપર પણ મેં જગતનો ઝબ્બો મારા પરથી ઉતારીને ફેંકી દીધો. દુનિયાદારીના લોકો મજાક ઉડાવે અને અધાર્મિક લોકો પોતાનાં મોં ફેરવી લે તેની મને શા માટે પરવા રહેવી જોઈએ?**

**(૪૪૪) તારા પ્રેમીને માટે, હે પ્રભુ, જગતની નિંદા એ તો જંગલના મધ જેવી છે અને લોકોનાં ટોળા તરફથી થતો પથ્થરમારો એ તો શરીર ઉપર ઉનાળાના વરસાદ જેવું છે. કારણકે આ નિંદાનો કરનાર અને પથ્થરનો મારનાર તે શું તું જ નથી અને આ મને જે પથ્થરો વાગે છે અને મને ઈજા કરે છે તેમાં શું તું જ રહેલો નથી?**

**શ્રી માતાજી :** આમાં કાંઈ કહેવાનું નથી. આ અનુભૂતિની પૂર્ણતા સમક્ષ આપણે માત્ર મસ્તક જ નમાવવાનું રહે છે.

૩ એપ્રિલ, ૧૯૭૦

*

**(૪૪૫) પ્રભુમાં બે વસ્તુઓ રહેલી છે કે જેને માણસો અશુભ કહે છે, એ છે જે વસ્તુને તેઓ જરા પણ સમજી શકતા નથી તે અને જેને**

**તેઓ ખોટી રીતે સમજે છે અને, તેનો કબજો મેળવીને, તેનો ખોટો ઉપયોગ કરે છે તે. જે વસ્તુ માટે તેઓ વ્યર્થ રીતે ફાંફાં મારતા રહે છે અને જેને ઝાંખી ઝાંખી સમજતા હોય છે તેને જ માત્ર તેઓ શુભ અને પવિત્ર કહે છે. પરંતુ મને તો એનામાં રહેલી બધી જ વસ્તુઓ પ્રેમ કરવા જેવી લાગે છે.**

**(૪૪૬) ઓ મારા પ્રભુ, લોકો કહે છે કે હું ગાંડો છું કારણ કે મને તારામાં કશો દોષ દેખાતો નથી; પણ હું જો તારા પ્રેમથી ખરેખર ગાંડો થઈ ગયો હોઉં, તો પછી મને મારું શાણપણ પાછું મેળવવાની ઇચ્છા નથી.**

**(૪૪૭) 'ભૂલો, જુઠાણાં, સ્ખલનો!' લોકો બોલી ઊઠે છે. તારી ભૂલો કેટલી તો તેજસ્વી અને સુંદર છે, ઓ પ્રભુ! તારાં જુઠાણાં સત્યને જીવતું રાખે છે, તારાં સ્ખલનોને લઈને જગત પૂર્ણ બને છે.**

**(૪૪૮) જીવન, જીવન, જીવન, વાસનાઓને હું બૂમ પાડતી સાંભળું છું : પ્રભુ, પ્રભુ, પ્રભુ; એ છે આત્માનો ઉત્તર. તું જીવનને કેવળ પ્રભુ તરીકે જ જો, નહિ જુએ અને તેની સાથે પ્રેમ નહિ કરે, તો પછી જીવન પોતે જ તારે માટે એક વાસી દીધેલો આનંદ બની રહેશે.**

**(૪૪૯) 'એ તે સ્ત્રીને પ્રેમ કરે છે,' ઇન્દ્રિયો કહે છે; પણ આત્મા કહે છે, 'પ્રભુ, પ્રભુ, પ્રભુ!' અસ્તિત્વની સર્વવ્યાપક એવી વ્યાખ્યા એ છે.**

**શ્રી માતાજી :** શ્રી અરવિંદ આ રીતે, અસ્તિત્વના રહસ્યને પ્રગટ કરે છે અને આકાર આપે છે. આપણે એને માત્ર સમજવાનું અને જીવનમાં ઉતારવાનું રહે છે.

૪ એપ્રિલ, ૧૯૭૦

*

**(૪૫૦) તું જો ક્ષુદ્રમાં ક્ષુદ્ર જંતુ અને દુષ્ટમાં દુષ્ટ ગુનેગારો ઉપર પ્રેમ કરી શકતો નથી, તો પછી તું કેવી રીતે માની શકે છે કે તેં પ્રભુને તારા આત્માની અંદર સ્વીકારેલા છે?**

**(૪૫૧) જગતને બાદ રાખીને, પ્રભુ સાથે પ્રેમ કરવો એ પ્રભુની એક તીવ્ર પણ અધૂરી આરાધના બને છે.**

**(૪૫૨) પ્રેમ એ તે શું ઈર્ષાની દીકરી કે દાસી છે? કૃષ્ણ જો ચંદ્રબલી* ઉપર પ્રેમ કરે છે, તો મારે પણ તેને ચાહવી ન જોઈએ?**

**(૪૫૩) તું માત્ર પ્રભુ ઉપર જ પ્રેમ કરે છે, એટલે તું દાવો કરી શકે તેમ છે કે એણે બીજાઓને બદલે તારા ઉપર પ્રેમ કરવો જોઈએ; પરંતુ આ તો ખોટો દાવો છે, સત્યથી તથા વસ્તુઓના સ્વરૂપથી તે ઉલટો છે. કેમ કે પ્રભુ તો કેવળ એક છે, પણ તું તો અનેકનો છે. વધુ સારું તો એ છે કે સર્વ પ્રાણીઓ સાથે હૃદયમાં અને આત્મામાં એક બની જા, પછી જગતમાં પ્રભુ માટે કેવળ તારા સિવાય પ્રેમ કરવા માટે બીજું કોઈ રહેશે નહિ.**

**(૪૫૪) મારે એ લોકો સાથે ઝગડો છે કે જેઓ મારા પ્રેમી સાથે પ્રેમ ન કરે તેવા મૂરખ છે, જે લોકો મારી સાથે પ્રભુના પ્રેમમાં ભાગ પડાવે છે તેમની સાથે નહિ.**

**(૪૫૫) પ્રભુ જેમની ઉપર પ્રેમ કરે છે તેમનામાં આનંદ લે; જેમના ઉપર તે પ્રેમ નહિ કરવાનો ઢોંગ કરે છે, તેમની ઉપર દયા ખા.**

**શ્રી માતાજી :** અહીં આપણે ઈર્ષા ઉપર કહી શકીએ તેવું સારામાં સારું વિવેચન છે તથા અહંકારની મર્યાદાઓને જીતી લઈને તેમજ પ્રભુનો પ્રેમ કે જે શાશ્વત અને વિશ્વરૂપ છે તેની સાથે આપણી જાતને જોડી દઈને એ ઈર્ષાને

---

* બધી ગોપીઓમાં શ્રીકૃષ્ણ રાધાને સૌથી વધુ ચાહતા હતા, પણ ચંદ્રબલી તેમ જ બીજી સર્વ ગોપીઓને પણ ચાહતા હતા.

મટાડવાનો સારામાં સારો રસ્તો પણ છે.

૬ એપ્રિલ, ૧૯૭૦

*

**(૪૫૬) નાસ્તિક પ્રભુના ઉપર પ્રેમ નથી કરતો તેટલા માટે તું શું તેને ધિક્કારે છે? તો પછી તું પ્રભુના ઉપર સંપૂર્ણપણે પ્રેમ નથી કરતો માટે તારા ઉપર ધિક્કાર કરવો જોઈએ.**

**(૪૫૭) એક વસ્તુ ખાસ એવી છે જેમાં સંપ્રદાયો અને દેવળો પોતાની જાતને સેતાનના હાથમાં સોંપી દે છે, એ છે એમના અભિશાપો, (anathemas). ધર્મગુરુ જ્યારે 'ઍનાથેમા મારાનાથા' ગાતો હોય છે, ત્યારે હું એક સેતાનને પ્રાર્થના કરતો જોઉં છું.**

**(૪૫૮) બેશક, ધર્મગુરુ જ્યારે શાપ આપે છે ત્યારે તે પ્રભુને પુકારતો હોય છે, પરંતુ એ વખતે તે પોતાના શત્રુની સાથે સાથે ક્રોધ અને અંધકારના પ્રભુની ભક્તિ કરતો હોય છે, કેમ કે જે રીતે એ પ્રભુ પાસે જતો હોય છે, તે જ પ્રમાણે પ્રભુ એનો સત્કાર કરશે.**

**(૪૫૯) હું સેતાનથી બહુ જ હેરાન થતો હતો, છેવટે મને જણાયું કે એ તો પ્રભુ મને લલચાવી રહેલા છે; પછી સેતાન વિષેની મારી વેદના મારા આત્મામાંથી સદાને માટે ચાલી ગઈ.**

**(૪૬૦) હું સેતાનને ધિક્કારતો હતો અને તેની લાલચો અને ત્રાસોથી થાકી ગયો હતો; અને હું કહી શક્યો નહિ કે એના વિદાય વેળાના શબ્દોનો અવાજ શા માટે એટલો બધો મધુર હતો કે એ જ્યારે ઘણી ઘણીવાર મારી પાસે પાછો આવ્યો અને તેણે મને પોતાની જાત અર્પણ કરી ત્યારે એને ના પાડતાં મને અફસોસ થયેલો. પછી મને જણાઈ આવ્યું કે એ તો કૃષ્ણ પોતાની ચાલાકીઓ કરતા હતા અને મારો તિરસ્કાર હાસ્યમાં પલટાઈ ગયો.**

**(૪૬૧) લોકોએ જગતમાં રહેલા અશુભનો ખુલાસો એમ કહીને આપ્યો છે કે સેતાન પ્રભુ ઉપર ફાવી ગયો હતો; પરંતુ મારા પ્રિયતમ વિષે હું વધારે ગૌરવપૂર્વક વિચાર કરું છું, હું માનું છું કે સ્વર્ગમાં કે નર્કમાં, જલ કે સ્થલ ઉપર તેની ઈચ્છા વિના કાંઈ જ બનતું નથી.**

**શ્રી માતાજી :** પરમાત્મામાં વિરોધી તત્ત્વોને મેળ આવી બને છે અને તે તત્ત્વો એકબીજાની પૂર્તિ કરે છે. આવિર્ભાવમાં જે ભેદ રહેલો છે તેને લીધે એ તત્ત્વો એકબીજાનાં વિરોધી બનેલાં છે; પરંતુ આપણે જ્યારે આપણી ચેતનાને પ્રભુની દિવ્ય ચેતના સાથે જોડી લઈએ છીએ, ત્યારે વિરોધી તત્ત્વો અદૃશ્ય થઈ જાય છે.

૭ એપ્રિલ, ૧૯૭૦

*

**(૪૬૨) આપણે આપણા અજ્ઞાનમાં આપણને ટટાર અને મદદ વિના ચાલવામાં મળેલી સફળતા માટે બાળકોની જેમ મગરૂર બનતા હોઈએ છીએ અને એટલા બધા આતુર બની ગયેલા હોઈએ છીએ કે ખભા ઉપર માતાનો આપણને સ્થિર રાખતો સ્પર્શ રહેલો છે તે વિષે સભાન હોતા નથી. આપણે જાગૃત બનીએ છીએ, ત્યારે આપણે પાછળ નજર નાખીએ છીએ અને જોઈએ છીએ કે પ્રભુ આપણને હંમેશાં દોરી રહેલા હતા અને ટકાવી રહ્યા હતા.**

**(૪૬૩) પહેલાં પહેલાં હું જ્યારે જ્યારે પાપમાં સરકી પડતો હતો ત્યારે હું રડતો હતો અને એ થવા દીધું એટલા માટે મારી પોતાની સાખે તથા પ્રભુની સામે ભારે ગુસ્સો કરતો હતો. પછીથી તો હું આટલું જ પૂછવાની હિંમત કરી શકતો, ‘શા માટે તેં મને ફરીથી કાદવમાં આળોટવા દીધો, ઓ મારા ભેરુ !’ તે પછી એ પણ મારા મનને વધારે પડતું હિંમત કરનારું અને ધૃષ્ટતાભરેલું લાગ્યું; હું માત્ર એટલું કરી શકતો કે ચૂપચાપ ઊભો થઈ જતો, મારી આંખનાં**

**ખૂણામાંથી એની તરફ જોઈ લેતો અને મારી જાતને સાફ કરી લેતો.**

**શ્રી માતાજી :** માણસ પોતાના સદ્‌ગુણનું અભિમાન કરતો રહે છે ત્યાં સુધી પરમાત્મા તેને નમ્રતાની આવશ્યકતા શીખવવા માટે તેને પાપની અંદર નાખતા રહેવાના છે.

૮ એપ્રિલ, ૧૯૭૦

*

**(૪૬૪) પ્રભુએ જીવનને એવું ગોઠવ્યું છે કે એમાં જગત એ આત્માનો પતિ બની રહે છે, કૃષ્ણ એનો દિવ્ય પ્રેમી રહે છે. આપણે માથે જગતની સેવા કરવાનું ઋણ રહેલું છે, અને તેની સાથે આપણે એક કાયદા દ્વારા, એક ફરજ પાડતા વિધાન દ્વારા, અને દુઃખ અને સુખના એક સર્વસમાન અનુભવ દ્વારા બંધાયેલા છીએ; પરંતુ આપણા હૃદયની ભક્તિ અને આપણી શક્તિ અને ગુપ્ત આનંદ એ તો આપણા પ્રેમી માટે હોય છે.**

**(૪૬૫) પ્રભુનો આનંદ એ ગુપ્ત અને અદ્‌ભુત છે, એ એક ગુહ્ય વસ્તુ છે અને એક એવો આનંદ છે કે જેની સામે સામાન્ય બુદ્ધિ મશ્કરીમાં મોઢાં મચકોડે છે, પણ જે આત્માએ એનો સ્વાદ એક વાર લીધેલો છે તે દુનિયા તરફથી આને લીધે આપણને ગમે તે બદનામી, રિબામણી અને યંત્રાણા મળી આવે તો પણ તેનો ત્યાગ કદી કરી શકતો નથી.**

**શ્રી માતાજી :** અત્યારે તો, જગત હજી પણ પ્રભુના વિશુદ્ધ અને તેજોમય દિવ્ય આનંદથી વિરોધમાં બેઠેલું દેખાય છે; પણ એક દિવસ એવો આવશે કે જ્યારે જગત પણ આ દિવ્ય આનંદને આવિર્ભાવ આપશે. એને એટલા માટે તૈયાર કરવાનું છે.

૯ એપ્રિલ, ૧૯૭૦

*

**(૪૬૬) પ્રભુ, જગદ્‌ગુરુ, એ તારા મન કરતાં વધુ ડહાપણવાળા છે, તેમના ઉપર વિશ્વાસ રાખ અને નહિ કે પેલા સદાના સ્વાર્થ–સાધુ અને અભિમાની શંકાખોર ઉપર.**

**(૪૬૭) શંકાખોર મન હંમેશાં શંકા કરતું હોય છે કારણ કે તે સમજી શકતું નથી, પરંતુ પ્રેમીની શ્રદ્ધા પોતે સમજી શકતી નથી, છતાં જાણવાને માટે મંડી રહે છે. આપણા અંધકાર માટે બંનેની જરૂર છે, પણ એ બેમાંથી કયું વધારે બળવાન છે તે વિષે શંકા હોઈ શકતી નથી. હમણાં હું જે સમજી શકતો નથી તેના ઉપર કોઈક દિવસ તો હું પ્રભુત્વ મેળવીશ પણ હું જો શ્રદ્ધા અને પ્રેમ ગુમાવી બેસીશ, તો પ્રભુએ મારી સામે જે લક્ષ્ય મૂકી આપ્યું છે તેમાંથી પૂરેપૂરો ચ્યુત થઈ જઈશ.**

**(૪૬૮) હું પ્રભુને, મારા માર્ગદર્શક અને શિક્ષકને પ્રશ્ન કરી શકું છું, અને તેને પૂછી શકું છું, 'હું ખરો છું કે તે પછી મારું મન મને છેતરી લે તેમ તારા પ્રેમ અને જ્ઞાનમાં રહીને થવા દીધું છે?' તને ઇચ્છા થતી હોય તો, તારા મન વિષે શંકા રાખજે, પણ પ્રભુ તને દોરી રહ્યા છે છે તે વિષે શંકા ન કરતો.**

**શ્રી માતાજી :** જીવન આપણને એટલા માટે આપવામાં આવ્યું છે કે આપણે પ્રભુને પ્રાપ્ત કરીએ અને તેની સાથે આપણને પોતાને જોડી લઈએ.

મન આપણને એમ સમજાવવાનો પ્રયત્ન કરે છે કે એવું નથી. આપણે શું આ જુઠ્ઠાને માનીશું?

૧૦ એપ્રિલ, ૧૯૭૦

*

**(૪૬૯) તને પહેલાં પ્રભુ વિષે અપૂર્ણ ખ્યાલો આપવામાં આવ્યા હતા એટલે તું અત્યારે તેની સામે ધૂંધવાઈ રહ્યો છે અને તેનો ઇનકાર કરે છે. માનવ, તારા શિક્ષકે તને આખું યે જ્ઞાન આરંભમાં જ આપી દીધું નહિ એટલા માટે શું તેમના વિશે શંકા કરે છે? એને બદલે જરા એ અપૂર્ણ સત્યનો અભ્યાસ કર અને તેને**

**તેના પોતાના સ્થાનમાં મૂક, કે જેથી પછી અત્યારે તારી પાસે જે વધારે વિશાળ જ્ઞાન ખૂલી રહ્યું છે તેમાં તું સુરક્ષિત રીતે જઈ શકે.**

**(૪૭૦) પ્રભુ પોતાના પ્રેમમાં રહીને આ બાળ આત્માને તથા દુર્બળોને આ રીતે શીખવે છે, તેમને કદમે કદમે આગળ લઈ જાય છે, અને પોતાનાં અંતિમ અને છતાં યે અપ્રાપ્ય એવાં પર્વત-શિખરોનું દર્શન તેની દૃષ્ટિ પાસેથી દૂર રાખે છે. અને આપણને સર્વને કોઈ દુર્બળતાઓ શું નથી હોતી? આપણે બધાં શું એની દૃષ્ટિમાં નાનાં બાળકો જેવાં નથી?**

**(૪૭૧) મેં જોયું છે કે પ્રભુએ જે કાંઈ વસ્તુઓ મારી પાસેથી દૂર રાખી છે, તે તેમણે પોતાના પ્રેમ અને ડહાપણમાંથી કરેલું છે. આ વખતે જો હું એ વસ્તુ સમજી ગયો હોત તો કોઈ મહાન શુભ વસ્તુને મોટા ઝેરમાં ફેરવી નાખી હોત. છતાં કોઈકવાર આપણે આગ્રહ રાખીએ છીએ ત્યારે તે આપણને પીવા માટે ઝેર આપે છે કે જેથી આપણે તેનાથી મોં ફેરવી લઈએ અને તેમના દેવ-અન્નનો તથા એમના અમૃતનો જ્ઞાનપૂર્વક આસ્વાદ લઈએ.**

**શ્રી માતાજી :** માણસ જ્યારે થોડો વધુ ડાહ્યો થશે ત્યારે તે કોઈપણ વસ્તુ વિષે ફરિયાદ કરશે નહિ અને પ્રભુ તેને જે વસ્તુઓ મોકલી આપે છે તેને તેની કૃપા કે સર્વ-કરુણામય છે તેની એક અસર રૂપે ગણશે.

આપણે જેમ વધુ સમર્પિત બનીશું, તેમ આપણે વધુ સમજીશું.

આપણે જેમ વધુ આભારવશ થઈશું, તેમ આપણે વધુ સુખી થઈશું.

૧૧ એપ્રિલ, ૧૯૭૦

*

**(૪૭૨) અત્યારે હવે અજ્ઞેયવાદીઓએ પણ એ જોઈ શકવું જોઈએ કે સૃષ્ટિ કોઈ એવા અનંત અને વિરાટ હેતુ પ્રત્યે કૂચ કરી રહી છે જે વિકાસક્રમના પોતાના સ્વરૂપમાં જ આવી રહેલો છે. પરંતુ અનંત**

**એવા હેતુ અને સિદ્ધિની પહેલાં એક અનંત જ્ઞાન રહેલું હોવું જોઈએ કે જે મદદ કરતું રહે છે, દોરતું રહે છે, આકાર આપતું રહે છે, રક્ષણ કરતું રહે છે અને સાચું ઠેરવતું રહે છે. તો એ મહા જ્ઞાનનું સંમાન કર અને તેની, મંદિરમાં ધૂપ દ્વારા નહિ, તારા આત્માની અંદર વિચારો દ્વારા પૂજા કર, અને તે તું અનંત પ્રેમના બનેલા હૃદયનો અને અનંત આત્મસમૃદ્ધિના બનેલા મનનો ઈનકાર કરતો હોય તો પણ. પછી તું તે જાણતો નહિ હશે, તો પણ તું હજી કૃષ્ણનું સંમાન કરે છે અને તેની પૂજા કરે છે.**

**શ્રી માતાજી :** શબ્દોથી પર, વિચારોથી પર, પ્રભુનું પરમ સાંનિધ્ય પોતાની જીતનો અનુભવ કરાવતું રહે છે અને આપણને આશ્ચર્ય અને અહોભાવ સેવવાની ફરજ પાડે છે.

આપણે દરેક પ્રકારની મનોમય રચના કે જે મર્યાદિત કરતી હોય છે અને વિકૃત કરતી હોય છે તેનાથી દૂર રહીએ. સંપર્કને આપણે વિશુદ્ધ રાખવાનો પ્રયત્ન કરીએ.

૧૨ એપ્રિલ, ૧૯૭૦

*

**(૪૭૩) પ્રેમના પ્રભુએ કહ્યું છે, જેઓ અજ્ઞેય અને અવ્યાખ્યેયને અનુસરતા હોય છે તેઓ મને અનુસરે છે અને હું તેમનો સ્વીકાર કરું છું. એમણે પોતાના શબ્દથી માયાવાદી અને અજ્ઞેયવાદીને સાચા ઠેરવેલા છે. તો પછી હે ભક્ત, તારા પ્રભુએ જેનો સ્વીકાર કર્યો છે તેની સામે તું શા માટે ઉકળી પડે છે?**

**શ્રી માતાજી :** પ્રભુની દિવ્ય દૃષ્ટિને માટે, માનવની બધી જ સાચી અભીપ્સાઓ સ્વીકાર્ય હોય છે, એ અભીપ્સાઓનાં રૂપોમાં ગમેતેવી વિવિધતાઓ અથવા તો ગમે તેવા દેખીતી રીતના વિરોધાભાસો પણ હોય.

અને એ બધાંને ભેગા કરો તો પણ, તે બધાં દિવ્ય વાસ્તવિકતાને વ્યક્ત કરવાને પૂરતાં નથી.

૧૩ એપ્રિલ, ૧૯૭૦

*

**(૪૭૪) કાલ્વિન કે જેણે શાશ્વત નરકની વાતને સાચી ઠેરવી હતી, તે પ્રભુને જાણતો ન હતો પણ તેણે પ્રભુના એક ભયંકર મહોરાને પ્રભુની શાશ્વત વાસ્તવિકતા બનાવી દીધી હતી. જો એક અંત વિનાનું નરક આવેલું હોય તો તે એક અંત વિનાના તીવ્ર આનંદનું જ માત્ર ધામ હોઈ શકે; કેમ કે પ્રભુ એ આનંદ છે અને પ્રભુના પરમાનંદની શાશ્વતતા કરતાં બીજી કોઈ શાશ્વતી છે નહિ.**

**(૪૭૫) દાન્તેએ જ્યારે કહ્યું કે પ્રભુના પૂર્ણ પ્રેમે શાશ્વત નરકનું સર્જન કર્યું હતું, ત્યારે તેને ખબર હતી તે કરતાં પણ તે વધારે ડહાપણમાં હતો; કારણ કે મને અવારનવાર થતી ઝાંખીઓમાંથી મેં કોઈક વાર વિચારેલું છે કે એ એવું એક નરક છે કે જ્યાં આપણા આત્માઓ અસહ્ય એવા તીવ્ર આનંદને યુગોના યુગો લગી વેઠતા રહે છે અને જાણે કે મધુર અને ભીષણ એવા રુદ્રના સઘન આશ્લેષમાં હંમેશને માટે આળોટતા હોય છે.**

**શ્રી માતાજી :** પ્રભુના દિવ્ય વૈભવો એટલા બધા તો અદ્ભુત છે કે માનવની અલ્પતા અને સંકુચિતતા તેમને મુશ્કેલીથી સહન કરી લે છે, અને એક માનવ પ્રાણને માટે આનંદની શાશ્વતી ખૂબ જ સંભવ છે કે અસહ્ય બની રહે તેમ છે.

૧૪ એપ્રિલ, ૧૯૭૦

*

**(૪૭૬) ગુરુ રૂપી પ્રભુનું શિષ્યપદ, પિતારૂપી પ્રભુનું પુત્રપદ, માતારૂપી પ્રભુની કોમળતા, દિવ્ય સુહૃદના હાથનો સઘન આશ્લેષ, આપણા બિરાદર અને રમતના ભેરુ સાથે ખેલકૂદ, સ્વામીરૂપ પ્રભુની આનંદમય ચાકરી, આપણા દિવ્ય પ્રેમીનો તીવ્ર પ્રેમ, માનવ શરીરમાંના જીવન માટેના આ સાત પરમ આનંદાનુભવો છે. આ બધાંને તું એક જ પરમ અને ઇન્દ્રધનુષના રંગવાળા સંબંધમાં શું ભેગાં કરી શકે છે? તો પછી તારે કોઈ સ્વર્ગની જરૂર રહેતી નથી**

**અને તું અદ્વૈતવાદીનાં મોક્ષ કરતાં આગળ વધી જાય છે.**

**શ્રી માતાજી :** કશું ઉમેરવાનું નથી, આ એક સંપૂર્ણ કાર્યક્રમ છે. આપણે માત્ર તેને સિદ્ધ કરવાનો રહે છે.

૧૫ એપ્રિલ, ૧૯૭૦

*

**(૪૭૭) જગત સ્વર્ગના નમૂના રૂપે ક્યારે બદલાશે? જ્યારે આખીયે માનવજાતિ કૃષ્ણ અને કાલીરૂપે પ્રગટ થયેલા પ્રભુ સાથે, સ્વર્ગના બગીચામાં સાથે સાથે રમતાં છોકરા અને છોકરીઓ રૂપે, ટોળાંની અંદરના સુખીમાં સુખી છોકરા રૂપે અને બળવાનમાં બળવાન છોકરી રૂપે બની રહેશે ત્યારે. સેમિટિક-યહૂદી પ્રજાઓનું ઈડન આમ તો ઠીક હતું, પણ આદમ અને ઈવ એટલાં બધાં તો મોટાં થઈ ગયેલાં હતાં અને સ્વર્ગનો ભગવાન પોતે પણ એટલો બધો તો વૃદ્ધ અને કઠોર અને ગંભીર હતો કે તે સર્પે આપેલી વસ્તુનો વિરોધ કરી શકેલાં નહિ .**

**(૪૭૮) સેમાઈટ યહૂદી લોકોએ પ્રભુ તે એક કઠોર અને ગૌરવ ભરેલો રાજા છે અને ગંભીર ન્યાયાધીશ છે અને તે આનંદ શું છે તે જાણતો નથી આવી કલ્પના માનવજાતિ ઉપર લાદેલી છે. પણ આપણે તો કૃષ્ણને જોયેલા છે અને જાણીએ છીએ કે એ તો રમતગમતોનો શોખીન એવો છોકરો છે અને તોફાન અને આનંદભર્યા હાસ્યથી ભરપૂર એવો બાળક છે.**

**(૪૭૯) જે પ્રભુ હસી શકતો ન હોય તેણે આ વિનોદભરેલું વિશ્વ બનાવેલું હોઈ શકે નહિ.**

**શ્રી માતાજી :** અસત્યનાં બળો સામે ઉપહાસ એ સૌથી બળવાન એવું શસ્ત્ર છે.

એક જ વાક્ય વડે, શ્રી અરવિન્દ માનવ સર્જિત દેવોમાંના એક દેવની

શક્તિને નિર્મૂળ કરી દે છે.

૧૭ એપ્રિલ, ૧૯૭૦

*

**(૪૮૦) પ્રભુએ એક બાળકને રમાડવા માટે પોતાના આનંદના હૃદયને લઈ લીધું, પણ મા એનું બાળક હવે અસ્તિત્વમાં રહ્યું નહિ એટલે રુદન કરવા લાગી અને કોઈ દિલાસો એના પર અસર ન કરી શક્યો.**

**(૪૮૧) હું જ્યારે કોઈ દુઃખ કે દુર્ભાગ્યમાં આવી પડું છું, ત્યારે કહું છું, ઓ મારા જૂના ભેરુ, તેં વળી પાછી મને દમદાટી દેવા માંડી છે; અને હું વેદનાનો આનંદ, દુઃખનો હર્ષ, દુર્ભાગ્યનું સદ્‌ભાગ્ય સિદ્ધ કરવાને નીચે બેસી જાઉં છું; તે પછી એ જુએ છે કે પોતે પકડાઈ ગયો છે અને એનાં ભૂતપ્રેત અને ભયની દુનિયાને મારી પાસેથી લઈ જાય છે.**

**શ્રી માતાજી :** કેવા તેજસ્વી વિનોદ વડે શ્રી અરવિંદ આપણને સામાન્ય માનવ ચેતનાનું અસત્ય અને આપણે દિવ્ય ચેતનાનો જે તેજોમય અને સર્વશક્તિમાન આનંદ પ્રાપ્ત કરવાનો છે તેની સમજણ પાડે છે.

૧૮ એપ્રિલ, ૧૯૭૦

*

**(૪૮૨) દિવ્ય જ્ઞાનનો શોધક કૃષ્ણ ગોપીઓનાં વસ્ત્ર ચોરી લે છે તેના વર્ણનમાં પ્રભુ આત્માની સાથે કઈ રીતે કામ કરે છે તેની ગહનમાં ગહન કથાઓ નિહાળે છે, ભક્ત પોતાના હૃદયની ગૂઢ અનુભૂતિઓનું દિવ્ય કર્મની અંદર થતું સંપૂર્ણ નિરૂપણ જુએ છે, વિલાસી અને નીતિવાદી (એક જ સ્વભાવના બે ચહેરા) એમાં માત્ર એક કામોત્તેજક વાર્તા જુએ છે. માણસો પોતાની અંદર જે હોય છે તે લઈ આવતા હોય છે અને તેને શાસ્ત્રોમાં પ્રતિબિંબિત**

**થતું જોતા હોય છે.**

**(૪૮૩) મારા પ્રેમીએ મારો પાપનો ઝભ્ભો લઈ લીધો અને તે મેં આનંદ પામતાં પામતાં પડી જવા દીધો; પછી એણે મારા પૂણ્યના ઝભ્ભાને ખેંચ્યો, પણ મને શરમ લાગી અને ભય લાગ્યો અને મેં તેને રોક્યો. એ તો એણે જોર કરીને એ ઝભ્ભાને મારી પાસેથી ખેંચી લીધો ત્યારે જ મેં જોયું કે મારો આત્મા કેવી રીતે સંતાયેલો રહ્યો હતો.**

**(માતાજી બોલે છે) :** આપણે પૂણ્યના ઝભ્ભાને ઉતારી નાખીએ કે જેથી આપણે સત્ય માટે તૈયાર બનીએ.

૨૨ એપ્રિલ, ૧૯૭૦

*

**(૪૮૪) પાપ એ કૃષ્ણની પુણ્યશાળીઓની દૃષ્ટિઆગળથી પોતાને સંતાડી રાખવા માટેની યુક્તિ અને બુરખો છે. હે દંભી માનવ, પાપીમાં પ્રભુને જો, તારી અંદર પાપને, તારા ભાઈને ભેટી લે.**

**શ્રી માતાજી :** હંમેશાની રીતે, શ્રી અરવિંદ, પોતાની અસરકારક રીતે, ખૂબ જ વિનોદપૂર્વક, આપણને કહે છે કે દિવ્ય સત્ય તે પૂણ્યથી તેમ જ પાપથી પર છે.

૧૯ એપ્રિલ, ૧૯૭૦

*

**(૪૮૫) પ્રભુ પ્રત્યે પ્રેમ અને મનુષ્યો પ્રત્યે પરોપકારિતા એ પરિપૂર્ણ ડહાપણ પ્રત્યેનું પ્રથમ સોપાન છે.**

**(૪૮૬) જે નિષ્ફળતા અને અપૂર્ણતાને ધિક્કારે છે, તે પ્રભુને ધિક્કારે છે, તે પોતાના આત્માને સીમિત કરે છે અને પોતાની સૂક્ષ્મ દૃષ્ટિને છેતરે છે, ધિક્કાર ન કર, પણ પ્રકૃતિનું નિરીક્ષણ કર, તારા**

**બંધુઓને સહાય કર, તેમને સુધાર, અને સહાનુભૂતિ વડે તેમની શક્તિ તથા હિંમતને બળ આપ.**

**(૪૮૭) માનવ માટે પ્રેમ, તારા માટે પ્રેમ, વસ્તુઓ માટે પ્રેમ, તારા પડોશીઓ પ્રત્યે પ્રેમ, તારા દેશ માટે પ્રેમ, પશુ-પ્રાણીઓ માટે પ્રેમ, માનવજાતિ માટે પ્રેમ — આ બધું જીવંત પ્રતીકોમાં પ્રતિબિંબિત થયેલો પ્રભુ પ્રત્યેનો પ્રેમ જ છે. પ્રેમ કર, અને બધાંનો ઉપભોગ કરવા માટે, બધાંને મદદ કરવા માટે, બધાંને સદા-સર્વદા ચાહવા માટે બળવાન બન.**

**(૪૮૮) જો વસ્તુઓ પોતાના રૂપાંતર માટે ઇનકાર કરે અથવા ભગવાનના વધારે પરિપૂર્ણ પ્રતીકમાં બદલાવાની ના પાડે, તો હૃદયમાં કોમળ ભાવ રાખીને પણ પ્રહારમાં કઠોરતા રાખીને તેમનો નાશ કરી શકાય પણ ત્યાર પહેલાં એટલી ખાતરી કરી જોજે તલવાર ભગવાને જ તને આપી છે અને તેને તારું ધર્મકાર્ય બનાવ્યું છે.**

**(૪૮૯) મારે મારા પડોશીને તે પાસે રહે છે એટલા ખાતર જ ચાહવો ન જોઈએ કારણકે પાસે કે દૂર એનો શું અર્થ થાય છે? ધર્મો કહે છે તે પ્રમાણે એ મારો ભાઈ છે, માટે જ મારે તેને ચાહવો જોઈએ, તો તે બરાબર નથી; કારણકે ભ્રાતૃભાવનું મૂળ શેમાં રહેલું છે? પરંતુ તે મારો આત્મા છે, હું જ છું, માટે મારે તેને ચાહવો જોઈએ. પડોશ અને દૂરના સંબંધો, તો શરીરના પરિપ્રેક્ષ્યમાં છે, પરંતુ જ્યારે હૃદય તો એ બંનેથી પર જાય છે, ભ્રાતૃભાવ લોહી સાથે, દેશ સાથે, ધર્મ સાથે અથવા માનવતા સાથે સંબંધિત છે, પરંતુ સ્વાર્થવૃત્તિ ઉગ્રતાપૂર્ણ માગણીઓ કરે છે ત્યારે ભ્રાતૃભાવ ક્યાં ચાલ્યો જાય છે; જ્યારે જીવનને પ્રભુમાં ધારણ કરવામાં આવે છે અને મન, હૃદય, શરીરને, વૈશ્વિક એકતામાં પલટી નાખવામાં આવે છે, ત્યારે જ ઊંડો, નિઃસ્વાર્થ, અપ્રતિહાર્ય પ્રેમ શક્ય બને છે.**

**શ્રી માતાજી :** એકત્વ માટેનાં અને એકબીજા પ્રત્યે પ્રેમભાવ રાખવા માટેનાં જે કારણો આપવામાં આવે છે તેની કશી કિંમત નથી અને તેમની અસર

પણ નહિવત હોય છે. કેવળ પ્રભુ વિષે સભાન બનીને તેમની સાથે એકતા સાધવાથી આપણે સાચી એકતાને પ્રાપ્ત અને સિદ્ધ કરી શકીએ છીએ.

૨૦ એપ્રિલ, ૧૯૭૦

*

**(૪૯૦) જ્યારે હું કૃષ્ણમાં જીવું છું, ત્યારે અહંતાનો અને સ્વાર્થનો વિલય થઈ જાય છે, અને માત્ર પ્રભુ જ મારા પ્રેમને અચલ અને નિઃસીમ બનાવી શકે છે.**

**(૪૯૧) કૃષ્ણમાં જીવન ધારણ કરવાથી શત્રુતા પણ પ્રેમની લીલા બની જાય છે.**

**(૪૯૨) ઉચ્ચતમ આનંદ પ્રાપ્ત કરેલા આત્મા માટે, જીવન અનિષ્ટરૂપ અથવા શોકમય ભ્રમણારૂપ બની શકે નહિ, તેને માટે સમગ્ર જીવન દિવ્ય પ્રીતમના — ભેરુબંધના, તરંગોથી લહેરાતા પ્રેમરૂપ અને હર્ષરૂપ બની જાય છે.**

**શ્રી માતાજી :** સર્વ સંજોગોમાં પ્રભુ સાથેનો સંપર્ક ચાલુ રાખવાની આવડત, એ અગાધ આનંદનું ગુપ્ત રહસ્ય છે.

૨૧ એપ્રિલ, ૧૯૭૦

*

**(૪૯૩) પ્રભુ પોતે અશરીરી અને અનંત છે એમ જાણવા છતાં, શું તું તેની સાથે, મનુષ્ય જેમ તેની પ્રિયતમાને ચાહે છે, તેવો પ્રેમ ન કરી શકે? જો તું તેમ કરી શકશે, તો જ તારી સમક્ષ અનંતનું ઉચ્ચતમ સત્ય પ્રગટ થયું છે એમ સમજવું. અનંતને શું તું એક નિગૂઢ આલિંગન યોગ્ય દેહ વડે આવરી લઈ આ દૃશ્ય અને સ્પર્શક્ષમ બધા દેહોમાં તેમનાં દર્શન કરી શકે તેમ છે ? તેમ બને, તો જ અનંતનું વિશાળતમ અને ગહનતમ સત્ય તારા સ્વામિત્વમાં**

**આવી ગયું છે એમ સમજવું.**

**(૪૯૪) દિવ્ય પ્રેમ એક સાથે બે પ્રકારની લીલા કરી શકે છે — એક વૈશ્વિક ગતિ, ઊંડા સાગરની જેમ ઊંડી, શાન્ત, અતલ અતિ છે, જે સમગ્ર વિશ્વને તથા તેમાં રહેલી વસ્તુને વ્યાપી જઈને, એક સરખા દબાણપૂર્વક, સાગરની તળ — ભૂમિની જેમ, દરેકને ધારણ કરે છે. બીજી, તે જ સાગરની નૃત્ય કરતી સપાટીની પેઠે સતત ગતિરૂપ છેઃ વેગપૂર્ણ, ઉત્કટ અને આનંદપૂર્ણ છે, કે જે સાગર પોતાનાં મોજાની તાકાતને બદલતો રહે છે, અને પોતાના ફીણમય, શીકરમય ચુંબન સાથે તે કોના ઉપર જઈ પડશે અને આવરી લેતાં જળ વડે કોને આશ્લેષમાં લઈ લેશે, તે વસ્તુઓની તે પસંદગી કરતો રહે છે.**

**શ્રી માતાજી :** પોતાના કથનને સમજાવવા માટે શ્રી અરવિંદ, સૌ કોઈનાં જાણીતાં પ્રતીકોનો વ્યવહાર કરતા રહે છે; પરંતુ પ્રભુ સાથેના પરમ તાદાત્મ્યની ભવ્યતા તો આ સર્વ પ્રતીકો કરતાં વધુ મહાન છે.

૨૨ એપ્રિલ, ૧૯૭૦

*

**(૪૯૫) પહેલાં હું વેદનાથી દૂર રહેવા પ્રયત્ન કરતો; તેને ધિક્કારતો અને તે આવી પડે તો ગુસ્સે થતો. પણ હવે મને સમજાય છે કે જો મેં વેદના સહન ન કરી હોત, તો મારાં મન — હૃદય — શરીરમાં અત્યારે મને અનંત રીતે, અનેકવિધ રીતે, ઇન્દ્રિયગમ્ય આનંદને પ્રાપ્ત કરવાની જે શક્તિ પ્રાપ્ત થઈ છે, તેની કોઈ તાલીમ પ્રાપ્ત ન થઈ હોત. તે પરિપૂર્ણ ન બની હોત. પ્રભુ જ્યારે છદ્મવેશ પહેરીને કોઈ ગુંડાની જેમ આપખુદ પ્રકારનું વર્તન કરે છે ત્યારે પણ છેવટે તો તે પોતાના વર્તનને યથાયોગ્ય હોવાનું સિદ્ધ કરે જ છે.**

**(૪૯૬) મેં પ્રતિજ્ઞા કરી કે હું સંસારના શોકને, સંસારની મૂર્ખતાને**

**ક્રૂરતાને અને અન્યાયને સાંખી લેવાનો નથી, અને મેં મારા હૃદયની સહનશક્તિને ઘંટીના નીચલા પડ જેવી દૃઢ બનાવી, મનને પોલાદની પૉલિસ કરેલી સપાટી જેવું દૃઢ બનાવ્યું. એને કારણે, મને વેદના થતી તો અટકી ગઈ પરંતુ એની સાથે સાથે, આનંદની — ઉપભોગની શક્તિ પણ ચાલી ગઈ. પછી ભગવાને મારા હૃદયને ભાંગી નાખ્યું, અને મન પર હળ ચલાવ્યું — તેને ખેડ્યું. નિષ્ઠુર અને સતત ચાલુ રહેલી વેદના દ્વારા મને એક આનંદપૂર્ણ વેદનારહિત સ્થિતિ પ્રાપ્ત થઈ; અને શાંતિ, શોક, કોપ અને બળવાની ભાવના દ્વારા મને અનંત જ્ઞાન અને સ્થિર શાંતિ પ્રાપ્ત થઈ.**

**શ્રી માતાજી :** પ્રભુ જે શરીરનું રૂપાંતર કરી રહ્યા હોય છે તેને આ જ પદાર્થપાઠ શીખવવા માગે છે.

૨૩ એપ્રિલ, ૧૯૭૦

*

**(૪૯૭) જ્યારે મને સમજાયું કે વેદના આનંદની ઊલટી બાજુ છે, આનંદ માટેની તાલીમ છે, ત્યારે હું મારી જાત ઉપર તથા કરણો ઉપર વેદનાના પ્રહાર ઝીંકવા લાગ્યો. કારણકે મને પ્રભુની વેદનાઓ બહુ ધીમી, થોડી, અને બિનઅસરકારક લાગતી. એટલે પછી મારા પ્રીતમને આવી મારો હાથ પકડી લેવો પડ્યો, અને તે બોલ્યા — અટકી જા, કારણકે મારા ચાબખા તારે માટે પૂરતા છે.**

**(૪૯૮) પ્રાચીન સાધુ — સંન્યાસીઓની અને પશ્ચાત્તાપ કરનારાઓની પીડા વિકૃત અને મૂર્ખાઈભરેલી હતી. છતાં તેની પાછળ જ્ઞાનનો ગુપ્ત આત્મા રહેલો હતો.**

**(૪૯૯) પ્રભુ આપણા બુદ્ધિમાન અને પરિપૂર્ણ મિત્ર છે. કારણકે તે ક્યારે શિક્ષા કરવી અને ક્યારે પ્રેમ કરવો તે જાણે છે, ક્યારે આપણને**

**મૃત્યુવશ કરવા અને કયારે મદદ કરી બચાવી લેવા તે પણ તેઓ જાણે છે.**

**શ્રી માતાજી :** સાચી બુદ્ધિમત્તા એક પરમાત્મામાં જ છે. એટલે આપણા તમામ અંગત સંકલ્પોનું સમર્પણ કરી દઈને, પ્રભુ ઇચ્છતા હોય તે વસ્તુ માટે જ સંકલ્પ કરવો, એમાં જ સાચું ડહાપણ રહેલું છે.

૨૪ એપ્રિલ, ૧૯૭૦

*

(૫૦૦) **જ્યાં સુધી પ્રભુ આપણને ઉચ્ચતમ સ્વર્ગો માટે તૈયાર બનાવે છે, ત્યાં સુધી સર્વ પ્રાણીઓના દિવ્ય મિત્ર પોતાના સુહૃદ્ભાવને શત્રુતાના આવરણ હેઠળ સંતાડી રાખે છે. પછી તેમણે કુરુક્ષેત્રમાં કર્યું હતું તેમ, તે સંઘર્ષના—વેદનાના—વિનાશના સ્વામી પોતાના ભીષણ સ્વરૂપને પાછું ખેંચી લે છે, દુઃખિત થયેલ આત્મા ઉપર, પોતાના સનાતન સખા અને ક્રીડા – સાથીની વિશુદ્ધ બનેલી આંખો ઉપર, કૃષ્ણની મધુર મુખમુદ્રા, તેમની કોમળતા, તેમનું અનેકવાર આલિંગાયેલું શરીર પ્રકાશી રહે છે.**

(૫૦૧) **વેદના આપણને આનંદના સ્વામીની સંપૂર્ણ શક્તિ ઝીલવા માટે સમર્થ બનાવે છે, શક્તિના સ્વામીની બીજા પ્રકારની લીલાને સહન કરવા માટે પણ તે આપણને સમર્થ બનાવે છે. વેદના તો, શક્તિ પ્રાપ્ત કરવા માટેનાં દ્વારોને ખોલી નાખવાની ચાવી છે – તે આનંદ નગરમાં દોરી જતો રાજમાર્ગ છે.**

(૫૦૨) **આમ છતાં, હે માનવ આત્મા, વેદનાની ખોજમાં ન જતો, કારણ કે એ વસ્તુ પ્રભુના સંકલ્પ પ્રમાણેની નથી. કેવળ પ્રભુના આનંદની ખોજ કરજે, કારણ કે, પ્રભુની નિયતિ પ્રમાણે, તારે માટે જરૂરી હશે તેટલી વેદના, તેટલા સમય માટે, તને જરૂર પ્રાપ્ત થશે. એવે સમયે તું વેદનાને સહી લેજે કે જેથી તને છેવટે આનંદનું હૃદય મળી આવે.**

**(૫૦૩) હે માનવ, તું તારા ભાઈ ઉપર — માનવ બંધુ ઉપર પણ વેદના નાખીશ નહિ. વેદના આપવાનો અધિકાર કેવળ પ્રભુને જ છે અથવા તેઓએ જેમને એ બાબતમાં અધિકાર આપેલો છે, તેઓ જ વેદના નાખવાના અધિકારી છે. પરંતુ ગાંડાની જેમ, પાગલ થઈને, તું એમ ન માની લેતો કે પ્રભુએ તને તે પ્રકારનો અધિકાર આપ્યો છે.**

**શ્રી માતાજી :** એ કદી ન ભૂલશો કે જ્યાં લગી જીવન અને મનુષ્યોની સાથેના તમારા સંબંધોમાં તમારામાં પસંદગીનું તત્ત્વ હશે ત્યાં સુધી તમે પ્રભુના એક શુદ્ધ અને સંપૂર્ણ કરણ બની શકવાના નથી.

૨૮ એપ્રિલ, ૧૯૭૦

*

**(૫૦૪) પ્રાચીન સમયમાં શક્તિશાળી અને કાર્યશીલ આત્માઓ એક પ્રકારની ઉદાત્ત ભાવના એમ કહીને પ્રગટ કરતા કે, “પ્રભુનું અસ્તિત્વ છે તેટલી જ નિશ્ચયાત્મક રીતે” પણ આપણી આધુનિક જરૂરિયાતો અનુસાર આ શબ્દો વાપરવા વધારે સારા છે કે, “પ્રભુ પ્રેમ કરે છે — તેટલી જ નિશ્ચયાત્મક રીતે”.**

**શ્રી માતાજી :** બુદ્ધિના વધુ પડતા આધિપત્ય હેઠળ લગભગ કરમાઈ ગયેલા આપણા જમાનામાં, પ્રભુના દિવ્ય પ્રેમ કરતાં વધુ તાત્કાલિક જરૂરિયાતની અને મહામુલી વસ્તુ બીજી કોઈ નથી.

૨૯ એપ્રિલ, ૧૯૭૦

*

**(૫૦૫) પ્રભુના ભક્ત માટે તથા જ્ઞાની માટે, વિજ્ઞાનશાસ્ત્ર અત્યંત ઉપયોગી વસ્તુ છે, કારણકે એનાથી એ પ્રભુની ભૌતિક કારીગીરી અને ચિત્ર-વિચિત્ર આશ્ચર્યોને અનેક રીતે સમજી શકે છે અને તેમને વખાણી શકે છે. એક જણ તે શીખીને કહે છે કે**

**આત્મા પોતાની જાતને પાર્થિવ તત્ત્વમાં કેવી રીતે પ્રગટ કરે છે તે જુઓ. બીજો કહે છે કે મારા પ્રીતમનો — સ્વામીનો — પરિપૂર્ણ કલાકારનો સર્વશક્તિમાન કરસ્પર્શ જુઓ.**

**શ્રી માતાજી :** આપણું અસ્તિત્વ જ જ્યારે પ્રભુને આધારે છે ત્યારે આપણે તેમની સેવા* કઈ રીતે કરી શકીએ — આપણે તો માત્ર તેઓએ આપણને જે કાંઈ આપેલું છે તેમાંથી થોડુંક સરખું અને તે પણ અત્યંત અસ્તવ્યસ્ત સ્વરૂપમાં તેમને પાછું વાળી શકીએ તેમ છીએ.

૩૦ એપ્રિલ, ૧૯૭૦

*

**(૫૦૬) વિશ્વના હે ઑરિસ્ટોફેનિસ, તું તારા વિશ્વ ઉપર નજર નાંખે છે, અને મનમાં મધુરતાપૂર્વક હસે છે. પણ શું તું તારી દિવ્ય આંખો વડે મને પણ વિશ્વને નહિ જોવા દે? તારા વિશ્વભરનાં હાસ્યોમાં ભાગ નહિ લેવા દે?**

**શ્રી માતાજી :** અત્યારે જેવું વિશ્વ છે તેના પ્રત્યે સ્મિત કરી શકાય તેટલા માટે તો આપણી દૃષ્ટિ, પ્રભુની દૃષ્ટિ જેટલી વિશાળ હોવી જોઈએ, એમાં કોઈ શંકા નથી.

૧ મે, ૧૯૭૦

*

**(૫૦૭) કાલિદાસે એક અત્યંત હિંમતપૂર્વકની કલ્પના કરી છે કે કૈલાસનાં હિમાચ્છાદિત શિખરો, એ પરિપૂર્ણ ધવલતામાં, વિશુદ્ધ શિવ ભગવાનનાં અટ્ટહાસ્યો છે, એ સાચી વાત છે. જ્યારે તે દૃશ્ય હૃદયમાં ઉદય પામે છે, ત્યારે નીચે રહેલાં વાદળોની પેઠે, દુનિયાની ચિંતાઓ ઓગળી જઈ, વાસ્તવિક શૂન્યતામાં વિરામ**

---

* શ્રી માતાજીએ જે સૂત્ર વાચનમાં લીધેલું તેમાં મૂળ સૂત્રમાં "વિજ્ઞાનશાસ્ત્રીને બદલે 'સેવા' શબ્દ વપરાયેલો હતો.

**પામે છે.**

**શ્રી માતાજી :** મનુષ્યનું ભૌતિક વિજ્ઞાનશાસ્ત્ર બહુ ચોક્કસ પ્રકારનાં વિધાનો કરે છે; પરંતુ વસ્તુઓ બનવા પાછળનાં સાચાં કારણો વિષે કલ્પના કરવાનું ક્ષેત્ર ખુલ્લું છે – અને એમાં ગુહ્ય શક્તિ અંગેનાં કારણો પણ કેમ ન આપી શકાય?

૨ મે, ૧૯૭૦

*

**(૫૦૮) આત્માની આ અનુભૂતિ સૌથી વધારે આશ્ચર્યકારક છે, જ્યારે તે દૃશ્ય વસ્તુઓની દરકાર કરવાનું મૂકી દે છે અને મુશ્કેલીઓની ધમકીને વશ થતો નથી, ત્યારે મુશ્કેલીઓ પોતે જ તેની પાસે ફરકતી નથી. ત્યારે જ તે અવાસ્તવિક વાદળોની પાછળ ભરાઈને આપણા પ્રત્યે હાસ્ય કરતા પ્રભુને આપણે સાંભળી શકીએ છીએ.**

**શ્રી માતાજી :** પ્રભુ, તમે જ્યારે પ્રતીકોને તમારા સરખા બનાવી દેવા માંગતા હો છો ત્યારે તમે શું કરો છો?

૪ મે, ૧૯૭૦

***બાળક : આપે ગઈ કાલે જે લખેલું તે મને સમજાયું નહિ.***

**શ્રી માતાજી :** શ્રી અરવિંદ જેને "દૃશ્ય વસ્તુઓ" કહે છે તે વસ્તુ પાર્થિવ દેહ હોય છે. એટલે મેં પ્રભુને પૂછેલું કે જ્યારે તેઓ ભૌતિક શરીરનું રૂપાંતર કરવા માગતા હોય છે ત્યારે તેઓ શું કરે છે? અને એના ઉત્તર રૂપે મને ગઈ રાત્રિએ બે સૂક્ષ્મ દૃશ્યો જોવા મળેલાં.

એક દૃશ્ય દેહની ચેતના, મૃત્યુની ટેવના બંધનમાંથી મુક્તિ પામવાને લગતું હતું અને બીજા દૃશ્યમાં મને એ જોવા મળેલું કે અતિમાનસ શરીર કેવું હશે. એટલે તમે જોઈ શકશો કે મેં તેમને એ બાબતમાં પૂછ્યું તે સારું કર્યું.

૯ મે, ૧૯૭૦

*

**(૫૦૯) હે અસુર, શું તારો પ્રયાસ સફળ થયો છે? રાવણ અને હિરણ્યકશ્યપુની* પેઠે, દેવો વડે સેવા કરાતો તું વિશ્વ સમ્રાટ બનીને સિંહાસન પર બેઠો છે, પણ તારો આત્મા જે વસ્તુની સાચી શોધમાં પડ્યો હતો, તે વસ્તુને તો તેં ગુમાવી દીધી છે.**

**(૫૧૦) રાવણનું મન વિચારતું હતું કે મારે વિશ્વ પર સમ્રાટની સત્તા સ્થાપવી છે, રામ પર વિજય મેળવવો છે, પણ તેના આત્માની સ્થિર દૃષ્ટિ એક જ વાત પર હતી કે હું વહેલામાં વહેલી તકે વૈકુંઠમાં પાછો જાઉં અને પ્રભુનો સેવક બનું, તેથી ટૂંકામાં ટૂંકો માર્ગ તેણે અપનાવ્યો. તેણે પ્રભુ સાથે ઉગ્ર શત્રુતાની બાથ ભીડી.**

**(૫૧૧) નારદની પેઠે પ્રભુના દાસ બનવું તે સૌથી શ્રેષ્ઠ આનંદ છે. પ્રભુને ત્યજીને જગતના સ્વામી બનવું તે સૌથી ખરાબ છે. આ રીતથી માણસને પ્રભુને પ્રાપ્ત કરવાનો જે માર્ગ ટૂંકામાં ટૂંકો લાગે છે, તે આવી રીતે જોતાં, લાંબામાં લાંબો હોય છે.**

**(૫૧૨) પ્રભુનો સેવક કંઈક છે. પરંતુ પ્રભુનો ગુલામ તેના કરતાં વધારે મહાન છે.**

**શ્રી માતાજી :** શાસ્ત્રોને સમજવા માટે શ્રી અરવિંદ અહીં સાચો રસ્તો બતાવે છે, એ રીતે તેઓ સાચાં વૈશ્વિક રૂપકો બની રહે છે.

૧૨ મે, ૧૯૭૦

*

**(૫૧૩) જો વિશ્વના બધા મનુષ્યો તેને ચાહતા હોય તો વિશ્વના સ્વામી બનવામાં ખરેખર પરમ આનંદ છે. પણ તે માટે તેણે સાથે સાથે સમગ્ર માનવજાતિના દાસ પણ બનવું પડશે.**

---

* બે દૈત્યો.

**(૫૧૪) છેવટે જ્યારે તું તારી લાંબા સમય સુધી કરાયેલી ભગવાનની સેવાની ગણતરી કરીશ, ત્યારે તને ખ્યાલ આવશે કે તેં માનવજાતિના કલ્યાણ માટે પ્રેમપૂર્વક જે નાનકડાં,અપૂર્ણ, શુભ, કર્મો કર્યાં હતાં તે જ તારું મહાન કાર્ય હતું .**

**શ્રી માતાજી :** આટલા માટે જ, સેવા કરવા કરતાં, સર્વભાવે કેવળ પ્રભુના જ થઈ રહેવું એ ઉત્તમ વસ્તુ છે.

૧૩ મે, ૧૯૭૦

***બાળક : સર્વ ભાવે કેવળ પ્રભુના જ બની શકાય એટલા માટે આપણે પ્રભુની સેવા કરવાની શરૂઆત કરવી જરૂરી નથી.***

**શ્રી માતાજી :** પોતાનાં સર્વ કર્મો પ્રભુની સેવા માટે અર્પિત કરી દેવાં એ ખરેખર ઘણો સારો માર્ગ છે, પરંતુ એ વસ્તુ, શ્રી અરવિંદે જેમ વર્ણવ્યું છે તેમ બહુ આગળ જઈ શકતી નથી, અને કેટલાક લોકોને એથી સંતોષ પણ થતો નથી.

૧૪ મે, ૧૯૭૦

*

**(૫૧૫) ભગવાનના ભક્તનાં બે પ્રકારનાં કર્મો એવાં છે કે જેનાથી પ્રભુ બહુ રાજી થાય છે, મૌન પૂજા, બુદ્ધિપૂર્વક મંદિરને ઝાડુ લગાવવું તે, અને માનવજાતિમાં ભગવાનનો દિવ્ય હેતુ પરિપૂર્ણ થાય તે માટે વિશ્વની યુદ્ધભૂમિ ઉપર યુદ્ધ કરવું તે.**

**(૫૧૬) કોઈ મનુષ્ય ભલે ખૂબ મોટો પાપી હોય, છતાં જો તેણે માનવ બંધુઓ માટે થોડુંક પણ શુદ્ધ કર્મ કર્યું હશે, તો પ્રભુ તેને પોતાના ભક્તોની અને સેવકોની પંક્તિમાં બેસાડશે. તેવો માણસ શાશ્વતીનાં મુખનાં દર્શન પામી શકશે.**

**શ્રી માતાજી :** શ્રી અરવિંદ હંમેશા તેમના શિષ્યો અને વાચકોનું દૃષ્ટિબિંદુ નૈતિક પૂર્વગ્રહો અને રીતરિવાજોનાં બંધનોથી ઉપર ઊઠે તે માટે પ્રયત્નશીલ રહેતા હતા.

૧૫ મે, ૧૯૭૦

*

**(૫૧૭) હે નબળાઈથી ભરેલા મૂર્ખ, ભયના બુરખા વડે ભગવાનના મુખને તારી આગળથી ઢાંકી ન દે; વરદાનની ભીખ માગતી નબળાઈ સાથે ભગવાનની પાસે ન જા. જો, તને તેમના મુખ ઉપર રાજાની અને ન્યાયાધીશની ગંભીરતા નહિ દેખાય, પણ પ્રીતમનું સ્મિત દેખાશે.**

**(૫૧૮) મલ્લ જેમ મલ્લ સાથે કુસ્તી લડે છે, તેમ જ્યાં સુધી પ્રભુ સાથે ઝગડતાં તું શીખીશ નહિ, ત્યાં સુધી તારા આત્માનું બળ તારાથી ગુપ્ત જ રહેશે.**

**શ્રી માતાજી :** આપણે જો ખરેખર પ્રભુની પાસે જ જવું હોય તો પછી, આપણી સર્વ મર્યાદાઓ અને નિર્બળતાઓને, એક જ ઝપાટે અને એકી સાથે દૂર કરી દઈએ તે સારું નથી?

૧૬ મે, ૧૯૭૦

*

**(૫૧૯) પ્રથમ શુમ્ભ*, કાલીને પોતાના હૃદય તથા શરીર વડે ચાહતો હતો, પછી એ તેમની સાથે રોષે ભરાયો અને તેમની સાથે યુદ્ધ કર્યું. છેવટે તે કંઈક ફાવ્યો, તેણે તેમનો કેશપાશ પકડ્યો, અને તેમને ત્રણ વાર આકાશમાં પોતાના મસ્તક ઉપર ઘુમાવ્યાં, બીજી જ ક્ષણે કાલીએ તેને મારી નાખ્યો. અમરતા પ્રાપ્ત કરવામાં,**

---

* એક દૈત્ય રાજા.

**અસુરના આ ચાર પગલાં હોય છે; અને એ બધામાં ચોથું પગલું લાંબામાં લાંબું અને વધારેમાં વધારે જોરદાર હોય છે.**

***બાળક : મને "અસુરનાં અમરત્વ પ્રત્યેનાં ચાર પગલાં" નો અર્થ સમજાયો નહિ.***

**શ્રી માતાજી :** મનુષ્યની પ્રકૃતિ ગમે તેવી હોય, તે તેમની સાથે પ્રેમ કરતો હોય કે લડતો હોય, છતાં અંત તો પ્રભુમાં જ આવે છે.

૧૭ મે, ૧૯૭૦

*

**(૫૨૦) કાલી એ ભીષણ શક્તિરૂપે અને ક્રોધપૂર્ણ પ્રેમરૂપે પ્રગટ થયેલા કૃષ્ણ છે. શરીર — પ્રાણ — મનમાં રહેલી અહંતાને તે ઉગ્ર પ્રહારો વડે હણે છે, જેથી આખરે તે સનાતન આત્મારૂપે નિર્મુક્ત બને.**

**શ્રી માતાજી :** આપણો આ દુર્બળ અને ક્ષુદ્ર "અહં" કાર અદૃશ્ય થઈ જઈને પોતાનું સ્થાન, સમગ્ર વિશ્વને સમજી શકે તેવા જ્યોતિર્મય સ્ફુલિંગને આપે, તો આપણે કોઈ ફરિયાદ કરવા જેવું ખરું?

૨૧ મે, ૧૯૭૦

*

**(૫૨૧) સેમિટિક કથામાં કહ્યું છે તેમ આપણાં માતા પિતાએ, પાપ-પૂણ્યના વૃક્ષનું ફળ ચાખ્યું એટલે ઊંડીગર્તામાં પતન પામ્યાં, જો તેમણે તરત જ સનાતન જીવનના વૃક્ષનું ફળ ખાઈ લીધું હોત તો તેઓ પેલા કમનસીબ પરિણામથી બચી જાત. પણ તો પછી, પ્રભુએ માનવજાતિ માટે જે હેતુ નક્કી કરેલો તે બર ન આવત. પ્રભુનો કોપ એ આપણે માટે હંમેશાં ફાયદાકારક છે.**

**શ્રી માતાજી :** શ્રી અરવિંદ અહીં આપણને એ વસ્તુ સમજાવે છે કે આપણી દૃષ્ટિશક્તિની મર્યાદાને કારણે આપણે પ્રભુના દિવ્ય ડહાપણને કેમ પારખી શકતા નથી?

૨૧ મે, ૧૯૭૦

*

**(૫૨૨) જો નર્કનું અસ્તિત્વ શકય હોત તો તે ઉચ્ચતમ સ્વર્ગને પહોંચવા માટેનો સૌથી ટૂંકો માર્ગ હોત, કારણકે ભગવાન ખરેખર પ્રેમસ્વરૂપ છે.**

**(૫૨૩) પ્રભુ આપણને દરેક સ્વર્ગમાંથી હાંકી કાઢે છે, કે જેથી આપણે રણમાં મુસાફરી કરીને વધુ દિવ્ય વૈકુંઠધામની પ્રાપ્તિ કરીએ. જો તને આશ્ચર્ય થતું હોય કે એવી તરસભરી, ભયંકર વચગાળાની મુસાફરીની શી જરૂર હશે તો સમજજે કે તારું મન, તને મૂર્ખ બનાવી રહ્યું છે, તે તેની ભીતરમાં રહેલા તારા આત્માને સમજતું નથી, તે આત્માની ઝાંખી ઝાંખી ઈચ્છાઓનું ગૂઢ આનંદોનું તેણે અધ્યયન કર્યું નથી.**

**શ્રી માતાજી :** જ્યારે આપણે વેદના પ્રત્યે કશું આકર્ષણ નહિ રાખીએ અને એના પ્રત્યેની સર્વ પ્રકારની વિકૃત આસક્તિઓથી મુક્ત થઈશું ત્યારે પ્રભુ આપણને એ વસ્તુની શોધ કરવામાં સહાય કરશે કે એની પાછળ પરમઆનંદ છૂપાયેલો હતો.

૨૩ મે, ૧૯૭૦

*

**(૫૨૪) નીરોગી મન, વેદનાને ધિક્કારે છે, કારણકે વેદનાની કામનાનો વિકાસ લોકો કેટલીકવાર પોતાના મનમાંથી કરતા હોય છે. એ વૃત્તિ રોગિષ્ટ અને પ્રકૃતિની વિરુદ્ધની છે, પરંતુ જેમ લુહાર પોતાની ભઠ્ઠીમાં તપાવાતા લોઢાની વેદનાની દરકાર કરતો નથી, તેમ**

**આત્મા પણ, મનની તથા તેના કષ્ટોની પરવા કરતો નથી. એ તો પોતાની જરૂરિયાતોને અને પોતાની ક્ષુધાને જ અનુસરે છે.**

**શ્રી માતાજી :** પરમ પ્રભુ જ સ્વામી હોવાં જોઈએ અને મનુષ્યનું ચૈત્ય સ્વરૂપ, એક નિયમ તરીકે, તેમની આજ્ઞાનું જ પાલન કરે છે.

૨૪ મે, ૧૯૭૦

*

**(૫૨૫) ભેદભાવ વિનાની દયા એ સ્વભાવની ઉત્તમ બક્ષિસ છે. કોઈ પણ પ્રાણીની જરા પણ હિંસા ન કરવી એ માનવ સદ્‌ગુણોમાં સૌથી શ્રેષ્ઠ સદ્‌ગુણ છે. પણ ભગવાન તે બેમાંથી એકેયનું આચરણ કરતા નથી. તો પછી સર્વપ્રેમી ભગવાન કરતાં આપણે માનવને વધારે ઉદાત્ત અને સારો કહીશું?**

**(૫૨૬) શરીરને અથવા મનને વેદનામાંથી બચાવી લેવું તે હંમેશાં આત્મા, મન કે શરીર માટે સારું જ હોય એમ નથી—આ વસ્તુનો અનુભવ થવો તે દયાળુ મનુષ્ય માટે સૌથી વધારે કડવો અનુભવ છે.**

**શ્રી માતાજી :** દિવ્ય ચેતના વિષે સભાન થવું એ મનુષ્યને માટે આત્મ સિદ્ધિ માટેનો સર્વોત્તમ સાક્ષાત્કાર છે; બીજી બધી વસ્તુઓ બિનજરૂરી છે.

૨૫ મે, ૧૯૭૦

*

**(૫૨૭) માનવીની દયા, અજ્ઞાનમાંથી અને નબળાઈમાંથી જન્મે છે. તે લાગણીજન્ય સંસ્કારોની ગુલામ હોય છે. દિવ્ય કરુણામાં જ્ઞાન હોય છે, વિવેક હોય છે, અને તે બચાવી લે છે.**

**(૫૨૮) કેટલીક વાર દયા એ પ્રેમનું સ્થાન સારી રીતે લઈ શકે, પણ છેવટે તે પ્રેમનું કામચલાઉ સ્થાન લેનાર તત્ત્વ જ છે.**

**શ્રી માતાજી :** પ્રભુનો હેતુ જાણવો અને તેની સિદ્ધિ માટે કાર્ય કરવું — એ શું માનવજાતિને સહાય કરવાનો સૌથી વધુ ખાતરીલાયક માર્ગ નથી?

૨૮ મે, ૧૯૭૦

*

**(૫૨૯) પોતાની જાત પ્રત્યે તિરસ્કારની લાગણીનો ઉદય, પોતાની જાત પ્રત્યેના પ્રેમમાંથી થતો હોય છે. પરંતુ બીજાઓ પ્રત્યેની દયા કંઈ હમેશાં તેમના લક્ષ્ય પ્રત્યેના પ્રેમભાવમાંથી જન્મતી નથી. કેટલીકવાર એ વસ્તુ વેદનાના દૃશ્યને જોવા પ્રત્યે સ્વાર્થી સંકોચની લાગણીમાંથી જન્મે છે. કેટલીકવાર એનો આવિર્ભાવ શ્રીમંત માણસની તિરસ્કારયુક્ત અને ઓછામાં ઓછું આપવાની વૃત્તિમાંથી થાય છે. માનવદયા કરતાં દિવ્ય કરુણા વિકસાવતાં શીખ.**

**(૫૩૦) હૃદયને ડંખે અને અંદરનાં કરણોને દુર્બળ બનાવે તેવી દયા નહિ, પણ દિવ્ય આત્મ-સ્વામિત્વપૂર્ણ, વેદનારહિત કરુણા અને મદદરૂપ થવાની વૃત્તિ જ પ્રોત્સાહન આપવા લાયક સદ્‌ગુણ છે.**

**શ્રી માતાજી :** પરમ પ્રભુને જાણ્યા વિના જીવવા કરતાં કોઈ મોટું દુર્ભાગ્ય હોઈ શકે? અને છતાં આ રોગ લગભગ સર્વસામાન્ય હોવા છતાં તેના માટે ભાગ્યે જ કોઈને દયા પ્રગટે છે. કારણકે જેને એ વસ્તુની ખબર હોય છે કે પોતાને એ રોગ છે તે એ વસ્તુ પણ જાણતાં હોય છે કે એનો ઇલાજ પણ પોતાની પાસે જ છે — કારણકે પ્રભુની કરુણાને કોઈ મર્યાદા નથી.

૧ જૂન, ૧૯૭૦

*

**(૫૩૧) માણસો સાથે પ્રેમ કરો અને તેમની સેવા કરો, પણ તેઓ તમારી પ્રશંસા કરે તેવી આશા ન રાખો. સારી વાત તો એ છે કે તમારા**

**હૃદયમાં રહેલા પ્રભુના આદેશનું પાલન કરો.**

**(૫૩૨) જગતમાં એમ મનાય છે કે પ્રભુનો અને તેમના સંદેશવાહકોનો અવાજ ન સાંભળવો એમાં જ ડહાપણ છે.**

**(૫૩૩) સર્વત્ર પ્રભુનાં દર્શન કરો. તેમણે ઓઢેલા અંચળાથી ડરી ન જાઓ, એમ માનો કે સર્વ અસત્યો, તે ઉદય પામતાં સત્યો છે, બધી જ નિષ્ફળતાઓ નિગૂઢ સફળતાઓ છે, દરેક નબળાઈ એ પોતાની દૃષ્ટિથી પોતાને સંતાડી રાખતું બળ છે, દરેક વેદના એ નિગૂઢ અને આવેગપૂર્ણ આનંદ છે. જો તું આ વાતને દૃઢતાપૂર્વક અને કંટાળ્યા વિના માનતો રહીશ તો અંતરમાં તને સર્વ સત્યરૂપ, શક્તિરૂપ, આનંદરૂપ પ્રભુનો અનુભવ થશે.**

**શ્રી માતાજી :** આપણે પ્રયત્ન અને શ્રધ્ધામાં વણથાક્યે પ્રયત્નશીલ રહીએ તો આપણે સાતત્યપૂર્ણ અને સંપૂર્ણ આનંદમય દિવ્ય ચેતના સાથે એકરૂપ બની શકીએ છીએ.

૨ જૂન, ૧૯૭૦

*

**(૫૩૪) માનવ પ્રેમ પોતાના જ આનંદના અતિરેકને કારણે નિષ્ફળ જાય છે. મનુષ્યનું બળ પોતાના જ પ્રયાસને લઈને થાકી જાય છે. માનવજ્ઞાન પોતાના જ સૂર્ય પ્રકાશથી સત્યના અર્ધા વર્તુળને ગુપ્ત રાખે તેવો પડછાયો ઢાળે છે. પણ દિવ્યજ્ઞાન પરસ્પર વિરોધી સત્યોને ભેટે છે અને તેમનો સમન્વય સાધે છે. દિવ્ય શક્તિ પોતાની જાતના ઉડાઉ વ્યય વડે વૃદ્ધિ પામે છે, દિવ્ય પ્રેમ પોતાને સંપૂર્ણપણે ખર્ચી નાખે છે, અને છતાં તે કદી ક્ષીણ થતો નથી, બગાડ કરતો નથી.**

***બાળક : માનવ પ્રેમ દિવ્ય પ્રેમમાં, મનુષ્યનું બળ દિવ્ય શક્તિમાં, અને માનવજ્ઞાન એ દિવ્યજ્ઞાનમાં પરિવર્તન પામી શકે ખરા?***

**શ્રી માતાજી :** પ્રેમ એક જ છે.

માનવ પ્રેમ પણ મૂળમાં દિવ્ય પ્રેમ હોય છે પણ તે પોતે જે કરણ દ્વારા પ્રગટ થાય છે તેના વડે તે વિકૃત થયેલો હોય છે, એ જ વસ્તુ શક્તિ અને જ્ઞાનને લાગુ પડે છે. મૂળ સ્વરૂપમાં એ તત્ત્વો શાશ્વત અને અમર્યાદ હોય છે. એ તો કેવળ માનવ પ્રકૃતિની મર્યાદાઓ અને અપૂર્ણતાઓ જ તેમને વિકૃત કરીને તેમને ઓળખી ન શકાય તેવાં કરી મૂકે છે. ૩ જૂન, ૧૯૭૦

*

**(૫૩૫) માનવ મન દ્વારા થતી સંપૂર્ણ સત્યની શોધ, અસત્યનો ઇનકાર કરે છે. પરિણામે તે સુસ્થિર, પરિપૂર્ણ, સર્વ સમન્વયી સત્યને પ્રાપ્ત કરી શકતું નથી. દિવ્ય મનનો પ્રયત્ન જૂઠાણાથી છટકવાનો નથી હોતો. પણ તેની પાછળ ગુપ્ત રહેલા સત્યને પકડવાનો હોય છે. પછી ભલે તેણે ખૂબ બેડોળ અથવા ખૂબ રઝળતા રઝળતા સ્ખલનનો અંચળો ઓઢ્યો હોય.**

**બાળક :** *"દિવ્ય મન" કોને કહે છે?*

**શ્રી માતાજી :** શ્રી અરવિંદ જેને દિવ્ય મન કહે છે તે, જે મન સર્વાંશે અને સંપૂર્ણ રીતે પ્રભુને સમર્પિત થયેલું હોય અને જે કેવળ દિવ્ય પ્રેરણા હેઠળ જ કાર્ય કરતું હોય, તેની એક પ્રતિકૃતિ હોય છે.

જયારે કોઈ માનવ સ્વરૂપ કેવળ પ્રભુ વડે અને પ્રભુને માટે જ અસ્તિત્વ ધરાવતું હોય છે ત્યારે તે અનિવાર્ય રીતે દિવ્ય મન બની જાય છે.

૪ જૂન, ૧૯૭૦

*

**(૫૩૬) કોઈ પણ પદાર્થનું સંપૂર્ણ સત્ય ગોળાકાર, સર્વ સમન્વયી પરિપૂર્ણ વર્તુળ હોય છે, કે જે હંમેશાં ચક્રાકાર ગતિ કર્યા કરે છે, પણ જ્ઞાનના વિષયી વિષયરૂપ ભગવાનનો સ્પર્શ કરી શકતું નથી.**

**(૫૩૭) એવાં ઘણાં સમર્થ સત્યો છે, કે જે તાલીમ વિનાના મનુષ્યના હાથમાં આવી પડેલાં હથિયારોની જેમ ખતરનાક નીવડે છે. જે બરાબર ઉપયોગ કરતાં આવડે તો તે ભગવાનના શસ્ત્રાગારમાં રહેલાં ખૂબ કિમતી અને શક્તિશાળી આયુધો હોય છે.**

**શ્રી માતાજી :** સત્ય જ્ઞાનનું એક બિંદુ પણ જો અજ્ઞાનમય જગત ઉપર પડે તો મોટી ઉથલપાથલ કરી મૂકે તેમ હોય છે.

૫ જૂન, ૧૯૭૦

*

**(૫૩૮) જ્યારે આપણા વૈશ્વિક જીવનનો અખંડિત આનંદ આપણને બોલાવી રહ્યો છે, ત્યારે પણ આપણે આપણા શુદ્ધ ખંડમય રાત્રિથી ઘેરાયેલા, શોકગ્રસ્ત, વ્યક્તિગત જીવનને ચીટકી રહીએ છીએ. આ છે ભગવાનનાં રહસ્યોમાં સૌથી વધારે આશ્ચર્યજનક રહસ્ય. તેની સરખામણી થઈ શકે તેવું બીજું રહસ્ય તે આ છે. આપણે આપણી અહંતાનો પડછાયો અનંત અંધતાપૂર્વક સમગ્ર જગત ઉપર નાખીએ છીએ, અને તેને આપણે વૈશ્વિક અસ્તિત્વ સત્ કહીએ છીએ. આ બે પ્રકારના અંધકારોમાં માયાનો સાર તથા તેની શક્તિ સમાયેલાં છે.**

**શ્રી માતાજી :** જ્યાં સુધી આપણે આપણા અહંકારનાં અજ્ઞાન અને મૂર્ખતાથી કંટાળીને આપણી જાતને પ્રભુનાં ચરણોમાં સમર્પી દઈને આપણા એક્માત્ર સ્વામી થવાનું કહેતા નથી ત્યાં સુધી આમ જ ચાલે છે.

૬ જૂન, ૧૯૭૦

*

**(૫૩૯) નાસ્તિકતા એ ભગવાનની અનુભૂતિના ઉચ્ચતમ સ્વરૂપનો પડછાયો અથવા અંધારી બાજુ છે. ભગવાનને માટે આપણે જે જે સૂચક-સૂત્રો બનાવીએ છીએ તે સર્વ, પ્રતીકો તરીકે**

**હંમેશાં સાચાં હોવા છતાં, જ્યારે તેમને સર્વાંગ સંપૂર્ણ માની લઈએ છીએ ત્યારે, તેઓ અસત્ય બની જાય છે. નાસ્તિક અને અજ્ઞેયવાદીનું આગમન આપણને આપણી આ ભૂલ બતાવવા માટે થાય છે.**

**(૫૪૦) ભગવાનના નિષેધો અને વિધાનો બંને આપણે માટે એકસરખાં ઉપયોગી છે. મનુષ્યના જ્ઞાનને પરિપૂર્ણ કરવા માટે, નાસ્તિકના રૂપમાં આવીને ભગવાન પોતે જ પોતાના અસ્તિત્વનો ઈનકાર કરે છે. ભગવાનને માત્ર ઈશુ ખ્રિસ્તમાં અને રામકૃષ્ણમાં જ જોવા અને તેમની દ્વારા તેમના શબ્દો સાંભળવા એ પૂરતું નથી, આપણે પ્રભુને હકસલીમાં અને હેકેલમાં જોવા અને સાંભળવા જોઈએ.**

**શ્રી માતાજી :** પ્રભુને જાણવા માટેના બધા જ મનોમય માર્ગનો આપણે સ્વીકાર કરીએ તો પણ તેઓ અધુરા અને અપૂર્ણ રહેવાના. એ તો જે જ્ઞાન અનુસાર જીવન જીવવામાં આવે, તે જ આપણને સત્યની ઝાંખી કરાવી શકે છે.

૭ જૂન, ૧૯૭૦

*

**(૫૪૧) વેદનાના સમયે તારા ઉપર અત્યાચાર કરનારમાં અને મૃત્યુની ક્ષણે તને હણનારમાં તું ભગવાનના દર્શન કરી શકે છે? તું જેને હણે છે તેનામાં હણતી વેળાએ પણ પ્રેમભાવપૂર્વક પ્રભુનાં દર્શન કરી શકે છે? જો તેમ થતું હોય તો તને પરમ જ્ઞાન પ્રાપ્ત થયું છે એમ સમજજે. જેણે કદી કાલીની પૂજા કરી નથી, તે કૃષ્ણને કેવી રીતે પ્રાપ્ત કરવાનો હતો?**

**શ્રી માતાજી :** સર્વ કાંઈ પ્રભુ છે અને કેવળ પ્રભુનું જ અસ્તિત્વ છે.

૮ જૂન, ૧૯૭૦

* * *

## પ્રશ્નો અને ઉત્તરો
### વિચાર રત્નો અને સૂત્રોનું વિવરણ

જગતમાં આવેલા ધર્મો અને સંપ્રદાયો એમ ગણતા હોય છે કે અમારી જે માન્યતાઓ છે તે જ જ્ઞાન છે અને બીજાઓની માન્યતા તે ભૂલ છે, અજ્ઞાન અને મિથ્યાવાદ છે. આને લીધે જ એમનામાં જડ સિદ્ધાંતો બંધાઈ ગયેલા છે અને અસહિષ્ણુતા આવેલી છે.

આ એક સાદી માનસિક ક્રિયામાંથી જ તેઓ પોતે જે વસ્તુને સાચી માનતા હોય છે તેનો એક અફર સિદ્ધાંત બનાવી લે છે .... તમારી માન્યતા તે જ એકમાત્ર સાચી માન્યતા છે અને બીજાઓની માન્યતા તે સાચી વસ્તુ નથી એમ તમે જો માનવા લાગો તો તે જગતના બધા સંપ્રદાયો અને ધર્મો જે કરી રહ્યા છે તેના જેવું જ બનશે.

**શ્રી માતાજી**